શ્રીમદ્ ભાગવત કથામૃત

યોગેશ શાસ્ત્રી

શ્રીમદ્ ભાગવત કથામૃત
યોગેશ શાસ્ત્રી

अथ ते वर्ण्यतेऽस्माभिर्महिमा शुकशास्त्रजः ।
यस्य श्रवणमात्रेण मुक्तिः करतले स्थिता ।।

અમે હવે તમને શ્રીમદ્ ભાગવતના મહિમાનું વર્ણન કરીએ છીએ જેના શ્રવણ માત્રથી મુક્તિ હાથમાં આવી જાય છે.

सदा सेव्या सदा सेव्या श्रीमद्भागवती कथा ।
यस्याः श्रवणमात्रेण हरिश्चित्तं समाश्रयेत् ।।

જેના શ્રવણ માત્રથી જ ભગવાન શ્રી હરિ ચિત્તમાં સારી રીતે બિરાજમાન થઈ જાય છે એવી શ્રીમદ્ ભાગવતની કથાનું નિત્ય નિરંતર સેવન કરવું જોઈએ.

स्वकीयं यद्भवेत्तेजस्तच्च भागवतेऽदधात् ।
तिरोधाय प्रविष्टोऽयं श्रीमद्भागवतार्णवम् ।।

ભગવાન શ્રીકૃષ્ણે તિરોધાન લીલા કરતાં પોતાનું જે તેજ હતું તે આ શ્રી ભાગવતરૂપી સમુદ્રમાં પધરાવ્યું.

तेनेयं वाङ्मयी मूर्तिः प्रत्यक्षा वर्तते हरेः ।
सेवनाच्छ्रवणात्पाठाद्दर्शनात्पापनाशिनी ।।

તેને કારણે આ ભાગવત ભગવાન શ્રી હરિનું પ્રત્યક્ષ વાઙમય સ્વરૂપ છે. એનું સેવન કરવાથી, શ્રવણ કરવાથી, પાઠ કરવાથી કે દર્શન કરવાથી પાપોનો નાશ થઈ જાય છે.

DUNDUBHI-079-27489823

શ્રીમદ્ ભાગવત કથામૃત

શ્રી યોગેશ શાસ્ત્રી

શ્રીમદ્ ભાગવત કથામૃત
SHRIMAD BHAGVAT KATHAMRUT
by Yogesh Shastri

© સર્વાધિકાર સુરક્ષિત

પ્રથમ આવૃત્તિ :
વિ. સં. ૨૦૬૫ ચૈત્ર સુદ ૯, રામનવમી
૩ માર્ચ, ૨૦૦૯, શુક્રવાર

ન્યોછાવર મૂલ્ય : અમૂલ્ય

ટાઇપસેટિંગ :
દેવરાજ ગ્રાફિક્સ
અમદાવાદ

મુદ્રણ વ્યવસ્થા :
દુન્દુભિ પ્રિન્ટર્સ
અમદાવાદ

પ્રકાશક :
ડૉ. પ્રાગજીભાઈ વેલજીભાઈ પરમાર
મુ. જીવાપર, તા. જિ. જામનગર

અર્પણ

શ્રી ભગવદીય વૈષ્ણવજનોને...



પ્રસ્તાવના

પરમ કૃપાળુ પરમાત્મા-રસરૂપ પૂર્ણ પુરુષોત્તમની પરમ કૃપાથી પુષ્ટિમાર્ગના પ્રખર વિદ્વાન, ભાગવતાચાર્ય શ્રી યોગેશભાઈ શાસ્ત્રીના મુખે બોલાયેલી ભાગવત કથાવાણીને ગ્રંથના રૂપમાં પ્રકાશન કરવા માટે પ્રભુએ અમોને - અમારા પરિવારને નિમિત્ત બનાવ્યા તેને અમે અમારા પરનો ઈશ્વરાનુગ્રહ જાણીએ છીએ.

શ્રીમદ્ ભાગવત સર્વનો ઉદ્ધાર કરનાર પુરાણ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય-વૈશ્ય પુરુષોનો ઉદ્ધાર વેદથી થાય છે. સ્ત્રીઓ તથા શુદ્રોનો ઉદ્ધાર ઈતિહાસ (મહાભારત)થી થાય છે. વેદ અને ઈતિહાસ બંનેના સાર શ્રીમદ્ ભાગવતમાં હોવાથી તે ચારે વર્ણના પુરુષો તથા સ્ત્રીઓ સર્વનો ઉદ્ધાર કરનારું છે. (સુબોધિનીજી ૧-૩-૪૨)

વેદો ત્રૈગુણ્ય વિષય (સગુણ) છે જ્યારે ભાગવત શાસ્ત્ર નિર્ગુણ છે. એટલે ગુણાતીત છે.

ભાગવત પ્રેમ લક્ષણા ભક્તિનું પ્રતિપાદન કરે છે કોઈપણ વ્યક્તિ માટે દુષ્ટ વિચાર ન આવે, બધાને સરખા ગણે, પ્રાણીમાત્ર ભગવાનના સર્જાયેલા છે એમ માને એ સાચો ભગવદ્ ભક્ત છે. ભાગવત સાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. જેમ સૂર્ય સાકાર છે પણ તેનો પ્રકાશ સર્વ વ્યાપક નિરાકાર છે તેમ પર પુરુષ ક્ષરાક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન સાકાર છે. સાકારનો પ્રકાશ તે જ અક્ષરબ્રહ્મ તેથી અક્ષરબ્રહ્મને જ્યોતિર્મય બતાવે છે. પ્રકાશ અને પ્રકાશક એ ભિન્ન વસ્તુઓ છે પણ છે તો એક જ.

શુકના મુખમાંથી પડેલું, વેદરૂપી કલ્પતરૂનું આ ભાગવતરૂપી ફળ અમૃતરસથી ભરપૂર હોવાથી દરેક વૈષ્ણવે તેનું અવશ્ય સેવન કરવું જોઈએ. એનું નિયમિત અધ્યયન કરવું જોઈએ. એ ફળીભૂત થાય તે માધ્યમને ધ્યાનમાં રાખીને આદરણીય શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજીની જાહેર કથાઓમાંથી સાંપડેલ સામગ્રી ઉપરાંત આના માટે ખાસ શ્રી યોગેશભાઈએ જે સુધારા-વધારા સૂચવ્યા અને માર્ગદર્શન આપ્યું તે પ્રમાણે આ ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો છે. શ્રી યોગેશભાઈએ ભગવદ્ સ્મરણ રહે એવા આ કાર્યમાં પ્રકાશનની મંજૂરી આપી તે બદલ અમારો પરિવાર તેઓનું ઋણ સ્વીકારશે.

દેશ-વિદેશનો મોટાભાગનો વૈષ્ણવ સમાજ આદરણીય શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજીથી પરિચિત છે. શ્રી યોગેશભાઈના પુષ્ટિમાર્ગીય-વૈષ્ણવોપયોગી અનેક ગ્રંથો અગાઉ પ્રકાશિત થઈ ચૂક્યા છે. **'શ્રીમદ્ ભાગવત'** જે પ્રકાશિત થવાનું બાકી હતું તેને પ્રકાશિત કરવાના ભગત્કાર્યમાં અમે નિમિત્ત થયા છીએ એને અમારું સૌભાગ્ય ગણીએ છીએ.

અંતમાં શ્રી ભાગવતના અઘરા વિષયો - અનેક જાતના સુંદર દાખલા દલીલો સાથે વૈષ્ણવોને સરળતાથી - સરળ ભાષામાં સમજાય તે રીતે ભાગવતનું તત્ત્વ જળવાઈ રહે એ રીતે આ ગ્રંથ તૈયાર કરેલ છે જે અંગે ફરી અમો આપના આભારી - ઋણી છીએ.

કેસેટો પરથી પ્રથમ લેખન સ્વરૂપ સેવા કરનાર દેવરાજ ગ્રાફિક્સના તમામ કાર્યકર્તા અને તેમાં સહયોગ આપનાર સહયોગીઓના આ તકે આભારી છીએ.

આવો સુંદર ગ્રંથ તૈયાર કરવા માટે મુદ્રણ વ્યવસ્થામાં સહયોગીઓના અમે આ તકે આભારી છીએ.

પુનઃ શ્રીમદ્ ભાગવતનું રહસ્ય સમજવામાં આ ભાગવતના મૌલિક આશયો અને સિદ્ધાંતોને નિષ્ઠાપૂર્વક અનુસરીને આપે આલેખાયેલા સત્ય અને સચોટ અર્થઘટન તેમજ વિવેચન આ ગ્રંથની કલગી સમાન છે. આ ગ્રંથ પ્રત્યેક - જીજ્ઞાસુ - સંશોધક - વૈષ્ણવજનોને અધ્યયન કરવામાં ઉપયોગી થશે.

પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ રસરાજ શ્રી ગોવર્ધનધરમાં આપ સૌની પ્રીતિ અને ભક્તિ વધે એ જ અભ્યર્થના સહ વિરમીએ છીએ.

અસ્તુ.

વૈષ્ણવ ચરણાનુરાગી

વેલજીભાઈ કરસનભાઈ પરમાર પરિવારના

ભગવદ્ સ્મરણ

પ્રાક્કથન

શ્રીમદ્ ભાગવત મહાપુરાણ વેદરૂપ કલ્પતરૂનું મધુર ફલ છે. વેદનો સાર અને ગીતાનું ભાષ્ય છે. જ્ઞાનકલાવતાર શ્રી વેદવ્યાસજી એ કરેલું સમાધિ - દર્શન છે અને 'શ્રી શુકદેવજી' દ્વારા કથિત શ્રીમદ્ ભાગવત જીવ-માત્રને ભગવદ્ પ્રાપ્તિ માટેનું શ્રેષ્ઠ અને અમોઘ સાધન છે. નિર્ગુણ-નિરાકારની ઉપાસનામાં પ્રતિક્ષણ નિમગ્ન એવા શુકદેવજીના ચિત્તને શ્રીકૃષ્ણના ગુણ અને લીલા વર્ણને હરી લીધું હતું.

શ્રીમદ્ ભાગવત અમૃત-સાગરનું મંથન કરી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ગૂઢાર્થ પ્રકટ કર્યો છે. શ્રી ભાગવતના શ્રવણ માત્રથી ઈશ્વર તત્કાળ હૃદયારૂઢ થઈ જાય છે. શ્રીમદ્ ભાગવતને શ્રીકૃષ્ણનું સાક્ષાત્ વાઙ્મય માનવામાં આવ્યું છે. ભવે ભવે ભગવદ્ ભક્તિ જ ભાગવતનું પરમ ફલ છે.

જીવાપર (જામનગર)ના **ડૉ. પ્રાગજીભાઈ વી. પરમારે** શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે **શ્રીમદ્ ભાગવત કથામૃતનું** પ્રકાશન કરવાની ભાવના કરી એ ભગવત્કૃપાનું પરિણામ છે.

આ પુસ્તક ચિ. ભાઈ દેવેશ મહેતાએ અહર્નિશ અથાગ પરિશ્રમ ઉઠાવીને તૈયાર કરવાની સેવા બજાવી ન હોત તો ધાર્યા સમયમાં પ્રકાશન કરવું અશકય હતું. એમણે ગ્રંથના પ્રૂફ રીડિંગ, એડિટીંગમાં ઘણી સુંદર સેવા બજાવી માટે હું એમનો આભારી છું.

દુંદુભિ પ્રિન્ટર્સના શ્રી જયેશભાઈ શાહે ઘણી જ સુંદર રીતે કેસેટ સાંભળી, આલેખન કરી અને ગ્રંથરૂપે નિર્માણ કરવામાં કુશળતા બતાવી માટે આ ગ્રંથ સુંદર રીતે તૈયાર થઈ શક્યો.

આ ગ્રંથ પ્રકાશન કરીને શ્રી પ્રાગજીભાઈ એ વૈષ્ણવ સમાજની ઉમદા સેવા કરી છે. એમના આ શુભ, મંગલ મનોરથને બિરદાવું છું.

ગ્રંથ વાંચનારના હૃદયમાં ભાગવતી ભક્તિ અવતરે અને આરૂઢ થઈ રહે એવી પ્રભુ-પ્રાર્થના

— યોગેશ શાસ્ત્રી

'કૃષ્ણાશ્રય'
૧૨, અક્ષરધામ બંગ્લોઝ વિ. - ૧,
સરકારી ટ્યુબવેલ પાસે,
બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮
Email : yogeshshastry@yahoo.co.in

શ્રીમદ્
ભાગવત કથામૃત

શ્રી યોગેશ શાસ્ત્રી

લેખકનાં પુસ્તકો

૧. મુક્તિનું ખુલ્લું દ્વાર
૨. વિશ્વ-વિમોહિની વેણુ
૩. અખિલં મધુરમ્
૪. ન સુખં ન દુઃખમ્
૫. તવ કથામૃતમ્
૬. પુષ્ટિ સ્વાધ્યાય
૭. વલ્લભગીતા
૮. કૃષ્ણ એવ ગતિ
૯. શ્રીમદ્ ભાગવત કથામૃત

મંગલાચરણ

પરમ સૌભાગ્યનો અવસર છે કે આપણે ત્યાં શ્રીમદ્ ભાગવતજી પધાર્યા છે. સાત દિવસના આ એક મહાન મંગલ મહોત્સવનો શુભ આરંભ થઈ રહ્યો છે. એ આપણું પરમ સૌભાગ્ય છે. કારણ કે ભાગવતજી પધાર્યા એટલે શ્રીનાથજી તો પધાર્યા. શ્રીનાથજી પધારે અને શ્રીમહાપ્રભુજી ન પધારે તો કેમ ચાલે. આ એક રીતે જોવા જાવ તો બંને એક છે. પણ છતાં લીલાદૃષ્ટિએ શ્રી ગોવર્ધનનાથજી, શ્રીનાથજી, ચંદબાવા, નટવરલાલજી, દ્વારકેશ દ્વારકાધીશ પ્રભુ, મથુરાધીશ પ્રભુ. પ્રભુનું કોઈ પણ સ્વરૂપ પધારે તો એ સ્વરૂપ પધારવાનાર હોવું જોઈએ. કોઈક પધરાવે તો પ્રભુ પધારે છે અને એટલા માટે ખૂબ જ સુંદર ભાવથી શાસ્ત્ર જે કહે એને આપણી મંદમતિથી અથવા એક પૂર્વગ્રહયુક્ત મતિથી એનું Interpretation કરવાનો પ્રયત્ન ન કરીએ એનું Justification ન કરીએ, એને Rationalise ન કરીએ. કારણ કે દૂધ ગમે તેટલું સારું, તાજું, ઉત્તમ હોય પણ જો પાત્રમાં થોડીઘણી મલીનતા હોય તો એ દૂધને બગાડી નાંખે છે. એવી રીતે શાસ્ત્રના સિદ્ધાંતોને એના વિશુદ્ધ રૂપમાં શ્રવણ કરીશું (સંમત થવું એ એક જુદી પ્રક્રિયા છે.) આચાર્યચરણની સુબોધિનીમાં એવી આજ્ઞા છે કે ભાગવતજીનું શ્રવણ, કેવળ શ્રવણ પણ પ્રભુને હૃદયારૂઢ કરે છે. **ईश्वरः सद्यो हृदि अवरुध्यते** તે આના ઉપર શ્રી મહાપ્રભુજીનું વચનામૃત છે. અને એમાં શ્રી મહાપ્રભુજી ઉમેરે છે, વધારે સ્પષ્ટીકરણ કરે છે. **विचार-चिंतन व्यतिरेकेण अपि** બહુ સુંદર વાત, અદ્ભુત વાત, આ આખી એક સાયકોલોજીકલ સિસ્ટમની વાત છે. તમે કથા સાંભળો એના ઉપર વિચાર કરો, વિચાર કરવાને માટે તમે સક્ષમ હો અને વિચાર કરો કે ન કરો એનું ચિંતન કરો કે ન કરો એ પછીનો તબક્કો છે. પણ તમે શ્રવણ કરો. સારી રીતે શ્રવણ કરો, એક 'શ્રોતા' બનીને શ્રવણ કરો, તો ભગવાન તમને હૃદયારૂઢ થશે. અને આ બહુ સહેલું નથી. પ્રભુનું ભાવાત્મક રીતે હૃદયારૂઢ થવું સર્વને માટે સુલભ નથી. અક્ષરબ્રહ્મ તરીકે બધામાં બેઠો છે. **ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति** એ અક્ષરબ્રહ્મ તરીકે દરેકમાં છે. એતો દરેકમાં છે, રાવણ હોય કે કંસ હોય કે દુર્યોધન હોય કે કોઈ પણ હોય. પણ પ્રભુનું ભાવાત્મક રીતે ભક્તના હૃદયમાં આરૂઢ થવું એ સુલભ નથી. જો સુલભ હોત તો ચતુ:શ્લોકીમાં શ્રીમહાપ્રભુજીએ **यदि** શબ્દનો પ્રયોગ ન કર્યો હોત. **यदि श्री गोकुलाधीशो... धृतः सर्वात्मना हृदि.** જો તમે તમારા હૃદયમાં શ્રી ઠાકોરજીને સર્વાત્મભાવે ધારણ કર્યા હશે તો. સર્વને માટે સુલભ હોત તો **यदि** કહેવાની જરૂર ન હતી. ગીતામાં ભગવાન અંતર્યામીની વાત કરે છે ત્યાં **यदि** ક્યાં કહે છે ? **यदि ईश्वर सर्वभूतानाम् हृद्देशे...** ? ભગવાન દરેકના હૃદયમાં છે જ, 'જો...' 'તો...'ની વાત જ નથી. પણ ભક્તના હૃદયમાં ભગવાનનો જે ભાવાત્મક આવિર્ભાવ થાય, ભક્તના હૃદયમાં ભગવાનની ભાવાત્મક ઉપસ્થિતિ રહે, બિરાજે. **नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायीनम्** ભક્તના હૃદયમાં પુષ્ટિપ્રભુ પુષ્ટિપરિકર સાથે પુષ્ટિલીલા કરવા માટે ભક્તને પુષ્ટિફલનું પ્રદાન કરવાને માટે બિરાજે. એ ક્યારે બને એનો સરલમાં સરલ ઉપાય શ્રીમદ્ ભાગવતજીનું શ્રવણ છે. તમને એમ થાય કે તો પછી અમને તરત દેખાતું કેમ નથી. પણ વ્યાસજીએ કહ્યું છે, **शुश्रूषुभिस्तक्षणात्** શ્રોતા સાચો શ્રોતા બને તો, શ્રોતા સારો શ્રોતા બને તો. સારું, શ્રોતા સારો શ્રોતા ક્યારે બને અને શ્રોતા સાચો શ્રોતા ક્યારે બને ? પોતાની જાતને વચ્ચે લાવ્યા વિના પોતાના અહમ્ અને પૂર્વગ્રહોને પૂર્વધારણાઓને વચ્ચે લાવ્યા વિના,

સાંભળેલી વાતને જરાય પ્રદૂષિત કર્યા વિના, જે સીધો પોતાની અંદર ઉતારી લે. વાતને વ્યક્તિ અને વ્યક્તિત્વનાં સ્પર્શ જ ન થવો જોઈએ. ઘણી દવા એવી હોય છે કે એને આપણી આંગળી પણ ન લાગવી જોઈએ. અને દવાને આંગળી લાગે તો તોય કદાચ એ એનો પાવર ગુમાવે. મહાનુભાવોએ જે કહ્યું છે એને જરૂર બુદ્ધિથી સ્વીકારો. પણ બુદ્ધિને શુદ્ધ કર્યા પછી સ્વીકારો. શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી, **श्रद्धाविशुद्धबुद्धिर्यः पठत्यनुदिनं जनः** પહેલાં બુદ્ધિને શ્રદ્ધાની ગરણીથી ગાળી લો, તો કચરો નીકળી જાય. કચરો કયો ? સંશય. માણસની બુદ્ધિમાં મોટામાં મોટો કચરો છે સંશય. આવું હોતું હશે ? આવું થઈ શકે ? પછી સંશયના પ્રકારો છે. આપણે આગળ જોઈશું, અસંભાવના, વિપરીત ભાવના, એવા બધા ઘણા પ્રકારો છે. પણ ભગવાને ગળણી આપી છે, શ્રદ્ધાની ગળણી. ભાગવત જે કહે છે એ સત્ય છે. મહાપ્રભુજીએ જે આજ્ઞા કરી છે કે એ સત્ય છે કે નહીં, એની કસોટી કરવાનો અધિકાર પણ આપણને નથી. શ્રદ્ધા કસોટી ન કરે, શ્રદ્ધા હંમેશા સ્વીકાર કરે. તમને ખબર છે ? મોટા ભાગના અનર્થો આ કસોટી કરવાની વૃત્તિમાંથી જ આવ્યા છે. ભાગવતનો આરંભ અને અંત જોવા જાવ તો આ કસોટી જ ઉપદ્રવ છે. એક કસોટી કરવાનું મન થયું રાજા પરીક્ષિતને કે આ ઋષિ સમાધિમાં બેઠા છે એ વાત સાચી કે ખોટી ? અને એટલે જ એમણે ઋષિના ગળામાં મરેલો સાપ નાખ્યો અને શ્રીકૃષ્ણના વંશજ, વંશજ નહિ પુત્ર ! સાંબને સ્ત્રીનો વેશ પહેરાવ્યો છે અને યાદવકુમારો ઋષિઓ પાસે લઈ ગયા છે. ઋષિઓની કસોટી કરવી છે કે આ ત્રિકાળ જ્ઞાની છે કે નહીં. જઈને કહ્યું કે આ સ્ત્રી ગર્ભવતી છે. એને જાણવું છે કે એને પુત્ર થશે કે પુત્રી થશે અને ઋષિઓએ શ્રાપ આપ્યો. શાસ્ત્ર વચનો અને ગુરુ વાક્યની કસોટી ન હોય, પરીક્ષણ ન હોય. જ્યાં દીક્ષા હોય ત્યાં પરીક્ષા ન હોય, અને એટલે જ **आज्ञा गुरुणां अविचारणीया** ગુરુની આજ્ઞા ઉપર જરાય વિચાર ન કરવો. વિચાર ઉપદ્રવ છે અને પ્રેમના પ્રદેશમાંનો ઉપદ્રવ છે એમેય ન કહેવાય, વિચાર વિનાશક છે. ઉપદ્રવ શબ્દ તો હજી સારો છે. પણ જ્યાં હૃદયનો પ્રદેશ છે, જ્યાં પ્રેમનો પ્રદેશ છે, જ્યાં શ્રદ્ધાની વાત છે. સમર્પણની વાત છે, ત્યાં વિચારનું કામ શું છે ?

भक्त्या भागवतम् शास्त्रम्..... न बुद्धया न च टीकया।
अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा...

સદ્‌ગુરુના વચન જ ભાષ્ય છે. ગ્રંથોની પણ બહુ ગડબડમાં ન પડો. ન વાંચે એ સંશયમાં દુઃખી થાય, અને વાંચે એ દુવિધામાં દુઃખી થાય ! બહુ વાંચે એને એમ થાય કે આ ખરું કે આ ખરું ? **नैको मुनिर्यस्य वचः प्रमाणम्** આમનું કહેલું ખરું કે આમનું કહેલું ખરું ? બહુ વાંચે એ બહુ દુવિધામાં પડે, ન વાંચે એ સંશયમાં પડે. એટલે આપણે ત્યાં એક વિવેક છે કે આપણા રસનું જ વાંચવું અને રસનું જ સાંભળવું. એનું કારણ આ છે. કે નહિતર પાછી બુદ્ધિ. બુદ્ધિ તો શોધે છે ઉપદ્રવોને. એને ઉપદ્રવો ન મળે તો દુઃખી થાય. એનો સ્વભાવ છે. તો એક સારા અને સાચા શ્રોતા બનીને કથા સાંભળીએ. સારું ! સારો અને સાચો શ્રોતા કયો ? એની ચર્ચા આપણે આગળ બીજા મુદ્દાઓમાં કરીશું. પણ શ્રી વ્યાસજીએ કહ્યું તે પ્રમાણે ભાગવતના શ્રોતામાં બે યોગ્યતા હોવી જોઈએ - રસિકા અને ભાવુકા.

पिबत भागवत रसमालयं मुहुरहो रसिका भुविभावुकाः ।

રસિક બનીને કથા સાંભળો, ભાવુક બનીને કથા સાંભળો, આમાં

બૌદ્ધિક બનીને સાંભળો એવું ક્યાં આવ્યું ? વિશ્લેષણ કરો એવું ક્યાં આવ્યું ? જ્યાં આશ્લેષ હોય ત્યાં વિશ્લેષ ન હોવો જોઈએ. ભગવાનને ભેટવા માટે છે આ, પ્રભુને પામવા માટે છે ને ? **ईश्वरः सद्यो हृदि अवरुध्यते** તો જ્યાં આશ્લેષ છે ત્યાં વિશ્લેષની જરૂર શી છે ? રસિક અને ભાવિક બનીને સાંભળો.

એક બીજી વાત કહું, બે ત્રણ ખુલાસા શરૂઆતમાં કરીએ તો મજા આવશે. કથામાં ઊંઘ કેમ આવે ? બહુ seriously ન લેશો. પણ નાનપણમાં એક વક્તા પાસેથી મેં સાંભળેલું અને એ વખતે એવું બધું કહેવાતું કે કથામાં બેઠા પછી જો કોઈને ઊંઘ આવે તો એ બીજા જન્મમાં સાપ થાય. મને લાગે છે એ ડરાવવા માટે કહ્યું હશે આવું ! હવે આપણી બાજુમાં કોઈ સૂતો હોય તો આપણે તો રાજી થઈએ ને કે ભલે ને સાપ થતો. પણ એમાં પણ આગળ કહ્યું છે તમારી બાજુવાળો કોઈ સૂતો હોય અને તેને તમે ન જગાડો તો તમે મદારી થાઓ ! એટલે જ પેલો મદારી મહોલ્લે મહોલ્લે જાય છે અને એને જગાડતો રહે છે. કથામાં એને ન જગાડ્યો એનું પ્રાયશ્ચિત જીંદગીભર.

પણ મારી કથામાં હું કોઈને સૂતો જોઉં તો હું રાજી થાઉં, મને ગમે. એ એટલા માટે ગમે કે ચાલો એક જીવને તો ટાઢક મળી ! આ એક જીવ તો Relax થયો. અને વાત સાચી છે મનોવૈજ્ઞાનિક સત્ય છે કે કથા માનવીની વ્યથાને હરે છે. કથા આપણને Relax કરે છે. એના માટે કોઈ Psychiatrist - મનોચિકિત્સક્ના ટેબલ ઉપર સૂવાની જરૂર નથી. અને આ દેશમાં હજુ પણ મનોચિકિત્સકોની બહુ જરૂર ઊભી નથી થઈ એનું કારણ સત્સંગ જ છે. પ્રત્યેક સંપ્રદાયમાં સત્સંગની પ્રક્રિયા છે. તમે સો સવાલ લઈને બેસો, સાતમા દિવસે સાંજે જોજો - તમારા દરેકના સવાલોનું સમાધાન તમને આ સાત દિવસના સત્સંગમાં મળી જશે. એ વ્યાસજીનો મહિમા છે. એ શુકદેવજીનો મહિમા છે. એ મહાપ્રભુજીનો મહિમા છે. જે કથા આપણું સમાધાન ન કરી શકે એ કથા કથા નથી. એટલે જ ભાગવતની મૂળ ભાષાને સમાધિ ભાષા કહી. સમાધાન આપે એ સમાધિ, એટલે કથામાં આપણે ઘણી ચિંતા લઈને બેઠા હોઈએ એટલે પછી રિલેક્સ જ થઈએ ને? અને થવું જ જોઈએ. તમને ખબર છે ને ભગવદ્ ભક્તિમાં અને વિશેષ કરીને સેવામાં પહેલામાં પહેલો પ્રતિબંધક છે ઉદ્વેગ, અને આપણું જીવન - લૌકિક જીવન આપણે એ રીતે જીવી રહ્યા છીએ. થોડી આપણી શરારત, થોડા સંજોગો, થોડો કલિયુગનો પ્રભાવ. પણ આપણું લૌકિક જીવન એવું છે કે ચાહો કે ન ચાહો ચિંતા અને ઉદ્વેગ જીવનમાં આવે જ. કૈંક આપણે જવાબદાર છીએ, કૈંક સંજોગો જવાબદાર છે અને ક્યાંક કલિકાળ જવાબદાર છે. જવાબદારીની વાત છોડો - કોણ જવાબદાર છે એમાં ન પડો પણ જીવન છે જ એવું કે ઉદ્વેગ આવે, પણ એ બાધક છે. સેવામાં તો વિશેષ સત્સંગમાં તો કદાચ ચાલે કારણ કે સત્સંગમાં જો ઉદ્વેગ આવશે તો એનો નાશ કરશે. પણ સેવામાં તો ઉદ્વેગ બાધક જ છે. અને એટલા માટે એનો નાશ કરવો જ પડશે. (ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ, આ ત્રણને મહાપ્રભુજીએ બાધક કહ્યાં.) તો સત્સંગ કથારસિક બનીને સાંભળો, કોઈક એવી વાત નથી કે જેનો આપણી સાથે સંબંધ ન હોય, આ કોઈ થર્ડ પાર્ટીની વાત નથી ચાલતી. આ એ વાત ચાલી રહી છે જેનો આપણી સાથે સીધો સંબંધ છે અને જેની સાથે આપણો સંબંધ હોય, એની વાતમાં આપણને ક્યારેય કંટાળો ન આવવો જોઈએ. તમારો દીકરો વિદેશ રહેતો હોય, અને એનો મિત્ર આવીને એનું વર્ણન કરે કે અમે અહીંયા રહીએ છીએ કે અહીંયા જઈએ છીએ. અહીંયા

ખાઈએ છીએ કે આ રીતે સૂઈએ છીએ. એ વાત સાંભળતા તમને કંટાળો આવશે ?

ભગવાનની કથામાં રૂચિ ન થાય એનું મુખ્યમાં મુખ્ય કારણ પ્રભુ પ્રત્યેના પ્રેમનો યા તો અભાવ યા તો ઉણપ. તમને જેના માટે પ્રેમ હોય એની વાત સાંભળતા તમને ક્યારેય કંટાળો ન આવે. તમને જેના માટે પ્રેમ હોય એની વાત વધુ ને વધુ સાંભળવાની લાલસા-જિજ્ઞાસા રહે. વૈષ્ણવના હૃદયમાં તો ભગવદ્ વાર્તા માટેની લાલસા હોવી જોઈએ, રૂચિ નહીં; રૂચિ શબ્દ થોડો સાધારણ છે. જ્યારે એનામાં એટલી intencity નથી. રૂચિનો અર્થ તો એ છે કે મળે તો ગમે. લાલસાનો અર્થ તો એ છે કે એની પાછળ માણસ ભટકે, એટલે જ પ્રેમ પ્રગાઢ થયો ત્યારે આસક્તિ બન્યો. આસક્તિ પ્રગાઢ થઈ ત્યારે વ્યસન બની. વૈષ્ણવના જીવનમાં એક અવસ્થા એવી જરૂર આવે છે કે જ્યારે ભગવદ્ સેવા અને ભગવદ્ કથાની લાલસા જાગે છે. વ્યસનીને વ્યસન ન મળે અને જે વ્યાકુળતા પ્રગટે એ વ્યાકુળતા એક વૈષ્ણવને ભગવદ્સેવા અને સ્મરણ-સત્સંગ ન મળે તો પ્રગટે છે. જે દિવસે આપણાથી ભાગવત્કથામાં ન પહોંચાય એ દિવસે આપણું ચિત્ત વ્યાકુળ થાય છે ખરું ? પૂછો જે દિવસે આપણે થોડો પણ સત્સંગ ન કરી શક્યા હોઈએ - કોઈ ગ્રંથ દ્વારા કે પછી કોઈ પ્રસંગ દ્વારા - એ દિવસે સાંજે સૂતા પહેલાં એવું લાગે છે કે તમે કશુંક Miss કર્યું. જો લાગે તો એ બહુ સારી નિશાની છે. તો આપણી અંદર રહેલો ભાવ અંકુરિત થઈ રહ્યો છે. પાન-બીડી-તમાકુ ઈત્યાદિ એક ક્ષુદ્ર વ્યસનની વસ્તુમાં એટલી તાકાત છે કે ન હોય તો આપને વ્યાકુળ કરે, પૂછો આ આદતવાળાઓને. એક નાની ડાબલી એ પણ ન હોય તો આપણને વ્યાકુળ કરે, તો કૃષ્ણસેવા અને કૃષ્ણકથાનો વિયોગ આપણને વ્યાકુળ ન કરે? અને ન કરે તો પેલી જડ વસ્તુ પર આપણને જેટલો પ્રેમ છે એટલો પણ શ્રીકૃષ્ણ માટે નથી. જેનો વિયોગ તમને વિયોગ ન લાગે, જેનો વિયોગ તમને વ્યાકુળ ન કરે, તમને એના માટે પ્રેમ નથી. આજે ભક્તિ નથી વધી, ભક્તિ વધી તો પ્રભુ પ્રત્યેની વ્યાકુળતા વધી હોત.

આજે જે ભક્તિ વધી છે અથવા તો જે ભીડ દેખાય છે એમાં કાં તો ભય, કાં તો એમાં એક વસ્તુ ઉમેરીએ તો લાલચ, કાં તો આપણને કાંઈ જોઈએ છે એટલે આપણે ભગવાનની પાછળ પડ્યા છીએ અને કાં તો આપણે કશાકથી ડરીએ છીએ. કશુંક જોઈતું નથી, મૃત્યુ જોઈતું નથી, રોગ જોઈતો નથી, દુઃખ જોઈતું નથી. કશુંક જોઈએ છે માટે ભગવાન પાછળ પડ્યા છીએ અથવા કશાકથી બચવું છે માટે આપણે ભગવાનની પાછળ પડ્યા છીએ. એ પ્રેમ નથી. પ્રેમનું આ જ લક્ષણ કે જેના વિયોગમાં તમે વ્યાકુળ બનો પછી એ વસ્તુ હોય તો વસ્તુ, વ્યક્તિ હોય તો વ્યક્તિ અને પરમાત્મા હોય તો પરમાત્મા. ત્રણેયમાં આ સૂત્ર એક સરખુ લાગુ પડે છે. તમને જેનો વિયોગ અનુભવાય એ શરુઆતમાં ભક્તિનું લક્ષણ છે, વિયોગનો અનુભવ શરૂઆતમાં લક્ષણ છે અને પછી ફળ છે પણ એ ફળની વાત હમણાં નહીં કરીએ પણ લક્ષણ તો છે જ.

ભક્તિનો એક મુદ્દો કહું પછી આપણે આપણો વિષય ચાલુ કરીએ. કથા રસિક બનીને સાંભળો, ભાવિક બનીને સાંભળો. બસ ! ઉત્તમ શ્રોતાના આ બે લક્ષણ છે. તમે ફળાહાર કરો છો કે ભોજન કરો છો એ વાત બહુ મહત્ત્વની નથી. તમે નિયમો કેટલા લઈને કથા સાંભળો છો, લઈ શકાય એટલા લો. પણ મૂળ વાત આ છે કે શ્રોતા - ભગવતકથાનો શ્રોતા રસિક હોવો જોઈએ. **कथामृत - रसास्वाद -**

कुशलः शौनकोऽब्रवीत् રસિક એને કહેવાય જે રસને જાણે, રસને પારખે, રસને માણે. તમે ઉત્તમ કલાકાર ન બની શક્યા પણ ઉત્તમ કલાકારને માણી તો શકીએ. પંડીત રવિશંકર ન બની શકીએ, આપણે શ્રેષ્ઠ વાદક ન બની શકીએ, પણ કોઈ સુંદર વગાડતો હોય તો આપણે માણી તો શકીએ ને ! રસિક એ છે જે રસને માણી શકે છે અને એ માણી શકો તો એ આખો માર્ગ રસથી તરબોળ છે રસથી ઊભરાઈ રહેલો **स्फुरत् कृष्णप्रेमामृत रसभरेणाति भरिता....** પુષ્ટિમાર્ગ રસથી છલકતો માર્ગ છે, આનંદથી છલકતો માર્ગ છે, આનંદ ઊભરાઈને બહાર આવી રહ્યો છે એવો આ માર્ગ છે. પણ આપણે એને જાણી શકીએ, માણી શકીએ તો. પણ એ કથા આપણા પ્રાણપ્રિય પ્રભુની વાતો સાંભળી રહ્યા છીએ, એ ભાવના રાખીને સાંભળજો તો તમને કંટાળો નહીં આવે.

બીજું ઊંઘનો એક સ્વભાવ છે કે શરીર જ્યારે નિષ્ક્રિય બને ત્યારે આવે છે. કથામાં તમારે બેસી જ રહેવાનું છે ને વક્તાને બોલવાનું છે. વક્તાને કોઈ દિવસ ઊંઘ નથી આવતી કારણ કે એ સક્રિય છે. એનું ધ્યાન વક્તવ્યમાં છે એમ તમારું ધ્યાન તમારા શ્રવણમાં હશે તો તમને ઊંઘ નહીં આવે. મેં એક પુસ્તકમાં સરસ વાત વાંચી હતી. (હિંદીમાં વક્તાને **बक्ता** કહે છે.) વક્તા સાવધાન ન રહે તો વક્તા '**बक्ता**' થઈ જાય અને શ્રોતા સાવધાન ન રહે તો શ્રોતા '**सोता**' થઈ જાય ! એટલે વક્તાએ પણ વક્તવ્યમાં સાવધાન રહેવું જોઈએ. શ્રોતાઓએ શ્રવણમાં પણ સાવધાન રહેવું જોઈએ. તમને ખબર છે કે એટલા માટે તો ભાગવતનાં માહાત્મ્યમાં લખ્યું છે કે આ સાત દિવસ ભારે ભોજન ન કરો. કારણ કે ભારે ભોજન કર્યા પછી શું સ્થિતિ થાય છે એ આપણે જાણીએ છીએ અને કરો તો સાંજે કરજો બપોરે તો નહીં જ.

लध्वाहारः सुखावहः યોગીઓમાં એક વ્રત છે (આજકાલ તો ડાયેટિંગવાળા પણ આ શિખવે છે.) એનું નામ છે ઊણોદરી. ઊણોદરીનો અર્થ છે કે માણસે પોતાનું પેટ અડધુ અન્નથી ભરવું જોઈએ, પા ભાગ જળ માટે અને બાકીનો ભાગ હવા માટે. તો અડધુ પેટ ભરીએ પ્રસાદથી એટલે વ્રતી બનીને કથા સાંભળો. સાત દિવસ કોઈની નિંદા ન કરશો પછી તો આમેય નહીં કરો. પણ નિયમ લઈએ સાત દિવસનો.

જે માહાત્મ્યમાં લખ્યું છે એ કહું : સાત દિવસ દેવ, બ્રાહ્મણ ગુરુ અને સ્ત્રીની પણ નિંદા ન કરવી એમ લખ્યું છે, એટલે કે કોઈની ન કરવી. "સકળલોકમાં સહુને વંદે; નિંદા ન કરે કેની રે"... કોઈની નિંદા ન કરવી એમાં આપણે પોતે આવી ગયા. આત્મ નિંદા ય ન કરવી. આ સાત દિવસ આપણે પરમ ભાગ્યવાન છીએ અને એ પરમ ભાગ્યનો, પરમ સૌભાગ્યનો અહેસાસ આપણને પ્રતિક્ષણ રહેવો જોઈએ. હું પુષ્ટિપ્રભુનો છું, મારા માથે પુષ્ટિપ્રભુના ચરણ બિરાજે છે, મેં જેનો આશ્રય કર્યો છે એ ગમે તેવો નથી. હું ગમે તેવો હોઉં પણ મેં જેનો આશ્રય કર્યો છે એ ગમે તેવો નથી, એ '**ગમે તેવો**' (whom we like) છે. પ્રભુ સૌને ગમે એવા છે એટલા માટે ખૂબ આનંદ અને પ્રસન્નતાથી આપણે આપણા આ સાત દિવસનો કથા પ્રવાસ શરૂ કરી રહ્યા છીએ. આપણા ઈષ્ટપ્રભુ આપણા માથે બિરાજતા હોય એના ચરણોમાં દંડવત કરી ફરીથી એકવાર જય જયકાર કરીએ. બોલો શ્રી ગોવર્ધનનાથકી જય.

सच्चिदानंदरुपाय विश्वोत्पत्यादि हेतवे ।
तापत्रयविनाशाय श्री कृष्णाय वयं नुमः ।।

પ્રભુના ચરણાવિંદમાં વંદન કરી આપણે શુભારંભ કરીએ છીએ.

વંદન એ મંગલાચરણ છે. આપણી પરંપરા છે ને.... નમસ્કારથી આરંભ શા માટે અને નમસ્કાર શું છે ? નમસ્કાર તો સ્વીકાર છે બે બાબતોમાં. માનવી બે બાબત અંતઃકરણથી સ્વીકારે ત્યારે એના નમસ્કાર પ્રભુ સુધી પહોંચે છે. પહેલું જે મહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયમાં સમજાવે છે એ, **'હું કાંઈ નથી'** અને બીજું **'મારું કાંઈ નથી'** એટલે **અહંતા અને મમતા** આ બંનેનું પ્રભુચરણમાં નિવેદન એ નમસ્કાર છે. જ્યારે આપણે બે હાથ જોડીએ છીએ ત્યારે કહીએ છીએ 'પ્રભુ ! કર્તા હું નથી કર્તા તું છે, હું તો નિમિત્ત છું.' અર્જુને કહ્યું કે આ યુદ્ધ તો હું ન કરું. આ યુદ્ધ માટે અર્જુને તો ત્યાં સુધી કૃષ્ણને કહ્યું હું તો મૂરખ અજ્ઞાની એટલે આ ઘોર પ્રવૃત્તિ માટે તૈયાર થયો પણ તમે કેવા છો કે મને સાથ આપો છો ? ભગવાન પણ સાથે છે કારણ કે ભગવાન સારથી છે ને ? મને આ ઘોર કર્મમાં રોકવાને બદલે તમે મને સાથ આપી રહ્યા છો **अहो बत महत्पापं कर्तुः व्यवसिताः वयम्** ! માં કૃષ્ણ પણ આવી ગયા અરે આપણે સહુ કેવું મોટું પાપ કરવા ભેગા થયા છીએ. "આપણે" કહ્યું - કૃષ્ણ આવી ગયા અંદર ! "પ્રભુ ! તમારે તો મને રોકવો જોઈએ કે આ હિંસા ન કર. સ્વજનોનો વધ ન કર અને તે રાજ્ય ખાતર ? અને હું આ બધુ કરીશ તો મને દોષ નહીં લાગે ?" ભગવાને તો ઘણું બધું સમજાવ્યું. અવારનવાર આપણે ભાગવતજીનો ગીતા સાથેનો અત્યંત નિકટ સંબંધ છે એમ કહેવું હોય તો કહી શકાય કે શ્રીમદ્ ભાગવતનું Nearest શાસ્ત્ર એ તો ગીતા છે. મહાપ્રભુજીનો અભિપ્રાય એ છે કે ગીતાના અઢાર અધ્યાય સૂત્રાત્મક છે અને એનું જ ભાષ્ય ભાગવતના અઢાર હજાર શ્લોકોમાં છે. ત્યાં એટલી નિરાંત નહોતી. ત્યાં એ સાત દિવસ ક્યાં હતા ? અર્જુનને જલદી જ ઊભો કરવો હતો, ભગવાન પાસે ઝાઝો સમય ન હતો. અરે ! સત્સંગનો સમય જ ન હતો, કવખતે ઊભુ થયેલું હતું આ બધું. **विषमे समुपस्थितम्** કૃષ્ણ જેમ અનેક વસ્તુમાં અદ્ભુત છે એમ ગીતામાં શ્રીકૃષ્ણ અદ્ભુત છે. શાસ્ત્ર ચર્ચા ક્યાં હોય ? કોઈ તપોવનમાં કે કોઈ આશ્રમમાં. કોઈ જિજ્ઞાસુ વિરક્ત બેઠો હોય ત્યાં ગુરુ શિષ્યની વચ્ચે. તમે જુઓ ગીતામાં બધું જ Out of routine છે. શ્રીકૃષ્ણ અને અર્જુન પણ ગુરુ શિષ્ય ક્યાં છે ? આ બંને રથી અને સારથી છે; ગીતાનો આરંભ થાય છે ત્યારે કૃષ્ણ અને અર્જુન - કૃષ્ણ સારથી છે, અર્જુન રથી છે. રથી સારથી વચ્ચે થોડી શાસ્ત્ર ચર્ચા હોય ? સ્થાન કયું છે? કોઈ નૈમિષારણ્ય, કોઈ તપોભૂમિ, કોઈ ગુરુનો આશ્રમ કે ગુરુકુળ ક્યાં હતું ? એ તો હતી રણભૂમિ, જ્યાં લોહીની નદીઓ વહેવાની છે. અચ્છા, પ્રસંગ હતો યુદ્ધનો અને ભૂમિ હતી યુદ્ધની. ભેગા થયા હતા કોઈ બ્રહ્મજિજ્ઞાસુ નહીઃ યોદ્ધાઓ ! લડવા માટે થનગની રહેલા અને છેલ્લી અદ્ભુત વાત રણભૂમિમાં ભાગ્યે જ કોઈ એવું કહે કે લડવું નથી અને કહેવામાં આવ્યું કે તું યુદ્ધ કર અને ભગવાને શાસ્ત્ર ખોલ્યા: સાંખ્યયોગ, કર્મયોગ, કર્મ-સંન્યાસયોગ, બ્રહ્માર્પણયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, છેલ્લે મોક્ષ સંન્યાસયોગ. અર્જુનને પ્રભુએ કહ્યું કે 'તું નિમિત્ત છે'

જે વખતે આપણે પ્રભુને હાથ જોડીએ છીએ તે વખતે આપણે પ્રભુની આગળ આ વાતનો સ્વીકાર કરીએ છીએ કે પ્રભુ કર્તા તું છે. હું કેવળ નિમિત્ત છું, હું કાંઈ નથી. તું કરાવી રહ્યો છે, મને નિમિત્ત બનાવી રહ્યો છે. નમસ્કાર કરીએ છીએ ત્યારે માત્ર હાથ નથી જોડતાં, મસ્તક પણ ઝુકાવીએ છીએ. નમવાનો અર્થ છે ઝુકવું અને ઝુકવાનો અર્થ છે પ્રભુ કેવળ મારી ક્રિયાશક્તિ તારા ચરણમાં નહીં, મારી જ્ઞાનશક્તિ પણ તારા ચરણમાં સમર્પિત. હું કાંઈ કરતો નથી એ તો

બરાબર; હું કાંઈ જાણતો પણ નથી. હું શું જાણું છું ? માનવીને પ્રભુએ બે શક્તિ આપી - ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ. અને જે દિવસે માનવી પ્રભુના ચરણમાં આ બંને શક્તિનું સમર્પણ કરે અને એ વાતનો સ્વીકાર કરે કે હું કાંઈ જાણતો નથી અને હું કાંઈ કરતો પણ નથી તે દિવસે એના નમસ્કાર પ્રભુ પ્રીતિપૂર્વક સ્વીકારે છે. એક જ નમસ્કાર !

एकोऽपि कृष्णस्य कृत प्रणामः दशाश्वमेधावभृथेन तुल्यः ।

दशाश्वमेधी पुनरेति जन्म, कृष्ण प्रणामी न पुनर्भवाय ।।

તો એક નમસ્કાર પર્યાપ્ત છે. એ એક નમસ્કાર આપણને મોક્ષ સુધી પહોચાંડે છે. કૃષ્ણ......એ એક જ નમસ્કાર આપણને મોક્ષ સુધી પહોંચાડશે. નમસ્કાર કોઈ સાધારણ વાત છે ? એક સ્વતંત્ર ભક્તિ છે. નમસ્કાર કોઈ નાની ક્રિયા નથી. વૈષ્ણવો ! સાંભળો !

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।

अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ।

इति पुंसर्पिता विष्णोः भक्तिश्चेन्नवलक्षणा ।।

વંદન નવધા ભક્તિમાં એક ભક્તિ છે. નમન એટલે પ્રભુ સામે હાથ જોડીને માથું નમાવવું, એ પણ કોઈ સાધારણ વાત નથી. પ્રભુને પ્રિય એવો ભક્તિનો સુંદર પ્રકાર છે. અને એટલા માટે આપણે ત્યાં આ પરંપરા રહી છે કે દરેક મંગલ કાર્યના આરંભમાં આપણે આપણા ઈષ્ટ પ્રભુના ચરણમાં દંડવત કરીને પછી આગળ જઈએ છીએ.

સચ્ચિદાનંદ.....સ્વરૂપ જેનું સચ્ચિત્ અને આનંદ છે, વિશ્વોત્પત્યાદિ કર્મ છે જેનું આ વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લય. અને જેના સ્વભાવમાં જ જીવના ત્રિવિધ તાપનું શમન કરવાનું સ્વાભાવિક રીતે રહેલું છે એવા શ્રીકૃષ્ણ ભગવાનને વંદન કરીએ છીએ. અહીંયા ત્રણ પ્રકારનો પરિચય છે અને કોઈપણ વ્યક્તિનો પરિચય આ ત્રણેય પરિમાણમાં થવો જોઈએ. પરિચયના ત્રણ પરિમાણ. આકૃતિ. પહેલામાં પહેલો પરિચય આકૃતિનો થાય. સૌથી પહેલો પરિચય છે આકૃતિ પછીનો પરિચય છે કૃતિ અને પછીનો પરિચય છે પ્રકૃતિ. (આકૃતિ એકલી જોઈને કોઈની સાથે લગ્ન ન થાય અને થાય તો માણસ એમાં દુઃખી થાય. આજકાલ તો લોકો ફોટો જોઈને, ફોટો છોડો હવે લોકો ટીવીમાં જોઈને નક્કી કરી દે છે, ઈન્ટરનેટ ઉપર.) આકૃતિ તો પૂતનાની પણ બહુ સુંદર હતી. પૂતના એટલી સુંદર બનીને આવી હતી કે એને જોઈને બધાને મોહ થઈ ગયો. મહાપ્રભુજીએ તો કહ્યું કે કોઈ સ્ત્રીને જોઈને સ્ત્રીને મોહ ન થવો જોઈએ. સામાન્ય રીતે અતિસુંદર સ્ત્રી હોય તો એને જોઈને સ્ત્રીઓને ન થવો જોઈએ પણ પૂતનાને જોઈને યશોદા અને રોહિણીને પણ મોહ થયો. અને મોહમાં ને મોહમાં મોહનને એમણે એમની ગોદમાં પધરાવી દીધો. બાકી યશોદા અજાણી વ્યક્તિની ગોદમાં પોતાનું સર્વસ્વ જે છે એને કદી પધરાવે ? ન પિછાન ન ઓળખાણ, કાંઈ નહીં. આવી બેસી ગઈ અને લાલો સોંપી દીધો ! પૂતનાના સૌંદર્યને જોઈને મોહમાં પડેલા હોવાથી આમ કર્યું કારણ કે પૂતના અવિદ્યા છે અને અવિદ્યા જ્યારે આવે ત્યારે દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંત:કરણાધ્યાસ, અને સ્વરૂપવિસ્મૃતિ, આ પાંચેય પરિમાણ આવી જાય છે. પહેલો પ્રભાવ વિચાર કરો - ભગવાનની મા મોહમાં પડી ગઈ ! કેવો પ્રભાવ હશે આનો ? એટલે કહ્યું ને કે

ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा ।

बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ।।

એ તો દેવી, આ તો રાક્ષસી હતી પહેલાં તો પ્રભુની આકૃતિ આમ તો એની આકૃતિ જ મોહમાં નાંખી દે એવી છે ભગવાન ભક્તોના નિરોધ માટે પ્રગટ થયા છે. અને જ્યારે ભગવાન ભક્તોના ચિત્તના નિરોધ માટે પ્રકટ થયા હોય તો એમણે ત્રણેય ઉપાયો કર્યા છે સ્વરૂપથી નિરોધ કર્યો, લીલાથી નિરોધ કર્યો, અને પોતાના સ્વભાવથી પણ નિરોધ એટલે કે ગુણોથી પણ નિરોધ કર્યો. કૃષ્ણનું સ્વરૂપ જ પર્યાપ્ત છે. તેની અન્ય એળખાણ ન થાય ને તો પણ ચાલે, એના વિષે વધારે ઝાઝુ ન જાણો તોય ચાલે, એને જોઈ લો ને તો બસ છે !

નંદદાસની કથા યાદ કરો ને. નંદદાસ જ્યારે પેલા પરિવારની પાછળ પાછળ પહોંચી ગયા. શ્રી ગુસાંઈજીએ કોઈ આધ્યાત્મિક ઉપદેશ આપીને નંદદાસની બુદ્ધિ બદલી નથી. નંદદાસજીની લૌકિક આસક્તિ બદલાવવા માટે **देहेऽस्थिमांसरुधिरेऽभिमतिं त्यज त्वम्** કહેવું પડ્યું નથી પ્રમાણની જરૂર તો ત્યારે પડે કે જ્યારે પ્રમેય બળ ઉપલબ્ધ ન હોય. સ્વરૂપ બળ પ્રગટ ન હોય તો પછી પ્રમાણબળની જરૂર પડે. ઉપદેશ ત્યારે આપવો પડે કે જ્યારે ભગવાન પ્રગટ ન હોય. બાકી ઉપદેશની શી જરૂર છે ? નંદદાસજીને શ્રી ગુસાંઈજીએ નથી ઉપદેશનો એકે શબ્દ કહ્યો કે નથી ઠપકાનો એકેય શબ્દ કહ્યો. કેવળ જઈને પ્રભુના દર્શન કરાવ્યા છે. "આવો, કરો દર્શન." જ્યાં એ ભગવત્ સૌંદર્યના સહજ સુંદર, પરમ સૌંદર્યના દર્શન કર્યા કહેવું જ ન પડ્યું કે હવે હીન સુંદરતાને ભૂલો. કૃષ્ણ ગીતામાં એક નાનકડું સુંદર વાક્ય બોલ્યા છે. **परं दृष्ट्वा निवर्तते** જેણે પરમ રસ ચાખ્યો છે એને તુચ્છ રસ છોડવા માટે સમજાવવા પડતા નથી. મહાપ્રભુજીના વચનામૃતમાં કહ્યું તો જેણે ઘી પીધું હોય એને છાશ છોડવા માટે સમજાવવો પડતો નથી. જેના હાથમાં હીરા આવ્યા હોય એને કહેવું પડતું નથી કે મુઠ્ઠીમાંથી કાંકરા ફેંકી દ્યો. એની મેળે ફેંકી દે છે. "મોતી સર્વ વેરાઈ ગયા," પણ મોતી ક્યારે વેરાઈ ગયા; જ્યારે હીરલો લાગ્યો હાથ. હરિ હીરલો છે અને હરિ રૂપી હીરલો જ્યારે હાથમાં આવે ત્યારે... **सालोक्यसार्ष्टि सामीप्य सारुप्यैकत्वमप्युत । दीयमानं न गृहणन्ति विना मत्सेवनं जनाः** ચાર કે પાંચ પ્રકારની મુક્તિઓ પણ વેરાઈ જાય છે અને મુક્તિઓ વેરાઈ જાય પછી બીજાની વાત ક્યાં કરવી. આ હરિરૂપી હીરલો આપણને પણ પ્રાપ્ત થાય છે શ્રીમદ્ ભાગવતના સેવન દ્વારા. કૃષ્ણ કેવા છે ? રૂપ કેવું છે સત્ ચિત્ અને આનંદ. ભગવાનની લીલા કેવી છે ? ઉત્પત્તિ સ્થિતિ અને લય. ભગવાનનો સ્વભાવ કેવો છે ત્રિવિધતાપને શાંત કરનાર. મનુષ્ય જીવનમાં ત્રણ તાપ અનુભવે છે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. બહાર જે અનુભવીએ એ આધિભૌતિક અને આને મિટાવવાના ઉપાય તો બહુ સહેલા છે પંખો ચલાવો, એ.સી. ચાલુ કરો. પણ એક તાપ આધ્યાત્મિક છે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, ચિંતા, ઈર્ષા, ઈત્યાદિ માણસને બહાર નહીં અંદર બાળે છે. અંદર જે બળતો હોય એને બહારથી છંટકાવ કરવાની જરૂર નથી.

તાપ ભીતર છે તો એનું નિવારણ પણ ભીતર હોવું જોઈએ. એટલે માનવીના અંદરના તાપને બે રીતે નિવારી શકાય. સાધન દ્વારા અથવા સ્વરૂપ દ્વારા. સાધન બે - જ્ઞાન અથવા ભક્તિ જો માનવી અંદરથી ઠરવા ઈચ્છતો હોય; કામ, ક્રોધ, લોભ, આદિના અગ્નિથી ન બળવું એવું ઈચ્છતો હોય તો યા તો એણે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ યા તો એણે ભક્તિ કરવી જોઈએ. એ ન બને તો પછી પ્રભુના સ્વરૂપને હૃદયમાં પધરાવો. જો પ્રભુનું સ્વરૂપ તમારા હૃદયમાં બિરાજશે તો કોઈ તાપ નથી કારણ કે એ તો તાપને નાશ કરનારા છે ઠાકોરજીના

ચરણને કમળની ઉપમા કેમ અપાઈ ? કમળ જળમાંથી ઉત્પન્ન થાય છે અને જળનો સ્વભાવ તાપ હરવાનો છે એટલે જળનો ગુણ કમળમાં આવ્યો અને તેથી કમળ પણ તાપ હરે છે. **फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्धि हृच्छयम्** ગોપિકાઓ પણ પ્રભુના ચરણને કમળ કહે છે કારણ કે ભક્તોના બળબળતા હૃદયને એ શીતળતા આપે છે અને ભક્તો હૃદયમાં જે તાપ છે તે આપણને હજી નથી હોં ! આપણું સૌભાગ્ય નથી કે એ તાપ આપણામાં આવે, ત્રિવિધ તાપમાં જે ત્રીજો તાપ છે. આમાં કેટેગરી છે આધિભૌતિક તાપ બધાને, પ્રાણીઓને પણ લાગે. આધ્યાત્મિક તાપ મનુષ્યને જ લાગે. કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, આદિ પ્રાણીઓમાં ખાસ નથી. મનુષ્યમાં છે એટલે આધ્યાત્મિક તાપ માત્ર મનુષ્યને લાગે પણ જે આધિદૈવિક તાપ છે એ મનુષ્યોમાં પણ કોઈક ભાગ્યવાનને જ લાગે છે અને એ આધિદૈવિક તાપ છે કૃષ્ણના વિયોગથી ઉત્પન્ન થનારો તાપ. ગદ્યમંત્ર યાદ કરો. ગદ્યમંત્રનો સૌથી પહેલો મુદ્દો શો છે ? આ જીવ હજારો વર્ષોથી ભગવાનથી વિખૂટો પડ્યો છે. પણ ભગવાનથી વિખૂટો પડ્યો છે શબ્દ ઉપર ધ્યાન આપજો. કૃષ્ણ વિયોગ છે, કૃષ્ણ "વિરહ" નથી. "વિયોગ" છે, આપણે ભગવાનથી છૂટા પડ્યા પણ છૂટા પડ્યા એનું દુઃખ છે ખરું ? કૃષ્ણનો વિયોગ અને કૃષ્ણનો અર્થ છે સદાનંદ. શ્રી મહાપ્રભુજીએ પણ જ્યાં જ્યાં કૃષ્ણ નામ આવ્યું છે ત્યાં અર્થ કર્યો છે સદાનંદ. એક એવો આનંદ કે જે આનંદ નિત્ય છે પૂર્ણ છે.

प्राकृता सकला देवाः गणितानन्दकं बृहत् ।
पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ।। (कृष्णाश्रय)

કૃષ્ણ એટલે પૂર્ણ આનંદ અને આ જીવ પૂર્ણ આનંદથી વિખૂટો પડ્યો છે. વિખૂટો પડ્યો છે એમાં સંદેહ નથી, વિખૂટો પડ્યો એનો વાંધોય નથી. વિખૂટા પડવું જરૂરી છે પણ વિખૂટા પડ્યાનું દુઃખ નથી. દુઃખ એ છે કે દુઃખ નથી !

पहेले आती थी हाले-दिल पे हँसी,
अब किसी बात पर नहीं आती । (गालिब)

પુષ્ટિજીવનું મોટામાં મોટું દુઃખ જ એ છે કે દુઃખ નથી. પ્રભુના તાપ-કલેશના અનુભવનો તિરોભાવ છે અને દુઃખ ન હોવું એ ગંભીર સમસ્યા છે. ડૉકટર તમારા પગમાં ટાંકણી મારે અને તમે ચીસ પાડીને પગ પાછો ખેંચી લો એ સારું કે તમે કહો કે ના કંઈ જ થતું નથી એ સારું ? શું સારું ? તમને પીડા થતી નથી એ બતાવે છે કે પગમાં રોગ છે. પગ એની સંવેદના ગુમાવી બેઠો છે એમ હજારો વર્ષોથી કૃષ્ણવિયોગ હોવા છતાં એ કૃષ્ણવિયોગની આપણને કોઈ પીડા નથી. આપણે પણ એ સંવેદના ગુમાવી બેઠા છીએ, બુઠ્ઠા થઈ ગયા છીએ. જેમ Anesthesia આપવાથી શરીર સંવેદના વગરનું થઈ જાય અને સંવેદના વગરનું શરીર પછી સુખ પણ ગુમાવે છે. પગે તમને કોઈ બરફ લગાડે તો ઠંડક નહીં થાય. જેણે પ્રભુ સાથેનો સંબંધ ગુમાવ્યો, જેણે પ્રભુ સાથેની સંવેદના ગુમાવી, એણે સંયોગનું સુખ પણ ગુમાવ્યું અને વિયોગની વ્યાકુળતા પણ ગુમાવી અને એ બંને પાછાં જોઈતા હોય તો પ્રભુ સાથેનો સંબંધ અને સ્નેહ આ બંને જરૂરી છે. આ બંને આપણને શ્રી મહાપ્રભુજી આપશે. સ્નેહ પણ આપે છે મહાપ્રભુજી. **सान्निध्यमात्रदत्त श्रीकृष्णप्रेम (सर्वोत्तम स्तोत्र)** શ્રી મહાપ્રભુજી પાસે આપણને બ્રહ્મસંબંધ તો મળ્યો, હવે કૃષ્ણપ્રેમ મળે. એટલા જ માટે આપણને ઠાકોરજી પધરાવી આપ્યા કે એની સેવા કરો. સેવા કરતાં કરતાં સંબંધથી સ્નેહ જાગે છે.

હું એક સવાલ પૂછું, તમે સવારે છાપું ખોલો છો, ચા પીતા પીતા વાંચો છો કે ઈરાનમાં કે ઈરાકમાં ધરતીકંપ થયો, ત્રણ હજાર માણસો મરણ પામ્યા ! પછી ચા પૂરી કરો છો કે અડધી છોડી દો છો ? ત્રણ હજાર માણસના મૃત્યુના સમાચાર જરાય આંચકો આપતાં નથી. પછી તમે નાસ્તો ખાઈને કહેશો કે હમણાં હમણાં ધરતીકંપ બહુ થાય છે હોં ! પણ ચા તો પાછી પૂરી જ કરશો. એટલુંય દુઃખ નથી થયું કે અડધી ચા છોડી દઈએ. એ ત્રણ હજાર માણસો સાથે આપણો કોઈપણ જાતનો સંબંધ નથી અને દીકરો કે દીકરાનો દીકરો સ્હેજ પડી ગયો હોય તો ઓફિસથી અડધો અડધો કલાકે ફોન કરીએ કે હવે કેવું છે ? કારણ કે સંબંધ ! સ્નેહ બંધાય છે સંબંધથી.

ભાગવત બે કામ કરશે. આપણે જરાક પૂર્વભૂમિકામાં સમજી લઈએ ભગવાનની દસ લીલાઓ છે **अत्र सर्गो विसर्गश्च स्थानपोषणमूतयः । मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः (૨/૧૦/૧)** શુકદેવજીએ પરીક્ષિતને દસ લીલા સંભળાવી. દસ લીલા બે પ્રકારમાં એટલે પાંચ-પાંચ એવા બે પ્રકારમાં છે. પહેલાં પાંચ પ્રકારની લીલા તમને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય એટલા માટે છે. એ કેટલો Great ગ્રેટ, કેટલો મહાન, મહાન**થી** પણ કેટલો મહાન છે એ જાણવા માટે. ઘણાં લોકો પૂછે છે કે આપણે એકલો દસમ સ્કંધ જ સાંભળીએ ? આખું ભાગવત સાંભળવા**ની** શી જરૂર છે ? એકલી કૃષ્ણલીલા સાંભળી લઈએ તો ન ચાલે ? ચાલે, પણ આખું ભાગવત કેમ સાંભળવું જોઈએ એનું કારણ કહું. પહેલી જે પાંચ લીલાઓ છે એ કૃષ્ણની, ભગવાનની મહત્તા બતાવે છે. એ મહાનથી પણ મહાન છે. પહેલાં આટલું યાદ રાખજો સૌથી પહેલા થવું જોઈએ માહાત્મ્યજ્ઞાન. હું જેના ચરણમાં છું, હું જેના શરણમાં છું એ સર્વશક્તિમાન છે. એ **कर्तुं अकर्तुं अन्यथाकर्तुं समर्थ** છે. એ વાતની દૃઢ ભાવના, એ ભક્તિની ઈમારતનો પાયો છે. Architectને ખબર હોય ને ૨૭ માળની ઈમારત કરવી હોય તો કેટલા ઊંડે જવું પડે. માહાત્મ્યજ્ઞાન એ ભક્તિનો પાયો છે અને કોઈપણ ઈમારતનો પાયો કમજોર ન હોવો જોઈએ અને એટલા માટે સત્સંગ સ્નેહનો પાયો છે, કથા સેવાનો પાયો છે અને પાયો મજબૂત હોવો જોઈએ. બે-ત્રણ દિવસ જો ભગવદ્ વાર્તા કરવાનો અવસર ન મળે તો આચાર્ય શ્રી મહાપ્રભુજીના હૃદયમાં પણ પીડા થતી અને દામોદરદાસજીને ફરિયાદ કરતાં. 'દમલા બહુ સમય થયો ભગવદ્ વાર્તા નથી કરી.' આ પાયો છે. પછી એ વ્યસનવશ થાય, એના વગર તમે રહી ન શકો. એ વાત જવા દો. હમણાં પણ કમસે કમ ભક્તિની ઈમારત દૃઢતાપૂર્વક રહે, ભક્તિ ડગી ન જાય.

આજકાલ થોડીક તકલીફ પડે છે ને લોકો ભગવાનથી વિમુખ થવા માંડે છે. લોકો કહે હવે અમને ભગવાનમાં કાંઈ શ્રદ્ધા નથી રહી. ભગવાન અમારી જ પાછળ પડ્યો છે. અમારું જ ખરાબ કરે છે. આટલી ભક્તિ કરીએ છીએ તો પણ ભગવાને શું સામું જોયું ? મંદિરમાં ભીડ વધી છે, પણ શ્રદ્ધા કમજોર થઈ ગઈ છે. **शैले शैले न माणिक्यम्** ભક્તોની ભીડ એમાંથી એવા ભક્તો શોધવા પડે આપણે કે જેની પ્રભુમાં કેટલી શ્રદ્ધા છે ? ખરી વાત તો એ છે કે ભગવાન જેટલું દુઃખ આપે ને એટલો જ ભગવાનમાં પ્રેમ વધવો જોઈએ કારણ કે આપણે ભગવાનને સમજ્યા જ નથી. ને હજી પ્રભુ આપણને દુઃખ આપે છે એનો અર્થ ભગવાન આપણી લૌકિક આસક્તિ છોડાવે છે, જે વાતમાં સાર નથી એ વાત આપણને સમજાવે છે કે આમાં કોઈ સાર નથી. નિઃસારને નિઃસાર સમજાવે એ ઉપકાર કે અપકાર ? હવે નિઃસાર તો છે જ, શું સાથે લઈને જવાના છીએ ઉપર આપણે ? જે

જગતમાંથી કોઈને સાર નથી મળ્યો એમાંથી આપણે કયો સાર કાઢી લઈશું ? અત્યાર સુધી કોઈને મળ્યો નથી, આપણે એવા કોણ છીએ કે આપણને મળશે ? તો પ્રભુ દુઃખ આપીને આપણને લૌકિકની નિઃસારતા સમજાવે છે, Reality બતાવે છે અને આપણે ભગવાનથી નારાજ થઈ જઈએ છીએ કે હું તારી આટલી ભક્તિ કરું છું તો પણ તું દુઃખ આપે છે ! ભગવાન દુઃખ નથી આપતા, એ જ્ઞાન આપે છે. અમુક વસ્તુને ઊંડાણથી સમજવી જોઈએ. એક ભીખારી તમારી પાસે ભીખ નથી માંગતો એ ઉપદેશ આપે છે. સંસ્કૃતમાં સુભાષિત છે. **भिक्षुका नैव याचन्ति बोधयन्ति गृहे गृहे** આ સાંભળવા જેવી વાત છે. માણસ હાથ ધરે, જોષી પાસે - જુઓને, આપણું નસીબ કેવું છે ? ભિખારી હાથ બતાવે છે કે મારા હાથમાં દુર્ભાગ્યની રેખા જુવો અને શીખો કે મેં મારા જીવનમાં, આગલા જન્મમાં કોઈને આપ્યું નથી એટલે આજે હું ભિખારી થઈને ભટકું છું. એમાંથી તમે બોધ લો. ભિખારી આવે તો એને રૂપિયોય આપવો. કારણકે એણે આપણને બોધ આપ્યો છે. દત્તાત્રેયના ચોવીસ ગુરુ છે ને એમાં આ ઉમેરો. **बोधयन्ति...** ઘેરઘેર જઈને બોધ આપે છે કે મેં આગલા જન્મમાં દાનપુણ્ય નથી કર્યા, સત્કાર્યમાં દ્રવ્ય નથી વાપર્યું એના પરિણામે જુઓ, મારા હાથમાં ધન રેખા નથી. માણસ હાથ બતાવે એટલે હસ્તરેખા બતાવવા માટે જ બતાવે છે. એટલે આપણને જીવનની અસારતા, ક્ષણભંગુરતા - આ બધું શીખવવા માટે પ્રભુ આપણને દુઃખ આપે છે. એ દુઃખ આપે છે ત્યારે આપણને બોધ પણ આપે છે પણ આપણે હજી એટલા નાદાન છીએ, Immatured છીએ કે પ્રભુના બોધને આપણે સમજી નથી શકતા.

દુઃખથી ડરતા હો તો ભક્તિમાર્ગમાં પગ મૂકશો જ નહીં. ભાગવતમાં બે જગ્યાએ ખુલાસો કર્યો છે, ખુલ્લી વાત કરી છે. હું જેના ઉપર કૃપા કરું છું એના એક પછી એક સુખ હરું છું. યાદ રાખો મારું નામ છે હરિ ! હરિ તો હરનારો જ હોય એ આપે થોડું લે વધારે.

ब्रह्मन् यमनुगृहणामि तद्विशो विधुनोम्यहम्,
यन्मदः पुरुषः स्तब्धो लोकं मां चावमन्यते (८/२२/२४)

અનુગ્રહની વ્યાખ્યા સ્વયં શ્રીકૃષ્ણ કરે છે. વામન અવતારમાં પણ પ્રભુ બોલ્યા, અષ્ટમ સ્કંધમાં પણ પ્રભુ બોલ્યા. બ્રહ્માએ પૂછ્યું - 'તમને **पत्रम् पुष्पम्** થોડી પણ કોઈ ભેટ ધરે તો તમે એને ઘણું બધું આપે છો અને બિચારા બલિરાજાએ આટલું બધું અર્પણ કર્યું તો બધું હરી લીધા પછી પણ બાંધ્યો ? આ ઠીક નથી. ત્યારે ભગવાને એના ઉત્તરમાં કહ્યું, 'બ્રહ્મા ! હજી તમે પણ નહીં સમજી શકો આ વાત.' ભક્ત અને ભગવાન વચ્ચે જે Understanding હોયને એ કોઈની વચ્ચે ન હોય. એ પ્રિયાપ્રિયતમની વચ્ચે જે Understanding હોય એ દુનિયા કદી સમજી શકી નથી. અને એટલા માટે ભક્ત ગમે તેટલો દુઃખી હોય તો ય એ ફરિયાદ નથી કરતો કારણ કે એમની વચ્ચે Understanding છે. ભક્તને ભગવાન સમજી શકે અને ભગવાનને કેવળ ભક્ત જ સમજી શકે.

પ્રભુ સચ્ચિદાનંદ છે. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર છે. પાંચ લીલા માહાત્મ્યજ્ઞાન છે એ જરૂરી છે, તમે જેનું શરણ સ્વીકાર્યું એ સર્વશક્તિમાન છે એ જાણો. ભગવાનને સર્વશક્તિમાન જાણવા એ ભક્તિનો પાયો, એ સંબંધની શરુઆત. હવે બીજો પાયો સ્નેહ. બે વસ્તુ ભેગી થાય ત્યારે ભક્તિ વધે છે, સ્નેહ અને સેવા એવું નારદજીએ

કહ્યું કે ભક્તિ એટલે સ્નેહ, કેવો સ્નેહ ? જેમાં ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન પૂર્ણ હોય. એટલે પહેલી પાંચ લીલાઓમાં તમને એ સમજાવવામાં આવશે કે પ્રભુ કેટલો મહાન છે ? ગમે તેટલો મહાન હોય એમાં આપણે શું ? આપણે કેટલા ટકા ? એનો જવાબ પછીની પાંચ લીલા છે. પછીની પાંચ લીલા પ્રભુ સાથેનો સંબંધ બતાવતી લીલા છે અને પ્રભુ સાથેનો આપણો સંબંધ શો નિકટતમ સંબંધ ભગવાન સાથે છે ? કૃષ્ણ આપણા કોણ છે ? કૃષ્ણ આપણા આત્મા છે, એનાથી વધારે નિકટ કોઈ હોઈ શકે ? **सर्वेश्वरश्च सर्वात्मा** પાંચ સ્કંધ ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, સાતમો. આ 'સર્વેશ્વર' સમજવા માટે ને પછી 'સર્વાત્મા' સમજવા માટે ૮ થી ૧૨. એ સર્વેશ્વર છે. બડે સે બડા હૈ એમાં આપણે શું ? અરે ! એ આપણો છે, આપણો આત્મા છે. જે Greatest છે, એ Nearest પણ છે. આપણો આત્મા છે. જો સેંકડો ચિંતાઓમાંથી મુક્ત થવું હોય તો, લૌકિક અને અલૌકિક બધી જ, તો માત્ર બે જ શબ્દો યાદ રાખજો જે મહાપ્રભુજીએ સાર રૂપે મૂક્યા.

મૃત્યુ દુઃખ આપે છે એવું માની લઈએ તો પણ કેટલી વાર, જીવનમાં એકવાર. હવે સાંભળો મૃત્યુ એકજ વાર દુઃખ આપે અને મૃત્યુનો ભય ? તમે વિચારો કે જન્મ્યા ત્યારથી અત્યાર સુધી મૃત્યુના ભયથી કેટલીવાર દુઃખી થયા ? પંદર વાર... વીસ વાર... પચાસ વાર... સો વાર... વારંવાર ? કોકનું મરણ થયું એમાં આપણને ભય, ગાડી એકદમ નજીક આવે છે, મૃત્યુનો ભય, કોકની ખબર કાઢવા ગયા મૃત્યુનો ભય, છાપામાં કાંઈ એક્સિડન્ટના ફોટોગ્રાફ જોયા. એમાં ભય... મૃત્યુનો ભય સતત મનુષ્યને દુઃખી કરે છે અને શ્રીમદ્ ભાગવત એ મૃત્યુના ભયમાંથી પણ આપણને મુક્ત કરે છે.

कालव्यालमुख ग्रास - त्रासनिर्णाशहेतवे ।
श्रीमद् भागवतं शास्त्रं कलौ कीरेण भाषितम् (पा. १/११)

શ્રીમદ્ ભાગવત તમને એ તબક્કા ઉપર લઈ જશે કે એ તબક્કા ઉપર ગયા બાદ પરીક્ષિત જે બોલ્યા છે એ તમે બોલી શકો ! મૃત્યુ ગમે તે રૂપમાં આવવું હોય તો આવે, મહારાજ ! હવે મને મૃત્યુનો કોઈ ભય રહ્યો નથી, **भगवंतस्तक्षकादिभ्यो मृत्युभ्यो न बिभेम्यहम् (१२/६/५)** ઉપનિષદ કહે છે તે પરમાત્માને આનંદરૂપ જાણે છે તો ડરતો નથી. **आनन्द ब्रह्मो विद्वान् न बिभेति कुतश्चन** પરમાત્માને આનંદ જાણો અને જે પરમાત્માનો આનંદ જાણે છે તે **न बिभेति** એ કોઈ દિવસ કોઈનાથી ડરતો નથી. તો બે વાત જાણો ! ભગવાનને આનંદરૂપ જાણો અને તમે એ આનંદના અંશ - ભાગ છો એ પણ જાણો. **બ્રહ્મજ્ઞાન અને આત્મજ્ઞાન.** બ્રહ્મજ્ઞાન એ આનંદરૂપ છે, આત્મજ્ઞાન એ જ આનંદનો હું અંશ છું. એ મહા અગ્નિ છે, વાંધો નહીં પણ હું એનો તડકો છું. એ મહાસિંધુ છોને, પેસેફિક સાગર હોય ને એ મહાસિંધુ છે પણ હું એ મહાસિંધુનું જ બિંદુ છું. દરિયો ખારો તો એનું ટીપું કેવું હોય ? ખારું હોય ને ? તો ભગવાન આનંદ હોય તો, ભગવાનનો જીવ કેવો હોવો જોઈએ દુઃખી ? રોગો, કલેશમાં ડૂબેલો, હતાશ થઈને હારી ગયેલો અંશીમાં જે હોય એ અંશમાં હોય જ, અને એ રીતે પૂર્ણ પ્રભુના આપણે અંશ હોવા જોઈએ.

इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः ।
वचसा वेदमार्गं हि पुष्टि कायेन निश्चयः
(पुष्टि प्रवाह मर्यादा)

પુષ્ટિજીવ તો ઠાકોરજીના સ્વરૂપનો અંશ છે. અને એટલે Psycologically પણ જે સ્વરૂપનો અંશ હોય, એને સ્વરૂપમાં આસક્તિ

હોય જ. **આપણે ત્યાં સ્વરૂપાસક્તિનું મૂળ કારણ આ છે કે જે જેમાંથી પ્રગટ થયો હોય એની એમાં આસકિત હોય જ.** ગમે ત્યાં વરસેલું જળ, હિમાલયના એવરેસ્ટ ઉપર વરસેલું જળ પણ છેલ્લે ક્યાં પહોંચે છે ? સમુદ્રમાં જ ને ! **आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम्** વહેલું મોડું, આમ આંટાફેરા મારતું, ચકરાવા લેતું લેતું પણ જ્યાં સુધી એ સાગરમાં વિલીન નહીં થાય ત્યાં સુધી એને ચેન નહીં પડે. એમ પુષ્ટિજીવ પણ ભગવત્ સ્વરૂપમાંથી પ્રગટ થયો હોવાના કારણે જ્યાં સુધી એને સ્વરૂપાનુભવ પ્રાપ્ત નહીં થાય, સ્વરૂપાનંદ પ્રાપ્ત નહીં થાય, ત્યાં સુધી એ અકૃતાર્થ જ રહેવાનો છે. જે દિવસે એને સ્વરૂપાનુભવ થયો, સ્વરૂપમાંથી પ્રાગટ્ય પછી, સ્વરૂપ સેવા પછી, સ્વરૂપાનુભવ અને એ સ્વરૂપાનુભવ એ એનું ફળ અને એ ફળ ન મળે ત્યાં સુધી પુષ્ટિજીવને ચેન ન પડે. ગમે તેટલો જ્ઞાની હોય, ગમે તેટલો વિદ્વાન હોય, ગમે તેવો હોય એ સ્વરૂપાનંદ એ જ પુષ્ટિમાર્ગનું ફળ છે અને એ પુષ્ટિમાર્ગનું ફળ એટલે દરેક પુષ્ટિજીવમાં એ ભગવત્ સ્વરૂપ માટેની આસક્તિ. રસખાન એક ચિત્ર જોઈને કેટલું ભટક્યા છે ? કે ક્યાં છે આ મારો પ્રિયતમ અને છેવટે એણે એને શોધી કાઢ્યો અને પછી એની પાછળ એ લીન થઈ ગયો. એટલે પુષ્ટિજીવ ભગવત્ સ્વરૂપમાંથી પ્રકટ થયો હોવાના કારણે એને ભગવત્ સ્વરૂપનો સંયોગ થાય એજ એનું પ્રારબ્ધ છે. ગ્રહો-નક્ષત્રો આપણું પ્રારબ્ધ ઘડતાં નથી. જળનું પ્રારબ્ધ સમુદ્ર છે એમ પુષ્ટિજીવનું પ્રારબ્ધ પુષ્ટિપ્રભુ છે અને જો એ આનંદરૂપ હોય તો એનો અંશ પણ આનંદરૂપ જ હોય. તો પછી એ મૃત્યુથી કેમ ડરે ?

શ્રીમદ્ ભાગવત તમને નિર્ભય બનાવશે. બીજા ફળ તો આગળ આવશે પણ આ પહેલું પગથિયું. અને જેને મૃત્યુનો ભય ન રહ્યો, એને હવે જગતમાં કોનો ભય રહેશે ? એને કોઈનો ભય નહીં રહે ? **सर्वथा निर्भयत्वम्** આચાર્યચરણોએ ભાગવતજીનાં પાંચ ફળમાંનુ આ પહેલું ફળ બતાવ્યું છે.

और कोई समझे सो समझे, हमको इतनी समझ भली ।
ठाकुर नन्दकिशोर हमारे, ठकुराइन वृषभानुलली ।।

દુનિયાને જે સમજવું હોય તે સમજે, આપણે તો આપણા પ્રભુમાં રમતા રહ્યા છીએ. બદ્રિકાશ્રમના માર્ગે નારદજી જઈ રહ્યા હતા, આ બાજુ સનકાદિ મુનિઓ સત્સંગ માટે જઈ રહ્યા છે. સામેથી નારદ મળ્યા. નારદજીના મુખ પર ચિંતા દેખાઈ. ઋષિઓને આશ્ચર્ય થયું. ભગવાનના ભક્ત અને નારદજી તો ભગવાનનો અવતાર છે, એમના મુખ ઉપર વળી ચિંતા શાની ? અચ્છા ! જગતમાં, સંસારમાં લપટાયેલો હોય તો એની ચિંતાના કારણો પણ હોય. સંસારમાં હોવું અને પ્રસન્ન હોવું દુર્લભ વસ્તુ છે. તમો કોઈક દિવસ ખૂબ આનંદમાં હશો ને તો લોકો પૂછશે કેમ આજે આટલા બધા ખુશ દેખાવ છો ? કારણ કે ખુશ હોવું નોર્મલ નથી. આમ તમે ઉદાસ બેઠો હોવ અને શાંત હોવ તો બધાંને એમ લાગે કે બરાબર છે. પ્રસન્ન હોવું Normality નથી, બાકી હોવી જોઈતી હતી. **कथं ब्रह्मन् दीनमुखः ?** માનવીના મુખ ઉપર ઉદ્વેગ દેખાય, વિષાદ દેખાય તો આશ્ચર્ય થવું જોઈએ ! આનંદ દેખાય તો આશ્ચર્ય ન થવું જોઈએ. **આનંદ તો એની પ્રકૃતિ છે, વિષાદ એની વિકૃતિ છે.** સાકર ગળી ન હોય તો શું હોય ? સાકર ગળી ન હોય તો સાકર ન હોય, સાકર ગળી હોય એ એની પ્રકૃતિ છે એમ ભગવદ્ અંશ પ્રસન્ન હોય. હા, વૈષ્ણવના જીવનમાં તો એક જ દુ:ખ હોય અને તે પણ પ્રભુના વિયોગનું; અને એ દુ:ખ પણ કડવું નથી, મધુરું છે. કારણ કે આ માર્ગ એવો છે કે

જેમાં **अखिलम् मधुरम्..** છે એની ચર્ચા આગળ કરીશું. તો નારદજીને ઉદાસ જોયા **महाराज ! ऐसे क्यों दिख रहे हो ?** આપના જેવાના વિરક્તના મુખ પર આવો વિષાદ કે આવું દુઃખ બરાબર નથી. કદાચ મહાપુરુષો ચિંતામાં દેખાય તો સ્વાર્થે નહીં પરાર્થે. ગોકુળમાં પવિત્ર એકાદશીની રાત્રિએ આચાર્યશ્રી મહાપ્રભુજી પણ એક ચિંતામાં હતાં કે આ જીવને કઈ રીતે પ્રભુને યોગ્ય બનાવવો ? તો મહાપુરુષોના જીવનમાં કદાચ ચિંતા દેખાય તો એને આપણે આપણી ચિંતાઓ સાથે Compare ન કરવી, સમજ્યા તમે ? **આપણી ચિંતાઓ એ આપણી અપરિપક્વતાનું પરિણામ છે.** ઘણાં શું કહે છે, કૃષ્ણ ભગવાન પણ ખોટું બોલ્યા હતાને? અરે! કૃષ્ણ ભગવાન ખોટું બોલ્યા હતા એને આપણે આપણા અસત્ય સાથે Compare કરવાનું ? કોઈ તુલના થાય ? આપણું અસત્ય એ આપણું દુર્ભાગ્ય છે. અને ભગવાન તો અસત્ય બોલતા જ નથી. અસત્ય કોઈને લાગતું હોય તો એ તો એની લીલા છે. મહાપુરુષોના મુખ પર જે ચિંતા દેખાય છે એ ચિંતાનું કારણ કરૂણા છે, કરૂણતા નથી - Tragedy નથી. અને આપણે દુઃખી થઈએ છીએ એ તો આપણા અજ્ઞાન, મોહ, શોક, એ બધાના પરિણામે. એટલે આશ્ચર્ય થયું આપના જેવાના મુખ ઉપર ચિંતા ન હોવી જોઈએ, જેનું પોતાનું કાંઈ છે જનહીં એ શા માટે ચિંતા કરે? ત્યારે નારદજીએ કહ્યું કે હું આ જગતમાં આવ્યો. બધે બહુ ફર્યો પણ મને કલિયુગનો પ્રભાવ બધે જ દેખાયો.

सत्यं नास्ति तपः शौचं दया-दानं न विद्यते,
उदरम्भरिणो जीवा वराकाः कूटभाषिणः (भा. १/३१)

સત્ય ન રહ્યું, તપ ન રહ્યું, દયા ન રહી, દાન ન રહ્યું, લોકો પેટ ભરનારા બની ગયા અને નારદજીએ કહ્યું જ્યાં જોયું ત્યાં મને બધે જ અધર્મનો પ્રભાવ દેખાયો. વૃંદાવનમાં ગયો ત્યાં મને થોડીક શાંતિ વળી પણ ત્યાં વળી પાછો ભક્તિ સાથેનો સંબંધ અને એ ભક્તિના દુઃખને દૂર કરવાને માટે મારે આ નીકળવું પડ્યું. શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યની કથા શ્રવણ કર્યા પછી ભાગવત કથાનું શ્રવણ કરવું જોઈએ એવી આપણે ત્યાં પરંપરા છે.

પદ્મ પુરાણમાંથી આ છ અધ્યાય લેવામાં આવ્યા છે. છ અધ્યાય શા માટે ? કારણ કે ભગવાનના છ ગુણ છે.

ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः ।
ज्ञानवैराग्ययोश्चापि षण्णां भग इतीरणा ।।

જરાક ભગવાન શબ્દ સમજીએ. ધનવાન, વિદ્યાવાન, રૂપવાન, એવી રીતે ભગવાન. જેની પાસે ભગ છે એ ભગવાન અને ભગ શબ્દ ઉપરથી જ ભાગ્ય શબ્દ બન્યો છે. આ છ ભગ કહેવાય. આ છ ભાગ્ય કહેવાય, ભગ કહેવાય અને આ છ જેનામાં હોય એને ભગવાન કહેવાય. કયા છ? પહેલું ઐશ્વર્ય. ઈશ્વર ઉપરથી ઐશ્વર્ય શબ્દ બન્યો. ઈશ્વરભાવ ઐશ્વર્ય, વીર્ય, વીર્ય એટલે પરાક્રમ બળ. ત્રીજું છે યશ, ચોથું છે શ્રી, પાંચમું છે જ્ઞાન, અને છઠ્ઠું છે વૈરાગ્ય. આ છ જેનામાં પૂર્ણ રૂપે હોય, આ છ જેનામાં સહજ રૂપે હોય, સંપાદન કરેલું ન હોય સ્વાભાવિક હોય અને છ જેનામાં નિત્ય હોય, પૂર્ણ હોય, સહજ હોય, ભગવાન શબ્દ ઉપરથી જ ભાગવત શબ્દ બન્યો. ભગવાનનું એટલે ભાગવત, Related with ભગવાનનો પરિચય કરાવનારું. ભગવાન સંબંધી શાસ્ત્ર છે ભાગવત. હવે ભગવાન એકલા તો ન હોય સાથે રાધા છે શક્તિ વગર તો શક્તિમાન કેમ હોય? એટલે ભાગવતની આગળ શબ્દ લાગ્યો **'શ્રીમદ્.'** આપણે માન શબ્દ વાપરીએ છીએ કે શ્રીમાન બુદ્ધિમાન એ માનનું મૂળ

શબ્દ છે મત્ એટલે શ્રીયુક્ત ભગવાન એટલે ભાગવત પછી ભાગવતની એક બીજી પણ વ્યાખ્યા થઈ **भगवता प्रोक्तं भागवतम्** વક્તા ભગવાન છે. હવે એ ભગવાનના છ ગુણ છે એટલા માટે એનું મહત્ત્વ સમજાવ્યું. પણ છ અધ્યાય એટલે ભાગવતના સ્કંધ પણ બાર છે એક એક ધર્મને સમજાવવા માટે બે બે સ્કંધ લીધા. છ ધર્મ, દરેકના બે સ્કંધ એટલે બાર સ્કંધ થયા. માહાત્મ્યના પહેલા અધ્યાયમાં જે કથા હતી એનો આપણે આરંભ કર્યો. નારદજી ચિંતાતુર થઈને જઈ રહ્યાં છે. માર્ગમાં શૌનકાદિ મળ્યા. એમણે પૂછયું **कथं ब्रह्मन् दीनमुखः** તમે તો બ્રહ્મસ્વરૂપ છો છતાં ચિંતાતુર થઈને જઈ રહ્યા છો. જે જગતની ચિંતા હણે એ પોતાની ચિંતામાં કેમ હોય? **इदानीं शून्यचित्तोऽसि गतवित्तो यथा जनः** । Absent Minded ખોવાયેલા ખોવાયેલા લાગો છો અને માણસ સૌથી વધારે ખોવાયેલો ક્યારે લાગે ? માણસ સૌથી વધારે દુઃખી ક્યારે હોય ? આમાં મતભેદ બહુ હોઈ શકે છે પણ આ શ્લોકનાં સંદર્ભમાં કહું તો, પૈસો જતો રહે ત્યારે માણસ સૌથી વધારે દુઃખી હોય. મા જાય, પત્ની જાય, બાપ જાય, એ બધું ન કહ્યું ને **गतवित्तः** કેમ કહ્યું ? મતભેદ હોઈ શકે છે પણ આ શ્લોકનો મતલબ આ છે કે જે ખાલી થઈ ગયો હોય અને જેવા દેખાય એવા તમે દેખાવ છો ગમે તેમ હોય. પછી નારદજીએ પોતાની આખી કથા કહી. હું આ પૃથ્વીને ઉત્તમ સમજીને આવ્યો પણ મને કલિયુગનો બધે જ પ્રભાવ દેખાયો. જુઓ અધર્મ તો પહેલેથી જ છે, અત્યારે આપણે કહીએ કે બહુ અધર્મ થઈ ગયો. અધર્મ તો છે જ અને અધર્મની ઉત્પત્તિ પણ ભગવાનમાંથી થઈ છે, પણ એનો અર્થ એવો નહીં કે અધર્મને આપણે Validity આપીએ છીએ. અધર્મની ઉત્પત્તિ ભગવાનની પીઠમાંથી થઈ છે. શાસ્ત્રોએ ખૂબ જ સુંદર વાત કરી છે. ધર્મ ભગવાનના વક્ષઃસ્થળમાંથી થયો અને અધર્મ ભગવાનની પીઠમાંથી થયો, એના બે અર્થ થાય કે માનવી ભગવાન તરફ પીઠ કરે અથવા ભગવાન માનવી તરફ પીઠ કરે તો જ અધર્મ કરી શકે, બાકી અધર્મ ન કરી શકે. તમે ભગવાનથી વિમુખ થાઓ તો જ પાપ કરી શકો, એ સિવાય કરી જ ન શકો. એક પ્રયોગ કરજો - તમે સૂર્યની સામે ઊભા રહો અને તમારો છાંયડો-પડછાયો જોવાનો પ્રયત્ન કરો, નહીં દેખાય. છાંયડો જોવો હશે તમારો તો તમારે સૂર્ય સામે પીઠ કરવી પડશે. જે પ્રકાશ તરફ પીઠ કરે એને જ અંધકારના દર્શન થાય, એમ જે પ્રભુથી વિમુખ થયો અથવા પ્રભુ જેનાથી વિમુખ થયા, બેઉ થઈ શકે છે, ત્યાં અધર્મ જન્મે છે. એટલે અધર્મ જન્મ્યો ભગવાનમાંથી; પણ ભગવાનની પીઠમાંથી અને એટલા માટે એ માન્ય નથી પણ થયો ભગવાનમાંથી એટલે અધર્મ પહેલેથી જ છે. પણ કલિયુગમાં શું થયું ? અધર્મને બળ મળ્યું, પોષણ મળ્યું. Recognise થયો એને માન્યતા મળી, Authority મળી. આટલો ફેર પડ્યો. પરીક્ષિત રાજાએ જ્યારે કળિયુગને આજ્ઞા કરી, આગળ કથામાં આવશે, ત્યારે એણે કહ્યું કે હું જાઉં કેવી રીતે ? મારો સમય થયો છે ને હું આવ્યો છું. અને દરેક પોતાના સમયે તો આવે જ. શિયાળો, ઊનાળો, ચોમાસુ, યુવાની, વૃદ્ધાવસ્થા. જે સમયને આધીન છે એ સમયાનુસાર આવે જ અને એટલા માટે કળિયુગે કહ્યું કે મારો સમય થયો છે ને હું આવ્યો છું. રાજા પરીક્ષિત સમર્થ હોવા છતાં કળીયુગને જાકારો ન આપી શક્યા. પછી Compromise કર્યું કે પછી તું અમુક જગ્યાએ રહે પણ એને રાખવો પડ્યો એટલે અધર્મનો મિત્ર છે. **कलिनाधर्म मित्रेण धरेयं बाधिताधुना** કળિ અને અધર્મ એક બીજાના દોસ્ત છે અને મિત્ર તો મિત્રનું જ હિત કરે ને ? એટલે કળિ અધર્મનું હિત કરે, અધર્મ કળિનું હિત કરે. નારદજી બહુ દુઃખી થયા. દુનિયા આટલી બધી બગડી ગઈ છે. તીર્થોમાં, આશ્રમોમાં, મઠોમાં, જ્યાં ગયા ત્યાં એમને દોષ દેખાયો.

આ વાત પાંચેક હજાર વર્ષ પહેલાં નારદજીએ જોઈ હતી તો પાંચસો વર્ષ પહેલાં મહાપ્રભુજીને કેવું થયું હશે ? માટે કહ્યું **सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।** પાંચસો વર્ષ પછી તો કલિયુગે બહુ પ્રગતિ કરી છે. પાંચસો વર્ષમાં તો બહુ ઝડપી પ્રગતિ કરી છે. પાંચસો વર્ષ પહેલાં મહાપ્રભુજીને લખવું પડ્યું. **पापैक निलयेषु च ।**

નારદજી પહોંચ્યા વૃંદાવનમાં અને વૃંદાવનમાં એમને ભક્તિ મહારાણીના દર્શન થયા. પણ જગતના દુઃખોને હરનારી ભક્તિ પણ દુઃખી હતી. ભક્તિએ નારદજીને જે વચનો કહ્યાં. **भो भोः साधो क्षणं तिष्ठ मच्चिन्तामपि नाशय ।** હે સાધુ ! સાધુ એટલે સંન્યાસી નહીં. સાધુની બે વ્યાખ્યા - જે સાદો હોય અને જે પરોપકારી હોય એ સાધુ. જેનું જીવન પરોપકારમાં વપરાય, એણે ગમે તે વસ્ત્ર પહેર્યા હોય કે ન પહેર્યા હોય, એ પીતાંબર હોય કે દિગંબર હોય, એ બાળક હોય, કે વૃદ્ધ હોય, ગૃહસ્થ હોય કે સંન્યાસી હોય, એ સાધુ છે. સાધુની આ વ્યાખ્યા છે. જે બીજાનું સાધે એ સાધુ અને એટલા માટે ભક્તિએ સંબોધન કર્યું. સાધો ! આપ આખા જગતના માટે પધાર્યા છો એટલે ઝાઝો સમય નહીં લઉં. **क्षणं तिष्ठ** થોડીક વાર ઊભા રહો. કેમ ઊભા રાખો છો ? **मच्चिन्तामपि नाशय** કૃપા કરીને મારી ચિંતાનો પણ નાશ કરો. સાધુનો ધર્મ છે બીજાને ચિંતામુક્ત કરવા, સાધુનો ધર્મ છે બીજાને નિશ્ચિંત કરવા. તમે એવા માણસ પણ જોશો કે જો તમારી જોડે અડધો કલાક બેઠા હોય ને તો તમને દુઃખી દુઃખી કરીને ઊભા થાય. નિઃસાસો નાંખે શું થઈ ગયું દુનિયાનું શું થવાનું છે, અડધો કલાકમાં તો ? તમને તોડી નાંખે, Totally Negative થઈને કહે શિયાળો આવે એટલે હવે એવી ઠંડી પડવાની કે હાડકા દુઃખવાના અને ઊનાળો આવે એટલે કે હવે એવો તાપ પડવાનો કે બળીબળીને ખાખ થઈ જવાના ! ચોમાસુ આવે એટલે હવે એવી ગંદકી થવાની ! કે અલ્યા તું સુખી ક્યારે થઈશ ? તું શિયાળામાં સુખી નથી, તું ઊનાળામાં સુખી નથી, તું સુખી ક્યારે થઈશ ? અને હું ગેરંટી આપું છે કે આ માણસ સ્વર્ગમાં જશે તો પણ સુખી નહીં થાય. મહાપુરુષોનું સાંન્નિધ્ય શાંતિ આપે છે. શાંતિ પમાડે તેને સંત કહીએ છીએ. મહાપુરુષોનું સાન્નિધ્ય સ્વાસ્થ્ય આપે છે. તમે એવા માણસો પાસે બેસો કે તમે વિચાર જ કરો એનું નામ જ સત્સંગ. જે સત્ છે અને ગીતામાં સત્‌ની બહુ વ્યાખ્યા થઈ સાધુભાવ. સત્ એટલે સારું, સત્ એટલે નિત્ય, સત્ એટલે ઉત્તમ, સત્ એટલે સુખદ, સત્‌નો સંગ કરો જે તમને આશાવાદી બનાવે, જે તમારી હતાશ થઈ ગયેલી જીવનપદ્ધતિને ફરીથી નવપલ્લવિત કરે. જો ભક્તિ ઊદાસ થઈને બેઠી હતી, સેંકડો દાસીઓ પંખો નાંખતી હતી અને એની દાસીઓમાં એક દાસી તો હતી મુક્તિ. મુક્તિ ભક્તિની દાસી છે, જે મુક્તિની બધા અભિલાષા રાખે છે એ ભક્તિની દાસી છે. અને જેને જ્ઞાન અને વૈરાગ્ય નામના બે દીકરા છે એવી ભક્તિ ઊદાસ બેઠી હતી અને કહે છે કે **मच्चिन्तामपि नाशय** હે સાધુ ! મારી ચિંતાનો પણ નાશ કરો. મેં એવું જોયું છે કે ભક્ત દુઃખી હોય, તો ભક્તિ સહાય કરે છે. પણ અહીંયા તો ભક્તિ દુઃખી છે. અને ભક્તે સહાય કરી.

ખરું જોવા જાવ તો આ એક Triangle છે, ત્રિકોણ છે. ભગવાન, ભક્તિ અને ભક્ત. આ ત્રણેનો ત્રિકોણ છે. ભક્તોનો ભગવાન સાથે પ્રેમ, ભક્તિનો ભગવાન સાથે પ્રેમ, ભગવાનનો ભક્ત સાથે પ્રેમ, ભગવાનનો ભક્તિ સાથે પણ પ્રેમ, અને ભગવાન અને ભક્ત એ બંનેનો ભક્તિ સાથે, આ એક પરિવાર છે, અને એટલા માટે ભક્ત જો દુઃખી હોય તો ભક્તિ એને આશ્વાસન આપે. ભક્તિ દુઃખી હોય તો ભક્ત એને આશ્વાસન

આપે. અદ્‌ભુત વચનો બોલ્યા છે ભક્તિ. મહાપુરુષોના વચનોને આપણે અમૃત કહ્યા છે. બહુ સમજીને કહ્યાં છે. ભગવાન કૃષ્ણ ગીતામાં બોલ્યા એ સૌ અમૃત વચનો છે. મહાપ્રભુજીના વચનો અમૃત વચનો છે. **वाक्सीधुपूरिताशेष सेवकः (सर्वोत्तम स्तोत्र)** મહાપ્રભુજીનું નામ છે. અને સીધુ એટલે અમૃત, વાક્ સીધુ એટલે વચનામૃત **वाक्सीधुपूरिताशेष सेवकः (सर्वोत्तम स्तोत्र)** જેમણે પોતાના સેવકોને વચનો રૂપી અમૃત દ્વારા તરબોળ કરી દીધા છે. મહાપુરુષોના વચનો પણ કેવળ વચનો પણ દુઃખોની શાંતિ કરી શકે છે. આ સમજવા જેવું છે. બધાજ દુઃખોની નિવૃત્તિ કોઈ ક્રિયા કે ઊપાય વડે થાય એવું નથી. કેટલીક વાર કેટલાક વચનો પણ તમને દુઃખમાંથી બહાર લાવી શકે છે. કેવળ વચનો કેટલીક વાર વચનો તમને દુઃખી કરી શકે છે. વચન જેમ અમૃત છે એમ વચન વિષ પણ છે, પણ એને વિષ બનાવીએ છે આપણે. આપણે એમાં વિષની મિલાવટ કરીએ છીએ, બાકી વચન તો, શબ્દ તો બ્રહ્મ છે. તમે એવા મહાપુરુષોના સાંન્નિધ્યમાં જઈને બેસો કે જેમના વચનો કેવળ વચનો **बहुधा तव वाक्येन दुःखशान्तिर्भविष्यति** મોટે ભાગે તો તમારા વચનો જ દુઃખમાંથી મુક્તિ આપે છે. શાસ્ત્ર એનું જ નામ છે કે જે આપણામાં વિવેક જગાવે. સત્સંગનું ફળ વિવેક છે. વ્યતિરેકના રૂપમાં કહ્યું **बिनु सत्संग बिबेकु न होई** કોઈ પણ વાત કહેવાના બે રસ્તા. (૧) અન્વય સત્સંગથી વિવેક મળે એનું કહેવું અન્વય અને (૨) સત્સંગ ન હોય તો વિવેક મળે જ નહીં એવું કહેવું, વ્યતિરેક. સત્સંગથી અમૃત મળે એવું કહીએ એના કરતાં સત્સંગ વિના વિવેક મળે જ નહિ એવું કહેવું વધારે સારું છે. એટલે તુલસીદાસજીએ કહ્યું, "**बिनु सत्संग बिबेकु न होई** કેમ એમ સમજાવું. સત્સંગથી વિવેક મળે એ વાક્યમાં એવું પણ વિચારી શકાય કે વિવેક પ્રાપ્ત કરવાના બીજા પણ સાધનો હોઈ શકે છે. કોઈ એમ કહે કે આ દવાથી તમને મટશે. આ દવાથી તમને મટશે એનો અર્થ એવો નથી કે બીજી દવાથી તમને નહીં મટે. કદાચ આયુર્વેદિકથી પણ મટે. આ દવાથી મટશે એવી એની ખાત્રી પણ એનો અર્થ એવો નથી કે બીજી દવાથી ન મટે, પણ જો કોઈ એક વસ્તુને પ્રાપ્ત કરવા માટે જો કોઈ એક જ સાધન હોય તો ત્યાં અન્વયાત્મક વિધાન નથી થતું. ત્યાં વ્યતિરેકાત્મક વિધાન થાય છે. જો આ દવા લેવામાં નહીં આવે તો કોઈપણ રીતે આ રોગ નહીં મટે. આમ બે પ્રકાર આવ્યા ને એક Two negative makes one Positive. એટલે બિનુ સત્સંગ વિવેક ન હોઈ, જીવનમાં વિવેકને પ્રગટાવવા માટે સત્સંગ સિવાય બીજો કોઈ ઊપાય છે જ નહીં. માટે તમે જ્ઞાન માર્ગે જનારા હો તો પણ, તમે ભક્તિમાર્ગના પ્રવાસી હો તો પણ, તમે આત્મકલ્યાણનો કોઈપણ માર્ગ સ્વીકાર્યો હોય તો પણ સત્સંગ અનિવાર્ય છે. ગમે તે માર્ગ હોય તમારો કે તે માર્ગને અનુરૂપ ભક્તિ માર્ગે હોય, ભક્તિમાર્ગે સત્સંગ. જ્ઞાન માર્ગે હોય તો જ્ઞાન માર્ગે સત્સંગ, પણ સત્સંગ અનિવાર્ય છે. નારદ મળ્યા ભક્તિને આ સત્સંગ આગળ જતાં આ જ નારદ મળે છે વેદવ્યાસજીને. આ સત્સંગ ગંગા કિનારે જઈને બેઠેલા મહારાજ પરીક્ષિતને શુકદેવજી જઈને મળ્યા આ સત્સંગ અને જેને સત્‌નો સંગ મળ્યો છે પછી એ સત્ શાસ્ત્ર હોય, સત્ પુરુષ હોય કે પછી કોઈપણ પ્રકારની સત્ પ્રવૃત્તિ હોય, જેને પણ સત્‌નો સંગ થયો છે એ પરમ તત્ત્વને પામ્યા છે.

बहुधा तव वाक्येन दुःखशान्तिर्भविष्यति આપનું દર્શન નિષ્પાપ બનાવનારું છે. નારદજી બોલ્યા પરચિય આપનો શો ? મને ન ઓળખી ?

अहं भक्तिरिति ख्याता इमौ मे तनयौ मतौ ।
ज्ञान वैराग्यनामानौ कालयोगेन जर्जरौ (भा. १/४५)

બધા જાણે છે મારું નામ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આ બે મારા દીકરા છે. જે હજી વૃદ્ધ છે લગભગ મૃતઃપ્રાય દશામાં પડ્યા છે. જર્જરિત છે, મારો જન્મ થયો દ્રવિડ દેશમાં, કર્ણાટકમાં મારી વૃદ્ધિ થઈ. મહારાષ્ટ્રમાં પણ હું કંઈક વૃદ્ધિ પામી, પણ ગુર્જર પ્રદેશમાં હું વૃદ્ધ થઈ ગઈ. અને

उत्पन्ना द्रविडे साहं वृद्धिं कर्णाटके गता ।
क्वचित्क्वचिन्महाराष्ट्रे गुर्जरे जीर्णतां गता (भा. १/४८)

અકાળે ઘડપણ પ્રાપ્ત થયું. જોકે જે સમયે આ શ્લોક બોલાયો છે એ સમયે આજના ગુજરાત માટે એ શબ્દ ન હતો. ભગવાન યાત્રા કરે છે, દ્વારિકા પધારે છે. તો એ બધામાં ક્યાંય ગુજરાત નામ નથી આવતું. ગુજરાત નામ આની પાછળથી પડ્યું પરંતુ ઉત્તરપ્રદેશની નીચેનો થોડોક પ્રદેશ એવો છે જેને ગુર્જર પ્રદેશ કહેતા અને ત્યાં ગુર્જર જાતિના લોકો આજે પણ છે. એટલે ગુજરાતી લોકોએ દુઃખી થવા જેવું નથી. આપણા પ્રદેશની આ વાત નથી અને ગુર્જર એ ગુજરાત નહીં આપણે ત્યાં આ બધા પ્રદેશને આનર્ત, સૌવીર, એવા બધા નામથી ઓળખાતા છતાં આ શ્લોકનો એક આધ્યાત્મિક અર્થ પણ થયો છે. બહુ મજાનો અર્થ થયો છે. વ્યાકરણની દૃષ્ટિએ અર્થ બેસે કે કેમ એ સવાલ છે. પણ ભાવાત્મક રીતે અર્થ મજાનો છે. દ્રવિત ન થાય. હૃદય ત્યાં સુધી ભક્તિ ઉત્પન્ન ન થાય. ભક્તિ પ્રગટે છે હૃદયના અભિભૂત થવાથી અને એટલા માટે જે માણસની પાસે પીગળી ન શકે એવું હૃદય હોય એ માણસ ભક્તિમાર્ગ માટે નકામો છે. તમને ખબર છે ગુંસાઈજી પાસે એક માણસ આવ્યો એણે કહ્યું કે મારે વૈષ્ણવ થવું છે. ગુંસાઈજીએ કહ્યું કે તને શું ગમે ? તો કહે, મને તો કાંઈ ગમતું જ નથી. પત્નિ ઉપર પ્રેમ નથી, પૈસા ઉપર પ્રેમ નથી, કુટુંબ ઉપર પ્રેમ નથી, મારી જાત ઉપર પ્રેમ નથી. મારામાં પ્રેમ જ નથી. ગુંસાઈજીએ કહ્યું, તો મહેરબાની કરીને તું બીજા કોઈ માર્ગે જા, ભક્તિ માર્ગ તારા માટે નથી. કારણ કે જેની પાસે પ્રેમ નામનું તત્ત્વ જ ન હોય એ પ્રભુને પ્રેમ કેવી રીતે કરશે ?

પત્નિ ઉપર પ્રેમ હોય એને ભગવાન તરફ Divert કરીને વાળી લઈએ, પૈસા ઉપર પ્રેમ હોય તો એને Divert કરીને વાળી લઈએ, પ્રવાહ હોય તો પ્રવાહને Diversion આપી શકાય પણ કોરી નદીને Diversion શું આપવું ? ભક્તિ માર્ગ કોરા હૃદયનો માર્ગ નથી, એટલે જો તમારી પાસે હૃદય પાષાણનું હોય, દ્રવીભૂત ન જ થાય એવું હોય તો તમે ભક્તિમાર્ગ છોડી બીજા માર્ગ સહેલા પડશે, બહુ સહેલા પડશે. ભક્તિ માર્ગ કામનો નથી. **असुवन जल सींच सींच प्रेमबेली बोई (मीरां)** મીરાંબાઈ કહે છે આ પ્રેમની વેલીને મેં ઊછેરી છે એ ગંગા-જમનાના પાણીથી નહીં પણ મારા નેત્રમાંથી ટપકતાં અશ્રુ જલથી. આ ભક્તિનો માર્ગ એવો છે. એટલે દ્રવિડનો અર્થ છે હૃદયનું દ્રવીભૂત થવું. આ તમે બેઠા છો એ કર્ણાટક સાંભળો છો સત્સંગ એક તો હૃદય તમારું ભાવુક હોય એક હૃદય તમારું ભાવિક હોય અને પાછાં તમે કૃષ્ણ કથા સાંભળો કર્ણાટક, કર્ણ જ્યાં અટકે એ કર્ણાટક. વ્યાકરણની રીતે મેળ પડે કે ન પડે એ મારો વિષય નથી. આ મહાપુરુષોએ ભાવાત્મક રીતે કરેલા અર્થો છે. જેટલું ભગવાન વિષે સાંભળશો એટલો ભગવાનમાં પ્રેમ વધશે. **श्रुत्वा गुणान्भुवन સુંદર....** રુક્મિણીએ પત્ર લખ્યો ત્યારે પહેલું આ વાક્ય હતું, 'તમારા વિષયમાં બહુ સાંભળ્યું અને જેટલું સાંભળતી ગઈ એટલો તમારામાં પ્રેમ વધતો ગયો.' મહારાષ્ટ્ર એટલે પછી ઊપર આવ્યા આખા બધાનું સંચાલન તો બુદ્ધિ કરે છે ને આને મહારાષ્ટ્ર કહી શકાય. કર્ણાટકની ઊપર આવો એટલે મહારાષ્ટ્ર બુદ્ધિનો સાથ મળે જો ભક્તિ રહે. તો સમજો સોનામાં સુગંધ મળી એમાં કારણ શું છે બુદ્ધિ વિક્ષેપ બહુ કરનારી છે. હવે આપણે ઠાકોરજીને ભોગ ધરતા હોઈએ તો બુદ્ધિ પાછી ચંચુપાત કરનારી, આપણે આ ધરાવીએ છીએ તો ભગવાન

આરોગતા હશે કે નહીં આરોગતા હોય ? આ બુદ્ધિનો ચંચુપાત આરોગતા હોય કહો તો પાછાં કે કોઈ ફેરફાર તો દેખાતો નથી. પાપડ તૂટતોય નથી, પૂરીનું કોઈ પડ ભાંગતુંય નથી, ઊંદર ખાઈ ગયા હોય તો પણ ખબર પડે, કીડીઓ ખાઈ ગઈ હોય તો પણ કોરું દેખાય. આમાં તો કાંઈ ફેરફાર થતો નથી, શી રીતે ભગવાન આરોગતા હશે ? આ બુદ્ધિએ ઉપાધિ કરી એટલે જો ભક્તિને બુદ્ધિનો સાથ મળે તો બહુ સારું. તો જે બુદ્ધિ તમારામાં સંશયો પેદા કરતી હોય એ બુદ્ધિ તમારી શ્રદ્ધાને વધારે બળવાન બનાવશે. રાજનીતિનો નિયમ છે કે શત્રુને બને ત્યાં સુધી મિત્ર બનાવી દેવો. રાજનીતિનો નિયમ છે શત્રુ મિત્ર થાય એમાં બહુ ફાયદા. એક તો શત્રુ રહ્યો નહીં એટલે નુકસાન નહીં કરે અને બીજું મિત્ર થયો એટલે કંઈક સહાય કરશે. તો જે બુદ્ધિ ભક્તના માર્ગમાં બાધક થઈ રહી હતી, એ બુદ્ધિને આપણે જો ભક્તિની સહાયક બનાવી દઈએ તો બે કામ થાય. ભક્તિ વધારે બળવાન થાય. પણ એક મોટી ભૂલ થઈ ગઈ અને ભૂલ એ થઈ ગઈ કે પછી બધાને જઈને કહેવા માંડ્યું - 'મેં આજે આટલા પાઠ કર્યા, મેં આજે ઠાકોરજીને ચોખ્ખા ઘીનો શીરો ધરાવ્યો, મેં આજે આ કર્યું, મેં આજે તે કર્યું.' જે ભાવ પ્રભુ પ્રત્યેનો હૃદયમાં હતો એ બહાર આવ્યો અને એના કારણે ભક્તિ પછી મંદ થઈ ગઈ. આપણી ભક્તિ એ આપણો ભગવાન સાથેનો નિજસંબંધ છે. એની જગતમાં જાહેરાત શા માટે કરવી જોઈએ ? અરે માં ! એના બાળકને બોટલથી દૂધ પીવડાવતી હોય ને તો પણ ઢાંકી રાખે છે કે મારો બાળક ઝડપથી દૂધ પીતો હશે એ કોઈ જોશે તો નજર લાગશે, તો મા જ્યારે એના બાળકને પણ કંઈક પોષણ કરે છે તો એની જાહેરાત નથી કરતી તો આપણે જે પ્રભુની ભક્તિ કરીએ છીએ એની જગતમાં જાહેરાત શા માટે કરીએ ? ભક્તિ વૃદ્ધ થઈ ગઈ, દુર્બલ થઈ ગઈ એનું કારણ ભક્તિની પ્રસિદ્ધિ.

કોઈપણ ક્ષેત્રમાં આગળ વધોને એટલે બે વસ્તુનું જોખમ, સિદ્ધિ અને પ્રસિદ્ધિ. આગળ વધો એટલે સિદ્ધિ મળે જ, સિદ્ધિ આવે એટલે પ્રસિદ્ધિ આવે જ અને એ સિદ્ધિ અને પ્રસિદ્ધિમાં સાવધાન ન રહ્યા તો પછી પડવાનો વારો આવે. એટલે જય, વિજય, પડ્યા, સાવધાન ન રહ્યા, અહંકાર આવ્યો. પછી હું વૃંદાવનમાં આવી એટલે મારું યૌવન મને પાછું મળ્યું. **वृन्दावनं पुनःप्राप्य नवीनेव सुरुपिणी** એ તો એનું ઘર હતું અથવા એનું સાસરું હતું, સાસરે પાછી આવી. પણ જ્ઞાન-વૈરાગ્ય હજી વૃદ્ધ રહ્યાં. નારદ ! તમે જ્ઞાન-વૈરાગ્યને પાછાં યુવાન બનાવી દો એ ન શોભે કે બાળક વૃદ્ધ હોય અને માં યુવતી હોય-બાળકો વૃદ્ધ હોય એ કેમ ચાલે અને માંડ માંડ ઊભા થઈ શકે, માથાના બધા જ વાળ સફેદ થઈ ગયેલા હોય. **बकवत् पलितौ प्रायः शुष्क काष्ठसमांगकौ** બગલા જેવા સફેદ વાળ થઈ ગયા છે, માંડ માંડ આંખ ઉઘાડે છે, સ્હેજ જાગૃતિ આવે છે ને પાછાં ઢળી પડે છે.

આ કથા આપણી અંદરની આપણી પોતાની જ કથા છે. જ્ઞાન અને વૈરાગ્ય આપણી અંદર આ જ દુર્દશામાં પડેલા છે. આ કોઈ બહારની ઘટના હોય તો કાંઈ યાદ રાખવાની જરૂર નહોતી પણ આ તો આપણી અંદર થનારી, દરેકની પોતાની આ કથા છે. કોઈ સ્વજનના શરીરને જ્યારે ચિતામાં બળતું જોઈએ છીએ ત્યારે થોડોક વૈરાગ્ય જાગે છે. આપણે એને નામ શું આપ્યું ? સ્મશાન વૈરાગ્ય. સ્મશાનમાં બેઠેલો માણસ એ જ વિચારતો હોય કે દુનિયામાં શું સાથે લઈ જવાનું છે ? પણ એ થોડીક વાર માટે જ. પાછો જ્યારે ઘરે આવ્યો, જેને થોડી વાર પહેલાં જ આખો સંસાર વ્યર્થ લાગતો હતો, એને હવે પાછું બધું સાર્થક લાગવા માંડે છે. માણસને જ્યારે તાવ આવ્યો હોય ત્યારે એને ભોજનમાંથી રસ ઊડી જાય છે, આ તમને બધાને અનુભવ હશે. સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ

અન્ન પણ તમને બેસ્વાદ લાગશે. કંઈ ઈચ્છા થતી નથી, કંઈ ભાવતું નથી, કંઈ ગમતું નથી. આ સ્થિતિ કાયમ રહેવાની નથી, જ્યાં પાછી તંદુરસ્તી આવી ત્યાં Offer ચાલુ થઈ જાય. ઘણા દિવસથી આ નથી ખાધું, એમ આપણામાં થોડીક વિરક્તિ આવી જાય છે. શાસ્ત્રકારોએ ચાર અવસ્થા એવી રાખી જ છે કે જે આપણી અંદર રહેલા જ્ઞાન-વૈરાગ્ય થોડાક જાગે છે.

गर्भे व्याधौ स्मशाने च पुराणे या मतिर्भवेत् ।
यदि सा स्थिरतां याति को न मुच्येत् बन्धनात् ।।

માતાના ગર્ભમાં હતા ત્યારે, વ્યાધૌ - મહા રોગ લાગુ પડ્યો હોય ત્યારે, સ્મશાને ચ- સ્મશાનમાં હોઈએ ત્યારે અને ચોથું આપણે બેઠા છે ત્યાં કથામાં સત્ય આ ચાર વખત સમજાય છે, એમાં એક તો આરંભ અને અંત થયો. જીવનના આરંભમાં અને જીવનના અંતમાં અને જીવનની મધ્યમાં પણ સત્ય અવાર-નવાર આપણી વચ્ચે આવીને ઊભું રહે છે. આપણને સત્ય સમજાય છે પણ થોડીકવારમાં એ પાછું ઢંકાઈ જાય છે. જો એ મતિ સ્થિર થઈ જાય. જે સારા વિચારો ટકે, આપણા અનુભવી મહાપુરુષો તો એમ કહે છે કે જો આપણને સારો વિચાર આવે ને તો વાર ન લગાડવી. એ સૂત્રની પાછળની ભાવના આ છે કે કોઈપણ સારી વાત આવે તો તરત અમલમાં મૂકવી અને ખોટો વિચાર આવે તો એને ટાળવો. માનો કોઈને ઝઘડવાનું મન થયું તો, હમણાં તો ભાગવત ચાલે છે સાત દિવસ પછી ઝઘડીશું. સાત દિવસ પછી તમે નહીં ઝઘડી શકો. એ વાત પૂરી થઈ ગઈ. ખોટું કામ ટાળવું. કદાચ એને ટાળવાથી ટળી જવાય, બચી જવાય પણ, સારું કામ ટાળવું નહીં.

कल कर सो आज करे, आज करे सो अब; अवसर बीता जायेगा तो फिर करेगा कब ? એટલે સારા કામમાં વાયદા ન રાખવા. **शुभस्य शीघ्रम्**... સારું કામ વહેલામાં વહેલી તકે કરવું. આપણે તો ધ્રોળમાં ગાઈએ છીએ, ***'આજનો લ્હાવો લીજીયે રે, કાલ કોણે દીઠી છે'*** કેટલું સનાતન સત્ય એક નાનકડા ધ્રોળમાં કહેવાયું છે : કાલ કોણે દીઠી છે, તો એ વાત નિશ્ચિત છે કે ભક્તિ વૃંદાવનમાં આવ્યા પછી યુવાન બની, એનું યૌવન એને પુનઃપ્રાપ્ત થયું પણ જ્ઞાન-વૈરાગ્ય વૃદ્ધ રહ્યાં. નારદજીએ કહ્યું, મા ! એનું કારણ છે અહીં એમનો કોઈ ગ્રાહક નથી. અહીંયા કોઈ એમનો પોષક નથી. **पोषकाभावे तु शिथिलम्** તમારા ઉત્તમમાં ઉત્તમ ગુણોનું પણ જો પોષણ કરવામાં નહીં આવે તો એને બે જ Option છે, યા તો પોષણ યા તો શોષણ. તુલસીનો છોડ છે, પાણી નહીં રેડો તો શું થશે ? પોષણ નહીં કરો તો શોષણ થશે જ, સૂર્યના કિરણો ચૂસી લેશે એના રસને, છોડ સૂકાઈ જશે. એટલે જો આપણે આપણી અંદર રહેલા ઉત્તમ ગુણોને પણ ટકાવવા હોય, વિવેકને જાગૃત રાખવો હોય, ભક્તિને પુષ્ટ રાખવી હોય તો એનુંય પોષણ જરૂરી છે અને સત્સંગ એ બહુ જ મોટું પોષણ છે. જ્યાં સત્સંગ હોય ત્યાં બધું લીલુંછમ્મ થઈ જાય. ચોમાસા પછી ધરતી કેવી દેખાય છે એવું પણ પછી શું ? પણ એ સ્થિર નથી રહેતું.

બોલો કથામાં કોઈ વક્તા એમ કહે કે ક્રોધ ન કરવો જોઈએ ત્યારે લગભગ બધા માથું હલાવે છે. ક્રોધ ન કરવો જોઈએ. Rationally પણ વિચાર કરો. રામતીર્થ એમનું એ સંસ્મરણ કહેતા, બહુ સુંદર વાત કરે છે. જેને બહુ ગુસ્સો આવતો હોય એ બહુ ધ્યાનથી સાંભળજો, એમને ગુસ્સો બહુ આવતો પછી ગુસ્સો સાવ જતો રહ્યો, કોઈએ પૂછ્યું કે તમારા સ્વભાવમાં આટલું બધું પરિવર્તન કેમ આવી ગયું ? તો કહે, મારી માએ મને એક વાક્ય કહ્યું હતું. હું નાનો હતો ત્યારે મને બહુ

ગુસ્સો આવતો તો મારી મા મને એક વાક્ય કહેતી કે ક્રોધ એટલે બીજાએ કરેલા અપરાધની આપણે આપણને આપેલી સજા ! થોડો વિચાર કરજો, ક્રોધ અને હિંસા - એમાં આટલો જ ફેર. હિંસામાં બીજાના અપરાધમાં તમે તેને સજા આપો છો. પણ ક્રોધમાં તમે તમારી જાતને બીજાએ કરેલી ભૂલની સજા આપો છો. ક્રોધ એ પોતાને આપેલી સજા છે. નોકરે એક વસ્તુ તોડી નાંખી, તમને ક્રોધ આવ્યો અને પેલો તો જડભરતના વંશજ હોય તો તમે એને ગમે તેટલો ગુસ્સો કરો તો એને કાંઈ ન થાય પણ તમારું તો B.P. High થઈ જાય ને તમે તો લાલ પીળા થઈ જાઓ ને આંખો લાલ થઈ ગઈ, વાળ અધ્ધર થઈ ગયા. અવાજ સપ્તક આખું ભેદી ગયું, ગુસ્સે થઈ ગયા. આ ભૂલ એણે કરી ને સજા આપણે ભોગવવાની. ક્રોધ અગ્નિ છે કે નહીં ? અને ક્રોધ નામનો અગ્નિ એવો છે જે બીજાને પછી બાળે છે પણ જેનામાં જન્મ્યો હોય એને પહેલા બાળે છે. કારણ કે જ્યાં સુધી તમે ખુદ ન બળો ત્યાં સુધી તમે બીજાને કેવી રીતે બાળી શકો ? પહેલા તો દિવાસળી બળે છે અને પછી ગેસ ચાલુ થાય છે. પણ દિવાસળીએ તો બીજાને બાળતા પહેલાં પોતાને તો જ બળવું જ પડે. સૌંદર્ય પામતા પહેલા સુંદર બનવું જ પડે.

આ બધામાં એવું છે બીજાને સુખ આપવું હોય તો પહેલાં આપણામાં સુખ પેદા કરવું પડે. બીજાને શાંતિ આપવી હોય તો પહેલા આપણે શાંત થવું પડે, એમ બીજાને બાળવો હોય તો પહેલા આપણે બળવું પડે. હવે બધા જ સંમત થઈ ગયા કે ક્રોધ ન કરવો જોઈએ. હવે બહાર નીકળ્યા પછી જોજો ક્રોધ આવશે ત્યારે આ વાત જ યાદ નહીં આવે. કથામાં તો એવું આવે પણ ક્રોધ કર્યા વિના તો ચાલતું હશે, ક્રોધ ન કરીએ તો બધા સરખા ન રહે. જીવનના વિવેકના ઉદયની આ ક્ષણોમાં જો માનવી એને સ્થિર કરી શકે એ ઉત્તમ ક્ષણોને પકડી લેવી જોઈએ. ઉત્તમ વિચારોને પકડી લેવા જોઈએ. ફરીવાર હાથમાં ન પણ આવે. ઉત્તમ વિચારોને વાવી દેવા જોઈએ કારણ કે બીજ જ્યાં સુધી વવાતું નથી ત્યાં સુધી એમાંથી બીજું કાંઈ પણ થવાની સંભાવના રહેતી નથી. હા ! જો એનું વાવેતર થયું તો પછી એની બધી પ્રક્રિયા થાય પછી વાવેતર થયું તો એમાં અંકુર પણ લાગશે પછી એને છોડ થશે, પાંદડાં થશે, વૃક્ષ થશે. શાખા-પ્રશાખા વગેરે પછી એમાં ફૂલ લાગશે અને એટલું જ નહીં છેલ્લે એ વૃક્ષ ફલિત પણ થશે. પણ એ બધું જ ક્યારે થઈ શકે, જ્યારે એનું ભૂમિમાં વાવેતર થાય. એટલે વિચારોનું વાવેતર કરવું જોઈએ. એને ડાબલીમાં સંગ્રહી રાખવાના નહીં. દાણો રાખો તો સડી જાય, એને વાવો એમ સૌ સંકલ્પોને હંમેશા વાવવા જોઈએ, એને ઊગાડવા જોઈએ અને એનું પોષણ કરવું જોઈએ. એટલે સત્સંગ ન હોય ત્યાં ભક્તિનું પોષણ નથી થતું, સત્સંગ ન હોય ત્યાં જ્ઞાનનું પોષણ નથી થતું.

સત્સંગ ન હોય ત્યાં વૈરાગ્યનું પોષણ નથી થતું અને આજે સત્સંગ ઘટ્યો હોય તો આ બધું ઘટશે. નારદજીએ પહેલાં તો ભક્તિની ખૂબ પ્રશંસા કરી છે. તું ભગવાનને અતિપ્રિય છે, પ્રાણથી પણ અતિપ્રિય છે તું ભગવાનને. સતત પ્રણથી પણ વધારે પ્રિય છે મહિમા પણ બતાવ્યો ને કે

द्रौपदी च परित्राता येन कौरवकश्मलात् ।
पालिता गोपसुन्दर्यः स कृष्णः क्वापि नो गतः (२/२)

એ કૃષ્ણ ક્યાંય ગયા નથી. ભગવાન તો આજે પણ છે અને આજે પણ એની કરૂણા, એની કૃપા વરસતી જ રહે છે. ભગવાન ક્યારેય ભૂતકાળ ન હોય કારણ કે ભગવાન સત્, ચિત્ અને આનંદ છે અને સત્નો અર્થ એ છે કે જે કાલાતીત છે, સત્નો અર્થ છે જે સત્ય છે અને સત્યને કાળ સ્પર્શી ન શકે.

હું એક ઉદાહરણ આપીને સમજાવું. માટીમાંથી કુંભારે ઘડો બનાવ્યો, ઘડો બન્યો. તમે બજારમાંથી ખરીદી લાવ્યા, તમે એમાં પાણી ભર્યું. બે-ચાર મહીના એ ઘડો વાપર્યો, એક દિવસ હાથમાંથી પડી ગયો, ભાંગી ગયો, એના ટૂકડા થઈ ગયા, ટૂકડા તમે ક્યાંક નાખી આવ્યા, ફરી પાછી માટી થઈ ગઈ. હવે ઘડાને ભૂતકાળ હતો, ઘડાને વર્તમાનકાળ પણ હતો અને ભવિષ્યકાળ છે પણ ઘડાનું ઉપાદાન કારણ માટી તો ઘડો થયો તે પહેલાં પણ હતી જ. તમે જ્યારે ઘડો બનાવ્યો ત્યારે માટી તો હતી જ ઘડાનો કદાચ નાશ થયો માટીનું શું થયું ? ઉત્પતિ ઘડાની છે, સ્થિતિ પણ ઘડાની છે, અને નાશ પણ ઘડાનો છે. આ ત્રણેય વિકારો ઘડાને હોઈ શકે, માટીને ન હોઈ શકે અને એટલે ઉપનિષદ કહે છે કે માટી સત્ય છે, ઘડો નહીં. સત્યનો અર્થ એવો નહીં કે એનો અભાવ છે પણ એ વિકાર છે. માટી સત્ય છે અને ઘડો વિકાર છે. ઘડો, માટીએ ધારણ કરેલું એક રૂપ છે અને એ રૂપ કાયમ નહીં ટકે, ગમે ત્યારે ઘડો ભાંગશે. તમે ઘડાને બનાવી શકો છો, તમે ઘડાને સાચવી શકો છો, તમે ધારો તો ઘડાને ભાંગી નાંખી શકો છો પણ તમે માટીની સાથે કાંઈ કરી શકતા નથી. શું કરશો માટીને ? પાણીમાં નાંખશો તો માટી રહેશે, માટીને ફેંકી દેશો તો માટી તો રહેશે. મૃતિકા સત્ય છે એટલે સત્ય કોને કહેવાય જેની કોઈ ઉત્પત્તિ ન હોય અને જેનો કોઈ નાશ ન હોય તો ઉત્પત્તિ ન હોય. નાશ ન હોય અને એ સત્ય છે અને એટલા માટે જે તત્ત્વ પરમ સત્ય છે એનો આશ્રય કરવો. તો કૃષ્ણ ક્યાંય ગયા નથી. એ તો સચ્ચિદાનંદ છે. આજે પણ આપણી વચ્ચે કૃષ્ણ બિરાજે છે. આજે પણ વ્રજમાં જાઓ શ્રીકૃષ્ણ બિરાજે છે પરંતુ એના દર્શન જ્યાં સુધી નેત્રમાં દિદૃક્ષા ન હોય, તીવ્ર દિદૃક્ષા ન હોય ત્યાં સુધી થતાં નથી. યાદ રાખજો ભગવાનના દર્શન નથી થતાં તેનું કારણ ભગવાન અદૃશ્ય છે એવું નથી. ભગવાનના દર્શન થતાં નથી એનું કારણ આપણી દૃષ્ટિમાં દિદૃક્ષા નથી. દિદૃક્ષા એટલે દર્શન કરવાની તીવ્ર ઈચ્છા. કેટલી રાતના ઊજાગરા કર્યા તમે ? ભગવાનના દર્શનની કામનામાં ? રોતાં રોતાં ? ક્યાંથી દર્શન થાય ? એના દર્શન એને થાય છે જેની રડી રડીને સૂકાઈ ગઈ હોય અખિયાઁ, હરિદર્શન કી પ્યાસી... જ્યાં સુધી આંખમાં દર્શનની પ્યાસ નથી, ત્યાં સુધી દર્શન નહીં થાય. બાકી ભગવાન સામે જ, આપણાથી દૂર નથી, સામે જ છે.

જ્ઞાન-વૈરાગ્યને જગાવવા માટે નારદજીએ બહુ જ પ્રયત્ન કર્યા, 'હે જ્ઞાન ! જાગો, હે વૈરાગ્ય ! જાગો.' વેદ ગીતા આ બધાના પ્રયોગથી પણ સફળતા ન મળી. નારદજીને દુઃખ થયું: મારે શું કરવું જોઈએ ? આકાશવાણી થઈ. તમે એક સત્કર્મ કરો, એનાથી જ્ઞાન અને વૈરાગ્યમાં જાગૃતિ આવશે. પણ કયું સત્કર્મ કરવાથી જાગૃતિ આવશે એ આકાશવાણીએ ન કહ્યું. એમ કહ્યું કે તમને કોઈ મહાત્મા બતાવશે. નારદજી નીકળ્યા છે, પૂછતા પૂછતા કેટલાય લોકોને પૂછવા લાગ્યા પછી તો એ વાત આખા પ્રદેશમાં ફેલાઈ ગઈ કે નારદજી બધાને એવો પ્રશ્ન પૂછી રહ્યા છે કે જેનો ઉત્તર કોઈની પાસે નથી. પછી નારદજી જે રસ્તે જતાં હોય ને તો લોકો એ રસ્તો બદલી નાંખે. કેટલાક નારદજીને જુએ ને મૌન વ્રત લઈ લે. રખે આપણને પૂછશે અને જેમ જેમ આવું થવા લાગ્યું તેમ તેમ નારદજી વધારે ચિંતામાં ડૂબવા લાગ્યા અને નારદજીએ એક પ્રતિજ્ઞા કરી છે. **तदा नाहं हरेर्दासो लोके त्वां न प्रवर्तये** વૈષ્ણવોનો ધર્મ છે ભક્તિનો પ્રચાર કરે. જો આમ ન હોત ને તો આજે વલ્લભકુળ આપણી વચ્ચે બીરાજતું જ ન હોય. મહાપ્રભુજીની ઈચ્છા નથી ગૃહસ્થ આશ્રમમાં પ્રવેશ કરવાની. મહાપ્રભુજીએ તો બ્રહ્મચર્યઆશ્રમ જ જીવનપર્યંત સ્વીકાર્યો હતો પણ યાત્રા કરતા કરતા પંઢરપુર પધાર્યા. ભગવાન વિઠ્ઠલદાસજીના દર્શન કરતા હતા

અને વિઠ્ઠલે જ પ્રભુએ આજ્ઞા કરી કે, વલ્લભ તમે ગૃહસ્થ આશ્રમમાં પ્રવેશ કરો. એટલા માટે કે મારે તમારે ત્યાં અવતરવું છે અને ભગવાન જો પુત્ર થવાના હોય તો પછી ગૃહસ્થાશ્રમથી વધારે ઉત્તમ બીજું શું હોઈ શકે ? ભગવાન વિઠ્ઠલનાથજીએ શ્રી મહાપ્રભુજીને આજ્ઞા કરી કે મારે તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટ થવું છે. **जे वसुदेव किये पूरण तप, सो फल फलित श्री वल्लभदेह** વસુદેવજીને ત્યાં જે પુત્ર થઈને આવ્યા એ જ શ્રી મહાપ્રભુજીને ત્યાં પુત્ર થઈને આવ્યા. **जे वसुदेव किये पूरण तप, सो फल फलित श्री वल्लभदेह** અને પછી ભગવાન પધાર્યા એટલે બધુ સાથે સાથે આવે ને ! **जे गोपाल हुते गोकुलमें, सोई अब आय बसे निज गेह** ભગવાનની સાથે જે બધા સખાઓ હતાને તે પણ બધા અહીં આવ્યા. સો અબ......એ ગોપાલો બધા બસો બાવન (૨૫૨) વૈષ્ણવો થયા. વિઠ્ઠલનાથ પ્રભુ શ્રીમદ્ પ્રભુ ચરણ શ્રી ગુસાંઈજી થયા. એમના જે સખાઓ હતા શ્રીસુદામા, સ્તોકકૃષ્ણ આદિ એ (૨૫૨) બસો બાવન વૈષ્ણવો થયા. **जो वे गोपवधू या ब्रजमें, सोई अब वेदऋचा भई तेह** પહેલા એ શ્રુતિઓ હતી. કૃષ્ણ અવતારમાં ગોપીઓ બની, પાછી વિઠ્ઠલેશાઅવતારમાં પાછી એ વેદઋચા બની એટલે શ્રી ગુસાંઈજી પાસે જે વેદની ઋચાઓ છે એ વસ્તુતઃ ગોપિકાઓ છે. કર્દમઋષિની કથામાં વાત આવે છે. આ કર્દમઋષિએ કહ્યું ભગવાનને કે મારે પત્ની જોઈએ પણ મારે એવી પત્ની જોઈએ કે જે દેવને મારા આંગણામાં લઈ આવે. જે મારા ઘરમાં દેવના પગલાં કરાવે એવી પત્ની જોઈએ. **तथा स चाहं परिवोढुकामः समानशीलां गृहमेधधेनुम् (३/२१/१५)** અને કર્દમઋષિએ માંગ્યું હતું આ ગૃહસ્થાશ્રમ તો ભગવાન વિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરી કે મારે તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થવું છે. વસુદેવજીને ત્યાં જે પુત્ર થઈને આવ્યા એ જ શ્રી મહાપ્રભુજીને ત્યાં પુત્ર થઈને આવ્યા. અને ભગવાન પધારે એટલે બધું સાથે આવેને ભગવાનની સાથે જે સખાઓ હતાને એ બધા પણ અહીંયા આવ્યા. સો એ ગોપાલો બધા (૨૫૨) બસો બાવન વૈષ્ણવો થયા. વિઠ્ઠલનાથ પ્રભુ શ્રીમદ્ પ્રભુચરણ ગુંસાઈ થયા. એમના જે સખાઓ હતા, એ બસો બાવન વૈષ્ણવો થયા. પહેલાં એ શ્રુતિઓ હતી, કૃષ્ણાવતારમાં ગોપીઓ બની પાછી વિઠ્ઠલાવતારમાં પાછી એ વેદઋચા થઈ છે.

તો ગૃહસ્થાશ્રમ શ્રી મહાપ્રભુજીએ સ્વીકાર્યો એનું એક કારણ શ્રી ગુંસાંઈજીએ પોતે લખ્યું. **भुवि भक्ति प्रचारैककृते स्वान्वयकृत् (सर्वोत्तम स्तोत्र)** અને તેથી થયા પિતા. શ્રી મહાપ્રભુજીએ ગૃહસ્થશ્રમ સ્વીકાર્યો, એટલા માટે પરિવાર પ્રગટ કર્યો, એટલાં માટે કે **भुवि भक्ति प्रचारैककृते स्वान्वयकृत् (सर्वोत्तम स्तोत्र)** ભક્તિનો પ્રચાર થાય. પ્રચારનો અર્થ હતો. એક સ્થળે રહેલી એક સુંદર વસ્તુ બધે જે સુંદર વ્યાપે જેમ ધૂપસળી એક ખૂણામાં સળગતી હોય પણ એની સુવાસ આખા ઓરડામાં વ્યાપે, શા માટે ? શ્રી મહાપ્રભુજી અને બધા આચાર્યોએ પણ ચારે દિશામાં પરિભ્રમણ કર્યું છે શા માટે? કે પોતાની પાસે જે ઉત્તમ તત્ત્વ છે એ જગતને વધુને વધુ મળે. મહાપ્રભુજીએ ત્રણ વાર ભૂતળ પરિક્રમા કરી, શંકરાચાર્યજીએ ચાર દિશામાં ચાર આશ્રમો સ્થાપ્યા. મહાપ્રભુજીની ચૌર્યાસી બેઠકો, જ્યાં જ્યાં પધાર્યા આવા તીર્થોમાં ત્યાં ત્યાં ભાગવતજીના પારાયણ વગેરે કરીને ત્યાં એ સ્થાનને અલંકૃત કર્યા. તીર્થોને સનાથ કર્યા. પણ મૂળ હેતુ આ જ હતો ભક્તિપ્રચાર અને એ મહાપુરુષોની કરૂણા છે, ભગવદ્ તત્ત્વની કરૂણા છે. શ્રીકૃષ્ણ ક્યાં બેસી રહ્યા છે ? ગોકુળ, વૃંદાવન, મથુરા, દ્વારિકા અને દ્વારિકામાં પણ કેટલું રહ્યા છે. ત્યાં તો દોડાદોડી જ હોય. એક જરાક ઇન્ડસ્ટ્રી ચલાવતો હોય માણસ તો એને કેટલી દોડાદોડી તો ભગવાનની તો વાત ક્યાં કરવી ? પૂર્ણાવતાર **जहँ जहँ भीर परत**

भक्तन पर । तहँ तहँ होत सहाये .... જ્યાં જ્યાં ભક્તનો Call આવે ત્યાં ભગવાન દોડ્યા છે. એટલે કૃષ્ણ દાસનો ધર્મ છે. **घटते कृष्णदासस्य भक्तेः सस्थापना सदा (भा. २/१५)** ભક્તિની સ્થાપના કરવી, ભક્તિનો પ્રચાર કરવો, ભક્તિનું પોષણ કરવું એ ભગવદીયોનો ધર્મ છે. નારદજી મૂંઝાયા, હું શું કરું ? અને સામે સનકાદિ મુની મળ્યા. સનકાદિમુનીઓએ ત્રણ આજ્ઞા કરી. કોઈપણ મહાપુરુષ જોડે સમસ્યા લઈને જાઓને તમને એક ક્ષણમાં હળવાફૂલ બનાવી દે. ભારે ભારે ગયા હો અને એક ક્ષણમાં હળવાફૂલ થઈ જાવ. નારદજી ગંભીર વાત લઈને બેઠા કોઈ જવાબ આપતું નથી મને, આનું મારે કરવું શું ? નારદજીને કહ્યું. **मा चिन्तां कुरु देवर्षे हर्षं चित्ते समावह (भा. २/५३)** ચિંતા ન કરો, ઉપાય છે. તમે જ્યારે બધેથી જ હારી ગયા હો અને હતાશ બનીને આમ છેલ્લો દરવાજો ખખડાવો અને ડર એ પણ હોય કે કદાચ અહીંથી પણ મને મારા દુઃખનું નિવારણ નહીં મળે અને ત્યારે કોઈક ત્રણ વાત કહે પહેલી વાત ઉપાય છે ! અડધો ભાર ઊતરી ગયો ! બીજું વાક્ય કહ્યું, 'સહેલો ઉપાય છે' કારણ કે ઉપાય પાછો અઘરો હોય તો કોઈ ભાઈ બીમાર હોય ને હું એમ કહું કે આ બીમારીનો ઉપાય છે, તમે ગિરના જંગલમાં જાઓ સિંહણનું દૂધ લાવી, પી જાવ ! કાઢી લાવો મટી જશે. હવે એ ઉપાય શું કરવાનો જે ઉપાય આપણાથી થાય એવો ન હોય ? એ ઉપાય ઉપાય નથી. તમારું ગમે તે દુઃખ હોય, આ તો પ્રસંગ નારદજીનો છે. તમારી Personally વાત કરું છું કે તમારા જીવનમાં ગમે તે દુઃખ હોય, ચિંતા હોય, સમસ્યા હોય, કોઈ ઉલઝન હોય તો એની સામે આ મહાપુરુષોના ત્રણ વચનો યાદ રાખજો. **જગતમાં દરેક દુઃખનો ઉપાય છે, બીજી વાત ઉપાય સહેલો છે અને ત્રીજી વાત એ ઉપાય તમારે Create નથી કરવાનો.** તમારે દુઃખ આવે એ પહેલા એ દુઃખનો **उपायः सुखसाध्योऽत्र वर्तते पूर्व एव हि (भा. २/५३)** પહેલેથી જ, તમને રોગ લાગે એ પહેલા ઔષધિ તૈયાર છે પછી શી ચિંતા ? પછી ચિંતા શા માટે કરવી ? એટલે જ મહાપુરુષોના વચનોને અમૃત કહ્યા છે. એમાં પહેલી વાત જ આ હોય ચિંતા ન કરો. કાહેકો ચિંતા કરતે હો ? કૃષ્ણનું પહેલું વચન **अशोच्या...** શોક ન કરવા જેવી વસ્તુનો શોક કરે છે. આમાં શું ડરવા જેવું છે ? આમાં શું દુઃખી થવા જેવું છે ? **बहुधा तव वाक्येन दुःखशान्तिर्भिविष्यति (भा. १/४३)** એટલે મહાપુરુષોના સંગમાં રહેવું. એમના વચનો સંજીવની છે, એમના વચનો અમૃત છે, એમના વચનો રસાયણ છે. **सूताख्याहि कथासारं मम कर्णरसायनम् (भा. १/४)** મહાપુરુષોના વચનો રસાયણ છે અને એટલા માટે એનું સેવન કરવું જોઈએ. દવા ન ગમે, રસાયણ તો ગમે જ. તમને કોઈ Syrup પીવાનું કહે તો ન ગમે પણ કેસરીજીવન કથા એ કડવી દવા નથી, કથા એ રસાયણ છે, મીઠું લાગે ખરું અને રોગ મટાડે પણ ખરું અને માગી માગીને ખાવાનું મન થાય. એક ચમચીથી સંતોષ ન થાય. દવામાં કોઈ એમ કહે કે ના હજુ સંતોષ નથી થયો, બીજો Dose ડોઝ આવવા દો અને તે પણ કડવી હોય તો ?

કથા ઔષધિ તો છે પણ કથા રસાયણ છે. એટલે કથા છે રસાયણ અને શ્રોતા કેવો હોવો જોઈએ ? **रसिका भुविभावुका** શ્રોતા રસિક, કથા રસાયણ અને ભગવાન રસ. રસ, રસાયણ અને રસિક આ ત્રણેનો સંબંધ હોય તો રસ નિષ્પત્તિ થયા વગર વાર ન લાગે. રસ નિષ્પત્તિ થતાં વાર ન લાગે. રસનિષ્પત્તિ થવાનો સંદેહ જ ન રહે. કથામાં આનંદ આવવો જ જોઈએ, ન આવે તો ગરબડ છે ક્યાંક. ભગવાન આનંદરૂપ, ભગવાનની કથા અમૃતરૂપ **तव कथामृतं तप्तजीवनम् (भा. १०/३१/९)** કથા અમૃત છે. ભગવાન આનંદ છે, કથા અમૃત છે અને એ આનંદરૂપ

પ્રભુની અમૃતરૂપા કથાનું જો આપણે પાન કરતા હોઈએ અને આપણને આનંદાનુભૂતિ ન થાય તો કંઈક આપણામાં ગરબડ છે. બધાને સ્વાદ હોય અને આપણને ફીકું લાગતું હોય તો ચોક્કસ આપણી જીભ આવી ગઈ હશે, મોં આવી ગયું હશે, તો આપણામાં બિમારી હશે. મહાપ્રભુજીને અમૃત લાગે, શંકરાચાર્યજીને અમૃત લાગે, વેદવ્યાસજીને અમૃત લાગે, વાલ્મિકીને અમૃત લાગે, રામકૃષ્ણ પરમહંસને અમૃત લાગે, વિવેકાનંદને લાગે, તુલસીદાસને, સુરદાસને, હજારો કરોડો મહાપુરુષોને ભગવાનની કથા અમૃતરુપ લાગે છે. **कविभिरीडितम् कल्मषापहम् (ભા. ૧૦/૩૧/૯)** કૃષ્ણ ભગવાન છે અને કૃષ્ણ કથા ભગવતી છે અને ભગવાનમાં જે છ ધર્મ છે, ભગવાનની કથામાં છ ધર્મ છે, ગણો ! **તપ્તજીવનમ્,** આ પહેલો ધર્મ, **કવિભિરીડિતમ્,** બીજો ધર્મ છે, **કલ્મષાપહમ્,** આ ત્રીજો ધર્મ છે. **શ્રવણમંગલમ્** આ ચોથો ધર્મ છે. **શ્રીમદ્,** પાંચમો ધર્મ છે અને **આતતમ્,** છઠ્ઠો ધર્મ, **તપ્તજીવનમ્ (ઐશ્વર્ય) કવિભિરીડિતમ્ (વીર્ય) કલ્મષાપહમ્ (યશ) શ્રવણમંગલમ્ (શ્રી) શ્રીમદ્ (જ્ઞાન) આતતમ્ (વૈરાગ્ય) અને અમૃતમ્ (ધર્મ). માટે કૃષ્ણ કથા ભગવતી છે.** એક એક ધર્મ આ રીતે આવશે. જેવા છ ધર્મો ભગવાનમાં છે એવા જ છ ધર્મો ભગવત કથામાં છે, એટલે કૃષ્ણ ભગવાન છે તો કથા ભગવતી છે અને ગોપીઓએ તો થોડોક મહિમા વધાર્યો. પ્રભુ ભગવાન જતા હોય તો અમે એને રોકી ન શકીએ પણ કથા તો જાય જ નહીં. ભગવાન અમારા હાથમાં નથી, એને મન થાય તો ભાગી જાય. ભગવાન અમારા હાથમાં નથી પણ ભગવાન તમારી કથા, તમારું નામ અમારા હાથમાં છે અને એટલા માટે તમે ન બિરાજતા હો ત્યારે પણ અથવા તમે વિદેશ પધાર્યા હોય ત્યારે પણ, અનવતાર દશા હો ત્યારે પણ તમારી કથા જ અમને જીવાડે છે માટે કથાને અમૃત કહી. **न मृतम्, इति अमृतम् મરવા ન દે એનું નામ જ અમૃત.** તમારી કથા છે માટે અમે મરતા નથી. ભગવાને એક દલીલ કરી કે મારા વિયોગમાં દશરથરાજાનું મરણ થયું તો ખરો પ્રેમ એમનો કહેવાય, તમે તો બધા હજી જીવો છો. ગોપીઓ કહે, 'શું કરીએ ? મરવું હોય તો પણ મરી શકાય એમ નથી કારણ કે અમે અમૃત પીધુ છે, અમૃત તો જઈને એનું કામ કરે જને !' કપટથી કોઈ પીવે તો કામ કરે ? અસર કરે, તો પ્રેમથી પીવે તો કામ કેમ ન કરે ? અમૃત પીધા પછી જો મરણ થાય તો અમૃતને લાંછન લાગે, મહારાજ ! અને અમે તો તમારી કથાનું અમૃત તમે પ્રગટ થયા ત્યારથી પી રહ્યા છીએ. ભગવાન હતા ત્યારે ભગવાનની કથા તો હતી જ. રોજ ગોપિકાઓ ભગવાનના ગુણોનું ગાન કરે છે. **कृष्णलीलाः प्रगायन्त्यो निन्युर्दुःखेन वासरान् । (ભા. ૧૦/૩૫/૧)** નિત્ય પ્રભુના ગુણોનું ગાન થાય છે.

गृहे गृहे गोपवधूकदम्बा सर्वेमिलित्वा समवाप्य योगम् ।
पुण्यानि नामानि पठन्ति नित्यं गोविन्द दामोदर माधवेति ।।

તમને ખબર છે વ્રજમાં ભગવાનની કથા રોજ બે ટાઈમ થાય છે ? સાંજે પણ થાય અને સવારે પણ થાય. સાંજે કથા કરે ગોવાળો. આખો દિવસ જે કર્યું હોય - લાલાએ આજે આને માર્યો, આને પછાડ્યો. આજે આ વનમાં ગયા હતા, આજે આમ કર્યું. આ બધી કથા રોજ સાંજે ગોવાળ એના માબાપને કરે. આજ હમારે લાલે ને યે કિયા, આજ હમારે લાલેને યે લીલા કી, આજ ઐસી ઉસને બંસી બજાઈ, આજ ઐસી ગૈયા ચૂરાઈ. રોજ સાંજે કૃષ્ણકથા થાય. ગોપો દ્વારા અને સવારે કથા થાય ગોપિકાઓ દ્વારા. કારણ કે રાત્રે પ્રભુ રાસમાં હતાં અને એક મઝાની વાત તમને કહું કે જેને ભગવાનની કથા કરતા સારી આવડે એને ભગવાને એવી સિદ્ધિ આપેલી કે દિવસે ગોપ થઈ જાય અને રાત્રે ગોપી

થઈ જાય ! આ વધારે સમજવું હોય તો વેણુ ગીત સુધી રાહ જુવો પછી સમજાવીશ. ભક્તોને અદ્‌ભુત સિદ્ધિ મળેલી છે એ બધું વેણુગીતમાં સમજીશું. કથા અમૃતરૂપા છે, કથા રસાયણ છે, કથા ઔષધિ છે, કથા ભગવતી છે. **આ ધ્યાન રાખો તો ત્રણ વાત કહી કે ઉપાય છે, ઉપાય સરલ છે, પૂર્વથી પ્રાપ્ત થયેલો છે.** જીવનની કોઈ પણ સમસ્યામાં નિરાશ ન થવું.

અમદાવાદમાં મારી એક જગ્યાએ કથા હતી, એ લોકો તાળા બનાવે. Lock બનાવનારી કંપની હતી. પછી મેં એમને પૂછયું કે, "તમે એની જોડે ચાવી બનાવો નહીં ?" "તમે પણ ખરા છોને ! તાળાની સાથે જ અમે ચાવી વેચીએ છીએ, પાછી એક નહીં બે, ઘણીવાર તો ત્રણ." હવે તાળા બનાવનારને પણ એટલી અક્કલ છે કે જો તાળુ બનાવીએ તો ચાવી હોવી જ જોઈએ. તો આપણને સમસ્યા આપનારને એટલી બુદ્ધિ નહીં હોય કે સમસ્યાની જોડે સમાધાન હોવું જોઈએ ? Problemની સામે Solution હોવા જ જોઈએ, રોગની સામે ઔષધિ હોવી જ જોઈએ. કેવળ દુઃખ જો પ્રભુ આપે તો એ ક્રૂર છે, કેવળ ઉપાય વગરની સમસ્યાઓ આપતો જાય તો કઠોર છે, નિર્દય છે, ઘાતકી છે. પણ એવું નથી, એ દુઃખ આપે છે, તો એ એની સામે સુખ આપે છે, વિયોગ આપે છે તો એની સામે સંયોગ આપે છે, પડતી આપે છે તો પછી એની સામે ચઢતી પણ આપે છે. પશુપક્ષી રડતા નથી તો પશુપક્ષી આપણી જેમ હસતા પણ નથી ! જે હસતો ન હોય, જે રડતો ન હોય તો એને શું કહેવું એ તમે નક્કી કરો. જો મનુષ્ય હાસ્ય અને રૂદન આ બેનો ઉપયોગ કરી જ ન શકતો હોય તો પછી એ સાક્ષાત પશુ એને એવું સમજવું. બાકી, ભગવાને મનુષ્યજાતિને બે મોટામાં મોટા વરદાન આપ્યા છે - હાસ્ય અને રૂદન. કોઈ પ્રાણીને નથી આપ્યા, મનુષ્યને આપ્યા છે તો ભગવાને આપણને જો વિશેષ આપ્યું હોય એનો ઉપયોગ કરવો જોઈએ. રડવાનું મન થાય તો રડી લેવું અને હસવાનું મન થાય તો એકલા ઓરડામાં જઈને પણ કોઈ ન જોતું હોય એમ પણ દર્પણની સામે ઊભા રહીને હસી લેવું. ભગવાને આપેલી આ Special Gift છે જે કેવળ મનુષ્યને આપી છે. **बडे भाग मनुष्य तनु पावा** આ સૌને મળેલી ભેટ નથી અને એટલા માટે આપણે એનો ઉપયોગ કરવો જોઈએ. અરે ! ભગવાન પણ કેટલું રોયો છે વાતે વાતે. રોયો છે નાનો હતો ત્યારે, માર ખાધો છે, દોરડાથી બંધાયો છે, ભાઈએ ખીજવ્યો ત્યારે રોયો છે, **मैया, मोहि दाऊ वहुत खिजायो** કૃષ્ણ છુટથી રડ્યા છે. રામ એટલું બધું નથી રડ્યા, એ જરા મર્યાદા પુરુષોત્તમ છે ને એમને હસવામાં પણ મર્યાદા, રોવામાં મર્યાદા. કૃષ્ણને તો મર્યાદા જ નહીં ને કે રડવાનું મન થાય ત્યારે રડી લે, હસવાનું મન થાય ત્યારે હસી લે. **हसितं मधुरम्** કૃષ્ણ બહુ મીઠા છે. બહુ મધુરા છે. તો હું એ કહેતો હતો કે દરેક સમસ્યાનું સમાધાન હોય જ છે. કદાચ એવું બને કે તમે ભૂલી ગયા હો, બહુ મોટો ઝૂડો હોયને તો યાદ ન રહે કે આ તાળાની કઈ ચાવી, તો જરાક વાર લાગશે. એક લગાડો, ન ખુલે. બીજી લગાડો, ન ખુલે. જરાક મુશ્કેલ પડશે, મુશ્કેલ પડે પણ ક્યારેય એવું ન વિચારશો કે જીવનમાં કોઈપણ સમસ્યાનું સમાધાન હોતું નથી. સમાધાન છે પણ ક્યારક મન ડગી જાય તો આ નારદજીને સનકાદિમુનીઓના વચન યાદ રાખજો. મા ક્યોં ચિંતા કરતે હો ? **हर्ष चित्ते समावह** હસો, ખુશ હો જાઓ, રાજી હો જાઓ ક્યોંકિ આપ કી સભી સમસ્યાઓં કા સમાધાન હૈ ઔર વો સમાધાન ભી બડા સરલ હૈં, બહુ સહેલું છે. કોઈ પ્રક્રિયાની જરૂર નથી.

તમે ગયા ઠાકોરજી પાસે અને કહ્યું કે ભગવાન આ મન બહુ દુઃખ

આપે છે. ભગવાન કહે કે આપી દે મને ! લાવ. મારા હાથમાં આપી દે. પતી ગઈ વાત. બાળક બહુ રોતું હતું, માએ કહ્યું લાવો મારા હાથમાં મૂકો, શાંત થઈ જશે. જેવું માના હાથમાં મૂક્યું, શાંત થઈ ગયું. એમાં કોઈ લાંબી પ્રક્રિયા જ કરવાની જરૂરી નથી. એ બધી લાંબી પ્રક્રિયાઓ યોગમાં હોય. **आसन, प्राणायाम, प्रत्याहार, ध्यान....** આ બધી પ્રક્રિયામાં વૈષ્ણવોએ પડવું જ નહીં. આપણે તો મન આખું ઊઠાવીને ભગવાનને સોંપી દેવું, લે. તમને ખ્યાલ છે ને શ્રીનાથજી બાવાએ એમની જમણી ભુજામાં ભક્તનું મન, એટલે તો જમણી ભુજાની મુઠ્ઠી વાળેલી છે. ડાબી ભુજા ભક્તને બોલાવવા માટે છે. મુખ્યભાવ ગોવર્ધન ધારણ કરવાનો નથી, મુખ્યભાવ ભક્તને બોલાવવા માટે છે. **उत्क्षिप्तहस्त पुरुषः भक्तमाकारयत्युत** । ડાબી ભુજા અધ્ધર કરી શ્રીનાથજી પોતાના ભક્તને નિકુંજના દ્વારે ઊભા રહેલા શ્રીગોવર્ધન નાથ પ્રભુ નિકુંજનાયક પ્રભુ દૂરદૂર ગયેલા પોતાના ભક્તોને પોતાની પાસે બોલાવે છે. કૃષ્ણની ભુજા કર્ષિણી છે, ખેંચી લાવે છે અને જેવો ભક્ત ભગવાનની પાસે આવ્યો જમણી ભુજામાં ભગવાને એનું મન પકડી લીધું છે અને મુઠ્ઠીમાં એટલે પછી છુટે જ નહીં અને પાછું માંગ્યું તો અંગુઠો બતાવ્યો અને જમણી ભુજાનો અંગૂઠો દેખાડે છે.

કોઈ અઘરૂં છે જ નહીં. સુખી થવું, જરાય અઘરું નથી, આપણે અઘરું બનાવી દઈએ છીએ. આપણે ગુંચવાડા અને જટીલતા ઊભી કરવી ગમે છે, માણસને સીધું સાદું ગમતું નથી ને બાકી બહુ સીધું છે. શરીર કષ્ટ આપે છે, ઠાકોરજીને સોંપી દો. આમેય આપણું ક્યાં હતું ? બ્રહ્મસંબંધ છે શું ? દેહથી માંડીને આત્મા સુધી દેહથી માંડીને જીવ સુધી બધું જ પ્રભુને સમર્પિત કરી દેવું. અમારી પાસે બહુ ઉપાધિ કરે છે, હવે તું સંભાળ. જેમ તોફાની બાળક માતા ખોળામાં મૂકી દેવામાં આવે અને માએને લાકડી બતાવીને નહીં, વાત્સલ્ય કરીને એને શાંત કરી દે એમ આપણો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્મા ગમે તેવા ઉપદ્રવ કરતા હોય, એને ભગવદ્ ચરણોમાં સમર્પિત કરી દેવાથી બે ફળ મળે છે. પહેલું ફળ નિર્દોષ બને છે **सर्वेषां देहजीवयोः सर्वदोष निवृत्तिः (सिद्धांत रहस्य)** નિર્દોષ બને છે પણ એટલું જ નહી, એ સઘળા દુઃખમાંથી પણ મુક્ત થાય છે. ઠાકોરજીને સમર્પણ કરો એટલે દોષ પણ જાય અને દુઃખ પણ જાય. એટલે સમર્પણ તો સહેલામાં સહેલી પ્રક્રિયા છે. એમાં આસનસિદ્ધિ ને શ્વાસને રોકવો ને આ બધી ક્યાં ભાંજગડ છે, લે અમને બહુ હેરાન કરે છે, તું સાચવ. પતી ગઈ વાત. **इस जीवनका अब सोंप दिया, सब भार तुम्हारे हाथो में** કેટલી સુંદર વાત કરી છે.

मुझमें तुझमें है फर्क यही, मैं नर हूँ, तूँ नारायण है ।
मैं हूँ संसार के हाथों में और संसार तुम्हारे हाथों में ।।

એને સોંપી દો બધું અને આજે નહીં તો કાલે જ્યારે આંખ મીંચાશે ત્યારે તો છૂટકો જ નથી સોંપ્યા વિના. દેહને લઈ જવાના કોણ લઈ ગયું છે કે ત્રિશંકુ માટે ટ્રાય કર્યો હતો એક જ એવો હતો કે એને માટે પ્રયત્ન કર્યો કે એને દેહથી ઉપર મોકલવા તે ઉપરવાળાએ ના પાડી અહીંથી બેસી ગયો ને ત્યાં Immigration વાળાએ ના પાડી, તે વચ્ચે આકાશમાં રહી ગયો. એક યુધિષ્ઠિર પહોંચ્યા સદેહ, ત્રિશંકુ તો રહી ગયો. દેહ સાથે નહીં આવે, ઈન્દ્રિયો સાથે નહીં આવે, પ્રાણ નહીં આવે, અંતઃકરણ પણ નહીં આવે સાથે. ક્યાં કશું આવવાનું છે તો જે વસ્તુ આપણી નથી ને આપણી સાથે આવવાની નથી એ વસ્તુ માટે આપણે આટલા બધા દુઃખી થવાનું ? આ તો એના જેવી વાત થઈ કે છાપાં વાંચીએ કે ઈરાન અને અરબસ્તાનમાં

પાણીની તંગી છે ને આપણે આપણા ઘરમાં પાણી પીવાનું છોડી દઈએ ! સમસ્યા કોકની ને આપણે દુઃખી થવાનું ? છોડી જ દો વાતને એટલે ભગવાનનો ભક્ત નિશ્ચિંત હોય.

જેણે તમને સંકટ આપ્યું છે એની પાસે સમાધાન છે. તમે ભાગવત કથા કરો - જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ત્રણેયનું પોષણ થશે. નારદજીએ તરત વાત ન માની. બુદ્ધિશાળી માણસો કોઈ વાત તરત ન માને. એણે દલીલ કરી કે વેદ-ઉપનિષદના ગીતાના સારમાંથી તો ભાગવત થયું અને જો વેદ અને ગીતા કામમાં ન આવે તો ભાગવત કેવી રીતે સફળ થશે ? વેદ બધી જ રીતે, વૃક્ષરૂપ છે અને વેદના જે બંને કાંડ છે; પૂર્વકાંડ યજ્ઞરૂપે, ઉત્તરકાંડ જ્ઞાન રૂપે. ત્યાં સાધન છે પણ ફળ નથી અને એ વૃક્ષ જ્યાં સુધી ફલિત ન થાય ત્યાં સુધી એનો વિકાસ ન થાય. વૃક્ષની છેલ્લી અવસ્થા છે ફળ, એમ વેદની પૂર્ણતા ભાગવત છે. કારણ કે ભાગવત ફળ છે **निगमकल्पतरोर्गलितं फलम् (१/१/३)** એટલે જ્યાં સુધી શ્રીમદ્ ભાગવતજી પ્રગટ થયા ન હતા ત્યાં સુધી ફળનો આર્વિભાવ નથી થયો હજી અને જેમ ઋતુ આવે ને ફળ લાગે એમ આ વેદની પણ એક ઋતુ આવી. શ્રીમદ્ ભાગવત રૂપી આ ફળ પ્રાપ્ત થયું. એટલે એને ફળીભૂત કરવામાં આવ્યું છે નારદજીએ શંકા ઊઠાવી સનકાદિ મુનિઓએ બે ઉદાહરણ આપીને એ શંકાનું સમાધાન કર્યું. પહેલું સમાધાન કે રસની પ્રાપ્તિ વૃક્ષમાં ન થાય, ફળ સુધી પ્રતિક્ષા કરવી પડે. એટલે જે કાર્ય વેદથી ન થયું કે કાર્ય ભાગવતથી થશે. જો આપણે કેરીનો રસ પીવો હોય તો કેરી લાગે એની રાહ તો જોવી પડે છેને ? હવે બધા જાણે છે કે કેરીમાં જ રસ આવે છે, એ આવે છે તો આંબામાંથી, આકાશમાંથી નથી આવતો, કેરીમાં રસ આવે છે. આંબામાંથી પણ આંબો ચાવીએતો ? એ સુખ મળે જે પાકી ગયેલી કેરીમાંથી મળે ? એ રસની પ્રાપ્તિ વૃક્ષમાં નથી રસની પ્રાપ્તિ ફળમાં છે અને એટલા માટે જે કાર્ય વેદથી ન થયું એ કાર્ય ભલે ભાગવત વેદમાંથી પ્રગટ થયું તો પણ થશે.

બીજું એક સરસ ઉદાહરણ આપ્યું, દૂધમાં, બધા જાણે છે કે ઘી રહેલું છે પણ દૂધનો અને ઘીનો સ્વભાવ એકસરખો નથી. ઘી દૂધમાંથી જ આવે છે, કશું જ તમારે Add કરવાનું હોતું નથી. દૂધ જ ઘી બને છે પણ જે કામ ઘી કરી શકે એ કામ દૂધ નહીં કરી શકે. દીવો બૂઝાતો હોય ને દૂધ રેડો તો ? તમે પુરી તળતા હો અને ઘી ખલાસ થઈ ગયું તો દૂધ રેડો, નહીં ચાલે. હવે તમે એને ગમે તેટલું સમજાવો કે આ દૂધમાંથી જ ઘી બને છે, પછી તને દૂધનો શો વાંધો છે ? તો કે ના, એ ન ચાલે. એટલે શ્રીમદ્ ભાગવત ફળ છે અને ફલિત ભાગવતથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના ત્રણેયના દુઃખો દૂર થશે. નારદજી સંમત થયા. ગંગાજીના આનંદ નામના તટ ઉપર કથાનો આરંભ થયો. અનેક ઋષિમુનિઓ એકત્રિત થઈને દોડી આવ્યા. કથાનો આરંભ થયો. હજી કથા તો શરૂ થઈ છે એટલામાં તો જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ત્રણેય નૃત્ય કરતા કરતા આવી પહોંચ્યા. "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે..." ભગવાનનું નામ સ્મરણ વારંવાર કરવું.

એના બે-ત્રણ ફાયદા. પહેલો ફાયદો તમને જરા Movement મળે. પછી ધૂન બોલીએ ત્યારે તાળી પાડવી જોઈએ. તાળી પાડવાથી કાગડા ઊડી જાય. તમે જો ઝાડ નીચે બેઠા હો અને ઉપર કાગડા બેઠો હોય ને તમે વેળાસર ન ઊડાડો તો મુશ્કેલી કરે, માથું બગાડે. એમ મનની ડાળ ઉપર સંશય નામના કાગડા બેઠા છે અને એ સંશય નામના કાગડાને જો વેળાસર ઉડાડીએ નહીં તો એ માથું બગાડે. શંકા-કુશંકાથી

માથું બગાડે છે. એટલે એને તાળી પાડીને વહેલા ઊડાડી દેવા જોઈએ. કથામાં ભગવાનનું નામ લેતા લેતા તાળી પાડે, એના સંશય રૂપી કાગડા ઊડી જાય.

रामकथा सुंदर कर तारी ।
संसय बिहग उडावनिहारी (रा. मानस)

બીજો એક ફાયદો કે કદાચ વિધાતાએ આડીઅવળી આપણે હેરાન કરે એવી રેખાઓ હાથમાં નાખી હોય તો આપણે તાળી પાડીએ ને તો ભૂંસાઈ જાય. ભાગ્ય બદલાય નહીં એવું કોણે કહ્યું ? પણ બે વસ્તુથી - કાં તો પ્રચંડ પુરુષાર્થથી, કાં તો પ્રભુના અપાર અનુગ્રહથી ભાગ્ય પણ બદલાઈ શકે છે. ભાગ્ય ન બદલાતું હોત તો જન્મ્યા ત્યારથી બધા જ ગરીબ રહ્યા હોત, કોઈ ધનિક ન થયા હોત. ભાગ્યએ જન્મ આપ્યો ગરીબ પરિવારમાં અને માણસ પહોંચી ગયો ટોચ ઉપર. ભાગ્યની સામે કાં તો પુરુષાર્થ અને કાં તો પ્રભુકૃપા. એમાંય પુરુષાર્થ કરતાં પ્રભુકૃપા વધારે ઉત્તમ કારણ કે પુરુષાર્થ ક્યારેક વ્યર્થ જઈ શકે છે જ્યારે પ્રભુકૃપા ક્યારેય વ્યર્થ જતી નથી. કથામાં ધૂન બોલવાનું ત્રીજું કારણ કે તમે કરો છો અત્યારે શ્રવણ ભક્તિ. નવધા ભક્તિમાં પહેલી છે શ્રવણ ભક્તિ, પણ શ્રવણ ભક્તિ સાથે જોડાયેલી છે કીર્તન ભક્તિ. **श्रवणं कीर्तनं स्मरणम्** આ ત્રણ એકબીજા સાથે જોડાયેલા છે. **पादसेवनं अर्चनं वन्दनम्** એ પણ એકબીજાની સાથે જોડાયેલા છે. **दास्यं सख्यं आत्मनिवेदनम्** એ ત્રણ પણ એકબીજાની સાથે જોડાયેલા છે એટલે નવ ભક્તિમાં પણ ત્રણ ત્રણના ગ્રુપ છે. એમાં જે પહેલું ગ્રુપ છે એ સત્સંગનું ગ્રુપ છે, બીજું ગ્રુપ છે એ સેવાનું ગ્રુપ છે અને ત્રીજું છે એ ભાવનાનું છે. સત્સંગમાં ત્રણ વસ્તુ શ્રવણ, કીર્તન અને સ્મરણ. તમે જ્યારે સાંભળો છો તો શ્રવણમ્, તમે જ્યારે બોલો છો તો કીર્તનમ્, અને આ નવમાં ભાગવતનાં આધારે કહું તો સૌથી વધારે મહત્ત્વનું છે આ

यत्फलं नास्ति तपसा न योगेन समाधिना ।
तत्फलं लभते सम्यक् कलौ केशवकीर्तनात् (भा. १/६८)

કૃષ્ણનામનું સંકીર્તન અથવા કૃષ્ણલીલાનું ગાન, નામ કે લીલા એનો વાંધો નથી. પણ કળીયુગમાં સૌથી વધારે મહિમા કૃષ્ણ કીર્તનનો છે અને એટલા માટે તમે પણ પ્રભુનું રોજ બે-પાંચ મિનિટ પ્રભુનું સંકીર્તન કરશો તો એ ખૂબ સહાયક બનશે. એક કારણ તો તમે જાણો જ છો કે કથામાં તાળી પાડીને નામ લઈએ તો જે આવું આવું કરતી હોય એ (નિદ્રા) ન આવે.

भाग्योदयेन बहुजन समर्जितेन, सत्संगमं च पुरुषो लभते यदा वै ।
अज्ञान हेतु कृत मोहमदान्धकार, नाशं विधाय हि तदोदयते विवेकः
(भा. २/७६)

મહાત્મા નારદ કહે છે કે અનેક જન્મનાં પુણ્ય જ્યારે ફળ આપવા માટે તૈયાર થયા હોય, આપણું ભાગ્ય પણ ઉદય પામ્યું હોય તો જ આપણને સત્સંગ મળે છે. સત્સંગ દુર્લભ છે, કદાચ તમને એવું લાગતું હોય કે તમને વગર પ્રયત્ને અથવા બહુ સરળતાથી મળી ગયો, તો એવું નથી. મનુષ્યનો એક એવો અટપટો સ્વભાવ છે. કે જે વસ્તુ એને બહુ જ સહેલાઈથી મળી જાય ને પછી એમાં એને રસ ન રહે અથવા એમાં એને સુખ ન લાગે, એટલે ભગવાન આપણને સહેલાઈથી મળતા નથી. ભગવાન કહે કે હું જો Easily મળી જઉં તો મારી કિંમત નહીં રહે. જે વસ્તુને પ્રાપ્ત કરવા માટે મનુષ્યને બહુ જ સંઘર્ષ કરવો પડે, બહુ

ઝઝૂમવું પડે ત્યારે એને એમ થાય કે હા ! હવે મેં કંઈક ઉત્તમ વસ્તુ પ્રાપ્ત કરી. ઉત્તમતા દુર્લભતામાં હોય એવું જરૂરી નથી એટલે કે દુર્લભ વસ્તુ જ ઉત્તમ હોય એવું જરૂરી નથી પણ છતાં મનુષ્યનો સ્વભાવ છે. બાકી આપણને સત્સંગ મળ્યો છે એ એક દુર્લભ વસ્તુ, આપણને સુલભ થઈ છે એનું ધ્યાન રાખજો.

સનકાદિમુનિઓએ ભાગવતનો મહિમા સમજાવતા ધુંધુકારી મોક્ષની કથા કહી. આપણા માટે ધુંધુકારી મોક્ષની કથા કોઈ પ્રેરક કથા નથી કારણ કે ભાગવતનું એ ઉત્તમ ફળ નથી. મેં તમને સમજાવ્યું કે ભાગવતના મહાપ્રભુજીએ પાંચ ફળ બતાવ્યા છે એમાં ક્યાંય મોક્ષ કે દુર્ગતિ નિવારણ ફળ આવતું નથી. આપણે યાદ રાખવું હોય તો રાખજો, મહાપ્રભુજી ભાગવતનાં પાંચ ફળ ગણાવે છે એમાંનુ **પહેલું ફળ છે સાક્ષાત્ ભગવદ્ પ્રવેશ,** જેની ચર્ચા સવારે કરી હતી. તમે ભાગવત સાંભળો, ભગવાન તમારા હૃદયમાં પ્રવેશ કરે. કેમ આટલી બધી વાર ભાગવત કથાઓ થાય છે ? વ્યાસજીએ તો અઢાર પુરાણ લખ્યા છે, રચયિતા એક જ છે. અઢાર પુરાણ અને એક મહાભારત ઓગણીશમું અને બ્રહ્મસૂત્ર વીસમું આટલી વ્યાસજીની પ્રસિદ્ધ રચનાઓ છે એમાં ભાગવત જ વારે વારે કેમ કહે છે ? એવું શું છે આમાં ? એક નાની કથા કહી નથી એ કહી દઉં. ભગવાન દ્વારિકાધીશ સ્વધામ પધારવાની તૈયારી કરી રહ્યા છે, યદુકુળને શ્રાપ લાગ્યો છે અને એ શ્રાપનું નિવારણ પ્રભુએ વિચાર્યું નથી. ઉદ્ધવજીને ખાત્રી થઈ ગઈ કે હવે પ્રભુ પધારી જશે. ઉદ્ધવજી ભગવાન પાસે આવ્યા, પ્રભુને પ્રાર્થના કરી. "પ્રભુ ! આપ જ્યાં સુધી સાક્ષાત્ ભૂતળ ઉપર બિરાજો છો ત્યાં સુધી તો ભક્તોને આપનું અવલંબન છે, પણ આપના પધારી ગયા પછી ભક્તોને અવલંબન કોનું ?" જીવને આશ્રય જરૂરી છે. કોઈ એમ કહે કે મારે કોઈનો આશરો નથી. એને છેવટે પોતાનો તો આશરો છે જ. Reliance શબ્દનો અર્થ શો થાય ? સ્વાશ્રય. કોઈ self કહે કે હું કોઈને માનતો નથી. કોઈને નથી માનતો એ પોતાને તો માને છે ને ? અને પોતાને માનવું, પોતાનો આશ્રય કરવો એ પણ આશ્રય તો છે જ. તમે કહો કે Self Reliance - સ્વાશ્રય. ઘણી વાર માણસ બોલે છે I am self made man. હું નાનો હતો ત્યારે સામાન્ય, ગરીબ હતો, ઘરમાં ખાવાનું અન્ન નહોતું. આજે આટલું બધું મારી પાસે છે એ મારા પુરુષાર્થનું ફળ છે. એક ભાઈને વારંવાર બોલવાની ટેવ, I am self made, I am self made પછી એકવાર એક મહાત્માથી ના રહેવાયું એટલે એને સવાલ પૂછ્યો Who made yourself ? ઓ.કે. યુ આર સેલ્ફ મેડ, હુ મેઈડ યોર સેલ્ફ ? તમે એવા કોણે બનાવ્યા કે જેમના કારણે તમે આટલા સાહસિક થયા ? તમે કહો કે હું મારા સાહસથી આગળ આવ્યો, પણ તમારામાં સાહસ મૂક્યું કોણે ? મૂક્યું ન હોત તો અસંખ્ય આત્મવિશ્વાસવિહોણા લોકો જે દુર્ગતિમાં પડેલા રહે છે એ દુર્ગતિમાં તમે પડ્યા રહ્યા હોત. જો પ્રભુએ તમારામાં એ ન મૂક્યું હોત તો ? ભગવાને શક્તિ મૂકી છે તેથી આપણે એ શક્તિનો ઉપયોગ કરીને આગળ આવ્યા છીએ. આપણા તમામ શ્રેયનું ફળ પ્રભુને અર્પિત થવું જોઈએ. **मा फलेषु कदाचन** ભાગવતમાં તો એક વિવેક એવો શીખવ્યો છે. આમ બે જાતના અલગ અલગ Thinking છે. એક Thinking એવું છે કે **સારું પણ ભગવાનનું અને ખોટું પણ ભગવાનનું.** આને થોડુંક વિચારવા જેવું છે. એક Thinking એવું છે કે **સારું પણ આપણું અને ખોટું પણ આપણું.** I am responsible. જે કાંઈ હોય, સફળતા-નિષ્ફળતા, ચઢતી-પડતી, જે હોય એના માટે હું જવાબદાર છું એવું પણ એક Thinking છે. એક Thinking એવું છે કે ગુણો ભગવાને

મૂક્યા, દોષો પણ ભગવાને મૂક્યા મારી ચઢતી-પડતી ભગવાનની ઈચ્છાથી, બધું એ જ છે. પણ શ્રીમદ્ ભાગવતે એક ત્રીજો ઓપ્શન પણ બતાવ્યો છે રાસ.... પંચાધ્યાયીમાં એ Option છે અને એ Option એ છે કે જેટલું સારું એટલું ભગવાનનું, આપણી દરેક સારી વસ્તુ માટે એ Responsible છે અને આપણી દરેક ખોટી વસ્તુ માટે આપણે, એટલે Fifty Fifty થઈ ગયુંને ? ભગવાન કહે અડધો તું જવાબદાર ને અડધો હું જવાબદાર. સારું થયું તો તારું, ખોટું થયું તો મારું. હવે આ ત્રણમાંથી કઈ Theory અપનાવવી એ તમારે જોવાનું. That is up to you. કરો નક્કી કાં તો કહો સબ અપના હી હૈ, ચઢતી-પડતી અમારી, ગુણ-દોષ અમારા, સિદ્ધિ-પુરુષાર્થ અમારો, બધું અમારું. પછી વળગી રહેજો એ જ થીયરીને છેક સુધી. કાં તો પછી, કહો બધુ પ્રભુનું. પણ એમાં એક ગુંચવાડો થાય. બધું પ્રભુનું તો પછી જીવનમાં મળતી ભૂલો એનું શું ? એટલે શ્રીમદ્ ભાગવતે બહુ જ સરસ Compromise કર્યું કે આપણામાં જે કાંઈ સારું છે એ પ્રભુએ મૂકેલું છે અને જે ખોટું છે એ આપણે લઈને આવેલાં છીએ અને ચોક્કસ માનવી પોતાના દોષ લઈને આગળ જાય છે. એક માણસ મરે અને ફરીથી જન્મ લે એમાં Hard Disc બદલાય છે પણ Data એનો એજ રહે છે. machine બદલાય, Hard Disc અને હાર્ડવેર પણ બદલાય પણ અંદર જે Software સોફ્ટવેર ભરેલા હતા અને એ Softwareમાં જેટલો Data ભરેલો હતો એ બધો જ Transfer થાય છે અને આ વાત વિગતવાર જાણવી હોય તો ગીતાનો છઠ્ઠો અધ્યાય જોજો. અર્જુને એક સવાલ પૂછ્યો કે પ્રભુ ! એક માણસ જીવનમાં સાધના કરતો કરતો અડધે સુધી આવ્યો અને અકાળે એનું મૃત્યુ થયું, તો શું એનું કરેલું બધું નકામું જાય ? **कच्चिन्नोभय विभ्रष्ट श्छिन्नाभ्रमिव नश्यति ? (गीता ६/३८)** આકાશમાં બનેલા વાદળ બધા વિખેરાઈ જાય એમ કરેલી ભક્તિ, જ્ઞાન, એણે પામેલા સંસ્કારો, એણે અર્જીત કરેલું કે જે ઉત્તમ છે એ બધું ટકે કે પછી બધું વેરવિખેર થઈ જાય ? ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ ઉત્તરમાં કહ્યું કે અર્જુન ! એવું નથી. તમે આ જન્મમાં અને આના પહેલાના જન્મમાં જે કાંઈ અર્જિત કર્યું છે, સારું અને ખોટું - બન્ને, એ બધું જ તમને આગલા જન્મમાં મળે છે. એક જન્મ બીજા જન્મની સાથે. જેમ સાંકળની કડીઓ ગૂંથાયેલી હોય એવી રીતે ગૂંથાયેલો છે. તમારો કોઈ જન્મ સ્વતંત્ર નથી કારણ કે જન્મ-મરણનું તો ચક્ર છે ને ! કેટલાક બાળકો નાના હોય છે ત્યારથી જ હઠીલા હોય છે, કેટલાક બાળકો નાના હોય છે ત્યારથી જ માયાળુ હોય છે, કેટલાક બાળકો નાના હોય છે ત્યારથી જ સંગીત તરફ વળેલા હોય છે. આ બધું કેમ? કોરી સ્લેટની જેમ કોઈ જનમતું નથી. એનો એક ફાયદો પણ છે કે આ જન્મમાં આપણે જે ભક્તિ કરી હશે એ આગલા જન્મમાં આપણને મજરે મળે. અંગ્રેજીમાં શું કહેવાય એને ? Forward એટલે કરેલું નકામું નથી જતું. કથા એ છે કે ઉદ્ધવે ભગવાનને કહ્યું કે હે પ્રભુ ! આપ બિરાજો છો ત્યાં સુધી તો બધાને આપનું અવલંબન છે, પણ આપના પધારી ગયા પછી ભક્તોને આધાર કોનો ? **निर्गुणोणासने कष्टमतः किंचित् विचारय (भा. ३/५९)** નિરાકારની ઉપાસના કઠિન છે અને કૃષ્ણ પણ ગીતાના બારમા અધ્યાયમાં એ વાત કબૂલ કરે છે. ભગવાનને અર્જુને પૂછ્યું કે કોઈ તમારા અવ્યક્ત રૂપને ભજે, કેટલીક આધ્યાત્મિક પરંપરાઓ એવું માને છે કે ભગવાનનું વ્યક્તિત્વ ન હોઈ શકે. આ બહુ મોટો પ્રશ્ન છે. પણ ઘણા એમ માને છે કે ઈશ્વર નિરાકાર જ હોય. એને વળી રૂપ હોતું હશે ? આંખો હોતી હશે ? આપણાં જેવું થોડું હોય ? તો જે લોકો અવ્યક્તને જ ભજે છે એમની શું ગતિ ? અને અને જે વ્યક્તને ભજે છે, સાકારને ભજે છે એની શું ગતિ ? તો ભગવાને

ઉત્તર આપ્યો છે કે નિરાકાર-સાકારનો સવાલ નથી, છેલ્લે બધા મને પામવાના છે જ. પણ નિરાકારની ઉપાસના કષ્ટપ્રદ છે. શ્રીકૃષ્ણએ ક્લેશ શબ્દ વાપર્યો છે ગીતાના બારમાં અધ્યાયમાં

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्त चेतसाम् ।
अव्यत्का हि गति र्दुःखं देहवद्‌भिरवाप्यते (गीता. १२/५)

કારણ કે માનવી અવ્યક્તની અનુભૂતિ નથી કરી શકતો. માણસને કોઈ આધાર જોઈએ છે. તમે અંગ્રેજીનો 'A' એ શીખ્યાને એ પણ 'Apple'એપલનો આધાર લઈને શીખ્યા. તમે ગુજરાતીમાં '**ક**' શીખ્યાને એ પણ '**કમળ**'નો આધાર લઈને શીખ્યા. પહેલા આધાર તો જોઈએ જ. તમે ચાલવાનું શીખ્યા એ પણ પહેલા તો કોઈનો આધાર લઈને શીખ્યા પછી ભલે સ્વતંત્ર ચાલતા થયા, પણ પહેલા તો આધાર જોઈએ ને ? એમ માનવીની મતિને એક આધાર જરૂરી છે. આપણે એને આધાર કહીએ છીએ, શાસ્ત્ર એને આકાર કહે આકાર આધાર છે અને એટલે નિરાકારની ઉપાસના કરતા સાકારની ઉપાસના ઉત્તમ છે અને સરલ છે, સરસ છે. ભગવાનના આકારને વાંધો શો છે ? એને મન થાય કે એને આકાર લેવો છે તો લે ! જગતના ઘણા મોટા ધર્મો એવા છે જેમણે ઈશ્વરના સાકાર રૂપને સ્વીકાર્યું નથી. એ બધાના મત એમ માને છે કે ઈશ્વર વ્યક્તિના રૂપમાં ન આવે. એ એટલો બધો વિરાટ છે, એટલો બધો અનંત છે કે એ તમારી-મારી જેમ વ્યક્તિના રૂપમાં ન હોઈ શકે, આવો મત એ બધા ધરાવે છે, પણ એ ધારણામાં પણ થોડીક ખામી છે. એ ખામી એ છે કે જે ભગવાન જગતના બધા જ આકારો બનાવી શકે એ પોતે આકાર કેમ ન લઈ શકે ? જેનાથી બધું જ પ્રગટ થાય, એને પોતાને પ્રગટ થવામાં શું નડે છે ? ભગવાન વ્યક્તિ નથી બનતો, અવતાર લેવાથી. એ તો એવું લાગે છે, એવું દેખાય છે. આપણને એવું ભાસે છે, બાકી ભગવાન આપણા જેવો બનીને આપણી વચ્ચે આવે તો પણ એ ભગવાન છે. જુના જમાનામાં રાજાઓ કેટલીક વાર સાધારણ માણસનો વેશ લઈ નગરચર્યા કરવાને માટે લોકોની વચ્ચે જઈને ભળી જતા અને લોકો એમ માનતા કે આ કોઈ આપણા જેવો સાધારણ નાગરિક છે. શ્રીકૃષ્ણએ આવું જ કર્યું હતું અને આ વાતનો ઉલ્લેખ ઉદ્ધવજીએ ત્રીજા સ્કંધમાં કર્યો.

दुर्भगो बत लोकोऽयं यदवो नितरामपि ।
ये संवसन्तो न विदुर्हरिं मीना रूवोडुपम् (३/२/८)

ચંદ્રનું પ્રતિબિંબ નદીમાં પડે તો માછલા એવું માની લે કે આ પણ કોઈ આપણા જેવું માછલું છે ? પણ એ માછલું નથી, આકાશનો ચંદ્રમા છે - એમ ભગવાન આપણી વચ્ચે આવે ત્યારે આપણે અજ્ઞાની, મૂઢ મનુષ્યો એવું માની લઈએ છીએ કે એ આપણા જેવો છે. આપણે માનીએ તો એ આપણી ભ્રાંતિ છે. પણ રાજા જો સાધારણ બનીને સાધારણ પ્રજાજન જોડે ભળી જાય, કોઈ પ્રજાનો માનવી વેશ બદલીને રાજા ન બની શકે, પણ રાજાને મન થાય તો એ ભિખારી બની શકે એમ ભગવાનને માછલી અથવા કાચબો કે કાંઈપણ થવું હોય તો એને બધી જ છૂટ. એને કોણ રોકી શકે એમ છે ? પણ પ્રભુ સર્વસમર્થ છે એટલે આપણે ત્યાં ભગવત અવતારની જે ધારણા છે, બહુ જ સુંદર ધારણા છે. ભગવાન સ્વયં આવે છે. આપણી વચ્ચે અને જેની ઉપર એની ખુબ કૃપા હોય એને એના દર્શન થાય છે. અર્જુનને ક્યાં થયું છે ? અર્જુન કૃષ્ણને જોવે છે, વિષ્ણુને, વિરાટને ક્યાં જોવે છે ? એ તો ગીતાના પ્રસંગમાં ભગવાનને એણે વિનંતી કરી કે મહારાજ ! આપ વિરાટ છો એવું વર્ણન

સાંભળતાં મારા મનમાં એક ભાવના જાગે છે કે મને સાંભળવામાં આટલો આવ્યો તો મને તમારા દર્શન થાય તો કેવું સારું ? ભગવાને કહ્યું, થાય, પણ આ આંખથી નહીં થાય, પહેલાં મારે તને દિવ્યચક્ષુ આપવા પડશે. **दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् (गीता ११/८) પહેલાં તો એ દૃષ્ટિ આપશે પછી એ દર્શન આપશે.** હજી તો આપણને એ દૃષ્ટિ જ નથી આપી, દર્શનની વાત જ ક્યાં રહી. આપણે સેવામાં જતાં પહેલાં આંખે ચરણામૃત લગાવીએ છીએ એ એટલા માટે કે પ્રભુ ! તમે અમારી આંખને એવી નિર્દોષ કરો કે જે તમને નિરખી શકે, અમારા કાનને એવા નિર્દોષ કરો કે જેને તમારો નાદ સંભળાય. કૃષ્ણનો નાદ આજે પણ ગુંજી રહ્યો છે, આપણાં કાન એને પકડી નથી શકતા. એની Frequency જુદી છે. આજે પણ ગીતા ગુંજે છે પણ આપણા કાન એની Rangeમાં નથી. આજે પણ મોરલી વાગે છે પણ જેમ અર્જુનને ભગવાને દૃષ્ટિ આપી તો અર્જુનને પ્રભુના વિરાટ રૂપના દર્શન થયા, એવી રીતે પ્રભુ આપણને દિવ્ય ઈન્દ્રિયો આપશે તે દિવસે આપણને પ્રભુની દિવ્યતાના દર્શન થશે. આજે આપણને દર્શન થતા નથી એના ઉપરથી એવી ધારણા કરવાની જરૂર નથી કે આપણને દેખાતા નથી, માટે નથી. નાસ્તિકોની મોટામાં મોટી દલીલ આ જ છે કે ભગવાન છે તો દેખાતા કેમ નથી? આ દલીલમાં કોઈ વજૂદ જ નથી, કારણ કે દર્શન હંમેશા દૃષ્ટિને આધારિત હોય છે. એક અંધ માણસ અહીંયા આવીને બેઠો છે, આપણે બધાને દેખાય છે એને દેખાશે ? હવે એ એમ કહે કે મને દેખાતું નથી માટે હું માનવા માટે તૈયાર નથી તો શું કરવું? તમે એને ક્યારેય નહીં સમજાવી શકો. એણે બીજાના ઉપર વિશ્વાસ રાખવો જ રહ્યો કે સૌને હિમાલય દેખાય છે તો હિમાલય છે, સૌને ગંગા દેખાય છે તો ગંગા છે પછી એણે જીદ ન કરવી જોઈએ. ભગવાનના દર્શન આચાર્યોને થયા, સંતોને થયા, સાધુજનોને થયા, ભક્તોને થયા. અરે ! કંસ જેવાઓને પણ થયા તો પછી શંકા રાખવાની શી જરૂર છે ? એ છે કે નથી રાવણને રામના દર્શન થયા કે નહીં ? રાવણ બીજું કશું નહીં માને તો રામ છે એ તો માનશે. કંસ ભક્તિ નહીં કરે તો કાંઈ નહીં પણ એમ તો નહીં કહે કે કૃષ્ણ નથી. તો પછી દેવકીનો આઠમો પુત્ર મારશે એવો ભય કેમ થયો ? ભગવાન આપણી વચ્ચે જરૂર આવે છે.

શિરડીના સાંઈબાબાની એક કથા છે. સાંઈબાબાને પુરણપોળી બહુ ભાવે. એક ભક્ત આવ્યો અને કહે કે આપ મારે ત્યાં પધારો આપના માટે પુરણપોળી બનાવડાવી છે. બાબાએ કહ્યું, "અચ્છા ! આ જાયેંગે. ભક્તની વિનંતી દેખો. જબ સૂરજ માથે પર આયેગા તો હમ આયેંગે. આણે તો પુરણપોળી તૈયાર કરી, રાહ જોઈને બેઠો હતો એમાં સ્હેજ એની આંખ મીંચાઈ ગઈ. એટલામાં એક કૂતરું આવ્યું અને પુરણપોળી ખાવા લાગ્યું. આને ચડી દાઝ, લીધી હાથમાં લાકડી. કૂતરાને છૂટ્ટી મારી. કૂતરાને બરડામાં વાગી. કૂતરું જતું રહ્યું. સાંઈબાબા ભોજન કરવા ન પધાર્યા. સાંજે મળવા ગયો. બાપજી ! આપ કેમ ન પધાર્યા પુરણપોળી આરોગવા ? ત્યારે કહ્યું કે પુરણપોળી ય ખાધી, અને લાકડી ય ખાધી. મેં પુસ્તકમાં વાંચ્યું હતું કે એ વખતે એમની પીઠ ઉપર કોઈએ ડંડો માર્યો હોય એવી નિશાની હતી પણ મહારાજ મને ક્યાંથી ખબર કે એ રૂપમાં તમે હતા ? મહારાજે કહ્યું કે મેં તો તને કહ્યું હતું કે સૂરજ માથે આવશે ત્યારે હું આવીશ. હું તો મારા સમયે આવી ગયો. મને લાગે છે કે ભગવાન આપણને મળવા માટે આ રીતે ઘણીવાર આવે છે, આવે જ એના ઘરમાં એ ન હોય ? આ જગત કોનું ઘર છે ? ભગવાનનું. અહીંયા આવું વેર શા માટે સમજાતું નથી ? આ જગત ભગવાનનું ઘર છે કે

નહીં ? કોણે બનાવ્યું, ભગવાને બનાવ્યું તો ભગવાનનું આ ઘર છે કે નહીં ? એના ઘરમાં એ ન મળે તો ક્યાં મળે અને એ જશે ક્યાં ? પ્રભુ કોઈ પરમ દુર્લભ તત્ત્વ છે એવું માનીને એને દૂર દૂર રાખવાનો પ્રયત્ન ન કરો, એ તમારું અત્યંતમાં અત્યંત, નિકટનું તત્ત્વ છે.

પ્રણામ નથી. અમે પ્રકાશનું, પરમ તત્ત્વનું ધ્યાન કરીએ છીએ અને ધ્યાન પહોંચાડે છે, ધ્યાન પાડે પણ છે અને ધ્યાન પહોંચાડે પણ છે, પાડે છે ક્યાં ? ગીતાના સ્થિતપ્રજ્ઞ લક્ષણો જુઓ. ભગવાને શરૂઆત ધ્યાનથી જ કરી છે. આ શ્લોકો પ્રસિદ્ધ છે.

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।

संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते । (गीता २/६२)

આ આખું Descending, આ આખી પતનની પ્રક્રિયા બતાવી છે કે જો માણસે નીચેનું ધ્યાન કર્યું, જો શિખર તરફ જોવાને બદલે એણે ખીણ તરફ નજર કરી તો એ પડવાનો. આ શ્લોક પણ બતાવે છે કે ધ્યાનનું મહત્ત્વ કેટલું છે અને એનો પુરાવો જોઈતો હોય તો પાંચમા સ્કંધ સુધી રાહ જુઓ. ભરત રાજાની કથા આવશે જેણે મરતાં મરતાં હરણનું ચિંતન કર્યું હતું. હવે આગળ જુઓ. વિષયોનું ધ્યાન સર્વનાશ સુધી પહોંચાડે તો પ્રભુનું ધ્યાન ક્યાં સુધી પહોંચાડે ? પ્રભુ સુધી ! એટલે ગાયત્રી મંત્ર કહે છે કે

जन्माद्यस्य यतोन्वयादितरतवार्थेध्वभज्ञः स्वराट्,

तेने ब्रह्म हृदाय आदिकवये मुहयन्ति यत्सूरयः,

तेजो वारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा,

धाम्ना स्वेन सदा निरस्त कुहकं सत्यं परं धीमहि ।। (१/१/१)

જન્મ આદિ, એટલે ઉત્પતિ, સ્થિતિ અને લય. આ જન્મ આદિ એ ગાયત્રી મંત્રનો સવિતા શબ્દ છે. જેનાથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે અને એમાંથી જગતની ઉત્પત્તિ થવા છતાંય એનું કાંઈ ઓછું થતું નથી. આ ગણિત સમજવું આપણી સમજણની બહાર છે. માનવી પોતાની મતિથી **'પૂર્ણ'** શબ્દને કદી નહીં સમજી શકે. સો રૂપિયામાંથી સો રૂપિયા લઈએ તો કેટલા રહે? અને જો તમે કહો કે સોએ સો રહે, તો તમે પૂર્ણ તત્ત્વને સમજ્યા. દસ લાડુમાંથી દસ લાડુ ખાઈ જઈએ તો કેટલા બચે ? અને તમે કહો કે દસ બચે તો પછી માનવું પડે કે તમે પૂર્ણને સમજ્યા. પણ માનવી વાત હજી સમજી નહીં શકે. શિખર ઉપર જે દેખાય એ કદી તળેટીમાં નથી દેખાતું, પણ હા ! શિખર ઉપર પહોંચેલાઓએ જે એમને દેખાયું એનું વર્ણન કર્યું એ વર્ણનમાં વિશ્વાસ રાખશો તો ઉપર ચડવાનું બહુ મન થશે. આ શિખરો ઉપર પહોંચેલાના ઉદ્ગારો છે.

ॐ पूर्णभदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।

पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते (ईशावास्य उप.)

આ શિખર ઉપર પહોંચેલા મહાપુરુષોની અનુભૂતિઓ છે અને એમણે કહ્યું કે સોમાંથી સો બાદ કરો, સોમાંથી સોનો ભાગાકાર કરો, સોમાં સોને ગુણાકાર કરો, સોમાં સોનો સરવાળો કરો. જે કરવું હોય તે કરો, તમે સોને કાંઈ કરી શકતા નથી. એને Devide ડિવાઈડ નથી કરી શકતા, એને Multiply નથી કરી શકતા - કાંઈ નથી કરી શકતા. You can't do anything with પૂર્ણ ઈશ્વરમાંથી અનંત જગત ઉત્પન્ન થાય છે પણ એનું કાંઈ ઓછું થતું નથી. અનંત જગત એની અંદર રમી રહ્યાં છે, છતાં એનો એને કોઈ ભાર નથી અને અનંત વિશ્વ પાછાં એની

અંદર જ ભમી રહ્યા છે. એની પણ એને કોઈ પ્રાપ્તિ નથી. એનામાંથી બને, એનું કાંઈ ઓછું ન થાય, એનામાં મળે, એનું કાંઈ વધે નહીં આ ભૌતિક વિજ્ઞાન નથી. સમજાવવું બહુ અઘરું છે છતાં એક ઉદાહરણ આપીને સમજાવું.

સમુદ્રમાં અનેક મોજાઓ ઉઠે છે અને એ મોજા સમુદ્રમાં જ સર્જાયા તો સમુદ્રનું ઓછું શું થયું ? એ મોજા સમુદ્રમાં જ ગતિ કરે છે તો સમુદ્રને એનો ભાર શો? અને એજ ઉચ્ચ થયેલું મોજું પેલા સુનામી વખતે કેટલા ઊંચા ઉછળ્યા હતા ? એ ઉચ્ચું થયેલું મોજું, પાછું સમુદ્રની અંદર શમી જાય તો એમાં સમુદ્રને Loss ક્યાં કે Gain ક્યાં ? જેવી રીતે સાગરમાં લહેરો ઊઠે છે એમ પરબ્રહ્મમાંથી જગત બને છે. જેવી રીતે સમુદ્રની સપાટી ઉપર એ મોજાઓની ગતિ દેખાય છે એવી રીતે પરબ્રહ્મ પરમાત્માની અંદર આ બધી જ સૃષ્ટિનું હોવું દેખાય છે અને સમુદ્રમાંથી ઊઠેલું મોજું પાછું સમુદ્રમાં જ શમી જાય છે એમ પરબ્રહ્મ પરમાત્માથી બનેલી આ સમગ્ર સૃષ્ટિ પાછી પરબ્રહ્મ પરમાત્મમાં વિલીન થઈ જાય છે. આમાં Minus કાંઈ નથી, Plus 'પ્લસ' પણ કાંઈ નથી, Division પણ કાંઈ નથી. તમે કાંઈ કરતાં જ નથી એટલે ભગવાનમાંથી જગતની ઉત્પત્તિ આ પ્રકારે છે. પછી મહાપ્રભુજીએ એક અલૌકિક પ્રકાર પણ બતાવ્યો છે કે તમે કલ્પવૃક્ષ પાસેથી કાંઈ માંગો તો મળે પણ કલ્પવૃક્ષનું કાંઈ ઓછું ન થાય. મહાપ્રભુજીએ જે બ્રહ્મવાદની સ્થાપના કરી એ બ્રહ્મવાદ આ છે કે આ જગત મિથ્યા નથી, માયા નથી, વિવર્ત નથી પણ આ જગત પરમાત્માનું જ રૂપ છે. જેનાથી જગતની ઉત્પતિ, સ્થિતિ અને લય થાય છે છતાં જેનું સ્વરૂપ અવિકૃત રહે છે. **यतः** અવ્યય છે અને અવ્યયને કોઈ જાતિ અને લિંગ લાગુ ન પડે, એમ ભગવાનનું સ્વરૂપ પણ અવ્યય છે એટલે **यतः** કહ્યું યસ્માત ન કહ્યું. જગત સાથેના ભગવાનનો સંબંધ અન્વય અને વ્યતિરેક બંને પ્રકારે છે એટલે **अन्वयादितरतः** ભગવાન કેવા છે અર્થેષુ અભિજ્ઞ: એનું કાર્ય કરવામાં અતિ કુશળ ભગવાન એના કામમાં Perfect હોય છે. આપણી બનાવેલી ગાડી અથડાઈ જાય બાકી ભગવાને બનાવેલા ગ્રહો ઉપગ્રહો લાખો કરોડો પણ એનાથી હજી કાંઈ પૃથ્વીને વાંધો નથી આવ્યો. બધુ બહુ 'સ્પીડ'માં જાય છે. ખગોળશાસ્ત્રી એવું કહે છે કે આપણે અહીંયા બેઠા છીએ એક સેંકડ પછી અઢાર માઈલ દૂર હોઈશું. એક સેકન્ડમાં આટલી ઝડપથી પૃથ્વી ફરે છે, પણ આપણે ક્યાંય ફેંકાઈ જઈએ છે બહાર. આ તો એની ધરી ઉપરની ગતિ પછી સૂર્યની પરિક્રમા લે છે, એ સૂર્યની પરિક્રમામાં આ માપ છે તો ભગવાન એના કામમાં બહુ કુશળ છે. આપણને એમ થાય કે ભગવાન ફળ આપશે કે નહીં આપે ? ટાઈમસર આપશે કે નહીં આપે ? હવે માંગીએ છીએ એટલું આપશે કે નહીં આપે ? ભગવાનને યાદ તો રહેશે ને કે પાછું Remind કરાવતા રહેવું પડશે ? ભાગવત કહે છે એ એના કામમાં બહુ કુશળ છે, Perfection છે. કેટલો બધો અદ્ભુત સર્જક છે ? જરા વિચાર કરો. મોરના પીંછામાં જેણે રંગ મૂક્યા, એક પતંગિયાની પાંખમાં એણે Design બનાવી અને એવી જ 'ડિઝાઈન' બીજી પાંખમાં પણ. એનું Perfection તો જુઓ. તમારો એક પગ એક ફૂટનો, બીજો ચાર ફૂટનો હોત તો કેવી રીતે ચાલતા હોત? બધુ એનું કામ Perfect છે. જીવ અપૂર્ણ છે અને તેથી એનાથી ભૂલો થાય છે. પરમાત્મા કદી ભૂલ કરતો નથી. એ પૂર્ણ છે. આવી સેંકડો વાતો વિચારી શકીએ પણ તમે થોડામાં સમજી જાઓ. **अर्थेषु अभिज्ञः** એ જે કરે છે એ પૂર્ણતાથી કરે છે. સ્વરાટ્, એ સ્વતંત્ર છે. પોતાનો સ્વામી છે અને એટલા માટે એણે આપણી ઉપર કૃપા કરવી હશે તો એને કોઈને પૂછવા નહીં જવું પડે.

આપણા મનોરથ પૂરા કરવા હશે તો ભગવાન કોઈને પૂછવા નહીં જાય. એને જે કરવું હશે એ કરવા એ સમર્થ છે કારણ કે તે સ્વરાજ છે, સમ્રાટ નથી સ્વરાજ છે. એનું જ પોતાનું રાજ છે, એનું જ પોતાનું તેજ છે. એની બનાવેલી દુનિયા છે. આ બધા એના બનાવેલા છે અને એટલા માટે આ આખું જગત એને આધીન છે. **तेने ब्रह्म हृदा...** અહીંયા બ્રહ્મનો અર્થ છે વેદ આદિ. કવિએ બ્રહ્માને જેમણે વેદનો વિસ્તાર કર્યો. જ્ઞાન બે રીતે આપી શકાય છે, પ્રભુ જ્ઞાન બે રીતે આપી શકે છે. એક ઉપદેશ દ્વારા અને બીજું અંતઃકરણની પ્રેરણા દ્વારા. ઉપદેશ દ્વારા જ્ઞાન આપવાનું સામર્થ્ય તો જીવમાં પણ છે. મહાપ્રભુજીએ સુબોધિનીમાં વર્ણન કર્યું છે કે અસમર્થ હોય એ શબ્દથી પણ ઉપદેશ આપે, પણ જે સર્વસમર્થ હોય એ ક્યારેક શબ્દ વગર પણ ઉપદેશ આપે છે. ભગવાને બ્રહ્માજીને ચાર વેદનું જ્ઞાન હૃદયથી આપ્યું છે, વાણીથી નહીં. ખરી વાત તો એવી છે કે જ્ઞાન આપવાની પણ જરૂર નથી, જ્ઞાન તો બધાની અંદર પ્રભુએ મૂકેલું જ છે. આપણામાં ભગવાન ખરો કે નહીં ? ખરો. ભગવાનના છ ગુણોમાં જ્ઞાન નામનો ગુણ છે કે નહીં ? **ऐश्वर्य-वीर्य-यश-श्री-ज्ञान**-અને **वैराग्य** આપણામાં ભગવાન બેઠો છે તો ભગવાનમાં જ્ઞાન છે તો આપણે જ્ઞાન લેવા જવાની શી જરૂર ? પણ ભગવાન અથવા ગુરુ એક જ કામ કરે છે. અજ્ઞાનનું આવરણ હટાવે છે અને સૂર્ય ઊગી ગયો છે કિરણો એના પડી રહ્યા છે. તમારે કેવળ પડદો હટાવવાનો છે. એ પડદાનું નામ છે અજ્ઞાન. જ્ઞાન આપવાની જરૂર નથી, અજ્ઞાનને હટાવવાની જરૂર છે. તમે પડદો હટાવો સૂર્ય તો ઊગેલો જ છે. કિરણો તમારા પડદા સુધી આવે છે પણ પડદો એને અંદર નથી આવવા દેતો, એમ અજ્ઞાનનું આવરણ હોવાથી આપણને જ્ઞાન થતું નથી. તો સદ્ગુરુ અજ્ઞાનનું આવરણ હટાવે છે.

अज्ञानतिमिरांधस्य ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरुवे नमः ।।

એ અજ્ઞાનના અંધકારને હટાવે છે, જેમ આકાશમાં વાદળ આવી જાય તો સૂર્ય દેખાતો નથી. તું અજ્ઞાન કો હટાવ, જ્ઞાન. હે જ્ઞાન આપણું ઉપાર્જન નથી, આપણો ધર્મ છે. આપણી Quality છે. ધર્મ એટલે Religion નહીં, ધર્મ એટલે ગુણધર્મ. બરફ ઠંડો હોય જ, એમ આત્માને જ્ઞાન હોય જ. અગ્નિ ઉષ્ણ હોય જ એમ આત્માને જ્ઞાન હોય જ, પણ ક્યારેક અગ્નિ ઉપર રાખ લાગી ગઈ હોય.

શ્રીકૃષ્ણે ત્રણ ઉદાહરણ આપ્યા. એક ઉદાહરણ આપ્યું કે જાણે ગર્ભના ઉપર ઓળ છવાઈ ગઈ હોય.

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तया तेनेदमावृतम् (गीता ३/२८)

અથવા દર્પણના ઉપર ધૂળ છવાઈ ગઈ છે. દીવા ઉપર તમે કંઈક ઢાંકી દો તો પ્રકાશ નહીં આવે. જે કાંઈ ઉપાસના છે એ ઉપાસના ઉપાર્જન કરવાની ઉપાસના નથી, આવરણ હટાવવાની ઉપાસના છે અને એટલા માટે આ બધા શાસ્ત્રો અજ્ઞાનોને દૂર કરવા માટે છે. જ્ઞાન તો છે જ, જેમ ધરતી ઉપર તેજ પડે છે, રણમાં અને આપણને જલની અનુભુતિ થાય છે જેણે પોતાના તેજ દ્વારા જીવના હૃદયમાં રહેલા અંધકારનો નાશ કર્યો છે એવા **सत्यम् परमं धीमहि...** સત્યમ્ પરમ્ ધીમહિ - પરમ સત્યનું અમે ધ્યાન કરીએ છીએ.

આ ભાગવતમાં સંતોના માત્સર્યરહિત ધર્મનો ઉપદેશ કરવામાં આવ્યો છે. આ ભાગવત વેદરૂપી વૃક્ષનું ફળ છે અને એ ફળ પણ **गलितं फलम्**

ગલિતમ્ ફલમ્ એટલે પાકું, તૈયાર થઈ ગયેલું ફળ ટપકીને નીચે જ પડે. વૃક્ષનો નિયમ છે. આપણાં કરતાં આંબો કેટલો સમજદાર કે કેરી ખાવા યોગ્ય ન હોય ત્યાં સુધી પકડી રાખે અને જે દિવસે કેરી તમને સ્વાદને યોગ્ય બને ત્યારે એની મેળે ટપકાવી દે. એક ઝાડમાં પણ કેટલી સમજદારી છે કે આપણને જરૂર હોય ત્યારે આપણને આપી દે છે. કાચી કેરી તોડવી પડે છે અને કેરી પાકી ગઈ હોય તો આપમેળે નીચે ટપકી પડે છે. (ગામડાની ભાષામાં એને શાખ પડી કહેવાય) ગલિતમ્ ફલ્. એક વૃક્ષમાં આટલો વિવેક હોય તો ભગવાનમાં નહીં હોય જે વસ્તુના આપણે અધિકારી બનીશું એ વસ્તુ પ્રભુ વણમાંગ્યે પ્રભુ આપણને આપવાનો છે. વૃક્ષમાં સમજણ છે તો વિષ્ણુમાં સમજણ નહીં હોય ? આપણે એકવાર અધિકારી બનીએ એટલા માટે ભાગવતનો આરંભ **અધિકાર લીલાથી** થયો છે. અત્યારે પહેલો સ્કંધ ચાલી રહ્યો છે. **પહેલા સ્કંધનું નામ છે અધિકાર.** હવે આ આપણે એક ક્રમ આગળ લઈએ છે.

निगम कल्पतरोर्गलितं फलं, शुकमुखादमृतद्रव संयुतम् ।
पिबत भागवतं रसमालयं, मुहुरहो रसिका भुवि भावुकाः (१/१/३)

વેદરૂપે આ વૃક્ષની ઉપર આ ફળ લાગ્યું છે, ફળ બહુ ગળ્યું છે, પાકું થયેલું છે અને વળી એમાં શુકદેવ-પોપટે ચાંચ મારી હોવાથી વધુ મધુર છે. એ તો હતું અમૃત. એક તો ભગવત લીલા મધુર અને એમાં ભગવદીય મુખેથી પ્રગટ થઈ. ભગવદીય એ કોણ ? શુકદેવજી. કદાચ તમને બધાને ખબર હશે શુકદેવજી મહાદેવજીનો અવતાર છે. ભાગવત પ્રગટ કરવા માટે ભગવાન વેદવ્યાસ બન્યા અને ભાગવત કહેવા માટે મહાદેવજી શુકદેવજીના રૂપમાં પ્રગટ થાય છે. પુષ્ટિમાર્ગ એ મહાદેવજીનો વિરોધી માર્ગ નથી. તમે આ સાત દિવસ શિવજીની જ વાણી સાંભળશો. મહાપ્રભુજી સુબોધિનીમાં સમજાવે છે કે ભાગવતની કૃતિ માટે વ્યાસ વિષ્ણુનો અવતાર વ્યાસ થયો અને ભાગવતની પ્રવૃત્તિ કરવા માટે મહાદેવ પ્રગટ થયા એટલે વ્યાસજીમાં જ્ઞાન તત્ત્વ વધારે છે, વૈરાગ્ય તત્ત્વ વધારે નથી. શુકદેવજીમાં વૈરાગ્ય તત્ત્વ વધારે છે. વ્યાસ દિગંબર નથી, શુકદેવ દિગંબર છે. શુકદેવજી દિગંબર છે કારણ કે એ શિવ છે. ભગવાનની મધુર લીલાઓ પરમ વૈષ્ણવ શિવજીના મુખેથી પ્રગટ થઈ હોવાના કારણે વધારે મધુર બની છે. ભાગવત રસનું પાન કરો ક્યાં સુધી ? જિંદગી ચાલે ત્યાં સુધી. એટલે કથાની પૂર્ણાહુતિ કહેવાતી જ નથી અને ક્યારેક પૂર્ણાહુતિ કહેવાય તો પ્રસંગની પૂર્ણાહુતિ છે, સત્સંગની પૂર્ણાહૂતિ નહીં. જે દિવસે ભોજનની પૂર્ણાહુતિ થશે તે દિવસે ભજનની પૂર્ણાહુતિ થશે. આ તો કાંઈ દવા છે કે આપણે પૂછવાનું કેટલા દિવસ લેવાની ? તમે કોઈને પૂછ્યું ભોજન કેટલા દિવસ સુધી લેવાનું ? કેટલા દિવસનો Course કોર્સ ? એ તો Sourse સૉર્સ છે. જીવનનો સત્સંગ તો વૈષ્ણવનું જીવન છે અને એટલા માટે એનું પાન કરવું જોઈએ.

હવે સાંભળો શ્રીમદ્ ભાગવત શ્રીનાથજીનું વાઙમય સ્વરૂપ હોવાથી જેવા શ્રીનાથજીનાં બાર અંગ છે એવી રીતે શ્રીમદ્ ભાગવતજીનાં પણ બાર અંગ છે. આપણે એ બધાંને ઓળખીએ કારણ કે આપણે હવે પ્રવેશ કરી જ ચૂક્યા છીએ. ભાગવતના પહેલા સ્કંધમાં છીએ. પ્રથમ સ્કંધ છે એનું નામ છે અધિકારલીલા. **પ્રથમ સ્કંધ અધિકારલીલા એ છે શ્રીનાથજીનો જમણો ચરણારવિંદ. બીજો સ્કંધ છે સાધનલીલા એ શ્રીનાથજીનો ડાબો ચરણારવિંદ છે. ભાગવતજીનો ત્રીજો સ્કંધ છે સર્ગલીલા અને એ પ્રભુનો જમણો કરકમળ છે. ચોથો સ્કંધ છે વિસર્ગલીલા એ પ્રભુનો ડાબો કરકમળ છે. પાંચમો સ્કંધ છે સ્થાનલીલા એ શ્રીનાથજીનો જમણો સાથળ**

છે. છઠ્ઠો સ્કંધ છે પુષ્ટિલીલા એ ભગવાનનો ડાબો સાથળ છે. આમ ક્રમશઃ આપણે ઉપર આવતા જઈએ છીએ. સાતમો સ્કંધ છે ઊતિ લીલા એ શ્રીનાથજીનો જમણો બાહુ છે જે કટિ ઉપર છે. આઠમો સ્કંધ મન્વન્તર લીલા એ શ્રીનાથજીનો જમણો સ્તન છે. નવમો સ્કંધ ઈશાનું લીલા એ શ્રીનાથજીનો ડાબો સ્તન છે. દસમા સ્કંધનું નામ છે નિરોધલીલા અને એ પ્રભુનું હૃદય છે. એકાદશ સ્કંધનું નામ છે મુક્તિલીલા એ પ્રભુનું મુખારવિંદ છે. છેલ્લો દ્વાદશ સ્કંધ એ શ્રીનાથજીની ઊર્ધ્વ-વામ ભુજા. બીજા બધા દેવોને સૌથી ઉપર મસ્તક, સંસ્કૃતમાં મસ્તક માટે શબ્દ છે 'ઉત્તમાંગ.' ઉત્તમાંગ એટલે સૌથી ઉત્તમ. હવે ઉત્તમ બે અર્થમાં થાય 'યુટિલિટી'ના અર્થમાં પણ અને 'પોઝીશન'ના અર્થમાં પણ. પગ કપાઈ ગયા હોય તો જીવી શકીએ પણ. માથું કપાઈ ગયું હોય તો ન જીવી શકીએ, માટે ઉત્તમાંગ અને સૌથી ઉપર છે માટે પણ ઉત્તમાંગ. સામાન્ય રીતે બધાની ઉપર મસ્તક હોય પણ શ્રીનાથજીની ઉપર મસ્તક નથી શ્રીનાથજીના સ્વરૂપમાં વામભુજા મસ્તક ઉપર બીરાજમાન છે એટલે ભાગવતજીનો છેલ્લો સ્કંધ આશ્રયલીલા એ શ્રીનાથજીની ઊર્ધ્વવામ ભુજા છે તો આપણે પૂછીએ કે ડાબો હાથ અધ્ધર કેમ રાખ્યો છે ? તો એક તો પ્રસિદ્ધ વાત બધા જ જાણે છે કે ગોવર્ધન ઉઠાવ્યો છે માટે. પણ ના, એ મુખ્ય વાત નથી. મુખ્ય વાત તો પ્રભુ પોતાની વામભુજા વડે ભક્તોને પોતાની પાસે બોલાવે છે એ વાત આપણે કાલે કરી. કો'ક બહુ દૂર હોય તો એને બોલાવવા માટે હાથ ઉંચો કરવો પડે, પાસે હોય બોલાવી શકો. આપણે એનાથી બહુ દૂર ગયા છીએ માટે તો દુઃખી છીએ.

સચ્ચિદ્ આનંદનો અંશ પોતાને અંશતઃ માનતો હોય, સચ્ચિદ આનંદનો અંશ પોતાને અચિત માનતો હોય એટલે અચેતન માનતો હોય. સચ્ચિદાનંદનો અંશ પોતાને આનંદરહિત અનુભવ કરતો હોય એ કેટલું દુઃખ કહેવાય ? આપણે સત્ અંશ છીએ છતાં આપણે માનીએ છીએ કે હું કાલે મરવાનો ! અરે સત્‌નો અંશ મરે કેમ ? ભાગવત સમજાવે છે કે તમને મૃત્યુ છે જ નહીં. હા ! મરશે એ કે જેણે જનમ લીધો છે. તમે જો એમ માનતા હો કે તમે જન્મ્યા, તો મરવા તૈયાર રહેજો અને જો તમે માનતા હો કે તમે અજન્મા છો તો તમને કોઈ મારી શકે તેમ નથી. મૃત્યુ જન્મનું બીજું પાસું છે. તમારી પાસે સિક્કો આવે તો સિક્કાના બે પાસા આવે કે નહીં ? એમ જીવનના બે પાસા છે - જન્મ અને મરણ. અમર થવું હોય તો સારામાં સારો ઉપાય એક જ છે પોતાને અજન્મા જાણો. પહેલા તો પ્રભુ બોલ્યા **न जायते...** પછી બોલ્યા **न म्रियते...** પહેલાં કહ્યું **न जायते...** ન જાયતે તમારો જન્મ જ નથી થયો, તમે અજન્મા છો અને જો તમારો જન્મ નથી થયો તો તમારું મૃત્યુ નહીં થાય. આ વાત હું તમને બે ત્રણ વખત સમજાવીશ કારણ કે ભાગવતનાં પાંચ ફળોમાંનું આ એક ફળ છે. **ભાગવતના પાંચ ફળ ગણાવ્યાં છે એમાં પહેલું ફળ છે ભગવાનનો હૃદયમાં સાક્ષાત્ પ્રવેશ.** You can Feel થાય એ ભાગવતનું પહેલું ફળ છે. **બીજું ફળ સર્વસંદેહની નિવૃત્તિ.** જે કાંઈ સંદેહ હશે તમને, એ બધાની નિવૃત્તિ થશે. આ બીજું ફળ. **ત્રીજું ફળ છે ભગવાનની કૃપા. ચોથું ફળ છે નિર્ભયતા અને પાંચમું ફળ છે પરમ પ્રેમ.** બિલકુલ મહાપ્રભુજીના શબ્દો, મહાપ્રભુજીએ આપેલો ક્રમ એ જ ક્રમમાં હું તમને સમજાવું છું. આ ભાગવતનાં પાંચ ફળ છે, જો પ્રેમથી, શ્રદ્ધાથી, વિવેકથી, ભાવથી ભાગવત સાંભળશો આ પાંચેય તમને મળશે. પહેલું ફળ **ईश्वरः सद्यो हृदि अवरुध्यते** પ્રભુ તમારા હૃદયમાં આવીને એવી રીતે બિરાજશે કે પછી બહાર જ નહીં નીકળે. આ પહેલું ફળ કથા સાંભળે એના બધા જ સંદેહો દૂર થાય અને સંદેહને તો દૂર કર્યા જ છે એક પછી એક શુકદેવજીએ.

भिद्यते हृदय ग्रंथिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि सप्ताह श्रवणे कृते (भा. ५/६५)

આ ત્રણ મુદ્દા પણ ધ્યાનમાં રાખજો. ભાગવતની સત્સંગના ત્રણ ફળ મળે. ભાગવતના ભાગવતના ખાસ હૃદયની સંશય ગ્રંથીઓ ભેદાય અથવા હૃદયની લાગણીથી ગ્રંથિઓ ભેદાઈ જાય. ગાંઠ તૂટે. હૃદયમાં બે ગાંઠો છે, અહંતા અને મમતા. શાસ્ત્ર અને મુક્તિ કહે છે, મુક્તિ એટલે શું ? તમે ક્યાંક બંધાયેલા હતા એમાંથી તમને છૂટા કર્યા. મુક્તિનો મતલબ છુટવું. શેનાથી છુટવું ? ગાંઠથી છુટવું. કઈ ગાંઠ ? અહંતા અને મમતા. આ સત્સંગનું એક ફળ. બીજું ફળ બધા સંશયનો નાશ કરશે. ભગવાનની કથા સાંભળેને એને બે સંદેહ બહુ થાય. ભગવાનની અલૌકિક કથાઓનું શ્રવણ કરતાં બે પ્રકારના સંદેહો આપણા મનમાં જરૂર આવે છે. **એક અસંભાવના અને બીજી વિપરીત ભાવના. અસંભાવના એટલે આપણને લાગે આ Possible નથી, આવું કેવી રીતે બને ?** સાત વર્ષના બાળકે ટચલી આંગળીનાં નખ ઉપર ગોવર્ધન પર્વતને ઉઠાવ્યો ! વસુદેવજી લઈને જતા હતા ને યમુનાજીએ માર્ગ આપ્યો, આવી બધી અલૌકિક વાતો સાંભળીએ. આખા વનમાં આગ લાગી હતી ને કૃષ્ણ પી ગયા ! આવી બધી અસંભાવના, આવી શંકાઓ થાય, એનો નાશ કરે છે. પછી બીજો સંશય છે વિપરીત ભાવના. **વિપરીત ભાવના એટલે આપણને ભગવાનની કૃતિમાં દોષ દેખાય.** કૃષ્ણ યશોદાની આગળ ખોટું બોલ્યા કે મેં માટી નથી ખાધી, ગોપીઓના ચીર લઈ અને વૃક્ષ ઉપર ચડી ગયા અને ગોપીઓને કહ્યું કે તમે જળની બહાર આવો. આસો માસની પૂર્ણિમાએ વેણુનાદ કરી અને ગોપિકાઓને બોલાવીને રાસ રમ્યા, કપટી કૌરવોની સામે એમણે પણ ઘણા કપટ કર્યા. ભગવાનની કૃતિમાં દોષ દેખાય તો આપણી બુદ્ધિમાં રહેલો વિપરીત ભાવના નામનો દોષ છે. શ્રદ્ધા નહીં હોય તો આ બે સંશયો તમને હેરાન કરશે. ભગવાને આમ કેમ કર્યું, આમ કેમ કર્યું ? આજે પણ આપણે કોઈ સારા માણસને દુઃખી જોઈએ ને તો તરત કહીએ છીએ કે જોને ભગવાનની ઘેર કેવું છે ? આ બિચારા આટલા ધાર્મિક છે તોય એને ભગવાન આટલું દુઃખ આપે છે ? આવું વિચારવું પણ અપરાધ છે. ભગવાને કોનું શું કરવું જોઈએ એ આપણે શીખવીશું કે તારે આમ કરવું જોઈએ, તારે આમ ન કરવું જોઈએ. અલૌકિક કથા જ્યારે સાંભળતા હો ત્યારે લૌકિક બુદ્ધિને વચ્ચે ન લાવો, એ મહાપુરુષોની લીલાઓ છે એમાં સંદેહ કરવાની જરૂર નથી. સંદેહ પણ ન કરવો જોઈએ અને અનુકરણ પણ ન કરવું જોઈએ.

પૂજ્ય દાદાજી કૃષ્ણશંકર શાસ્ત્રીજી એક બહુ સુંદર કથા કહેતા હતા. એક બહેન કથા સાંભળવા આવ્યા હતા. અનસૂયાનું ચરિત્ર આવ્યું. અત્રિ અને અનસૂયાનું ચરિત્ર આવ્યું, એ કથામાં એવું વર્ણન આવ્યું કે અનસૂયાદેવી ખાંડતા હતા સાંબેલું લઈને એટલામાં પતિને કાંઈક જળની જરૂર પડી એટલે અત્રિ ઋષિએ કહ્યું જળ લાવો એટલે અનસૂયા સતીએ સાંબેલું છોડી દીધું. પતિએ માંગ્યું જળ, ઊભા થઈ ગયા તો સાંબેલું અદ્ધરને અદ્ધર એમ જ રહ્યું. એ ઊભા થયા, જળ ભરીને લાવ્યા, પતિને જળ આપ્યું અને પછી જે અધ્ધર સાંબેલું હતું એને પકડીને ખાંડવા લાગ્યાં. બેને વિચાર કર્યો કે આ પ્રયોગ ઘરે જઈને કરવા જેવો છે. એ તો ઘરે ગયા, બધી વસ્તુ ગોઠવી દીધી, સાંબેલું લાવીને મૂકી દીધું, પતિ સાંજે ઓફિસેથી ઘરે આવ્યા. 'આવી ગયા ? સારું થયું. હું તમારી જ રાહ જોતી હતી. ચાલો હું અહીંયા ખાંડવા બેઠી છું અને મારે હાથ બરાબર ઉપર જાય એટલે તમારે કહેવાનું કે પાણી લાવો.' પતિ કહે કે આ છે

શું ? 'એ પછી તમને ખબર પડશે, હમણાં ચૂપચાપ હું કહું એમ કરો.' 'આટલો ગુરુમંત્ર જેને સાંભળવાની તૈયારી હોય એને જ મંડપમાં હાજર થવું નહીં તો ગોર મહારાજ તો સાવધાન સાવધાન કરતા હોય જ છે' તમને આમાં ખબર ન પડે પણ છે શું ? એ તો હું કથામાં ગઈ હતી. હવે પેલા તો જ્યાં ખાંડવા બેઠાં અને જ્યાં હાથ ઉપર ગયો એટલે પતિ બોલ્યા પાણી આપો. આમણે સાંબેલું મૂક્યું અને સીધું આવ્યું માથા ઉપર ! ઓ બાપા રે ! કહીને પડ્યા. પતિને થયું કે આ કઈ વિધિ ? પછી તો પતિ ગયો, પાણી લાવ્યો, થોડું છાંટ્યું. બેઠા થયા પતિએ કહ્યું કે, 'હવે આ તમારી લીલાનું રહસ્ય સમજાવો, આનું ફળ શું મળે ? તો કહે કે ફળ તો મને મળી ગયું, હવે આગળ કાંઈ પૂછવાની જરૂર નથી.' પણ મારે જાણવું છે. તો શરમાતા શરમાતા બોલ્યા કે હું આજે કથામાં ગઈ હતી અને મહારાજે કથામાં એમ કહ્યું કે પતિએ જળ માંગ્યું એટલે પત્નીએ સાંબેલું મૂકી દીધું તો સાંબેલું એમનું એમ જ રહ્યું. પતિએ કહ્યું, અરે ગાંડી ! એ સતી અનસૂયાની કથા હતી. પતિ અત્રિ હતો, પત્નિ અનસુયા હતી, એમનામાં એ બની શકે. હું અત્રિ નથી અને તું અનસુયા નથી, સાંબેલું અધ્ધર ન રહે, એ માથે જ વાગે. **દેવોની અલૌકિક લીલાઓ પર સંદેહ ન કરવો અને અનુકરણ પણ ન કરવું.**

મહાદેવજી ઝેર પી ગયા. આપણાથી અનુકરણ થાય ? પણ મહાદેવજીની બધી પ્રસાદી પીવા લાયક નથી હોતી. કૃષ્ણ કોઈના ઘરમાં જઈને માખણની ચોરી કરે અને લોકો એને 'જય રણછોડ, માખણ ચોર' કહીને બોલાવે. એને ચોર કહો એ વાત જુદી છે, પણ મનુષ્યથી થોડું એનું અનુકરણ કરાય ? એટલે કથા દ્વારા બે પ્રકારના સંશયોની નિવૃત્તિ થાય છે, અસંભાવના અને વિપરીત ભાવના. ભગવાનની કોઈ કૃતિ અસંભવ નથી, ભગવાનની કોઈ કૃતિ વિપરીત નથી. ધર્મથી વિપરીત નથી. ત્રીજું ફળ ભાગવત ત્રણ કામ કરશે. હૃદયમાં રહેલી અહંતા-મમતાની ગતિને તોડશે. એની ચર્ચા આપણે બ્રહ્મસંબંધની બાબતમાં કરી ગયા અને હજી આગળ આવશે. તમારા મનની બધી જ શંકાઓને છેદે છે. **क्षीयन्ते चास्य कर्माणि** કર્મનો નાશ કરશે, આ બધા બાધકો છે અને એટલે જ એનો નાશ કર્યોને. હૃદયની ગ્રંથીઓ બાધક છે, સંશયો બાધક છે. તમે શંકા લઈને કથામાં બેઠા, કથા તમારી અંદર નહીં ઉતરે. કેટલીક વાર કર્મ પણ બાધક થાય છે. એમ તો શ્રવણમાં ભૂત પ્રતિબંધ, વર્તમાન પ્રતિબંધ, અને ભવિષ્ય પ્રતિબંધ એમ ત્રણ પ્રતિબંધ બતાવ્યા છે. અંદરના અને બહારના પ્રતિબંધો પણ છે. બહારનું પ્રતિબંધ શું ? તમને વાહન ન મળ્યું અથવા બિમાર પડી ગયા, ન આવી શક્યા. અને અંદરનો પ્રતિબંધ - કથામાં આપણને પ્રેમ જ ન હોય, ભગવાનની કથા સાંભળવી ગમતી જ ન હોય તો એ અંદરના પ્રતિબંધ છે. પણ આ બધા જ પ્રતિબંધોને દૂર કરે છે તો આ વાત ધ્યાનમાં રાખજો.

પ્રથમ સ્કંધ અધિકાર લીલા, બીજો સ્કંધ સાધન, ત્રીજો સ્કંધ સર્ગ, ચોથો સ્કંધ વિસર્ગ, પાંચમો સ્કંધ સ્થાન, છઠ્ઠો સ્કંધ પુષ્ટિ, સાતમો સ્કંધ ઊતિ, આઠમો સ્કંધ મન્વંતર, નવમો સ્કંધ ઈશાનુકથા, દસમો સ્કંધ નિરોધ, અગિયારમો સ્કંધ મુક્તિ અને છેલ્લો સ્કંધ દ્વાદસ શ્રીનાથજીએ શ્રી મસ્તક ઉપર ધારણ કરેલો શ્રીહસ્ત આશ્રય લીલા ! એટલે ભગવાન પોતાની ભુજા ઉપર કરીને ભક્તોને બોલાવે છે, પોતાના આશ્રયમાં લે છે. સ્વર્ગ એટલે ઉત્પત્તિ અને આશ્રય એટલે પ્રલય. તો લીલાનો આરંભ ઉત્પત્તિ છે અને નિરુપણ છેલ્લે થાય છે આશ્રય એટલે પ્રલય સુધી એટલે છેલ્લા સ્કંધમાં ચાર પ્રલયનું નિરુપણ આવે છે, આ બધું જ આપણે

ભાગવતજીમાં સાંભળીશું. પ્રથમ સ્કંધ અધિકારલીલા, એના ત્રણ પ્રકરણ. પહેલું પ્રકરણ છે હીનાધિકાર, બીજું છે મધ્યમાધિકાર અને ત્રીજું છે ઉત્તમાધિકાર. એક વાત સમજી લો. કોઈપણ વસ્તુ અધિકાર વિના સિદ્ધ નથી થતી. અધિકારના અભાવમાં ભાગવતનું ત્રણેય પ્રકારનું જ્ઞાન, જે થવું જોઈએ તે નહીં થાય. કોઈપણ જ્ઞાન અલૌકિક વિષયમાં ત્રણ તબક્કે થવું જોઈએ. **જ્ઞાનના ત્રણ પગથિયાં. પહેલું પગથિયું સ્વરૂપજ્ઞાન, બીજું પગથિયું અર્થજ્ઞાન અને ત્રીજું પગથિયું અભિપ્રાયજ્ઞાન-તાત્પર્યજ્ઞાન.** ભાગવતજીનું સ્વરૂપ નહીં સમજાય અધિકાર નહીં હોય તો ભાગવતજીનો અર્થ નહીં સમજાય સાંભળીએ તો પણ અને ત્રીજું કયા તાત્પર્યથી, કયા અભિપ્રાયથી આ વાત કહેવામાં આવી છે તે પણ નહીં સમજાય. અધિકારના અભાવમાં જ્ઞાન રુંધાઈ જાય છે એટલે અધિકાર જરૂરી છે. ગીતાનો પહેલો અધ્યાય અર્જુનનો અધિકાર બતાવે છે. ગીતાના પહેલા અધ્યાયમાં ઉપદેશ ક્યાં છે ? કદાચ એ અધ્યાય ન હોય તો પણ ચાલી જાય કારણ કે ભગવાનનો ઉપદેશ તો બીજા અધ્યાયથી છે, પણ પહેલો અધ્યાય કેમ લીધો ? **व्यासेन ग्रथिता पुराण मुनिना मध्ये महाभारत** વ્યાસજીએ એનું સંકલન કર્યું છે ગીતામાં પહેલો અધ્યાય લેવાની શી જરૂર હતી ? અને પહેલા અધ્યાયમાં તો નામ છે અર્જુનવિષાદયોગ. એ અધ્યાય અર્જુનનો અધિકાર બતાવે છે. શ્રીકૃષ્ણ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરવાનો, જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર. શિષ્યે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ત્રણ યોગ્યતા મેળવવી જોઈએ. એવું કૃષ્ણ ગીતામાં, જગતગુરુ કૃષ્ણ બોલ્યા છે.

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्वदशिनः (गीता ४/३८)

સદ્ગુરુ પાસે જાવ તો પહેલું છે પ્રણિપાત પ્રણામ કરો. વિદ્યા કાંઈ ખરીદી ન શકાય, પુસ્તક વેચાતું મળે, જ્ઞાન વેચાતું ન મળે. હાર્મોનિયમ ખરીદી શકાય, પણ સંગીત ખરીદી ન શકાય. એની તો સાધના કરવી પડે. જ્ઞાન અને વિદ્યા સાધનાથી મળે, એના કરતાં પણ વધારે સદ્ગુરુના અનુગ્રહથી મળે છે. **अस्त्रग्रामश्च भवता शिक्षितो यदनुग्रहात् (१/७/४४)** આ દ્રૌપદીના શબ્દો છે. શિષ્ય ગમે તેટલો યોગ્ય હોય, શિષ્યે શિષ્યધર્મનું પાલન કરવું જ જોઈએ. પણ વિદ્યા મળે છે ગુરુના અનુગ્રહથી, ગુરુકૃપાથી. અને એટલે માનવી જેમ જેમ વિદ્યાવાન થતો જાય છે એમ એમ વિનમ્ર થતો જાય છે. **गुरोः कृपा हि केवलम् !** એકરાર કરે છે કે મારું કાંઈ નથી, મારા ગુરુનું છે. ભાગવતનો આરંભ ગુરુવંદનાથી થાય છે. જેને ગુરુ મળ્યા નથી ને એનું જીવતર ઝેરી છે ! યહ તન વિષ કી વેલરી ! વિષની વેલી. જે લોકોને જીવનમાં સન્માર્ગ નથી મળ્યો એ લોકોની દુર્દશા જુવો, કેવી દુર્દશા છે જે લોકોના જીવનમાં ધર્મ નથી. **धर्मेण हीनाः पशुभिः समाना** જે લોકોને જીવનમાં ગુરુ નથી મળ્યા, જે લોકોને જીવનમાં શાસ્ત્ર નથી મળ્યું, જે લોકોને જીવનમાં સત્સંગ નથી મળ્યો, જેમના જીવનમાં ધર્મ નથી એ લોકોનું જીવન કેટલું બદ્તર છે એ તો જુવો ! એટલે શિષ્યનો પહેલો ધર્મ છે પ્રણામ.

એક શહેરની, શહેરમાં જન્મેલી કન્યાને ગામડાનાં એક છોકરાં સાથે લગ્ન થયા. વેકેશન આવ્યું એટલે એણે કહ્યું કે તમારા ગામડે જઈએ, હું જોઉં તો ખરી કેવું છે ગામડું ? તો કે ચાલો જઈએ. ગયા. સવાર પડી એટલે સાસુએ કહ્યું કે કૂવે જળ ભરવા જવું છે. તો બહેનને થયું કે મારે સાસુને Help તો કરવી જોઈએ, એટલે કહ્યું, બા, એમ કરોને ! ઘડો મને આપી દો હું ભરી લાવું છું. બાએ કહ્યું બેટા તને ન ફાવે. "કેમ ન ફાવે ? બી.એ. કરેલું છે, એમ.એ.માં હું First class

First આવી હતી. મને ન આવડે ?" બાએ કહ્યું, "તને ન ફાવે." "ના.. ના... " સાસુએ કહ્યું, "ભલે લે લઈ જા." દોરડું આપ્યું, ઘડો આપ્યો. પેલા બહેન આવ્યા કુવા પાસે, ધીરે ધીરે ઘડો ઉતાર્યો કુવામાં અને ઘડો તો પાણી ઉપર તરવા લાગ્યો. સીધો ઘડો મૂકી દો તો શું થાય ? એને થયું કે આ ઘડો બનાવનારની ભૂલ છે, નીચે કાણું રાખવું જોઈએ, આમાં પાણી જાય કેવી રીતે ? આને હવે કરવું શું ? આ તો ઘડો પાણીમાં તર્યા કરે છે. એટલામાં ગામડાની બીજી થોડીક બહેનો આવી. આ મૂંઝાઈને ઉભી હતી. બેટા, શું થયું ? તો કે, આ ઘડામાં પાણી નથી આવતું. તો કહે એમને એમ થોડું આવે ? જો આ ઘડાને દોરડાથી આંચકો માર, આંચકો મારશે ને ઘડો નમશે અને નમશે તો એમાં પાણી ભરાશે. દોરડાથી એક-બે વાર આંચકા માર્યા, ઘડો નમ્યો, અંદર પાણી ભરાઈ ગયું. પાણી લઈને ઘરે આવ્યા. એમ કાંઈ કાણું ન પડાય, કાણું પાડ્યું હોય તો ઘડો ભરાઈ પણ જાય, પણ પછી ઉપર ખેંચતા ખેંચતામાં તમે સમજ્યા ? આ ઘડો જ્યાં સુધી નમે નહીં ત્યાં સુધી એનામાં કશુંજ ભરાતું નથી, ભલે કુવામાં તરતો હોય. આ ઘડો છે ને જ્ઞાન ક્યાં ભરશો એટલે સદ્‌ગુરુના ચરણમાં આપણે આપણું મસ્તક મૂકીએ છીએ, એ મસ્તક મૂકવાનો મતલબ છે. **तद विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया (गीता)** ગુરુના ચરણમાં પ્રણામ કરવા એ કેવળ Discipline કે શિષ્ટાચાર નથી, પરંતુ જે કાંઈ પામવાનું છે મારે એ આ ચરણારવિંદમાંથી પામવાનું છે, એ ભાવ રહેવો જોઈએ **तद विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया (गीता)** અને ગુરુ વ્યક્તિ નથી આ પણ યાદ રાખજો, ગુરુ વ્યક્તિ નથી ગુરુ શક્તિ છે, વ્યક્તિ નથી ગુરુ પરંપરા છે. તમે જેને ગુરુ માનો છો એનાય ગુરુ છે, એનાય ગુરુ છે, એનાય ગુરુ છે. આપણી પાસે ભાગવત આવ્યું, ચાલો હું તમને ભાગવત સંભળાવું છું, પણ ભાગવત કાંઈ હું તમને થોડું સંભળાવું છું ? શુકદેવજીએ કેટલી વિનમ્રતાથી પરીક્ષિત રાજાને કહ્યું, **अधीतवान् द्वापरादौ पितुर्धैपायनादहम्** અને દરેકમાં આ નમ્રતા છે. સુત પુરાણી પણ કહે છે કે મારા ગુરુદેવ શુકદેવજી મહારાજે પરીક્ષિતને આ કથા કહી હતી અને કૃપા કરીને મને પણ સંભળાવી હતી તે હું તને કહું છું. મેરા અપના કુછ ભી નહીં હૈં. સૌએ કહ્યું છે કે ભાગવતનો ખરા વક્તા તો કૃષ્ણ પોતે છે. કાલે મેં તમને ભાગવતની વ્યાખ્યા કહી હતી **भगवता प्रोक्तं भागवतम् (भा.)** ચતુશ્લોકી ભાગવતના મૂળ વક્તા તો ભગવાન છે. તમે એક દીવામાંથી બીજો દીવો પ્રગટાવ્યો, બીજામાંથી ત્રીજો. જ્યોત એક પછી એક આગળ વધતી જાય છે પણ પહેલા અને છેલ્લા દિવાની વચ્ચે જે દીવાઓ છે, એક પરંપરા છે. એમ ગુરુ એક પરંપરા છે અને એટલા માટે કોઈ દિવસ ગુરુમાં દોષ ન જોવા, ક્યારેય પણ દોષ ન જોવા કારણ કે ગુરુ વ્યક્તિ નથી, વ્યક્તિ હોય તો દોષ હોય. એ વ્યક્તિ નથી અને તમે જ્યારે વંદન કરો છો ત્યારે ગુરુનામની કોઈ હાડકા-માંસથી બનેલી હાડપીંજર કે શરીરથી બનેલી કોઈ વ્યક્તિને નહીં, એની અંદર રહેલા ગુરુતત્ત્વને વંદન કરો છો, જેનામાં તમારામાં જ્યોત પ્રગટાવવાનું સામર્થ્ય છે. દયારામે કહ્યું છે બહુ મનનીય બાબત છે ઉત્તમમાં ઉત્તમ સાધન જો હોય ધર્મનું તો સત્સંગ છે, "સત્સંગ સર્વનો સાર છે. એનો મુઢન જાણે મર્મ....." સમજવા જેવી બાબત છે, ધ્યાનથી સમજો. માનો કે દિવાળીની રાત છે, તમે સો કોડિયા ગોઠવ્યા છે અને તમારા હાથમાં એક પ્રજ્વલિત કોડિયું છે. હવે એ પ્રગટેલા કોડિયાથી તમે એક પછી એક પ્રગટાવતા પ્રગટાવતા છેલ્લા કોડિયા સુધી જાઓ તો મૂળ કોડિયાની મુખ્ય જે દીવો હતો એની જ્યોત કેટલી ઝાંખી પડે ? એકમાંથી સો થાય તો એક શતાંશ જેટલી ઝાંખી પડે ? કેમ ? એમાંથી તો આ બધું થયું ? નવ્વાણું કોડિયામાં જ્યોત

આવી ક્યાંથી ? પહેલામાંથી જ આવીને ? જો એકમાંથી નવ્વાણુંને મળે તો એકમાંથી ઘટવું જોઈએ ને ? થાળીમાંથી પ્રસાદ નવ્વાણું જણને પ્રસાદ આપું તો ઓછો થાય કે ન થાય ? થાય. તો દીવાની જ્યોત કેમ ઓછી ન થઈ ? કારણ કે જ્ઞાન એ પરમાત્માનું સ્વરૂપ છે અને પરમાત્મા અવ્યય છે અને એટલે જ ગુરુએ પણ જ્ઞાન આપવામાં કૃપણ ન થવું જોઈએ. શિષ્યે જ્ઞાન પામવામાં લોભી થવું અને ગુરુએ જ્ઞાન આપવામાં ઉદાર થવું શિષ્ય લોભી હોવો જોઈએ. ગુરુ ઉદાર હોવા જોઈએ. લોભીનો મતલબ એને સંતોષ ન થવો જોઈએ. બસ હો ગયા, ક્યા હો ગયા? અનંત જન્મો સુધી ખૂટે નહીં, જ્ઞાનનો તો સાગર છે. અંત આપણો આવશે જ્ઞાનનો થોડો આવશે ? શિષ્ય લોભી હોવો જોઈએ હજુ વધારે જ્ઞાન મળે, હજુ વધારે જ્ઞાન મળે, હજુ વધારે જ્ઞાન મળે. **नैषातिदुःसहाक्षुन्मां त्यक्तोदमपि बाधते** હે મહારાજ ! કથા કહેતા રહો મને ભોજનની ઈચ્છા નથી, મને જળ પીવાની ઈચ્છા નથી. હું ભૂખ્યો-તરસ્યો છું જ નહીં. શુકદેવજીને પરીક્ષિતે ચોથા દિવસે આ શબ્દો કહ્યાં. શિષ્યમાં લોભ હોવો જોઈએ વિદ્યાનો. હજી વધુ, હજી વધુ, હજી વધુ. બે વસ્તુમાં લોભી થવું - વિદ્યામાં અને સંપત્તિમાં. તમે કહો કે આ બીજું કેમ બોલ્યા ? અને એ એટલા માટે - મનુષ્ય સંપત્તિ ભેગી કરે એમાં કોઈ દોષ નથી કારણ કે તમારી પાસે જેટલી વધુ સંપત્તિ આવશે એટલું તમે વધુ ધર્માચરણ કરશો, એટલું વધારે પ્રકારે પ્રભુનું કાર્ય કરી શકશો. વિદ્યા પણ એક પ્રકારની સંપત્તિ છે ને. **विद्यानाम नरस्य रुपमधिकम् (नीति)** શિષ્ય લોભી હોવો જોઈએ, ગુરુની પાછળ પડી જવો જોઈએ. મને આ સમજાવો, આ સમજાવો, આ સમજાવો. ગુરુને બિચારાને પાછળ પાછળ ફરવું પડે કે અલ્યા ભણો તો ખરા, એ આજની દશા છે અને શિષ્ય ભણવા જતો હોય તો Oblige કરે ગુરુને. વૈષ્ણવો યાદ રાખો તમે આ ત્રણના ઋણમાંથી જીવનમાં મુક્ત નહીં થઈ શકો. એક માતા-પિતાના ઋણમાંથી, એક ગુરુદેવના ઋણમાંથી અને એક ભગવાનના ઋણમાંથી. ગમે તે કરશો તો પણ એની કોડીના બદલામાં તમે કરોડ આપો તો પણ માતા-પિતા, ગુરુ અને ગોવિંદ - આ ત્રણના ઋણમાંથી ક્યારેય કોઈ મુક્ત થઈ શક્યો નથી અને થઈ શકવાનો પણ નથી. પૂછતા જાઓ, પૂછતા જાઓ. અર્જુન પૂછતો જ જાય છે અને કૃષ્ણ થાક્યા વિના ઉત્તર આપતા જ જાય છે. પરીક્ષિત પૂછતો જ જાય છે, શુકદેવજી પરિશ્રમનો વિચાર કર્યા વિના સાત સાત દિવસ સુધી, આ મહાનુભાવે ભાગવતમાં તો કહ્યું છે... પરીક્ષિતના શબ્દોમાં કે ગોદોહન કાળથી વધારે જે કોઈને ત્યાં રોકાય નહીં, શુકદેવજી શું કરવા કોઈને ત્યાં લાંબો સમય રહે ? દિગમ્બરને જોઈએ છે શું ? દાન-દક્ષિણા, માન-અપમાન. કંઈ નથી જોઈતું એમને તો, કાંઈ નહીં. સાવ વિરક્ત, વૈરાગ્યનો અવતાર. શા માટે એ સાત દિવસ સુધી એક સ્થળે રોકાય અને કલાકોના કલાકો સુધી અત્યંત સ્નેહપૂર્વક આ ઉપદેશ આપતો જાય, આપતો જાય ? એને શું જોઈએ છે બદલામાં ? પરીક્ષિત શું આપી શકે એમ છે સુકદેવજીને ? પરીક્ષિત કાંઈ નહીં આપી શકે કારણ કે એ પણ બધું છોડીને બેઠો છે. પરીક્ષિત વિરક્ત છે અને શુકદેવજી પણ વિરક્ત છે. વિરક્ત વિરક્તને શું આપશે ? અને એટલે જ ગુરુના ઋણમાંથી તમે મુક્ત ન થઈ શકો. કંઈ આપો તો પણ અને ન આપો તો પણ, મુક્ત ન થઈ શકો.

વિદ્યા પ્રાપ્ત કરવાની પહેલી દયારામનું ઉદાહરણ આપતો હતો કે એક પ્રગટેલો દિવો જેમ બીજા બધા દીવાઓને પ્રગટાવી શકે છે એમ એક વ્યક્તિના હૃદયમાં જ્ઞાન પૂરો એટલે એજ પ્રગટેલો દીવો અને શિષ્ય એટલે પ્રગટવાની તૈયારીમાં બેઠેલો દીવો બધું તૈયાર છે, Ready છે,

કોડિયું છે, તેલ છે, વાટ છે. રાહ જુએ છે કે ક્યારે જ્યોત ફરતી ફરતી મારા સુધી આવે અને એ જ્યોતને હું ઝીલી લઉં. ગુરુનો અર્થ એ છે કે એ પ્રગટી ચૂક્યો છે. ભગવાને બ્રહ્માને ત્યાં આ પ્રગટાવ્યો એટલે તો જ્ઞાનને દીપક કહ્યો ને ! **प्रज्वालितो ज्ञानमय प्रदीपः** જ્ઞાન દીપક છે, આપણે તૈયાર રહેવાનું. કોડિયું હોવું જોઈએ, વાટ હોવી જોઈએ, ઘી અથવા તેલ હોવું જોઈએ. કોડિયું એટલે પાત્રતા, અવધારણાની પાત્રતા. પછી ઘી અથવા તેલ એટલે સ્નેહ, વિદ્યા માટેનો પ્રેમ. શિષ્ય વિદ્યાર્થી જ નહીં વિદ્યા પ્રેમી હોવો જોઈએ કે પણ વિદ્યાનો અર્થ એ નહીં સ્નેહ એટલે ઘી અથવા તેલ અને વાટ એટલે બુદ્ધિ. કારણ કે એ જ પકડે છે જ્યોતને અને એ બુદ્ધિ વધારે જોઈતી હોય ફરીથી ગાયત્રી ઉપર વાત આવી. **धीयो यो नः प्रचोदयात्** ગાયત્રીમંત્રનું ફળ મોક્ષ નથી. પોતાની મતિ પ્રભુના ચરણમાં સમર્પિત કરી દેવાની. તું હવે એને સંભાળ, તું એને પ્રેરક થા, તું એને દોર. હવે મારી બુદ્ધિ ઉપર મારો કોઈ અંકુશ નથી. હવે મારી બુદ્ધિ તારા હાથમાં છે અને ભગવાને તો માંગી જ છે. **मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु** તારું મન મને સોંપી દે, તારી બુદ્ધિ મને સોંપી દે. આ ઉપદ્રવો આ બેના જ છે, બાકી બધું બહુ સારું છે. હાથ-પગનો કોઈ વાંક નથી. શરીરનો શો વાંક છે ? શા માટે શરીરને સતાવો છો ? **काहे को देह दमत, साधन कर मुरख जन ?** પુષ્ટિમાર્ગમાં દેહદમન નથી. જરાય શરીરને સતાવશો નહીં. દુશ્મન છે તમારું કે તમે એને સતાવો. આંખોને સારી રાખો કારણ કે એનાથી શ્રીનાથજીના દર્શન કરવાના છે. કાન તંદુરસ્ત રાખો કારણ કે એની કથા સાંભળવી છે. પગ મજબૂત રાખો ગિરિરાજજીની પરિક્રમા કરવી છે. વૈષ્ણવોનું શરીર એકદમ Fitnessવાળું હોવું જોઈએ. કેમ ? એનાથી ભક્તિ કરવી છે, એનાથી ઠાકોરજીને લાડ લડાવવા છે, એનાથી જીવન સાર્થક કરવું છે, તો બિલકુલ Fitness હોવી જોઈએ. તો શરીરનો શો વાંક છે કે એને સતાવીએ. શરીરના બે જ તત્ત્વ છે, ઉપદ્રવ છે - મન અને બુદ્ધિ. અને કૃષ્ણ કહે છે તમારી પાસે રાખો જ નહીં, મને આપી દો. જે દુઃખ આપનારા છે, એ સુખ આપનારા બની જશે. જે તમને પરેશાન કરનારા છે, એ તમને વરદાન રૂપ બની જશે. મન અને બુદ્ધિ દુઃખ આપે છે. એક નાનો પ્રસંગ કહું. આપણે બધા કેમ દુઃખી થઈએ છીએ અને કેવી રીતે દુઃખી થઈએ છીએ. આ પ્રસંગને જિંદગીભર ભૂલવા જેવો નથી. બહુ નાની વાત છે પણ એમાંથી ઘણું બધું આપણું Clear થાય એવું છે.

એક ચિત્રકાર ચિત્ર વેચવા માટે Footpath ઉપર બેઠેલો. પશ્ચિમના દેશોમાં તો આ રીતે બેસતા હોય છે. એક શેઠ પસાર થતા હતા, કલાના શોખીન, ઊભા રહ્યા. હવે ચિત્રકાર આ ચિત્ર વેચવા માટે બહુ દિવસથી બેઠેલો એણે નક્કી કર્યું હતું કે આ ચિત્રના દસ હજાર રૂપિયા લેવા. પણ બહુ દિવસથી ખપ્યું નહીં એટલે મનોમન નક્કી કર્યું કે પાંચ હજારમાં વેચી દેવું. શેઠ ગાડી લઈને ઊભા રહ્યા. 'ચિત્ર બહુત બઢિયા હૈ, બોલ ક્યા લોગે ?' 'પાંચ હજાર લેંગે.' શેઠે પાકીટ ખોલ્યું પાંચ હજાર રૂપિયા આપી દીધા, ચિત્રને પેક કરાવી ગાડીમાં મૂક્યું. આટલી કથા હોત તો તો સારું હતું, પણ માણસ આ ધરતી ઉપરનો સૌથી દોઢડાહ્યો પ્રાણી, પૈસા હાથમાં આવી ગયા પછી ચિત્રકારે કહ્યું કે બહુ દિવસથી વેચાતું નહોતું એટલે પાંચની જગાએ બે હજાર કહ્યા હોત તો પણ આપી દેત. પછી શેઠે કહ્યું કે હું આના પચીસ હજાર સુધી આપવા તૈયાર હતો.

જે પરિવારમાં, જે આર્થિક સ્થિતિમાં, જે પારિવારીક સ્થિતિમાં, જે મનઃસ્થિતિમાં મૂક્યા; એ સ્થિતિમાં આપણે પ્રસન્નતાપૂર્વક જીવવું. કેમ ? આનો જવાબ આમાં છે, **'નિર્મમ.'** સ્નેહ કરનારા સ્વજનો હશે તો એ

આપણા નથી, વેર કરનારા સ્વજનો હશે તો એ પણ આપણા નથી. મેં તમને હમણાં જ કહ્યું કે મહેલ હોય તો પણ એ આપણો નથી. લઈ નહીં જઈએ. ઝૂંપડી પણ આપણી નથી કારણ કે તણખલું પણ નહીં લઈ જઈ શકીએ. તમે મહેલમાંથી સોનાની લગડી નહીં લઈ જઈ શકો. તો નથી મહેલ તમારો, નથી ઝૂંપડી તમારી. તમારું કાંઈ નથી તો શાને માટે તમે દુઃખી થાવ ? એટલે જીવનની મોટાભાગની ઉપાધિઓનું સમાધાન આ **'નિર્મમ'** શબ્દમાં છે. ગીતાજીમાં ભગવાનને બહુ વ્હાલો શબ્દ છે **નિર્મમો નિરહંકારઃ**, મેરા કુછ નહીં હૈ, મુઝે ક્યોં દુઃખ હોગા ? આ ભાવના બાકીની કથા આગળ કહું તો આત્મદેવ બ્રાહ્મણને ફળ આપ્યું. પહેલા એને ઉપદેશ આપ્યો. ઉપદેશનો અધિકારી ન હતો તો ઉપાય આપ્યો. ફરીથી કહું છું ઉત્તમમાં ઉત્તમ ઉપદેશ છે. ઉપાય નથી, રોગને મટાડવો હોય તો દવા ઉત્તમ નથી રોગનું કારણ શોધી રોગ ન થાય એના માટેના કારણો વિચારીને એનો ઉપાય કરવામાં આવે ચિકિત્સા એ બહુ મોટી વાત નથી. આજે તાવ આવે ને તમે દવા લીધી. કાલે પાછો આવશે તો તમે શું કરશો ? પછી એ ફળ પત્નિએ ખાધું નહીં, ગાયને ખાવા નાંખી દીધું. પોતાની બહેનનો પુત્ર વેચાતો લઈને આવી એનું નામ ધુંધુંકારી. ગાયને જે ફળ નાંખી દીધું હતું એમાંથી ગોકર્ણ નામનો પુત્ર થયો. એના કાન ગાય જેવા હતા. ગોકર્ણ પંડિત જ્ઞાની છે, ધુંધુંકારી બહુ દુષ્ટ છે એટલો દુષ્ટ છે કે બાપને એક દિવસ કહેવું પડ્યું કે આના કરતાં હું નિઃસંતાન હતો એ સારું હતું. **वन्ध्यत्वं तु समीचीनं कुपुत्रो दुःखदायकः** વૈષ્ણવો ! ભગવાન પાસે ક્યારેય હઠ કરીને સુખ ન માંગવું. કદાચ તમે બહુ હઠ કરીને કોઈ વસ્તુ માંગો તો એ વસ્તુ મળશે પણ એ વસ્તુ તમને સુખી નહીં કરે. ધારો કે ભગવાન પાસે બહુ હઠ કરીને ધન માંગો તો એ ધનના ઢગલા કરી દેશે, પણ એ ધન તમને સુખ નહીં આપે. ધારો કે ભગવાનની જોડે હું બહુ જ હઠ કરીને સંતતિ માંગુ તો કદાચ એ સંતતિ મને મળે પણ એ સંતતિ મને સુખ નહીં આપે. અને માનવીનું લક્ષ્ય તો સુખ છેને. સંપત્તિ સુખ ન આપે, પરિવાર સુખ ન આપે, પુત્ર સુખ ન આપે કે જગતની બીજી કોઈ વસ્તુ સુખ ન આપતી હોય તો શું કરવાનું ? કોઈ વસ્તુ ભગવાન પાસે હઠ કરીને ન માંગવી, એટલે જ કહ્યું. **प्राप्तं सेवेत निर्ममः** દુરાગ્રહ કરીને માંગેલું નહીં, પ્રભુની મરજીથી મળેલું. પછી તો એ એટલો બધો દુષ્ટ થયો કે બાપને વૈરાગ્ય થઈ ગયો. એક બાજુ પુત્રનો ઉપદેશ, બીજી બાજુ દીકરાની દુષ્ટતા. આત્મદેવ બ્રાહ્મણ વનમાં ગયા. તેમને મોક્ષ ગતિ પ્રાપ્ત થઈ. ધુંધુલીએ આત્મહત્યા કરી. ધુંધુકારી પાંચ ગણિકાઓના હાથે મરીને પ્રેત થયો. એના પ્રેતત્ત્વની નિવૃતિ માટે ગોકર્ણએ ગયાજીમાં શ્રાદ્ધ કર્યું પણ એનો ઉદ્ધાર ન થયો. એણે રોતા રોતા કહ્યું કે મારી પાછળ સો વખત ગયાજીમાં શ્રાદ્ધ કરશો તો પણ મારી મુક્તિ નહીં થાય. કંઈક બીજો ઉપાય વિચારો. સૂર્ય ભગવાનને પ્રાર્થના કરી. ગોકર્ણએ સૂર્યભગવાનને આજ્ઞા કરી ભાગવત કથા સાત દિવસમાં સંભળાવો જેવો મહિમા ભાગવતનો છે એવો મહિમા સપ્તાહનો છે. આપણે સાથે બોલીએ છીએને ભાગવતસપ્તાહ પણ બે વસ્તુ જુદી છે ભાગવતથી એને મુક્તિ મળશે પછી કહ્યું. **श्रीमद् भागवतान्मुक्तिः सप्ताह वाचनं कुरुः** ભાગવતનો મહિમા તો છે પણ એ સાત દિવસમાં સાંભળવાનો વિશેષ મહિમા છે એટલે ભાગવત અને સપ્તાહ આ બે વસ્તુનું મહત્ત્વ છે. કથાનો આરંભ કર્યો. ધુંધુકારી વાંસમાં આવીને બેઠો, વાંસને સંસ્કૃતમાં વંશ કહે છે. એટલે આપણા વંશમાં જે હોય, અમુકત પૂર્વજો એ બધા એમાં આવીને બેસે અને પછી પહેલા દિવસે પહેલી ગાંઠ છૂટી, બીજા દિવસે બીજી અને ત્રીજા દિવસે ત્રીજી ચોથા... એકલા

વાંસની પણ શા માટે ? આપણી પણ રોજ એકાદ ગાંઠ કથા સાંભળ્યા પછી યા તો ખૂલવી જોઈએ કે પછી ટૂટવી જોઈએ. **भिद्यते हृदय ग्रन्थि छिद्यन्ते सर्व संशयाः** હૃદયની ગાંઠો ખૂલવી જોઈએ, એનાથી ફાયદો છે. પછી તો સાતમા દિવસે વિમાન આવ્યું. ધુંધુકારી ભાગવતના ગુણગાન કરતો કરતો આકાશમાં ગયો. આ ભાગવતનો મહિમા છે. ભાગવત કથા તીર્થમાં, ઘરમાં કે વનમાં થઈ શકે. વક્તાને વિનંતી કરવી. કથાનો આરંભ કરવો શ્રોતાઓએ ખૂબ ભાવથી કથાનું શ્રવણ કરવું. ભોજન માટેનો બહુ આગ્રહ નથી, ઉપવાસ કરી શકો તો સારું ! ન કરી શકો તો ભોજન કરો, પણ પહેલાં કથા સાંભળો પછી ભોજન કરો. હવે ત્રણ શ્લોક મંગલાચરણના કહી હું વિરામ કરીશ.

ભગવાન વેદવ્યાસે ત્રણ શ્લોકોમાં મંગલાચરણ કર્યું. આ શ્લોકો સુતપુરાણીએ નથી કહ્યા, વેદવ્યાજીએ પોતે જ કહ્યાં છે. પહેલા શ્લોકમાં ભાગવતનું બીજ છે, બીજા શ્લોકમાં એ વૃક્ષનું વર્ણન છે કે એ વૃક્ષની ડાળ પર ભાગવતરૂપી ફળ પ્રગટ થયું છે અને ત્રીજા શ્લોકમાં શ્રીમદ્ ભાગવતનો ફળ સ્વરૂપે પરિચય છે; આમ વસ્તુ એક જ છે પણ એની અવસ્થામાં ભેદ છે. પહેલી અવસ્થા છે બીજ, મધ્ય અવસ્થા છે વૃક્ષ અને પરાકાષ્ઠા એ ફળ. બીજા શ્લોકમાં વૃક્ષનું સ્પષ્ટ વર્ણન નથી, પણ જો પહેલા શ્લોકમાં બીજ હોય અને ત્રીજામાં ફળ હોય તો સ્વાભાવિક રીતે જ મધ્યમાં વૃક્ષ હોય. ભાગવતનું બીજ ગાયત્રી છે અને ગાયત્રીને વેદમાતા કહી છે એટલે વેદોનું પણ પ્રાગટ્ય ગાયત્રીમાંથી અને શ્રીમદ્ ભાગવત પણ વેદસ્વરૂપ હોવાથી, સંહિતા હોવાથી ભાગવતનું બીજ પણ ગાયત્રીમંત્ર છે. જે વાત ગાયત્રી મંત્રમાં સંક્ષેપમાં ચોવીસ અક્ષરોમાં કહેવાઈ એ વાત મંગલાચરણના આ પ્રથમ શ્લોકમાં જરાક વધારે વિસ્તારથી કહેવાઈ પરંતુ આ શ્લોકમાં ગાયત્રીનો જ મંત્ર છે એ સૂચિત કરવાને માટે ક્રિયાપદનો વૈદિક પ્રયોગ કર્યો ધીમહિ. ગાયત્રીમંત્રમાં પણ ક્રિયાપદ છે ધીમહિ. ઘણા બધા લોકોમાં એક ગેરસમજ છે કે ગાયત્રીમંત્ર સૂર્યની ઉપાસના છે. સૂર્યની ઉપાસના નથી પણ સૂર્યને પણ જેણે તેજ આપ્યું છે એ પરબ્રહ્મની ઉપાસના છે. સવિતા શબ્દ ઉપરથી ઘણાને એમ લાગે કે આ સૂર્યનો મંત્ર છે, પણ સવિતા શબ્દ નથી. છઠ્ઠી વિભક્તિ છે "**सवितुः वरेण्यम्** આ વાતનો સ્પષ્ટ ખુલાસો તમને ગીતાજીના પંદરમા અધ્યાયમાં મળે. શ્રીકૃષ્ણએ કહ્યું કે સૂર્યમાં જે તેજ છે તે હું છું, ચંદ્રમાની અંદર જે તેજ છે તે પણ હું છું. **यदादित्यगतं तेजो जगद् भासयतेऽखिलम् ।** એ તેજ શબ્દ જ ગાયત્રીમાં ગર્ભ છે. આમ ગાયત્રીમંત્રમાં એકપણ દેવનું નામ નથી. કૃષ્ણ, રામ, શિવ, પરબ્રહ્મ તો **जन्माद्यस्य** માં પણ એક પણ દેવનું નામ નથી.

પરમતત્ત્વ જ્યારે કોઈ આકાર ધારણ કરે ત્યારે એનું નામ પડે. પહેલું રૂપ છે પછી નામ છે. પહેલા બાળક જન્મે પછી નામ પડે. પહેલું આવે છે રૂપ અને પછી નામ પણ એનો ક્રમ લઈએ તો આપણો ક્રમ લઈએ તો પહેલા નામ પછી રૂપ. બહાર ઊભા ઊભા કોઈ બૂમ પાડે તો મગનભાઈ, તો બહાર મગનભાઈ જશે. સાધનની દૃષ્ટિએ જોવા જાવ તો પહેલું નામ પછી રૂપ. ભગવાનનું નામ લે એને ભગવાનના દર્શન થાય પહેલું નામ પછી રૂપ, પણ પ્રાગટ્ય ક્રમમાં એવું નથી પહેલા સ્વરૂપ છે અને સ્વરૂપ અતિ પ્રસિદ્ધ હોય તો એનું નામ લેવાની જરૂર નથી. ગાયત્રી મંત્રમાં નામ નથી 'તત્' શું કહેવાય ? ગુજરાતીમાં કહું તો 'તે' વ્યાકરણની ભાષામાં શું કહેવાય ? નામ નહીં પણ સર્વનામ. નામ ન લેવું હોય તો સર્વનામ લેવાય. 'ઓલા' આવ્યા હતા. કોણે કીધું ? 'પેલા'એ કીધું. આ 'ઓલા, પેલા, આ, તે', એ બધા સર્વનામ છે.

ગાયત્રી મંત્રમાં નામ નથી, સર્વનામ છે. કારણ કે સર્વ નામ પ્રભુના જ નામ છે. જગતમાં જે નામ છે એ બધા ભગવાનના જ નામ છે એટલે ભગવાનનું પ્રાગટ્ય થયું. જ્યારે દશમા સ્કંધમાં ત્યારે પણ નામ ન લેવાયું **तम् अद्भुतं बालकम्** તમ્ અદ્ભુતમ્ **तमद्भूतं बालकम्बुजेक्षणम् । चतुर्भुजं शंखगदाधुदायुधम् ।** નામ નથી તમ્ બાલકમ્ 'તે બાળક', કોઈ બાળક પ્રગટ થયો એમ નહીં. તે બાળક પ્રગટ થયો અથવા તે બાળક રૂપે પ્રગટ થયો. પણ કોણ (તમ્) બીજી વિભક્તિમાં (તમ્) પહેલી વિભક્તિમાં (તત્) ગાયત્રીમાં જે તત્ છે એ અહીંતમ્ છે, સર્વમાં જે સમાયેલો છે એ. (તત્ સવિતુ:) સૂર્ય માટે (સવિતા) શબ્દ છે અને સવિતા શબ્દ એટલા માટે છે કે તે જન્મ દાતા છે. સંસ્કૃતમાં 'સવ' ધાતુનો અર્થ છે જન્મ આપવો. 'સવ'ની આગળ આપણે 'પ્ર' લગાડીએ તો શબ્દ વધારે પરિચિત લાગશે. 'પ્રસવ' જે જગતને જન્મ આપે છે તે સવિતા. હવે સ્થૂળ રીતે વિચાર કરો કે આ પૃથ્વી સૂર્યમાંથી જ થઈ એવું ખગોળશાસ્ત્રી કહે છે. ખગોળશાસ્ત્રીઓ તો હમણાં બસો-પાંચસો વર્ષ પહેલા એ નિર્ણય ઉપર આવ્યા અને આ બધા મંત્રો દસહજાર વર્ષ જૂના છે. સૂર્યમાં રહેલું તેજ 'સવિતુર્' કેવું તેજ ? 'વરેણ્ય' ગાયત્રી મંત્ર એક સરસ વાત કરે છે. જીવનમાં વરણ કરવું હોય તો અંધકારનું વરણ ન કરશો, પ્રકાશનું વરણ કરજો અને અંધકાર અને પ્રકાશ પ્રારબ્ધ નથી કારણ કે પ્રારબ્ધમાં તો કશું વરણ થાય જ નહીં. જ્યાં જન્મ થવાનો હોય ત્યાં થાય, આપણા હાથમાં કાંઈ નથી. નહીંતર ઝૂંપડીમાં કોણ જન્મ લેવા તૈયાર થાય ? ચલો, જ્યાં પ્રારબ્ધ કામ કરે છે ત્યાં કરવા દો પણ જ્યાં આપણી પાસે સ્વતંત્રતા છે ચુનાવ કરવાની, Freedom of Selection ત્યાં તો આપણે મુક્ત છીએને ? તો માનવી પાસે બે માર્ગ છે, એક અંધકારનો માર્ગ **अंधेन तमसावृता** અને એક પ્રકાશનો માર્ગ છે. ગીતા આ બંને માર્ગની ચર્ચા શુક્લગતિ અને કૃષ્ણગતિ એવા રૂપમાં પણ કરે છે. કઠોપનિષદ્ આ બંને માર્ગની ચર્ચા "શ્રેયસ" અને "પ્રેયસ" એવા ભેદથી કરે છે. દરેકે પોતપોતાની રીતે વર્ણન કર્યું પણ મનુષ્યજીવન એક એવા દોરાહા ઉપર ઊભું છે કે તમારા હાથમાં છે કે તમે કયો માર્ગ પસંદ કરો, અંધકારનો માર્ગ કે પ્રકાશનો માર્ગ ? પ્રકાશ જ વરેણ્ય છે, વરણીય છે, વર છે, વરદાન છે. આ વરેણ્યનો જ સંબંધ વેદ એક મહામંત્ર સાથે છે. આ મંત્ર એટલો બધો મહાન છે કે મુંડકોપનિષદ્માં અને કઠોપનિષદ્માં પણ છે અને એવું કહી શકાય છે કે પુષ્ટિમાર્ગના Basic બેઝિક સિદ્ધાંતોમાંનો આ એક સિદ્ધાંત છે.

नायमात्मा प्रवचनेन लभ्यः न मेधया न बहुना श्रुतेन ।
यमैवेष स वृणुते तेन लभ्यः ।।

આ વેદ મંત્રમાં પુષ્ટિમાર્ગ સમાયેલો છે. તમારી ઘણી બધી મુશ્કેલીઓનું પણ આમાં સમાધાન છે અને ઘણી બધી જિજ્ઞાસાઓનું પણ આમાં સમાધાન છે. જુદા જુદા પ્રસંગે આપણે એની ચર્ચા કરીશું પણ એનું જે ત્રીજું ચરણ છે એ અત્યંત ઉપયોગી છે. **यमैवेष स वृणुते तेन लभ्यः ।** ટીકાકારોએ, આપણા આચાર્યોએ આ મંત્રનો ખૂબ ઉપયોગ કર્યો છે. **नायमात्मा** આ બે ચરણમાં નિઃસાધનતાનું ચરણ છે એની ચર્ચા આગળ કરીશું, પણ ત્રીજા ચરણમાં જે વર્ણન કર્યું છે એ વર્ણન વરનું વર્ણન છે. પ્રભુ કોને મળે ? પ્રભુ જેને પસંદ કરે એને મળે અને એટલા માટે વૈષ્ણવે એ નમ્રતાને જીવનભર સાચવી રાખવી જોઈએ કે હું જે કાંઈ પામ્યો છું એ મારી પાત્રતાના કારણે નહીં, મારા પ્રભુના પ્રસન્ન હોવાના અથવા પ્રભુના આપણા પ્રત્યેના પક્ષપાતના કારણે આપણને આ મળ્યું છે અને જ્યાં પ્રેમ હોય ત્યાં પક્ષપાત હોય જ, ત્યાં Democracy ન હોય. માં

એક શિક્ષિકા હોય અને પચાસ છોકરાં ક્લાસમાં બેઠા હોય એમાં એનું બાળક પણ હોય તો એ શિક્ષિકા ભણાવવામાં કોઈ પક્ષપાત ન રાખે, બધાને સરખું ભણાવે. પણ જ્યારે એના બાળકને જુવે ત્યારે એની આંખમાં થોડોક પ્રેમનો પક્ષપાત આવી જ જાય. એટલે પ્રેમમાં પક્ષપાત એ અપરાધ નથી, ભગવાને કર્યો છે. કૃષ્ણએ એમ કહ્યું હતું કે "કૌરવો-પાંડવો બંને સરખા, મારે શું ? લડી મરવા દો." હું તો **समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः** પાછો ગીતામાં અર્જુનને કહે છે **समोऽहं** અલ્યા તું સમાન છું તો એક પક્ષમાં જઈને કેમ બેઠો છે ? કાં તો બે રૂપ લઈને બંનેમાં બેસ, કાં તો તટસ્થ રહે. બેઠો બેઠો જોયા કર સાક્ષીભાવથી. ન ભગવાન સાક્ષીભાવથી રહ્યા, ન ભગવાન બે રૂપ લઈને રહ્યા. ઉઘાડો પક્ષપાત પાંડવોનો કર્યો અને અર્જુનના સારથી થઈને બેઠાં કારણ કે નર અને નારાયણમાં પ્રેમ છે એટલે પ્રેમમાં પક્ષપાત એ દોષ નથી, પ્રેમનું લક્ષણ છે અને એટલા માટે જેમ ભગવાન અનંતના જીવોમાં પોતાના ભક્ત માટે પક્ષપાત રાખે છે એમ ભક્તનો પણ ભગવાન પ્રત્યે પક્ષપાત હોવો જોઈએ. મહાપ્રભુજીએ સુબોધિનીમાં એમ કહ્યું છે કે ભગવાનનો ભક્ત તો એવું વિચારતો હોય છે કે મારું બધું જ છુટી જાય તો ભલે છુટી જાય પણ મારા પ્રભુ રહે. **सर्वं गच्छतु** જે જવું હોય તે જાય, હરિકૃષ્ણ મારા પ્રભુ રહે. ધન જવું હોય તો ભલે જાય, ઘર જવું હોય તો ભલે જાય, પરિવાર છુટી જવો હોય તો ભલે છુટે. જે જવું હોય તે જાય પણ મારા પ્રભુ રહે. આ પક્ષપાત એટલે ભક્તિનો અર્થ જ એ છે કે ભગવાનનો ભક્ત પ્રત્યેનો પક્ષપાત અને ભક્તનો ભગવાન પ્રત્યેનો પક્ષપાત. એ વરણીય છે. વરવા લાયક ભગવાનનું વરણ કરો. (ભગવાનને વરો) એ વર છે, વરનો એક અર્થ થાય ઉત્તમ. ગિરિવર એટલે ઉત્તમ પર્વત. નરવર એટલે ઉત્તમ મનુષ્ય. તો વરતો એનું જ થાય ને કે જે ઉત્તમ હોય એટલે આપણે ત્યાં પ્રાકૃત દેવોનું વર્ણન નથી, આપણે ત્યાં અક્ષરબ્રહ્મનું પણ વર્ણન નથી. આપણે ત્યાં પૂર્ણાનંદ, પરમ કૃષ્ણનું વર્ણન છે. **प्राकृता सकला देवाः** દેવો તો બિચારા પ્રાકૃત છે, એને વરીને શું કરીશું ? અક્ષરબ્રહ્મનો આનંદ ગણી શકાય એવો છે અને અગણિત મળતું હોય તો ગણી શકાય એટલું શા માટે લેવું ? પૂર્ણાનંદ હરિથી વૈષ્ણવ વર્યો છે, પૂર્ણાનંદ સાથે સંબંધ થયો છે. આપણે સૌથી વરવા યોગ્યની સાથે બ્રહ્મસંબંધમાં જે બ્રહ્મ શબ્દ છે એ ભગવાનના બે ગુણોને ધ્યાનમાં રાખીને કહેવાયો છે. બ્રહ્મસંબંધનું પહેલું ફળ શું ? કાલે આપણે આ વાત કરી. તરત મળે એવું ફળ સર્વદોષ નિવૃત્તિ. **ब्रह्मसंबंधकरणात्... सर्वदोषनिवृत्तिः પહેલાંમાં પહેલું ફળ છે સર્વદોષોની નિવૃત્તિ.** હવે એ સર્વદોષોની નિવૃત્તિ કઈ રીતે થાય એ સમજાવવા માટે આગળ બ્રહ્મ શબ્દ મૂક્યો. બ્રહ્મના બે ગુણ ઉપનિષદોએ બતાવ્યાં. પહેલું એ **નિર્દોષ** છે અને **બીજું એ સમાન છે**. એ નિર્દોષ છે એટલે એની સાથે આપણે વર્યાં. **वरेण्य...** વરેણ્ય શા માટે ? સૂર્યમાં તેજ રૂપે બીરાજેલા બ્રહ્મપરમાત્માને વરીએ છીએ શા માટે ? પહેલો ગુણ એ નિર્દોષ છે. નિર્દોષ સાથેનો સંબંધ આપણને નિર્દોષ બનાવે છે એટલે. બ્રહ્મનિર્દોષ છે એટલું પણ કહેવું અધૂરું છે. એ નિર્દોષ કરે પણ છે. દાખલા તરીકે ગંગા નિર્દોષ છે અને ગંગામાં સ્નાન કરે એ પણ નિર્દોષ બને એટલે આ સિદ્ધાંત રહસ્યગ્રંથમાં શ્રી મહાપ્રભુજી અંતમાં ગંગાજીનું ઉદાહરણ આપે છે. **गंगात्वं सर्वदोषाणाम्** જેમ ગંગાજી સ્વયં નિર્દોષ છે અને પોતાની અંદર જે સ્નાન કરે કે પાન કરે એને પણ સર્વથા નિર્દોષ બનાવે છે એમ બ્રહ્મપરમાત્મા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પોતે તો સંપૂર્ણ નિર્દોષ છે જ પરંતુ એના સંબંધમાં જે આવે એને પણ નિર્દોષ બનાવે છે. દાખલા તરીકે અગ્નિ નિર્દોષ છે અને અગ્નિમાં કોઈપણ દોષ વાળી વસ્તુ ન રહે એટલે બ્રહ્મસાથેનું વરણ પછી તમે એને

નામ ગમે તે આપો. બ્રહ્મ સાથેનો સંબંધ, બ્રહ્મ સાથેનું વરણ, સંબંધમાં પણ સૌથી શ્રેષ્ઠ સંબંધ કયો ? પાડોશીનો ? એવો કયો સંબંધ કે તૂટે જ નહીં ? એકવાર પતિએ પત્નિને કહ્યું કે તમે મને ઘણીવાર વઢો છો, આ નોકરને કદી વઢતી નથી. એટલે પેલીએ તરત જ જવાબ આપ્યો, એને વઢુ તો એ જતો ન રહે ? બાકી આગળનું સમજી લેજો. એવો કયો સંબંધ છે કે એ તૂટે નહીં ? અર્ધાંગ હોવાનો સંબંધ એટલે આપણે ભગવાન સાથે વરીએ છીએ. ગાયત્રી મંત્ર પણ ભગવાન સાથેના લગ્ન છે. બ્રહ્મદેવો, સાંભળો ગાયત્રીમંત્ર ભગવાન સાથેનું આપણું વરણ છે અને આ વાત બિલકુલ પાકી છે કે જો તમે એને વર્યા તો એ ચોક્કસ તમને વર્યો હશે જ. જો તમે એને પસંદ કરો છો તો એ તમને પસંદ કરે જ.

એકવાર એક વ્યક્તિએ પ્રશ્ન પૂછયો કે આપણે ભગવાનને ન માનીએ તો શું થાય ? તો મેં કીધું કે ભગવાનને તમે ન માનો એમાં ભગવાનને કોઈ જ કષ્ટ નથી. એક તરસ્યો માનવી ગંગા કિનારે ઊભો રહે અને નક્કી કરે કે મારે જળ પીવું જ નથી, તો ગંગા નિઃસાસો નહીં નાખે. તમે ગંગાજીના કિનારે તરસ્યા ઊભા રહેશો તો ગંગા તો એની મોજથી વહેતી રહેશે પણ તમે તરસ્યા રહી જશો. ગંગામાં તમે પાન ન કર્યું, સ્નાન ન કર્યું તો હાનિ તમને છે, ગંગાને નથી. એમ એક માનવી એમ કહેતો હોય કે હું ઈશ્વરને માનતો નથી તો ઈશ્વરને કોઈ Loss ? ભગવાન કાંઈ દુકાન લઈને બેઠો છે કે રાહ જુવે, ક્યારે બોણી થાય ? તમે એક દિવસ મંદિરમાં દર્શન કરવા ન ગયા તો ભગવાન કાંઈ ગુમાવતા નથી, તમે ગુમાવો છો.

તો ભગવાનનો એક ગુણ છે - નિર્દોષતા. બ્રહ્મ સાથેનો આપણો સંબંધ એટલા માટે કે આપણે દોષોથી વરેલા છીએ, એ નિર્દોષ છે; નિર્દોષ કરનારો છે અને તેથી જો આપણો એની સાથે સંબંધ થાય તો આપણામાં નિર્દોષતા આવે. કમસે કમ એની સાથે સંબંધ બાંધવા જેટલી તો યોગ્યતા આવે અને આ સંબંધની ચર્ચા અંતઃકરણ પ્રબોધને ધ્યાનમાં લઈને કરીએ તો મહાપ્રભુજીએ બહુ સુંદર વાત કરી.

चाडालीश्चेत्राजपत्नी जाताराज्ञाच मानिता ।
कदाचिद् अपमानेपि मूलतः का क्षतिर्भवेत् ?

જુઓ, પરણવાના કેટલા ફાયદા છે ? પણ અહીંયા પરણવાની વાત ભગવાન સાથે છે, ભૂલશો નહીં. એક રાજાની સવારી જતી હતી. એક ચાંડાલ એકદમ મલિન જીવન જીવનારો, એની દીકરીને લઈને ઊભો હતો. દીકરી સુંદર હતી, રાજાને ગમી ગઈ. રાજાએ Proposal મૂકી. ચાંડાલને કહ્યું કે તમારી દીકરી મને ગમી છે, મારે પરણવું છે. ચાંડાલ તો રાજી થઈ ગયો. ઝૂંપડીમાં ખાવાય નહોતું અને મારી દીકરી રાજરાણી બનશે. એણે હા પાડી, પેલી કન્યાએ પણ હા પાડી. લગ્ન થઈ ગયા. હવે મહાપ્રભુજી એક સવાલ પૂછે છે કે રાજા સાથે લગ્ન થયા બાદ એ ચાંડલ કન્યા રહી કે રાજરાણી બની ? તો સ્પષ્ટ વાત છે હવે એને કોઈ ચાંડાલ કન્યા નહીં કહે. ગઈકાલ સુધી લોકો એને તરછોડતા હતા, અસ્પૃશ્ય માનતા હતા. એ પોતે પણ પોતાને અભાગણી માનતી હતી કે મારું જીવન કેવું ? અને જેવા એના રાજા સાથે લગ્ન થયા કેટલો ફેરફાર થયો ? આર્થિક, સામાજિક, પારિવારિક, બધી જ રીતેના. હવે એ રાજરાણી જ, હવે મહારાણી છે - સામ્રાજ્ઞી છે. હવે તો કોઈની મજાલ નથી કે એના બોલને ઉથાપી શકે. પણ આટલી હીનમાં હીન રહેલી વ્યક્તિ આટલી ઊંચાઈએ કયા કારણે પહોંચી ? રાજા સાથે એનો સંબંધ થયો તો પ્રભુ તો રાજા નહીં રાજાધિરાજ છે, જો એની સાથે આપણો

સંબંધ થાય તો આપણે પણ ક્યાં હતાં ને ક્યાં પહોંચી જઈએ ? મહાપ્રભુજી તો એથી પણ આગળ કહે છે કે માનો કે રાજાને અને એને બગડ્યું અને રાજાએ એના મહેલે જવાનું બંધ કર્યું તો પણ એ રાજરાણીમાંથી ચાંડાલ કન્યા તો કદી નહીં બને. **कदाचित् अपमानेऽपि** રાજ રાજાએ એના ઉપર ધ્યાન ન આપ્યું તો પણ એ ચાંડાલ કન્યા તો નથી જ બનવાની. એટલે મહાપ્રભુજી કહે છે. **न करिष्यते लौकिकीं च गतिम्** તો બ્રહ્મસંબંધનો અર્થ છે ભગવાન સાથે રાજાધિરાજ સાથે પરણવું અને એ જ વાત ગાયત્રી મંત્રમાં **वरेण्य** માં છે. પ્રભુને વરો અને એ વર સાથેનો આપણો સંબંધ પછી ક્યારેય તૂટે નહીં એવો સંબંધ બની જશે. એમ કદાચ કોઈ જીવ લૌકિકમાં આસક્ત થઈ ગયો હોય તો પણ, ઠાકોરજીથી થોડો દૂર થઈ ગયો હોય તો પણ એક વાર જો પ્રભુ દ્વારા અંગીકૃત હોય તો પછી એની પૂર્વવત્ સ્થિતિ તો થવાની જ નથી એટલે પરણવાનું જ બધાએ, પણ કોની સાથે ? ભગવાન સાથે. ગાયત્રી મંત્ર આપણને પ્રભુ સાથે પરણાવે છે. પરિણય છે. બીજી વાત બ્રહ્મના બે ગુણ કહ્યાં હતાંને ! બ્રહ્મનો પહેલો ગુણ કયો ? નિર્દોષ. બીજો સમ એ છે અને નિર્દોષ..... એ સમાન છે ભગવાન અને ભક્તના સંબંધમાં ભલે પક્ષપાત હોય બ્રહ્મ અને જીવમાં તો સમતા છે.

ईश्वर अंश जीव अविनासी ।

चेतन अमल सहज सुखराशि ।।

ભગવાન એવું નથી બોલ્યા કે સારાસારા માણસો જ મારા અંશ છે. **ममैवांशो जीवलोके जीवभूतः सनातनः** જગતના સમગ્ર જીવ મારા અંશ છે. એવું જરાય ન માનશો કે બ્રાહ્મણમાં વધારે ટકા બેઠો, ક્ષત્રિયમાં એના કરતા ઓછા ટકા, વૈશ્યમાં એના કરતાં ઓછા Percent. પરમાત્મા સર્વમાં સમાન છે. બ્રહ્મ સર્વમાં એકસમાન છે. હવે મહાપ્રભુજીએ 'બ્રહ્મ' શબ્દનો પ્રયોગ એટલા માટે કર્યો કે જેવી રીતે ભગવાન સમાન રીતે સૌમાં બિરાજે છે એવી રીતે પુષ્ટિ પ્રભુ પોતાના અંગીકૃત જીવોને સમાન રીતે નિર્દોષ બનાવે છે. બધા જ પોતાના છે એવું સમજીને સમગ્ર પુષ્ટિ જીવોને, કોઈને વધારે નિર્દોષ ને કોઈને ઓછો નિર્દોષ, મહાપ્રભુજીએ ત્યાં સુધી કહ્યું **अज्ञानादथवा ज्ञानात्कृतमात्मनिवेदनम्** આપણે ઘણા લોકો કહે છે અમે નાના હતાને બ્રહ્મસંબંધ લીધો તો અમને કાંઈ ખબર નથી. તમને ખબર નથી પણ તમે જેની સાથે પરણ્યા એને તો ખબર છે, તમે એનું ધ્યાન ન રાખી શકો એ તો તમારું ધ્યાન રાખશે જ. તમે એમને ભૂલી જાવ, એ તમને નહીં ભૂલે ને. તો ગાયત્રીમાં જે 'વરેણ્ય' શબ્દ છે એનો અર્થ છે કે નિર્દોષ અને સમબ્રહ્મ સાથે જેનો સંબંધ થાય એ જીવમાં નિર્દોષતા ઓછીવત્તી નહીં પણ એક સરખી રીતે આવે છે અને તેથી બ્રહ્મ સાથેનો એ સંબંધ છે. પછી આવ્યો તેજ, પ્રકાશ. શ્રીકૃષ્ણ બોલ્યા કે આ જગતમાં જેટલાય પ્રકાશિત તત્ત્વો છે એ બધા મારાથી પ્રકાશિત છે. એ શબ્દ પહેલા શ્લોકમાં ક્યાં આવ્યો ? સ્વરાટ્. ગાયત્રી મંત્રનો 'ભર્ગ' એ ભાગવતજીમાં છે, સ્વરાટ્. જે સ્વપ્રકાશ છે એ બધાને પ્રકાશ આપે છે, પણ એને કોઈની પાસેથી પ્રકાશ ઉછીનો લેવો પડતો નથી. આ બધામાં જે તેજ છે એ મારું તેજ છે અને એ તેજનું આપણે ધ્યાન કરીએ છીએ. જીવનમાં તેજસ્વી થવું હોય, કોઈપણ ક્ષેત્રમાં તેજસ્વી થવું હોય તો ગાયત્રી મંત્રનો જાપ કરો. પછી વિદ્યા ક્ષેત્ર હોય કે વ્યવહારનું કે વ્યાપારનું. ધર્મનો પ્રદેશ હોય કે કામનો પ્રદેશ હોય કે મોક્ષનો પ્રદેશ હોય, ચારેય પુરુષાર્થને સિદ્ધ કરે છે. ખાસ કરીને યોગશાસ્ત્ર એવું કહે છે કે તમે જેનું ધ્યાન કરો એવા તમે બની જાઓ છો. શબ્દ તમે સાંભળ્યો હશે '**कीटभ्रमरन्याय**' એટલે કીડો. ભમરીનું ધ્યાન કરતાં કરતાં ભમરી

બની જાય તો પછી જે પ્રકાશનું, તેજનું ધ્યાન કરે એના જીવનમાં અંધકાર ક્યાંથી રહે ? અને જીવનમાં બધા જ દુઃખો મંજૂર પણ અંધકાર મંજૂર નહીં. માણસમાં અંધકાર આવ્યો એટલે માણસ પશુ થઈ ગયો. સંપત્તિ-સૌંદર્ય નહીં હોય તો ચાલશે, ઘર-પરિવાર નહીં હોય તો ચાલશે પણ ઋષિ મુનિઓ પાસે ક્યાં કશું હતું ? પાંદડા ખાઈને જીવતાં હતાં, વલ્કલ પહેરતાં હતાં. તરસ લાગે તો નદીનું જળ પી લેતાં હતાં, શરીર ઢાંકવું હોય તો કશુંક ક્યાંકથી મળી આવતું હતું, ભૂખ લાગે તો વૃક્ષો પાસે ગયા, કોઈ દિવસ ના પાડવાના છે ? માણસના દરવાજે જાઓ તો ના પાડે. આંબા પાસે કેરી માંગો તો કોઈ દિવસ ના પાડી છે ? જીવનમાં કશું જ નહીં હોય તો ચાલશે, પણ પ્રકાશ નહીં હોય તો એનું જીવન પશુ જેવું છે એટલે બ્રાહ્મણ ભગવાન પાસે પ્રકાશ માંગે છે, તેજ માંગે છે અને માત્ર બ્રાહ્મણ નહીં ભગવાન પાસે માંગવા યોગ્ય વસ્તુ આ જ છે. ઋષિઓએ ત્રણ વસ્તુ માંગીને, તમસો મા જ્યોતિર્ગમય.... આ ત્રણ સૂત્રમાંનું પહેલું સૂત્ર ગાયત્રી મા. આ કહે, હે પ્રભુ ! તું મને '**તમસ**'માંથી, અંધકારમાંથી, પશુતામાંથી જ્યોતિ તરફ, પ્રકાશ તરફ લઈ જા. તમસો મા જ્યોતિર્ગમય પછી શબ્દ વાપર્યો દેવ. જેનામાં દિવ્યતા હોય એને દેવ કહેવાય. (માનવીની ગતિ શેરબજારના સેન્સેક્સ જેવી ન હોવી જોઈએ.) ધીરે ધીરે મનુષ્ય પશુતાથી ભલે શરૂઆત કરે પણ એને પહોંચવાનું પરમ તત્ત્વ સુધી અને એટલા માટે આ પરમ તત્ત્વ સુધી પહોંચવાનું પછી તમે ગમે તેવા રસ્તેથી જાવ, રસ્તાની સાથે બહુ ઝગડો નથી. એક માણસ લિફ્ટમાં આવ્યો, એક પગથિયા ચડીને આવ્યો. લિફ્ટવાળો રાજી થઈને આવ્યો કે મને તકલીફ ન પડી, પગથિયાવાળો કહે સવારમાં કસરત મળી ગઈ પણ પહોંચી ગયોને ! મહત્ત્વ છે જ્યાં તમારે પહોંચવું છે ત્યાં તમે પહોંચ્યા. એક માર્ગ અનુકૂળ ન પડ્યો તો બીજો, ત્રીજો પણ પહોંચવું જરૂરી છે અને પહોંચવું છે ક્યાં ? પ્રકાશ, પહોંચવું છે ક્યાં ? સત્ય. અસતો મા સદ્ ગમય હે પ્રભુ ! તું મને સત્યમાં પહોંચાડ. હે પ્રભુ ! તું મને પ્રકાશમાં પહોંચાડ. હે પ્રભુ ! તું મને અમૃતમાં પહોંચાડ. જો ભગવાન સ્વયમ્.... હોવાથી એ કરી શકશે. આ ત્રણેય જે મહાવાક્યો છેને એનો ભગવાનના એક એક ગુણ સાથે સંબંધ છે. એ **સત્** છે માટે **असतो मा सद्गमय, चित्** છે માટે **तमसो मा ज्योतिर्गमय** અને એ **आनंद** છે માટે **मृत्युर्मा अमृतं गमय** અસતો મા સદ્ ગમય આ ત્રણ પ્રાર્થના કરે એને સચ્ચિદાનંદ મળે અને એ સચ્ચિદાનંદને જ અહીં દેવ કહ્યો છે. આ બંને છઠ્ઠી વિભક્તિ છે એટલે સવિતાદેવ જગતને જન્મ આપનારા દેવ કે જે વરણ કરવા યોગ્ય છે એનું અમે ધ્યાન કરીએ છીએ અને તમે જેનું ધ્યાન કરતા હશો ત્યાં તમે પહોંચશો. મેં સવાર-સવારમાં શેઠ બેઠાં હતાં ઠાકોરજીની સેવામાં, કેટલાક વૈષ્ણવો મળવા આવ્યા. બહાર પુત્રવધૂ બેઠી હતી, એને પૂછ્યું બેટા ! અમે તારા સસરાને મળવા આવ્યા છીએ, તારા સસરા અત્યારે ક્યાં છે ? એણે કહ્યું જો હમણાંનું જ પૂછતાં હો તો એ ચમારવાડે છે. સસરાએ બહાર આવીને પુત્રવધૂને પૂછ્યું, ચમારવાડે હતો ? હું તો ઠાકોરજીની સેવામાં હતો. પુત્રવધૂ પાસે એવી સિદ્ધિ હતી કે દરેકના મનની ગતિને જાણી શકે. એણે કહ્યું, સસરાજી ! તમે ઠાકોરજીની સેવા કરતા હતા ત્યારે તમે વિચાર કરતા ન હતા કે જોડા ઘસાઈ ગયા છે. તમારું ધ્યાન જોડામાં હતું, તમારું ધ્યાન તમારા ચામડાના પગરખામાં હતું. પિતાજી તમારું શરીર પ્રભુની સન્મુખ હતું, પણ તમારું મન ચમારવાડે હતું અને પછી વાર્તા પ્રસંગમાં એક બહુ અદ્ભૂત વાક્ય કહ્યું છે કે **જ્યાં મન હોય ત્યાં દેહ જાણવો. તમારી ખરી ઉપસ્થિતિ તમારું તન ક્યાં છે ત્યાં નથી, તમારી ખરી ઉપસ્થિતિ તમારું મન જ્યાં છે ત્યાં છે. શરીર કરતાં**

વધારે મૂલ્યવાન મન છે અને મન કરતા વધારે મૂલ્યવાન આત્મા છે. इन्द्रियाणि पराण्याहुः इन्द्रियेभ्यः परं मनः અહીં પર શબ્દ મહત્ત્વ વાચક છે. તમારાં આંખ-કાન-હાથ-પગ ક્યાં છે એ મહત્ત્વનું નથી, મન ક્યાં છે ? ડ્રાઈવિંગ કરો છો ત્યારે તમારી આંખ રોડ ઉપર છે પણ તમારું મન બીજે છે તો શું થશે ? એવું નથી કે આંખ બીડાઈ જાય તો જ Accident થાય, તમે ખોવાયેલો હો તો પણ Accident થઈ શકે છે. કારણ કે ઈન્દ્રિયો કરતાં વધારે મહત્ત્વનું મન છે અને મનની અનુપસ્થિતિમાં ઈન્દ્રિયો કશા કામની નથી. પુત્ર મરણ પામ્યો હોય ને એના બાપને મીઠાઈ ખવરાવો તો એને કોઈ સ્વાદ નહીં લાગે કારણ કે મન ઉદાસ છે. એટલે શરીર ક્યાં છે એનું મહત્ત્વ ખરું પણ એના કરતાં વધારે મહત્ત્વ મન ક્યાં છે એનું છે.

જય ગોવિંદ હરે, જય ગોપાલ હરે, જય ગોવિંદ હરે, જય ગોપાલ હરે, નારાયણ નારાયણ જય ગોવિંદ હરે, નારાયણ નારાયણ જય ગોવિંદ હરે,

નારદજીની આજ્ઞા અનુસાર ભગવાન વેદવ્યાસજી સમાધિમાં બિરાજમાન થયા અને પ્રભુની સમગ્ર લીલાના દર્શન કર્યા. સૃષ્ટિની ઉત્પત્તિથી લઈને સૃષ્ટિના લય સુધીની બધી લીલાઓના દર્શન કરી નારદજી તો વિદાય થયા. વેદવ્યાસજી સમાધિમાં બિરાજ્યા, એમણે સમાધિમાં જે જોયું એ રચ્યું એનું નામ જ ભાગવત. **શ્રી મહાપ્રભુજી ભાગવતની ત્રણ ભાષાઓ માને છે. એક છે સમાધિ ભાષા, બીજી છે મતાંતર ભાષા અને ત્રીજી છે લૌકિકી ભાષા.** ભગવાન વેદવ્યાસજીએ સીધો જ વેદાર્થ ભાગવતમાં મૂક્યો અને ભગવાનની લીલાના સાક્ષાત્ દર્શન કરી જે સમાધિમાં જોયું તે મૂક્યું એ સમાધિ ભાષા. શુકદેવજી પરીક્ષિત રાજાને અમુક પ્રશ્નોનો ઉત્તર આપતી વખતે, આણે આ ઉપદેશ આને આપ્યો હતો એમ કહીને, **अन्योक्तं कथयामि**, આણે આને કહ્યું હતું, એ પ્રકારે જ્યારે વાત કરે ત્યારે એ કથા મતાંતર ભાષા અથવા પરમત ભાષા કહેવાય છે. અને જ્યાં સ્થૂળ લૌકિક પ્રસંગોનું વર્ણન છે તે લૌકિક ભાષા ભગવાનની લીલાનું નિરૂપણ. ત્રણે પારિમાણમાં થાય છે. 3D - Three Dimentionally એક લીલા ચાલે છે આધિભૌતિક રૂપમાં, એ જ સમયે એ જ લીલા ચાલે છે આધ્યાત્મિક રૂપમાં અને તેની જ સાથે-સાથે આધિદૈવિક રૂપમાં પણ ચાલે છે. ભગવાને પૂતનાને મારી એનું શરીર છ કોશ લાંબુ થઈને પડ્યું અને બધાએ એના શરીરને આગ લગાવી આ આધિભૌતિક પ્રસંગ છે. ભગવાને વ્રજભક્તોના હૃદયમાં રહેલી અવિદ્યાનો નાશ કર્યો એ પૂતનાનું આધ્યાત્મિક રૂપ છે અને ત્રીજું એ પૂતનાને ભગવાને લીલા હેતુથી પોતાનામાંથી પ્રગટ કરી પોતે એની સાથે ખેલ્યા અને પછી પાછી પોતાનામાં સમાવી લીધી, એ આધિદૈવિકતા. ભગવાનની બધી જ લીલાસૃષ્ટિ ભગવાનમાંથી પ્રગટે છે અને પાછી ભગવાનમાં સમાઈ જાય છે. એટલા માટે પ્રકારનો ભેદ બતાવ્યો. વૈષ્ણવો આ ભાગવત પછી એમણે શુકદેવને ભણાવ્યું. શુકદેવજીએ વિચાર કર્યો, આ ભાગવત હું એવા શ્રોતાની આગળ પ્રગટ કરું કે જે ભગવાનનો ખૂબ જ અનુગ્રહિત જીવ હોય, હું એવાની આગળ પ્રગટ કરું કે જે વિરક્ત હોય અને ભક્ત હોય, જેનામાં ત્રણ પ્રકારની શુદ્ધિ હોય. **મહાપ્રભુજી શુદ્ધિના ત્રણ પ્રકાર બતાવે છે. ક્ષેત્રશુદ્ધિ, બીજ શુદ્ધિ અને અન્ન શુદ્ધિ.** એક તો બીજ ઉત્તમ હોવું જોઈએ, ક્ષેત્ર એટલે ભૂમિ ઉત્તમ હોવી જોઈએ અને પછી અન્ન પણ ઉત્તમ હોવું જોઈએ. બીજ એટલે પિતૃપક્ષ.

આ શ્લોકની ટીકામાં **'વલ્લભ'** શબ્દના બે અર્થ થયા. એક જગતગુરુ

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજી, પણ તમે જાણો છો. સંસ્કૃતમાં વલ્લભનો એક અર્થ થાય છે. વલ્લભ પ્રિય, વહાલા વલ્લભ એટલે વહાલા કેમ ? ભગવાનનું નામ છે ને ગોપીજન વલ્લભ **वदति वल्लभः श्री हरेः** કદાચ કોઈના મનમાં એ પ્રશ્ન જાગે કે કેવળ આ આઠ શ્લોકનો પાઠ કરવાથી આટલું બધું મળે ? આપણા બધામાં એક છાપ એવી છે કે મોટું ફળ જોઈતું હોય તો કંઈક મોટું કામ કરવું જ પડે. હિમાલય જેવું કર્મ કરો તો હિમાલય જેવું ફળ મળે, પણ એવું નથી, ભાઈ. આટલા બધા અદ્ભુત ફળ ! સમસ્ત દુરિતક્ષયો પાંચ ફળ બતાવ્યા. સમસ્તદુરિતક્ષય બધા પાપનો નાશ અથવા દોષનો નાશ. પ્રભુમાં રતિ આ એકએક વસ્તુ અદ્ભુત છે. પ્રભુની પ્રસન્નતા એટલે યમુનાષ્ટકનો પાઠ કરે. એ પાઠ સાંભળીને ઠાકોરજી જ પ્રસન્ન થાય એવું નહીં, શ્રી સ્વામિની સહિત શ્રી ઠાકુરજી પ્રસન્ન થાય. સ્વભાવ વિજયો ભવેત્, હવે જો એમ થાય કે કેવળ આનો પાઠ કરવાથી, હે મહારાણી યમુનાજી ! તમારા આ અષ્ટકનો જે આનંદથી પાઠ કરશે એને આ મળશે. ફરી પાછો આપણો આ જીવ સવાલો ઊભા કરે - આટલા નાના ઉપાયથી આટલું બધું મળે એવી શંકા ન થાય, એટલે છેલ્લે કહેવું પડ્યું, વદતિ વલ્લભ: શ્રી હરે ! હે શ્રી હરિના અતિશય લાડીલા શ્રીકૃષ્ણ હાર્દવિદ્ એવા શ્રી મહાપ્રભુજી બોલી રહ્યા છે કે એ **वदति.** એમનું વચન છે. જો વચન શબ્દના બે અર્થ નીકળે છે; એક તો વચન એટલે વાક્ય, શ્રી મહાપ્રભુજીના વચનામૃત શ્રી મહાપ્રભુજીનું આ વચન છે કે જે આ યમુનાષ્ટકનો પાઠ પ્રેમથી કરશે એને આ ફળ મળશે. ફળ કોણે આપવાનું ? શ્રી હરિએ. કદાચ એમનું મન ન હોય તો, ભક્તનું વચન ભગવાનને પાળવું જ પડે, પોતાના પ્રિય ભક્તો જો બોલ્યા છે. એનું વચન પ્રભુ ભગવાનનું નામ જ છે ને? ભક્ત વચન પ્રતિપાલ તો ભગવાન ભક્તનું વચન કેમ પાળે છે? એ કારણ ભક્તો બહુ વ્હાલા છે માટે અને બીજું કારણ કહું, ભક્તના મુખેથી ભગવાન જ બોલ્યા છે માટે. ભકતના વચનોનું પાલન પ્રભુ એટલા માટે કરે છે ભક્તના મુખેથી ભગવાન જ બોલે છે. દશમસ્કંધની કથા શુકદેવજીએ નથી કરી. શુકદેવજીના હૃદયમાં બિરાજીને ભગવાન શ્રીકૃષ્ણે કરી છે, આવો સુબોધિનિમાં શ્રી મહાપ્રભુજીનો અભિપ્રાય છે. એટલે ગોપીજનોનું નામ નથી, સ્વામિનીજીનું નામ નથી.

ભાગવત પાસે ભક્તિ માંગજો, ભગવાન પાસે ભક્તિ માંગજો, જ્યાં જ્યાં જ્યારે જ્યારે જેની સામે માગવાનો આવસર આવે ત્યાં ત્યાં તેની તેની પાસે તે કૃષ્ણભક્તિ સિવાય બીજું કંઈ ન માંગશો. ભગવાન નહીં માંગો તો ચાલશે. હું અતિશયોક્તિ નથી કરતો, બહુ સમજીને બોલું છું, ભગવાન નહીં માંગો તો ચાલશે, ભક્તિ માંગજો. એનું કારણ કહું, ભગવાન મળે એને ભક્તિ મળે એવી ખાત્રી નથી. પણ ભક્તિ મળે એને ભગવાન મળે એ નિશ્ચિત છે. ભગવાન ઘણાને મળ્યા છે. સમગ્ર યદુકુળને કૃષ્ણ મળ્યા છે પણ એ યદુકુળને શું વ્રજજનો સાથે સરખાવી શકીએ ? વ્રજજનોના પ્રેમ સાથે યાદવોના પ્રેમને ? સમાન હોત તો મથુરામાં બિરાજતા બિરાજતા, આંખમાંથી આંસુ પાડતા પાડતા આ ગોપીજન વલ્લભ એવું ન બોલ્યા હોત, **'ऊधो ! मोहि ब्रज बिसरत नाहीं'** શ્રીકૃષ્ણ આમાનું કંઈ ભૂલી શક્યા નથી. આ યમુનાનો કિનારો મથુરા નથી, મથુરા નગરીમાં યમુના તો છે ને, વિશુદ્ધ મથુરા તટે પણ તોય કૃષ્ણ યાદ કરી રહ્યા છે વ્રજની યમુનાને. યમુનાનું એક નામ છે **हंससूता.** હંસ એટલે સૂર્ય. સંસ્કૃતમાં હંસ એટલે સૂર્ય પણ થાય, **हंससूता की सुंदर कगरी** જે પ્રેમ પ્રભુને વ્રજમાં મળ્યો છે એ પ્રેમ કેવો હશે ? એ તો ઉદ્ધવ પણ જ્યારે વ્રજમાં ગયા ત્યારે એમને ખબર પડી. એટલે હું કહું છું કે ભક્તિ હશે તો ભગવાનને ત્યાં

પધાર્યા વગર છૂટકો નથી. **हरिरपि निजलोकं सर्वथातो विहाय प्रवेशति हृदि तेषां भक्तिसूत्रोपनद्धः** ભગવાન પોતાના લોકને છોડીને જ્યાં ભક્ત બિરાજે છે એના હૃદયમાં આવીને વસે છે અને પ્રેમના તંતુથી બંધાઈ જાય છે. ભક્તિ કેવળ ભગવાનને આકર્ષવામાં જ સફળ નથી થતી, પણ ભગવાનને ખેંચીને બાંધવામાં પણ સફળ થાય છે. **भक्तिसूत्रोपनद्धः** અને એનો પૂરાવો જોઈતો હોય તો યાદ કરો દામોદર લીલાને. પુરુષોત્તમ સહસ્ત્રમાં આચાર્ય ચરણે **दामोदरो भक्त वश्यः** દામોદર લીલાને ભક્ત પરાધીન લીલાનું નિરૂપણ બતાવ્યું છે એટલે જ્યાં જ્યાં કદાચ માંગવાનો અવસર આવે તો ભક્તિ માંગજો. યમુનાજી પાસે પણ ભક્તિ, **भवतीयै मुकुन्दे रति** આ ભક્તિ શ્રી મહાપ્રભુજી પાસે પણ માંગવાનો પ્રસંગ આવે તો ભક્તિ માંગો, સાંનિધ્ય માત્ર દત્ત શ્રીકૃષ્ણ પ્રેમ. શ્રી મહાપ્રભુજીતો ભક્તિ માર્ગાબ્જ માર્તંડ છે. જો યમુના મહારાણી પ્રસન્ન થાય તો, ન દુર્લભ તમા રતિઃ બાકી આમ તો દુર્લભતમા. તમ તો છેલ્લે આવે ને? પણ જો શ્રી યમુનાજી પ્રસન્ન થાય તો ન દુર્લભ તમા રતિ કેવળ ભક્તિ માંગો. આ વાતમાં આમ છેલ્લો શેરો મારે છે ભાગવત, છેલ્લા અધ્યાયમાં **भवे भवे यथा भक्तिः** ભાગવત ભક્તિ આપે છે અને એ ભક્તિ ત્રણ દુઃખને દૂર કરનારી છે; એક દુઃખનું નામ છે શોક, બીજા દુઃખનું નામ છે મોહ અને ત્રીજા દુઃખનું નામ છે ભય. શુકદેવજી વિચાર કરે છે આ ભાગવત હું કોને આપું ? કે પરીક્ષિત પાસે ક્ષેત્ર શુદ્ધિ, બીજ શુદ્ધિ, બીજ શુદ્ધિ એટલે આખો પિતૃપક્ષ, ક્ષેત્ર શુદ્ધિ એટલે આખો માતૃપક્ષ. આ એ મહાપુરુષ છે કે જેના બન્ને પક્ષમાં ભગવત ભક્તિ બિરાજમાન હોવાથી તેના બન્ને પક્ષ પાવન છે. અને ભક્તિ જેટલું પાવન કરે છે એટલું કોઈ પાવન નથી કરતું. પરીક્ષિત રાજાના મહાત્મ્યનું વર્ણન કર્યું છે સૂત પુરાણીએ પરીક્ષિત રાજાના માહાત્મ્યનું વર્ણન એટલા માટે કરવું પડ્યું કે ક્યાંક તમે પરીક્ષિત રાજાના વ્યક્તિત્વને સમજવામાં ભૂલ ન કરો; કારણ કે કથા એવી છે કે પરીક્ષિત રાજાને સાતમા દિવસે તક્ષક નાગ દંશ દે એવો ઋષિનો શ્રાપ લાગેલો છે. કદાચ આપણને એમ થાય કે કદાચ આ રાજા દુષ્ટ હોવો જોઈએ નહીંતર એને ઋષિનો શ્રાપ કેમ લાગે અને જો એ રાજા દુષ્ટ હોય, જેને ઋષિનો શ્રાપ લાગ્યો છે તે એવા દુષ્ટને આચાર્ય શ્રી મહાપ્રભુજી ભાગવતના ઉત્તમ અધિકારી શ્રોતા તરીકે નિરૂપણ કરે છે. તમને ખબર છે શુકદેવજીએ કથા કરી ત્યારે આ ધરતી ઉપરના સર્વોત્તમ ઋષિમુનિઓ ઉપસ્થિત હતા. અરે ! વધારે મજાની વાત તો ત્યાં છે કે શુકદેવજી ભાગવત કરે છે ત્યારે એમના પિતા અને ગુરુ વેદવ્યાસ પણ શ્રોતાગણમાં બેઠા છે, અને એમના પિતા પરાશર પણ. એટલે બાપ પણ બેઠો છે, દાદાજી પણ બેઠા છે. અત્રિ વશિષ્ઠ આદિ મહાન મહાન ઋષિઓ બિરાજમાન છે, એ બધાને પ્રધાનશ્રોતા બનાવવાને બદલે શુકદેવજીએ પરીક્ષિત જેવા બ્રાહ્મણને, જેને શ્રાપ લાગ્યો છે એવા દુષ્ટ જીવને પ્રધાનશ્રોતા કેમ બનાવ્યો ? એમને બીજો કોઈ ન મળ્યો ? આ સંદેહ ન થાય ? રાજા કરે જ નહીં પ્રભુ એ કરાવ્યું છે. જે રહીમ ઉત્તમ પ્રકૃત્તિ કા કર સકત ન કુસંગ. જે ભગવાનના અનુગ્રહિત જીવો છે, જે ભગવાનના અંગીકૃત જીવો છે, જે ભગવાનના પુષ્ટિમાર્ગી જીવો છે એમના હાથે ક્યારેય કોઈ ખોટું કામ ન થાય. તમને એક સરસ વાત કહું. રામાયણમાં બહુ નાનો પ્રસંગ છે, પણ મજાનો પ્રસંગ છે. રામ અને સીતાનું પહેલું મિલન ધનુષ્યભંગના આગલા દિવસે પુષ્પવાટિકામાં થયું. 'મિલન થયું' કહેવું પણ ઠીક નથી, 'એકબીજાને જોયા' કારણ કે આ તો મર્યાદા પુરુષોત્તમની લીલા છે. હવે રામે સીતાજીને અને સીતાજીએ રામને જોયા અને થોડીકવાર બંનેના નેત્ર એકબીજામાં પરોવાઈ ગયા. લક્ષ્મણને આ ન ગમ્યું. ઘરે આવ્યા એટલે કહ્યું મોટાભાઈ એક પ્રશ્ન છે.

શું? તમે મીથિલાની રાજકુમારીના સામું ટગર ટગર કેમ જોયા કરતા હતા ? ત્યારે રામ એક ચોપાઈ બોલ્યા છે, બહુ અદ્‌ભુત વાત કહી છે. 'લક્ષ્મણ ! સાંભળ, આપણે રઘુવંશી છીએ અને રઘુવંશીઓનું મન ભૂલથી પણ ખોટે રસ્તે જતું નથી.' સંસ્કૃતમાં શબ્દ છે **आभिजात्य**, કદાચ એનું અંગ્રેજી કરીએ તો Aristocracy થાય. જે ઉત્તમ કુળમાં જન્મેલા છે જેનું બીજ ઉત્તમ છે, જેનું ક્ષેત્ર ઉત્તમ છે તે એવા મહાપુરુષો જીવનમાં ક્યારેય પણ અપકૃત્ય-દુષ્કૃત્ય કરે જ નહીં. જો કદાચિત કોઈ પ્રસંગ દેખાય તો એ ભગવદ્ ઈચ્છાથી થયેલો હોવો જોઈએ. પરીક્ષિત રાજા અર્જુનના પૌત્ર છે. અર્જુનનો પુત્ર અભિમન્યુ અને અભિમન્યુનો પુત્ર પરીક્ષિત. અને અર્જુનનો પૌત્ર એવો અધમ ન હોય કે ઋષિને શ્રાપ આપવો પડે કે સાતમા દિવસે તને તક્ષક નાગ દંશ દેશે. અને શુકદેવજી એને પ્રધાન શ્રોતા ન બનાવે. પ્રધાનશ્રોતાનું મહત્ત્વ જાણો છો ? વક્તા કરતાં અને શ્રોતાઓ કરતાં, બધાંય કરતાં જો કોઈનું વધારેમાં વધારે મહત્ત્વ હોય તો એ પ્રધાનશ્રોતાનું છે. તમને નવાઈ લાગે છે ને મારી વાત નું ? વક્તા કરતાં એનું મહત્ત્વ વધારે છે? પણ હા, કેમ ? કથા આગળ જતાં કઈ તરફ વળાંક લેશે અથવા આગળ જતાં કથામાં કયા પ્રસંગો આવશે એનો નિર્ણય વક્તાના હાથમાં નથી, શ્રોતાઓના હાથમાં નથી, એ પ્રશ્નકર્તાનાં હાથમાં છે. તમે જો ધ્યાનથી વિચાર્યું હશેને, તો તમને ખ્યાલ આવશે કે કથામાં Two Dimension નથી, Three Dimension છે. આજે બે જ રહ્યાં, ત્રીજું ખોવાઈ ગયું. પણ ત્રણ હતાં એનો ખુલાસો દસમસ્કંધના પહેલા અધ્યાયમાં મળશે. **वासुदेवकथाप्रश्नः** કયા ત્રણ ડાયમેન્શન ? **वक्तारं पृच्छकं श्रोतृ** કોણ ? શુકદેવજી. શ્રોતાઓ કોણ ? ઋષિઓ. પણ એક ત્રીજું Dimension છે, **पृच्छकम्** એટલે પ્રશ્નકર્તા. અને એ પરીક્ષિતને કથા કહી શુકદેવજીએ, સાંભળી ઋષિઓએ. પણ કથામાં ક્યારે કયો પ્રસંગ પ્રગટ થશે ? કઈ બાબતનો ખુલાસો થશે ? કયો સિદ્ધાંત વર્ણન કરવામાં આવશે ? ક્યારે વર્ણન કરવામાં આવશે ? આ દોર વક્તાના હાથમાંય નથી, શ્રોતાઓના હાથમાંય નથી, પ્રશ્નકર્તાનાં હાથમાં છે. ગીતા માટે પહેલો આભાર કૃષ્ણનો નહીં માનવાનો, ગીતા માટે પહેલો આભાર અર્જુનનો માનવાનો. એણે પૂછ્યું જ ન હોત તો ? એને વિષાદ જ થયો ન હોત તો, ગીતા જ ન થઈ હોત. કૃષ્ણમાં તો પડી હતી, પ્રગટ કોણે કરી ? અર્જુનને વિષાદ ન થયો હોત અને એણે પ્રભુને પ્રશ્ન ન કર્યો હોત કે પરીક્ષિત રાજાએ ભગવાનની રાસલીલા પરીક્ષિત રાજાએ રાસલીલાની કથામાં જોયું, જ્યાં શંકા કરી કે શુકદેવજીએ કથાનો આખો પ્રકાર બદલી નાંખ્યો. આખી રસાત્મક કથાનું નિરૂપણ ચાલી રહ્યું હતું. શુકદેવજીએ આધિદૈવિક નિરૂપણની જગ્યાએ પાછું આધ્યાત્મિક, છેક નીચે સુધી ગયા.

ભીમ અને દુર્યોધનની વચ્ચે ભીમે મૂંઝાઈને ઈશારો કર્યો, એની સાથળ ઉપર પ્રહાર કર. રાજનીતિનો એક નિયમ છે, શત્રુની નબળાઈ શોધી કાઢવી અને જ્યાં એની નબળાઈ હોય ત્યાં પ્રહાર કરવો. જે એનું મર્મસ્થાન હોય ત્યાં પ્રહાર કરવો. તો દુર્યોધનનો મર્મસ્થાન હતું એની સાથળ. ભગવાને કહ્યું ત્યાં પ્રહાર કર. એક ક્ષણ માટે તો ભીમે ખચકાયો, કારણ કે નિયમથી વિરૂદ્ધ હતું. શ્રીકૃષ્ણ કહે છે કે મેં તો નિયમનો વિચાર જ નથી કર્યો, હું કહું એ નિયમ. I am the Law. રામ જીવનભર મર્યાદા સાચવતા રહ્યાં. આમ ન કરાય.. પૂજ્ય ડોંગરેજી મહારાજ એક વાત કહે છે કે પૂછ્યું બધાએ કૃષ્ણ કોઈ વાત માનતા કેમ નથી ? રામાવતારમાં બહુ નિયમો માન્યા એટલે દુઃખી થયો એટલે કૃષ્ણ અવતારમાં નક્કી કર્યું કે કોઈનું સાંભળવું જ નહીં. આમાં વિનોદ પણ છે

અને થોડું તથ્ય પણ છે. નિયમનું પાલન નિયમ ઘડનારાએ કરવું એ સ્વૈચ્છિક છે. કરફ્યુ નાખે કોણ ? Commisioner. પણ Commisioner કરફ્યુ નાંખે એટલે લોકોથી બહાર ન નીકળાય, પણ પોલીસથી તો બહાર નીકળાય કે નહીં ? Commisioner નીકળી શકે કે નહીં ? જે કાયદો ઘડે છે એને કાયદો તોડવાનો અધિકાર છે એવું હું નથી કહેતો, પણ જે કાયદો ઘડે છે એ ક્યારેક કાયદાની ઉપર હોય છે. શ્રીકૃષ્ણની લીલાઓને જો બરાબર માર્મિક રીતે સમજવી હોય તો શ્રીકૃષ્ણએ કોઈપણ જગ્યાએ મર્યાદાભંગ નથી કર્યો, મર્યાદાનું અતિક્રમણ કર્યું છે. અને મર્યાદાભંગ જુદી વસ્તુ છે અને મર્યાદાનું અતિક્રમણ એ જુદી વસ્તુ છે. મર્યાદાભંગ તો કરે છે માનવી, પોતાની કામ-ક્રોધ-લોભ આદિ આવેશની, આવેગની પરિસ્થિતિથી. તમે નિયમ લીધો હોય કે ગુસ્સો ન કરવો અને કો'કે કંઈક કર્યું, કાબુ ન રહ્યો તમારાથી - ગુસ્સો થઈ ગયો. આ મર્યાદાભંગ કહેવાય. તમે વચન લીધું હતું, આમ પ્રતિજ્ઞા કરી હતી કોઈકે બીજી રીતે વિચારો તમે સંકલ્પ કર્યો હોય કે સાત દિવસ ઉપવાસ કરવો છે, સાંજે ઘરે ગયા. રસોડામાંથી એવી સરસ સુગંધ આવતી હતી પછી થોડું Compromise કર્યું. એમ કાંઈ ભુખ્યા રહેવાથી થોડા ભગવાન મળે ? આપણા મારગમાં તો કહ્યું જ નથી કે ભૂખ્યા રહેવું અને શાસ્ત્રીજી કથામાં કહેતા હતા કે એ જરૂરી નથી. ત્રણ દા'ડા ભૂખ્યા રહ્યા અને ચોથા દિવસે પારણા કર્યા. આ મર્યાદાભંગ કહેવાય. માનવી મર્યાદા ભંગ કરે છે એ એની મજબૂરી છે પણ પ્રભુ મર્યાદાભંગ નથી કરતો એણે તો મર્યાદા સ્થાપી છે અને જેણે મર્યાદા સ્થાપી છે એ મર્યાદાનું અતિક્રમણ કરવા સમર્થ છે.

દર્શન તો કરો, સમજવાની વાત છોડો અને સંસ્કૃત આપણાને નથી આવડતું પણ જેને સંભળાવીએ છે તેને તો આવડે છે ને ! આપણી Language, એ તો દુનિયાની બધી Language સમજે છે. ભગવાન શ્રીકૃષ્ણની ઈચ્છાથી પરીક્ષિત રાજાથી અપરાધ થયો છે અને એનું કારણ મહાપ્રભુજીએ બતાવ્યું છે. પરીક્ષિત રાજાનો જન્મ થયો ત્યારે રાજાના બળી ગયેલા શરીરને પુનઃ પોતાના અનુગ્રહથી નૂતન દેહનું દાન કર્યું. પરીક્ષિત રાજાનો જન્મ અલૌકિક છે, પરીક્ષિત રાજાનો દેહ અલૌકિક છે, જે દેહ માતા-પિતાથી નથી બન્યો. માતા-પિતાથી બનેલો દેહ અશ્વસ્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રથી ભસ્મીભૂત થઈ ગયો હતો. પણ ભક્તોના વંશનો અંત ન આવે એટલે ભગવાને એને ફરીથી જીવિત કર્યો. ભગવાન જાણે છે કે ભક્તને અમુક Limitથી વધારે દુઃખ ન અપાય. ક્યાંક વધારે પડતું દુઃખ આવે અને ભક્તના મનમાં ભગવાન માટે દુર્ભાવ ન આવી જાય. જીવ છેને થોડોક દુઃખી થાયને એટલે દુર્ભાવ ચાલુ થઈ જાય. ખેરાળુના નરહરિ જોષીનો પ્રસંગ સમજવા માટે જેવો છે. ખેરાળુમાં અલીણા ગામમાં આગ લાગી હતી એની ખબર ખેરાળુમાં, એ જમાનામાં સેલફોન નહતા. Electricity ક્યાં હતી ? ખેરાળુમાં બેઠા બેઠા આ વૈષ્ણવને ખબર પડી કે અલીણામાં આગ લાગી છે અને એ આગ બળતી બળતી મહિધર દેસાઈના ઘર સુધી આવી છે અને આ મહિધર દેસાઈ અને ફુલબાઈ હમણાં જ શ્રી ગુસાંઈજીના શરણે આવીને સેવક થયા છે. જો એમના ઘરને આગ લાગશે તો એમના મનમાં એ દુઃર્ભાવ આવશે કે અમે શ્રીગુસાંઈજીના સેવક થયા છતાં અમારા ઉપર આવી વિપત્તિ આવી અમને ? અમારી રક્ષા ન કરી ભગવાને ? વૈષ્ણવના હાથમાં જળની ઝારી હતી, તુલસીનો છોડ વચ્ચે પધરાવ્યો અને આજુબાજુ જળનું સિંચન કર્યું અને એ વૈષ્ણવે જળનું સિંચન કરતા વિનંતી કરી કે વૈષ્ણવનું ઘર બળવું ન જોઈએ, ક્યાંક એને પોતાના ગુરુદેવો માટે અવિશ્વાસનો કે

એવો દુર્ભાવ ન આવી જાય, હજી નવા નવા છે ને ? પછી જ્યારે વિશ્વાસ સિદ્ધ થઈ ગયો પછી તો કોઈ પરવા જ નથી, પણ શ્રદ્ધાનો અંકુર જ્યારે હજી એકદમ કુણો કુણો હોય ! ત્યારે તમને ખબર છે કે વડલાનું ઝાડ પણ હજી ઉગી રહ્યું હોય તો એના પર ન ચડાય, તૂટી જાય-કચડાઈ જાય. હા, એ જ્યારે બરાબર ઘેઘુરવડલો બની જાય પછી તમે ચડો ઉપર, એની વડવાઈઓ પકડીને ઝુલો, નાચો, ગાઓ. ગમે તે કરો. શ્રદ્ધા દૃઢીભૂત થઈ જાય એટલે, સુરદાસજીએ કહ્યું એકલો ભરોસો નહીં **दृढ इन चरण न केरो भरोसो.** શ્રદ્ધા સુદૃઢ હોવી જોઈએ, નહીંતર નાના દુઃખોમાં ભગવાનથી તમે વિમુખ થઈ જશો. ભગવાન મારું આ કામ ન કર્યું, પ્રભુએ મારું આ કામ ન કર્યું. હું આટલી ભક્તિ કરું છું ને મારું આ કામ ન કર્યું; એટલે ભક્તની ભક્તિ જ્યારે વિકસિત થતી હોયને ત્યારે એને સાચવવી પડે છે. અને એ ઘર સુધી આવી અને આગ શાંત થઈ ગઈ. આ કથામાંથી બીજી એક સારી વાત સમજવા જેવી છે કે કોઈનાય માટે કરેલા સારા વિચારો, નકામા જતા નથી. કોઈનું પણ સારું થાય એવા વિચારો એવી ભાવના જરૂર કરો, એનું તો જે થવાનું હશે તે થશે પણ તમારું જરૂર સારું થશે. પણ મારું સારું થાય એના માટે મારે સારાની ભાવના નથી કરવાની, પાછી વાતને ઊંધી ન પકડશો. આપણે લોકો ઊંધું પકડવામાં બહુ હોંશિયાર છીએ. વૈષ્ણવ હંમેશા બીજાનું મંગળ જ ઈચ્છે છે અને જે બીજાનું મંગલ ઈચ્છે છે એનું તો જરૂર મંગલ થાય છે. સાંભળો હું ચંદન લઈ અને તમને તિલક કરું તો, તમારું કપાળ પછી સુગંધિત થાય પહેલાં તો મારો હાથ સુગંધિત થાય અને હું કીચડ લઈને તમારા ઉપર નાંખુ તો કીચડ તમને પછી લાગે પણ પહેલું તો મને લાગે. ભાવના પહેલી તો આપણા હૃદયમાં આવે છે અને એટલા માટે જીવનમાં હંમેશા બીજા સુખી થાય એવી ભાવના લાવવી, એટલે તો આપણી સંસ્કૃતિનો આ પાયાનો મંત્ર છે.

सर्वेऽत्र सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ।।

ભારતની સંસ્કૃતિ ગૌરવ લઈ શકે એવો આ એનો પાયાનો મંત્ર છે. એમાં આપણે એમ ન કહેવું કે હિંદુ સુખી થાય, એમાં એમ ન કહેવું બ્રાહ્મણ સુખી થાય, એમાં એમ ન કહેવું સ્ત્રીઓ સુખી થાય, એમાં એમ ન કહેવું બાળકો સુખી થાય; કોઈ ભેદ છે આમાં ? સહુ સુખી થાઓ ! તમે જો આ ભાવના કરો, સારું થાય કે ન થાય ? તમે થશો. **જે સારું ઈચ્છે છે, એનું સારું થાય જ છે.** કબીરે કહ્યું છે, જે તમારા માર્ગમાં કાંટા વાવે; તમે એના માર્ગમાં ફુલ વાવજો. જો લોકો તમારા માર્ગમાં જે કાંટા પાથરે એનાં માર્ગમાંય તમે ફુલ પાથરજો પછી જોજો પરિણામ. એટલે હંમેશા બીજાનું સારું ઈચ્છો. એક સદ્ભાવના કે મારો એકેય વૈષ્ણવ દુઃખી ન થાય, એક સદ્ભાવના કે મારા ગુસાંઈજીનો સેવક શ્રદ્ધામાંથી વિચલિત ન થાય અને એટલા માટે ફલિત થયું. તો પરીક્ષિત રાજાનો જન્મ અલૌકિક છે અને એટલા માટે પરીક્ષિત રાજાનો ભગવત ઈચ્છાથી બનેલો આધિદૈવિક શ્રી વિગ્રહ અથવા એમનું શરીર લૌકિક અગ્નિથી બળે નહીં, એને અલૌકિક અગ્નિનો દાહ થાય માટે તક્ષક નાગના દંશથી રાજાનું શરીર ભસ્મીભૂત થયું છે. બીજા શબ્દોમાં કહું તો આ શ્રાપ રાજાના શરીરની અલૌકિક અગ્નિથી અંતિમ ક્રિયા થાય એ માટેની ભગવાને કરેલી વ્યવસ્થા છે. પણ આપણે એટલા બધા અધૂરા છીએ કે પ્રભુના અનુગ્રહને મોટે ભાગે એ અનુગ્રહ છે એવું સમજી નથી શકતા, કેટલીક વાર બહુ મોડેથી સમજીએ છીએ. એવા લોકો પૂછે છે કે અમે બહુ દુઃખી છીએ, ભગવાન ક્યારે કૃપા કરશે, ઠાકોરજી ક્યારે કૃપા

કરશે ? એ સવાલ કદી પૂછશો જ નહીં કારણ કે એને કૃપા કરવા સિવાય બીજું કશું જ આવડતું જ નથી; કૃપા જ કરે છે. પછી ક્યારે કરે છે એ તો કોઈ સવાલ છે ? માત્ર સમજણ આવશે તો સમજાશે કે એણે આપણને કંઈક આપ્યું એ પણ એની કૃપા હતી અને કદાચ આપેલું છીનવી લીધું એ પણ એની કૃપા હતી. અને છીનવી લીધા પછી કદાચ આપે, આ તો એનો ખેલ છે. **जा पे दीनानाथ ढरे** આમાં એક સરસ વાત કહી છે. **रीते भरे, भरे पुनि ढारे, जो चाहे तो फेर भरे !** ભગવાનનો તો આ ખેલ જ છે, ખાલી ઘડો ભરવો - ભરેલો પાછો ખાલી કરી નાંખવો અને પાછો ખાલી કરેલો ઘડો ભરી દેવો. આ ભરવું ને ખાલી કરવું એ તો એનો ખેલ છે તો ક્યારેક એ કંઈક આપશે તો એ પણ એનો અનુગ્રહ છે ક્યારેક આપેલું છીનવી લેશે. ઘરમાં નાનું બાળક હોય અને ધારદાર છરી રમતું હોય તો તમે રમવા દેશો કે હળવે રહીને એના હાથમાંથી છીનવી લેશો ? એ આપે એ પણ એની કૃપા છે, છીનવી લે એ પણ એની કૃપા છે અને કદાચ તમે માંગીને માંગીને માથા પટકો તોય ન આપે એ પણ એની કૃપા છે. **ન આપે - કૃપા, આપે તો - કૃપા, આપેલું લઈ લે એ પણ - કૃપા.** એને કૃપા કર્યા સિવાય કશું આવડતું જ નથી કારણ કે **भगवान अपि पुष्टिस्थो न करिष्यति लौकिकी च गतिम्** । એ પુષ્ટિપ્રભુ છે અને પુષ્ટિપ્રભુને પુષ્ટિ સિવાય કંઈ ભાવે જ નહીં. પુષ્ટિજીવોને પુષ્ટિમાર્ગ સિવાય કંઈ ન ફાવે અને પ્રભુને પુષ્ટિલીલા સિવાય બીજું કંઈ ન ફાવે. મહાપ્રભુજીનું નામ છે **पुष्टिलीलाकर्ता** અને પુષ્ટિલીલા એટલે શું ? હંમેશા ભક્તના ઉપર અનુગ્રહ કરવો. મહાભારતના યુદ્ધનો છેલ્લો દિવસ હતો, અઢારમો દિવસ અને ભીમ અને દુર્યોધન વચ્ચે ગદા યુદ્ધ ચાલતું હતું. ભીમના અનેક પ્રયત્ન છતાં એ યુદ્ધમાં એ દુર્યોધનને મારી ન શક્યો. થાકીને એણે શ્રીકૃષ્ણની સામે જોયું. શ્રીકૃષ્ણ એ સંકેતમાં બતાવ્યું કે એની સાથળ ઉપર પ્રહાર કરો તો જ એ મરશે. એક વાક્ય મેં કાલે તમને કહ્યું હતું, શત્રુનું મર્મસ્થાન ક્યાં છે એ જાણવું. યુદ્ધનીતિનો બહુ જ મહત્ત્વનો ભાગ છે, ત્યાં કરેલો પ્રહાર વિજય અપાવે. અને એટલા માટે શ્રીકૃષ્ણ જાણતા હતા કે દુર્યોધનનું તો આખું શરીર વ્રજનું બનેલું છે પણ એનો જંઘાનો ભાગ, કથા મહાભારતની પ્રસિદ્ધ છે. ગાંધારીએ દુર્યોધનને બોલાવ્યો હતો. એના આંખમાં સતીત્વનું તેજ હતું. પુત્રને કહ્યું કે તું નિર્વસ્ત્ર બની જા અને હું મારી આંખથી જોઉં છું, મારી આંખના કિરણ તારા જે જે અંગ ઉપર પડશે એ અંગ તારા વજ્ર બની જશે પણ દુર્યોધને ભગવાનની જ પ્રેરણાથી કટિ ઉપર વસ્ત્ર ધારણ કરી રાખ્યું હતું. ગાંધારીની દૃષ્ટિ પડવાથી બાકીનું બધું શરીર તો વ્રજ જેવું થઈ ગયું પરંતુ કટિપ્રદેશ કાચો રહ્યો અને એટલે ભીમસેનના પ્રહારથી. આ કથા મેં એટલા માટે કહીં કે મહાભારતના યુદ્ધમાં દ્રોણ, ભીષ્મ, કર્ણ, જયદ્રથ, દુર્યોધન આ બધાને મારવામાં પાંડવોને શ્રીકૃષ્ણની સહાય લેવી જ પડી છે. ક્ષણે ક્ષણે શ્રીકૃષ્ણ એમની સાથે છે અને પ્રભુએ જ એમને વિજય અપાવ્યો છે. પછી તો એવું બન્યું કે દુર્યોધન ધરતી ઉપર ઢળી પડ્યો. છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. દ્રોણપુત્ર અશ્વત્થામાને થયું કે દુર્યોધન સુખેથી મરે એટલા માટે એને હું કંઈક સારા સમાચાર આપું. હવે દુર્યોધન સુખેથી ક્યારે મરે ? આ જગતમાં દરેક માણસની સુખની વ્યાખ્યાઓ અલગ અલગ હોય છે. તો દુર્યોધનનું સુખ શું ? દુર્યોધન દેહ છોડે એ પહેલાં પાંચેય પાંડવોને મેં હણી નાંખ્યા છે એ સમાચાર જો આપું તો સુખેથી પ્રાણ છૂટે. લોકો કેવા વિચિત્ર હતા ? આમ કોઈ રાજપૂત હોય ને તેના પ્રાણ ન જતા હોય પછી દીકરાઓ આવીને કહે કે બાપા કંઈક મનમાં હજી રહી જતું હોય તો કહો. એટલે બાપા કહે હાથમાં ગંગાજળ લો અને જે વેર મારાથી પુરું નથી થયું એ વેર, આપણી

પેઢીઓથી ચાલતું વેર, તમે પુરું કરશો - તમે બદલો લેશો એવી મારી આગળ પ્રતિજ્ઞા કરો તો મારા પ્રાણ સુખેથી છૂટે. બાપ જિંદગીભર જે વેરની આગમાં બળતો રહ્યો, એણે સંતાનો પાસે પ્રતિજ્ઞા લેવડાવી કે તમે પણ જીવનભર એ જ આગમાં બળતાં રહો અને સંતાનોએ એ આગમાં બળવાની પ્રતિજ્ઞા લીધી, પછી બાપનો જીવ સુખેથી ગયો. આટલી મૂઢતામાં મનુષ્ય જીવે છે. અશ્વત્થામાએ પાંચ પથારીમાં પાંચ પુરુષો સૂતા હતા, અંધકારમાં આ પાંચ પાંડવો છે એવું સમજીને એમના શિરચ્છેદ કરી નાંખ્યા પરંતુ વસ્તુતઃ તે હતા પાંચ પાંડવોથી થયેલા દ્રૌપદીપુત્રો.

મહાભારતનું યુદ્ધ આપણને એક વાત શીખવે છે કે યુદ્ધમાં ભલે એક પક્ષમાં ન્યાય હોય અને એક પક્ષમાં અન્યાય હોય, ભલે એક પક્ષ નિર્દોષ હોય અને બીજો પક્ષ દુષ્ટ હોય, ભલે એક પક્ષ સજ્જન હોય અને બીજો પક્ષ દુર્જનનો હોય તો પણ જ્યારે યુદ્ધ થાય છે તો તબાહી બન્ને પક્ષે ભોગવવી પડે છે અને એટલા માટે શ્રીકૃષ્ણનો શરૂઆતનો પ્રયાસ તો એ જ હતો કે કૌરવો અને પાંડવોની વચ્ચે રણસંગ્રામ ન થાય. મહાભારતના અઢાર પર્વમાં એક આખું વિષ્ટીપર્વ, સભાપર્વ ભગવાને વિષ્ટિકાર બનીને યુદ્ધને રોકવા માટેનાં પ્રયત્ન કર્યા અને પાંડવોની સંમતિ લઈને શ્રીકૃષ્ણ Compromise લઈને ત્યાં સુધી તૈયાર થયા હતા કે પાંડવોનું બધું તમે પાછું ન આપી દો તો કમસે કમ પાંચ ગામ એમને લખી આપો, નામ સાથે કહ્યું કે આ પાંચ ગામ પાંચ ભાઈઓના નામે કરી દો, પણ યુદ્ધને ટાળો. કારણ કે લોહીની નદીઓ બંને પક્ષે વહેવાની છે, સ્ત્રીઓ વિધવા બંને પક્ષે થવાની છે, બાળકો અનાથ બંને પક્ષે થવાના છે. શ્રીકૃષ્ણએ જે ચિત્ર બતાવ્યું હતું એ જ ચિત્ર યુદ્ધનાં આરંભમાં અર્જુને અનુમાન કરીને જોઈ લીધું એટલે જ એણે કહ્યું કે મારે યુદ્ધ નથી કરવું. તમને ખબર છે અર્જુન શબ્દ કયા શબ્દ ઉપરથી બન્યો ? અર્જુન શબ્દ બન્યો છે 'ઋજુ' શબ્દ ઉપરથી. સંસ્કૃતમાં બહુ મજાનો શબ્દ છે ઋજુ. ઋજુ એટલે કોમળ. જાણે કમળની પાંદડી. ઋજુતા - Tenderness. જેનામાં ઋજુતા છે એ અર્જુન છે. અર્જુનનું બીજું નામ છે પાર્થ. પાર્થ નામ કેમ પડ્યું ? એના બે અર્થ છે. પૃથાનો પુત્ર છે માટે પાર્થ. પૃથા કુંતાનું બીજું નામ છે. પૃથા પછી કુંતા ઉપરથી કૌંતેય નામ તો પડ્યું જ પણ એ પૃથાનો પુત્ર હોવાથી પાર્થ અને બીજો પણ સુંદર અર્થ છે પૃથ્વીનો પુત્ર છે માટે પાર્થ. આ વ્યાકરણની દૃષ્ટિએ કદાચ ઉચિત નથી પણ ભાવનાની દૃષ્ટિએ ઉચિત છે કારણ કે અર્જુન સમગ્ર Human Beingનું Replacing કરે છે. અર્જુન એટલે નર. શાસ્ત્રો કહે છે, આ પ્રમાણભૂત વાત કરું છું. અર્જુન એટલે નર અને કૃષ્ણ એટલે નારાયણ; અને કૃષ્ણ અને અર્જુનનું જે સખ્ય છે એ નર અને નારાયણનું સખ્ય છે.

વિનોદ ભટ્ટે એક લેખમાં સરસ વાત લખેલી કે માણસના જીવનમાં ત્રણ વરઘોડા નીકળે. ત્રણ જાતના વરઘોડામાં જવાનું થાય. એક લગ્નનો વરઘોડો, એક છેલ્લો વરઘોડો અને એક રાજકીય આંદોલનોના સરઘસ તો આમણે કહ્યું કે આ ત્રણેયમાં આપણી Position જુદી જુદી હોવી જોઈએ. કોઈના લગ્નના વરઘોડામાં ગયા હોઈએ તો આગળ ઊભા રહેવું, એક તો બધા આપણને જુવે, આપણી વિડીઓ ઉતરે, બેસવાનું આગળ આવ્યો હોય તેને સારી જગ્યા મળી જાય, ઘણા ફાયદા. પણ કોઈના સ્મશાનના વરઘોડામાં જતા હોઈએ તો બને એટલું પાછળ રહેવું, કેમકે જ્યારે સરકી જવું હોય ત્યાંથી ત્યાં સરકી જવાય, કોઈને ખબર ન પડે ક્યારે ગયા ? આમેય છેલ્લો વરઘોડો હોય ત્યાં કોઈ

ગુલાબ જળ છાંટવા નથી ઉભુ રહ્યું, ફુલની કલગી લઈને ઉભું નથી રહ્યું, બે હાથ જોડીને 'આવો, આવો શોભામાં અભિવૃદ્ધિ કરો' એવું ત્યાં કોઈ Receive કરવા નથી ઉભું રહ્યું પછી શું કરવા આગળ આગળ પડવું. એટલે છેલ્લા વરઘોડામાં છેલ્લે રહેવું જોઈએ. અને કદાચ કોઈ Political Rallyમાં જવું પડે તો વચ્ચે રહેવું એટલે લાઠીચાર્જ થાય, ટીયરગેસ છૂટે, કંઈ પણ થાય તો બચી જવાય ! રક્ષક હંમેશા આગળ ઊભો હોય છે અને એટલે કુરુક્ષેત્રના રણમેદાનમાં અર્જુનની આગળ કૃષ્ણ છે એ કેવળ સારથી નથી. કુંતાએ કહ્યું હતું, કૃષ્ણ ! મારા દીકરા તમને સોંપુ છું અને શ્રીકૃષ્ણએ ફોઈબાને વચન આપ્યું હતું કે ફોઈબા ચિંતા ન કરો, તમારા બાળકનો હું વાળ પણ વાંકો નહીં થવા દઉં. કૃષ્ણ હું તારા ભરોસે સોંપુ છું, તમે કોઈ ચિંતા ન કરો ! **सोत्तीर्णा खलु पाण्डवै रणनदी कैवर्तकः केशवः** આ રણ નદીને પાંડવો પાર કરી શક્યા, અખંડિત રહીને પાર કરી શક્યા. નકુલ ન મર્યો, સહદેવ ન મર્યો, અર્જુન, ભીમ, યુધિષ્ઠિરનો વાળ પણ વાંકો ન થયો; એનું કારણ રક્ષક કૃષ્ણ છે. ફરીથી મહાપ્રભુજીના વચનામૃત યાદ કરાવું છું **प्रभु सर्व समर्थो हि ततो निश्चिंततां व्रजेत् । તમે જેનો આશ્રય કર્યો છે તે સર્વસમર્થ છે; સર્વસમર્થનો આશ્રય કર્યા પછી સંદેહમાં જીવવું એ પ્રભુના સામર્થ્યનું અપમાન છે, એને ભરોસે સોંપીને નિશ્ચિંત થઈ જાઓ.** જવા દો જી નૌકા, કિનારે કિનારે, પડેલા પ્રભુજી તમારે પનારે. (મૂળ શબ્દમાં પ્રભુજી છે પછી કોઈ કહે મહાપ્રભુજી ઉમેર્યું પણ છંદની દૃષ્ટિએ મૂળ પ્રભુજી શબ્દ છે.)

પડેલા પ્રભુજી તમારે પનારે,
જવા દો જી નૌકા કિનારે કિનારે;
તમે જો વિસારો તો હું ના વિસારું, તમારું અમારું બન્યું મજિયારું.

કેટલી સુંદર વાત છે. ભક્તે ભગવાનથી આ કોઈ મહાસત્તા છે એવું થઈને ભયભીત રહેવાની કોઈ જરૂર નથી. ભગવાન આપણા Best Friend, કૃષ્ણ સાચો મિત્ર છે. *તમે છો દ્વારિકાધીશ ને, ને હું છું સુદામા. અમારા તમોને હજારો પ્રણામો, જવાદો જી નૌકા કિનારે કિનારે.* જીવ અને ઈશ્વરનું સત્ય, ભગવાન સાથેની તમારી દોસ્તી અથવા તમારી સાથે ભગવાનની દોસ્તી કેવી છે એ મહાપ્રભુજીને મધુરાષ્ટકમાં પૂછો. **सख्यं मधुरम्** કૃષ્ણ તો મીઠા છે જ, એની સાથેની મૈત્રી પણ મીઠી છે. ડગલે ને પગલે પ્રભુ આગળ ઊભા છે. **धियो यो नः प्रचोदयात्** નો અર્થ જ આ છે કે આપણે રથી છીએ ને કૃષ્ણ આપણા સારથી છે. તમે ગીતાનું ચિત્ર જુવો છો ને અર્જુન છે ? આમ માથે હાથ દઈને નિરાશ થઈને બેઠેલો અને ઘોડાઓની લગામ હાથમાં લઈને ઊભા રહેલા મધુર મધુર સ્મિત કરતા કૃષ્ણ છે. આ સંપૂર્ણ રૂપક આપણું છે. જીવન છે મહાભારત, શુભ અને અશુભ, પ્રકાશ અને અંધકાર, અમૃત અને મૃત્યુ. આ પાંડવો અને કૌરવોની સેના છે અને ઊભો રહેલો અર્જુન, દુવિધામાં પડેલો અર્જુન મૂંઝાય છે કે મારે શું કરવું જોઈએ ? પણ સારું છે કે મૂંઝાયેલો એ અર્જુન અન્ય કોઈને પૂછવા જવાને બદલે ભગવાન શ્રીકૃષ્ણને પૂછે છે. જીવનમાં બહુ મૂંઝાઓને તો ભગવાનને પૂછવું, માણસને ન પૂછવું. લૌકિક માનવી તમને લૌકિક ઉપાયો બતાવશે.

અંતમાં એક કથા તમને કહું, યાદવ બાળકોને શ્રાપ લાગ્યો કે આ એનાથી તો એ જન્મશે, એનાથી તો તમારા કુળનો વિનાશ થશે. કૃષ્ણનાં જાંબુવતીથી થયેલા પુત્ર સાંબને સ્ત્રીનો વેશ પહેરાવીને ઋષિ પાસે લઈ ગયા, કહ્યું, મહારાજ આ સ્ત્રી ગર્ભવતી છે એને જાણવાનું બહુ મન થાય છે કે પુત્ર થશે કે પુત્રી થશે ? ઋષિઓએ કહ્યું કે કુળનો વિનાશ કરનારું

થશે. ગભરાયેલા એ બાળકોએ એ કપડાં ખોલ્યાં તો એમાંથી લોખંડનું મૂશળ નીકળ્યું. ચાલો આ તો એક ભૂલ કરી પણ, બીજી ભૂલ એ કરી કે આ સમસ્યાને લઈ અને શ્રીકૃષ્ણ પાસે ન આવ્યા. ભગવાન પાસે જવામાં સંકોચ થયો હશે! એ ગયા રાજા ઉગ્રસેન પાસે, પેલું મૂશળ લઈ ઉગ્રસેનની પાસે ગયા અને કહ્યું મહારાજ આવું બન્યું છે હવે આનું શું કરવું ? ઉગ્રસેને સલાહ આપી. (મેં તમને કહ્યુંને કે લૌકિક માનવી લૌકિક સલાહ જ આપી શકે.) ઉગ્રસેને કહ્યું ગભરાવ છો શું કરવા? આ મૂશળનો જ નાશ કરી નાંખો; ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી. મૂશળનો નાશ કરવો કેવી રીતે ? તો કહે કે પથ્થર ઉપર એને ઘસી નાંખો. યાદવો ભેગા થઈને એ મૂશળને પથ્થર ઉપર ઘસીને ઘસીને એમાંથી જે કાંઈ ભૂકો થાય તે દરિયામાં નાંખી દે છે. એક આધ્યાત્મિક અપરાધમાંથી મુક્ત થવાનો કોઈ આવો સ્થૂળ ઉપાય સંભવે ખરો ? આવી ભૌતિક સમસ્યાનું સમાધાન આધિભૌતિક હોય. આધ્યાત્મિક સમસ્યાનું સમાધાન પણ આધ્યાત્મિક હોય અને આધિદૈવિક સમસ્યાનું સમાધાન આધિદૈવિક જ હોય, એમાં ભેળસેળ નહીં થાય. જ્યોતિષ કહે કે તમારા હાથમાં ધન રેખા નથી અને પછી આપણે આમ છરી લઈને ચીરો પાડીએ તો થોડુઘણું હોય તે પણ ટ્રીટમેન્ટમાં જતું રહે. આ તે કાંઈ ઉપાય છે ? પ્રારબ્ધમાં શું છે ને શું નથી એ આધ્યાત્મિક પ્રકાર છે એટલે આધ્યાત્મિક સમસ્યાનું સમાધાન આધ્યાત્મિક જ હોવું જોઈએ.

દ્રૌપદીનાં પાંચ બાળકોનું મૃત્યુ થયું અને પાંચ બાળકોના મૃત્યુના વિયોગમાં દ્રૌપદી વિયોગ કરતા હતાં. અર્જુને અશ્વત્થામાનો પીછો કર્યો, અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડ્યું. અર્જુન શ્રીકૃષ્ણની શરણે આવ્યો, પ્રભુ ! હું શું કરું ? પ્રભુ એ કહ્યું, બ્રહ્માસ્ત્રની સામે તારું બ્રહ્માસ્ત્ર છોડ. બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્રનું અનુસંધાન કર. મેં હમણાં જ તમને કહ્યું આધિભૌતિકનો ઉપાય આધિભૌતિક, આધ્યાત્મિકનો ઉપાય આધ્યાત્મિક, આધિદૈવિકનો ઉપાય આધિદૈવિક. જે સમસ્યા છે એનું સમાધાન એના જ Level લેવલ ઉપર થાય. માનસિક દુઃખ હોય તો એનું નિવારણ શારીરિક ઉપાયથી ન થાય. તમને ઊંઘ નથી આવતી તમે ગોળી લીધી તો આજે તમે સૂઈ ગયા કાલે શું ઊંઘ નથી આવતી એ શરીરની મુશ્કેલી છે તો એનું સમાધાન શરીરથી અથવા ઊંઘ નથી આવતી ચિંતા વગેરેને કારણે તો એ મનની મુશ્કેલી છે. તો એનું સમાધાન માનસિક ઉપાયથી. શારીરિકનું સમાધાન શારીરિક ઉપાયથી અને માનસિકનું માનસિકથી, બૌદ્ધિકનું બૌદ્ધિક અને આધ્યાત્મિકનું આધ્યાત્મિક. જે Level ઉપર દોષ છે એ Level ઉપર ગુણ આવે તો એનું કામ થઈ જાય, એટલા માટે તમને કહું યોગ છે ને એની શરૂઆત શરીરથી થાય છે. પતંજલિ યોગની વ્યાખ્યા આપી **योगः चित्तवृत्ति निरोधः** યોગનું છેલ્લું પગથિયું આધ્યાત્મિક છે, પણ શરૂઆત ભૌતિક છે. યમ, નિયમ, પ્રાણાયામ, આસન - આ બધી શારીરિક પ્રક્રિયા છે, શરીરથી શરૂઆત કરવી સહેલી છે અને શરીર ઉપર તમારો કંઈક કાબુ આવે પછી ઈન્દ્રિયો. ઈન્દ્રિયો પર કાબુ આવે પછી મન, મન ઉપર કાબુ આવે પછી તમને એના ફળ દેખાય તો... બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્ર લગાવી એનું વારણ કર્યું. અશ્વત્થામાને દોરડાથી બાંધી અને દ્રૌપદીની સામે ઊભો રાખવામાં આવ્યો. અર્જુન કહે છે, કહો ને શું સજા કરવી ? હજુ સુધી દ્રૌપદી જાણતી નથી કે મારા પાંચ બાળકોની હત્યા કોણે કરી ? આંખ ઉઠાવીને જોયું તો નતમસ્તકે ગુરુદ્રોણનો પુત્ર અશ્વત્થામા ઊભો હતો. દ્રૌપદીએ જાણ્યું મારા પાંચ પુત્રનો હત્યારો ગુરુપુત્ર અશ્વત્થામાં છે, એણે બે હાથ જોડીને અશ્વત્થામાને પ્રણામ કર્યા અને અર્જુનની સામે જોઈને કહ્યું, **मुच्यताम् मुच्यताम् एष नितरां ब्राह्मणो गुरुः** । 'અરે ! ઈસે

છોડ દો, અરે ! ઈસે છોડ દો.' કોઈનું બંધન સહન ન થતું હોય ને તો એક વાર નહીં, બે વાર બોલાય. 'છોડો, છોડો, ચલો, ચલો,' અધીરાઈમાં માણસ બે-ત્રણ વાર બોલેને બોલી એમ દ્રૌપદી બોલી, **मुच्यताम् मुच्यताम् एष नितरां ब्राह्मणो गुरुः ।** બધાને આશ્ચર્ય થયું. 'મારો' કહેવું જોઈએ એના બદલે કહે છે કે 'છોડો' પરંતુ દ્રૌપદી અશ્વત્થામાના સ્વરૂપને જાણે છે. હવે દ્રૌપદીએ આવું કેમ કહ્યું એના અન્ય પ્રસિદ્ધ કારણો પણ જુદા છે. મહાપ્રભુજીએ પણ એક જુદો દૃષ્ટિકોણ આપ્યો છે, પણ આપણે વધારે જે પ્રસિદ્ધ વસ્તુ છે તે સમજીએ. દ્રૌપદીના હૃદયમાં એક ક્ષમા ભાવ જાગ્યો કે આને તમે છોડી દો. એક તો એ બ્રાહ્મણ છે; બીજું એ ગુરુ છે. ગુરુનો પુત્ર પણ ગુરુ કહેવાય. જે યુગમાં પતિની પાછળ પત્ની સતી થતી એ યુગમાં એવું કહેવાતું કે જો એને સંતાન હોય તો એણે સતી ન થવું જોઈએ. અચ્છા કેમ ન થવું ? તો કહે કે સંતાનના રૂપમાં એનો જ પતિ વિદ્યમાન છે. એટલે જો સ્ત્રીને સંતતિ હોય તો એ વિધવા થવા છતાં પૂર્ણરૂપે વિધવા નથી કારણ કે એના પુત્રમાં જે જ્યોત છે, એના પુત્રની અંદર જે ચેતના છે એ તો એના પતિની જ ઉતરેલી છે. આ વાત પણ દ્રૌપદી બોલ્યા છે. એક શબ્દ છે સહાનુભૂતિ, બીજો શબ્દ છે સમાનુભૂતિ. બે વચ્ચે થોડોક ફેર એ, સહાનુભૂતિ એટલે કોઈનું દુઃખ તમને ન ગમે, તમે પણ દુઃખી થાઓ. અરે રે ! આ બિચારો બહુ દુઃખી છે. એને દુઃખી જોઈ તમને દુઃખ થાય એ સહાનુભૂતિ. જ્યારે સમાનુભૂતિ એટલે બીજાને જેવું દુઃખ થાય બરાબર એવુ જ તમને પણ થાય.

એક વાર એક સંત ગંગાજીમાં નાવ પાર કરતા હતા. સામે કિનારે એક પુરુષ એની સ્ત્રીને લાકડીથી બરડામાં મારતો હતો. આ દૃશ્ય જોતાની સાથે એમને એટલી બધી પીડા થઈ કે એમની પીઠ ઉપર એ લાકડીના સૉળ ઉઠી આવ્યાં, આનું નામ સમાનુભૂતિ. માર પડતો હતો કોઈ અજાણી સ્ત્રી ઉપર અને સૉળ એમની પીઠ ઉપર ઉઠી આવ્યા આનું નામ સમાનુભૂતિ. માર પડતો હતો કોઈ અજાણી સ્ત્રીની પીઠ ઉપર અને સોળ ઉઠી આવ્યા આ સંતની પીઠ ઉપર, આવું બની શકે છે. આપણે બાબર-હુમાયુની કથામાં પણ એવું બને છે, દીકરો મરી રહ્યો હતો અને બાપે કહ્યું મારું આયુષ્ય લઈ લો, પણ મારા દીકરાને બચાવો. બાપ મરી ગયો અને પુત્ર બચી ગયો. માનવી દિલથી કંઈક કહેતો હોય તો એનો પ્રભાવ પરિસ્થિતિ પર પડે જ. આ કેવળ ચમત્કારો નથી, એની પાછળ વિજ્ઞાન છે. તમે ધારો કે તમને માથું દુઃખે છે તો એક ઉપાય તો એ છે કે તમે ગોળી લો તો માથું ઉતરી જાય અને એક ઉપાય છે આંખો બંધ કરીને બેસો અને મનમાં સો-બસો વાર બોલો. 'મને માથુ દુઃખતુ નથી, મને કંઈ થતું નથી.' મારું માથું દુઃખતું નથી પછી જુઓ માથું ઉતરી જશે. આ ચમત્કાર નથી, આ થઈ શકે છે. ઘરે મોટો પ્રસંગ છે અને તાવ આવે છે; તમે પાંચદસ મિનીટ બરાબર એકાગ્રતાથી બેસીને કહો, 'આજે તું જતો રહે, કાલે આવજે.' જો અંદર અવાજ ઉતર્યો હશે તો એ જતો રહેશે પછી બીજા દિવસે આવે તો એને Welcome કહેવું પડે, એમ નહીં કે હવે બચી ગયા. Postponed કરવાનો મતલબ એ છે કે એવું નથી કે છુટી ગયા. જે કર્મના ફળ ભોગવવાના હોય એ ભોગવવા માટે તૈયાર એ આપણી ઓનેષ્ટી કર્મના ફળ ભોગવવા તૈયાર ન હોવું અને ક્યાંક Escape એસ્કેપ શોધવા. મોટામાં મોટો પુરાવો પરીક્ષિત રાજાનો છે, પરીક્ષિત રાજાને જ્યારે જાણ થઈ કે મને ઋષિનો શ્રાપ લાગ્યો છે. તો રાજાને ગમ્યું **स साधु मेने** એ શબ્દો છે, કેમ ગમ્યું રાજાને ? એ રાજાની પ્રામાણિક્તા હતી કે ઋષિના ગળામાં મરેલો સર્પ નાખવાનો અપરાધ મેં

કર્યો છે અને કોઈ એવી બહાના બાજી નથી કે મારાથી થઈ ગયું. રાજાએ કહ્યું, અપરાધ મેં કર્યો છે અને તેની સજા મને મળવી જોઈએ. એવું પણ કોઈ કારણ ન બતાવ્યું કે આના લીધે, આના લીધે, મારા ગ્રહો ખરાબ હશે કે પછી તે દિવસે હું બહુ થાકેલો હતો. રાજા થાકેલા હતા, ભૂખ્યા હતા પરીક્ષિત અને થાકેલા હતો પણ રાજાએ એ પણ કારણ ન કહ્યું. રાજાએ કહ્યું માન્ય છે, કર્મફળનો ભોગ સ્વીકારી લેવો એ માનવીની પ્રામાણિક્તા છે અને એટલા માટે કોઈ છુટકારાના ઉપાય કેમ પરીક્ષિત રાજાએ પરીક્ષિતે શુકદેવજીને એમ કહ્યું હોત કે મહારાજ તમે તો સિદ્ધ પુરુષ છો એકાદ એવી જડીબુટ્ટી શોધી આપોને કે તક્ષક કરડે તો પણ મને કંઈ ન થાય. શુકદેવજી ઊભા થઈને ત્યાંથી ચાલ્યા ગયા હોત અને કહ્યું હોત કે હું ખોટી જગ્યાએ આવ્યો. પરીક્ષિતે એમ કહ્યું હોત કે મહારાજ કોઈ લક્ષ્મણ રેખા દોરી આપોને કે હું અંદર બેસી રહું અને તક્ષક અંદર આવે જ નહીં, પછી અંદર બેઠો બેઠો ખાઈ-પીને દસપંદર વર્ષ કાઢી નાંખુ. આ શક્ય હતું ? એક બ્રાહ્મણ પરીક્ષિતને બચાવવા માટે નીકળી ચૂક્યો હતો અને રસ્તામાં એનો ભેટો તક્ષક નાગ સાથે થઈ ગયો. ભોળપણમાં ને ભોળપણમાં અથવા તો પછી પોતાની બડાઈ બતાવવામાં એણે કહેતા કહેતા કહી દીધું કે તક્ષક નાગ આજે પરીક્ષિત રાજાને દંશ દેવાનો છે, હું રાજાને બચાવવા જાઉં છું. તક્ષકે પોતાની ઓળખાણ ન આપી; એણે કહ્યું કે ખરેખર ! તમારામાં એ શક્તિ છે કે ? અરે ! હા, તક્ષક આવે તો બતાવી દઉં. પછી ઓળખાણ આપી કે હું જ તક્ષક છું. કથા એવી છે કે તક્ષક નાગે એક ઝાડને ડંશ દીધો અને આખું ઝાડ કોલસો થઈ ગયું. મહારાજ ! બતાવો તમારી મંત્રશક્તિ. અને કથા એવી છે કે મહારાજે કોઈ સંજીવની મંત્રનો જાપ કર્યો, એ વૃક્ષના ઉપર જળ છાંટ્યું અને કોલસો થઈ ગયેલું વૃક્ષ પાછું જેવું હતું તેવું નવપલ્લવિત થઈ ગયું. તક્ષક ગભરાયો આ તો મારું આખું જવું જ વ્યર્થ થઈ જશે. આ બ્રાહ્મણ કહે છે એ વાત સાચી છે. તક્ષક નાગે કહ્યું, મહારાજ ! તમે જાઓ છો રાજા પાસે, આ જઈને શું કરશો ? કેમ, રાજાનો હું જીવ બચાવીશ. રાજા મને ઘણીબધી દક્ષિણા આપશે. તક્ષકે કહ્યું, દક્ષિણા તો હું આપી દઉં, લોને શું કરવા આગળ જવાનો પરિશ્રમ કરો છો? વાત પતાવી દીધી. તક્ષક નાગે જ બ્રાહ્મણને દક્ષિણા આપી દીધી અને બ્રાહ્મણે વિચાર કર્યો આપણે તો દક્ષિણા સાથે મતલબ છે ને પરીક્ષિત રાજા બચે ન બચે એમાં આપણે શું લેવાદેવા ? એ પાછો ગયો.

તો તમે સમજ્યા હું એ કહેવા માંગતો હતો કે એવા ઉપાયો હતા કે પરીક્ષિત રાજા સાત દિવસના આયુષ્યને લંબાવી શક્યા હોત, ઘણા ઉપાયો હતા પણ પરીક્ષિત રાજાએ શુકદેવજીને કે અન્ય ઋષિઓને એ વિનંતી નથી કરી કે મારા શ્રાપની નિવૃત્તિનો ઉપાય બતાવો, એ વિનંતી નથી કરી કે કોઈ મંત્ર કે જડીબુટ્ટી બતાવો કે એવું કોઈ સ્થાન બતાવો કે જ્યાં તક્ષક આવી જ ન શકે. વિવેકવાન માનવી જેમ જીવનનો જન્મ સ્વીકારે છે; બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા પણ જીવનની અનિવાર્ય પ્રક્રિયા છે એવું સમજીને સ્વીકારી લે છે. એવી રીતે અંતમાં મૃત્યુને પણ એક અનિવાર્ય પ્રક્રિયા એવું સમજીને પ્રેમથી સ્વીકારી લેતાં ભાગવત જ શીખવે છે. મૃત્યુથી ડરવું નહીં, તમે ડરો કોનાથી ? જે તમારું અહિત કરનાર હોય, પણ જે તમારું હિત કરવા માટે આવે એનાથી તમારે ડરવાની જરૂર નથી ? એક શ્લોક લખાવું છું, લખો. ચાર ચરણ છે અને જ્યારે આપણને મરવાની બીક લાગેને ત્યારે આ શ્લોકનો પાઠ કરવાનો. પહેલું ચરણ, **मृत्योर्बिभेषि किं मूढ !** આ ગુરુ-શિષ્યનો સંવાદ છે. ગુરુ શિષ્યને કહે છે અરે મુરખ ! મૃત્યુથી શા માટે

ડરે છે ? મૃત્યુથી ડરવું નકામું છે. કેમ ? બીજા ચરણમાં કહ્યું **भीतं हिं मुंचति यम ?** યમરાજ ડરી જવાથી શું દયા લાવીને છોડી દેશે ? તમે Belt ન લગાડ્યો અને One-wayમાં ગાડી ચલાવીને જતા હો, કદાચ પોલીસને કહો કે મારે આવી તકલીફ છે, કદાચ એને દયા આવે અને છોડી દે. પણ, યમરાજા પોલીસ જેવા નથી. જોકે પોલીસ તમને છોડી દેવા બીજા ગણાય રસ્તાઓ છે, દયા સિવાયના. પણ પાછું ત્યાંય ચાલતું નથી. કોઈ કવિએ કહ્યું છે કે મૃત્યુ કદી લાંચ લેતું નથી અને કફનને કદી ખીસું હોતું નથી અને જો મૃત્યુ લાંચ લેતું હોત તો ઘણું સહેલું એરપોર્ટ ઉપર ઊતરો પછી પૂછો છો ને કિતના ચાહિએ બોલો ? પણ ભગવાનને ત્યાં આ સિસ્ટમ નથી. શું યમ ડરેલાને છોડી દે છે ? ડરો કે ન ડરો, મૃત્યુ તો આવશે જ. શિષ્યે **मुंचति** શબ્દ પકડ્યો. મૃત્યુ ડરેલાને છોડતું નથી તો પછી કોને છોડે ? મહારાજ, મૃત્યુ બધાને આવે કે કોઈ એવું ઈચ્છે કે જેને ન આવે ? ગુરુએ કહ્યું, હા ! એક એવો છે એને મૃત્યુ કદી ના આવે. બોલો કોણ એવો હશે ? એક એવો છે જેને મૃત્યુ કદી આવતું નથી. કોણ એવો ? ત્રીજા ચરણમાં કહ્યું **अजातं नैव गृहणाति** જે જન્મ્યો નથી એને કદી આવતું નથી. બોલો હવે શું કરશો ? જનમી તો ચૂક્યા છીએ અને જો આપણે જનમી ચૂક્યા છીએ તો હવે મૃત્યુ સિવાય કોઈ રસ્તો જ નથી. કૃષ્ણ ગીતામાં મૃત્યુને અપરિહાર્ય કહે છે. અપરિહાર્ય, તમે એનાથી બચી જ ન શકો. ચતુરમાં ચતુર માણસો ભલે એવું વરદાન લઈને બેસે. દિવસે ન મરું, રાત્રે ન મરું, ઘરમાં ન મરું, બહાર ન મરું - તો ય મરે છે. એલોપેથી કરું, હોમિયોપેથી કરું, સર્જરી કરાવું, આ કરું - તે કરું. માણસ કેટલા ઉપાયો કરે છે ? કોઈ ભૂવા બોલાવે, કોઈ મંત્ર કરાવે, કોઈ આ કરાવે, કોઈ તે કરાવે. પણ કોઈ ક્યારેય પણ મરે. જગતનો કોઈપણ માનવી મૃત્યુ સામે જીત્યો નથી. એટલે કહ્યું મૃત્યુ, જે જન્મ્યો છે એને પકડે છે. જે જન્મ્યો નથી એને મૃત્યુ આવતું નથી. શિષ્યએ કહ્યું, મહારાજ, તો પછી હું કરું શું ? ગુરુ એ ચોથા ચરણમાં કહ્યું, **कुरु यत्नमजन्मनि** અમર થવાનો પ્રયત્ન ન કરો, અજન્મા થવાનો પ્રયત્ન કરો. અમર કોઈ છે જ નહીં. આ શબ્દ જ ખોટો છે, આ શબ્દ ભ્રામક છે. Dictionaryમાં તમને મળશે અમર અને અમરનો પર્યાયવાચી શબ્દ. અમર કોને કહેવાય ? દેવોને પણ, દેવોને મૃત્યુ તો છે જ. આપણી રીતે નથી જરા જુદી રીતે છે. અહીં આયુષ્ય પુરુ થાય અને મૃત્યુ થાય છે ત્યાં પુણ્ય પુરું થાય અને મૃત્યુ થાય. અહીં જે મરીને ઉપર જશે, ઉપરવાળો ઉપરથી પડીને નીચે આવશે. શાસ્ત્રકાર કહે છે, મૃત્યુ સામે કોઈ ઉપાય નથી. હા ! જન્મ સામે ઉપાય છે. મોક્ષનો અર્થ મૃત્યુથી બચવું નથી. મોક્ષનો અર્થ છે પુનર્જન્મથી બચવું. જે લોકોને મોક્ષ મળ્યો નહીં એ બધા મર્યા છે ને શંકરાચાર્ય પણ. મૃત્યુ તો બને જ. કેવળ આત્માનું દર્શન કરનારા મહાપુરુષો, સિદ્ધ પુરુષોનું મૃત્યુ તો થયું છે. મૃત્યુ આપણું પણ થશે, પણ જો આપણામાં વિવેક હશે તો મૃત્યુ થશે ત્યારે આપણે એવું નહીં માનતા હોઈએ, એવું નહીં અનુભવતા હોઈએ કે મારું મૃત્યુ થાય. મૃત્યુ થશે એ નિયમ, મારું મૃત્યુ થશે એ અજ્ઞાન મરાશે એ અનિવાર્યતા, હું મરીશ એ અજ્ઞાન. એટલે મૃત્યુની સાથે આપણા અહમ્‌નું તાદાત્મ્ય છે. એ તાદાત્મ્યને તોડી નાંખવું જોઈએ. તો મૃત્યુ થાય ત્યારે કોણ મરે છે ? જે જન્મ્યો તે મરે છે. જે જન્મ્યો જ નથી એ મરશે ક્યાંથી ? સંસ્કૃતમાં મોક્ષ માટે એક બહુ મજાનો શબ્દ છે પર્યાયવાચી. **न नाकपृष्ठम्...** શોધી કાઢજો કયો શબ્દ. આમાં મોક્ષનો પર્યાયવાચી શબ્દ આવ્યો. કયો આવ્યો ? આ શ્લોક છે. ચાલો, બીજો શ્લોક કહું. **न त्वहं कामये राज्यम्** આમાં મોક્ષ માટેનો શબ્દ આવ્યો. કયો શબ્દ ? **अपुनर्भव** એટલે ફરીથી જન્મ લેવો. મોક્ષનો અર્થ મૃત્યુથી મુક્તિ નહીં, મોક્ષનો

અર્થ પુનર્જન્મથી મુક્તિ અને ભક્તોને આવી મુક્તિ જોઈતી નથી, ભક્તોને તો ફરીથી જન્મ લેવો છે. એટલે વૃત્રાસુરે કહ્યું, ન **न अपुनर्भव** બે Negative Positive કરેને ! મૃત્યુ, જન્મયો ન હોય એને ન થાય. આ આત્મા અજન્મા છે અને તેથી આત્માનું મૃત્યુ થતું નથી. જરાક ધ્યાનથી સાંભળો, આત્માનું મૃત્યુ થતું નથી કારણ કે આત્મા અજન્મા છે. તો કોનું થાય આત્માનું નથી થતું તો કોનું થાય છે ? બોલો શરીરનું ? શરીર જડ કે ચેતન ? આપણું શરીર એ વસ્તુ છે, જડ પદાર્થ, પંચભૂતથી બનેલો છે. અને પંચભૂત જડ કે ચેતન ? આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી - આ જડ કે ચેતન ? પંચભૂત જડ કે ચેતન ? સહેલો સવાલ છે જળ કે ચેતન ? આ લાકડાનું ટેબલ છે, જડ કે ચેતન ? મૂંઝાવા જેવો સવાલ છે ? આ જે પથ્થર ઉપર તમે બેઠા છો એ જડ કે ચેતન ? જડ. તો શરીર તો બનેલું છે પાંચ મહાભૂતથી, શરીર આત્મા નથી, શરીર વસ્તુ છે. આપણે Physicsના નિયમો, પદાર્થ કોને કહેવાય ?Physicsનો નિયમ શો ? પદાર્થ કોને કહેવાય ? જેનું વજન હોય, જેનું કદ હોય એને પદાર્થ કહેવાય. તો શરીર તો પદાર્થ છે અને પદાર્થ મરે નહીં. આ ટેબલ તોડી નાંખુ તો ટેબલ તૂટી ગયું કહેવાય કે મરી ગયું કહેવાય ? આ મકાન તોડવામાં આવે તો મકાન તૂટ્યું કહેવાય કે મર્યું કહેવાય ? તો શરીર જ્યારે વિખરાય જાય પંચમહાભૂતમાં, તો મર્યું કહેવાય કે વિખરાયું કહેવાય ? આત્મા મરતો નથી કારણ કે જન્મ્યો જ નથી અને શરીર મરતું નથી કારણ કે શરીર તો પદાર્થ છે. તો મૃત્યુ કોને આવ્યુ ? બહુ લાંબો વિચાર કરીએને તો મૃત્યુ જેવું કશું છે જ નહીં. જેનાથી આખી જીંદગી ડરીએ છીએ, ખોટા ડરીએ છીએ. નથી આત્મા મરતો, નથી શરીર મરતું. કોણ મરે છે ? એટલે શ્રીકૃષ્ણએ મૃત્યુ માટે એક અદ્‌ભુત ઉદાહરણ આપ્યું, જે ઉપનિષદમાં પણ છે. અર્જુનને આપ્યું.

वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृहणाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ।। (गीता२/२२)

આ શ્લોક જે માનવી પોતાના જીર્ણ થયેલા વસ્ત્રોને છોડી દે, નવા સુંદર વસ્ત્રો ધારણ કરે છે તથા શરીર વસ્ત્ર છે એટલે care કેર લેવાની. આપણે કપડાની care કેર નથી લેતા ? મેલું થાય તો ધોઈએ છીએ, પાછી એના ઉપર ઈસ્ત્રી કરીએ છીએ, બટન તૂટી ગયા હોય તો લગાવી દઈએ છીએ. શરીરની care કેર લેવી જોઈએ, પણ શરીર હું છું એવી ભ્રાંતિ ન હોવી જોઈએ. શરીર સાથેનું તાદાત્મ્ય ના હોવું જોઈએ કે હું શરીર છું. એટલે કૃષ્ણ ભગવાન અર્જુનને વસ્ત્રને સાથે સરખાવે છે અને તે પણ જીર્ણ વસ્ત્ર, જીર્ણનો અર્થ તો છે કે એ હવે પહેરવા લાયક રહ્યું નથી. કપડું બહુ જુનું થાય તો લોકો કહે કે હવે તો આને છોડો, પણ તમે કહો ના, આ ડિઝાઈન મને બહુ ગમે છે. છુંછા બહાર આવી ગયા હોય, આમ ટાંકા લેવા પડ્યા હોય, રંગ એનો લગભગ ઊડી જવા આવ્યો હોય. આપણે નથી જોતાં શંકરાચાર્યજીએ કહ્યું છે. **अंगं गलितं पलितं मुण्डम्** એ આપણે બાજુવાળાને નહીં કહેવાનું, આપણે આપણને કહેવાનું. **भज गोविन्दं भज गोविन्दम्** શરીર વસ્ત્ર છે અથવા તો કહો શરીર ઘર છે. બહુ સરસ ઉપમાઓ અપાઈ છે. કહો કે શરીર ઘર છે. હવે તમે એક ઘર છોડી, બીજા ઘરે રહેવા જાઓ તો એમાં તમારી શું હાનિ થાય ? અને કેટલીક વાર તો એવું પણ બને છે કે જુનું ઘર છોડીને નવા ઘરમાં રહેવા જઈએ છીએ, જેમ તમે જુનું વસ્ત્ર છોડીને નવું વસ્ત્ર ધારણ કરો છો. એવી રીતે મૃત્યુમાં જુનું ઘર, મીરાંબાઈએ કહ્યું 'દેવળ જુનું', અને ઘર કરતાં દેવળ શબ્દ સારો છે. દેવળ એટલે દેવાલય. **आत्मा त्वं गिरिजा मतिः सहचराः प्राणाः शरीरं गृहम्** શરીર ઘર છે,

તમારું ઘર - તમે નહીં, તમારું ઘર. શરીર વસ્ત્ર છે, તમે નહીં - તમારું વસ્ત્ર, વસ્ત્રનો નાશ થાય તો કાંઈ પહેરનારાનો તો નાશ નથી થતો. કપડું ફાટે ત્યારે કપડું ફાટે છે કે તમે ફાટો છો ? ઘરની દિવાલ પડે ત્યારે તમે પડો છો કે દિવાલ પડે છે ? એવી રીતે ગૃહી અને ગૃહ. જેવી રીતે વસ્ત્ર ધારણ કરનારો અને વસ્ત્ર એ બે જુદા છે; એવી રીતે હું અને મારું શરીર જુદા છીએ. આ સમજણ આવે તો જ માનવીનો મૃત્યુનો ભય ટળે, આ નહીં થાય ત્યાં સુધી મૃત્યુનો ભય નહીં ટળે. 'હું શરીર છું' એ ભ્રાંતિ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તમે ડરતા રહેશો. મેરા ક્યા હોગા? આત્મા ચાલ્યો જશે પરમાત્મા પાસે અને શરીર તો પંચભૂતથી બનેલ, આ દુનિયાનો માલ આ દુનિયામાં રહેશે. શરીર છે આ દુનિયાનો માલ છે. આકાશ છે, વાયુ અહીંનો છે, પૃથ્વી અહીંની છે, જળ અહીંનું છે. તો જો ઈધર કા હે વો ઈધર રહેગા ઔર જો આયા થા, વો જાયેગા. **શરીરને ટકાવવાનો કોઈ ઉપાય નથી અને આત્માને મારવાનો કોઈ ઉપાય નથી.** ગાંઠ વાળી લો આ બે વાતની. ગમે તેમ કરીને શરીરને બચાવી નહીં શકો અને ગમે તેવા ઉપાયથી આત્માને મારી નહીં શકો. મેં તમને અગાઉ પણ કહ્યું હતું કે આપણે મૃત્યુ વિશે થોડી ચર્ચા કરીશું, જરૂરી છે. કારણ કે ભાગવત સાંભળવા એ માનવી બેઠો છે કે જેની પાસે માત્ર સાત જ દિવસ બચ્યા છે અને કહું છું કે પરીક્ષિત રાજા આપણી કરતા સારી Positionમાં છે. પરીક્ષિત રાજા દયાપાત્ર નથી કારણ કે એને એટલી તો ખબર પડી કે સાત દિવસ મુઠ્ઠીમાં છે. આપણને ખબર છે ? અહીંથી બહાર નીકળ્યા, Road Cross કરતા હતા ને કોઈ ગાડીની Break Fail થઈ ગઈ તો ગાડીની Break Fail એટલે આપણ પણ Fail ફેઈલ. અહીંયા બેઠા બેઠા શરીરની એકાદ નસ તૂટી ગઈ, ઢળી પડીએ. લોકો કહે હમણાં તો નોર્મલ હતા. એક બિલ્ડરે મકાન બાંધ્યું, છાપામાં જાહેરાત આપી 'આ મકાન FireProof છે, Earth Quake Proof છે, Flood Proof છે' જેટલા જેટલા Proof પ્રુફ હતા એ બધા લખ્યા અને પછી મકાન ખરીદનારના હાથમાં ચાવી મૂકતાં કહ્યું, 'આ મકાનને સો વર્ષ સુધી કાંઈ નહીં થાય મારી ગેરંટી છે.' એટલે લેણદારે કહ્યું, 'મકાનની Guarantee છે, રહેનારાની Guarantee છે ?' બિલ્ડરે કહ્યું, 'હું તો મકાનની ગેરંટી આપી શકું, રહેનારાની ગેરંટી ન આપી શકું.' માનવીનું જીવન પાણીના પરપોટા સાથે સરખાવાયું છે. માયાનો આ ખેલ છે ખોટો, કાયા પાણીનો પરપોટો, કાયા પાણીનો પરપોટો છે, માયાનો આ ખેલ ખોટો, કાયા પાણીનો પરપોટો. ક્યારે ફૂટે કહી ન શકાય ? આ તો પંખીડાનો મેળો. જીવનનો ગમે ત્યારે અંત આવી શકે છે. મૃત્યુ કોઈક મોડ ઉપર, વળાંક ઉપર આવીને ઊભુ છે; પણ જો મૃત્યુ સાથે મુલાકાત થાય એ પહેલાં જો જીવન અને મરણના સ્વરૂપને સમજી લેવામાં આવશે તો મૃત્યુ એ કોઈ દુઃખની-ભયની-ક્લેશની ઘટના નહીં બને. તો મૃત્યુ મંગલમય બની જશે ! આ ભાગવતનો બહુ જ મહત્ત્વનો ઉપદેશ છે. મેં તમને ભાગવતના પાંચ ફળ ગણાવ્યા હતા, એમાંનું એક ફળ છે પાંચ ફળ લખ્યાને ? પહેલું ફળ કયું ? સાક્ષાત ભગવત્પ્રવેશ. ભાગવતનું પહેલું ફળ **સાક્ષાત ભગવત્પ્રવેશ.** ભાગવતનું બીજું ફળ **સર્વસંદેહની નિવૃત્તિ.** ચલો ત્રીજું ફળ કયું ? **ભગવાનની કૃપા.** ચોથું ફળ **સર્વથી નિર્ભયત્વમ્, નિર્ભયપણું** અને છેલ્લી કૃપા **પરમપ્રેમ.** આ બધું ભૂલી જવાનું ? યાદ રાખવાનું. આ પાંચેય વસ્તુ આપણને મળશે, ઓછીવત્તી માત્રામાં મળશે, પણ મળશે ખરી.

હવે કથા એ છે કે દ્રૌપદી કહી રહી છે આ ગુરુ પુત્ર છે, એને છોડી

દો. યુધિષ્ઠિરને આ વાત ગમી. જુઓ, ધર્મરાજા છે ને ! યુધિષ્ઠિરે કહ્યું, બરાબર છે ! છોડી દો. ભીમે કહ્યું, છોડાય જ નહીં. એણે આપણા સંતાન ઉપર દયા ન આવી તો આપણે શા માટે એના ઉપર દયા કરવી જોઈએ ? એને મારવો જોઈએ. યુધિષ્ઠિર કહે કે છોડો, ભીમ કહે કે મારો. દ્રૌપદી પણ કહે છે કે છોડો. અર્જુન મૂંઝાયો, પ્રભુ શું કરવું ? પણ અર્જુન પાસેથી એક વાત શીખવા જેવી છે, જ્યારે પણ મૂંઝાઓ ત્યારે ભગવાનની સામે જુઓ. અર્જુન જ્યારે જ્યારે મૂંઝાયો, ભીમ જ્યારે જ્યારે મૂંઝાયો, આ બધા પાંડવો જ્યારે જ્યારે પણ કોઈ મૂંઝવણમાં પડ્યા એટલે એમણે ભગવાન સામે નજર કરી. તમે કહો કે આપણે ભગવાન સામે ક્યાં જોવું ? એ ક્યાં બેઠો છે ? આપણી અંદર બેઠો છે. જીવનમાં જ્યારે પણ કોઈ મૂંઝવણ આવે ત્યારે આંખ બંધ કરી અને અંદર પ્રભુ સાથે, પ્રભુને પૂછી લેવું 'બોલો, હું શું કરું ?' અને જગત આખું કદાચ તમને ખોટું માર્ગદર્શન આપી શકે, પણ અંદર બેઠેલો પરમાત્મા તમને ક્યારેય Misguide નહીં કરે, એ Guide છે. કાંઈ ખરો Misguide છે ? જેમ પાંડવો જ્યારે મૂંઝાયા છે ત્યારે એમણે પ્રભુ સામે નજર કરી છે અને પ્રભુએ એમની સમગ્ર સમસ્યાઓનું સમાધાન આપ્યું છે. કૃષ્ણ પાસે હોયને તો પાંડવો મૂંઝાય જ નહીં અને એ પણ યાદ રાખો કે કૃષ્ણ જેટલા પાંડવોની પાસે હતા, એટલા જ આપણી પાસે પણ છે જ. કદાચ એમના કરતાંય વધારે આપણી પાસે છે કારણ કે આપણે શ્રી મહાપ્રભુજીના સેવક છીએ. મહાપ્રભુજીનું નામ - કાલે કહ્યું હતું ને વલ્લભ વલ્લભનો બીજો અર્થ શો થાય ? વ્હાલા પ્રિય, ભગવાનના પ્રિય મહાપ્રભુજી અને મહાપ્રભુજીના પ્રિય કોણ ? વૈષ્ણવ. વૈષ્ણવ તો ઠાકોરજીને તો પ્રિયના પણ પ્રિય છે, તો પછી આપણે શા માટે મૂંઝાવું જોઈએ ? તમને અંદરથી ઉત્તર મળતો નથી એનું કારણ તો એ છે કે તમે અંદર કદી પૂછ્યું જ નથી. ગાંધીજી હોય, વિનોબા હોય, તિલક હોય, વિવેકાનંદ હોય, રામકૃષ્ણ હોય, રામતીર્થ હોય - જેટલા મહાપુરુષો થયા એ બધાએ કહ્યું છે અમે જીવનમાં જ્યારે પણ મૂંઝાયા છીએ ત્યારે અમે એને મળવું હોય તો બદ્રીનાથ, જગન્નાથપુરી - આવો એને કાંઈ દૂર દૂર ધકેલવાની જરૂર નથી.

नमामि हृदये शेषे लीलाक्षीराब्धि शायिनम् ।
लक्ष्मी सहस्त्र लीलाभिः सेव्यमानं कलानिधिम् ।।

આ મંગલાચરણ આપણે રોજ બોલનારા છીએ. તમારા હૃદયની શૈયા પર પુષ્ટિપ્રભુ પોઢ્યો છે. પૂછી લો એને. અર્જુનને ભગવાને કહ્યું. **ब्रह्मबन्धुर्न हन्तव्यः** બ્રાહ્મણ ગમે તેટલો દુષ્ટ હોય તો પણ એનો વધ ન કરવો જોઈએ. **आततायी वधार्हणः** યોગ્ય છે પણ એવું કરો ને કે બધાનું મન રહે. અશ્વત્થામાના માથાનો મણિ કાઢી લીધો, એનું અપમાન કરીને એમને કાઢી મૂકવામાં આવ્યો. વેરની આગમાં બળી રહેલા અશ્વત્થામાએ ફરીથી પાંડવોને બાળવાને માટે અને ઉત્તરાના ગર્ભનો નાશ કરવા માટે, વધ કરવા માટે ફરીથી બ્રહ્માસ્ત્ર છોડ્યું. ઉત્તરા દોડતી દોડતી ભગવાન દ્વારિકાધીશના શરણે આવી. **कामं दहतु मां नाथ ! मा मे गर्भो निपात्यताम्** 'પ્રભુ ! મારી રક્ષા ન થાય તો ચાલશે, પણ મારા ગર્ભની રક્ષા કરો.' કથા એવી છે કે કૃષ્ણ ઉત્તરાના ઉદરમાં પધાર્યા છે, ભગવાન નાનું અંગુઠા જેવડું રૂપ ધારણ કરી ઉત્તરાના ઉદરમાં પધાર્યા અને ત્યાં રહેલા બ્રહ્માસ્ત્રના તેજને શાંત કરી અને એ ગર્ભના બળી ગયેલા શરીરને પ્રભુએ પુનર્જીવન આપ્યું. ભગવાને પરીક્ષિતની રક્ષા કરી એમ કહેવાય છે પણ એનો અર્થ એ નથી કે બ્રહ્માસ્ત્રને વ્યર્થ થવા દીધું. બ્રહ્માસ્ત્રએ બ્રહ્મસ્ત્રનું કામ કર્યું, ભગવાને ભગવાનનું કામ કર્યું.

વિનાશકે વિનાશનું કાર્ય કર્યું, રક્ષકે રક્ષણનું કાર્ય કર્યું પણ ગર્ભ બચી ગયો અને આનું નામ એટલા માટે 'પરીક્ષિત' પડ્યું કે માતાના ઉદરમાં જ એને ભગવાનના દર્શન થઈ ગયા હતા. જન્મ લીધા પછી એની આંખ ભગવાનને શોધતી હતી ચારે બાજુ. **परिइक्षण** ચારે તરફ જેનું ઇક્ષણમ્ છે એ પરીક્ષિત. ચારે તરફ જોઈ રહ્યો છે, મારો રક્ષક ક્યાં છે? કોણ હતો જે ગર્ભમાં મારી રક્ષા કરી ? અથવા દરેકના તરફ પરીક્ષા કરતો હોય એટલે એને પરખતો હોય એ રીતે જોતો માટે પરીક્ષિત બાળક જન્મે ત્યારથી આમ કોઈને શોધતો હોય એની આંખ કોઈને શોધતી હોય કે એ ક્યાં છે કે જેણે ગર્ભમાં મારા પ્રાણની રક્ષા કરી અને મેં તમને કહ્યું હતું કે પરીક્ષિત રાજા એ સમગ્ર HumanBeingનું પ્રતિનિધિત્વ છે. બે કારણે પરીક્ષિત રાજાના માતાના ગર્ભમાં રક્ષા ભગવાને કરી તો આપણી નવ મહિના રક્ષા કોણે કરી ? ભગવાને. સાહુ પરીક્ષિત રાજાને સાત દિવસમાં મૃત્યુ આવવાનું હતું. આપણું કયા દિવસોમાં આવવાનું ? ખબર નહીં આપણા માટે સોમવાર હશે કે પછી મંગળવાર હશે કે બુધવાર હશે કે શનિવાર હશે કે પછી રજાનો વાર હશે પણ સાતમાંથી એક વાર આપણો પાક્કો, ત્યારે પરીક્ષિતની પાસે સાત દિવસ. મેં તમને પહેલે દિવસે કહ્યું હતું ને કે ભાગવતનો જેવી રીતે મહિમા છે એવી રીતે સપ્તાહનો પણ મહિમા છે. ભાગવત સાત દિવસમાં સાંભળવું. સપ્તાહનો એક અર્થ સાત દિવસ સાંભળવું, બીજો એક અર્થ સાતેય દિવસ સાંભળવું. સાત દિવસ સાંભળવું એટલે એનો અર્થ એવો નથી કે આઠમા દિવસે પૂરું કરવું, સાતેય દિવસ સાંભળવું એટલે કે **सदा सेव्या सदा सेव्या श्रीमद् भागवती कथा (भा. ३/२५)** એ પૂરું થાય જ નહીં. ઉત્તરા ભગવતશરણના પરિણામે ગર્ભની રક્ષા પામી. હવે કુંતાજી ભગવાનની સ્તુતિ કરે છે. કુંતાજીની સ્તુતિમાં બહુ સરસ ભાવો છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે - સ્તુતિ ત્રણ પ્રસંગે થાય છે. દુ:ખમાં, સુખમાં અને મરણ સમયે. દુ:ખમાં ઉત્તરાએ અને અર્જુને કરી. વિપત્તિમાં આવે છે ત્યારે ભીષ્મ પિતામહ કરે છે. **कलेवरं यावदिदं हिनोम्यहम् ।** અને કુંતાએ બધા જ દુ:ખોમાંથી બહાર આવ્યા પછી ભગવાનની સ્તુતિ કરી છે. આ ત્રણેયમાં સૌથી ઉત્તમ સ્તુતિ કુંતાની છે, કેમ ? દુ:ખમાં તમે ભગવાનને યાદ કરો છો એ લાચારી છે. માણસને કોઈ આધાર ન મળે તો છેલ્લે ભટકતો ભટકતો ભગવાન પાસે આવે. તમે જુઓ નાસ્તિકો પણ છેલ્લે છેલ્લે આસ્તિક થઈ જતાં હોય છે, કેમકે ક્યાંય એને આશ્રય ન મળે તો છેવટે એણે ભગવાનના આશરે આવવું જ પડે છે. બહુ મોટા મોટા બુદ્ધિજીવીઓ અને એક પ્રબળ તર્ક વડે ઈશ્વરના અસ્તિત્ત્વનો ઈન્કાર કરવામાં નિપુણ હતા એવા જીવનના પાછલા તબક્કાઓમાં અને ક્યારેક તો મૃત્યુ સામે આવીને ઊભું હોય ત્યારે આસ્તિક બની જાય છે. કારણ કે ભગવાન વગર છૂટકો જ નથી. સુરદાસજીનો એક સુંદર પદ

मेरो मन अनत कहाँ सचुपावे,
जैसे जहाज को पंछी जहाज से ऊडि फिर जहाज पे आवे।

હે પ્રભુ ! મારું મન તમારા સિવાય બીજે ક્યાં સુખી થવાનું છે ? કલ્પના કરો કે એક જહાજ અહીંથી આફ્રિકા જવા નીકળ્યું. મુંબઈના દરિયાથી આફ્રિકા જવા અને એમાં એક પક્ષી હતું. બે દિવસ થયા, ચાર દિવસ થયા, અઠવાડિયું થયું અને જહાજ બરાબર સમુદ્રની મધ્યમાં પહોંચ્યું. હવે એ પક્ષીને થયું કે હું ઉડી જઉં તો ? એ જહાજ ઉપરથી ઊડે છે. પાંખો મજબૂત છે એની, પણ જહાજ ઉપરથી ઊડ્યા પછી લાંબા લાંબા ચકરાવા મારે છે, પણ એને ક્યાંય જમીન દેખાતી નથી જેટલું એની પાંખમાં જોર વધારે એટલું એ ઊંચે જશે, પણ એને તો ક્યાંય

જમીન દેખાય જ નહીં. જમીન એટલે જ આશ્રય. એને ક્યાંય આશ્રય નહીં દેખાય.

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणी ।
पाषण्णुप्रचुरे लोके कृष्ण एव गति र्मम ।।

કોઈ આશ્રય નથી, કોઈ આધાર નથી. તો એને ગમે તે કરે કોઈ જ્યારે આશ્રય મળતો જ નથી પછી એ જ્યારે થાકે ત્યારે પાછું એને એ જ જહાજ ઉપર આવવું પડે છે, એમ ભગવાનથી વિમુખ થનારો જીવ ગમે તેટલા ચક્કરો મારે આખરે એની બુદ્ધિ જ્યારે થાકે, એનો અહમ્ જ્યારે ઓગળે, એના એને જૈસે ઊડી જહાજ. એટલે આ પછી આ લોકો પાંજરામાં નથી રાખતા. જહાજ જ્યારે બહુ દૂર ચાલ્યુ જાય પછી પક્ષીઓને પાંજરામાં નથી રાખતા કારણ કે એ ક્યાં જશે ? ગમે તેટલું ઊંચે ઊડશે ફરી પાછું એને જહાજ ઊપર આવવું જ પડશે. એમ માનવીની મતિ ગમે તેટલું પરિભ્રમણ કરે એને આખરે ભગવત્ આશ્રય કર્યા વગર છૂટકો જ નથી. જલ્દી નહીં માનો તો ભગવાનને મોડે મોડે પણ માનશો. સીધે રસ્તે નહીં જાઓ તો ભટકી ભટકીને ભગવાન પાસે આવશો, જશો ક્યાં ? હવે કેટલાકને સીધો રસ્તો ગમતો હોય તો વેળાસર ભગવાનના ચરણ પકડી લે છે અને કેટલાકને આંટીઘૂંટીવાળા રસ્તા ગમતા હોય છે. તો ભટકતાં ભટકતાં પણ છેલ્લે તો એને ભગવાન પાસે આવવું જ પડે છે. નાક પકડવાના બે રસ્તા છે. પ્રાણાયામ કરો છો ત્યારે કેવી રીતે પકડો છો ? એને દ્રાવિડી પ્રાણાયામ કહેવાય. એમ ભગવાન તરફ કેટલાક લોકો ShortCutમાં પહોંચી જાય છે. કોણ સમય બરબાદ કરે ? વેળાસર પકડી લો ભગવાનના ચરણ. અને કેટલાક જીવ ભટકતાં ભટકતાં થાકી-હારીને, જ્યારે કોઈ આશ્રય ન મળે, ત્યારે છેલ્લે ભગવાનનો આશ્રય સ્વીકારે છે. જો માણસને ભગવાનની Help લેવીયે ગમતી નથી. કેમ કે ભગવાનની Help છે એવું આપણે કબૂલ કરીએ તો આપણે જે Credit મળી હોય તેમાં પાછો ઘણો બધો ભાગ ભગવાનને Share કરવો પડેને ! એટલે જ્યારે કોઈ વસ્તુની બહુ પ્રશંસા થાયને ત્યારે માનવી એમ જ કહે છે કે આ તો મેં કર્યું, ભગવાને કરાવ્યું એવું નહીં કહે. હા ! કદાચ, એ કામ બગડે તો એ ભગવાનને વચ્ચે લાવશે, જેવી ભગવાનની ઈચ્છા. માણસ હારી જાયને તો જેવી ભગવાનની ઈચ્છા અને પહેલો નંબર આવે તો એમ નહીં કે જેવી ભગવાનની ઈચ્છા. એને તમે જીતો તો તમારી Credit અને તમે હારો તો ભગવાનની ખામી, આ વળી કેવું ? એમ કેમ ચાલે ? મહાપ્રભુજી સમજાવે છે કે પ્રભુની સ્તુતિ સુખમાં કરો એ ઉત્તમ છે ! દુ:ખી માનવી તો લાચાર થઈને ભગવાનને યાદ કરે છે, દુ:ખમાં તો તમે યાદ કરશો જ.

दुःखमें सुमिरन सब करे, सुख में करे न कोय ।
जो सुख में सुमिरन करे तो दुःख काहे को होय ।।

મરણ સામે આવે ત્યારે પણ બધા ભગવાનને યાદ કરે છે, પણ એમાંય બહુ શોભા નથી. ભગવાનનો ખપ પડે અને ભગવાન પાસે દોડીએ એવું નહીં. એની પાસે પ્રેમથી જાઓ, એની પાસે અકારણ જાઓ. શંકરાચાર્યજીએ કહ્યું કે બાળક ભૂખ્યો થયો તો મા પાસે જાયને ! **आपत्सुमग्नः** હે મા ! હું તારી પાસે આવીને અત્યારે આ દુ:ખમાં કાલાવાલા કરી રહ્યો છું એને મારું કપટ, એને મારી શઠતા ન માનીશ. સુખમાં હું તને ભૂલી ગયો અને દુ:ખમાં હું તને યાદ કરું છું, મા એને પણ તું મારું કપટ કે મારી શઠતા ન માનીશ કારણ કે એ તો નિયમ જ છે કે સંતાન, ભૂખ્યા-તરસ્યા થાય ત્યારે જ એને મા યાદ આવે છે. **क्षुधातृषार्ता जननीं**

स्मरन्ति પણ તોય આ વાત બહુ સારી નથી કેમ કે આપણે દુઃખી થઈશું ત્યારે જ આપણે ભગવાન પાસે જઈશું, ત્યાં સુધી નહીં જઈએ. દુનિયા દુઃખ લઈ-લઈને જ ભગવાન પાસે જાય. ભગવાન કહે કે મેં શું ગુનો કર્યો છે ? કશુંક સારું લઈને તો આવો. કોઈ ફરિયાદ લઈને જાય છે, કોઈ બાધા લઈને જાય છે, કોઈ વિરોધ લઈને જાય છે, કોઈ માંગણીઓ લઈને જાય છે. ભગવાન કહે છે કોઈ મુટ્ઠી પૌંઆ લઈને તો આવો ! પત્રમ્ પુષ્પમ્ લઈને તો આવો ! એકાદ માનવી મારી પાસે તો આવે જે સુદામાની જેમ મારો મિત્ર બનીને આવે, એકાદ સ્ત્રી તો એવી આવે કે યશોદાની જેમ કોળીયા ભરાવતી હતી તેમ મને ખવડાવે. આપણે તો જઈને, હે ભગવાન ! મારું ધ્યાન રાખજે, હું ભૂખ્યો થયો છું. પણ મેં ભી ભૂખા રહું એવું ભગવાન પાસે માંગવાની શી જરૂર છે ? મા ભૂખી રહે પણ એના સંતાનને ભૂખે રાખે ? એની પાસે એવું માંગવાની જરૂર છે કે મને ભૂખ્યો ન રાખીશ. ઉત્તમ સ્તુતિ છે.

સુખના સમયે કરેલી કુંતાજી સ્તુતિ કરે છે, **नमस्ये पुरुषं त्वाऽऽद्यमीश्वरं प्रकृतेः परम्** દ્વારિકાધિશની સન્મુખ કુંતા માતા સ્તુતિ કરી રહ્યા છે અને સ્તુતિનો આરંભ હંમેશા નમસ્કારથી થાય. હે આદિ પુરુષ ! હે ઈશ્વર ! તમે ભગવાન છો પણ બધા તમને નથી જાણી શકતા. **अलक्ष्यं सर्वभूतानामन्तर्बहिरवस्थितम्** કેવી મજાની વાત છે, ભગવાન અંદર બેઠો છે તોય દેખાતો નથી. ભગવાન બહાર બેઠો છે તોય દેખાતો નથી. સાધુઓ જે 'અલખ નિરંજન' બોલે છેને, એ 'અલખ'નો મૂળ શબ્દ છે અલક્ષ્ય. ભગવાન આપણા લક્ષમાં નથી આવતા. સાદી ભાષામાં કહું તો દેખાતા નથી. કેમ દેખાતા નથી ? બે કારણ છે, પહેલું કારણ એમણે પોતાને છુપાવેલા છે અને બીજું કારણ આપણી આંખ બગડેલી છે. હવે બે ગરબડ હોય તો પછી શું કહેવું ? એક તો મંદિરમાં ભગવાનના ઉપર ટેળો આવ્યો છે. અને બીજું તમે આંખ બંધ કરીને મેં એવા કેટલાય લોકોને જોયા છે કે મંદિરમાં જાય અને ભગવાનની સામે આંખ બંધ કરીને ઊભા રહે. ભગવાન કહે કે મારું મોં જોવું ગમતું નથી ? તમે કોઈ નિરાંત કે કોઈ Meditation મેડીટેશનનો માર્ગ નથી સ્વીકાર્યો કે આંખો બંધ કરવાની હોય ? તમારી આંખ તો એક કટોરો છે કે જે કૃષ્ણસૌંદર્ય અમૃતનું પાન કરે છે. શાયરોની ભાષામાં કહું તો તમારી આંખ જામ છે અને એ જામમાં મસ્ત મદીરા પીને કોઈ મસ્ત થઈ જાય. **भूत छुए, मदिरा पीए** સંસ્કૃતમાં એક બગુ સરસ શ્લોક છે.

मर्कटस्य सुरापानं पश्चात्वृश्चिकदंशनम् ।
तन्मध्ये भूतसंचारः यद्वा तद्वा भवेत् ।।

એક તો વાંદરું હોય, એમાં એને દારૂ પીવડાવો, એમાં પાછું એને વીંછી કરડે અને એમાંય પાછું એને ભૂત વળગે. આ કોની વાત છે ? આપણા બધાના મનની વાત. એક તો સ્વભાવે વાંદરું એને એમાંય પાછું એમનામાં ભૂત પ્રવેશ થયો પછી શું થશે એ કાંઈ કહેવાય જ નહીં. આપણી આંખ અવિદ્યાના આવરણથી અને ભગવાનનું સ્વરૂપ માયાના આવરણથી આવૃત્ત છે અને તેથી આપણને ભગવાનના દર્શન થતા નથી. આંખ ઉપર આવરણ છે અજ્ઞાનનું, અવિદ્યાનું અને પ્રભુના ઉપર આવરણ છે માયાનું. **माया जवनिकाच्छन्न** નાટક જોવા જાવ અને એમાં જે પડદો આવેને એને સંસ્કૃતમાં જવનિકા કહે છે. પ્રભુએ પણ એક પડદો રાખ્યો છે. એમનું વસ્ત્ર પણ પડદો છે. પ્રભુએ પણ પોતાના સ્વરૂપને છુપાવી રાખ્યું છે. માયાના આવરણમાં પિતામ્બર છે તે પણ આવરણ છે. **बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णीकारं बिभ्रद् वासः कनककपीशं**

वैजयन्ती च मालां એક તો આવરણ છે પીતાંબરનું. પીતાંબર કેવું છે ? સુવર્ણના જેવું જળહળતું. સુવર્ણ મોહક છે.

असंभवं हेममृगस्यजन्म तथापि रामो लुलुभे मृगाय ।
प्रायः समापन्न विपत्तिकाले धीयोऽपि पुंसां मलिनी भवन्ति ।

સુવર્ણ મોહક છે અને ભગવાને સુવર્ણના જેવું પીતાંબર ધારણ કર્યું છે કે કનક કપીશ એટલે શું થાય ? ભગવાનમાં મોહ થવાને બદલે ભગવાનને ઢાંકનારી માલામાં મોહ થઈ જાય. જગત માલાથી મોહિત થયેલું છે, ભગવાનથી નહીં કારણ કે પ્રભુએ મોહક માયા ધારણ કરી છે. અને પાછું પોતાની જાતને, પોતાના સ્વરૂપને પ્રભુએ માત્ર વસ્ત્રથી ઢાંકી છે એવું નહીં, માલાથી પણ ઢાંકી છે **वैजयन्तिं च मालाम्** ઉપરનું અંગ છે એ માલાઓથી ઢંકાયેલું છે અને કટિથી નીચેનું અંગ પીતાંબરથી ઢંકાયેલું છે. ભગવાનને ઢાંકે એનું નામ માયા. દર્શન ન થવા દે એનું નામ માયા અને એટલા માટે માયા પણ માયા છે, પીતાંબર પણ માયા છે. હવે માયાના ત્રણ કામ, આ વેંદાત છે પણ ઉપયોગી છે. માયા ત્રણ કામ કરે છે. મલ, વિક્ષેપ અને આવરણ. ચાંદીની વસ્તુ હોય અને બહુ દિવસથી માંજો નહીં તો કેવું થાય ? મેલું થઈ જાય ને દર્પણ એક-બે દિવસ પડ્યું રહે તો એના પર ધૂળ ચડી જાય. ધૂળ લાગે એનું નામ મલ. પછી એના ઉપર બહુજ મેલ ચડી જાય તો એ આવરણ થયું. માયા કોઈપણ વસ્તુનું ખાસ કરીને પરમાત્માનું સમ્યક્ દર્શન થવા દેતી નથી. આ વાત ત્રણેયને સમજવી હોય તો આ ત્રણેય શબ્દો યાદ રાખજો. મલ, આવરણ અને વિક્ષેપ - આ ત્રણ માયાવી શક્તિઓ છે. વધારે સારી રીતે ત્રણેયને સમજવા હોય તો ઉદાહરણ છે જલનું. આપણે સરોવરનું ઉદાહરણ લઈએ. એક શાંત સરોવરના કિનારે તમે બેઠા હતા. પૂનમની રાત હતી, ચંદ્રમાનું એટલું સુંદર પ્રતિબિંબ પડી રહ્યું હતું અને જળમાં તમે એ પ્રતિબિંબ જોતા હતા એટલામાં કોઈ ભેંસ કે એવું કોઈ પશુ સરોવરમાંથી પસાર થયું એટલે નીચેનો જે કાદવ હતો એ બધો ઉપર આવ્યો અને જળ થઈ ગયું મલિન. હવે જે જળ મલિન થઈ જાય એમાં ચંદ્રનું પ્રતિબિંબ ન દેખાય. **આ પહેલું આવરણ. મલ.** મલનું ગુજરાતી મેલ. નીચે રહેલો મેલ, એટલે કે કાદવ ઉપર આવી ગયો. જળ ડહોળું થઈ ગયું. પ્રતિબિંબ બરાબર દેખાતું ન હતું. આ માયાનું કામ છે મલ. **હવે બીજો વિક્ષેપ.** વિક્ષેપ એટલે શું કે તમે તળાવના કિનારે બેઠા છો, ચંદ્રમાનું પ્રતિબિંબ સરસ દેખાય છે. પણ થોડી થોડી વારે તમે કાંકરી નાંખ્યા કરો છો. હવે જો તમે કાંકરી નાંખ-નાંખ કરો તો ચંદ્રમાનું કેવું પ્રતિબિંબ દેખાય ? તૂટેલું, ખંડિત. પહેલાં તમને ચંદ્રમા દેખાયો મેલો. મેલો બીજામાં તમને ચંદ્રમાં દેખાયો તૂટેલો. કારણ કે તમે જળમાં વિક્ષેપ કરતા જ રહ્યા, આંગળી નાંખતા રહ્યા, કાંકરી નાંખતા રહ્યા. **ત્રીજી તો વધારે ઉપાધિ થઈ.** આવરણ સરોવરના પાણી પર લીલ છવાઈ ગઈ. ચંદ્રમાનુ ડહોળું ડહોળું પણ નહીં, ખંડિત પણ નહીં, પ્રતિબિંબ દેખાતું જ બંધ થઈ ગયું. એટલે લોકોને આ દુનિયામા ભગવાન દેખાતો જ નથી. છે તો દેખાતો કેમ નથી ? કારણ કે આવરણ છે. યા તો આવરણને હટાવો. ઘૂંઘટ કા પટ ખોલ... આ આવરણરૂપી લીલ હટાવવામાં આવે તો દર્શન થાય. એટલે જ્યાં સુધી માયા હટે નહીં ત્યાં સુધી બ્રહ્મદર્શન ન થાય. કુંતાજીએ આરંભમાં આ વાત કરી. પ્રભુ અમે બધા આપને ઓળખી ન શક્યા કારણ કે માયાનો પ્રભાવ હતો પણ હું આપને હવે જાણી ગઈ છું, આપને મારા પ્રણામ. ભગવાને કહ્યું, બોલો શું જોઈએ વરદાન ? ફોઈબા, તમે ખૂબ દુઃખી થયા છો. હવે કોઈક વરદાન માંગી લો ! કુંતાજીએ માંગ્યુ, મને અને મારા પરિવારને અમે જીવતા રહીએ

ત્યાં સુધી દુઃખ પડ્યા જ કરે. ભગવાન કહે કે કાંઈક સાંભળવામાં ભૂલ થાય છે; માંગવું એ રીતે હતું કે હવે આખી જિંદગી તો દુઃખ આપ્યું, હવે પાછળ તો ઠરીને જીવવા દો. માંગવું તો આમ જોઈતું હતું કુંતાએ. પરંતુ કુંતા માંગે છે. **विपदः सन्तु नः शश्वद्** ભાગવતનો કુંતાસ્તુતિનો આ અતિ પ્રસિદ્ધ અદ્‌ભુત શ્લોક છે. અહીં બહુવચન છે. પ્રભુ અમારા ઉપર, એટલે આખા પરિવાર ઉપર એક પછી એક અસંખ્ય દુઃખો નિરંતર રહે એવું વરદાન આપો. આપણે તો એમ જ માંગીએ કે અમારા પરિવાર ઉપર નિરંતર સુખો રહે એવું વરદાન આપો. જગત સુખ માંગે છે અને કુંતા દુઃખ માંગે છે અને એવું પણ નથી કે અત્યાર સુધી દુઃખ નથી પડ્યું, એટલે જરા ચાખીએ. આ તો બિચારી જિંદગીભર દુઃખી થયેલી છે. **विषान्महाग्नेः...** કુંતાજીનું આખું જીવન એના આગલા શ્લોકમાં બતાવ્યું છે. કુંતાજીનું જીવન વિપત્તિઓની, આપત્તિઓની પરંપરા છે અને તમે જો જો ભગવાનના જે ખૂબ જ નિકટ હોયને એ બધાના જીવનમાં અચૂક દુઃખો આવ્યા છે. ભગવાન રામના પિતા સુખેથી મર્યા ? આપણે ભગવાનનું નામ લઈએ તો **मेरा प्राण निकले सुखसे, तेरा नाम निकले मुखसे** દશરથ રાજાના પ્રાણ સુખેથી નથી નીકળ્યા, પાણી વિનાની માછલી જેમ દેહ છોડે એમ દશરથ રાજાએ દેહ છોડ્યો છે. કોણ ? જેના ત્યાં પુરુષોત્તમ પ્રભુનો આવિર્ભાવ થયો છે તે રાજા દશરથ ? આવું કેમ થયું હશે ? ઘણા લોકો એવું વિચારતા હોય છે કે એ તો કરેલા કર્મ તો ભોગવવા પડેને ! હું એમ કહું છું કે જો કરેલા કર્મ ભોગવવા પડે તો ભગવાનનું શું કર્મ મોટો કે ભગવાન મોટા ? ભગવાનને પણ કરેલા કર્મો ભોગવવા પડે છે આ વાત અતિરેક ભરેલી, અતિશયોક્તિ ભરેલી છે. ભક્તિમાર્ગથી વિરૂદ્ધ એવી વાત છે આમ સાંભળી સાંભળીને તમે પણ કદાચ તાનમાં આવી જાઓ એવું બોલનારા જ હશે. કૃપાનો અર્થ જ એ છે કે એનું ધાર્યું થાય; ન એમાં કોઈ કર્મ આડા આવી શકે, ન કોઈ કાળ આડો આવી શકે, ન એમાં કોઈ સ્વભાવ આડો આવી શકે. આ વાતો તમને વિગતવાર, જો બનશે તો તમને છઠ્ઠા સ્કંધમાં સંભળાવીશ કે પુષ્ટિ એટલે શું ? અને એ વખતે નહીં તો દસમા સ્કંધમાં ચોક્કસ.

પુષ્ટિ એટલે શું ? કોઈ કર્મની તાકાત નથી ભગવાનને અથવા ભગવતઆશ્રિતને દુઃખી કરી શકે. ભગવાનનો ભક્ત જો દુઃખી હોય તો કર્મના કારણે નહીં, ભગવદ્ ઈચ્છાના કારણે. ભગવાનનો ભક્ત જો દુઃખી હોય તો ખરાબ સમય આવ્યો છે એ કારણે નહીં, ભગવદ્ ઈચ્છાના કારણે. ભગવાનનો ભક્ત દુઃખી હોય તો એ સ્વભાવનું કારણ છે એવું નહીં, ભગવાનની ઈચ્છાના કારણે. કારણ કે ભગવદ્ ઈચ્છા સૌથી ઉપર છે, કર્મથી ઉપર છે અને સ્વભાવથી પણ ઉપર છે. એ કર્મ ભોગવવા માટે નહીં, દશરથ રાજા કર્મ ભોગવી રહ્યા છે એવું ન માનશો. જે લોકો આવું સમજાવે છે એ લોકો કૃપાનો સિદ્ધાંત સમજ્યા જ નથી. જો કર્મના હાથમાં બે વાત છે; આમ તો ત્રણ છે. એનું કારણ છે જો આપણે એ વિષયમાં ઊંડા ઉતરીએ તો એ સમજાય. કર્મના બે પ્રકાર છે - દૃઢ અને અદૃઢ. એમાં જે અદૃઢ છે એનું પ્રાયશ્ચિતથી નિવારણ થઈ શકે છે, નહીંતર આ દુનિયામાં પ્રાયશ્ચિત કરવાનું જ નકામું હતું. જો તમારે કરેલું કર્મ ભોગવવું જ પડે તો પછી પ્રાયશ્ચિતનો અર્થ શો ? તો જે કર્મ દૃઢ છે એનું નિવારણ પ્રાયશ્ચિતથી ન થાય પણ જે કર્મ અદૃઢ છે. સાદી ભાષામાં કહું તો કેટલાક ડાઘ એવા છે કે ધોવો તો ધોવાઈ જાય એ અદૃઢ અને કેટલાક ડાઘ એવા છે જે કદી ન ધોવાય એ દૃઢ, તો જે કર્મ અદૃઢ છે એનું નિવારણ પ્રાયશ્ચિતથી થઈ જાય છે. એને કર્મ નિવારણના ત્રણ વિકલ્પો છે. પ્રાયશ્ચિત, ભોગ અને કૃપા. યા તો તમે

પ્રાયશ્ચિત કરો. આટલું ગૌદાન કર્યું, આટલા ગાયત્રી મંત્રના જાપ કર્યા, આટલી તમે તીર્થયાત્રા કરી, આટલા તમે પ્રવાસ કર્યા અને તમે પાપમાંથી છૂટી ગયા. **કર્મનું નિવારણ કર્મથી થયું,** કાંટાને કાંટાથી કાઢયો. એવી રીતે કર્મથી કર્મનું નિવારણ પણ બીજો એક વિકલ્પ છે કે ધારો કે એવું ન થયું તો તો પછી એને ભોગવ્યા વગર છૂટકો નથી. ધારો કે સરકારે જેલ કરી કે પાંચ વર્ષની જેલ, તો એને જવું પડશે. પાંચ વરસ જેલમાં મોકલનારી સરકાર, પાંચ વરસ પછી પાછો પેલો એમ કહે કે હવે મને અહીંયા ફાવી ગયું છે, આજુબાજુવાળા પાસે ઘણીબધી ઓળખાણ થઈ ગઈ છે તો હવે તમે રાખી લોને ! જે સરકાર પરાણે એને જેલમાં લઈ ગઈ હતી, એ સરકાર પાંચ વર્ષ પૂરા થાય એટલે ધકેલીને બહાર મોકલી દે. એને રહેવા ન દે એમ ભોગ એ કર્મનો બીજો પ્રકાર છે. તમે ભોગવી લો, એમાંથી મુક્ત થઈ જાઓ. પણ એક ત્રીજો - આ બંને કરતાં પ્રબલ, અતિપ્રબલ વિકલ્પ છે કૃપા. તમે પ્રાયશ્ચિત પણ ન કરી શક્યા, તમારે ભોગવવાનું પણ ન રહ્યું જો એણે કૃપા કરી તો ! તમે તત્ક્ષણ એ કર્મમાંથી મુક્ત થઈ ગયા.

એક ઉદાહરણ આપીને સમજાવું. એક હતો રાજા. એનો એક હતો મંત્રી. મંત્રીના હાથે એક દિવસ કોઈ મોટી ભૂલ થઈ ગઈ. રાજાને ચડ્યો ક્રોધ. રાજાએ આજ્ઞા કરી આને દસ વર્ષ જેલમાં નાંખી દો ! મંત્રી ગયો જેલમાં, છ મહિના પછી રાજાને ત્યાં કુંવરનો જન્મ થયો. રાજા બહુ આનંદમાં હતા. રાજાએ કહ્યું મંત્રીને બોલાવો ! મહારાજ, તે તો જેલમાં છે ? રાજાએ કહ્યું. સારું હવે એને છોડી દો. એની બધી સજા માફ કરી છે. જે રાજા દસ વર્ષની જેલ ફટકારી શકે એ રાજા જેલમાંથી મુક્તિ આપી શકે કે નહીં ? પછી રાજાને એમ કહેવાય કે તમારો પાવર નથી, તમારી સત્તા નથી ? ન કહી શકાય. જે તમને ભોગ આપી શકે છે એ તમને મોક્ષ આપી શકે છે. રાજાએ કહી દીધું, આજે હું બહુ જ ખુશ છું, આજે મારી નગરીમાં કોઈ દુઃખી ન રહેવું જોઈએ. છોડી દો બધાને. બધા જ બંદીજનોને છોડી દેવામાં આવ્યા. ઈતિહાસમાં આવું ઘણી વાર બનેલું છે. ભૌતિક ઈતિહાસમાં પણ કે કારાગૃહને ખુલ્લા મૂકી દેવામાં આવે, બધા કેદીઓને મુક્ત કરી દેવામાં આવે. જાવ આનંદ કરો ! રાજા તરફથી તમને માફી મળી. તો એવી રીતે પ્રભુ કોઈ જીવ ઉપર કૃપા કરે તો પછી નથી કરવાનું રહેતું પ્રાયશ્ચિત, નથી ભોગવવાનો રહેતો ભોગ. **કારણ કે સર્વોપરી ભગવતકૃપા છે. એનું જ નામ પુષ્ટિ** અને એટલા માટે જ મહાપ્રભુજીએ આ માર્ગને પુષ્ટિમાર્ગ નામ આપ્યું છે. કુંતાજીએ માંગ્યું છે કે પ્રભુ ! મને વિપત્તિ આપો. શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમાં એમનું માહાત્મ્ય સમજાવ્યું છે. ભગવાનની આ વિપરીત લીલા છે. ભગવાનની આ વિપરીત લીલા છે. દુઃખમાં એ આનંદ આપે છે અને સુખમાં એ આનંદનો તિરોભાવ કરી દે છે. કુંતાજી જાણે છે કે દુઃખના લાભ કેટલા છે, એટલે માંગે છે મને દુઃખ આપો. આ કોઈ આવેશમાં આવીને, બોલેલી વાત નથી. સમજણપૂર્વક બોલેલી વાત છે કુંતાજીની કે પ્રભુ ! મને દુઃખ આપો. મને ખબર છે પ્રભુ કે દુઃખ આવે પછી આપના દર્શન અમને થાય છે. એણે કારણ પણ બતાવ્યું. અમારા આખા જીવનનો અનુભવ છે. હે દ્વારિકાનાથ ! સાંભળો કે અમે જ્યારે સુખી હોઈએ છીએ ત્યારે આપ દૂર ચાલ્યા જાઓ છો, અમને જ્યારે દુઃખ પડે છે ત્યારે આપ અમારી સમીપ આવી જાઓ છો. તો અમે તો એવું ઈચ્છીએ છીએ કે આપ અમારી સમીપ રહો પછી ભલેને દુઃખ કારણ હોય તો દુઃખ. આ વાત ઉપર સહેજ વિચારો. સુખ અને ભગવાનનું અંતર, સુખ અને

ભગવાનથી છેટું. દુઃખ અને ભગવાનનું સાંનિધ્ય, આ પેકેજ છે. આપો એટલે લેવું પડે એમ દુઃખ જોઈતું હોય તો એની સામે કોઈ વસ્તુ બહુ ખપતી ન હોયને તો આવી એક સ્કીમ મૂકે કે તમે આ સાબુ લો તો એની સાથે આ શેમ્પૂ ફ્રી અથવા બે સાથે લો તો બંનેની કૉસ્ટ ઓછી. **એમ ભગવાને સ્કીમ મૂકી - સુખ સાથે આવશે મારી દૂરી અને દુઃખ સાથે આવશે મારું સાંનિધ્ય.** હવે આ બેમાંથી જે માલ જોઈતો હોય તે લ્યો. તમે સુખાકાંક્ષી છો તો તમારે ભગવાનનું અંતર, ભગવાનની વિસ્મૃતિ એની સાથે જ આવશે, સ્વીકારવી પડશે. અને જો તમે દુઃખાકાંક્ષી છો અથવા તમને દુઃખની બહુ કાંઈ ચિંતા નથી ભલેને દુઃખ પડવું હોય તો પડે મારા ભગવાન તો મારી પાસે આવે છેને. તો કુંતાજીએ કહ્યું કે પ્રભુ ! મને મંજૂર છે ગમે તેવું દુઃખ, કારણ કે મને ખબર છે કે દુઃખ આવે એની પાછળ પાછળ તમે પધારો છો. **भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम्** । જો અહીંયા અનુભવ શબ્દ આવ્યો, જેનું દર્શન એક વાત બીજી કહું બહુ જ મોટું સુખ ભોગવવું હોય તો નાનું દુઃખ ભોગવવા તૈયારી રાખવી પડે. દાખલા તરીકે માણસ આખો દિવસ મજૂરી કરે તો એના હાથમાં પૈસા આવશે તો પૈસા ખાતર એ દુઃખ પણ ભોગવે છેને, વજન ઊંચકે છે. કેટલી બધી મહેનત કરે છે, પરિશ્રમ કરે છે, પરસેવો પાડે છે. આ પુનર્ભવ દર્શનમ્ જોઈતા હોય તો, સઘળા સુખ-દુઃખમાંથી મુક્તિ જોઈતી હોય તો, જન્મ-મરણમાંથી મુક્તિ જોઈતી હોય તો, સંસારના દુઃખોની આત્યંતિક નિવૃત્તિ કરવી હોય તો, આ પુર્નભવ દર્શન કરવા હોય તો વિપત્તિઓ જરૂરી છે. કેટલીકવાર અમુક વસ્તુ એના વિપરતથી વિપરીત મળે છે. એટલે જ આગળ આપણે કહ્યું કે **तमसो मा ज्योतिर्गमय** । હું તમસ્વ છું માટે કહું છું કે આ પ્રકાશ તરફ લઈ જા. પ્રકાશમાં બેઠેલો પ્રાર્થના નથી કરતો, આપણું દુઃખ જ આપણને પ્રભુ તરફ દોરે છે. ભગવાને કુંતાજીની વાત સાંભળી, જો કે પછી એમને કોઈ દુઃખ આપ્યું નથી પણ દુઃખનો લાભ આ છે. પાંડવગીતામાં શ્લોક છે.

विपदोः नैव विपदः संपदः नैव संपदोः ।
विपद् विस्मरणं विष्णोः संपन्नारायण स्मृतिः ।।

તમે જેને વિપત્તિ માનો છો એ વિપત્તિ નથી, તમે જેને સંપત્તિ માનો છો એ સંપત્તિ નથી. વિપત્તિ અને સંપત્તિની વ્યાખ્યા બહુ અદ્દ્ભુત રીતે કરવામાં આવી છે. **ભગવાનને ભૂલવા અથવા ભગવાન ભૂલાય એ મોટામાં મોટી વિપત્તિ.** અને પ્રભુનું સ્મરણ થાય એ મોટામાં મોટી સુખની ઘટના. જે દિવસે તમે ભગવાનને ભજ્યા નહીં, જે દિવસે તમે ભગવાનની માળા કરી નહીં, જે દિવસે તમે ભગવાનનો પાઠ કર્યો નહીં, જે દિવસે તમે ભગવાનની અભિમુખ થયા નહીં એ તમારો દુર્ભાગ્યનો દિવસ હતો. એ તમારું મોટામાં મોટું દુઃખ છે અને તમારે તમારા મનમાં પ્રભુની સ્મૃતિ છે એ તમારી મોટી સંપત્તિ બધા પાંડવો આગ્રહ કરે છે, પ્રભુ રોકાઈ જાવ ! ભગવાનનું કામ એવું છે કે એનું કામ પૂરું થાય પછી એ રોકાય નહીં. હવે મને દ્વારિકા જવાની રજા આપો. બધા કહે, પ્રભુ ! હજુ થોડો સમય રોકાઓ. ભગવાન એક વ્યક્તિને માટે રોકાયા અને તે ભીષ્મ પિતામહ. બાણશૈય્યા ઉપર પડેલો આ ભક્ત પ્રતીક્ષા કરી રહ્યો છે કે આ દેહ છોડું એ વખતે મારા પ્રભુ સન્મુખ હોય.

આવું મૃત્યુ આવે તો કેવું સારું ! સન્મુખ સાંવરા ખડા હો. સાંવરા એટલે કૃષ્ણ. કૃષ્ણ સન્મુખ રહે તો સારું નહીંતર પેલા કાળા કાળા બીક લાગે એવા મોટા ડંડા લઈને આવે યમદૂતો, સન્મુખ આવીને ઊભા રહે,

મૃત્યુનો ભય લોકોને કેમ લાગે છે ? લોકો એમ સમજે છે કે મૃત્યુ આપણને અંધકારમાં લઈ જાય છે. **નર્કનો અર્થ છે અંધકાર અને સ્વર્ગનો અર્થ છે પ્રકાશ.** જ્યાં નથી એ, નર્ક અને ન અર્ક એટલે સૂર્ય. પણ નરકનો અર્થ આ કર્યો છે. એવો અર્થ પણ થયો છે એટલે ભૌતિક સુખને નર્ક કહ્યાં, તો બાણશૈય્યા ઉપર સૂતેલા ભીષ્મ વિનંતી કરે છે, પ્રભુ ! આ દેહ છોડવાનો સમય આવ્યો છે. પ્રભુ મારા અંત સમયે તમારે આવવાનું, શું કરવાનું, કેવા ઊભા રહેવાનું ? આ બધું ભક્તે લખાવી દીધું. સીધા ન ઊભા રહેશો, વાંકા ન ઊભા રહેશો. કૃષ્ણ તમે સીધા નથી સારા લાગતા, શ્રીનાથજી તો વાંકા સારે લાગે. શરૂઆતથી એની ભુજા પણ વાંકી. એમાં ભક્તોએ કહી દીધું. એનું ઊભા રહેવું વાંકુ, એનું નામ પણ વાંકુ. આમ રામ કેટલું સહેલું ? અને કૃષ્ણ ? એક પણ અક્ષર સીધો છે ? આ જ વક્રતાને મહાપ્રભુજીએ કહ્યું કે 'વલિતમ્ મધુરમ્' ભગવાનનું વળવું લલિતમ્, એના નેત્ર પણ સીધા નથી. આપણા કવિ દયારામનો સ્વભાવ થોડો વાંકો હતો. કોઈ ભક્તે પૂછ્યું કે તમારો સ્વભાવ વાંકો કેમ? તો કહે અંદર વાંકાં કૃષ્ણ બેઠા છે ને ? તલવારનું મ્યાન કેવું હોય ? શા માટે વાંકુ ? કારણ કે તલવાર વાંકી હોય છે ! એમ દયારામ કહે છે કે કૃષ્ણ વાંકો છેને એટલે મારું મન વાંકુ છે. વૃંદાવનમાં કહે છે ને બાંકે બિહારી, એ બાંકે એટલે શું ? વાંકો ? તિરછો ભીષ્મ બાણશૈય્યા ઉપર સૂતા છે, ભગવાને યુધિષ્ઠિરના વિષાદને નિમિત્ત બનાવી અહીં આગમન કર્યું. **જે શ્રીકૃષ્ણ અર્જુનને ગીતાનો ઉપદેશ આપે છે એ યુધિષ્ઠિરને નથી આપતા એનું એક કારણ આ પણ છે કે ભગવાન આપણા ગુરુ ત્યારે જ બને જ્યારે પહેલા આપણે એના શિષ્ય બનીએ.** અર્જુને કહ્યું કે હું તમારો શિષ્ય છું. આવું યુધિષ્ઠિરે ન કર્યું. ભગવાનનો નિયમ છે કે માંગો તો મળે. તમે કહો, પ્રભુ ! હું મૂંઝાયો છું. તો તરત રસ્તો બતાવશે. પણ તમે કહો, ના... ના... હું મારું સંભાળી લઈશ. ભગવાન દ્વારિકાધીશ ભોજન કરતા હતા. ભોજન કરતા કરતા એકદમ ઊભા થઈને દોડ્યા. ન હાથ ધોયા, ન મોં ધોયું. એંઠા હાથે એકદમ ઊભા થઈને દોડ્યા. રુક્મિણી કહે કે મહારાજ ! શું થયું, શું થયું ? ક્યાં ભાગો છો ? જવાબ પણ આપવા ન ઊભા રહ્યા. પણ દરવાજા સુધી ગયા અને પછી હસતા હસતા પાછાં આવ્યા. પાછાં ભોજન કરવા લાગ્યા. રુક્મિણીએ પૂછ્યું કે આ છે શું ? કંઈ સમજાવો. ભગવાને કહ્યું કે મારા એક ભક્તને લોકો બહુ સતાવતા હતા એટલે હું એને સહાય કરવા દોડ્યો. રુક્મિણીજીએ કહ્યું તો પછી બધું પતાવીને કેમ ન આવ્યા ? બારણેથી પાછાં કેમ આવ્યા ? તો ભગવાને કહ્યું કે ત્યાં સુધી તો બધાની ધીરજ ખૂટી ગઈ, લોકો એને પથ્થર મારતા હતા એને બચાવવા દોડતો હતો. એ બિચારો સહન કરી રહ્યો હતો એટલે હું દોડ્યો પણ પછી એણે આશા છોડી દીધી કે ભગવાન આવશે, એટલે એણે સામે પથરા મારવા માંડ્યા. ભગવાન કહે, જો એ પથરા મારી શકતો હોય તો હું મારું ભોજન છોડીને શું કરવા જાઉં ? તમે તમારું Manage કરી શકતા હો તો ભગવાન કરવા દેશે, કારણ કે ભગવાને આપણને બુદ્ધિ તો આપી છે ને ! પણ તમે જો કહો, 'પ્રભુ આ મારા ગજાની વાત નથી, તું સંભાળ, તો પછી એ સંભાળશે. આ વાત સ્પષ્ટ છે; ક્યાં તો એ આપણા ઉપર છોડી દેશે કે સંભાળ તું અને આપણે કહીશું કે ના પ્રભુ ! હું સંભાળી શકું એમ નથી, હું હાર્યો એટલે ભગવાન રાહ જુએ છે. ગજેન્દ્ર મોક્ષના પ્રસંગમાં હાથી પહેલાં તો પોતાનું બળ વાપરે છે, પોતાનું બળ પુરું થઈ ગયું એટલે રાહ જુએ છે કે મારા યુથના જે પરિવારજનો છે, એ મને સહાય કરે છે ? એણે જોયું તો બીજા હાથી તો બહાર નીકળી ગયા હતા. ન પોતાનું બળ કામ આવ્યું, ન બીજાનું બળ કામ આવ્યું. ત્યારે

હારીને એણે હરિને યાદ કર્યા. આમ પણ ભગવાનને દરવાજે લોકો મોડે મોડે જ જાય છે. કેટલો સમય ગુમાવી દે છે. આપણે બહુ સમય ગુમાવીએ છીએ આપણે એવો ન ગુમાવીએ. ઘડિયાળ અને કેલેન્ડર કેટલી ઝડપથી ગતિ કરી રહ્યાં છે. દિવસ અને રાત, સવાર અને સાંજ, શિયાળો, ઉનાળો, ચોમાસુ, **दिनमपिरजनी सायंप्रातः शिशिरवसंतौ पुनरायातः ।** આ કાળની ક્રીડા છે. પણ આપણી પીડા છે **कालः क्रीडति गच्छत्यायुः तदपि न मुञ्चति आशावायुः ।।** ભજ ગોવિંદમ્ ભજ હરે હરે...... બાણશય્યા ઉપર પડેલા ભીષ્મ પિતામહ ભોગવી તો રહ્યા છે નર્ક, બાણશય્યા એ નર્ક છે પણ એ નર્ક ભોગવનારો પાછો ભગવાનનો ભક્ત છે. જો ભગવાનનો આટલો મહાન ભક્ત કે જેને અંત સમયે દર્શન આપવાને માટે સામેથી પ્રભુ પધારે તો પછી એને બાણશય્યાનું નર્ક શા માટે ભોગવવું પડે ? આનો ખુલાસો આચાર્યચરણે કર્યો છે. ભગવાનનો ભક્ત પણ જો ભગવાન કે ભગવદીયોનો અપરાધ કરે તો પ્રભુ થોડા કઠોર બનીને એને અહીં નર્ક ભોગવાવે છે. આ એ ભક્ત છે કે જેના વચન ખાતર ભગવાને પોતાનું વચન તોડ્યું. આ એ ભક્ત છે કે જેના વચનને સત્ય કરવા હાથમાં શસ્ત્ર ન લેવાની પોતાની પ્રતિજ્ઞાને પ્રભુએ છોડી. આવો મહાન ભક્ત બાણશય્યા ઉપર મરે છે. આવી એની દુઃખી અવસ્થા કેમ ? એનો ખુલાસો ભીષ્મે પોતે પણ કર્યો છે. પ્રભુ મને માફ કરો કારણ કે મેં તમને પણ બાણ માર્યા છે. War વોરમાં તો Everything is Fair. લડાઈ થતી હોય તો ભગવાનને પણ બાણ મારી શકાય. ભીષ્મપિતામહને ભગવાનનું એ રૂપ યાદ આવી રહ્યું છે. કૃષ્ણ તો રસાવતાર છે એટલે દરેકમાં શ્રીકૃષ્ણનું વર્ણન છે. શૃંગારરસનું વર્ણન હોય ત્યારે એ જુદા હોય છે. **बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं...** શાંતરસ હોય તો જુદા. **शांताकारम् भुजगशयनं** કરૂણરસ હોય તો જુદા, રૌદ્રરસ હોય તો જુદા, હાસ્ય રસ હોય તો જુદા. ભગવાન સમગ્ર રસોને પોતાની લીલામાં પ્રગટાવે છે એમ આ વીરરસનું વર્ણન છે. રથના ઘોડા હાંકતા હાંકતા જેમના કેશ વિખરાઈ ગયા છે અને જેમના મુખારવિંદ અને કેશ ઉપર ઘોડાઓની ખરીની ઉડેલી રજ, કૃષ્ણને બે જગ્યાએ રજસ્વાલા કહ્યા છે, ધૂળથી ખરડાયેલા કહ્યા છે. બે જગ્યાએ - એક વ્રજમાં એ ગાયોની પાછળ ચાલે છે ત્યારે; અને બીજું અહીં યુદ્ધભૂમિમાં ઘોડાઓના પગથી ઉડેલી ધૂળથી. **युधि तुरगरजोविधूम्रविश्वक्कचलुलित श्रमवार्यलङ्कृतास्ये** અહીં કેશ ખુલી ગયા છે, મુખ ઉપર ધૂળ ખરડાઈ ગઈ છે, પરસેવે રેબઝેબ થઈ ગયા છે એટલું જ નહીં મારા તિક્ષ્ણ બાણ કવચને ભેદીને પણ તેની ત્વચામાં લાગ્યા છે, લોહીની ધારાઓ વહે છે. શ્રીકૃષ્ણ રૂધિરથી ખરડાયેલા, રૂધિરથી અને ધૂળથી. અર્જુનના રથના સારથી અને યોદ્ધા એને કહેવાય ! ખરેખર વીર કોને કહેવાય ? યુદ્ધમાં જેટલા પ્રહાર થાય એટલો એનો ઉત્સાહ વધે. એને વીર કહેવાય અને બીજી બહુ સુંદર વાત છે. ક્યારેક ક્યારેક ભીષ્મ અને દ્રોણ આવેશમાં આવીને એવા બાણ ચડાવે કે ભક્ત વત્સલ ભગવાનને થાય કે આ બાણમારો અર્જુન ખમી નહીં શકે તો ભગવાન એવો રથ હાંકે કે બાણ અને અર્જુનની વચ્ચે કૃષ્ણ આવી જાય. અહીં સમજવા જેવું છે. રક્ષણ કરનારો પાછળ ન ઊભો હોય, રક્ષણ કરનારો આગળ ઊભો હોય. એ અગ્રેસર છે સેવા કરનારો, પાછળ હોય એને અનુચર કહેવાય. કૃષ્ણ અગ્રેસર છે લાગે કે આ બાણમારો અર્જુન ખમી નહીં શકે તો ભગવાન એનો રથ એવો વાંકો કરી દે કે બાણ શ્રીકૃષ્ણની છાતીમાં વાગે. લોહીથી ખરડાઈ ગયેલા **मम निशितशरैर्विभिद्यमानत्वचि** આવા શ્રીકૃષ્ણ હજુ મારી આંખ સામે રમી રહ્યા છે. ૧૧ શ્લોકમાં ભીષ્મપિતામહે સ્તુતિ કરી છે અને આચાર્યચરણે એ ૧૧ શ્લોકનું રહસ્ય સમજાવ્યું છે. નવ શ્લોક

નવધાભક્તિના છે અને પહેલો અને છેલ્લો શ્લોક એ આત્મનિવેદન અને સર્વસમર્પણના છે અથવા બીજા અર્થમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે અંત સમય આવે ત્યારે ભગવાનના ભક્તે પોતાની ૧૧ ઈન્દ્રિયો પ્રભુના ચરણમાં જોડી દેવી જોઈએ. તેથી ૧૧ શ્લોકમાં આ અંતિમ સ્તુતિ થઈ. ૧૧ ઈન્દ્રિયો પણ પ્રભુમાં પરોવાય એનું નામ સેવા, એનું નામ સમર્પણ અને એટલા જ માટે આપણી બધી જ તિથિઓમાં સૌથી ઉત્તમ પવિત્ર તિથિ કઈ માની ? એકાદશી. કોઈને ઊભા રાખીને પૂછો અગ્યારસે શું કરવાનું ? તો તે કહેશે કે ફરાળ કરવાનું. અલ્યા, ખાલી ખાવા સાથે જ સંબંધ છે ? એકાદશીના નિયમમાં આ ખાવું, આ ન ખાવું બસ, ત્યાં જ વાત પૂરી થતી નથી. એકાદશીએ શું કરવાનું ? અગિયારે ઈન્દ્રિયોથી ભક્તિ કરવાની અને અગિયારેય ઈન્દ્રિયોથી પૂજા કેવી રીતે થાય છે એ ભાગવતમાં બતાવ્યું છે. ૧૧ ઈન્દ્રિયો ભક્તિનું સાધન પણ છે અને ૧૧ ઈન્દ્રિયો ભક્તિની ફળભોકતા પણ છે, તો એકાદશ ઈન્દ્રિયોનો પ્રભુના ચરણમાં સંબંધ થવો એ એકાદશી. ઘઉંની પૂરી ખાવાને બદલે રાજગરાની પૂરી ખાવ એનું નામ એકાદશી એ પ્રકારે જેવા તેવા ઉપરછલ્લા અર્થ ન કરશો. ભગવાનના પરમ ભક્ત ભીષ્મ અંતિમ સમયે ભગવાન દ્વારિકાધીશના દર્શન કરતાં કરતાં અગિયાર શ્લોકોમાં પ્રભુના ગુણગાન કરે છે, આ ગુણગાન ભગવાન સાથેની ગોષ્ઠિ હોય એવું લાગે છે અને **ભીષ્મપિતામહે ભગવાન પાસે પોતાની મતિ સમર્પિત કરી અને સામે રતિ માંગી છે. रतिरस्तु मेऽनवद्या** હે પ્રભુ ! મને આપની રતિ પ્રાપ્ત થાય. મહાપ્રભુજીને પણ આ વાત ગમે છે. ભગવત્. રતિનો અર્થ છે પ્રભુમાં સ્વાભાવિક સ્નેહ. **'સ્વાભાવિક'** શબ્દને વધારે સ્પષ્ટ કરું તો અકારણ પ્રથમ સ્કંધના બીજા અધ્યાયના આરંભમાં સુતજીએ ભગવાનની ભક્તિ માટે બે લક્ષણો આવશ્યક બતાવ્યા પહેલું લક્ષણ ભક્તિ અહૈતુકિ હોવી જોઈએ અને બીજું લક્ષણ ભક્તિ અપ્રતિહતા હોવી જોઈએ. આપણે બહુ પ્રામાણિકતાથી વિચારીએ તો આપણી ભક્તિ આપણને અહૈતુકિ દેખાય છે ? પ્રભુ પાસે કાંઈ ને કાંઈ માંગ્યા વગર આપણાથી રહેવાતું નથી, કંઈક હેતુ છે આપણો અને જે ભક્તિમાં હેતુ હોય એ ભક્તિ ભગવાનને માટે ઉત્તમ ભક્તિ નથી. એમાં એક મુશ્કેલી પણ છે કે તમે હેતુથી ભક્તિ કરો અને તમારો હેતુ પૂરો થઈ ગયા પછી તમે એની પાસે જતા નથી. જેમ કે તમે બીમાર હો તો દવાખાને જાવ છો ? બેસાતું ન હોય, કલાક બેસવું પડે તો પણ તમે બેસો પણ મટી ગયા પછી એવું થાય છે કે ચાલો બાંકડે જઈને બેસીએ, બહુ દિવસથી મળ્યા નથી તો લાવો મળી આવીએ. કારણ કે બીમાર છીએ એટલે આપણે દવાખાને જઈએ છીએ, એક હેતુ છે. હવે હેતુ ન રહે તો પછી કૃતિ પણ ન રહે એટલે જે ભક્તિ હેતુપૂર્વકની હોય એ ભક્તિ રતિ ન કહેવાય, એ ભક્તિ સ્વાભાવિકી ભક્તિ ન કહેવાય. સ્વાભાવિકીનો અર્થ છે એવું હોય જ - નદી વહેતી વહેતી સાગરમાં મળે જ પછી કોઈ લાભની ગણતરી કરીને નહીં કે પેસેફિકમાં મળુ તો આટલા લાભ થાય, અરેબિયનમાં મળુ તો આટલા લાભ થાય. તો તો પછી એ Investment થયું. અરે નદી સમુદ્રને મળે છે એમાં તો નદીને ઘણી હાનિ પણ છે. ગંગા સમુદ્રમાં મળી જાય પછી ગંગા રહે? ન ગંગાનું નામ રહે, ન ગંગાનું રૂપ રહે. ન ગંગાની મધુરતા રહે, ન ગંગાની પોતાની અસ્તિત્વની ઝંખના રહે, છતાંય એ નદી ગંગા સમુદ્રમાં જઈને મળે છે. એનો સ્વભાવ છે. અગ્નિ ગરમ હોય છે એનો કોઈ હેતુ નથી, પુષ્પના ઉપર ફળ ઉગે છે એનો કોઈ હેતુ નથી. સ્વાભાવિક રીતે ઉગે છે. ફૂલ સુગંધ પ્રસરાવે એનો કોઈ હેતુ નથી એવી રીતે ભક્તના હૃદયમાં રતિ સ્વાભાવિકી હોય કોઈ, હેતુ નથી આ રતિ છે. **ભક્તિનું પહેલું લક્ષણ ભક્તિમાં હેતુ ન હોવો જોઈએ. ભક્તિનું બીજું**

લક્ષણ ભક્તિ અપ્રતિહતા હોવી જોઈએ. અપ્રતિહતા એટલે અખંડ. અપ્રતિહતા એટલે વધેઘટે એવી નહીં. નારદજીએ એના માટે ઉપમા આપી તેલની ધાર જેવી. ભીષ્મે ભગવાન પાસે રતિ માંગી છે, ભગવાનમાં ગતિ માંગી છે. આપણે કૃષ્ણાશ્રયનો પાઠ કરીએ છીએ. દરેક શ્લોકના અંતે બોલીએ છીએ. ત્યાં ગતિ શબ્દ સમજવાની ભૂલ ન કરશો. એટલે આજકાલ ઘણા વખતથી એવી પ્રથા પડી ગઈ છે કે કોઈ ગુજરી ગયું હોય તો કૃષ્ણાશ્રયનો પાઠ કરે કારણ કે એમાં પેલો ગતિ શબ્દ આવે છે ને ? અને ગતિનો અર્થ આપણે સમજીએ મરેલાની ગતિ ભગવાનમાં થાય એટલે આપણે આ પાઠ કરવો. મહાપ્રભુજી કોઈની મરણોત્તર ગતિ માટે આ '**कृष्ण एव गति र्मम**' નથી બોલતા. ગતિનો અર્થ ત્યાં મરણોત્તર સ્થિતિ નથી. ગતિનો અર્થ છે આશ્રય. ગ્રંથનું નામ શું છે ? કૃષ્ણાશ્રય. પેલું ઉદાહરણ યાદ કરો. પક્ષી ઉડે છે જહાજ ઉપર પછી એને ચારે તરફ જળ જ દેખાય છે, કોઈ જગ્યા - કોઈ સ્થાન એવું છે જ નહીં કે એનો આધાર થાય અને એટલા માટે એ પક્ષી પાછું આવીને એ જહાજ ઉપર જ આશરો લે છે; આનું નામ જ કૃષ્ણ એવં ગતિ, કૃષ્ણ જ આશ્રય પુષ્ટિમાર્ગમાં અન્ય અન્યાશ્રય ન કરવો એની જે આજ્ઞા છે એનું મૂળ આમાં છે. અન્યનો આશ્રય તમે કરી જ ન શકો. કારણ કે કોઈ છે જ નહીં. કૃષ્ણ વિના કોણ છે ? એટલે જીવ છેવટે પ્રભુનો જ આશરો કરે. હા, એ અવસ્થામાં થોડો ભેદ પડી શકે છે કે બીજો આશ્રય નથી એટલે મજબૂરીથી એનો આશ્રય કરવો એમાં અનન્યતાતો સચવાય પણ એમાં આનંદ ન રહે એટલે મહાપ્રભુજીએ લાચારી કે મજબૂરીના કારણે '**कृष्ण एव गति र्मम**' એવું નથી કહ્યું. મૂળ ભાવના તો ગોવર્ધનલીલામાં સમજાવવામાં આવી કે જ્યારે આપણી પાસે પરિપૂર્ણ તત્ત્વનો આશ્રય કરવાની ઉત્તમ પૂરેપૂરી પરિસ્થિતિ છે, અનુકૂળતા છે તો શા માટે આપણે અંશનો આશ્રય કરવો ? વડાપ્રધાન સાથે તમારો સીધો સંબંધ હોય તો તમે કોઈ સાધારણ Clerckને નથી કહેતા કે મારું કામ કરી આપ. સમ્રાટની સાથે તમારી મિત્રતા હોય તો તમારે સૈનિકને વિનંતી કરવાની જરૂર નથી કે તું મારું ધ્યાન રાખજે ! કૃષ્ણ સમ્રાટ છે. બીજા બધા ભગવાનના અવતારો છે, કૃષ્ણ અવતાર નથી. પણ જેણે આ બધા અવતારો લીધા છે તે અવતારીપુરુષ છે. હવે જ્યારે એ પૂર્ણ તત્ત્વનો તમને આશ્રય પ્રાપ્ત થયો હોય તો ચિંતા કરવાનું શું કારણ છે ? જો તમારો શ્રીકૃષ્ણ સાથે કોઈ સંબંધ ન હોત તો તમારો બ્રહ્મસંબંધ થયો જ ન હોત, તો તમને શ્રી મહાપ્રભુજીનો આશ્રય અને અનુગ્રહ પ્રાપ્ત થયા જ ન હોત. ભીષ્મદાદા ભક્ત છે પરંતુ ભગવાનના ભક્તોને સામે પક્ષે ઊભા છે. મહાભારત તો તમે ઘણીવાર વાંચ્યું છે. આ બે સજ્જનો - બે ભગવદ્ ભક્તો કૌરવપક્ષમાં હતા, વિદુર અને ભીષ્મ - પણ બન્નેએ એકસરખો નિર્ણય નથી લીધો. જ્યારે એવો નિર્ણય લેવાયો કે હવે કુરુક્ષેત્રનું યુદ્ધ જરૂર થશે તો વિદુરજીએ હસ્તિનાપુરનો, કૌરવોનો ત્યાગ કર્યો. ત્રીજા સ્કંધના પહેલા અધ્યાયમાં આ કથા છે. ભીષ્મ પિતામહ આટલું મોટું વ્યક્તિત્વ, એક મોટો સ્તંભ કહેવાય પણ એમના મુખેથી મહાભારતમાં કેટલાક વચનો એવા નીકળ્યા છે કે સાંભળીને આપણને આશ્ચર્ય થાય. ભીષ્મ બોલ્યા છે. આ કોઈ સામાન્ય માણસ બોલ્યો હોતને તો વાંધો નહોતો. આ ભીષ્મ પિતામહ બોલ્યા છે. આપણને આશ્ચર્ય થાય. આ શ્લોકનો અર્થ સમજ્યા ? 'માણસ પૈસાનો ગુલામ છે. પૈસો માણસનો ગુલામ નથી.' કોઈ ચાણક્યએ કહ્યું હોત તો વાંધો નહોતો, કોઈ બીજાએ કહ્યું હોત તો પણ વાંધો નહોતો. મનુએ કહ્યું હોત તો પણ વાંધો નહોતો, પણ આ વચનો પિતામહ ભીષ્મના છે અને મહાભારતમાં આ શબ્દો Bold Lineમાં, બહુ ભારપૂર્વક કહેવાયા છે. કોઈ આવેશમાં બોલાઈ ગયેલી વાત નથી અને એ વાત ખોટી પણ નહીં

હોય. વાત તો એ છે કે આ વાત ભીષ્મ પોતાના માટે કહે. એક ગુરુ ઉપદેશ આપતા હતા. સંસારના બંધનની વાત. એટલામાં એક ખેડૂત બળદને લઈને નીકળ્યો. ગુરુએ શિષ્યને પૂછ્યુ કે જો આ બળદ અને આ ખેડૂત. એમાં માલિક કોણ ? તો પેલાએ કહ્યું કે આ તો કાંઈ સવાલ છે ? ખેડૂત માલિક અને બળદ એનો ગુલામ. ગુરુએ કહ્યું કે ખોટી વાત છે. ખેડૂત ભાગી જાય પણ બળદ પાછળ પાછળ નહીં દોડે કે હે માલિક ! તમે ક્યાં ભાગો છો ? અને જો બળદ દોરડું છોડાવીને ભાગે તો ખેડૂત એની પાછળ પાછળ દોડશે, અરે ! મારો બળદ ક્યાં ગયો ? તો પાછળ જે દોડે એને માલિક કેમ કહેવાય ? ખેડૂતના હાથમાં દોરડું છે અને દેખાય છે એવું કે બળદ બંધાયેલો છે પણ એ તો સ્થૂળ વાત થઈ. વાસ્તવિક રીતે તો બળદની પાસે દોરડું છે અને ખેડૂત એની પાછળ બંધાયેલો છે. મમત્વનું બંધન બળદને થોડું છે ? માનો તમારા ઘરમાં T.V. છે ને કોઈ ચોર આવીને ચોરી ગયો. એ એના ઘેર એ ચાલુ કરે તો એ ના પાડે ? માનવી બંધાય છે મમત્વના બંધનોમાં, માનવી બંધાય છે આસક્તિના બંધનોમાં. એટલે ભીષ્મનું વચન ખોટું નથી, માત્ર આપણને આઘાત એ લાગે છે કે ભીષ્મ પોતાને માટે આ બોલે છે. ભીષ્મને કોઈ મજબૂરી હતી ? કઈ મજબૂરી હતી ? કોઈ કુટુંબ, પરિવાર, ઘર ચલાવવું એવું તો હતું નહીં, પણ એક સ્વધર્મની, સ્વકર્તવ્યપાલનની એક નિષ્ઠા. ક્યારેક નિષ્ઠા પણ મજબૂરી બને છે. રામને કહેવામાં આવ્યું કે તમારા પિતા પાસે મેં વરદાન માગ્યું છે કે તમે ચૌદ વર્ષ વનમાં જાઓ. હવે ભગવાન રામે એમ કહ્યું કે નથી જતા ? જે થાય એ કરી લો ! તો શું થાત ? પણ નિષ્ઠાનું પણ મૂલ્ય છે. ભલે મારા પિતાએ વચન આપ્યું હોય. વચનબદ્ધ કોણ હતું રામ કે દશરથ? પણ પુત્ર પિતાની સાથે વચનબદ્ધ ન હોય તો પણ નિષ્ઠાના કારણે તો બંધાયેલો છે જ અને એ જ નિષ્ઠાના કારણે ભગવાન રામ વનમાં પધાર્યા છે એટલે ભીષ્મ પિતામહનું આખું વ્યક્તિત્વ સમજવા જેવું છે. ભીષ્મ કૌરવોની પાસે રહ્યા, જાણવા છતાં કે કૌરવો અધર્મી છે, એમની ભાવના એ હતી કે મારે એ નથી જોવાનું કે કૌરવો ધર્મનિષ્ઠ છે કે અધર્મી છે. હું બંધાયેલો છું. હસ્તિનાપુરની રાજ્યસત્તા સાથે, મારો ધર્મ છે આ સિંહાસનની સેવા કરવી પછી એ સિંહાસન ઉપર ગમે તે બેઠો હોય અને એ જ કારણે ભીષ્મ છેક સુધી કૌરવોના પક્ષમાં રહ્યા છે. પણ તોય પ્રભુને આ વાત ન ગમી, જુઓ એક વાતને પૂર્વભૂમિકાના રૂપમાં સમજી લઈએ. જગતનો કોઈપણ ધર્મ અથવા માનવીની કોઈપણ ધર્મ અંગેની વ્યાખ્યા ભગવત આજ્ઞાથી મોટી નથી, ધર્મની કોઈપણ વ્યાખ્યા દેહધર્મ, પરિવારધર્મ, કુળધર્મ, જાતિધર્મ, આ બધા ધર્મો ખરા પણ સાધારણ સંજોગોમાં મનુષ્યએ એ ધર્મનું પાલન કરવું જોઈએ કારણ એ ધર્મ છે પણ જે દિવસે એ ધર્મ અને ભગવાનની આજ્ઞા એ બે જુદા પડે, અચ્છા તમે ધર્મનું પાલન કેમ કરો છો ? **માણસને ધર્મની આજ્ઞા કેમ માનવી પડે છે ? કારણ કે ધર્મ ભગવાનની જ આજ્ઞા છે અને એ ભગવાન પ્રગટ થયેલા હોય અને કહે કે હું કહું છું કે આ કર - એ વખતે પ્રભુની એ આજ્ઞાનું પાલન કરવું જોઈએ. ધર્મ વ્યક્તિગત આજ્ઞા નથી. હું આખી વાત ગીતાની ભૂમિકા ઉપરથી સમજી શકાય છે. યુદ્ધ ન કરવું અથવા આટલો મોટો સંહાર બચાવી શકાતો હોય તો બચાવી લેવો એ અર્જુનની વાત બરોબર હતી પણ જ્યારે ભગવાન કહેતા હોય કે યુદ્ધ કર તો અર્જુને કોઈ વિચાર કરવાની જરૂર નથી કારણ કે સાધારણધર્મ અને વિશેષધર્મ - બે સામે ઊભા થાય તો સાધારણધર્મનો ત્યાગ કરવામાં, વિશેષધર્મનું પાલન કરવામાં જ વિવેક છે અને એટલા માટે ભગવતધર્મને સૌથી મોટો ધર્મ કહ્યો છે.** દેહધર્મ, જાતિધર્મ,

એવા અનેક ધર્મો કરતાં સર્વોત્તમ ધર્મ છે ભગવતધર્મ આ વાતની આગળ ચર્ચા કરીશું. એટલે ભીષ્મ પિતામહે કૌરવોની સાથે રહેવાનો નિર્ણય લીધો ધર્મબુદ્ધિથી અને વિદુરજીએ દુષ્ટોનો પક્ષ છોડી દેવાનો નિર્ણય લીધો ધર્મબુદ્ધિથી પણ બેમાંથી વધારે યોગ્ય નિર્ણય વિદુરનો હતો, ભીષ્મનો નહીં. અને એટલા માટે ભીષ્મને બાણશય્યા ઉપર મૃત્યુ પામતા પહેલા જ નરક ભોગવવું પડ્યું છે. જેણે ભગવાનને ત્રાસ આપ્યો અને જેણે ભગવત આશ્રિત ભક્તોને ત્રાસ આપ્યો એ ભીષ્મ ભક્ત હોવા છતાં દંડને પાત્ર છે એવી મહાપ્રભુજીની કારિકા છે. આનો અર્થ એવો નથી કે ભગવાનને ભીષ્મ પિતામહ પ્રત્યે કોઈ અભાવ થયો હોય. સ્વયં દ્વારિકાધીશ પાંડવોને નિમિત્ત બનાવીને અને ભીષ્મ પિતામહને અંતિમ સમયે દર્શન આપવા માટે પધાર્યા છે. આવું સૌભાગ્ય કોઈને ભાગ્યે જ મળે કે અંત સમયે સામે પ્રભુ હોય. ભાગવત તો એમ કહે છે કે અંત સમયે ભગવાનની સ્મૃતિ આવે તો પણ તમે ધન્ય છો. જીવનભર, તમે પચીસ-પચાસ-સાઈઠ જે વર્ષ જીવો એ જીવનભર કમાણી એક જ છે કે છેલ્લે ભગવાન યાદ આવે. શુકદેવજી બોલ્યા છે **जन्मलाभः परः पुंसामन्ते नारायणस्मृतिः** । જીવનની સફળતા મૃત્યુ શિક્ષા નથી પણ સારી રીતે મૃત્યુ પમાય એમાં છે. મૃત્યુ આપણી પરીક્ષા છે. Death is Examination. મૃત્યુ માણસની પરીક્ષા છે. જિંદગીભર જે સરવાળા કર્યા, જે બાદબાકી કરી, જે ગુણાકાર કર્યા, જે ભાગાકાર કર્યા, એનો જવાબ. મેં ક્યાંક વાંચ્યું હતું - બહુ સુંદર વાક્ય. Life is a question without Answer & Death is an Answer without any question. જીવન એક એવો પ્રશ્ન છે જેનો કોઈ જ જવાબ નથી અને મૃત્યુ એ એવો ઉત્તર છે કે જે કોઈ પ્રશ્નના ઉત્તરમાં કહેવાયો નથી. જોઈતું નથી તો પણ મળે છે - મૃત્યુ કોને જોઈએ છે ? છતાં પણ મળે છે એટલે મૃત્યુ પરીક્ષા છે, તમે કેવું જીવ્યા એની પરીક્ષા છે અને એ પરીક્ષામાં સફળ ત્યારે થયા જ્યારે અંતે નારાયણની સ્મૃતિ થાય. ભાગવતની આ પંક્તિ યાદ રાખવા જેવી છે. **जन्मलाभः परः पुंसामन्ते नारायणस्मृतिः** । મનુષ્યના જીવનનો પરમ લાભ જો કોઈ હોય તો તે એ છે કે અંતે નારાયણની સ્મૃતિ થાય. આ બધા સૂત્રો આત્મસાત્ કરવા જેવા છે. હવે એ વિચાર કરો કે અંતે નારાયણસ્તુતિને પણ જન્મનો પરમ લાભ કહ્યો હોય તો જ્યારે અંતે સામે નારાયણ ઊભા હોય તો ? ભીષ્મની એ ભૂલ થઈ કે કૌરવોના પક્ષમાં રહ્યા પણ એ ભૂલ સ્વધર્મની ભાવનાથી થઈ છે અને તેથી ભગવાને એમને દંડ પણ દીધો બાણશય્યા ઉપર સૂવાનો ! તો ભગવાને એમનું મૃત્યુ મંગલમય બનાવવાને માટે એક ક્ષણ પણ સામે આવીને ઊભા રહી અને એમના મૃત્યુને મંગલમય બનાવ્યું પણ ખરું. ભક્તિ નકામી થોડી જાય છે ! પછી તો ભગવાન થોડો સમય રોકાયા. યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞો કર્યા. ભગવાન દ્વારિકાધીશ પછી દ્વારિકા પધાર્યા. દ્વારિકાવાસીઓના વિરહને શાંત કર્યો. થોડા સમય પછી મહારાજ પરીક્ષિતનો જન્મ થયો. પરીક્ષિતનો જન્મ થયો ત્યારે જ્યોતિષીઓએ એના બધા જ લક્ષણો બતાવ્યા અને એમ પણ કહ્યું કે આ રીતે એમના દેહનો અંત આવશે. થોડા સમયમાં અર્જુન દ્વારિકા ગયો છે. ભાગવતમાં ધૃતરાષ્ટ્રની મુક્તિનું પણ કારણ છે. વિદુરજી તીર્થયાત્રાથી પાછાં પધાર્યા. એકાંતમાં ધૃતરાષ્ટ્રને મળ્યા. વિદુરજી થોડાક કડવા સ્વભાવના હતા. તમને કદાચ ખબર નહીં હોય કે વિદુરજી કોનો અવતાર છે ? વિદુર યમનો અવતાર છે. માંડલ્યઋષિનો શ્રાપ લાગવાના કારણે સો વર્ષનું શૂદ્રત્વ યમને પ્રાપ્ત થયું હતું અને તેથી વિદુરજી યમનો અવતાર છે. ભીષ્મ પિતામહ અષ્ટવસુમાં

દેવુ નામના વસુ હતા એનો અવતાર છે. યુધિષ્ઠિર ધર્મનો અવતાર છે. અર્જુન નરનો અવતાર છે - અર્જુનમાં ઇન્દ્રનો અંશ છે, ભીમમાં વાયુનો અંશ છે અને આધ્યાત્મિક રૂપકમાં તો બહુ સરસ વાત કરી. યુધિષ્ઠિર ધર્મ, ભીમ બળ, અર્જુન બુદ્ધિ, નકુલ સુંદરતા, અને સહદેવ વિદ્યા - આ પાંચેય પરણ્યા દ્રૌપદીને. દ્રૌપદી એટલે શું ? સમૃદ્ધિ. જો કોઈ વસ્તુ કડવી હોયને પણ રોગ મટાડનારી હોય તો એને હોંશે હોંશે પીવી. મહાપ્રભુજીએ વિદુરજીના વચનોને ત્રીજા સ્કંધના સુબોધિનીમાં સુદર્શનચૂર્ણ સાથે સરખાવ્યા. મને એમ થાય છે કે આનું નામ સુદર્શન કોણે પાડ્યું હશે ? કારણ કે પીધા પછી અરીસામાં મોં જોજો, જેમણે પીધું છે એમને પૂછજો. મેં તો પીધું જ નથી પણ સાંભળ્યું છે કે બહુ કડવું હોય. હા, સુદર્શન સ્વાદમાં કટુ છે પણ તમારા શરીરમાં જો તાવ હોય, રોગ હોય, જ્વર હોય તો એનો એ નાશ કરે છે એમ; મહાપુરુષોના વચનો કદાચ કટુ હોય, કઠોર હોય તો પણ એ સુદર્શન ચૂર્ણ જેવા છે. એ આપણી અંદર રહેલા અહંકાર-મમતા આદિ દોષોનો નાશ કરનારા છે. કૃષ્ણે તો અર્જુનને ગાળ દીધી છે ગીતામાં, રીતસર ગાળ છે. સારા શબ્દોમાં કહું તો નપુંસક, પ્રચલિત શબ્દો નથી વાપરતો પણ બહુ સારો શબ્દ વાપરું તો અર્થ થાય નપુંસક. ચાબખો માર્યો છે, સોળ ઉઠી જાય એવો ચાબખો અને ભીષ્મ પિતામહે પણ પોતાના માટે પણ આ જ શબ્દ વાપર્યો છે પણ એ કડવા શબ્દો ઔષધિ છે અને મહત્ત્વ ઔષધિનું છે. રોગ મટાડવાનું છે. દવા મીઠી હોય તો સારી વાત છે ન હોય તો ભલે કડવી હોય સવાલ એ છે કે રોગ મટાડે છે ને ! તો પછી ઉત્તમ છે. All is well if End is Well. અંત સારો તો બધું જ સારું. એણે ભલે દુઃખાડ્યું, એણે ભલે પીડા આપી, પણ કાઢ્યું શું બહાર ? ઝેર. અને જે આપણા શરીરમાંથી ઝેર કાઢી રહ્યો હોય એ તો આપણો ઉપકારી છે, એ રોગ મટાડી રહ્યો છે. વૈદ્ય છે. ભગવાન પણ ઘણી વાર વૈદ્યનું કામ કરે છે. સદ્‌ગુરુ પણ ઘણી વાર વૈદ્યનું કામ કરે છે. સંત પણ કોઈ વાર આવી રીતે વૈદ્યનું કામ કરે છે કે જે આપે છે દુઃખ પણ એનું પરિણામ છે સુખ. ગીતામાં ભગવાને કહ્યું સાત્ત્વિક સુખની શરૂઆતમાં દુઃખ જ હોય છે, સાત્વિક સુખ એટલે કે સાચું સુખ. સુદર્શન ચૂર્ણ જેવું છે અને એટલા માટે ભગવાન જ્યારે દુઃખ આપે છે. સદ્‌ગુરુ જ્યારે કઠોર શબ્દ કહે, સંત જ્યારે આપણને ક્યાંક ન કહેવા જેવા શબ્દો સંભળાવે એ આપણા ઉપર અનુગ્રહ કરી રહ્યા છે, એ આપણા રોગની ચિકિત્સા કરી રહ્યા છે. માણસે હમેશા હળવા મુલાયમ ચોપડેલા સ્વાદિષ્ટ શબ્દોથી ટેવાઈ ન થઈ જવું જોઈએ. પ્રશ્ન સ્વાદ સાથે નથી, પરિણામ સાથે છે.

વિદુરજીએ કડવા શબ્દો કહ્યા છે ધૃતરાષ્ટ્રને. **भीमापवर्जितं पिण्डमादत्ते गृहपालवत्** । શરમ નથી આવતી તમને કે જે ભીમને તમારા પુત્રએ ઝેરના લાડુ ખવરાવ્યા હતા મારી નાખવાને માટે એભીમ, એ યુધિષ્ઠિર અને એ પાંડવોના આશ્રિત થઈને, એમના રોટલા ખાઈને તમે જીવી રહ્યા છો. સત્ય ક્યારેક કડવું લાગે, ક્યારેક નહીં. **સત્ય મોટે ભાગે કડવું લાગે અને પ્રિય અસત્ય બોલવું એના કરતાં અપ્રિય સત્ય બોલવું યોગ્ય છે.** મહાભારતે સરસ વાત સમજાવી છે કે સત્ય અને પ્રિય આ બેનું Combination થાય તો બહુ સારું.

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यमप्रियम् ।
नानृतं प्रियम् ब्रूयात् धर्मः एषः सनातनः ।।

સાચી વાત કહેવી પણ પ્રેમથી કહેવી. હવે ધારો કે ન બની શકે તો સાચી વાત તો કહેવી, ભલે કઠોરતાથી કહેવાય. સત્ય અને પ્રિયત્વ એ

બેમાંથી છોડવું પડે તો પ્રિયત્વ છોડાય સત્ય ન છોડાય અને એટલા જ માટે વિદુરજી કટુ ભાષી બન્યા. હવે મીઠી દવા હતી જ નહીં તો શું કરવું ? કડવી આપી. ઢંઢોળી નાખ્યા ધૃતરાષ્ટ્રને ! ધૃતરાષ્ટ્ર કહે કે હું આંધળો લાચાર ક્યાં જઉં ? ચલો, હું લઈ જાઉં છું તમને. છોડો હસ્તિનાપુરનો મહેલ અને લઈ ગયા ગંગાના તટ ઉપર. સપ્તસ્ત્રોત સ્થિત સમા ભાગવત કહે છે મૃત્યુના પાંચ દિવસ બાકી હતા અને ધૃતરાષ્ટ્રને વૈરાગ્ય થયો. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ બન્નેને વિદુરજીના અનુગ્રહથી એમના સંગથી મોક્ષ પ્રાપ્ત થયો. ધૃતરાષ્ટ્રને પણ સત્સંગનો કેટલો મોટો લાભ છે ! ધૃતરાષ્ટ્રને તો આપણે મોટે ભાગે ખલનાયકમાં જ લીધો છે, એને મોક્ષ મળ્યો છે વિદુરના સંગથી. સત્સંગનો બહુ મોટો મહિમા છે. રામચરિત માનસમાં એક વાત બહુ સરસ કહી છે. ધૂળ જો પવનનો સંગ કરે તો એની ગતિ ક્યાં થાય? અને ધૂળ પાણીનો સંગ કરે તો એની ગતિ ક્યાં થાય? પવન હંમેશા ઉપર જાય, હવે ધૂળ જો પવનની સાથે જોડાય તો ? ગગનમાં જાય. પવનનો સંગ કરીને ધૂળ જો આકાશમાં જાય તો વાદળ બની જાય અને વાદળ પહોંચે પર્વતના શિખર ઉપર; પરંતુ જો એ ધૂળ પાણીના સંગમાં આવે તો ! પાણીનો સ્વભાવ છે હંમેશા નીચેની તરફ જાય. ધૂળ પાણી સાથે મળે તો કીચડ થઈ જાય. કોઈ એના ઉપર પગ પણ ન મૂકે અને ધૂળ પવનનો સંગ કરે તો પર્વતના શિખર ઉપર જાય. સત્સંગના આટલા મોટા મોટા પરિણામો સંભવે છે એટલે વિદુરજીનો સંગ ધૃતરાષ્ટ્ર જેવા શરીરથી અને મનથી અંધપુરુષને પણ મુક્તિ અપાવે છે. વૈષ્ણવનો મોક્ષ કયો? સત્સંગ. ઠાકોરજીની આગળ એક-બે-ત્રણ કલાક બેસીએ એ મોક્ષ જ છે. સ્મરણમ્-ભજનમ્ આ બે પુષ્ટિમાર્ગીય જીવના મોક્ષ છે.

अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः ।
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मितिः ।।

સ્મરણમ્ અને ભજનમ્ આ પુષ્ટિમાર્ગીય જીવનો મોક્ષ અત્યારે આપણે સ્મરણમ્ કરીએ છીએ, ઠાકોરજીની સામે હોઈએ ત્યારે ભજનમ્. તો સત્સંગ મોક્ષ છે અને એટલા માટે વૃત્રાસુરે આ મોક્ષ માંગ્યો. **ममोत्तमश्लोकजनेषु सख्यं** હે પ્રભુ ! મને ભગવદીયોનો સંગ આપ. **संसारचक्रेषु भ्रमतः स्वकर्मभिः** પરંતુ પોતાના કર્મથી સંસારમાં ભટકતા દુસંગીઓનો સંગ ન આપ. આ વિશેષણ બન્નેને લાગુ પડે છે. હે પ્રભુ ! સંસારના વિષયોથી ભટકતા જીવને તમારી માયાથી મોહિત બનીને ઘરબાર વગેરેનાં બંધનમાં બંધાયેલા, આસક્તિના બંધનમાં બંધાયેલાનો સંગ ન આપો. મને વૈષ્ણવજનોનો સંગ આપો. સત્સંગ મુક્તિ છે અને ધૃતરાષ્ટ્રને પણ વિદુરજીનો સંગ મળ્યો. એ મુક્તિ મળી ગઈ. પરીક્ષિત રાજાને મુક્તિ એટલા માટે મળી કે એમને શુકદેવજીનો સંગ મળ્યો. સત્સંગ ઉગારે છે, દુર્જન ડૂબાડે છે અને એટલા માટે વૈષ્ણવે સાવધાન રહેવાનું છે. પછી તો ભગવાને સ્વધામલીલા કરી. કૃષ્ણવિયોગમાં વ્યાકુળ અર્જુને આવીને આખો વૃત્તાંત કહ્યો. પાંડવોએ વિચાર કર્યો - જે ભૂમિ ઉપર પ્રભુ ન બિરાજતા હોય એ ભૂમિનો આપણે પણ શો ખપ ? પરીક્ષિતનો રાજ્યાભિષેક કરી પાંડવો હિમાલય ઉપર આરોહણ કરવા માટે - સ્વર્ગારોહણ માટે પધાર્યા. બધા તો વચ્ચે પડ્યા છે. એક યુધિષ્ઠિર જીવતા સ્વર્ગમાં પહોંચ્યા સ્વદેહે. પરીક્ષિતનો રાજ્યાભિષેક થયો. પરીક્ષિતે સંકલ્પ કર્યો. મારા રાજ્યમાં કશું જ અશુભ ન હોવું જોઈએ. દિગ્વિજય કરવા નીકળેલા રાજા પરીક્ષિતે કળીયુગે જેના ત્રણ પગ ભાંગી નાખ્યા છે એવા દુ:ખી બળદના રૂપમાં ધર્મને જોયો અને આંસુ સારતી ગાયના રૂપમાં ધરતીને

જોઈ. ગાય રોઈ રહી હતી, ધ્રુજી રહી હતી, સામે બળદ પણ બહુ દુઃખી હતો, એના ત્રણ પગ ભાંગેલા હતા. માંડ માંડ ઊભો હતો - બન્ને એકબીજાની સાથે વાર્તાલાપ કરતા હતા અને બાજુમાં રાજાનો વેશ ધારણ કરી ક્ષુદ્રના રૂપમાં કળીયુગ ઊભો હતો. ભગવાન પધારી ગયા એટલે ધરા પણ દુઃખી હતી અને ધર્મ પણ દુઃખી હતો. ધરા અને ધર્મ એ બન્નેને ભગવાનનો આશ્રય છે. ધરા તો ભગવાનની પત્ની છે. વિષ્ણુ પત્ની ધરતી ભગવાનની પત્ની છે અને ધર્મને પણ ભગવાનનો આશ્રય છે. ભગવાન ભૂમિનો ભાર દૂર કરવા અને ધર્મની સ્થાપના કરવા માટે અવતર્યા હતા. પરીક્ષિત પૂછે છે ધર્મને કે તમને કોણે દુઃખ આપ્યું, મને કહો. જેણે તમને દુઃખ આપ્યું હશે એને હું કઠોર દંડ દઈશ. ધર્મનો ઉત્તર અદ્ભુત છે, આવો ઉત્તર ભાગ્યેજ ક્યાંક જોવા મળે. આપણને કોઈ પૂછે તમને કોણે દુઃખે આપ્યું ? આપણી પાસે જવાબ Ready રેડી હોય છે કારણ કે આપણે વિચારશીલ, ચિંતનશીલ જીવન નથી જીવતા, અંતર્મુખ જીવન નથી જીવતા. બહિર્મુખ જીવન જીવીએ છીએ. મેં તમને કાલે પણ કહ્યું હતું, જીવન જેટલું બહિર્મુખ એટલું નિશ્ચિંત અને જેટલું અંતર્મુખ એટલું જટિલ. મનુષ્યએ અંતર્મુખ જીવન જીવવું જોઈએ, અંદર શું ચાલી રહ્યું છે એ પણ જોવું જોઈએ. આધુનિક નગર જીવન કેવું છે એ તમે જાણો છો. We have no time to stand and stop. What is this life full of care. એક પ્રોફેસર મુસાફરોથી ભરેલી એક બસમાં ડંડો પકડીને ઊભા હતા. થોડીવાર પછી સીટો ખાલી થઈ ગઈ. પણ એ ડંડો છોડીને બેસે નહીં. કોઈકે એમને કહ્યું કે બેસો તો ખરા. તેમણે જવાબ આપ્યો - અરે ! બેસવાનો Time જ ક્યાં છે ? આ આપણી Life. ખરેખર ! એક પ્રયોગ કરજો. જે લોકો બહુ Tensionમાં જીવ્યા હોયને એમને Tensionless જગ્યાએ મોકલોને તો દુઃખી થઈ જશે. આવી તો કાંઈ Life લાઈફ હોતી હશે? પાછો એને ટેન્શનમાં મુકો તો એ ખુશ. હિમાલયના શિખરો ઉપર એકદમ શાંતિ હોય તો ગભરામણ થાય આપણને કે અહીં કોઈ અવાજો આવતા નથી. આજુબાજુમાં ટી.વી., રેડીયોના અવાજો સંભળાતા નથી ! પછી તો ઘરે આવીએ ત્યારે જ હાશ થાય કે હવે બધું બરાબર છે. જે દુઃખથી ટેવાઈ ગયા હોય, જે અશાંતિથી ટેવાઈ ગયા હોય એને શાંતિ પસંદ નથી આવતી. પરીક્ષિત પૂછે છે તમને દુઃખ કોણે આપ્યું અને બળદે જવાબ આપ્યો. એ બળદ ન હતો એ ધર્મ હતો. એણે કહ્યું રાજન ! દુઃખના કારણો અનેક હોવાથી અમે એ નિર્ણય ઉપર આવી શક્યા જ નથી કે દુઃખનું કારણ શું છે? તમે જેટલા અંતર્મુખ થાઓ એટલા તમે ગુંચવાશો અને લાઈફ ગુંચવાડા વગરની જીવવી હોય તો બહુ વિચાર કરવો જ નહીં, વિચારહીન જીવન જીવવું પણ વિચારહીન જીવન એ પશુતાનું જીવન છે. લાખો માણસો આ દુનિયામાં આ રીતે જીવે છે. Thoughtless thinking, No sentiments, No reason, No feeling. ઉઠો, ખાવો, પીવો, સૂઈ જાવ. બાળકમાંથી યુવાન થાવ, યુવાનમાંથી પ્રૌઢ થાવ, પ્રૌઢમાંથી એક દિવસ મોં પહોળું થાય ને જીવ નીકળી ગયો. વાત પતી ગઈ, ખેલ ખતમ. જીવનની વ્યાખ્યા નાનામાંથી મોટા થવું માનતા હો તો ઝાડ પણ નાનામાંથી મોટું થાય છે ! એમાં આપણે શું ધાડ મારી ! આ હવા બહાર જાય ને અંદર આવે એને જો જીવન માનતા હો તો લુહારની ચામડાની ધમણમાં પણ હવા અંદર બહાર થાય છે શું ફેર પડ્યો? ખાવું, પીવું અને દેહધર્મો ચલાવવા એને જો જીવનની વ્યાખ્યા માનતા હો તો પશુઓ પણ ખાય છે, પીએ છે, મળમૂત્રનો ત્યાગ કરે છે. એમનું પણ શરીર ચાલે છે.

કાચબાઓ માણસ કરતાં વધારે જીવે છે તો શું એ જીવનની સાર્થકતા છે? મનુષ્યના જીવનની સાર્થકતા બીજી કોઈ બાબતમાં નથી, ધર્મમાં છે; એટલે જીવનમાં ધર્મ તો હોવો જ જોઈએ. ધર્મ માનવીને ચિંતનશીલ બનાવે છે, ધર્મ માનવીને પશુતામાંથી બહાર લાવે છે. ધર્મ એવું બતાવે છે કે ખાવું-પીવું એ જ જીવનની વ્યાખ્યા નથી. Something Unidentified કશુંક એવું રહસ્યમય તત્ત્વ છે કે જે હજી ખૂટે છે અને એ જ તત્ત્વની ખોજમાં માનવી નીકળે છે અને જ્યારે માનવી એ પરમ રહસ્યમય તત્ત્વની ખોજમાં નીકળે છે ત્યારથી એની આધ્યાત્મિક યાત્રા શરૂ થાય છે. સ્હેજ વિચારજો ! આપણે બધા વિચારીએ કે આપણે જે ચોવીસ કલાકનું જીવન જીવીએ છીએ એમાં કેટલો ભાગ આધિભૌતિકતાનો, કેટલો ભાગ આધ્યાત્મિકતાનો અને કેટલો ભાગ આધિદૈવિકતાનો છે? કો'ક દિવસ એની ટકાવારી Percentage કાઢજો. ક્યારેક રાત્રે સૂતી વખતે ઘટનાઓનો વિચાર કરજો કે કેટલો સમય તમે ભૌતિકતામાં જીવ્યા ? કેટલો સમય તમે આધ્યાત્મિકતામાં જીવ્યા ? કેટલો સમય તમે જગતને આપ્યો ? તમારી જાતને કેટલો સમય આપ્યો ? અને જગદીશને તમે કેટલો સમય આપ્યો? તમે તમને કેટલો સમય આપ્યો ? ભગવાનની વાત છોડો તમે તમારા ઉપર તો દયા કરો, સંસારને સમય બહુ આપો છો, પોતાની જાતને તો થોડો સમય આપો અને જો તમે Retired થાવ છો તો રાજી થાવને ? કેમ કે (રિટાયર્ડ) થયા પછી માણસને કમસે કમ પોતાની જાતને માટે આપવાનો સમય મળે છે. તમે તમને સમય આપો એ આધ્યાત્મિકતા છે અને તમે ભગવાનને સમય આપો એ આધિદૈવિકતા છે. તમે એકલા બેસીને વિચાર કરો કે હું કોણ છું? ક્યાંથી આવ્યો? મારું સ્વરૂપ શું? હું શરીર છું કે આત્મા છું? મારા કર્મ, મારું જ્ઞાન, મારી ભક્તિ, મારું જીવન. થોડું તમે તમારા વિષે તો વિચારો. એક પત્રકારે એક ઉદ્યોગપતિને પૂછ્યું કે દુનિયાની બેસ્ટમાં બેસ્ટ બુક કઈ ? તો કહે બેંકની Passbook. ક્યારેક એ લાગે. પણ કાયમ નહીં લાગે. એણે કહ્યું જોવો. એવું નહીં ગીતા અને ભાગવત. માનવીએ જરાક ભેદ પાડીને જોવું જોઈએ કે હું કેટલું જીવન ભૌતિકતા માટે જીવું છું ? કેટલું જીવન હું મારા આત્માને માટે જીવુ છું અને કેટલો સમય હું પરમાત્માને માટે આપું છું ? થોડો એ તો વિચાર કરો કે જે વસ્તુને માટે તમે જીવનનો મોટામાં મોટો ભાગ વાપરી નાંખો છો એ વસ્તુ પણ સાથ તો આપતી જ નથી, એ વસ્તુ શાંતિ તો આપતી જ નથી. એનો અર્થ એવો નથી કે માણસે સાધુ થઈ જવું, એનો અર્થ એવો નથી કે હિમાલયની ગુફાઓમાં ચાલ્યા જવું. હિમાલયની ગુફાઓ દુ:ખી થઈ જાય ! એટલા માટે ભગવાન સ્વર્ગમાં બધાને બોલાવતા નથી કારણ કે સ્વર્ગનો માહોલ બગડી જાય. ત્યાગ અને વૈરાગ્યની વાત નથી કરતો હું, અંતર્મુખ જીવનની વાત કરું છું. માણસનું જીવન ચિંતનપ્રધાન હોવું જોઈએ, માણસનું જીવન ધાર્મિક હોવું જોઈએ અને પુષ્ટિમાર્ગ તો એવું કહે છે કે જેના ઘરમાં ઠાકોરજી બિરાજતા હોય એના ઘરથી મોટું તીર્થ આ જગતમાં કોઈ નથી. મહાપ્રભુજી તીર્થવાસના બહુ આગ્રહી નથી. જો તમારા ઘરમાં ઠાકોરજી બિરાજતા હોય અને જો તમે પ્રભુની સેવામાં કલાક-બે કલાક નિરાંતે પહોંચી શકતા હો તો જગતનું સર્વોત્તમ તીર્થ તમારું ઘર છે. આ મહાપ્રભુજીની આજ્ઞા છે. ગૃહસ્થિત્વા પણ કોના ઘરમાં? આપણા ઘરે ઠાકોરજી બિરાજે છે એવું કહેવામાં થોડીક ભૂલ કરીએ છીએ. ઠાકોરજીના ઘરમાં આપણને આશ્રય મળ્યો છે. બ્રહ્મસંબંધ વખતે તો ઘર કાયદેસર પ્રક્રિયાથી Documentary Process કરીને આપણે ભગવાનને

આપી દીધું છે, આમ પણ એનું જ હતું. પણ પછી આપણે એનો દસ્તાવેજ કર્યો, બ્રહ્મસંબંધ દસ્તાવેજ છે અને બહુ સારા કુશળ વકીલે બનાવેલો દસ્તાવેજ છે - કશું બાકી રહે છે? દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, અંતઃકરણના ધર્મો, પત્ની અથવા પતિ, ઘર, પુત્ર અને પરિવાર, આપ્તજનો, ધન, આલોકના અને પરલોકના બધા જ કર્મો, અને છેલ્લે આત્મા હવે બાકી ક્યાં રહ્યું કશું? એમ પણ કહી શક્યા હોત કે સર્વમ્‌માં બધું ક્લીયર ન થાય એટલે આ રીતે કીધી. વકીલ દસ્તેવાજ કરે એટલે જમણી બાજું આ મકાન, ડાબી બાજુ આ મકાન. તમે ક્યાંક દસ્તાવેજો વાંચ્યા હશે ? એકે-એક વસ્તુ પકડી પકડીને ભગવત ચરણમાં સમર્પિત કરાવી દીધી છે એટલે આપણે આપણા ઘરમાં ઠાકોરજી પધરાવ્યા છે એવું ન માનશો પણ ઠાકોરજીના ઘરમાં એમની સેવા કરવા માટે આપણને પ્રભુએ આશ્રય આપ્યો છે. શેઠ ઝુપડીમાં રહેતો હોય તો નોકર ઝુંપડીમાં રહે અને શેઠ હવેલીમાં રહેતો હોય તો સેવકને હવેલીમાં રહેવા મળે, પણ હવેલી એની નથી થઈ જતી, માલિક પ્રભુ છે. હવે ધર્મનો આ ઉત્તર કેટલાક લોકો કહે છે કે દુઃખનું આ કારણ છે કર્મ કે આપણે આપણા કર્મો ભોગવીએ છીએ. કેટલાક લોકો કહે છે કે ના દુઃખનું કારણ છે કાળ. અમુક સમય આવે એટલે માણસ દુઃખી થાય, એ સમય જાય એટલે દુઃખ ચાલ્યા જાય. જ્યોતિષશાસ્ત્ર કહે છે દુઃખોનું કારણ છે કાળ. દશા. શનિની દશા, રાહુની દશા, વગેરે વગેરે... જ્યોતિષશાસ્ત્ર કહે છે કે દુઃખનું કારણ છે કાળ. સંતો કહે છે દુઃખનું કારણ છે કર્મ. એ તો તમે કર્યું છે માટે તમે ભોગવો છો, આ કર્મનો સિદ્ધાંત. મેં કોઈને ધન આપ્યું તો પણ મને એનું ફળ મળશે, મેં કોઈનું ધન છીનવી લીધું તો પણ એનું ફળ મળશે. આ કર્મની વાત આવી. ત્રીજું શાસ્ત્ર એમ કહે છે કાળ કે કર્મનો વાંક નથી, જે વાંક છે તે સ્વભાવનો વાંક છે. આ સ્વભાવ છે, સ્વભાવ એટલે માત્ર આપણા Natureની વાત નથી. સ્વભાવ એટલે? અત્યારે ગરમી કેમ પડે છે? સ્વભાવ છે. શિયાળામાં ઠંડી કેમ પડે છે ? સ્વભાવ છે. યુવાન માણસ વૃદ્ધ કેમ થયો ? દેહનો સ્વભાવ. ઉગેલો સૂર્ય આથમ્યો કેમ ? એ એનો સ્વભાવ છે, એનો નિયમ છે. સ્વભાવ શાસ્ત્ર કહે છે સ્વભાવ આ બધું જ સ્વભાવને આધીન છે એટલે સુખદુઃખનું કારણ પણ સ્વભાવ છે. કોઈ કહે છે કાળ, કોઈ કહે છે કર્મ, કોઈ કહે છે સ્વભાવ. પેલો બળદ કહે છે કે હું તો મૂંઝાઈ ગયો છું કે મારી પાસે કોઈ જવાબ જ નથી કે દુઃખ કોણ આપે છે ? પરીક્ષિતે હાથ જોડ્યા, મહારાજ ! આપના ઉત્તર ઉપરથી હું ઓળખી ગયો કે આપ ધર્મરાજ છો અને આ ધરતી છે. આ ભાષા ધર્મની ભાષા છે. જુઓ ભગવાન પાંડવોને લઈને જ્યારે ભીષ્મ પાસે આવ્યાને તો ભીષ્મ થોડાક શ્લોકો બોલ્યા છે પણ પાંડવોને જોઈને ભીષ્મનું હૈયું ભરાઈ આવ્યું. અરેરે ! તમે બધા આખી જિંદગી દુઃખી ! પછી ભીષ્મ એક શ્લોક બોલ્યા કે તમે સહુ દુઃખી થયા એનું કોઈ કારણ મને દેખાતું નથી. જ્યાં ધર્મ હોય, જ્યાં બળ હોય, જ્યાં બુદ્ધિ હોય, જ્યાં સાધન-સંપત્તિ હોય અને જ્યાં ભગવાન સહાયરૂપ હોય ત્યાં વિપત્તિ ન આવવી જોઈએ છતાં તમારા જીવનમાં એક નહીં, બે નહીં વિપત્તિની પરંપરા આવી - આશ્ચર્ય છે. યુધિષ્ઠિર ધર્મ છે. ભીમ બળ છે. તમારા જીવનમાં ધર્મ ન હોય ને તમે દુઃખી થયા તો સમજ્યા. તમારી પાસે બળ નથી તો નિર્બળને બધા સતાવે તો તમે દુઃખી થયા તો સમજ્યા. તમારી પાસે બુદ્ધિ નથી ને તમે દુઃખી થયા તો સમજાય છે. પણ તમે યુધિષ્ઠિર ધર્મ, ભીમ બળ, અર્જુન બુદ્ધિ, ગાંડિવ, સાધન-સંપત્તિ. અને છેલ્લે આ

બધાય કરતા ઉપર શ્રીકૃષ્ણનું તમારી સાથેનું સખ્ય સૌહારનું અને આટલું બધું હોવા છતાં તમારા જીવનમાં દુ:ખો ? ! અહીંયા શ્રી મહાપ્રભુજીએ બહુ સુંદર ચર્ચા કરી છે. બધાએ યાદ રાખવા જેવી વાત છે કે તમારા જીવનમાં દુ:ખનું કારણ ન દેખાતું હોય અને છતાં જો દુ:ખો આવતા હોય તો નિશ્ચિંત જાણજો એ દુ:ખો ભગવત ઈચ્છાથી આવ્યા છે. કાર્ય અને પરિણામને નિશ્ચિંત ન કરી શકતા હો, અધર્મી હતા દુ:ખી થયા તો વાત પતી ગઈ. Solution સોલ્યુશન થઈ ગયું. The problem is solved. બીજા બધાને બહુ દુ:ખ આપ્યું હતું માટે દુ:ખી થયા તો પ્રોબલમ ઇઝ સોલ્વ્ડ. પણ તમે કોઈ માણસને દુ:ખી જુઓ અને કોઈ કરતા કોઈ કારણ તમને મળે જ નહીં તો મહાપ્રભુજી કહે છે કે છેલ્લે એક જ કારણ - ભગવત ઈચ્છા અને જ્યાં ભગવત ઈચ્છા આવી એટલે ત્યાં **'કેમ ?'** પૂછવાનું છોડી દો. આ કેમ દુ:ખી થયો ? તો કહે પ્રભુની મરજી. પ્રભુને એને દુ:ખી કરવાની મરજી કેમ થઈ ? આ કેમનો કોઈ જવાબ નથી. ભગવાનની ઈચ્છાનું રહસ્ય કોઈ જાણી શક્યું નથી પણ એટલી શ્રદ્ધા રાખજો કે ભગવાન ક્યારેય કોઈનું અહિત કે અમંગલ કરતા નથી ને બીજી વાત જો તમે રોજ **'શ્રીકૃષ્ણ શરણં મમ'**નો જાપ કરતા હો, તમે પુષ્ટિજીવ હો, તમે શરણાગતિનો માર્ગ સ્વીકાર્યો હોય તો તમને અધિકાર જ નથી ભગવાનને પૂછવાનો કે આવું કેમ ? જે માનવી પ્રભુને પૂછે છે 'તેં આવું કેમ કર્યું ?' એ માનવી શરણાગતિનો ધર્મ કલ્પે છે. તમે પૂછી શકો પણ શરણધર્મ ચૂક્યા. તમે ખુલાસો માંગી શકો છો એ આપશે કે કેમ એ ખબર નથી પણ ભગવાનને આવું પૂછવું કે તે આવું કેમ કર્યું એ આપણા શરણધર્મને ખંડિત કરે છે કારણ કે શરણાગતિમાં છે સ્વીકાર. આની આપણે આગળ વિગતવાર ચર્ચા કરીશું.

આ બધા તો પાયાના સિદ્ધાંતો છે, એને સમજવા જ જોઈએ - નહીં સમજો તો પુષ્ટિમાર્ગ નહીં સમજાય અને એવું પણ ન સમજશો કે પુષ્ટિમાર્ગનો અર્થ ઠાકોરજી હોય ને ઘંટડી વગાડી, થોડો મેવો આરોગાવો ને પછી પુષ્ટિમાર્ગ તો બહુ વિશાળ છે. પુષ્ટિમાર્ગમાં એવા અદ્‌ભુત સિદ્ધાંતો શ્રી મહાપ્રભુજીએ મૂક્યા છે કે જગતમાં એના જેવા સિદ્ધાંતો, એના જેવા અદ્‌ભુત મધુર સુંદર પ્રસંગો તમને ક્યાંય પણ મળશે જ નહીં. પુષ્ટિમાર્ગને અનેક રીતે સમજવો જોઈએ. સિદ્ધાંતપક્ષને પણ સમજવો જોઈએ અને ભાવપક્ષને પણ સમજવો જોઈએ. હવે કળીયુગનો નિગ્રહ કરવા માટે રાજા તૈયાર થયા, કળિયુગને મારવા તૈયાર થયા. કળિયુગ રાજાના પગમાં પડ્યો અને કથા એવી છે કે રાજાને કળીયુગનો સ્પર્શ થવાથી રાજા કળીયુગ પ્રત્યે થોડાક કૃપાળુ બન્યા. આ સ્પર્શદોષ આવ્યો. રાજાને દયા આવી, બિચારો ક્યાં જાય ? એણે કહ્યું મને રહેવાને માટે સ્થાન આપો. રાજાએ ચાર સ્થાન આપ્યા. અહીંયા ચાર ધર્મ અને ચાર અધર્મનું નિરૂપણ છે. આ પ્રસંગમાં બળદના ચાર પગ એ ધર્મના ચાર ચરણ છે અને તમે જુઓ હિંદુ ધર્મ આપણો સનાતન વૈદિક ધર્મ કેટલો બધો સર્વમાન્ય હોઈ શકે છે. ધર્મના ચાર પ્રકાર બતાવ્યા - સત્ય, તપ, દયા અને પવિત્રતા. દુનિયાના તમામ ધર્મગુરુઓને ભેગા કરો અને પૂછો તમને આમાં કોઈ એકેય ન ગમે તેવું છે ? આ ચારેયમાં એવું છે કે જે બીજા ધર્મમાં ન હોય ? સત્ય ધર્મ છે, તપ ધર્મ છે, દયા ધર્મ છે, પવિત્રતા ધર્મ છે આ ધર્મ ચાર પગે ઊભો છે અને એક મત એવો છે કે એના ચારેય પગ મજબૂત હતા એ સતયુગ, પછી ત્રણ રહ્યા એ ત્રેતા, પછી બે રહ્યા એ દ્વાપર અને એક જ રહ્યો એ કળીયુગ. સત્ય, તપ, દયા અને પવિત્રતા - આ ચાર ધર્મને રહેવાની જગ્યા બતાવી પરીક્ષિતે. **દ્યુતમ્**

- જ્યાં લોકો જુગાર રમે, **પાનમ્** - જ્યાં લોકો મદીરા પાન કરે, **સ્ત્રીયમ્** - જ્યાં અપવિત્ર સ્ત્રીઓ રહે, અને **સૂના** - એટલે જ્યાં હિંસા થાય. જુગાર, દારૂ, દુષ્ટસ્ત્રીઓ. જુગારમાં આવ્યો અસત્ય, જુગારમાં જીતવું હોય તો તમારે કંઈક ખોટું કરવું જ પડે. જુગારનો સંબંધ અસત્ય સાથે, દારૂનો સંબંધ મધ સાથે, દુષ્ટ સ્ત્રી એટલે કામ અને હિંસા એટલે રજોગુણ. આ ચાર જગ્યાએ કળીયુગ રહ્યો. કળીયુગે કહ્યું, મહારાજ ! હજી એક જગ્યા મને આપો અને એણે જે પાંચમી જગ્યા મેળવીને એ ચારેય કરતા વધારે Powerful છે. એણે કહ્યું, પ્રભુ ! મને સુવર્ણમાં વાસ આપો. સુવર્ણ એટલે સોનું નહીં, સુવર્ણ એટલે સંપત્તિ. સંસ્કૃતમાં કલિનો અર્થ થાય છે કલહ અને એટલા જ માટે આ યુગ કલહનો યુગ છે. લોકો લડતા રહે એમાં નવાઈની વાત નથી. પરિવારમાં, સમાજમાં અને રાષ્ટ્રમાં, એટલું જ નહીં વિશ્વમાં યુદ્ધો વધતા જશે આ આગાહી છે શાસ્ત્રોની. તમે વિચાર કરો ! થોડા વર્ષો પહેલા આતંકવાદ હતો ? વચ્ચે આવીને ઊભો રહ્યો, વચ્ચે આવીને ઊભા રહેવાનો અર્થ શો છે ? મધ્યસ્થી થવું, તટસ્થ થવું. દુનિયામાં જ્યાં જ્યાં જેટલી લડાઈઓ થાય છે એમાં જો તમે તટસ્થતાથી જુઓ તો તમને એમ લાગે કે આમાં લડવાનું શું કારણ હતું ? તો ગંભીરતા ઓછી થઈ જશે અને એટલા માટે તો મહાપ્રભુજી સમગ્ર જીવનને તટસ્થતા જોવાની આજ્ઞા કરે છે. મહાપ્રભુજીનો આદેશ એ છે કે સમગ્ર જીવનને તટસ્થતાથી જુઓ. અર્જુનને આજ્ઞા કરી કે મારો રથ લઈ જાવ અને ભગવાને લાવીને મૂક્યો. લે, દેખ ! આ બધા યુદ્ધ કરવા ભેગા થયા છે અને અર્જુન મૂંઝવણમાં પડી ગયો. કારણ કે આમ જુએ તો પણ પોતાનો પરિવાર છે. કૌરવ અને પાંડવો એ શબ્દ તો પછી પડ્યા બાકી મૂળ તો આ બધા કૌરવો છે, પાંડવો એ પાંડવો નથી - પાંડવો એ કૌરવો છે. અર્જુનનું સંબોધન છે કુરુનંદન કેમ કહ્યું ? આ બધા તો ભરતવંશી છે એટલે અર્જુનને ભારત કહે છે ને **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।** એ ભરતવંશી છે બધા એ ભાઈઓ છે. અર્જુન મૂંઝાય કારણ કે આ વાત તમે સાંભળો અને તમે કોઈવાર જુઓ. એમાં ફેર છે. અત્યાર સુધી યુદ્ધ સામે નહોતું આવ્યું એટલે એક વેરની આગમાં, એક બદલો લેવાની ભાવનામાં - અન્યાયની સામે ઝગડવાની ભાવનામાં એક યુદ્ધનું ઝૂનુન હતું પણ જ્યાં વચ્ચે આવીને ઊભા રહ્યા અને એમાં અર્જુન વધારે શિથિલ થઈ ગયો બે મહાનુભાવોને જોઈને, ભીષ્મ અને દ્રોણ પણ શત્રુપક્ષમાં ઊભા છે. બહુ વેદનાપૂર્વક એણે કૃષ્ણને કહ્યું છે. જે ચરણનની મારે પૂજા કરવી જોઈએ એની છાતીમાં હું બાણ કેવી રીતે મારી શકીશ ? અને એમને માર્યા વગર તો આ યુદ્ધમાં વિજય નથી મળવાનો. કારણ કે એ તો નાયક છે, એ તો સામે પહેલા ઊભા છે. એ તો અગ્રણી છે અને અગ્રણીને નહીં મારો ત્યાં સુધી તો પછી નથી જોઈતો મારે વિજય. વિજય નહીં મળે તો રાજ્ય નહીં મળે, નથી જોઈતું મારે રાજ્ય. **न कांक्षे विजयं** નથી જોતું રાજ્ય, નથી જોઈતો વિજય, નથી જોઈતા સુખ. આ બધા સ્વજનોના લોહીથી ખરડાયેલી એ રાજગાદી ઉપર ભોગ ભોગવવાની મારી કોઈ કામના નથી. આ અર્જુનની ઋજુતા બોલે છે, આ અર્જુનની સાધુતા બોલે છે. અને એટલે જ અર્જુન ભગવત ગીતાના સત્તર અધ્યાયોનું શ્રવણ કરવાની યોગ્યતાને પામે છે. ચલો એની વાત ભગવાનને મંજૂર નહોતી પણ વાત સારી હતી. દુર્યોધનનું ઝનૂન નથી અર્જુનમાં, અરે ભીમનું ઝનૂન પણ નથી અર્જુનમાં. ઝનૂન બે જાતના - સારું અને ખરાબ. આ બાજુ દુર્યોધન ઝનૂની છે, ખતમ કરી નાંખો બધાને. આ બાજુ ભીમ પણ થનગની રહ્યો છે, એક વાર યુદ્ધ શરૂ

તો થવા દો અને બાર વર્ષનો વનવાસ તેરમા વર્ષનો ગુપ્તવાસ અને ભીમ તો નાનો હતો ત્યારથી જ ગરબડતો અર્જુને કરી જે માનવી અંતર્મુખ હોય, જે માનવી વિચારશીલ હોય, એ હંમેશા મૂંઝાય છે. વિચારહીન માનવી મૂંઝાતો નથી, એક ઘા ને બે કટકા. પણ જે વિચારવાન છે એ હંમેશા મૂંઝાય છે કે મારે શું કરવું ? એ દુવિધામાં પડી જાય છે અને તે વખતે એને પ્રભુની જરૂર પડે છે, સદ્‌ગુરુની જરૂર પડે છે કે મારે શું કરવું ? પ્રભુ ! આપના શરણે આવ્યો છું, મને સમજાતું નથી કે મારે શું કરવું જોઈએ એટલે ? યુદ્ધ તો નક્કી થઈ ગયું. વિદુરજીની વાત કોઈએ માની નહીં. વિદુરજી હસ્તિનાપુરનો ત્યાગ કરીને નીકળી ગયા. તીર્થયાત્રા કરતા કરતા યમુનાજીના તટે આવ્યા. પરમ ભક્ત ઉદ્ધવજીના દર્શન થયા. ઉદ્ધવજી અને વિદૂરે રાતભર ભગવતલીલાનું ગાન કર્યું છે. બન્નેના હૃદયમાં કૃષ્ણવિયોગની પીડા છે. પ્રભુ આવા હતા. ભગવાનના રૂપ, ગુણ અને લીલાનું વર્ણન રાતભર કરતા રહ્યા પછી વિદુરજી આવ્યા છે મૈત્રેયીઋષિ પાસે ગંગા કિનારે. મૈત્રેયનું મિલન થયું, વિદુરજીએ અનેક પ્રશ્નો પૂછ્યા અને એના ઉત્તરમાં મૈત્રેયઋષિએ સૃષ્ટિની બધી લીલાઓનું વર્ણન કર્યું છે. પહેલા ભગવાન એક છે, એને એકલા ગમ્યું નહીં. ભગવાનને એકમાંથી બહુ થવાની ઈચ્છા થઈ.

स एकाकी न रमते ।

एकोऽहं बहुस्याम् प्रजायेय ।।

ભગવાને પહેલા વિરાટ રૂપનું ધારણ કર્યું છે, ભગવાનમાંથી બે ભેદ પડ્યા - બ્રહ્મ અને માયા, પુરુષ અને પ્રકૃતિ. પુરુષતત્ત્વ તો એનું એ જ રહ્યું પરંતુ પ્રકૃતિ દ્વારા આખો ક્રમ ચાલ્યો છે. માયા, માયામાં ત્રણ ગુણ આવ્યા છે - સત્વ, રજ અને તમ્, માટે ગુણાત્મિકા છે અને એ ગુણોમાંથી પછી આખું જગત બનતું ગયું. એમાં પણ બે પ્રકારની રચના થઈ. પહેલાં તત્ત્વ રચના થઈ. તત્ત્વ રચના એટલે Elements પદાર્થ બન્યા. પદાર્થ પણ કેવી પદ્ધતિથી બન્યા છે ? આપણું કેટલું Logical છે ? આપણી Theory કેટલી બધી Rational છે? કેટલી બધી ગળે ઉતરે એવી છે. સૌથી પહેલા બન્યું આકાશ. આકાશ એટલે Sky નહીં, આકાશ એટલે Space સ્પેસ. પહેલું બન્યું આકાશ, આકાશ થોડુંક ઘનીભૂત થયું એટલે બન્યો વાયુ. વાયુ એટલે Air. વાયુનો અર્થ વાતાવરણ પણ થાય. Atmosphere - વાયુ થોડો સઘન થયો એટલે થયો અગ્નિ. અગ્નિમાંથી થયું જળ અને જળમાંથી થઈ પૃથ્વી. પહેલું તત્ત્વ બિલકુલ સૂક્ષ્મ છે, છેલ્લું તત્ત્વ એકદમ સ્થૂળ છે. આપણા શાસ્ત્રકારોએ જગતના પાંચ ભાગ પાડ્યા અને એને પંચમહાભૂત કહે છે. આમાં સમજવા જેવું છે. દરેકમાં એક-એક ગુણ આવ્યો. આકાશમાં એટલે તમારી અને મારી વચ્ચે જે ખાલી જગ્યા છે એમાં ગુણ આવ્યો શબ્દ વાયુમાં ગુણ આવ્યો સ્પર્શ. તમે હવાને જોઈ નથી શકતા પણ આંખો બધ હોય તો પણ ખબર પડી જાય કારણ કે હવા ને તમે સ્પર્શો છો તમને હવા આવી ગઈ એની ખબર પડે છે અને હવા દેખાતી નથી એટલે નથી એવું નથી. નહીં તો પછી કાગળ કેમ ઉડે છે ? હવા છે એનું કામ કરે છે આકાશમાં ગુણ મૂક્યો શબ્દ. આકાશમાંથી વાયુ થયો, વાયુમાં ગુણ મૂક્યો સ્પર્શ. વાયુમાંથી અગ્નિ થયો, અગ્નિમાં ગુણ મૂક્યો રૂપ. અગ્નિમાંથી જળ થયું, જળમાં ગુણ મૂક્યો રસ. જળમાંથી પૃથ્વી થઈ અને પૃથ્વીમાં ગુણ મૂક્યો ગંધ. એટલે એક બાજુ પાંચ તત્ત્વ બન્યા, બીજી બાજુ એનાં પાંચ ગુણો બન્યા - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. હવે એ છે એની ખબર તમને કેવી રીતે પડે? શબ્દ છે પણ શબ્દની ખબર તમને ક્યારે પડે? જ્યારે તમારી

પાસે કર્ણેન્દ્રિય હોય, એટલે કાન બનાવ્યા. કાન છે માટે શબ્દ છે એવું નથી, શબ્દ છે માટે કાન છે. પછી આવ્યો સ્પર્શ - સ્પર્શની તમને ખબર કેવી રીતે પડે? એટલે તમને સ્પર્શેન્દ્રિય આપી એટલે ચામડી - ગરમ, ઠંડુ, કઠોર, કોમળ, આ બધાની ખબર પડે. પછી રસ અને પછી આવ્યું રૂપ એટલે આકાર, રંગ. આકાર - પાસે કે દૂર આ બધી ખબર ક્યારે પડે એટલે ભગવાને આંખ આપી, રૂપને જાણવા માટે આંખ આપી. પછી રસ - ખાટું, ખારું, તીખું વગેરે એટલે રસના આપી. આ બધું જ એકબીજાની સાથે કેટલું બધું પરસ્પર Fully જોડાયેલું છે. બનાવનાર જો અણઘડ હોત તો ? એણે શબ્દ બનાવ્યો હોત પણ કાન ન આપ્યા હોત અથવા કાન આપ્યા હોત પણ કશુંજ સાંભળવાનું જ ન આપ્યું હોત. બનાવનાર જો અણઘડ હોત તો એણે તમને જીભ આપી હોત પણ સ્વાદ ન આપ્યો હોત. પણ નહીં, બનાવનારો કુશળ છે એટલે એણે સ્વાદ પણ બનાવ્યા અને એણે જીભ પણ આપી. એણે જાતજાતના રંગ પણ બનાવ્યા - તમને આંખ પણ આપી. બનાવનારો ભગવાન જેવો Architect તમને આ દુનિયામાં નહીં મળે. ભગવાન જેવો Mechanic તમને આ દુનિયામાં નહીં મળે. ભગવાન જેવો Designer તમને આ દુનિયામાં નહીં મળે. Design શું બનાવી છે એણે જગતમાં. ત્રણ જાતના પ્રાણીઓ બનાવ્યા. એક એવું પ્રાણી બનાવ્યું કે જેનું કેન્દ્ર નીચે હોય અને ગતિ ઉપર હોય. દા.ત. : વૃક્ષ. વૃક્ષના પ્રાણ ક્યાં? ડાળીમાં કે મૂળમાં? મૂળમાં. એની Life મૂળમાં છે અને એનો વિસ્તાર ઉપર છે. અચ્છા, પશુ - જેને તિર્યંચ યોનિ કહે છે. તિર્યગ્ એટલે આડું. પશુમાં શું છે - મોં અને પૂંછડી સમાંતર છે. માણસમાં ઊંધું થઈ ગયું. આપણી જ્યાં ચેતના છે, આપણો Dynemo કહો, આપણું Computer કહો, આપણી Lifeનો જે આધાર છે એ ઉપર છે અને પછી બધો વિસ્તાર નીચે થતો જાય છે. એણે ત્રણ પ્રકારની સૃષ્ટિ બનાવી. ઉર્ધ્વચેતના, તિર્યંચચેતના અને અધઃચેતના. અને એનો Growth પણ એ રીતનો જ છે. જ્યાં ચેતના નીચે છે અને વિસ્તાર ઉપર છે ત્યાં જ્ઞાન લગભગ નથી એટલે વૃક્ષોમાં બહુ સંવેદના નથી, થોડી છે. પશુપક્ષીઓમાં વધારે છે અને સૌથી વધારે મનુષ્યમાં છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી બનાવ્યા. શબ્દ, રસ અને રૂપ, ગંધ બનાવ્યા, એ પાંચેયને ગ્રહણ કરી શકે એટલા માટે પાંચ ઈન્દ્રિયો આપી. હવે એમ થયું કે સુગંધ તો બગીચામાં છે અને આપણે ઘરમાં બેઠા છીએ, જવું કેવી રીતે ? પૈડાં જોઈએ ને એટલે ભગવાને પૈડાં આપ્યા, પગ આપ્યા. પગ ન આપ્યા હોત તો તમે જાત કેવી રીતે ? પછી હાથ આપ્યા એટલે તમે ક્રિયા કરો પછી ભગવાને તમને વાણી આપી કે જેથી તમારા વિચારો અને ભાવોને તમે બીજાને જણાવી શકો. આમ તો ભગવાને આપણને બહુ વરદાનો આપ્યા છે, પણ વાણી નામનું વરદાન એ પણ કોઈ સામાન્ય નથી. એક દિવસ મૌન રાખો પછી જુઓ કેવા ગોટાળા થાય છે ? માંગશો કંઈકને લોકો લઈ આવશે કંઈક. એકાદ દિવસ આંખ વગર જુઓ કેવી હાલત થાય છે, જે છે એની કિંમત નથી ન હોય ત્યારે એની કિંમત થાય. બીજું બધું છોડો, આ Joint જોઈન્ટ જો ભગવાને ન મૂક્યો હોત ? આમ ક્યાંક અહીંયા પેલું લાગી જાય પછી જુઓ કેવી હાલત થાય છે ? સવારથી સાંજ સુધી કેટલા હેરાન થાવ છો. આ એક Joint ન મૂક્યો હોત તો આપણે કેટલા હેરાન થતા હોત ? આપણે ખાત કેવી રીતે ? જબરો Designer છે. શાસ્ત્રકારોએ શરીરની છ પ્રક્રિયા માણી છે, એને ષડઉર્મિ કહે છે. આપણું શરીર છ તબક્કામાં પસાર થાય છે. પહેલું જાયતે, જન્મે છે. બીજું અસ્તિ એટલે આપણને દેખાય છે. ત્રીજુ વર્ધતે, હવે મોટો થાય છે. જન્મ્યો હતો ત્યારે કદાચ એક-દોઢ ફૂટનો હશે, પછી બે ફૂટ પછી ત્રણ

ફૂટ એવું થતું જાય છે ? ના, ભગવાનને થાય કે હવે Normally થઈ ગયું એટલે ભગવાન કહે છે કે સ્ત. પહેલી અવસ્થા જાયતે, શરીર જન્મે છે. બીજી અવસ્થા અસ્તિ છે, જન્મે છે તે દેખાય છે. ત્રીજી વર્ધતે મોટો થાય છે, પણ મોટો થતા થતા પાછી એક યોગ્ય અવસ્થા આવે એટલે સ્થિયતે. ભગવાન કહે છે કે Stop ! અબ આગે મત બઢો. તમે વિચાર કરો કે માણસ સોળ-સત્તર વર્ષ સુધીનો થાય છે એ સાઇઠ વર્ષ સુધી એ જ દૃશ્યમાં ચાલુ રહે તો આપણે સાઇઠ-સિત્તેર વર્ષે કેવડા હોઈએ ? હવે આપણા પલંગ કેવા હશે ? કાર કેવી હોવી જોઈએ ? આમ કલ્પના કરો કે તમે દોઢસો ફૂટ ઉંચા છો. આ Step ભગવાન ચૂકી ગયા હોત તો આપણી હાલત શું થાત ? જો વર્ધતે ન મૂક્યું હોત તો હજી આપણે ગલૂડિયા જ હોત અને વર્ધતે મૂક્યા પછી એણે સ્થિયતે ન મૂક્યું હોત તો આપણે સિત્તેર-એંસી વર્ષે સાતસો ફૂટ ઉંચા હોત. હવે આટલા ઉંચા માણસની હાલત શું હોય ? ઘર કેવા બનાવવા ? વાહન કેવા બનાવવા ? છેલ્લે લઈ જવો હોય ત્યારે નનામી કેવી કરવી ? આમ આદિથી અંત છેક સુધી કેટલી ઉપાધિઓ ? પણ ભગવાન બહુ સમજુ છે, એટલે થોડોક Growth થયા પછી એનું Software જ એવું બનાવ્યું છે કે થોડીક Growth થાય એટલે ભગવાન કહે કે બસ સ્થિયતે કઈ અવસ્થા થઈ એ ચોથી જાયતે. પાંચમી અવસ્થા ક્ષીયતે. હવે ધીરે ધીરે ઘસારો લાગુ પડે છે. માથે આવેલો સૂર્ય હવે ધીરે ધીરે પશ્ચિમ તરફ ઢળે છે. ક્ષીયતે શરીરને ઘસારો લાગુ પડે. હાથ, કાન, પગ, આ બધું ધીરે ધીરે ઘસાવા લાગે. વિજ્ઞાનની ભાષામાં કહું તો Reproductionની પ્રક્રિયા હવે ધીમી પડી જાય છે. આ Reproduction પણ જાદુ છે. તમે સારામાં સારી Car લાવો અને ફેરવ ફેરવ કરો તો બેપાંચ વર્ષોમાં Tyre ઘસાઈ જાય કે ન ઘસાય ? હવે તમે જિંદગીભર ઉઘાડા પગે ચાલો અને આખી દુનિયા ફરીને આવો તોય તમારું Tyre ન ઘસાય, બોલો ગેરંટી આપીને કહું છું. માણસ ખુલ્લા પગે આખી પૃથ્વીની પરિક્રમા કરીને પાછો આવે તો એવું નથી કહેતા કે પગ ઘસાઈને ઘૂંટણ સુધી આવી ગયા. શરીરના જે જે કોષો ઘસાય એની સામે શરીર નવા કોષ બનાવતું જાય, આ બધું કાંઈ આપણી બુદ્ધિમત્તાનું પરિણામ નથી. આપણને તો બગાડતા આવડે છે, બનાવતા ક્યાં આવડે છે ? બનાવનારો કોઈ અદ્ભુત છે માનો કે ન માનો! તમારે ભગવાનને માન્યા વગર છૂટકો જ નથી. આટલું Intelligent Creation હોય તો જ સંભવે. તમે મકાન ડિઝાઈન કરો છો તો કેટલા પાસાઓ વિચારો છો ? ગુરુત્વાકર્ષણનું પાસુ વિચારવું પડે, લોકોની Utility વિચારવી પડે છે, મકાન બને તો આ હોવું જોઈએ તે હોવું જોઈશે. મકાન હોય તો બારી હોવી જોઈએ, બારી પાછી Cross Vantilationમાં હોવી જોઈએ. તો જેણે આ શરીર ડિઝાઈન કર્યું છે એણે કેટલા પાસા વિચાર્યા હશે અને એણે એકવાર ડિઝાઈન બનાવી દીધી પછી તો બધું ચાલ્યા જ કરે છે. ભગવાન કહે કે હવે મારે માથું મારવાની જરૂર નથી, ગાડી ચલતી રહે. કેવો સરસ ડિઝાઈનર છે ! જોવા માટે આંખ આપી, ચાલવા માટે પગ આપ્યા, કામ કરવા માટે હાથ આપ્યા. હાથની અંદર સાંધાઓ આપ્યા, એમાં પણ હથેળીમાં તો કેટલા બધા સાંધા છે ? બધું જ બુદ્ધિપૂર્વક બનાવ્યું છે ને એટલા માટે જ માનવું પડે કે કોઈ પરમપ્રજ્ઞા આપણું નિર્માણ કરનારી છે. પછી આ બધું બન્યું, જગત બન્યું, જીવ બન્યા પણ આ બધામાં પ્રાણ ન હોય તો શું કરવાનું ? ક્ષીયતે એટલે ઘસારો લાગુ પડે છે. છેલ્લી છઠ્ઠી અવસ્થા છે નશ્યતિ એટલે છેવટે શરીર નાશ પામે છે. નાશ ન પામતું હોત તો શું થાત ? આ ભગવાને કર્યું એમાંનું કશું ન કર્યું હોતને તો શું થાત ? એ વિચાર કરતા જ આપણને તો ડર લાગે. માનો કે ભગવાને

મૃત્યુ નથી આપ્યું તો આ દુનિયામાં અત્યારે પાંચ પાંચ હજાર વર્ષોના માણસો આપણે ૭૦ કે ૮૦માં આવા થઈ જઈએ છીએ તો કો'ક પાંચસો વર્ષ જીવાડે તો કેવા હોઈએ ? અને પાંચસોને બદલે પાંચ હજાર વર્ષ જીવાડે તો કેવા હોઈએ ? કલ્પના કરતાં પણ બીક લાગે છે. ૮૦-૯૦ વર્ષે તો માણસ કેવો બિહામણો થઈ જાય છે ? એ તો સારું છે કે મૃત્યુ આવે છે. ભગવાન મૃત્યુ વખતે ત્રણ ઉપકાર કરે છે. એક શરીરનો નાશ, બીજો એના કરતા મોટો ઉપકાર અહીંથી કશું લઈને નથી જવાનું. ખાલી હાથે આવો અને ખાલી હાથે જાવ. અને ત્રીજો એના કરતા પણ વધારે મોટો ઉપકાર કે આપણને પાછો પુર્નજીવન આપે છે. એક ઘર બળે એની સામે બીજું ઘર તૈયાર થઈ જ જાય અને એટલા માટે શ્રીકૃષ્ણ બોલ્યા છે ગીતામાં કે જેવી રીતે જન્મ લીધા પછી મૃત્યુ અનિવાર્ય છે, એવી રીતે મૃત્યુ પછી પુર્નજન્મ અનિવાર્ય છે. **जातस्य हि ध्रुवो मृत्युः ध्रुवं जन्म मृतस्य च ।** એટલે ફરીથી પાછાં જન્મ લઈશું પણ. કેટલું સારું ? કેમ કે જે ખખડી ગયેલું, કશા કામમાં ન રહેલું એવું શરીર પ્રભુ લઈ લે છે અને નવું જીવન, નવા ઉત્સાહ. સાથે સાથે એક મોટી એ પણ કૃપા કરે છે કે પૂર્વજન્મની બધી જ સ્મૃતિ Delete કરી નાંખે છે, ભૂલાવી દે છે અથવા ક્યાંક ઉંડે એવી જગ્યાએ નાંખી દે છે કે હવે એની કોઈ જરૂર નથી. સારું છે કે આપણને આપણા આગલા જન્મો યાદ નથી, નહીંતર આ જન્મના આટલા દુઃખો, આટલી ઉપાધિઓ, આટલા કલેશ ? તો ભગવાન તો બધી જ ફાઈલો એવી જગ્યાએ નાંખી દે છે. કે જે જલદી બહાર જ ન આવે. નવું શરીર અને નવું જીવન આપીને પ્રભુ મહાન ઉપકાર કરે છે. આ જીવનનું દુઃખ, આ જીવનનો થાક, આ જીવનનો કલેશ ને આ જીવનનું જે કાંઈ પણ છે એ બધું જ અહીં પુરું થઈ જાય છે. માત્ર પ્રારબ્ધને લઈને જાય છે. એનું સૂક્ષ્મ શરીર જાય છે પણ સ્મૃતિઓ ભૂલાવી દે છે.

या देवी सर्वभूतेषु स्मृतिरुपेण संस्थिता ।
नमः तस्यै नमः तस्यै नमः तस्यै नमो नमः ।

આ શ્લોક તો આપણે બોલીએ છીએ. હું તો કહું છું કે એક શ્લોક એમાં ઉમેરવા જેવો છે.

या देवी सर्वभूतेषु विस्मृतिरुपेण संस्थिता ।
नमः तस्यै नमः तस्यै नमः तस्यै नमो नमः ।

જેમ સ્મૃતિ ઉપકાર છે, એમ વિસ્મૃતિ પણ ઉપકાર છે - બહુ મોટો ઉપકાર કે આપણને આગલા જન્મો યાદ નથી. આ એક જીવન આપણને થકવી દે છે તો પાછલા જીવનની સ્મૃતિઓ શી હાલત કરે ? પ્રત્યેક જીવન મનુષ્યને એક નવી તક, એક નવો અવસર આપે છે. જે Game રમતા હતા એ પૂરી થઈ ગઈ, બીજી નવી Game અને એટલા માટે આ બધું જેણે બનાવ્યું છે અને આ બધું જે ચલાવી રહ્યો છે એ ખરેખર કોઈ અતિ અદ્‌ભુત નિયંતા છે. અહોભાવથી એના ચરણમાં વંદન કર્યા સિવાય આપણે કાંઈ ન કરી શકીએ. ભગવાનને સમજવા તો શક્ય જ નથી. આપનો મહિમા વાણી અને મનની પાર છે; નથી અમારી પાસે વાણી કે મહિમાનું વર્ણન કરી શકીએ અને નથી અમારી પાસે એ મન કે જેના વડે અમે એનું ચિંતન કરી શકીએ.

કોણ કહી શકે એમ છે કે તમારો મહિમા આ છે. શ્રુતિઓ પણ જ્યારે ચકિત થઈ જાય, વેદો પણ થાકે ને ત્યારે શું કહે છે ? નેતિ, આ સ્થિતિ છે. પહેલાં બનાવ્યા બ્રહ્માને. બ્રહ્માને ભગવાને માતા-પિતા કે

એવા કોઈ રૂપમાં નહીં, એ પોતે બ્રહ્મા પ્રગટ્યા અને પ્રગટ્યા એટલે એમનું નામ પડ્યું સ્વયંભુ. જે પોતે બન્યો, જે પોતે જન્મ્યો. હવે બ્રહ્માને ભગવાને આજ્ઞા કરી કે તમે સૃષ્ટિનો ક્રમ ચલાવો. બ્રહ્માજીએ કહ્યું, પ્રભુ ! પછી મને અભિમાન નહીં થાય કે આ બધું મેં બનાવ્યું. બ્રહ્મા સમજદાર છે. ભગવાને કહ્યું કે મારું સ્મરણ કરતાં કરતાં સર્જન કરશો તો અભિમાન નહીં થાય. બ્રહ્માજીએ સૃષ્ટિનો ક્રમ ચાલુ કર્યો, બ્રહ્માજી જન્મ્યા છે કમળ ઉપર એટલે બ્રહ્માજીનું પણ એક નામ છે પદ્મજ. ત્યાં પદ્મજા એટલે લક્ષ્મી અને પદ્મજ એટલે બ્રહ્મા. બ્રહ્માજીએ પહેલાં તો સનકાદિ મુનિઓને પ્રગટ કર્યા, પછી રુદ્રની ઉત્પત્તિ થઈ પછી, દસ માનસપુત્રો, દક્ષ નારદ વગેરેને પ્રગટ કર્યા. બ્રહ્માજીએ વિચાર કર્યો કે સૃષ્ટિનો ક્રમ તો બહુ ધીમો ચાલે છે, એટલે બ્રહ્માજીના અંગમાંથી એક પુરુષ અને એક સ્ત્રીની ઉત્પત્તિ થઈ. આપણે શરીર માટે શબ્દ વાપરીએ છીએ 'કાયા'. 'કાયા' શબ્દની ઉત્પત્તિ ભાગવતમાં આપી છે. ક એટલે બ્રહ્મા અને અયમ્ એટલે આ બ્રહ્માએ બનાવ્યું છે એટલા માટે એમનું નામ કાયમ, કાયા ક કષ્ય અયમ્ એટલા માટે બ્રહ્માને વિશ્વકર્મા કહ્યા છે. જે પુરુષ ઉત્પન્ન થયો પહેલો એનું નામ પડ્યું સ્વયંભુ મનુ. પહેલામાં પહેલો માનવી મનુ છે, અને આપણે મનુના સંતાન છીએ, માટે માનવ. આ સંસ્કૃતનો નિયમ છે; યદુ - યાદવ, રઘુ - રાઘવ, કુરુ - કૌરવ, મનુ - માનવ, અપત્ય વાચક પ્રકાર છે. તો આપણે મનુના સંતાન છીએ અને એટલે માનવ કહેવાઈએ છીએ. પુરુષનું નામ મનુ અને પ્રથમ સ્ત્રીનું નામ સત્રૂપા અને એમને ત્યાં પાંચ સંતતિ થઈ બે પુત્ર અને ત્રણ પુત્રી. પુત્ર બે પ્રિયવત્ અને ઉત્તાનપાદ. પુત્રી ત્રણ આકૂતિ, દેવહુતિ અને પ્રસૂતિ. એનાથી આખી સૃષ્ટિ ચાલી. કમળ ભરાઈ ગયું, બધાને ક્યાં રાખવા એ સમસ્યા થઈ. એટલામાં બ્રહ્માની નાસિકામાંથી ભગવાન વરાહનું પ્રાગટ્ય થયું. વરાહ ભગવાન ભગવાનનો આદિ અવતાર છે. વરાહ ભગવાન પ્રગટ થયા, પ્રગટ થયા પછી પર્વત આકાર બની ગયા. જળમાં પધાર્યા હિરણ્યાક્ષને મારી અને ધરતીને લાવી જળ ઉપર પધરાવી. વિદુરજીએ પ્રશ્ન કર્યો કે આ હિરણ્યાક્ષ નામનો દૈત્ય આવ્યો ક્યાંથી ? દૈત્યો વળી ક્યાંથી બન્યા ? કશ્યપ અને દિતિનો સંધ્યાકાળે સંબંધ થવાથી દિતિ ગર્ભવતી થયા અને એમના ઉદરમાં બે અસુરોએ સ્થાન લીધું. એ માના ઉદરમાં હતા ત્યારથી જ જગતમાં ઉપદ્રવ શરૂ થયો. દેવો મૂંઝાયા, મહારાજ ! આ ઉપદ્રવ કેમ છે ? બ્રહ્માજીએ કહ્યું કે એ જય-વિજય નામના ભગવાનના પાર્ષદો શાપિત થઈને ઉતરી રહ્યા છે. કથા એવી થઈ કે સનકાદિમુનિઓ વૈકુંઠમાં ભગવાનના દર્શન કરવા જતા હતા. એક પછી એક દરવાજા પસાર કરતા કરતા છ દરવાજા પાર કર્યા પછી સાતમા દરવાજે જય અને વિજય મળ્યા. એમણે આડી લાકડી કરી અંદર જવા ન દીધા અને ઋષિઓનું અપમાન કર્યું. ઋષિઓને ક્રોધ આવ્યો. શ્રાપ આપ્યો, 'તમે અહીંયા રહેવાને લાયક નથી તમે ભ્રષ્ટ થાઓ' અને એ પછી નીચે પડ્યા જય અને વિજય. ભગવાને એમને આજ્ઞા આપી હતી, તમે જો મારી ભક્તિ કરશો તો સાત જન્મે જન્મ પાછાં આવશો, તમે જો મારી સાથે વેર કરશો તો ત્રણ જન્મમાં પાછાં આવશો. જય વિજયે તો કહ્યું કે અમારે વહેલા પાછાં આવવું છે જેને માટે અમે તમારી સાથે વેર કરીશું. ભગવાને વેર કરવાની આજ્ઞા કરીને પછી ભગવાન સાથે વેર કરીને ત્રણ જન્મે પાછાં વૈકુંઠમાં આવ્યા. ભગવાન સાથે વેર કરવું અપરાધ નથી. ભગવાન સાથે વેર કેમ કર્યું ? જો તમે કોઈપણ Serial સિરિયલ જોતા હો, તમે કોઈપણ Cinema Moovi

જોતા હો, તમે કોઈપણ નવલકથા વાંચતા હો તો નાયક એકલો જ હોય છે કે સામે ખલનાયક હોય છે ? ખરી વાત તો એ છે કે જ્યાં સુધી વાર્તામાં ખલનાયક આવે નહીં ત્યાં સુધી વાર્તા જામે જ નહીં. જો વાર્તામાંથી ખલનાયકને કાઢી નાખો તો વાર્તાનો Charm જ ઉડી જાય. એકવાર એક છોકરીએ મને પ્રશ્ન પૂછ્યો, Why God created a Devil ? ભગવાને રાક્ષસ કેમ બનાવ્યો? એટલે એના પ્રશ્નમાં મૂળ ભાવના એ હતી કે ભગવાન આ દુનિયામાં બધા સારા સારા દેવો જ હોત તો કેવું સારું થાત ! રાક્ષસ, શૈતાન, આ બધું ભગવાને બનાવ્યું શા માટે ? મેં એને કહ્યું કે હું તને બે Story કહું છું, અને તું મને કહેજે કે તને બેમાંથી કઈ Story ગમી. પહેલી Story 'એક રાજકુમારી હતી, એની પાસે એક રાજકુમાર આવ્યો અને કહ્યું કે તું મને બહુ ગમે છે, મારી સાથે લગ્ન કર. રાજકુમારીએ પણ કહ્યું હા, તમે પણ મને બહુ ગમો છો. બંને જણાએ લગ્ન કર્યા, ખાધું-પીધું ને રાજ કર્યું. જો આ Storyમાં કોઈ ખલનાયક નથી. આ વાર્તા પૂરી થઈ ગઈ. હવે આપણે આ જ વાર્તાને બીજી રીતે બનાવીએ કે એક રાજકુમારી હતી, સુંદર રાજકુમારી એની પાસે એક રાજકુમાર આવ્યો એણે કહ્યું કે મારે તારી સાથે પરણવું છે ? રાજકુમારીએ કહ્યું કે તમે મારી સાથે પરણવા માંગો છો, પણ હું કેવી રીતે માની લઉં કે તમને મારા માટે પ્રેમ છે ? તો કહે કે તું જે કહે તે કરું. રાજકુમારી એ કહ્યું કે એક કામ કરો, તમે સાત સમુદ્ર પાર કરો, એક ભયંકર જંગલમાં જાઓ, ત્યાં એક મોટી ગુફામાં જાઓ, ત્યાં એક આંખ વાળો મોટો ભયાનક રાક્ષસ રહે છે, એને મારો અને એના માથામાં જે હીરો છે એ હીરો લઈને આવો તો હું તમારી સાથે લગ્ન કરું. રાજકુમારે કહ્યું. પછી રાજકુમાર નીકળ્યો. એક પછી એક સાગર મહામુશ્કેલીથી પાર કર્યા, ભયાનક જંગલ પાર કર્યું, કેટકેટલી આપત્તિઓમાંથી એ નીકળ્યો, રાક્ષસની ગુફામાં ગયો ભારે યુદ્ધ કરીને રાક્ષસને માર્યો, ત્યાંથી એ મણિ લઈ આવ્યો, લાવીને રાજકુમારીને આપ્યો અને રાજકુમારીએ લગ્ન ન કર્યા ને એને પૂછ્યું તને કઈ Story ગમી ? પહેલીને ? No Problem, No Adventure, No Challenge. જે માનવી ઈચ્છે છે કે જીવન સાવ સરળ હોય એ માનવી નિર્વીર્ય છે, એ માનવી કાયર છે, એ માનવી સત્વહિન છે. માનવીએ તો ઈચ્છવું જોઈએ કે જીવનમાં સામે પડકારો આવે, કંઈક ઝઝુમવું પડે, કંઈક સમસ્યાઓ આવે, અને એ સમસ્યાઓને જીતતા જીતતા શિખરોને સર કરતા કરતા માણસ સિદ્ધિ સુધી પહોંચે. એક બીજી વાત પૂછું ? નાની જ વાત. આમાં તો તમારી ખરી કસોટી થાય એવી છે. તમને મન થાય છે કે તમારે Mount Everestના શિખર ઉપર જવું છે ? હવે બે Option છે, એક ચડીને જવું હાંફતાં, હાંફતાં, ઝઝુમતા, ઝઝુમતા, તોફાનોનો સામનો કરતાં કરતાં. અને બીજો સારો રસ્તો એ છે કે કોઈ Helicopter મળી જાય ને Drop કરી દે. આમાંથી વધારે શું સારું ? તમે આ બેમાંથી કયું સ્વીકારશો ? આમાં જવાબો એક સરખા નહીં આવે. પાંચ પચીસ હજાર લઈ જાઓ, પણ મને Drop કરો. એમાં સહુલિયત છે, પણ મજા નથી. એ તો અવતરણ થયું, આરોહણ ન થયું. અને આપણે તો નક્કી કર્યું કે ચડીને જવું છે અને પછી તમે પગથિયા ચડતા ગયા અને શિલાઓ ચડતા ગયા. પાંચદસ વાર પડ્યા પણ ખરા. એમાં સૌથી વધારે આનંદ કોને મળ્યો ? ચડીને ગયો એને ? પર્વત સાથે પ્રીતિ કોને બંધાય ? જે એક એક પગથિયા ચડતો ચડતો પર્વતને પ્રેમ કરતો કરતો શિખર સુધી પહોંચે છે. જિંદગીમાં કોઈ પણ દિવસ Readymade સુખ માંગશો નહીં.

Readymade કપડાં સારા, Readymade Shoes સારા, Readymade સુખ નહીં સારું. માણસને જ્યાં બધું Ready મળી જાય નહીં. એ તો કાયરતા છે, એ તો પ્રમાદ છે. અને ઉપનિષદ કહે છે. પ્રમાદ મૃત્યુ છે, વહેલા મરી જવું સારું પણ પ્રમાદી થઈને જીવવું નહીં સારું. થોડી જિંદગી જીવવી. શંકરાચાર્ય દીર્ઘજીવી ન હતા. ચાલીસ વર્ષ નથી જીવ્યા, વિવેકાનંદ દીર્ઘજીવી ક્યાં હતા ? માણસ થોડું જીવે પણ કાંઈક કરે, પ્રમાદી જીવન ન જીવે. કારણ કે જે ક્ષણે તમે પ્રમાદી થયા તમારું મૃત્યુ થયું. જીવનમાં એક સાહસ હોવું જોઈએ અને એટલા માટે ભગવાને આ જગતમાં આસુરી શક્તિ પણ મૂકી. પછી એ બંને જય-વિજય થયા પહેલા અવતારમાં, હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બન્યા બીજા અવતારમાં, રાવણ અને કુંભકર્ણ થયા ત્રીજા અવતારમાં. શિશુપાલ દંતવક્ત્ર થયા. ત્રીજા સ્કંધમાં ભગવાને હિરણ્યાક્ષને માર્યા છે, સાતમા સ્કંધમાં ભગવાને હિરણ્યકશિપુને મારશે, કર્દમઋષિ અને દેવભૂતિના સંબંધથી ભગવાન કપિલ અને એના પહેલા નવધાભક્તિના રૂપમાં નવ ભક્તિઓ પ્રગટ થઈ. આ નવે ભક્તિ પછી ભગવાન આવ્યા. કપિલ ભગવાને માતા દેવભૂતિને સાંખ્ય શાસ્ત્રનો બહુ સુંદર ઉપદેશ આપ્યો છે. એમાંની એક જ વાત અત્યારે કહું છું, પણ એ વાત કામની છે. ચાવી એક હોય છે પણ કામ બે કરે છે. તાળામાં નાંખીને ફેરવો તો એને Lock કરે અને બીજી સાઈડ ફેરવો તો Unlock કરે, પણ ચાવી એક અને કામ બે. એમ મન એક અને કામ બે. જો આપણું મન ભગવાનની સન્મુખ હોય તો તાળું ખોલી નાંખે, એટલે બંધનમાંથી મુક્તિ આપે. મન ચાવી છે અને મનની ચાવી જેને ફેરવતા આવડી એ બંધનમાંથી મુક્ત થતા ગયા. કેટલાક તાળા તો એવા હોય છે કે એક વાર ફેરવવાથી ન ખૂલે. કેવા હોય એ ખટાગ.. ખટાગ... મનની ચાવી જો અવળી ફેરવતા જશો તો બંધન ધીરે ધીરે વધતા જશે.

चेतः खल्वस्य बन्धाय मुक्तये चात्मनो मतम् ।
गुणेषु सक्तं बन्धाय रतं वा पुंसि मुक्तये ।।

ભગવાન કપિલના ઉપદેશનો આરંભ અહીંથી થાય છે. મન ભગવાનમાં પ્રીતિ કરતું હશે તો મન તમને મુક્ત કરશે અને મન જો ભગવાનમાંથી વિમુખ થશે તો ધીરે ધીરે તમને બંધનમાં નાખતું જશે. મન એક ચાવી એને તમે કઈ રીતે ફેરવો છો, અવળી ફેરવશો તો બંધન ઘેરા થતા જશે, સવળી ફેરવો છો તો ખટાગ ખટાગ કરતા બંધનો તૂટતા જશે અને એકવાર તાળું ખૂલી જશે તો, તમે મુક્ત થઈ જશો. તો મન ઉપર ધ્યાન આપો. આ બે જ વસ્તુ ઉપર આખી પ્રક્રિયા છે - મન અને બુદ્ધિ. મન અને બુદ્ધિ ઉપર સમગ્ર પ્રક્રિયા છે. ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, કર્મમાર્ગ, આ બધા જ કર્મ માર્ગે કેમ છે ? ચિત્ત શુદ્ધિ માટે. શંકરાચાર્યજી વગેરે આચાર્યો કહે છે : કર્મ ચિત્ત શુદ્ધિ માટે છે યોગ ચિત્તના નિરોધ માટે અને ભક્તિમાં ચિત્ત પ્રભુના ચરણમાં સમર્પિત કરી દેવું એટલે આ બધી જ પ્રક્રિયા મન અને બુદ્ધિ ઉપર છે અને એટલે જ આપણે પૂરું ધ્યાન એના ઉપર જ આપવું જોઈએ. આની સાથે માતા દેવહૂતિને ઉપદેશ આપીને પ્રભુએ મુક્તિ આપી. સિદ્ધપુર એટલે બિંદુ સરોવર સર્જાયું છે. એને મુક્તિ મળી છે ત્યાં ભગવાનની આંખમાંથી કરુણાનું બિંદુ વરસ્યું છે. શ્રી શુકદેવજી રાજા પરીક્ષિતને ભગવાનની અવતાર લીલાઓનું યશોગાન સંભળાવી રહ્યા છે, મેં પહેલા કહ્યું હતું કે ભગવાનની ભક્તિ માટે પહેલાં તો ભગવાનનું મહાત્મ્ય જ્ઞાન થવું જરૂરી છે. માહાત્મ્ય જ્ઞાન થવાથી ભક્તના હૃદયમાં એક શ્રદ્ધા જાગે છે અને એક પ્રકારની

નિર્ભયતા પણ પ્રગટ થાય છે. ભગવાનનું મહાત્મ્ય જ્ઞાન ભગવાન સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા છે. એવું શ્રવણ કરવાથી થાય છે અને તેથી શુકદેવજીએ આરંભમાં ઉત્પત્તિનો પ્રસંગ કહ્યો, જે ઈશ્વર આખા જગતની રચના કરી શકે છે, જે આખા જગતનું પોષણ કરી શકે છે અને જે આખા જગતનો - વિશ્વનો પણ સંહાર કરી શકે છે, એ સર્વસમર્થ છે. અને ભક્તના હૃદયમાં એ ભાવ દૃઢ થવો જરૂરી છે કે મારા પ્રભુ સર્વસમર્થ છે. થોડો વિચાર કરો, જે વિશ્વનું સર્જન કરી શકે એ તમારા જીવનમાં સુખ-સંપત્તિનું સર્જન ન કરી શકે ? જે વિશ્વનું પોષણ કરી શકે એ આપણું ઘર ન ચલાવી શકે ? જગતનું પોષણ કરી શકે એ એક જીવનું પોષણ ન કરી શકે ? જે આખા જગતનો સંહાર કરવા સમર્થ છે, એ આપણા ઉપર આવેલી વિપત્તિનો સંહાર ન કરી શકે ? જે સર્વદુઃખનો વિનાશક છે એ આપણા દુઃખનો વિનાશ ન કરી શકે ? એટલે ભક્તિમાર્ગમાં ભગવાનના મહાત્મ્યનું જ્ઞાન બહુ જરૂરી છે. એ પહેલું પગથિયું છે, એ પાયો છે. મહાત્મ્યજ્ઞાન એ પાયો છે, જેના ઉપર ભક્તિની આખી ઈમારત ચણાઈ છે. ભક્તિ એટલે ભગવાનમાં સ્નેહ, પણ સ્નેહની ઈમારતનો પાયો જ્ઞાન છે, Building છે. પાયો જેટલો મજબૂત એટલું Building વધારે બળવાન થાય, સુદૃઢ થાય અને **મહાત્મ્યજ્ઞાન મળશે સત્સંગથી.** ભગવાનમાં સ્નેહ જાગે એવી કથાઓ શુકદેવજીએ કહી છે. પણ એ પછીથી પહેલા એની મહાનતા જાણો. સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ અને ઉતિ આ મહાત્મ્ય કથા છે. ભગવાને મનમાં સંકલ્પ કર્યો અને તેથી ભગવાને એકમાંથી અનેક રૂપ લીધા. એમ કહેવું હોય તો કહેવાય કે ભગવાને જગત બનાવ્યું પણ આવું કહેવું એના કરતાં વધારે સારું એ છે ભગવાન જગત બન્યા. કુંભાર જ્યારે ઘડો બનાવે છે તો સર્જક અને સર્જન એ બેની વચ્ચે દ્વૈત રહે છે. કુંભાર મરી જાય તો ઘડો તૂટી ન જાય અને ઘડો ભાંગી જાય તો કાંઈ કુંભાર મરી ન જાય. ત્યાં સર્જક અને સર્જનમાં દ્વૈત છે. એટલે વેદાંતની ભાષામાં કહું તો મહાપ્રભુજીએ બ્રહ્મને જગતનું અભિન્ન નિમિત્ત અને ઉપાદાન તરીકે સ્વીકાર્યું છે. કુંભાર જેમ માટીમાંથી ઘડો બનાવે એવી રીતે ભગવાને આ જગત બનાવ્યું નથી. એવું કહીએ તો એ ઉદાહરણ થોડું અધરું છે. વધારે સારું ઉદાહરણ છે : જેમ કરોળીયો પોતાની લાળમાંથી જાળું બનાવે. પોતે જ એ જાળામાં રહે એમ ભગવાન પોતાનામાંથી જ જગત બનાવે છે, અને પોતે પાછાં જગતમાં આવીને વસે છે. શંકરાચાર્યજીએ જે સિદ્ધાંત આપ્યો એને માયાવાદ કહ્યો. એક બીજો શબ્દ છે વિવતવાદ. એ મત એવો છે કે જે કહે છે કે આ જગતનું અસ્તિત્વ છે જ નહીં. બ્રહ્મસત્યમ્ જગત મિથ્યા. પરંતુ તે પછી ભક્તિમાર્ગના આચાર્યો થયા રામાનુજ, નિમ્બાર્ક અને આપણા શ્રી વલ્લભ, એ કોઈને આ સિદ્ધાંત માન્ય ન થયો. એમણે કહ્યું આ જગતને સ્વપ્નવત્ માયા અને મિથ્યા માનવું બિલકુલ અયોગ્ય છે. મહાપ્રભુજીએ સિદ્ધાંત આપ્યો 'બ્રહ્મસત્યમ્ જગત કાર્યમ્ બ્રહ્મસત્યમ્' એમાં બધા જ સંમત છે, પણ જગત એ બ્રહ્મનું કાર્ય છે. કાર્યનું અંગ્રેજી શું ? Work. આ વેદાંતનો શબ્દ છે. કાર્ય એટલે ઉદાહરણ આપીને સમજાવું : માટી કારણ કહેવાય અને ઘડો કાર્ય કહેવાય. વેદાંતમાં કારણ અને કાર્ય એવા બે ભેદ છે. લખવા જેવું લાગે તો લખજો, આ બે શબ્દો મહત્ત્વના છે. કારણ અને કાર્ય. ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોય. સોનું કારણ કહેવાય, આભૂષણ કાર્ય કહેવાય, માટી કારણ કહેવાય અને ઘડો કાર્ય કહેવાય. **કોઈ પણ વસ્તુનું જે મૂળ રૂપ છે એ કારણ છે.** સોનું મૂળ છે પછી સોનાથી આગળ તમે જઈ ન શકો. સોનું મૂળ વસ્તુ છે હવે એમાંથી હાર બનાવ્યો તો હાર શું કહેવાય ? કાર્ય હવે સોનું એની મેળે તો હાર નથી

બની જતુંને ! કોઈ બનાવનારો જોઈએ. સોની એટલે હાર બન્યો તેને કારણે સોનું ન હોત તો સોનાનો હાર ન હોત, અને સોની ન હોત તો પણ સોનાનો હાર ન હોત. માટી ન હોત તો માટીનો ઘડો ન હોત, કુંભાર ન હોત તો પણ માટીનો ઘડો ન હોત. એટલે કારણ ઘડો બનવામાં કારણ બે માટી અને કુંભાર. આભૂષણ બનવામાં પણ કારણ બે સોનું અને સોની. સુવર્ણ અને સુવર્ણકાર. હવે આ બેના અલગ નામો છે સોનું ઉપાધાન કારણ કહેવાય. ઉપાધાન કારણ શબ્દ ખબર છે કોઈપણ વસ્તુ અંગ્રેજીમાં કહો તો એનું Raw Material જેનું Primary રૂપ જે છે સોનાનો દાગીનો તો સોનું કહેવાય ઉપાધાન કારણ અને ઉપાધાન કારણનો એક બીજો સમાનાર્થી શબ્દ છે સમવાયી પણ એ શબ્દ ઓછો પ્રચલિત છે. ઉપાદાન કારણ સોનું ઉપાદાન કારણ અથવા માટીનો ઘડો હોય તો માટી ઉપાદાન કારણ. હવે સોનીએ સોનામાંથી સોનાનું આભૂષણ બનાવ્યું તો સોની શું કહેવાય ? નિમિત્ત કારણ, માટી ઉપાદાન કારણ, કુંભાર નિમિત્ત કારણ. હવે આ જગતના વિષયમાં વિચારો. હવે સમજાશે જગત કાર્ય છે, જેમ કે માટીનો ઘડો અને ભગવાન કારણ છે જેવીરીતે માટી અને કુંભાર પણ ભગવાનના વિષયમાં માટી પણ ભગવાન છે. કુંભાર પણ ભગવાન છે એટલે કે જગતરૂપી કાર્યનું ઉપાદાન કારણ પણ બ્રહ્મ છે અને નિમિત્ત કારણ પણ બ્રહ્મ છે. ભગવાને પોતે પોતાનામાંથી જગત બનાવ્યું એટલે જગત પણ ભગવાનનું જ રૂપ છે અને એનો સર્જક, એનો રચયિતા પણ ભગવાન છે. પોતે જ પોતાનું સર્જન કરી રહ્યો છે. ભગવાન છે સત્ ચિત્ આનંદ. ઉપનિષદોએ કહ્યું સચ્ચિદાનંદ પ્રભુ હવે એ બ્રહ્મમાંથી એક સદ્અંશે છૂટો પડ્યો. પહેલાં તો સચ્ચિદાનંદને સમજીએ. સત્ એટલે શું ? સત્ એટલે To be, To exist. સત્ એટલે હોવું, અસ્તિત્વ ધરાવવું એનું નામ સત્. દા.ત. તમે બેઠા છો એ ખુરશી તો એ ખુરશીનું અસ્તિત્વ છે. ખુરશી સત્ કારણ કે એનું અસ્તિત્વ છે, પણ તમારામાં અને ખુરશીમાં પણ ફરક છે, બોલો શું ફરક છે? ખુરશીમાં ને ખુરશીમાં બેસનાર - બેમાં ફરક ખરો નહીં શું ફરક? ખુરશી નિર્જીવ છે, મનુષ્ય એક એવું પ્રાણી છે જે પહેલા ચાર પગે પછી બે પગે અને પછી ત્રણ પગે ચાલે - ભગવાને પોતાનામાંથી એક અંશ છૂટો કર્યો. આ સમજવા જેવું છે. આપણા શાસ્ત્રો કેટલાં Rational છે, કેટલાં બૌદ્ધિક છે ? આસમાની વાતો નથી, બિલકુલ બુદ્ધિમાં ઉતરે એમ તર્કબદ્ધ વાતો છે. ઈશ્વરમાં ત્રણ ગુણ છે અથવા આ ત્રણેય એના ધર્મ છે, ગુણધર્મો છે. સત્, ચિત્ત અને આનંદ. એમાંથી એણે સત્ અંશ છૂટો કર્યો અને એમાંથી બન્યું જગત. એટલે જગતમાં ભગવાનનો એક ગુણ આવ્યો To be જગત છે સદ્અંશ આપણે એના કરતાં વધારે આપણને ભગવાને બે ગુણ આપ્યા, સદ્અંશ અને ચિદઅંશ. આપણે સત્ પણ છીએ અને આપણામાં ચિદ્ પણ છે. ચિદ એટલે ચેતના Life, Knowledge ખુરશીમાંને આપણામાં એક મોટો ભેદ એ છે કે ખુરશીને ખબર નથી કે એ છે અને તમને તો ખબર છે કે તમે તો છો. You know that you are તમને તમારા અસ્તિત્વની ખબર છે, તમને તમારા હોવાપણાંની જાણ છે. એ હોવાપણાંની જાણ એ ચિદઅંશ જીવન છે. **પદાર્થનું કેવળ અસ્તિત્વ છે, પ્રાણીનું અસ્તિત્વ પણ છે અને પ્રાણ પણ છે એટલે ભગવાને જગત કરતા જીવને વધારે વારસો આપ્યો કે લે તને મારા બે અંશ.** પણ આપણને ભગવાને પૂરેપૂરું ન આપી દીધું. ત્રીજું જે આનંદ નામનો અંશ છે, જે સૌથી વધારે મહત્ત્વનો છે એ આપણને ન આપ્યો. એટલે શ્રી મહાપ્રભુજી જીવ માટે એક શબ્દ આપે છે તિરોહિતાનંદ. તિરોહિતાનંદ એટલે જેનું અસ્તિત્વ તો છે, જેનામાં ચેતના પણ છે પણ આનંદ નથી.

સમગ્ર માનવ, માનવ છોડો પ્રાણી માત્ર - એમાં દેવ આવી ગયા, મનુષ્ય, અસુરો અને પશુપક્ષી, કીડા-મકોડા. આ બ્રહ્મસ્તંભ પર્યંત. બ્રહ્માથી લઈને તણખલા સુધીનું બધું આનંદ રહિત છે અથવા તિરોહિતાનંદ છે. એટલે જેનામાં આનંદ પ્રગટ્યો નથી એવું છે, એટલે જગતના તમામ પ્રાણી આનંદની ખોજમાં છે. વિદુરનો આ જ પ્રશ્ન હતો કે બધા લોકો સુખી થવા માટે પ્રયત્ન કરે છે પણ કોઈ સુખી દેખાતા નથી, કારણ શું ? **એટલે સુખની, સૌને શોધ છે. સુખ એટલે આનંદ એ આનંદના પણ ત્રણ ભેદ આચાર્યજીએ બતાવ્યા. વિષયાનંદ, બ્રહ્માનંદ, અને ભજનાનંદ. જગતના પદાર્થોથી આપણને જે આનંદ મળે એ વિષયાનંદ.** સારું ખાવા મળે, સારું પહેરવા મળે, સારું સાંભળવાં મળે, સારું જોવા મળે. ઇન્દ્રિયો વડે આપણને જે સુખ મળે છે એને માટેનો શબ્દ છે વિષયાનંદ. એ ભૌતિક સુખ છે, એની Range બહુ નાની છે. પછી એ આનંદની ટોચે કયો આનંદ છે **બ્રહ્માનંદ એટલે કે મોક્ષનો આનંદ.** પેલું આધિભૌતિક સુખ હતું, આ અધ્યાત્મિક સુખ છે બ્રહ્માનંદ. બ્રહ્માનંદ બ્રહ્મસુખ છે, આત્મા પરમાત્મામાં મળી જાય એ સુખ છે. નદી સાગરમાં સમાઈ જાય એ બ્રહ્માનંદ અને ત્રીજો આનંદ મહાપ્રભુજીએ મૂક્યો ભજનાનંદ, સ્વરૂપાનંદ, એ આધિદૈવિક છે. ત્યાં જીવ આનંદમાં મળી જતો નથી, ત્યાં જીવ આનંદરૂપ બની જતો નથી, ત્યાં જીવ આનંદનો ભોકતા બને છે. જો આનંદ જોઈતો હોય તો આપણે ભગવાન તરફ જવું જ રહ્યું. જો આનંદની યાત્રા પૂર્ણ કરવી હોય તો ભગવાન સિવાય આપણને કોઈ આનંદ આપી શકશે નહીં. જીવ નહીં આપી શકે કારણ કે એ એની પાસે જ નથી. તમે અગ્નિની પાસે શીતળતા માંગો તો અગ્નિ ક્યાંથી આપશે ? અગ્નિની પાસે શીતળતા છે જ નહીં. તમે સૂર્યની પાસે અંધકાર માંગો, સૂર્ય તમને ક્યાંથી આપશે ? તમે સાકરની પાસે કડવાશ માંગો તો ક્યાંથી આપશે ? જીવની પોતાની પાસે જ આનંદ નથી. તમે જુવોને, પુરુષ સ્ત્રીમાં આનંદ શોધે છે, સ્ત્રી પુરુષમાં આનંદ શોધે છે, બાળક માતામાં આનંદ શોધે છે અને મા બાળકમાં આનંદ શોધે છે. દરેક વ્યક્તિ કોઈકનામાં આનંદ શોધે છે, પણ આપણે જેનામાં આનંદ શોધીએ છીએ એ પણ આનંદને શોધી રહ્યો છે; એનો અર્થ એની પાસે આનંદ નથી. જો થોડું સમજો બાળકને મા મળે તો બાળક રાજી થાય એટલે બાળક એવું માને છે સુખ મામાં છે, પણ મા બાવરી બનીને બાળકને શોધતી હતી કે મારું બાળક ક્યાં છે ? તો માતાનું સુખ બાળકમાં છે, બાળકનું સુખ માતામાં છે - એનો અર્થ એ થયો કે બેમાંથી સુખ કોઈની પાસે નથી. મને રવિન્દ્રનાથ ટાગોરની એક સરસ વાત યાદ આવે છે. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું એક કવિતામાં કે નદીના બે કિનારા છે. આ કિનારો એમ કહે છે કે જે કાંઈ સુખ છે એ સામા કિનારે છે અને સામો કિનારો નિઃસાસો નાખીને કહે છે અહીંયા કશું સુખ નથી, જે છે એ સામા કિનારે છે. એનો અર્થ એ છે કે સુખ ક્યાંય નથી. કોઈ મહાત્માએ બહુ સરસ દોહો કહ્યો છે. 'કોઈ તન દુ:ખી, કોઈ મન દુ:ખી, કોઈ ધન ભી ન રહે; ઉદાસ ઓછેવત્તે સહુ દુ:ખી, એક સુખી હરિનો દાસ' એટલે જીવ પાસે આનંદ નથી અને ભગવાનનો આનંદ છે. ઉપનિષદ કહે છે, પુરાણો કહે છે, શાસ્ત્રો કહે છે, અનુભવીઓ કહે છે એટલે તો મહાપ્રભુજીનું સૌથી પહેલું નામ સર્વોત્તમજીમાં 'આનંદ' આપ્યું છે. એ આનંદ છે ઉપનિષદ ઉપનિષદ જેને આનંદ કહે છે એ જ શ્રી મહાપ્રભુજી છે ઉપનિષદ જેને પરબ્રહ્મ કહે છે એ શ્રી મહાપ્રભુજી છે એટલે આનંદ તત્ત્વ આ છે. ચોથા સ્કંધમાં શ્રીમહાપ્રભુજી એ ચાર પ્રકરણ બતાવ્યા. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

ધર્મ પ્રકરણમાં સતી અને દક્ષની કથા, અર્થ પ્રકરણમાં ધ્રુવ ચરિત્ર, કામ પ્રકરણમાં પૃથોની કથા, અને મોક્ષ પ્રકરણમાં પુરંજનઆખ્યાન. ધર્મ પ્રકરણને સ્ત્રી ચરિત્ર પણ કહ્યું. ધ્રુવ પ્રકરણને બાલચરિત્ર કહ્યું. પૃથુના પ્રકરણને યુવાચરિત્ર કહ્યું અને પ્રાચીનબર્હિના પ્રસંગને ગુરુધનુંચરિત્ર પણ કહ્યું. બ્રહ્માજીને ત્યાં યજ્ઞ ચાલતો હતો, બધા દેવો આવતા હતા. એટલામાં દક્ષ પ્રજાપતિનું આગમન થયું. દક્ષ પ્રજાપતિ છે અને તેથી કોઈ પણ મોટો માણસ આવે તો એને માન આપવાને માટે બધાએ ઊભું થવું જોઈએ એટલે બધા ઊભા થયા. બ્રહ્મા ઊભા ન થયા એટલા માટે કે તે દક્ષના પિતા છે તો પિતા પુત્રને માન આપવા માટે ઊભો ન થાય, બરાબર છે ! પણ શંકર પણ પોતાના સ્થાન ઉપરથી ઊભા ન થયા. મહાદેવજી દક્ષના જમાઈ છે અને એ જમાનામાં સસરા એવો આગ્રહ રાખતા હશે કે જમાઈને માન આપવું. શિવ પોતાના સ્થાન ઉપરથી ઊભા ન થયા એટલે દક્ષને ક્રોધ આવ્યો. આમ પણ એ ક્રોધ ઘણા વખતથી મનમાં હશે અને આ એક પાછું નિમિત્ત મળી ગયું એટલે બધું બહાર આવી ગયું. સભા વચ્ચે મારું અપમાન કર્યું, આ શિવ દેવોની પંક્તિમાં બેસવાને લાયક જ નથી. સ્મશાનમાં રહેનારો, ભૂતપ્રેત સાથે મિત્રતા રાખનારો, અમંગલ વેષવાળો, અમંગલ સ્વભાવવાળો, મેં વળી મારી દીકરી એને ક્યાં પરણાવી ? આજથી હું આજ્ઞા કરું છું હવે પછી શિવને દેવોની પંક્તિમાંથી બહિષ્કૃત કરો ! એને દેવોની સાથે ન રાખવો, આ મહાદેવ માંકડા જેવી આંખોવાળો છે. ટીકાકારને લાગ્યું આવું કોઈ બોલે ? ન બોલે. મર્કટલોચન એટલે જેનો સ્વભાવ મરકટ જેવો હોય, એના ઉપર પણ જેની કૃપાદૃષ્ટિ છે એના ઉપર કરુણા પણ હોય એને મરકટ લોચન કહ્યો. શિવજીનું સ્વરૂપ સમજવામાં પણ લોકોએ ઘણી ભૂલ કરી છે. ભગવાન શંકર જગતને વૈરાગ્ય શીખવવા માટે આવું બધું ધારણ કરે છે. મહાદેવજીને કોઈએ પૂછ્યું, મહારાજ ! તમે સ્મશાનમાં કેમ રહો છો? એમણે કહ્યું કે એટલા માટે કે મારે જે શીખવવું છે એને માટેની આ જગ્યા બહુ યોગ્ય છે, કોઈ મોટી પાર્ટી ચાલતી હોયને લોકો ભારે ભારે કપડાં પહેરીને આવ્યા હોય ને કિંમતી ખોરાક ખાઈ રહ્યા હોય ત્યાં જઈને એમ કહોને કે આ જગતમાં સાર નથી તો કોઈને ગળે ન ઊતરે કે કોઈ સાર નથી. અરે ! આ તો બધો સાર જ દેખાય છે. પરંતુ સ્મશાનમાં જઈને જુવો. એક અબજોપતિ અબજોના અબજો જેની પાસે છે એવો માનવી ચિતા ઉપર સૂતો છે, ત્યારે એના હાથ ખાલી છે. ત્યારે પણ એને કશું પોતાની પાસે લઈ જઈ શકે એવું નથી. સંસારમાં સાર નથી એ વાત શીખવા માટેનું સર્વોત્તમ સ્થાન - સ્મશાન છે. **સ્મશાન એ શિવજીનું ઘર જ નથી, શિવજીની પાઠશાળા છે.** આપણે કોઈ વાર સ્મશાનમાં જવું પડે તો યાદ રાખજો ભગવાન આપણને પણ સ્મશાનની Visit એટલા માટે કરાવે છે કે આપણને જીવનનું આ પણ એક રૂપ જે મોટે ભાગે ધ્યાન બહાર જાય છે, એને પ્રભુ પાછાં યાદ કરાવી રહ્યા છે. અને આમેય વહેલા કે મોડા ત્યાં તો જવાનું જ છે ને? મહાદેવજીને પૂછ્યું કે તમે સ્મશાનમાં કેમ છો? મહાદેવજીએ તો કહ્યું કે યહાં તો સબકી મુલાકાત દેર-સબેર, વહેલા કે મોડા અહીંયા મને બધાની મુલાકાત થાય છે. મોટામાં મોટી કોઈ Public Place હોય તો એ સ્મશાન છે. ક્યાં સુધી બચશો તમે ? ૯૦ વર્ષ થાય, ૯૫ વર્ષ થાય, ૧૦૦ થાય, ૧૨૫ થાય, ૧૫૦ થાય. **जाना हि पडेगा ।** એટલે મહાદેવજી કહે છે હું સ્મશાનમાં રહું છું એટલા માટે કે વહેલા મોટા બધાને અહીં આવવું જ પડવાનું છે. બીજી વાત શિવજી કહે છે કે અહીંયા જે આવે છેને એ બધા બહુ સીધા થઈને આવે છે. માણસ આડો, અવળો, ચુંકો, એ બધુ ક્યાં હોય? બહાર. પણ સ્મશાનમાં આવે ત્યારે આમ Straight Forward

એકદમ સાવ સીધો. શિવજી કહે છે કે '**यहाँ जो आते है सब सीधे ही हो जाते है** ।' સ્મશાન ભલભલાને સીધા કરી દે છે ! આપણી આ છેલ્લી અવસ્થા અને તે અવસ્થામાં કોણ જાણે ક્યારે સંભવ છે કે આજનો દિવસ અંતિમ દિવસ હોય ? કેટલું મોટું રહસ્ય છે મૃત્યુ કે જીવનના છેલ્લા દિવસે પણ કદાચ આપણને ખબર નહીં હોય કે આ મારો છેલ્લો દિવસ છે, છેલ્લો સૂર્યોદય જોતા હશો તમને ખબર નહીં હોય કે આજે હું છેલ્લો સૂર્યોદય જોઉં છું, ત્યાં કાંઈ ટિકિટનું બુકિંગ થોડું કરાવાય છે ? કદાચ તમે છેલ્લું ભોજન કરતા હશો આ ધરતી ઉપરનું, તે વખતે પણ તમને ખબર નહીં હોય કે આ મારું છેલ્લું ભોજન છે. તમે કેટલા બધા પ્રસંગો સાંભળ્યા છે સવારે માણસ ખાઈ-પીને ગયો અને બપોરે સમાચાર આવ્યા કે ગુજરી ગયા છે. માણસ તકલીફ ન વેઠે હોં ! એક માણસ આપઘાત કરવા માટે ગયો. પાટા ઊપર સૂઈ ગયો ને બાજુમાં જ ટિફિન રાખેલું તો કોકે પૂછ્યું કે તું આપઘાત કરવા સૂતો છે તો ટિફિન કેમ ? તો કહે ટ્રેન લેટ પડે તો. લોકો કેવા સિદ્ધ પુરુષો હોય છે, ભૂખ્યા થોડા જવાય ? ટ્રેન લેટ પડશે તો ખાઈ લઈશું અને પછી જઈશું. દક્ષ પ્રજાપતિને આવું કહે તો સાંભળીને શિવજીને તો ક્રોધ ન આવ્યો, એમની છાપ એવી છે કે મહાદેવજીને બહુ ક્રોધ આવે પણ એવું નથી. અહીંયા શિવજીએ ક્રોધ નથી કર્યો. ચૂપચાપ ત્યાંથી વિદાય થયા છે. નંદીને ક્રોધ આવ્યો, એણે દક્ષને શ્રાપ આપ્યો તેં શિવજીની નિંદા કરી છેને, તને બકરાનું માથું લાગશે. અને જે બ્રાહ્મણોએ પણ તને શિવનિંદામાં સાથ આપ્યો છે એ બધા દરિદ્ર થશે. ઋષિઓને ક્રોધ આવ્યો એટલે એમણે શિવજીના ગુરુને શાપ આપ્યો 'તમારો માર્ગ અપવિત્ર થશે. વેદથી વિમુખ થશે' એટલે શિવ પરંપરામાં એક માર્ગ છે, વામ માર્ગ અને વામનો અર્થ થાય છે અવળું. એટલે શાસ્ત્રો જે કહે એનાથી એ ઊંધું જ કરે. આખી પરંપરા નહીં પણ એમાંથી એક ફાંટો એવો થયો તંત્રની રીતમાં વામ એટલે અવળું, પછી વામનો અર્થ શિવ પણ થાય છે, વામનો અર્થ સુંદર પણ થાય છે અને એટલા માટે વિષ્ણુનું નામ છે વામન અને શિવનું નામ છે વામદેવ. શિવજી ઘરે આવ્યા પણ આજે આખો પ્રસંગ બન્યો હતો એનો ઉલ્લેખ એમણે પત્ની પાસે કર્યો નહીં. બહારની દુઃખની ઘટના, દ્વેષની ઘટના ઘરમાં લાવીને ચર્ચા કરવી નહીં. તમારા પિતાએ આવું કર્યું, તમારા પિતાએ શાપ આપ્યો - આવું કશું જ શિવજીએ આવીને પત્નીને ન કહ્યું. જીવની નાનીમોટી કુચેષ્ટાને પ્રભુ બહુ લક્ષમાં નથી લેતા. શિવજીએ કોઈ વાતને બહુ મહત્ત્વ ન આપ્યું, પણ દક્ષ પ્રજાપતિ તો પાછળ પડી ગયો. હવે એણે યજ્ઞ કર્યો અને એવો યજ્ઞ કર્યો જેમાં સહુને બોલાવ્યા અને શિવજીને નિમંત્રણ ન આપ્યું. સતીને જાણ થઈ. પતિની આગળ હઠ કરવા લાગી, તમારા સસરાને ત્યાં આજે મનોરથ છે, યજ્ઞ છે આપણે જવું જોઈએ. ચાલો આપણે જઈએ. ત્યાં મારી બહેનો પણ આવી હશે, ત્યાં બધા કુટુંબીઓ આવ્યા હશે. શિવજીએ કહ્યું - આપણને આમંત્રણ નથી મળ્યું. સતીએ દલીલ કરી પિતાને ત્યાં, પતિને ત્યાં અને ગુરુને ત્યાં આમંત્રણની આશા રાખવાની હોય જ નહીં. પિતા, પતિ, અને ગુરુ, આ ત્રણને ત્યાં આમંત્રણ વગર પણ જવાય અને તેથી આમંત્રણ ન આવ્યું હોય તો શું થઈ ગયું ? શિવજીએ કહ્યું આમંત્રણ ન મળે એનો પણ વાંધો નથી, પણ તમારો ઈચ્છતો નથી કે આપણે ત્યાં જઈએ અને જો કોઈ ઈચ્છતું જ ન હોય તો પછી આપણે શા માટે જવું ? સતી ન માન્યા. શિવજીએ કહ્યું કે તમે જશો તો દુઃખી થશો. હું તમારો સ્વભાવ જાણું છું, તમારા પિતાનો સ્વભાવ જાણું છું અને તેથી હું કહું છું કે તમે બહુ દુઃખી થશો કે તમે ન જાવ. તમારો પિતા તમારું સન્માન નહીં કરે. સતીએ મહાદેવજીને પૂછ્યું કે તમારા માબાપ છે? મહાદેવજીએ કહ્યું ના.

તો પછી તમને કેવી રીતે ખબર પડે કે માબાપ કેવા હોય? શિવ અને વિષ્ણુ એ બંનેના પ્રાગટ્યની કોઈ કથા નથી, કારણ કે શિવ અને વિષ્ણુ એ ઈશ્વર છે. આપણે નામ ત્રણેય લઈએ છીએ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, ત્રિદેવ. પણ બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ, ત્રણેય એક catagoryમાં નથી આ ધ્યાન રાખજો. બ્રહ્મા જીવ કોટીમાં છે અને શિવ અને વિષ્ણુ ઈશ્વર કોટીમાં છે. બ્રહ્માનો જન્મ છે અને બ્રહ્માના સો વર્ષ પૂરા થાય ત્યારે બ્રહ્માનું મૃત્યુ પણ છે. સંકલ્પમાં શું બોલો છો ? **તે યદ્યનુત્પાદિતદોષદૃષ્ટ્યો બલીયસાનાત્મ્યમદેન મન્યુના** । બ્રહ્માનું આયુષ્ય લાંબુ બહુ છે, પણ Limited છે, Unlimited નથી. સંસ્કૃતમાં એકડાની પાછળ અઢાર મીંડા લગાડો તો એને પરાર્થ કહેવાય અને એવા બે પરાર્થ બ્રહ્માના પચાસ વર્ષ પૂરા થઈ ગયાં છે, અત્યારે બ્રહ્માનું એકાવનમું વર્ષ ચાલે છે. હવે પચાસ તો પૂરા થયા પણ બીજા પચાસ ક્યારેક તો પૂરા થવાનાને ? એક પરાર્થ તો પૂરો થઈ ગયો બ્રહ્માનો, પણ હવે વન પ્રવેશ છે. ભલે ગમે તેટલું લાંબુ જીવનારા હોય પણ બ્રહ્મા જીવ છે. શિવ અને વિષ્ણુ ઈશ્વર છે એટલે મહાપ્રભુજીના મતાનુસાર મોક્ષ આપવાની સ્વતંત્ર શક્તિ વિષ્ણુ અને શિવ પાસે છે, બ્રહ્મા પાસે નથી. બ્રહ્મા તમને મોક્ષનું સાધન આપી શકે, મોક્ષ ન આપી શકે. એટલે શિવ અને વિષ્ણુ ઈશ્વર છે. સતી હઠ કરીને ગયા. પિતાએ આવકાર ન આપ્યો. સામું પણ ન જોયું, આંખ ફેરવી લીધી અને દક્ષના ભયના કારણે બીજા બધા લોકોએ પણ એને ન બોલાવી. સતી રોતા રોતા મા પાસે ગયા. માએ આવકાર આપ્યો. બહેનો અને માએ એને આવકાર આપ્યો. સતી પોતાનું અપમાન તો સહી ગયા પણ સભામાં, એ યજ્ઞને રુદ્ર વિનાનો જોયો અને ક્રોધનો પાર ન રહ્યો, સતીએ બધાને ખૂબ ઠપકો આપ્યો છે. તમે શિવનો દ્રોહ કરો છો. શિવ એવું બે અક્ષરનું નામ લેતાની સાથે મનુષ્ય નિષ્પાપ બની જાય છે, જેણે ત્રણેય લોકની રક્ષાની ખાતર વિષનું પાન કર્યું એને તમે દ્રોહ કરો છો. મહાદેવજી સ્મશાનમાં રહે છે એ એમની ઉદારતા છે, કેમ ઘરમાં જે સૌથી વડીલ હોયને એની ચોઈસ સૌથી છેલ્લી હોય છે. માનો કે ઘરમાં દસ જણાનો પરિવાર છે અને તમે સૌથી Senior છો, તો પહેલા તમે એમ કહેશો કે ઊભા રહો પહેલા મને ગમતું કાઢી લઉં, પછી જે મને ન ગમતું હોય એ બધું તમારું. એ બરાબર નથી, એ Maturity નથી. તમે ઘરના સૌથી વધારે Senior હો તો તમારે એમ કહેવું જોઈએ કે આમાંથી જેને જે ગમે તે લઈ લ્યો, જે કોઈને ન ગમે જે કોઈને ન ફાવે એ મારા માટે રાખજો.

ઘરના સિનિયર માણસો એમ કહેતા હોય છે કે પહેલાં અમે, એમાં જ ઉપાધિ છે. આ દુનિયામાં ઝઘડા બધાં પહેલો કોણ એમાં થાય છે, છેલ્લો કોણ એમાં ક્યારેય ઝઘડો થયો છે ? મને કેમ ન પૂછ્યું ? આ બધી ઉપાધિ પહેલા હોવાની છે એટલે આપણે હંમેશા છેલ્લા હોવું. શિવજીએ, જરાક મહાદેવજીનું વ્યક્તિત્વ જુઓ. શિવજીએ જગતમાં જે કોઈને પણ ન ખપે એવી, સૌથી છેલ્લી વસ્તુઓ અપનાવી છે. કોઈકને કમળનું ફૂલ ગમ્યું, કોઈકને મોગરાનું ફુલ ગમ્યું, મહાદેવજીએ પૂછ્યું કે બધાને ગમતું લઈ લીધું ? હા, હવે છેલ્લે કયું રહ્યું ? તો કહે, મહારાજ ! ધતુરાનું રહ્યું છે, આ ફૂલ કોઈને ગમતું નથી. શિવજીએ કહ્યું, તો વો અપને લિયે ચલેગા. કોઈએ ચંદન લગાવ્યું, કોઈએ અંગરાગ લગાવ્યા, કોઈએ સુંદર સુંગધિત દ્રવ્યો લગાવ્યા, ચિતાની ભસ્મ કોઈએ ના લીધી. તો એણે ચિતાની જ રાખ લગાવી. ગોરાગોરા દેખાઈએ પણ ખરા અને Loss તો કશો જ આવે જ નહીં. આજે બધી જ વાપરી નાંખો ને કાલે



પાછી તૈયાર થઈ જાય. કોઈને હીરાના હાર ગમ્યા તો લઈ લીધા, કોઈને મોતીઓના હાર ગમ્યા તો લઈ લીધા, કોઈને પુષ્પના સુંદર હાર ગમ્યા તો લઈ લીધા. મહાદેવજી કહે છે કે જે કોઈને ન ખપે, મહાદેવજીએ એવો હાર પહેર્યો કે કોઈને ખપે જ નહીં. એમણે સર્પનો હાર ધારણ કર્યો. મહાદેવજીની જ્વેલરી આમ કોઈ ચોરવા આવે જ નહીં અને એક Donor પૈસા આપ્યા કે આપણે સ્મશાન બંધાવવું છે, તો સ્મશાન તો બંધાઈ ગયું પણ પછી એમાં કોઈ દરવાજો ન બનાવ્યો. તો પછી પેલાએ પૂછ્યું કે આમાં દરવાજો કેમ નથી બનાવ્યો ? તો કહે કે એટલા માટે નથી બનાવ્યો કે બહારવાળા અંદર જવાના નથી અને અંદરવાળા છે એ બહાર આવવાના નથી, પછી દરવાજો બનાવવાની જરૂર શી છે ? કોઈ ત્યાં રહેવા જવાનું નથી, આ જગ્યા કોઈ પચાવી પાડવાનું નથી અને ત્યાં જ રહેનારા છે, એમને ત્યાં જ ફાવશે એ બહાર આવવાના નથી. શિવને સમજવાની આપણે ભૂલ કરીએ છીએ. શિવ સૌથી મોટા છે અને એટલા માટે પણ કે જગતને જે વસ્તુ પ્રિય નથી એ વસ્તુને એમણે અપનાવી છે. અમૃત પીવા બધા જ તૈયાર થાય, ઝેર પીવા કોઈ તૈયાર ન થાય. મહેલમાં રહેવા સહુ તૈયાર થાય, સ્મશાનમાં રહેવા કોણ તૈયાર થાય ? અને જીવનની ઉત્તરાવસ્થામાં, જીવનશૈલી મહાદેવજી પાસેથી અપનાવવા જેવી છે. જે હશે તે ચાલશે ! આપણા કૃષ્ણ બિલકુલ એનાથી Opposite છે. એ તો કહે જે સારામાં સારું હોય, ઉત્તમ. એ જ મને ગમશે. અને એનું એક કારણ છે. શિવનું આ વલણ છે એનું પણ એક કારણ છે. કૃષ્ણનું પણ આ વલણ છે એનું કારણ છે, કારણ કે શ્રીકૃષ્ણ જગતને પ્રેમ શીખવવા માટે આવ્યા છે, શિવ જગતને વૈરાગ્ય શીખવે છે અને વૈરાગ્યનો અર્થ ન કોઈ ઉત્તમ વસ્તુ પામીને હર્ષ થાય, ન કોઈ ઉત્તમ વસ્તુ છુટી જવાથી શોક થાય. એ આખા નકારાત્મક પાસાને પ્રગટ કરી રહ્યા છે. હવે કૃષ્ણ છે એ જીવનનું વિધેયાત્મક પાસું છે. કૃષ્ણને સર્વાંગે ચંદન લાગે, ત્યાં રાખ લાગે છે. ત્યાં સર્પની અથવા મુંડમાળા એટલે ખોપડીઓની માળા છે, અહીંયા વૈજયંતીમાલા ત્યાં ત્રિનેત્ર છે અને આ કમળનયન છે. પેલા ત્રિનયન છે, આ કમળનયન છે. પેલા સ્મશાનમાં રહે છે અને આ વૃંદાવનવાસી છે. શિવ દિગંબર છે, કૃષ્ણ પિતાંબર છે.

શિવ વિષનું પણ પાન કરે અથવા ભાંગ-ધતુરા વગેરેનું પણ સેવન કરે અને કૃષ્ણને તો તમારે ગરમ ગરમ ખીર પણ ન ધરાવાય, એ તો માખણ મિશ્રી આરોગનારો. રૂદ્ર ડમરૂ વગાડે, આ બંસરી બજાવે. રૂદ્રના મસ્તક ઉપર ગંગા અને આના ચરણમાં ગંગા. આ બન્ને પરમતત્ત્વ છે.

શિવનું અપમાન સહન ન કરી શક્યા સતી, યોગાગ્નિ પ્રગટ કરીને પોતાના દેહને ભસ્મીભૂત કર્યો. સતીના દેહત્યાગના સમાચાર સાંભળતાં જ શિવજીને ક્રોધ આવ્યો, જટામાંથી વીરભદ્રને ઉત્પન્ન કર્યા અને આજ્ઞા કરી કે જાઓ દક્ષયજ્ઞનો વિનાશ કરો અને આ તો શિવસેના હતી. પછી આમ તોડફોડના કામમાં વાંધો શો આવે ? મહાદેવજીની સેના આવી, દક્ષયજ્ઞને છિન્નભિન્ન કરી નાંખ્યો, ભયંકર હાહાકાર થઈ ગયો. ઋષિઓને માર પડ્યો, દેવોને માર પડ્યો. કોઈના દાંત તોડી નાંખ્યા ને કોઈની આંખ ફોડી નાંખી. દક્ષનું તો માથું જ કાપી અને જેમ પૂર્ણાહુતિમાં શ્રીફળ હોમાય એવી રીતે દક્ષાય સ્વાહા, હાહાકાર થઈ ગયો. બધા બહુ મૂંઝાયા. યજ્ઞવિધ્વંસ થઈ ગયો. યજ્ઞ તો પરમાત્માનું સ્વરૂપ છે પછી ભગવાને યજ્ઞ વિધ્વંસ કેમ કરાવ્યો ? યજ્ઞ કોઈ ક્રિયા નથી. યજ્ઞ એટલે જ બ્રહ્મ, યજ્ઞ એટલે જ વિષ્ણુ. **યજ્ઞ સાધન પણ છે અને યજ્ઞ સાધ્ય પણ છે.** યજ્ઞોવૈ વિષ્ણુ એ વરાહ ભગવાન યજ્ઞનો અવતાર છે. મહાપ્રભુજીએ વ્યાખ્યા કરી **જીવનમાં માંગો તે સુખ તમારી પાસે લાવી આપે એનું નામ યજ્ઞ.** જે માનવીના જીવનમાં યજ્ઞ છે, એ માનવીને જીવનના કોઈ પણ સુખની ઉણપ નથી આવતી. તમે કહો કે પછી કાલથી યજ્ઞ શરૂ કરીએ. ના, અહીંયા યજ્ઞનો અર્થ જરા વિસ્તારથી સમજવો પડશે. યજ્ઞનો અર્થ છે - સમર્પણ. જ્યારે દેવોની આહૂતિ અપાય છેને ત્યારે ચોથી વિભક્તિ લાગે છે. ઇન્દ્રાય સ્વાહા, યજ્ઞાય સ્વાહા, યમાયે સ્વાહા, નિરૂતયે સ્વાહા, વરૂણાય સ્વાહા. ચોથી વિભક્તિ લાગે. ચોથી વિભક્તિ છે સંપ્રદાન - સમર્પણ કરવું. માનવી જ્યારે પોતાની પાસે આવેલું પોતાના ઈષ્ટને સમર્પણ કરે છે, તમે ઠાકોરજીને રોજ ભોગ ધરો ને એ પણ યજ્ઞ છે. તમે ઘરે બ્રાહ્મણને બોલાવીને ભોજન કરાવો એ પણ યજ્ઞ છે. અરે ખુદ ! તમે પણ ભોજન કરો છો એ પણ યજ્ઞ છે, એટલે જ પંચપ્રાણ પ્રાણાય સ્વાહા, અપાનાય સ્વાહા, ઉદાનાય સ્વાહા. ભોજન પણ યજ્ઞ છે, પણ યજ્ઞ ભાવનાથી કરો તો ! યજ્ઞનો અર્થ છે સમર્પણ. પરમાત્માએ આપણને ખૂબ આપ્યું છે, એમાંથી થોડુંક આપણે એને અર્પણ ન કરીએ ? ભગવાન આપણી નદીઓ ભરે છે કે નહીં ? ભગવાન આપણા આખા ધરતી ઉપરના સ્થાનને ભરે છે તો આપણે એની એક ઝારી ન ભરીએ ? ભગવાન સૂર્યના રૂપમાં પ્રકાશ આપે છે પણ સૂર્ય ભગવાને બીલ મોકલ્યા નથી. જે સૂર્ય તમને પ્રકાશ આપે છે, ચંદ્ર તમને જે પ્રકાશ આપે છે, અગ્નિ તમને જે પ્રકાશ આપે છે એની સામે એક નાનો દીવો ન પ્રગટાવી શકીએ ? વિરાટના રૂપમાં આપે તો અણુ અંશ રૂપમાં તો આપો ! પણ કેવળ લે લે ન કરીએ, એને સામે કાંઈક દઈએ પણ ખરા. ભગવાન ગીતાના ચોથા અધ્યાયમાં આ વાત બહુ સુંદર રીતે સમજાવે છે. દેવો પાસેથી તમે લો અને દેવોને તમે આપો એટલે - આપણે ત્યાં ત્રણ ઋણ માન્યા છે - દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ. દેવોનું આપણા ઉપર ઋણ છે. આપણે શ્વાસ લઈએ છીએને એ વાયુનું ઋણ છે. આપણે ચાલી શકીએ છીએ સૂર્યનું ઋણ છે. આપણને જળ પીવા મળે છે મેઘનું ઋણ છે. આપણને અન્ન મળે છે ધરતીનું ઋણ છે, આપણે દેવોના ઋણી છીએ તો સામે આપણે કાંઈક તો ચુકવવું જોઈએ ! બદલો ન વાળો પણ આભાર તો માનો. એ આપી શકે છે આપણે કાંઈ આપવાને

સમર્થ નથી, પણ થોડોક આભારની ભાવના તો કરો ! બીજું ઋણ છે આપણા ઉપર ઋષિઓનું ઋણ. જે શાસ્ત્રો આપણે ભણીએ છીએ, તમે કોઈને ગીતાનો પાઠ કરવા બોલાવ્યા તો તમે બ્રાહ્મણને દક્ષિણા આપશો, કૃષ્ણને શું આપશો ? અને ગીતા આપી છે તો કૃષ્ણએ. બ્રાહ્મણે તો પાઠ કર્યો. તમે બ્રાહ્મણને દક્ષિણા આપશો એટલે એના ઋણમાંથી છૂટ્યા પણ કૃષ્ણને શું આપશો? આપણે આ ભાગવત સાંભળ્યું, વ્યાસજીને આપણે શું ભેટ આપીશું ? મહાપ્રભુજીએ આપણને યમનાષ્ટક આપ્યું, કૃષ્ણાશ્રય આપ્યો, અણુભાષ્ય આપ્યા, સુબોધિની આપ્યા - મહાપ્રભુજીને આપણે શું ભેટ ધરીશું? આપણા માથે ઋષિઓનું ઋણ છે કે જેણે આપણને શાસ્ત્રો આપ્યા. દેવ ઋણમાંથી છૂટવા માટે યજ્ઞ કરવા જોઈએ. એવી રીતે ઋષિ ઋણમાંથી છુટવું હોય તો સ્વાધ્યાય કરવો જોઈએ. મહાપ્રભુજીના ઋણમાંથી છૂટવાની વાત છોડો, પણ મહાપ્રભુજીના ઋણી છીએ એવું જો માનતા હો તો કમમ સે કમ મહાપ્રભુજીના ગ્રંથોનું - એકાદ ગ્રંથનું પણ રોજ પારાયણ કરો, પાઠ કરો, યમુનાષ્ટકનો પાઠ કરો, કૃષ્ણાશ્રયનો પાઠ કરો. તમે એના ઋણી છો માટે ગીતાનો પાઠ કરો. વ્યાસના ઋણી છીએ માટે - જેમ દેવના ઋણમાંથી કાંઈક મુક્તિ મેળવવી હોય તો યજ્ઞ - એવીરીતે ઋષિઓના ઋણમાંથી મુક્ત થવા માટે સ્વાધ્યાય અને પિતૃના ઋણને સ્વીકારવા માટે શ્રાદ્ધ, એટલે આપણે ત્યાં શ્રાદ્ધ પક્ષ આવે છે ત્યારે જે કાંઈ કરીએ છીએ, આજકાલ ઘણા લોકો માનતા નથી. અમે આવું બધું માનતા નથી. માનવું જોઈએ દામોદરદાસના પિતાનું શ્રાદ્ધ ગુસાંઈજીએ કર્યું હતું એવી કથા છે. પિતૃઓનું ઋણ છે આપણા ઉપર અને એ ઋણ આપણે યથાશક્તિ તો ચૂકવવું જોઈએ. આપણામાં શક્તિ હોય એટલો તો યજ્ઞ કરીએ, આપણામાં શક્તિ હોય એટલું તો દાન કરીએ, આપણી શક્તિ હોય એટલો તો સ્વાધ્યાય કરીએ, આપણી શક્તિ હોય એટલું તો શ્રાદ્ધ કરીએ. આપણાથી બને એટલું તો કરીએ, જેટલું લીધું છે એટલું નથી આપી શકતા તો જેટલું આપી શકાય તેટલું તો આપીએ ! અને એટલા માટે આ બધું જરૂરી છે. દેવો બધા આવ્યા બ્રહ્માજીની પાસે, આ યજ્ઞ અધૂરો રહ્યો. બ્રહ્માજીએ કહ્યું કે તમે આવા ઉપદ્રવમાં ગયા શું કરવા? આ યજ્ઞમાં ગરબડ થવાની છે એવું જાણીને બ્રહ્માજી અને વિષ્ણુ તો ગયા જ ન હતા. હવે આપણે શિવજીની સાથે ક્ષમા માગવી જોઈએ. ચાલો, એ તો બહુ ઉદાર છે. ક્ષમા આપી દેશે. ખૂબ પ્રેમથી બધા ગયા છે, ક્ષમા માંગી છે. શિવજીને તો કાંઈ ક્રોધ હોય નહીં અને ક્રોધ હોય તો પણ એ કરૂણાના રૂપમાં હોય. એમણે કહ્યું, કાંઈ વાંધો નહીં. તમે યજ્ઞ આગળ ચાલુ કરો. એ યજ્ઞ આગળ ચાલુ કરવાની ભાવનાથી પણ મહારાજ, યજમાન વગર યજ્ઞ ક્યાંથી થાય? એનું માથું તો સ્વાહા થઈ ગયું છે. દક્ષનું મસ્તક સ્વાહા કર્યું. મસ્તક પ્રતિક છે અહંકારનું. આપણે પણ પૂજ્ય વ્યક્તિના ચરણમાં માથું મૂકીએ છીએ. ગુરુ અથવા ભગવાન એમ એનો અર્થ છે મસ્તક એટલે અહંકાર અને અહંકાર જેટલો પણ સમર્પિત થઈ જાય એટલું સારું કારણ કે આપણી અને પ્રભુની વચ્ચે જો કોઈ અવરોધ હોય તો એ અવરોધ અહંકારનો જ હોવો જોઈએ. શ્રીફળ પ્રતીક છે, આપણે ત્યાં પણ ઠાકોરજીને શ્રીફળની ભેટ ધરાય છે. શ્રીફળ મસ્તકનું પ્રતિક છે. જુઓ નાળીયેર હોય એમાં આંખો હોય છે, પાછી એને ચોટલી રાખવાની હોય. તમે શ્રીફળ ધરો છો એનો અર્થ તમે તમારું મસ્તક પધરાવો છો અને મસ્તકનો અર્થ છે અહંકાર. આપણો અહં આપણે પ્રભુના ચરણમાં સમર્પિત કર્યો છે અને એટલે જ આજે પણ કોઈ યજ્ઞ થાય તો છેલ્લે પૂર્ણાહુતિ શેની થાય છે?

પૂર્ણાહુતિમાં શ્રીફળ કેમ હોમાય છે? જીવ અહંકારથી વિમુઢ બને છે. આ મેં કર્યું, આ મેં કર્યું, આ મેં કર્યું એ ભાવ ન આવે એટલા માટે. પછી તો દક્ષના ધડ ઉપર બકરાનું માથું લગાવ્યું અને યજ્ઞ આગળ ચાલ્યો. આદિપુરુષ ભગવાન યજ્ઞનારાયણ પ્રગટ થયા, ત્રણેય દેવોની એકતા બતાવી. પછીની કથા બહુ પ્રસિદ્ધ કથા છે. ઉત્તાનપાદ નામનો રાજા સુનીતિ અને સુરૂચિ નામની બે રાણી હતી. સુનીતિથી પુત્ર થયો હતો ધ્રુવ અને સુરૂચિથી પુત્ર થયો હતો ઉત્તમ. એક દિવસ પિતા ઉત્તમને ગોદમાં લઈને બિરાજ્યા હતા, ધ્રુવજી પિતાની ગોદમાં બેસવા માટે આવ્યા. અપર માતાએ રોકી લીધા હતા. તને બાપના ખોળે બેસવાનો અધિકાર નથી, તું અણમાનીતીનો દીકરો છે, તું ચાલ્યો જા. અરે બાપના ખોળે બેસવું હતું તો તારે મારી કુખે જનમ લેવો હતો ને? ધ્રુવજી રડતા રડતા મા પાસે આવ્યા. માતાએ આ પુત્રને ઘણો સુંદર ઉપદેશ આપ્યો છે. બેટા ! તું પ્રભુ પાસે જા. પ્રભુનો માર્ગ બતાવ્યો છે. ધ્રુવજી માતાને વંદન કરીને નીકળી ગયા છે. ભગવાન ક્યાં મળે એની ખબર નથી, ભગવાન કઈ રીતે મળે એની પણ ખબર નથી પણ તે છતાં ધ્રુવજી નીકળી પડ્યા છે. ભગવાનનું સરનામું ? જે સર્વત્ર હોય એનું શું સરનામું હોય ? તમારે ભગવાનને ક્યાંય શોધવાની જરૂર નથી, કારણ કે એ સર્વત્ર છે અને સર્વત્ર હોય એ તો તમે ધારો ત્યાં તમને મળી શકે છે. નીકળી પડ્યો છે આ બાળક એક શ્રદ્ધા લઈને. રસ્તામાં નારદજી મળ્યા. નારદજીએ મળીને તરત કહ્યું, બેટા ! તું આવો દુ:ખી કેમ છે? અરે, એ તો ઘરમાં માબાપ છે કાંઈ કહે પણ ખરા તું પાછો જા. પણ ધ્રુવજીનો સંકલ્પ દૃઢ હતો, એમણે કહ્યું કે હવે તો હું ભગવાનને પ્રાપ્ત કર્યા વગર પાછો નહીં જાઉં. જાણ્યું કે પાત્ર બરાબર યોગ્ય છે એટલે કૃપા કરી. '**ૐ નમો ભગવતે વાસુદેવાય**' મંત્રનું દાન કર્યું અને ધ્રુવજીને મધુવન મોકલ્યા છે. યમુના કિનારે મધુવન પર ધ્રુવજીએ છ માસ તપ કર્યું. છ મહિના પછી પ્રભુ પ્રગટ થયા હતા. ધ્રુવજીએ હાથ જોડીને વંદન કર્યા જે મારી ભીતર બિરાજમાન થઈ મારા સમગ્ર પ્રાણને ચેતના આપી રહ્યા છે, હે પ્રભુ ! આપને વારંવાર હું નમસ્કાર કરું છું. ધ્રુવજી ખૂબ પ્રસન્ન થયા. પ્રભુ ! આપે મને દર્શન આપ્યા, હું તો ધન્ય થઈ ગયો. મારા તપનું મને ફળ પ્રાપ્ત થઈ ગયું. ભગવાને કહ્યું, બેટા ! હું જેના ઉપર પ્રસન્ન થાઉં છું એને કોઈ વસ્તુ દુર્લભ નથી રહેતી. તારે જે જોઈએ તે માંગ. ધ્રુવજી અહીંયા બોલ્યા છે કે મારે કાંઈ જ જોઈતું નથી, પણ ભગવાન જાણે છે કે ઊંડે ઊંડે એના મનમાં કામના છે. વૈષ્ણવો ધ્યાનથી સાંભળો **ઉત્તમ પક્ષ તો એ છે કે ભક્તિ નિષ્કામ હોવી જોઈએ.** પણ ધારો કે સ્વભાવ અનુસાર **તમે નિષ્કામ ભક્તિ ન કરી શકતા હો તો સકામ ભક્તિ પણ કરજો. નિ:સ્વાર્થ ભક્તિ ઉત્તમ છે, એ થાય તો તો બહુ સુંદર. નિષ્કામ ભક્તિ જ થવી જોઈએ,** પણ ધારો કે સ્વભાવ અનુસાર ને આપણી એટલી પાત્રતા ન થઈ હોય તો કમસે કમ સ્વાર્થ રાખીને પણ ભક્તિ કરજો. ભક્તિ ન કરે એના કરતા સ્વાર્થી ભક્તિ કરે એ સારું, કારણ શું? કે સ્વાર્થીને નિસ્વાર્થ બનાવતા પ્રભુને આવડે છે. તમે લોભ લઈને ભગવાન પાસે જાઓ તો તમને નિર્લોભી બનાવતા એને આવડે છે. અરે ! સ્વાર્થ લઈને પણ તમે જશો તો પ્રભુ પાસેને? અને જે પ્રભુ પાસે જશે એનું શું કરવું એ પ્રભુ જાણે છે. આચાર્યજીની આજ્ઞા છે અથવા ગમે તેમ કરીને પ્રભુ સાથે સંબંધ કરો. ફળની આશા ન રાખો એમ ગીતામાં બોલ્યા ભગવાન, બરોબર છે. પણ ધારો કે ન ચાલતું હોય તો ફળની આશા રાખીને પણ ભજો. અરે ! થોડો વિચાર કરો. જેણે વેર ભાવથી

ભજ્યા એનુંય ભલું થયું, તો સ્વાર્થ ભાવથી ભજનારનું ભલું નહીં થાય? જેણે ક્રોધથી ભક્તિ કરી, જેણે દ્વેષથી ભક્તિ કરી જેણે સો ગાળ દીધી એનું જો ભલું થાય તો પછી લોભ રાખીને ભગવાન પાસે જાય એનું ન થાય? નિર્લોભી થઈને જઈએ તો સૌથી સારું, પણ ન રહેવાય તો સ્વાર્થ રાખીને પણ જવું. આપણે ઠાકોરજી આગળ આપણું દુ:ખ રડવું ન જોઈએ, ભગવાન પાસે પોતાના દુ:ખ ન મુકવા એ વધારે સારું છે, એને પરિશ્રમ શા માટે આપવો? પણ પછી તમને એમ થાય કે ના મારે મારા અંતરની વાત કોઈને કહેવી છે તો ઠાકોરજીને જ કહેજો, બીજા કોઈને ન કહેશો. જો કે એ વાત યાદ રાખજો કે તમે તમારા અંતરની વાત પ્રભુને નહીં કહો તો પણ એ અંતર્યામી હોવાથી જાણે જ છે. એને બધી જ ખબર છે, પણ ન રહેવાય તો કહી નાંખો. Psycology એવું કહે છે કે સામો માણસ સાંભળે કે ન સાંભળે પણ આપણે કહી નાખીએને એટલે આપણું Pressure નીકળી જાય. મૂળ વાત તો એ છે કે ન રહેવાય તો પ્રભુની આગળ આપણું દુ:ખ કહી દેવું, કમસે કમ થોડો ઉભરો તો નીકળે ! બાકી સિદ્ધાંતની દૃષ્ટિએ તમે ન કહો તો પણ એને ખબર છે. જેણે પોતે ચાહીને તમને દુ:ખ આપ્યું છે એ ભગવાનને તમારે કહેવાની શી જરૂર છે કે હું દુ:ખી છું ? જેણે ચાહીને તમને દૂર કર્યા છે એ પ્રભુને કહેવાની શી જરૂર છે કે પ્રભુ તમે મને ક્યારે અપનાવશો? રાસલીલામાં ભગવાને અંતર્ધાનલીલા કરી. એ ચાહીને અંતર્ધાન થયા ને? સંયોગનું દાન કર્યા પછી પણ પ્રભુ ચાહીને વિયોગનું દાન કરે છે. હવે એને ખબર નથી કે તમારે કહેવું પડે? ધ્રુવજીએ કહ્યું કે મારે કાંઈ જોઈતું નથી. ભગવાને કહ્યું કે બેટા ! તારે કાંઈ જોઈતું નથી પણ મારે તને કાંઈક આપવું છે, હું તને તારા પિતાનું છત્રીસ હજાર વર્ષનું રાજ્ય આપું છું અને આ તો તને લૌકિક ફળ આપ્યું. અલૌકિક ફળ આપું છું. આકાશમાં મેં તારા માટે એક લોક બનાવ્યો છે અને એ લોકનું નામ છે ધ્રુવલોક અને એ લોકનો મહિમા એટલો છે કે સપ્તર્ષિ એની પરિક્રમા કરે છે. સપ્તર્ષિ એની પરિક્રમા કેમ કરે છે? ધ્રુવ અચલ છે, ધ્રુવ કોઈ દિશા ન બદલે. કોઈ દિવસ પૂર્વમાં ન હોય, દક્ષિણમાં ન હોય. ધ્રુવ કઈ દિશામાં હોય? ઉત્તરમાં. સ્હેજ ધ્યાનથી સમજો, ભૂલો પડેલો માણસ પૂછે કે મારા ઘરની દિશા કઈ તરફ તો એનો ઉત્તર બીજા કોઈ તારા ન આપે, ઉત્તરમાં રહેલો ધ્રુવ ઉત્તર આપે. આપણી જે દિશાઓના નામોના પણ બે અર્થ છે. પૂર્વ એટલે ઈશ, પણ પૂર્વનો બીજો અર્થ થાય છે કે પૂર્વ એટલે પહેલા અને આ નામો જ્યારે વિચારો ત્યારે તમારું મોં પૂર્વમાં રાખજો કારણ કે આપણે પૂર્વના છીએ. આપણે પૂર્વને ભજીએ છીએ, પૂર્વને પૂજીયે છીએ. આપણે પશ્ચિમને નથી પૂજતાં. હમણાં હમણાંના પશ્ચિમને પૂજતા થઈ ગયા છીએ, બાકી આ પૂર્વનો દેશ એટલે આપણે ત્યાં સૂર્યની પુજા અને તે પણ ઊગતા સૂર્યની પૂજા. પૂર્વ એટલે ઈશ. પૂર્વ દિશા અને પૂર્વ એટલે પહેલાનું. હવે પૂર્વ તરફ મોં રાખો એટલે પશ્ચિમ તો - પશ્ચિમ એટલે વેશ અને પશ્ચાત્ એટલે પાછળનું. પશ્ચિમ અને પશ્ચાત્ એ એક જ વસ્તુ છે. હવે જુઓ તમે પૂર્વ તરફ મોં રાખીને ઊભા હો તો તમારો કુશળ હાથ, સંસ્કૃતમાં કુશળ માટે 'દક્ષ' કહેવાય, બે હાથમાંથી કયો હાથ વધારે કુશળ? જમણો કે ડાબો? જમણો. તો તમે પૂર્વ તરફ મુખ રાખીને ઊભા રહો તો તમારો જે દક્ષ હાથ હોય એ જે દિશામાં હોય એનું નામ દક્ષય એટલે દક્ષિણનો એક અર્થ થાય છે South સાઉથ અને દક્ષિણનો બીજો અર્થ થાય છે કુશળ. અને પ્રદક્ષિણાનો અર્થ એ છે કે તમારું દક્ષિણ અંગ કેન્દ્ર સાથે હંમેશા લાગેલું રહે. તમે

કોઈની પણ પ્રદક્ષિણા કરોને તો જોજો તમારું જમણું અંગ એના તરફ જ રહેશે. નિરંતર દક્ષિણ ભાગ લાગેલો રહે એ પ્રદક્ષિણા અને તમે ક્યાં છો એનું સરનામું તમને મળે એ ઉત્તર. સંસ્કૃતમાં ઉત્તરનો એક અર્થ થાય છે ઉપરનું. ઉત્તર એટલે North અને ઉત્તર એટલે પછીનું અથવા ઉપરનું, ઉત્તરક્રિયા. ઉત્તરાધિકારી એટલે પછીનો અધિકારી. તો આ દિશાઓના નામ આ રીતે પડ્યા અને એટલે જ ધ્રુવ ઉત્તરમાં વસેલા છે, જે પોતાનું સ્થાન ન બદલે એ જ બીજાને દિશા બતાવી શકે. હોકાયંત્રનો કાંટો હંમેશા ઉત્તર-દક્ષિણ રહે, એટલે આપણને બતાવી શકે છે કે આપણે ક્યાં છીએ. પછી મહારાજ પૃથુની કથા આવે. ધ્રુવજીની છઠ્ઠી પેઢીએ અંગ રાજા થયા, ઋષિઓના શ્રાપથી વેદ નું મૃત્યુ થયું અને ત્યારબાદ મહારાજ પહેલા નિષદ અને પછી પૃથનું પ્રાગટ્ય થયું. અર્ચિરાણી સાથે પૃથુ. મહારાજે જગતને પુરુષાર્થ શીખવ્યો છે. જે મળે તે ખાઈ લેવું, જે મળે તે રીતે રહેવું એમ નહીં - માણસ પુરુષાર્થ કરે - જો માનવીના જીવનમાં પુરુષાર્થ ન હોય તો માનવીનું ઐહિક જીવન વિકસિત થતું નથી. જો વૈજ્ઞાનિકોએ પુરુષાર્થ ન કર્યો હોત તો ઈલેક્ટ્રીસીટી ન હોત, પંખા ન હોત. આજથી પાંચસો વર્ષ પહેલા માણસ કેવું જીવતો ? આ બધુ પુરુષાર્થનું ફળ છે. એટલે ઐહિક જીવનને સુખી કરવું હોય તો પુરુષાર્થ જરૂરી છે. પૃથુભગવાને ભૂમિનું દોહન કરીને જેને જે જે પદાર્થો અભીપ્સિત હતા એ બધા જ પદાર્થો એમને આપ્યા છે. માનવીને સુખી થવાનો હક છે, શરત ધર્મની એટલી છે આપણા શાસ્ત્રો ભોગ વિરોધી નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારેયને પુરુષાર્થ કહ્યા છે. કોઈપણ માનવીને સુખી થવાનો અધિકાર છે, ધર્મ માત્ર એટલી શરત મૂકે છે કે કોઈનું સુખ છીનવી લઈને આપણે સુખી ન થવું. સુખી થવાનો પૂરો અધિકાર છે પણ કોઈનું સુખ છીનવી લઈને નહીં. સુખનું નિર્માણ કરવું, કોઈ માણસ પૈસો કમાય તો એમાં શું ખોટું છે? ધર્મ, કામ અને મોક્ષ પણ રસ્તે જનારાને લૂંટી લે તો એ દોષ, એમ મનુષ્યના જીવનમાં મનુષ્યને સુખી થવાનો પૂરો અધિકાર છે. અરે ! માનવી સુખી થાય એના માટે ભગવાને કેટલી વ્યવસ્થા કરી છે. બાપ ખૂબ કમાતો હોય અને પોતાના સંતાનને માટે સારામાં સારી વસ્તુ લાવી આપે એમ ભગવાને આપણા માટે આ જગતમાં આપણને સુખી કરવા માટે કેટલી વ્યવસ્થા કરી છે ? કેવા મીઠાં મીઠાં ફળ બનાવ્યા, કેવું સુંદર અનાજ બનાવ્યું, કેવા નદીઓ, પર્વતો અને સુંદર સ્થાનો બનાવ્યા, કેવી મજાની ઋતુઓ બનાવી ? આ કેટલું સુંદર જગત ! એને બનાવી અને આપણને મોકલ્યા કે જાઓ લહેર કરો. આમ જોવા જાવ તો આપણી આજુબાજુ અપાર સુખ વેર્યું છે પરંતુ એ જોવાની દૃષ્ટિ નહીં હોય તો નહીં દેખાય. અમુક દૃષ્ટિ કેળવવી પડે છે, Cultivate કરવી પડે છે. પહેલેથી નથી હોતી આપણી પાસે, આપણે એને કેળવવી પડે છે. કોઈ માણસ જન્મે તો જન્મથી સીતાર વગાડતા આવડતી નથી, એને શિખવી પડે છે એમ જીવન જીવવાની કળા માણસે શીખવી પડે છે. શાસ્ત્રો પાસેથી અથવા જે લોકો જીવી ગયા એવા મહાપુરુષો પાસેથી શીખવી પડે છે. ભગવાન જીવન આપે છે, પણ જીવન જીવવાની કળા આપણે શીખવી પડે છે. ભગવાને આપણને વાણી આપી પછી બોલતા તો શીખવું પડે છે ને? ભગવાને આપણને પગ આપ્યા, ચાલતા તો આપણે શિખવું પડે છે ને? એમ ભગવાને આપણને જીવન આપ્યું છે પણ જીવન જીવવાની કળા શીખવી પડે છે અને જે લોકોને જીવન જીવવાની કળા નથી આવડતી એમનું જીવન દુર્ભાગ્ય છે. આ તો એના જેવું થયું કે પગ છે પણ ચાલતા

નથી આવડતું, એમ જીવન જીવવાની જો કળા ન હોય તો જીવનનું કરશો શું ? અને એટલા માટે આ બધા શાસ્ત્રો આપણને શીખવે છે. પછી નારદ અને પ્રાચીનબર્હિના સંવાદમાં પુરંજનની કથા કહી. પુરંજન નામનો રાજા કોઈ રાજા હતો નહીં એ જીવની કથા છે અને જીવના જીવનની આખી કથા અથવા એની વ્યથા; એ પરણ્યો, એને ત્યાં સંતાનો થયા, એની નગરી ઉપર આક્રમણ થયું છેવટે એણે બળીને દેહ છોડ્યો. પત્નીમાં સ્મરણ રાખીને એણે દેહ છોડ્યો એટલે બીજા જન્મમાં એ સ્ત્રી થયો. પાછાં એના કોઈ પુરુષ સાથે લગ્ન થયા, મલયધ્વજ રાજાની સાથે. એ રાજાનું મરણ થયું, એ સતી થવા તૈયાર થયો એટલામાં એને પૂર્વનો સખા પરમાત્મા મળી આવ્યો. એને જ્ઞાન આપ્યું કે તારા સ્વરૂપને તું ઓળખ ! પરમાત્મા સ્વયં આવીને જ્યારે સ્વરૂપનું જ્ઞાન કરાવે ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય. એટલે આ મોક્ષ પ્રકરણ સિદ્ધ થયું.

પાંચમાં સ્કંધમાં પ્રિયવ્રતના વંશમાં ભગવાન શ્રી ઋષભદેવની કથા કહી. ઋષભદેવને સો પુત્રો હતા. ભગવાનના ચોવીસ અવતારમાં ઋષભદેવનો પણ અવતાર ઉત્તમ અવતાર માન્યો છે. ઋષભદેવે પ્રજાજનોને અને પુત્રોને ભેગા કરીને ભાગવતમાં બહુ મજાનો ઉપદેશ આપ્યો છે. સો પુત્રોમાં આદ્યપુત્ર હતો ભરત, એના નામ ઉપરથી આ દેશનું નામ ભારત પડ્યું. આ ભરત એક દિવસ બધું છોડીને વનમાં પધાર્યા, વર્ષો સુધી વનમાં રહ્યા. બહુ જ ઊંચી આધ્યાત્મિક સિદ્ધિએ પહોંચ્યા, પરંતુ એક હરણના બચ્ચામાં આસક્તિ થવાના કારણે મૃત્યુ વખતે હરણનું સ્મરણ રહ્યું અને ભરતજીને બીજા જન્મમાં હરણ થવું પડ્યું. ભગવાનને ત્યાં આ કાયદો બહુ કડક કાયદો છે અને એ કડક કાયદો આ છે કે ગમે તે હોય પણ મરણ વખતે તમારું મન ક્યાં છે એ વાત બહુ જ મહત્ત્વની છે. મારા હાથમાં રિવોલ્વર હોય ને આમ હું રમતો હોઉં પણ ભૂલથી એની નાળ મારા તરફ હોય અને રમતા રમતા જો એ ઘોડા ઉપર હાથ પડી જાય તો રિવલ્વોર એવું વિચાર ન કરે કે આતો મારો માલિક છે, એને ગોળી ન વાગે. જે તરફ નળી હોય એ તરફ ગોળી જાય, એમ જે તરફ મન હશે એ તરફ જીવ જશે. આ આખા ભાગવતમાં સ્કંધે સ્કંધે કહેવાયેલી કથા છે કારણ કે ભાગવતનો પ્રધાન વકતા, જેનું મરણ સમીપમાં છે તેવો પરીક્ષિત છે અને શુકદેવજી એનું મરણ સુધારવાને માટે ઉપદેશ કરી રહ્યા છે. સ્કંધે સ્કંધે આ વાત કહેવાય છે કે મરણ વખતે મન ક્યાં છે ? આપણને સારું સારું ખાવાનું મન થાયને તો ચોક્કસ ખાવું, પણ આ જીભને કહેવું કે તને અમે બહુ લાડ લડાવ્યા છે પણ તું પાછો મારો સમય સાચવજે. હે મારી જીભ ! હું તારી પાસે એટલી યાચના કરું છું કે જ્યારે કાળ સામે આવીને ઊભો હોય ત્યારે તું બીજા કોઈના નામ ન લઈશ. ગોવિંદ, દામોદર, માધવ, તું પ્રભુના મધુર નામોનો ઉચ્ચાર કરજે. અંત કાળે પ્રભુનું નામ, અંતકાળે પ્રભુનું સ્મરણ આપણને પ્રભુમાં લઈ જશે. હરણનું સ્મરણ કર્યું હતું એટલે સિદ્ધપુરુષ બીજા જન્મમાં હરણ શરીરમાં ગયા. પરંતુ આગલા જન્મની સાધના નકામી નથી ગઈ. ભરતજીએ જોયું કે મેં હરણનું સ્મરણ કર્યું હતું માટે મારી દુર્ગતિ થઈ છે તો, હરણ શરીરમાં સાવધાન રહ્યા એટલે પાછાં હવે મનુષ્ય શરીરમાં આવ્યા. આ વખતે પણ એમનું નામ ભરત હતું, બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા છે. માતાપિતાએ યજ્ઞોપવિત કરાવ્યું, ભણાવવાનો બહુ પ્રયત્ન કર્યો. અરે ! આ તો ભણીગણીને જ આવેલો હતો, હવે એને શું ભણવાનું બાકી હતું? જે થોડુંઘણું બાકી હતું તે એણે ભણી લીધું. આમ ખરી વાત તો એ છે કે માણસે ભણવું જોઈએ અને ગણવું પણ

જોઈએ. ભણેલાની સાથે માણસે ગણેલા પણ હોવું જોઈએ. પૂજ્ય ડોંગરેજી મહારાજ એક સરસ પ્રસંગ કહેતા. પંડિતો કાશીમાં ગંગા વિહાર માટે નીકળ્યા, તો એકે પેલા હોડી ચલાવનારને પૂછ્યું કે અલ્યા તું સાહિત્ય ભણ્યો છું ? રઘુવંશ, તો કહે મહારાજ મને એવું કાંઈ ખબર નથી. અલ્યા તું સાહિત્ય નથી ભણ્યો ? તારી પા ભાગની જિંદગી પાણીમાં ગઈ. વળી બીજાએ કહ્યું વ્યાકરણ શીખ્યો છું ? પાણિનીના સૂત્રો. તો કહે મહારાજ મને પાણિનીની ખબર છે, પાણીની ખબર નથી, હું કાંઈ વ્યાકરણ ભણ્યો નથી. વ્યાકરણ નથી ભણ્યો? તું વ્યાકરણ નથી ભણ્યો, તારી અડધી જિંદગી પાણીમાં ગઈ. ત્રીજો કહે છે અલ્યા તું વેદાંત ભણ્યો છું ? ના, મહારાજ. તો કહે તારી પોણી જિંદગી પાણીમાં ગઈ. એટલામાં તોફાન શરૂ થયું, આંધી આવી હોડી હાલક-ડોલક થવા લાગી. નાવવાળાએ પંડિતોને પૂછ્યું, મહારાજ તરતા આવડે છે? તો કહે, ના. તો તેણે કહ્યું, આ સાંભળી હોડીવાળાએ કહ્યું - તમારી તો આખી પાણીમાં જશે. મને સાહિત્ય ભલે નથી આવડતું, વેદાંત નથી આવડતું મહારાજ પણ તરતા આવડે છે. લો હું નીકળ્યો અને જોઉં છું તમારું સાહિત્ય, વ્યાકરણ અને વેદાંત જોઉં છું તમને ડૂબતા કેવી રીતે બચાવે છે ? કોઈ એનો અર્થ એવો ન સમજશો કે નકામું છે, પણ જીવનમાં ભણતર અને ગણતર આ બેઉ હોવાં જરૂરી છે. કોઈ વિદ્યા એવી ન હોવી જોઈએ કે આ જગતના આધાર વિનાની હોય અને એટલા જ માટે આપણા ગુરુકુળમાં પહેલા વિદ્યાર્થીઓને શાસ્ત્ર તો શીખવવામાં આવતા હતા, સાથે સાથે શસ્ત્ર પણ શીખવવામાં આવતા હતા એટલે વ્યાકરણ અને વેદાંતના સૂત્રો પણ આવડતા હતા અને એને ભાલો ચલાવતા, એને તલવાર ચલાવતા, એને ધનુષ્ય-બાણ ચલાવતા પણ આવડતા, ધર્નુવિદ્યા પણ આવડતી. આપણી વિદ્યા જીવનના બધા જ પરિમાણોને સ્પર્શનારી છે અને એટલા માટે વિદ્યાના બધા જ પાસા ઓછેવત્તે અંશે જાણવા જોઈએ. પછી તો ભરતજીએ પોતાનો કોઈ વિવેક પ્રગટ જ નથી કર્યો. લોકો માનતા રહ્યા કે આ છોકરો ગાંડો છે, માબાપ હતા ત્યાં સુધી તો કાંઈક કાળજી લેવાઈ. પછી તો એમને ઘરમાંથી કાઢી જ મૂકવામાં આવ્યા, પણ જડભરતના જીવનની એક અદ્‌ભુત Understanding વાળી વાત એ હતી કે જીવનમાં જ્યારે જ્યારે પણ દુ:ખ પડ્યું અને જેમણે જેમણે પણ દુ:ખ આપ્યુ ત્યારે ભરતજી કહેતા આ બધા જ દુ:ખોનું મૂળ હું છું, જો મેં મારા આગલા જનમમાં એક હરણમાં મોહ ન કર્યો હોત તો મારો પુર્નજન્મ જ ન થયો હોત અને આ જન્મના સમસ્ત દુ:ખો મારે ભોગવવા ન પડ્યા હોત, એટલે કોઈ મને દુ:ખ આપે છે તો એનું મૂળ હું છું. અને આવું જે વિચારે એને જગતમાં ક્યારેય કોઈના માટે દોષબુદ્ધિ ના આવે. લોકો ભલેને ભૂખ્યા રાખે, કોઈ ઉપર ધૂળ નાંખે, કોઈ એનું અપમાન કરે, કોઈ એના ઉપર કચરો નાંખે, ભરતજીને સતાવે. શુકદેવજી આવ્યા ત્યારે પાછળ છોકરાઓ આવતાં હતાં કારણ કે સોળ વર્ષનો આ બાળક તો લોકોને એમ લાગતું હતું કે આ કોઈ ગાંડાઘેલા છે. લોકોએ બહુ સતાવ્યા ભરતને અને એ તો જગતનો નિયમ છે, તમે જેટલા વધારે સહનશીલ હશો એટલું જગત તમને વધારે સતાવશે. છતાં મહાપ્રભુજીની આજ્ઞા છે કે બધુ જ સહો, એ તમારી સાધના છે. દુ:ખને સહેવું, એ લાચારી નથી, દુ:ખને સહેવું એ મજબૂરી નથી. વૈષ્ણવ જ્યારે કોઈ દુ:ખ સહન કરે છે અને દુ:ખ એટલે ત્રણેય પ્રકારના દુ:ખ; શરીરનું દુ:ખ હોય, મનનું દુ:ખ હોય કે પ્રભુ તરફથી પ્રાપ્ત થનારું દુ:ખ હોય, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. કોઈપણ પ્રકારનું દુ:ખ, વૈષ્ણવ જો એ દુ:ખને દુ:ખી

થયા વગર સહે તો એનું દુઃખ સહેવું સાધના છે અને એ પ્રભુને પ્રસન્ન કરે છે, પણ ટીકામાં કહેવાયું છે પ્રતિકાર. અપ્રતિકારપૂર્વક એટલે તમે પ્રતિકાર ન કરી શકો અને સહો એ એવી વાત નથી જ્યાં તમે પ્રતિકાર કરી શકો એવા હો ત્યાં પણ પ્રતિકાર કરવાને બદલે તમે સહી લો એટલે મહાપ્રભુજીએ તો કહ્યું છે કે હું ભરતજીના પ્રસંગમાં આ વાત કેમ કહું છું? કારણ કે આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ ભરતનો જડભરતનો ઉલ્લેખ કર્યો છે, **त्रिदुःखसहनं धैर्यमामृतेः** જેવી રીતે છાશ, જેવી રીતે જડભરત અને જેવી રીતે ગોપભાર્યાઓ. આ ત્રણ ઉદાહરણ આપ્યા. આધિભૌતિક દુઃખ સહન કરવામાં છાશ, આધ્યાત્મિક દુઃખ સહન કરવામાં જડભરત અને આધિદૈવિક દુઃખ સહન કરવામાં ગોપાગંનાઓ. આ ત્રણ ઉદાહરણ આપ્યા એક નાનકડો બાળક પણ તમારું અપમાન કરી જાય, તમારો નોકર તમારું અપમાન કરી જાય, તમે જેનું પાલન કરી રહ્યા છો એ તમારું અપમાન કરી જાય, કોઈ પણ તમારું અપમાન કરે તો સહો. પત્નીએ કરેલું અપમાન શિષ્યએ કરેલું અપમાન, અંતેવાસીએ કરેલું અપમાન. મહાપ્રભુજી વિગતો બતાવે છે અને એવું જ્યાં જ્યાં આવી પડ્યું છે ત્યાં ત્યાં શ્રી મહાપ્રભુજીએ પણ સહ્યું છે. સહન કરવું એ તપ છે અને એટલે જ ભરતજીને મહાપ્રભુજીએ યાદ કર્યા, એમાં રહુગણની પાલખીઓ ઉંચકવાની વાત આવી. ભરતજી મહારાજે રહુગણની પાલખી ઉચકતા ઉચકતા રાજાને અકળામણ પણ થઈ આવી અને જે બોધ આપ્યો, રાજા ઉતરી પડ્યો ભરતજીના ચરણમાં માથું મુક્યું. મહારાજ, મને ક્ષમા કરો ! હું તમને ઓળખી ન શક્યો. મને ઇન્દ્રના વચનોનો ડર નથી, મને મહાદેવજીના ત્રિશુળનો ડર નથી, મને યમરાજના પાશનો ડર નથી; પણ કોઈ સાધુપુરુષ, કોઈ પણ, કોઈનો મારાથી અનાદર થઈ જાય, અપમાન થઈ જાય, તિરસ્કાર થઈ જાય એનો મને બહુ ડર લાગે છે. તમે મહાપુરુષનું કાંઈક અનર્થ કરો. કોઈ સંત જતો હોય ને તમે એને સતાવો તો એ કોઈ પ્રતિકાર નહીં કરે, પણ પ્રભુને નહીં ગમે. એ સામો પ્રતિકાર કરે તો એ સંત નથી. તમે ગાળ દીધી ને એણે સામે ગાળ દીધી, તો એ સંત નથી. તમે એનો તિરસ્કાર કર્યો, એણે તમારો કર્યો - તો એ સાધુતા નથી. એટલે સાધુને સરખાવ્યા છે ચંદન સાથે ! ચંદનને કાપો, ચંદનને ઘસો, ચંદનને બાળો - ગમે તે કરો એ સુંગધ આપશે. એટલે સાધુઓને, વૈષ્ણવોને સરખાવ્યા છે વૃક્ષ સાથે. તમે વૃક્ષને પથ્થર મારો અને વૃક્ષ એના બદલામાં શું આપે? જો આપણે પથ્થરના બદલામાં ફળ આપી શકતા હોઈએ તો આપણે વૈષ્ણવ થયા. બહુ સહેલું નથી વૈષ્ણવ થવું. બ્રહ્મસંબંધ એ તો વૈષ્ણવતાનો આરંભ છે. આ તો તમને Admission મળ્યું, Admission મળે એટલે Degree મળી ગઈ ? બ્રહ્મસંબંધ તો પ્રવેશ છે ભગવાનની સૃષ્ટિમાં, આપણો પ્રવેશ થયો એટલે - ભાગવતમાં ભરતજીની કથા બહુ મહત્ત્વની છે અને મહાપ્રભુજીએ એને વિવેકધૈર્યાશ્રયમાં પણ મહત્ત્વ આપ્યું છે. સાધુ-સંતો બાળક જેવા હોય, તમે એને ગમે તે કરી શકો છો. એકનાથની કથા ખબર છે ? એકનાથને કદી ક્રોધ ન આવે. ગામના માણસોએ એક મુસલમાનને બોલાવ્યો અને કહ્યું, અમે તને માંગે એટલા પૈસા આપીશું, આ માણસને તું ગુસ્સે કર. પછી તો પેલા સ્નાન કરીને નીકળે ને એટલે થૂંકે. પેલા ફરી સ્નાન કરવા જાય તો પાછાં થૂંકે. સવારથી સાંજ સુધી આ ક્રમ ચાલ્યો. આમણે જરાય મોં ન બગાડ્યું. જેવા બહાર આવે એટલે પેલો થૂંકે એમના ઉપર અને પેલા સ્મિત કરી ફરી સ્નાન કરવા જાય. સાંજ પડી એટલે પેલો દુષ્ટ માણસ ચરણ પકડીને રોવા લાગ્યો, મને ક્ષમા કરો, પાપ કોઈ દિવસ બળવાન

નથી હોતું. જ્યાં પણ પાપ અને પુણ્ય સામસામા આવે છે ત્યાં છેલ્લે પાપ હારે છે, પુણ્ય નથી હારતું. સાધુતા અને અસાધુતા જ્યારે સામસામા ભેગા થાય છે ત્યારે હંમેશા સાધુતાનો વિજય થાય છે. એકનાથ એના પગમાં પડીને રોયા નથી કે હવે તું ક્યાં સુધી હેરાન કરીશ, પણ પેલો દુષ્ટ એના પગમાં પડીને રોયો છે કે મને ક્ષમા કરો, ગામના લોકોએ મને પૈસા આપીને મોકલ્યો હતો કે તું આને દુ:ખી કર પણ હું તમને દુ:ખી ન કરી શક્યો. એક છેલ્લું વાક્ય કહું છું પછી આગળનો સ્કંધ લઈએ. **જો તમે દુ:ખી થવા તૈયાર ન હો તો જગતમાં કોઈ તમને દુ:ખી કરી શકે જ નહીં.** આ સૂત્ર આપણને ભરતજીના ચરિત્રમાંથી મળે છે. રાજાએ કહ્યું, હું દંડ દઈશ. ભરતજીએ કહ્યું કે કોને દંડ દેશો ? જડને દંડ દેશો તો એ તો માટીનું છે એને શું થવાનું છે ? આત્માને દંડ દેશો ? આત્માને કોણ દંડ દઈ શકે? તમે માથા પટકીને મરી જાઓ તો પણ તમે જડભરતને દુ:ખી ન કરી શકો. એટલા માટે આ દુનિયામાં જે માણસ દુ:ખી ન થયો હોય એને આજે પણ લોકો ઉપમા કોની આપે છે? 'જવાદોને, આ તો જડભરત છે.' જડભરતનો અર્થ જ એ છે કે એની કોઈ ઉપમા નથી. તમે એના ચરણમાં પડીને દંડવત્ પ્રણામ કરો ને એને ફુલની માળા પહેરાવો તોય એને હર્ષ ન થાય અને તમે એના માથે ખાસડા મારો અને તમે એનું ઘોર અપમાન કરો તોય એને જરાય દુ:ખ ન થાય. તમારી સંમતિ ન હોય ત્યાં સુધી જગતમાં તમને કોઈ દુ:ખી ન કરે. આપણે દુ:ખી થઈએ છીએ એમાં આપણી સંમતિ પણ કારણ છે. આપણા ઘરમાં આપણી મરજી વગર કોઈ ન આવી શકે તો પછી આપણા અંતરમાં આપણી મરજી વગર દુ:ખ કેવી રીતે આવી શકે ? ન આવી શકે. કેટલીક વાર તો એવું બને છે કે કોઈ આપણને દુ:ખ આપીને રાજી થાય એના કરતાં દુ:ખી થઈને આપણે વધારે રાજી થઈએ છીએ એટલે જગતના દરેક માણસે જડભરત પાસેથી શીખવા જેવું છે. આ બધી બહુ જીવનોપયોગી વાતો છે, માટે હું એનો વિસ્તાર કરતો જાઉં છું. કથા પૂરી થઈને તમે ઊઠ્યા ને કાંઈક ઘટના બની, તો જો આ બધું કામનું હશે. આ બધુ તમે સમજ્યા હશો, યાદ રાખ્યું હશે તો તમને બહુ ફાયદો થશે. તમે દુ:ખોને રોકી નથી શકતા. વરસાદ પડે કે ન પડે એ આપણા હાથમાં છે ? પણ છત્રી લઈને નીકળવું કે ન નીકળવું એ આપણા હાથમાં છે કે નહીં? તમે આકાશમાંથી વરસાદ પડતો ન રોકી શકો પણ તમારી જાતને કોરી રાખવી હોય તો છત્રી લઈને નીકળી શકો - એમ **દુ:ખને આવતા આપણે રોકી નથી શકતા પણ પોતાને દુ:ખી થતા રોકી શકીએ છીએ.** આ વાત ઉપર મનન કરજો **દુ:ખની ઘટનાઓ બને એને તમે રોકી નથી શકતા પણ દુ:ખી થવું કે ન થવું એ તમારા હાથમાં છે. ઘટના તમારા હાથમાં નથી દુ:ખી થવું ન થવું એ તમારા હાથમાં છે.** વરસાદ પડે એ તમારા હાથમાં નથી, પણ છત્રી લેવી કે ન લેવી એ તમારા હાથમાં છે. આ બધું ભરતજી પાસેથી શીખવા જેવું છે. પછી શુકદેવજીએ ગ્રહોની ગતિનું વર્ણન કર્યું. ભૂગોળ, ખગોળ. અત્યારે ભૂગોળ બહુ બદલાઈ ગયું છે. એ ભૂગોળમાં એશિયા, એટલાન્ટિક, અમેરિકા, વગેરે એવા બધા કાંઈ ખંડો નથી, બધા જુદા નામો હતા. સપ્તદ્વિપ હતા. દ્વિપ એટલે કે જેની ચારે બાજુ જળ હોય એને દ્વિપ કહેવાય અને એમાં આપણે વસીએ છીએ એ જંબુદ્વિપ, એની અંદર નવ સ્થાનો ને નવ વર્ષ કહ્યા અને એમાંય જ્યાં આપણે વસીએ છીએ એ ભારતવર્ષ. ભારતવર્ષનો મહિમા બહુ બતાવ્યો છે. આ આખી પૃથ્વી ઉપર, આખી ધરતી ઉપર જો મોટામાં મોટો મહિમા હોય તો તે ભારતભૂમિનો છે.

આપણે ત્રણ વસ્તુ માટે ભગવાનનો રોજ આભાર માનવો જોઈએ. એક આપણને મનુષ્ય શરીર આપ્યું છે, બીજું આપણને ભારતભૂમિમાં જન્મ આપ્યો છે અને ત્રીજું આપણને વૈષ્ણવ બનાવ્યા છે. આ ત્રણ વરદાન છે આપણી પાસે પછી સૂર્ય, મંગળ, આ બધાની ગતિ બતાવી. દક્ષિણ દિશામાં યમલોક બતાવ્યો અને એમાં દરેક પ્રકારના નર્ક બતાવ્યા. આમ તો પ્રત્યેક પાપ માટેનું નર્ક ૮૪ લાખ કહો કે જે કહો એમાં મુખ્ય નર્કનું વર્ણન કર્યું. કુંભીપાક કપિલ ભગવાન ત્રીજા સ્કંધમાં એવું બોલ્યા. સ્વર્ગ નર્ક અહીં પણ છે, અહીં જ છે, એવું નહીં. અહીં પણ છે ઉપર પણ છે. ઉપર આપણે જોયું નથી. પણ અહીં તો જોઈએ છીએ ને. ત્યારબાદ નર્કનું વર્ણન સાંભળીને ભયભીત થયેલા પરીક્ષિત રાજા પૂછે છે માનવી જાણે-અજાણે પાપ તો કરે છે પણ એ પાપમાંથી પ્રાયશ્ચિત કરવા એણે શું કરવું જોઈએ? આ ભક્તિની વાત કે તમે ભક્તિ કરો તો બધા જ પાપ ધોવાઈ જાય પણ એ તો જરા અઘરું છે એ આગળ આવશે. કોઈ સહેલો ઉપાય ખરો ? હા, સહેલો ઉપાય પણ છે અને એ ઉપાય બતાવવા માટે પહેલી કથા અજામિલની કહી. અજામિલની કથા કહેતા પહેલા એક શ્લોકમાં સિદ્ધાંત કહ્યો. એ કથાનું મૂળ, સિદ્ધાંત કે એક વાર પણ જો કોઈ પ્રેમથી પ્રભુનું નામ લે, એક વાર જો પ્રભુને ભજે, એક વાર પણ પ્રભુમય બને તો પછી એને યમ તો શું ? યમના દૂતો એની સામે નજર પણ ન કરે. અને એટલા માટે કથા અજામિલની કહી. કાન્યકુંજ નગરમાં અજામિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો, જન્મથી બ્રાહ્મણ હતો પરંતુ જીવન આખું એણે સમગ્ર પ્રકારના પાપ કરવામાં વ્યતીત કર્યું. માંસાહાર કરે, મદિરા પાન કરે, બધું જ, બધા જ પાપ કરે અને કોઈ સત્કાર્ય તો જીવનમાં કરે જ નહીં. એને લેવાને માટે યમદૂત આવ્યા અને એ યમદૂતો એને લઈ જાય એ પહેલા ભયભીત થયેલા અજામિલે પોતાના સૌથી નાના પુત્ર નારાયણને યાદ કર્યા. નારાયણ... નારાયણ... નારાયણ... નારાયણ. અજામિલ તો બોલાવતો હતો પુત્રને, પણ નારાયણ નામ સાંભળતા ભગવાનના પાર્ષદો પધાર્યા. અજામિલને યમદૂતોના પાશથી મુક્ત કર્યો અને કહ્યું આ જીવ નિષ્પાપ છે, તમે એને ન લઈ જાવ. યમદૂતે કહ્યું, નિષ્પાપ છે ? અમે તો એના પાપની આખી યાદી લઈને આવ્યા છીએ. આખી જીવનકથા પણ કહી. આ પાપી નહીં, મહાપાપી છે. ભગવાનના દૂતો કહે છે એ પાપી હતો એ કબૂલ, પણ અત્યારે એ પાપી નથી. એણે પ્રભુનું નામ લીધું છે. આ કથા પણ થોડીક મૂંઝવણમાં મૂકે એવી છે કે માણસે આખી જિંદગી પાપ કર્યું અને છેલ્લે નારાયણ બોલ્યો ને બધા જ પાપ ધોવાઈ ગયા, આ તે કાંઈ ચાલતું હશે. સમજવામાં થોડી ભૂલ કરીએ છીએ આપણે, ભગવાનનું નામ અથવા ગંગા એટલા બધા ઉદાર છે કે ચોક્કસ આપણને સમગ્ર પાપોમાંથી મુક્ત કરે પણ એમની ઉદારતા એટલા માટે નથી કે આપણે પાપ કરીએ.

તો એ ગુરુદેવની ઉદારતા છે પણ એ ઉદારતા શિષ્યને અપરાધ કરવા માટેની અનુકુળતા નથી અને જો શિષ્ય એવું સમજી લે તો પછી એ આ વાતને સમજ્યા જ નથી. આ કથા ભગવન્ નામનો મહિમા સમજાવવા માટે છે. માનો કે કોઈ માણસને ભારે રોગ લાગુ પડ્યો - ટી.બી. જેવો. હવે એને ભારે રોગ લાગુ પડ્યો તો દવાથી એ રોગ મટ્યો, પણ દવાથી એ રોગ મટ્યો એટલે એનો મતલબ એ નથી કે દવા એ રોગને ફરીથી આવવા દે, કે હવે તો દવા છેને ભલેને ફરીથી આ રોગ થતો. રોગ તો રોગ છે ને ભલે ઔષધિથી એનો નાશ થઈ શકે, પણ રોગ રોગ છે. એમ પાપ પાપ છે. એ તો ભગવાનના નામનો

મહિમા અહીંયા સમજાવ્યો છે કે પ્રભુના નામનો મહિમા, આમાં જરાય અતિશયોક્તિ નથી. આ કથામાં અર્થવાદ નથી, ખોટા ખોટા વખાણ નથી, ચોક્કસ પ્રભુનું નામ મનુષ્યના કરોડો પાપોને બાળવા સમર્થ છે અને આ કથા એટલી બધી મહત્ત્વની છે કે મહાપ્રભુજીએ રોજ તમને યાદ કરવાની કહી છે. બોલો કૃષ્ણાશ્રયનો પાઠ રોજ કરવાનો કે નહીં અને કૃષ્ણાશ્રયનો પાઠ કરો એટલે આ શ્લોક આવે કે ન આવે ?

अजामिलादिदोषाणां नाशकोऽनुभवे स्थितः ।
ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गति मम ।।

રોજ અજામિલનું નામ આપણે લેવું જ પડે, એ પણ પુષ્ટિજીવ છે. છઠ્ઠો સ્કંધ પુષ્ટિલીલા છે. ભગવાનનું નામ અનંત પાપોને બાળી શકે છે. યમદૂતો આવ્યા યમરાજ પાસે, યમરાજે કહ્યું ખરી વાત છે. આપણી પાસે ભગવન્ નામ છે, યમુનાજીનો આશ્રય છે, ભાગવત છે આપણી પાસે. એવા અનેક ઉપાયો છે કે જેના કારણે આપણે નિર્દોષ બની શકીએ, આ બધા ઉપાયો આ બધા સાધનો એના પ્રમેયબળથી આપણને નિર્દોષતાનું દાન કરે છે. પછી વૃત્રાસરનો પ્રસંગ આવે છે. દેવોના ગુરુ રિસાઈ ગયા. દેવોએ વિશ્વરૂપને ગુરુ બનાવ્યા. વિશ્વરૂપ કપટથી અસુરોને પણ આહૂતિ આપતા હતા એટલે ઇન્દ્રએ વિશ્વરૂપનો વધ કર્યો. ઇન્દ્રને બ્રહ્મહત્યા લાગી, એનું નિવારણ કરવા માટે એને ચાર જગ્યાએ બ્રહ્મહત્યા વહેંચી લીધી. સ્ત્રીઓમાં, વૃક્ષોમાં, જળમાં અને ભૂમિમાં. એ વહેંચાઈ ગઈ પછી ત્વસ્ટને ક્રોધ આવ્યો એટલે એણે વૃત્રાસુરને યજ્ઞમાંથી પ્રગટ કર્યો. આ વૃત્તાસુરને ઇન્દ્ર મારી શકતો નથી. આજ્ઞાથી ભગવાનની તમે જાઓ અને દધિચીના અસ્થિમાંથી વજ્ર બનાવો. એક રીતે જોવા જાઓને તો માનવીનું સ્થાન દેવોથી પણ ઉપર છે. જો માનવી સ્વકર્મનિષ્ઠ હોય, જો માનવી સ્વધર્મનિષ્ઠ હોય, તો એની ઝૂંપડીના બારણા ખખડાવતા ખખડાવતા દેવોને પણ આવવું પડે છે. દેવો આવ્યા છે એક ઋષિના દરવાજે, દેવોનો રાજા ઇન્દ્ર વિનંતી કરે છે કે મહારાજ ! આપની પાસે અમે એક એવી વસ્તુ માંગવા માટે આવ્યા છીએ જે માંગતા અમને શરમ આવે છે. પણ માંગ્યા વગર છૂટકો નથી. દધિચીને થયું કે એવું મારી પાસે શું છે કે દેવોનો રાજા ઇન્દ્ર મારી પાસે આવીને આટલી બધી દીનતાપૂર્વક માંગણી કરે છે. દેવો પણ બોલવામાં ચતુર છે. મહારાજ ! આ જગત કેવું સ્વાર્થી છે ? ન માંગવા જેવું પણ માંગે છે. **માંગવું અને મરવું બરાબર છે**.....આ દોહો ભૂલવા જેવો નથી. કોઈની આગળ લાચારીપૂર્વક હાથ લાંબો કરવો પડે એ તો મરવા જેવી વાત છે.

रहिमन वे नर मर चूके जो कहूँ मांगन जाहि ।
उनसे पहले वे मूए जिन मुख निकसत नाहि ।।

પણ કોઈ લાચાર માનવી આવીને હાથ લાંબો કરે અને આપણે એને મદદ કરવા સમર્થ હોવા છતાં સહાય ન કરીએ તો એ મર્યા એના પહેલાં આપણે મર્યા. માગનારો તો મરેલો જ છે પણ એને સહાય કરવાની શક્તિ હોય અને સહાય ન કરીએ તો એના મરતા પહેલાં તો આપણે મરી ચૂક્યા છીએ. મહારાજ ! હું તો એક ઋષિ છું, મારી પાસે એવું શું હોય કે હું આપને મદદ કરી શકું, ઋષિએ કહ્યું. મહારાજ ! આપની પાસે તપ છે, આપની પાસે તપોબળ છે અને તેથી મારી પ્રાર્થના છે, અમને આપના અસ્થિ આપો. ઋષિએ કહ્યું કે હવે હાડકાં તો કશાય કામના નથી. તમતમારે સુખેથી લઈ જાવ અને એ સુખેથી લઈ ગયા. એનું વજ્ર બનાવ્યું અને એ વજ્રના પ્રહારથી વૃત્રાસુર મર્યો છે. મર્યો છે એવું કહેવું ઠીક નથી, મુક્ત થયો છે. ઋષિના પવિત્ર અસ્થિનો સ્પર્શ

થતાં એનું અસુરત્વ નિવૃત્ત થયું છે. પછી એ જ રીતે અનુગ્રહ થયો અદિતિપુત્રો ઉપર. ૪૯ મરુતગણોનો પણ ઇન્દ્ર વિનાશ ન કરી શક્યા તે કથા કહી. હવે હિરણ્યકશ્યપુ તપસ્યા કરવા માટે ગયો છે. બ્રહ્માજી પાસે વરદાન માગ્યું છે. દિવસે ન મરું, રાત્રે ન મરું, ઘરમાં ન મરું, બહાર ન મરું. બ્રહ્માજીએ તો તથાસ્તુ કહેતા કહી દીધું પણ પછી તો ધરતી ઉપર ઉપદ્રવ બહુ વધી ગયા પછી તો લોકો ત્રાસ પામવા લાગ્યા. હિરણ્યકશ્યપુએ ધર્મના જેટલા પણ પોષક તત્ત્વો હતા એ બધાનો વિનાશ કરવા માંડ્યો. દેવો, બ્રાહ્મણો, ઋષિઓ, આ બધાનો એણે તિરસ્કાર કર્યો છે હિરણ્યકશ્યપુનો ત્રાસ ત્રણેય લોકમાં વ્યાપ્યો. દેવો દુ:ખી થઈને ભગવાન પાસે આવ્યા. ભગવાનને પ્રાર્થના કરી, પ્રભુ ! હિરણ્યકશ્યપુને મારો. ભગવાને બે શ્લોક કહ્યા, બહુ માર્મિક વાત કરી છે. જ્યારે એ દેવો સાથે, વેદ સાથે, ગાયો સાથે, બ્રાહ્મણો સાથે, ધર્મની સાથે, મારી સાથે વિદ્રોહ કરશે-વિદ્વેષ કરશે ત્યારે મરશે. શબ્દો ઉપર ધ્યાન આપજો. ભગવાને એમ ન કહ્યું, હું મારીશ ! ભગવાને કહ્યું મરશે. એટલે એમાં ભગવાનનું કર્તૃરૂપ ન આવ્યું. સાદી ભાષામાં 'એના કર્મ એ ભોગવશે.' આ મર્યાદા વચન છે, આ પુષ્ટિ વચન નથી. મારી સાથે પણ એ વિદ્વેષ કરશે, ધર્મની સાથે કરશે, ગાયો સાથે કરશે, વેદો સાથે કરશે તો મરશે. - આ મર્યાદા વચન છે કે દરેકનું કર્મ દરેક ભોગવે. આમાં ભગવાન વચ્ચે આવતાં નથી. ગુણો ગુણોનું કામ કરશે, કાળ કાળનું કામ કરશે, કર્મ કર્મનું કામ કરશે. જો એક વાત સમજાવું. વિમાન ઉપાડતી વખતે આખું વિમાન Pilotના Controlમાં હોય છે, જ્યારે Take up કરવું હોય ત્યારે ઉપર લઈ ગયા. પછી એની બરાબર ગતિએ પહોંચી જાય અને જે ગતિએ એને લાંબે સુધી જવાનું છે એ ઊંચાઈ અને એ ગતિ આવી જાય પછી Pilot એને Auto Pilot ઉપર મૂકી દે છે. હવે એને કાંઈ કરવાનું નહીં, માત્ર બેઠા બેઠા જોવાનું કે એના યંત્રો બધા નિયમ પ્રમાણે ચાલે છે કે નહીં. પછી ઊભા થાય, ચા પીવા જાય - એમ ભગવાન આ જગતને ચા પીવડાવે છે, ઓટોપાયલોટની રીતે. જેમ ત્યાં કોમ્પ્યૂટર આખા વિમાનનું નિયંત્રણ કરે કે આટલી સ્પિડ રહેવી જોઈએ એવી રીતે ભગવાને આ જગત ચલાવવા માટે ત્રણ શક્તિઓ મૂકી - એકનું નામ છે કર્મ, બીજીનું નામ છે કાળ, અને ત્રીજીનું નામ છે સ્વભાવ. કાળ, કર્મ, અને સ્વભાવ એ ભગવાનના ઓટોપાયલોટો. એ જગત આખું ચાલતું રહે કાળ અનુસાર, બધા પોતપોતાનું સુખ ભોગવતા રહે કર્મ અનુસાર અને દરેકમાં જે સ્વભાવ મૂક્યો હોય એ પ્રમાણે બધા વર્તતા રહે, ભગવાનને નિરાંત. આ બધું એની મેળે ચાલ્યા કરશે પછી જ્યારે કોઈ અસાધારણ પરિસ્થિતિ ઊભી થાય, કંઈક વંટોળ આવ્યો, સામે કોઈ બીજું વિમાન આવતું દેખાય, કોઈ પક્ષી આવતું દેખાય, કંઈક એવી અસાધારણ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે પાયલોટ વિમાનનું પુરું નિયંત્રણ પોતાના હાથમાં લઈ લે છે. પછી Auto નથી, પછી Manual છે. એમ ભગવાનને જ્યારે લાગે હવે બધું નિયંત્રણ મારે લેવા જેવું છે એટલે ભગવાન બીજો શ્લોક બોલ્યા. એ તો એના પાપ એને મારશે, ચિંતા શું કરવા કરો છો ? આમાં ભગવાન વચ્ચે Interfere નથી થતા. પણ જ્યાં ભક્તની વાત આવે, આ બધાય કરતા વધારે પ્રિય, ત્યાં આખી વાત બદલાઈ ગઈ, ચહેરો લાલ થઈ ગયો, આંખ લાલ થઈ ગઈ અને બોલ્યા; અગર મેરે પ્રહલાદ કો છુઆ, અગર મેરે પ્રિય ભક્ત પ્રહલાદ કો મારને કે લિયે ઉદ્ધત હુઆ, કૈસા ? મહાત્મા એવા મારા ભક્ત પ્રહલાદની સાથે જો એણે દ્વેષ કર્યો તો ગમે તેટલા વરદાન લઈને બેઠો હોય. હનિષ્યે,

અહીંયા ભગવાન તટસ્થ નથી. ત્રીજો પુરુષ નથી. પહેલો પુરુષ મરશે ન કહ્યું, મારીશ. મરેગા એમ ન કહ્યું, મારુંગા - એમ કહ્યું ભગવાને. કેમ ? પોતાના ભક્તની વાત આવે છે. મારા પ્રહલાદનો વાળ વાંકો નહીં થવા દઉં. ભગવાનની લીલા અદ્દ્ભુત છે ! કેવી છે જુવોને. આવા મહાન પાપીના ઘરમાં પણ ભગવાને પોતાના પરમ ભક્તને જન્મ આપ્યો છે. પ્રહલાદ તો પ્રભુનો અતિપ્રિય, પ્રહલાદ તો ભગવાનની વિભૂતિ છે. ભગવદ્ અંશ છે અને એનો જન્મ થયો હિરણ્યકશ્યપુને ત્યાં. પ્રહલાદજી નાના હતા ત્યારથી જ બધાને બહુ પ્રિય હતા. એક વૈષ્ણવ કેવો હોવો જોઈએ, એક ભક્ત કેવો હોવો જોઈએ - એના વ્યક્તિત્વને સમજવું હોય તો પ્રહલાદનું ચરિત્ર વાંચજો. એક સાધુપુરુષ કેવો હોવો જોઈએ એ પ્રહલાદ પાસેથી શીખો. ભાગવતમાં અનેક ભક્તોની કથા છે, પણ ભાગવતમાં અજાતશત્રુ નામ માત્ર બેને જ અપાયું છે, એક યુધિષ્ઠિર અને બીજો પ્રહલાદ. અજાતશત્રુ - જેને માટે આ જગતમાં કોઈ શત્રુ છે જ નહીં. શંડાવર્ક ગુરુ પ્રહલાદને આસુરી વિદ્યા શીખવવાના પ્રયાસો કરી રહ્યા છે, પરંતુ પ્રહલાદ માતાના ગર્ભમાં હતા ત્યારે નારદજી પાસેથી ભાગવત્તી વિદ્યાને પ્રાપ્ત કરી ચૂક્યા છે. જુઓ એક તો દૈવી જીવ હોય અને બીજું ગર્ભ હોય ત્યારે જ ઉપદેશ મળ્યો પછી એને કોણ બદલી શકે ? પ્રહલાદજી દૈવી છે, પુષ્ટિભક્ત છે અને એટલા માટે અપનોજન પ્રહલાદ ઉગાર્યો. કીર્તનમાં કહેવાયું અપનોજન અને તે પણ ભગવાનની આ અદ્દ્ભુત કરૂણા બતાવવા માટે કે ગમે તેટલા વરદાન લઈને ભલેને હિરણ્યકશ્યપુ બેઠો હોય, જેને કોઈ ન મારી શકે એને પ્રભુએ માર્યો. અને તે પાપી હતો એટલે નહીં, ભક્ત પ્રહલાદની રક્ષા કરવા માટે. **परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्** કરતાં વધારે મહત્ત્વનું છે. એનું કારણ તમને કહું. ભગવાન પાસે મારવાની બીજી રીત હતી. કાળ બધાને મારે છે. કંસને કૃષ્ણએ ન માર્યો હોત તો કંસ ન મર્યો હોત ? પૂતનાને શ્રીકૃષ્ણએ ન મારી હોત તો પૂતના કાંઈ અજર-અમર તો નહોતી? કાળથી તો બધાને મારી શકાય છે, પણ ભક્તપક્ષપાતી ભગવાન પોતાના ભક્તો ઉપરનું વાત્સલ્ય બતાવવાને માટે, એને સિદ્ધ કરવાને માટે, પ્રમાણિત કરવાને માટે ભગવાન સ્વયં અવતરી એનો વધ કરે છે. પેલી કથા તમે સાંભળી છેને, અકબર-બીરબલનો આ પ્રશ્ન છે. પ્રસંગ છે કે આ અકબરે એકવાર બીરબલને પૂછ્યું કે અમારો ખુદા કોઈ દિવસ નીચે આવતો નથી, એના પયગંબરો દ્વારા જ બધું કામ કરાવે છે, તો તમારો ઈશ્વર વારે વારે નીચે શું કરવા આવે ? એણે કહ્યું, કો'ક વાર આનો જવાબ કહીશું તમને. એકવાર બધા નદીએ ગયા હતા ને એક માટીનું પુતળું નદીમાં નાખ્યું અને જોરજોરથી બીરબલ બોલવા લાગ્યો, અરે ! કુંવર ડૂબ રહે હૈં, કુંવર ડૂબ રહે હૈં. તો કિનારે બાદશાહ ઊભો હતો ને એણે સીધી છલાંગ મારી નદીમાં. પછી તો બહાર આવ્યો એટલે ગુસ્સામાં લાલપીળો થઈ ગયો. કારણ કે હતું તો આ પુતળું. યે ક્યા મજાક હૈ ? મહારાજ યે મજાક નહીં હૈ, યે ઉત્તર હૈં. આપની પાસે આટલા અંગરક્ષકો હતા, આટલા સેવકો હતા. આજ્ઞા કરવી'તીને આમ શું કરવા ખુદ પડ્યા ? બાદશાહ કહે છે કે વો તો મેરે ધ્યાન મેં હી નહીં રહા. આપ ઈસલિયે કુદ પડે. અપની બાદશાહત કો ભૂલ કરકે ભી આપ ખુદ ઈસલિયે કુદ પડે ક્યોંકિ આપકા બેટા ડૂબ રહા થા. કો'કનું છોકરું પડ્યું હોત તો ? કોઈ હૈ, કોઈ હૈ - એમ કરતા હોત. અરે કોઈ તો આવો, ઈસકો નિકાલો. કો'કનો છોકરો ડૂબતો હોત તો વાત જુદી હતી, આ તો એનો પુત્ર, એનો કુંવર ડૂબી રહ્યો હતો. એનો શાહજાદો

ડૂબી રહ્યો હતો, એનાથી રહેવાય? એમ ભગવાનના નિજ જનોને જ્યારે આપત્તિ આવી પડે છે ત્યારે અમારો ભગવાન કોઈ હૈ, કોઈ હૈ, કોઈ હૈ નથી કરતો, એ જ કૂદી પડે છે. વાતમાં તથ્ય છે. જ્યારે કોઈ જીવ ઉપર પ્રભુને અતિશય સ્નેહ હોય ત્યારે એ જીવનો ઉદ્ધાર કરવા માટે ગમે તેવું કરવું પડે, પ્રભુને પરિશ્રમ થતો નથી આ વાત યાદ રાખજો. ભક્તનો વિવેક એ છે કે ભગવાનને શ્રમ ન આપવો, પણ ભગવાનનો સ્વભાવ એ છે કે ભક્તનું કાર્ય કરવામાં શ્રમ ન અનુભવવો. ઠાકોરજીનો ધર્મ શો છે એ આપણે જોવાનું નથી, આપણો ધર્મ એ છે પ્રભુને શ્રમ ન આપવો. પણ સાથે સાથે આ યાદ રાખી લો કે ભક્ત ભલે ન ચાહે પ્રભુને શ્રમ આપવા, પણ પ્રભુ ભક્તનું કાર્ય પ્રસન્નતાથી કરે છે; એને શ્રમ નથી થતો, એને આનંદ આવે છે. અને એટલા માટે પછી પ્રહલાદજીની ઉપર બહુ કષ્ટ પડ્યા. પિતા એને મારવાના પ્રયત્નો કરે છે, હોળીમાં સળગાવવાનો પ્રયત્ન કર્યો, પર્વત ઉપરથી ધકેલી દીધા - કેટકેટલા ઉપાયો કર્યા તો પણ પ્રહલાદજીને મારી ન શક્યા. એમાં દિવસ આવ્યો વૈશાખ માસ શુકલ પક્ષ ચતુર્દશી. સંધ્યાકાળનો સમય હતો પ્રહલાદને સભાની વચ્ચે લાવવામાં આવ્યો છે. હિરણ્યકશ્યપુ પૂછે છે, અરે, દુષ્ટ ! તું મારી આજ્ઞાનું પાલન નથી કરતો, મારા શત્રુનું ભજન કરે છે આખો દિવસ. ભગવાન ભગવાન કરે છે, ક્યાં છે તારો ભગવાન ? મેં તારો ભગવાન હોય તો આવે મારી આંખ સામે. પ્રહલાદે કહ્યું, ક્યાં છે ભગવાન એવું ન પૂછો. મારો ભગવાન તો બધે જ છે. તારો ભગવાન બધે જ છે તો આ સભામાં પણ છે? હા, આ સભામાં પણ છે. તો આ થાંભલામાં પણ છે ? હા, પિતાજી. તો પહેલા હું તારા ભગવાનને મારુ છું. હિરણ્યકશ્યપુ મુઠ્ઠી લઈ જ્યાં સ્તંભ ઉપર પ્રહાર કરવા ગયો એની સાથે જ એ સ્તંભમાંથી ગોળ ગોળ ગોળ ગોળ ગોળ ધૂણી થવા લાગી, ધરતી ડોલવા લાગી. પ્રચંડ કડાકાની સાથે સ્તંભ ચિરાયો અને એમાંથી ભગવાન નરસિંહ પ્રગટ થયા. બોલો નૃસિંહ ભગવાનની જય. નિજ વચનોને સત્ય કરવાને માટે અને નિજ જનોના વચનોને સત્ય કરવાને માટે, વેદનું એ વચન પણ સત્ય કરવાને માટે કે પ્રભુ સર્વત્ર રહેલા છે. જુઓ પ્રહલાદ એમ બોલે કે મારો ભગવાન થાંભલામાં પણ છે તો ભગવાનને છુટકો જ નથી. નારદે કહ્યું નલકુબર મણિગ્રીવને કે તમારો ઉદ્ધાર ભગવાન કરશે. હવે ભગવાનને છુટકો જ નથી એ નલકુબર મણિગ્રીવ ગમે તેવા હોય તો પણ ભગવાનને એનો ઉદ્ધાર કરવો જ પડે કારણ કે ભગવાન ભક્તવચન-પરિપાલક છે. એ ભક્ત વચન પરિપાલક છે અને મેં તમને એક વાર કહ્યું છે કે ભક્ત બોલે છે એ ભક્ત નથી બોલતો, ભક્તના મુખેથી ભગવાન બોલે છે. એને સત્ય કરવાને માટે પ્રભુ સ્તંભમાંથી પ્રગટ થયા હતા, એ પણ સિદ્ધ કરવું હતું કે હું બધે જ છું અને જે બધે જ હોય એને આવતા વાર ન લાગે. ભગવાન નરસિંહ પ્રગટ થયા ક્ષણ માત્રમાં, હિરણ્યકશ્યપુને પરાજીત કર્યો. એને મારતા પહેલા પ્રભુ બ્રહ્માજીના વચનો મિથ્યા ન થાય એનું ધ્યાન રાખે છે. આણે માગ્યું હતું નિજ અને નિજના તો બહુ અર્થ થાય છે. નિજભાષિતમ્ એટલે ભગવાનનું બોલેલું, બીજું નિજભાષિતમ્ સનકાદિનું કહેલું. જય-વિજયવાળી કથા યાદ કરો. નિજભાષિતમ્ જય વિજય ભાષિતમ્ નિજભાષિતમ્ હિરણ્યકશ્યપુ ભાષિતમ્ નિજભાષિતમ્ પ્રહલાદ ભાષિતમ નિજભાષિતમ્ પ્રહલાદ ભાષિતમ્ નિજભાષિતમ્ વેદ ભાષિતમ્. બહુ અર્થ કર્યા છે કારણ કે આ બધા જ ભગવાનના નિજ છે. આ બધાયનું બોલેલું સચવાય આમ જરા વિચાર તો કરો. ભલભલાએ જુદું જુદું કહ્યું અને ભગવાને બધાયનું સાચવી

લીધું. આણે કહ્યું હતું - દિવસે ન મરું, રાત્રે ન મરું - ભગવાન કહે કે આપણી પાસે એવો પણ ટાઈમ છે કે દિવસ પણ ન હોય અને રાત પણ ન હોય. આણે કહ્યું હતું - ઘરમાં પણ ન મરું અને બહાર પણ ન મરું - ભગવાન કહે છે કે એવી પણ જગ્યા છે કે ઘર પણ ન હોય અને બહાર પણ ન હોય. ભગવાન સાથે ચતુરાઈ ન થાય. આ એમ માનતો હતો કે દિવસે પણ ન મરું અને રાત્રે પણ ન મરું, મને ક્યાં મારવાના છે ? ઘરમાં પણ ન મરું ને બહાર પણ ન મરું, મને કેવીરીતે મારવાના છે ? લીલાથી ન મરું ને સુકાથી ન મરું, પશુથી ન મરું - મનુષ્યથી ન મરું. બ્રહ્માજી ! તમારું કોઈ સર્જન મને ન મારી શકે. **પણ જ્યારે આપણને કોઈ રસ્તો ન દેખાતો હોય ત્યાંય ભગવાનને રસ્તો કાઢતા આવડે છે.** ગમે તેવી મોટી વિપત્તિ તમારા ઉપર આવે પણ એ વિપત્તિ ભગવાનથી મોટી નહીં હોય. ગમે તેવો શત્રુ તમારું અનિષ્ટ કરવા તૈયાર થયો હોય તો પણ એ શત્રુ ભગવાનથી મોટો નહીં હોય. ગમે તેવું દુઃખ તમારા ઉપર આવી પડવાનું હશે પણ એ દુઃખ ભગવાનથી તો મોટું સમર્થ નહીં હોયને ? પ્રભુથી વધારે મોટું સમર્થ કોણ છે? અને એટલા જ માટે ભગવાનનો ભક્ત નિર્ભય રહે છે. પ્રભુ સર્વસમર્થ - સંધ્યાકાળનો સમય હતો એટલે દિવસ પણ નહીં અને રાત પણ નહીં, ઉંબરા ઉપર હતા એટલે ઘરમાં નહીં અને બહાર પણ નહીં, પ્રભુએ એવું રૂપ લીધું હતું. **न मृगम्, न मानुषम्** ન પૂરેપૂરા પશુ હતા ન મનુષ્ય હતા. સંસ્કૃતમાં મૃગ શબ્દનો અર્થ થાય હરણ પણ સંસ્કૃતમાં **मृग** મૃગ શબ્દનો બીજો અર્થ થાય છે પશુ. કોઈપણ પશુ માટે મૃગ શબ્દ બોલાય છે. પશુનો શિકાર કરવા જતા તો **मृगया** મૃગયા કહેતા. **न मृगम् न मानुषम्** । નથી પૂરા પશુ, નથી મનુષ્ય. કટિ સુધીનો ભાગ સિંહનો છે, કટિની નીચેનો ભાગ મનુષ્યનો છે. હિરણ્યકશ્યપુને ઉંબરા ઉપર લીધો છે ભગવાને એને ગોદમાં લીધો છે અને પોતાના વજ્ર જેવા કઠોર નખ હિરણ્યકશ્યપુના ઉદરમાં ઉતારી દઈ એનું ઉદર ચિરી નાખ્યું છે અને ભયંકર હાહાકાર થયો. દુષ્ટ હિરણ્યકશ્યપુ ક્ષણ માત્રમાં મરણ પામ્યો. ભગવાન નરસિંહનો જય જયકાર થયો. બોલો નરસિંહ ભગવાન કી જય.....ભગવાનને થયું કે મારો અવતાર થયો પણ હજી કોઈ મારી પૂજા કરવા આવતું નથી, પણ કોઈની મજાલ છે કે ભગવાનની પાસે જાય કારણ કે આ તો બબ્બે મિનિટે ગર્જના કરે, આ તો સિંહાવતાર છે. અને સિંહ મ્યાઉં મ્યાઉં કરે? અને એમાંય પાછો ક્રોધાયમાન થયેલો સિંહ ભક્તના દુઃખોને યાદ કરીને એવા ક્રોધમાં આવી ગયેલા પ્રભુ. એક ખાનગી વાત કહું તમને, જે માણસ રોજ ક્રોધ કરે ને એના ક્રોધથી ડરવું નહીં. જે રોજ ક્રોધ કરે એના ક્રોધમાં બહુ દમ ન હોય, પણ જે ક્યારેય ક્રોધ ન કરતો હોય એ જ્યારે ક્રોધ કરે તો એનો ક્રોધ વિસ્ફોટક જ હોય. વિષ્ણુ બને ત્યાં સુધી જલ્દી ક્રોધ નથી કરતા. મહાદેવજીને જલ્દી ગુસ્સો આવે, શિવજી આશુતોષ પણ છે અને આશુરોષ પણ છે. મહાદેવજીને ગુસ્સો બહુ જલદી આવી જાય અને જલ્દી જ આવી જાય એટલે બધુ ઈશરમેન્ટમાં પાછું નીકળી પણ જાય. વિષ્ણુને જલ્દી ક્રોધ નથી આવતો અને જ્યારે આવે ત્યાર પછી તો એ નરસિંહ જ હોય. નરસિંહ... ભાગવતમાં કહ્યું બ્રહ્માજીએ પ્રાર્થના કરી. શાંત થાઓ, ન થયા. મહાદેવજીએ પ્રાર્થના કરી, ઈન્દ્રએ પ્રાર્થના કરી, દેવો, ઋષિઓ, ચારણો, બધા જ પ્રાર્થના કરે છે. પ્રભુ શાંત થાવ, શાંત નથી થતા છેવટે લક્ષ્મીને બોલાવ્યા છે. આમ પણ લક્ષ્મીનો પ્રભાવ બહુ પડે એટલે એમણે કહ્યું કે કદાચ આના પ્રભાવથી આમને કાંઈક ઠંડક થાય. લક્ષ્મીજી આવ્યા - હવે તો શાંત થાઓ.

ભગવાને લક્ષ્મીજીની સામે પણ ગર્જના કરી. હાય, હાય ! આજે તો મને પણ ઓળખતા નથી અને ખરેખર ક્રોધ કોઈનો પણ હોતો નથી. તમે ઘણીવાર જુઓ છો કે માણસ અમુક વખત ક્રોધમાં કેવા કેવા પગલા ભરે છે. પોતાના સંતાનોને મારી નાંખે છે, માતાપિતાને મારી નાંખે છે. ક્રોધ કોઈનો નથી. બધાને થયું કદાચ પ્રભુ જગતનો પ્રલય કરશે. આવ્યા પ્રહલાદ પાસે, બેટા ! તને ડર ન લાગતો હોય તો તું પ્રભુ પાસે જા અને એમને શાંત કર. પ્રહલાદજી આવ્યા છે પ્રભુના ચરણો પાસે. સિંહનો ડર હરણાંઓને લાગે, સિંહનો ડર સિંહના બચ્ચાઓને ન લાગે. પ્રભુ મારા માટે પધાર્યા છે, એ મારા સ્વામી છે. મને એમનો કેમ ડર લાગે ? જેને જોઈને બ્રહ્મા ડર્યા, જેને જોઈને દેવો ડર્યા, એની પાસે જઈને પ્રહલાદ નિર્ભય થઈને ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. **स्वपादमूलम् पतितं तमर्भकम्** પોતાના બાળકને, બચ્ચાને અર્ભકમ્ (બચ્ચુ), પોતાના બચ્ચાને - સંસ્કૃતમાં બાળકો પ્રત્યેના પ્રેમ માટે એક શબ્દ છે 'વાત્સલ્ય' શબ્દ પ્રચલિત છે પણ એ વાત્સલ્ય શબ્દ આવ્યો ક્યાંથી ? 'વત્સ' ઉપરથી. વત્સ ઉપરથી બન્યું વત્સલ અને વત્સલ ઉપરથી બન્યું વાત્સલ્ય. વત્સ એટલે શું ? વત્સનું જ હિન્દી થયું બચ્ચા. એ આપણે માનવ માટે નથી કહેતા પણ ગુજરાતીમાં બચ્ચું શબ્દ કોના વાપરો છો ? પ્રાણી માટે. ગાયને એના વાછરડા માટે જે પ્રેમ છે એ મિસાલ છે અને મિસાલ હોવાના કારણે વત્સ એટલે વાછરડું, એના ઉપરથી વત્સલ, વાત્સલ્ય શબ્દ બન્યો. આ ભગવાનનું વાત્સલ્ય છે અને એટલા માટે પ્રહલાદને ડર નથી થયો, ચરણમાં પડ્યો છે. પ્રભુએ એને ઊઠાવી લીધો. જે ભુજાઓએ થોડીવાર પહેલા હિરણ્યકશ્યપુને ચીરી નાખ્યો હતો એ જ ભુજા કમળ જેવી કોમળ બની ગઈ અને પ્રહલાદના મસ્તક ઉપર શ્રીહસ્ત ફેરવવા લાગ્યા. જે કાળ હતો એ કમળ થઈ ગયો, જે ક્ષણે કઠોર હોય તે જ ક્ષણે કોમળ પણ હોય એ વિરુદ્ધધર્માશ્રય. ભગવાન શાંત થયા એટલે બધાને રાહત થઈ. ભગવાનને કોઈ માળા પહેરાવવા ન આવ્યું, ભગવાને કહ્યું કોઈ આવતું નથી આપણે જ પહેરી લો. વિજયમાળા તો પહેરાવવી જોઈએને, તો ભગવાને માળા તો પહેરી પણ કોઈની પહેરાવેલી

નહીં હિરણ્યકશ્યપુના પેટના આંતરડા ખેંચી કાઢ્યા અને પહેરી લીધી. ભાગવતમાં શબ્દ છે આંતરડાની માળા અને વાજબી પણ છે. જ્યારે રૌદ્રરસની લીલા હોય અને ભગવાન સિંહ હોય ત્યારે મોગરાની માળા ન શોભે. સિંહને મોગરાની માળા શોભે ? સિંહને તો આંતરડાની જ માળા શોભે. જે લાલ લાલ ડાઘ પડ્યા છે એ કેસર-કંકુના ડાઘ નથી, હિરણ્યકશ્યપુના રૂધિરના ડાઘ છે. રૌદ્રલીલામાં બધુ રૌદ્ર જ હોય. જેવી લીલા એવો શૃંગાર. તો ભગવાનનો આ દિવ્ય પ્રસંગ ભાગવતજીમાં વર્ણન કરવામાં આવ્યો છે. બોલો નરસિંહ ભગવાન કી જય.... જે મારા ભક્તને દુઃખ આપે છે એને હું ચીરી નાખું છું એવું ભગવાને આ વધાઈમાં કહ્યું હતું. ભક્તની રક્ષા કરવી એ ભગવાનનું વ્રત છે અને જ્યારે જ્યારે પણ પ્રસંગ આવ્યો છે ત્યારે ત્યારે પ્રભુએ એ વ્રતનો નિર્વાહ કર્યો છે. પ્રહલાદજીને ગોદમાં પધરાવ્યા છે અને પ્રભુ બિરાજી રહ્યા છે, પ્રહલાદજી પ્રભુની સ્તુતિ કરી રહ્યા છે.

ब्रह्मादयः सुरगणा मुनयोऽथसिद्धाः सत्वैकतानमतयो वचसां प्रवाहैः ।
नाराधितुं पुरुगुणैरघुनापि पिप्रुः किं तोष्टुमर्हति स मे हरिरुग्रजात ।।

બ્રહ્માદિક દેવો, સિદ્ધ પુરુષો, અસ્ખલિત વાણીથી નિરંતર આપના ગુણગાન કરે તો પણ એ આપને રીઝવવા સમર્થ નથી તો પછી, તો પછી ઉગ્રજાતિમાં જન્મેલો અસુર જાતિમાં જન્મેલો એવો હું, પ્રભુ ! ભલા આપને હું શું રીઝવી શકું ? પરંતુ પ્રભુ હું એ પણ જાણું છું.

मन्ये धनाभिजनरुपतपः श्रुतौवस्तेजः प्रभाव बल पौरुष बुद्धियोगाः ।
नाराधनाय हि भवन्ति परस्य पुंसो भक्त्या तुतोष भगवान्गजयूथपाप ।।

હે નરસિંહ ! કોઈ બ્રાહ્મણ પાસે આ બાર ગુણો હોય, ધન હોય, ઉત્તમ કુળમાં જન્મ્યો હોય, તપ હોય, સુત હોય, ઈન્દ્રિયોનું બળ હોય, દેહનું બળ હોય, તેજ...આ બધું હોય પરંતુ જો એ આપના ચરણામૃતથી વિમુખ હોય તો એ બધું નકામું છે. તો કાંઈ એ આપને પ્રસન્ન કરી શકે એમ નથી.

विप्राद् द्विषऽगुणयुतादरविन्दनाभपादारविन्द विमुखाच्छ्वपचं वरिष्ठम् ।
मन्ये तदर्पितमनोवचने हितार्थप्राणं पुनाति स कुलं न तु भूरिमानः ।।

'ભક્તિહીન બ્રાહ્મણ કરતા પ્રભુભજનમાં ડૂબેલો ચાંડાલ ઉત્તમ છે' એવો મત પ્રહલાદે કર્યો. જીવ કઈ જાતિમાં જન્મ્યો છે, કયા કુળમાં જન્મ્યો છે એ વાતનું ભગવાનને બહુ ધ્યાન નથી. કદાચ સમાજમાં થોડો ફેર પડતો હશે પણ એમાં ભગવાનને કાંઈ ફેર નથી પડતો. પ્રભુ જુવે છે એનો ભાવ, પ્રભુ આધીન થાય છે ભાવને. તમને ચોર્યાસી બસોબાવન વૈષ્ણવોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર, ધનવાન અને નિર્ધન, વિદ્વાન અને મૂરખ, આવા બધા જ પ્રકારના ભક્તો જોવા મળશે. પક્ષીઓને પણ બ્રહ્મ સંબંધ છે, ગણિકાનો પણ ઉદ્ધાર થયો છે. સવાલ એ છે કે જો એ જીવ દૈવી હશે તો ગમે તેવી અધમ સ્થિતિમાં પડ્યો હશે તો પણ એ ત્યાં પાછો આવી જશે એટલે ભાગવતમાં પ્રહલાદસ્તુતિ બહુ મનન કરવા જેવી છે. એક ભક્ત પોતાના હૃદયના ભાવાત્મક ઉદ્‌ગારોને કઈ રીતે વ્યક્ત કરી શકે એ આ ૪૩ શ્લોકમાં પ્રહલાદજીએ ભગવાનની સ્તુતિ કરી. પ્રહલાદને જ્યારે પ્રભુએ આટલી કૃપા કરી અને એનું રક્ષણ કર્યું અને આવું અદ્‌ભુત રૂપ લઈને પ્રભુ પધાર્યા તો પ્રહલાદજીને આશ્ચર્ય થયું કે પ્રભુ ! મારી એવી કઈ પાત્રતા કે આપે મારા ઉપર આટલી બધી કૃપા કરી ? ભગવાનના ભક્ત ઉપર જ્યારે કૃપા ઉતરે છે તો ભક્તને આશ્ચર્ય થાય છે. ભગવાનની કૃપા Ticket Granted નથી, Ticket

Granted એટલે ભગવાન તો કૃપા કરે જ. આપણે આટલી ભક્તિ કરીએ એટલે પછી કેમ ન કરે? આવું નથી થતું. જ્યારે જ્યારે જે જે ભક્તની ઉપર ભગવાનની કૃપા થઈ છે ત્યારે એ સહુને આશ્ચર્ય થયું છે કે હું શું આ કૃપાને લાયક છું? ભક્તિમાર્ગનો નિયમ છે - જીવ પોતાને કદી અધિકારી ન સમજે, અધિકારી છે એવું ભગવાનને સમજવું હોય તો સમજે. ઠાકોરજીને સમજવું હોય કે આ જીવને મારે દાન કરવું છે તો એ કરે પણ જીવ એવો વિચાર ન કરે કે હું અધિકારી છું માટે મને મળ્યું છે અને એટલા માટે ભક્તને આશ્ચર્ય થાય છે. મહારાજ આવી કૃપા તો આપે બ્રહ્મા ઉપર પણ નથી કરી, આવી કૃપા આપે મહાદેવજી ઉપર પણ નથી કરી, આવી કૃપા આપે લક્ષ્મીજી ઉપર પણ નથી કરી, અને આવી કૃપા એક અસુર બાળ ઉપર? ક્યાં હું અને ક્યાં આપની આ કૃપા ? **ભક્તિના માર્ગમાં જે પોતાને અનધિકારી સમજે એ જ અધિકારી છે. જે પોતાને અધમ સમજે એ જ ઉત્તમ છે.** વાત ઉંધી છે - જે પોતાને ઉત્તમ સમજે એ ઉત્તમ નથી, જે પોતાને ઉત્તમ ન સમજે એ ઉત્તમ છે અને એટલા માટે ભગવાનના ભક્તો હંમેશા વિચારે કે આ કૃપાને હું લાયક નથી મારા ઉપર પ્રભુએ આ કૃપા કેમ કરી? પરમ આશ્ચર્ય થાય છે. ભગવાન પ્રહલાદજીને કહે છે કે બેટા ! તારા ઉપર હું બહુ જ પ્રસન્ન થયો છું, તારે જે જોઈએ તે તું માગી લે. ભગવાને ઉત્તર આપ્યો, ભગવાને કહ્યું માગી લે. પ્રહલાદજી કહે છે, પ્રભુ ! - ભગવાનને ભાગ્યે જ કોઈ આવો ભક્ત મળે છે, માગવાનું બાજુએ રહ્યું પણ ભગવાનને ઠપકો આપ્યો. - પ્રભુ ! આવું બોલવું તમને શોભતું નથી. તમારે તો મને કામનાઓમાંથી બહાર લાવવો જોઈએ, એને બદલે તમે મારી સામે કામનાઓ મૂકી રહ્યા છો. ભગવાનની કૃપા બે પ્રકારની છે - સાધારણ કૃપા અને મહત્ કૃપા. આ વાત બધાને લાગુ પડે છે માટે જરાક ધ્યાન આપજો. ભગવાનની કૃપા બે પ્રકારની - **સાધારણ કૃપા અને અસાધારણ કૃપા. તમારા મનમાં જે કામના જાગે એને ભગવાન પૂરી કરે એ સાધારણ કૃપા અને તમારા મનમાં કામના જાગે કદાચ, તો કામનાનો નાશ કરે એ ભગવાનની અસાધારણ કૃપા. ઈચ્છાની પૂર્તિ નહીં, ઈચ્છાનો નાશ.** પ્રહલાદે માગ્યું છે કે પ્રભુ ! જો આપને મારા ઉપર કૃપા કરવી હોય તો મારી કામનાઓનું મને ફળ ન આપો, મારી કામનાઓનો નાશ આપો. આ ભક્ત ભલે ઉંમરમાં નાનો હોય પણ બહુ જ પરિપક્વ છે. **बहुत सयाना है, इसे मांगना आता है कि क्या मांगना चाहिये ।** તમે જ્યારે ભગવાનને એમ કહો છો કે મારી આ ઈચ્છા પૂરી કરો અને જો તમે મારી આ ઈચ્છા પૂરી કરશો તો હું સુખી થઈશ, આ તમારા મનનો ભ્રમ છે. મારું મનગમતું મને મળી જાય તો હું સુખી થાઉં એ આપણા મનની સાથે આપણે કરેલી સૌથી મોટી છેતરપીંડી છે. કારણ કે તમારું માગેલું જેવું તમને મળી જશે કે તરત મન એનો Track બદલી નાખશે. આ રમત આપણું મન જીવનભર કરી રહ્યું છે, પણ હજી આપણે એની રમતને સમજી નથી શક્યા. પગે ચાલનારો માણસ એવું વિચારતો હોય કે ચંપલ મળે તો સારું, હું સુખી થઈ જાઉં. ચંપલ આવે એટલે એ સુખી ના થાય પછી સાયકલ આવે તો કેટલું સારું ? સાયકલ આવે ત્યારે એને એમ લાગે કે મારા જેવો કોઈ સુખી નથી બે-ચાર ચક્કર મારે પણ ખરો પણ પછી એને એમ થાય કે આમાં તો પગ દુઃખે છે જો મોટરસાયકલ હોય તો સારું. તમે એમ માનો છો કે મોટરસાયકલ આવે એટલે પૂર્ણવિરામ થઈ ગયું? મોટરસાયકલ આવી થોડા દિવસ ફર્યા પછી એને થયું કે આમાં તો વરસાદ પડે છે, ગરમી પણ પડે છે. આમાં કાંઈ મજા નથી,

એકાદ ગાડી હોય તો સારું. ઉઘાડા પગે ચાલનારો માણસ એની પાસે ગાડી આવી જશે એટલે ઉપકૃત્ય થઈ જશે એવું ન માનશો. **આપણું મન આપણી સાથે જીવનભર આ જ ચાલાકી કરે છે.** આટલું મળે એટલે હું સુખી, બસ આટલું થઈ જાય એટલે હું સુખી પણ એ 'હું સુખી થાઉં' એ ઘડી કમસે કમ મૃત્યુ આવે ત્યાં સુધી તો નથી જ આવતી અને મર્યા પછી શું થાય છે એ આપણે જોવા ગયા નથી. પ્રહલાદજી બહુ સમજદાર વાત કરી રહ્યાં છે. બહુ સમજુ છે એ, સમજી ગયા છે કે **સુખી થવાની રીત કામનાઓની પૂર્તિ નથી પણ કામનાઓનો અભાવ છે. સુખી તો એ છે જેને કોઈ કામનાઓ નથી. कामानां हृद्यसंरोहं भवतस्तु वृणे वरम्** આ પ્રહલાદના શબ્દો છે, **'તમારી પાસે એટલું જ માગું છું કે મને ક્યારેય કશું જ માંગવાનું મન ન થાય.'** ભગવાને કહ્યું, ના મારે તને હજી પણ કાંઈક આપવું છે. તો પ્રભુ એક વિનંતી છે - મારા પિતાની દુર્ગતિ ન થાય એવું વરદાન આપો. આવું કેમ માગવું પડ્યું? કહે - પ્રભુ હું જાણું છું કે કોઈપણ જીવ આપને કષ્ટ આપે તો આપ ક્ષમા કરી દો છો પણ આપના આશ્રિતને કષ્ટ આપે તો આપ એને સહન નથી કરતા અને તેથી મારા પિતાને આપે અત્યંત ક્રોધપૂર્વક માર્યા છે, પણ પ્રભુ મારી પ્રાર્થના છે કે મારા પિતાની પણ દુર્ગતિ ન થાય. જરા વિચાર કરો ! વૈષ્ણવ બનવું કેટલું બધું કઠીન છે. જે દાંત જીભને કચડે છે એ દાંતને પણ જો પીડા થતી હોય તો મદદ કરવા પહેલું કોણ દોડે? ધારો કે સવારે તમે જમવા બેઠા હતા અને તમારા દાંતે તમારી જીભને કચડી. લોહી નીકળે એવી હાલત થઈ ગઈ. જમીને ઉઠ્યા અને દાંતની વચ્ચે કાંઈક થોડું ભરાઈ ગયું તો સૌથી પહેલી બેચેની કોને થાય? તો જીભ વારેવારે ત્યાં જાય અને જ્યાં સુધી એને કાઢે નહીં ત્યાં સુધી એને ચેન ન પડે. આ દાંતે જેને કચડી હતી. **વૈષ્ણવ થવાનો અર્થ એ છે કે મારા કારણે જગતમાં કોઈ જ દુઃખી ન થાય.** આ જ વાત ધ્રુવની માતાએ ધ્રુવને સૂચવી હતી. ધ્રુવ રડતો રડતો મા પાસે ગયો અને બાળક કદાચ મોઢેથી નથી બોલ્યો પણ એના મુખ ઉપર એક પ્રશ્ન તો હતો કે મારો કયો અપરાધ કે મને આ દુઃખ પડ્યું. અપમાન ખૂબ થયું હતું, બહુ દુઃખી હતો. મા એના પુત્રની મનોદશા સમજી ગઈ. માતાએ એ વખતે - ધ્રુવને બેટા ! કોઈનું પણ ખરાબ ન વિચારીશ, બેટા ! કોઈનું પણ અમંગલ ન વિચારીશ. આપણે એ જ ભોગવીએ છીએ જે આપણે ભોગવવાનું હોય છે. ધારો કે માતાએ તને દુઃખ આપ્યું, તો એવો વિચાર ન લાવો કે મા દુષ્ટ છે માટે મને દુઃખ આપે છે. વિચાર એવો કરજે કોઈક જન્મમાં તેં એને દુઃખ આપ્યું હશે અને એના ફળ સ્વરૂપે એ તને દુઃખ આપી રહી છે. આ દૃષ્ટિકોણ ભાગ્યે જ આપણે આપણા જીવનમાં ઉતારીએ છીએ. પિતાથી દુઃખ પડે, માતાથી દુઃખ પડે, પતિથી દુઃખ પડે, પત્નીથી દુઃખ પડે, ભાઈથી દુઃખ પડે, ભાગીદારથી દુઃખ પડે, કોઈ આડોશી પાડોશીથી દુઃખ પડે - આપણને જ્યારે કોઈ પણ દુઃખ આપે છે ત્યારે આપણે હંમેશા એમ જ વિચારીએ છીએ કે એ દુષ્ટ છે માટે મને દુઃખ આપે છે, પણ આ દૃષ્ટિકોણ વૈષ્ણવી દૃષ્ટિકોણ નથી. વૈષ્ણવી દૃષ્ટિકોણ આ છે કે કદાચ કોઈક જન્મમાં આપણે એને દુઃખી કર્યો હશે અને તેથી આપણને આ જન્મમાં એ કર્મનું ફળ પ્રાપ્ત થઈ રહ્યું છે. જો આ દૃષ્ટિકોણ અપનાવશો તો જીવનમાં ક્યારેય કોઈના માટે કટુતાનો ભાવ નહીં રહે. પ્રહલાદની પણ આ જ ભાવના ભાગવતમાં ફલિત થઈ છે. પ્રભુ હસીને બોલ્યા, પ્રહલાદ ! તારા પિતાનો ઉદ્ધાર મારે કરવાની જરૂર નથી, તારા પિતાનો ઉદ્ધાર તેં કરી દીધો છે. તારા જેવો ભક્ત એકવીસ પેઢીનો ઉદ્ધાર કરવા સમર્થ છે.

त्रिसप्तभिः पिता पूतः पितृमिः सह तेऽनध ।
यत साधोऽस्य गृहे जातो भवान्वै कुलपावनः ।।

તેં આખા કુળને પાવન કર્યું છે, તું પિતાની ચિંતા કેમ કરે છે? ભગવાનનો ભક્ત તરે પણ છે અને ભગવાનનો ભક્ત બીજાઓને તારે પણ છે. એ તરે પણ છે અને તારે પણ છે. આ આખી કથા મહારાજ યુધિષ્ઠિરને નારદજી સંભળાવી રહ્યા છે. પાંડવોના રાજસુયોગમાં ભગવાને જ્યારે શિશુપાલનો ઉદ્ધાર કર્યો ત્યારે શિશુપાલના શરીરની દિવ્ય જ્યોત ભગવાનમાં સમાઈ. યુધિષ્ઠિરને આશ્ચર્ય થયું આ તો આસુરી જીવ હતો, ભગવાનનો દ્રોહી હતો, દ્વેષી હતો અને પ્રભુએ એને મુક્તિ આપી. નારદજીએ કહ્યું કે આ મુક્તિ ભગવાને એટલા માટે આપી કે આ ભગવાનનો પાર્ષદ છે. એ તો ભગવાનની આજ્ઞાથી ભગવાન સાથે વિરોધનો ભાવ, વેરનો ભાવ પ્રગટ કરે છે. પછી નારદજીએ યુધિષ્ઠિર મહારાજને વર્ણાશ્રમ ધર્મો સમજાવ્યા. સાતમો સ્કંધ ઊતિલીલા પરિપૂર્ણ કરી આઠમો સ્કંધ મનવંતરલીલાનો આરંભ કરે છે.

શુકદેવજીએ તૃતીય સ્કંધમાં વ્યાખ્યા કરી **मन्वतंराणी** મહાપ્રભુજીએ એ સદ્ધર્મને પણ સ્પષ્ટ સમજાવ્યો. સજ્જનો ભગવદીય જે ધર્મનું આચરણ કરે છે. બીજું દરેક ધર્માંતરે ધર્મની વ્યાખ્યા બદલાય છે. અરે ! યુગે યુગે પણ ધર્મની વ્યાખ્યા બદલાય છે. સત્યુગનો મુખ્ય ધર્મ સત્ય, ત્રેતામાં તપ, દ્વાપરમાં પૂજા. પહેલી કથા ગજેન્દ્ર મોક્ષની કથા છે. ત્રિકુટ પર્વત ઉપર એક મઝાનું જંગલ હતું. એમાં અનેક પ્રાણીઓ વસતા હતા. એમાં અનેક હાથીઓ વસતા હતા અને એ બધાં હાથીઓનો સરદાર ગજેન્દ્ર અને એણે બધાને લઈને સરોવરમાં પ્રવેશ કર્યો. હાથીઓ બધા જળવિહાર કરતા હતા, એકબીજાના ઉપર પાણી છાંટે એવો ખૂબ આનંદ કરતા હતા. એટલામાં ક્યાંકથી મગર આવ્યો. મગરે આવીને હાથીનો પગ પકડી લીધો. ગજેન્દ્રએ પહેલા તો બહુ ન ગણકાર્યું પરંતુ ધીરે ધીરે મગર એને ઊંડા ને ઊંડા જળમાં ખેંચીને લઈ જવા લાગ્યો. આ કથા આધ્યાત્મિક કથા પણ છે અને પૌરાણિક કથા પણ છે. આ સરોવર છે ને એ સંસાર છે, જીવ એ ગજેન્દ્ર છે અને કાળ એ મગર છે. જીવ ઈચ્છે છે બહાર આવી જવું છે અને કાળ ખેંચી રહ્યો છે એને મૃત્યુ તરફ. કદાચ તમે કાળનો અર્થ સમય ગણોને. સંસ્કૃત ભાષામાં જે કાળ શબ્દ છે ને એના પ્રચલિત અર્થ બે છે. એક તો કાળ એટલે Time અને બીજું કાળ એટલે Death અને એક રીતે જોવાજાવ તો આ બે જુદા નથી એક જ છે. Time is Death. કાળ જ મૃત્યુ છે કારણ કે જે સમયથી આપણે જન્મ લીધો એ સમયથી આપણે મૃત્યુની નજીક જઈ રહ્યા છીએ. બાળક નાનામાંથી મોટો થાયને તો એનો અર્થ એ નહીં સમજવાનો કે એ Growth છે. એ ભ્રામક શબ્દ છે. થોડાક વર્ષો પહેલાં ચાવી આપવાની ઘડિયાળો આવતી અને અઠવાડીયે એકવાર ચાવી આપવાની. હવે સાંભળો તમે Full ફુલ ચાવી ભરી અને પછી લોલક ચાલુ કર્યું તો લોલકનો દરેક આંદોલન - દરેક ટક ટક શું કરે છે? ચાવીને ખતમ કરે છે. એમ આપણા જીવનની પણ પ્રત્યેક ક્ષણ આપણને Expire કરે છે. માણસ તો આંકડા જોઈને રાજી થાય છે. ત્રીસ રૂપિયાના પચાસ રૂપિયા થાય તો વધ્યા કહેવાય પણ ત્રીસ વર્ષનો માણસ પચાસ વર્ષનો થાય તો વધ્યો ન કહેવાય - આંકડાથી રાજી નહીં થવાનું. કાળ એનું કામ કરી રહ્યો છે. હાથીએ મૂંઝાઈને જોયું કોઈ સાથ આપનાર નથી. એણે શ્રીહરિનું સ્મરણ કર્યું. આ આખા પ્રકરણનું નામ મહાપ્રભુજીએ આપ્યું છે, હરિસ્મરણ. જીવનમાં જ્યારે પણ વિપત્તિ આવી પડે ત્યારે હરિને યાદ કરો અને

ભગવાને આટલા બધા નામમાંથી હરિ નામ કેમ પસંદ કર્યું? હરિ એટલા માટે કે જે દુઃખને હરે છે એનું નામ હરિ. મહાદેવજીનું નામ છે હર, વિષ્ણુનું નામ છે હરિ. કારણ કે બન્ને હરે છે, દુઃખને હરનાર છે. **ભગવાન ત્રણ વસ્તુ ચોક્કસ હરે છે - દોષને હરે છે, પાપને હરે છે અને દુઃખને હરે છે.** દુઃખનું મૂળ પાપ છે, પાપનું મૂળ દોષ છે, એટલે દોષને પણ હરે છે અને પાપને પણ હરે છે અને એના પરિણામ દુઃખને પણ હરે છે. હરિનું સ્મરણ કર્યું પણ ગજેન્દ્રની સ્તુતિમાં ભગવાનના કોઈ એક વિશેષ રૂપનું ક્યાંય નામ નથી. દેવો, આમાં મને નથી યાદ કર્યો, મારું સ્મરણ નથી કર્યું એવું સમજીને ન આવ્યા. કોઈ ન આવ્યા તો ભલે ન આવ્યા, પણ પ્રભુ આવ્યા. ભગવાન કહે કે ભલેને આપણું નામ ન લીધું હોય, નામ ન લેતો હોય એ પણ આપણને યાદ કરે છે ને નામ લેતો પણ આપને યાદ કરે છે. પ્રભુ પધાર્યા છે. મગર સહિત હાથીને જળમાંથી બહાર ખેંચી કાઢ્યો. સુદર્શન વડે મગરનું મસ્તક છેદી નાખ્યું. ગજેન્દ્રને આ બધા જ સંકટમાંથી મુક્ત કરી પ્રભુએ અનુગ્રહ કર્યો અને તેથી આ કથા ગજેન્દ્રમોક્ષ કથા કહેવાય છે.

બીજું પ્રકરણ છે દાનદાતા. આમાં સમુદ્રમંથનની કથા કહી. દેવો દરિદ્ર થયા. ભગવાને આજ્ઞા કરી કે તમે અમૃત મંથનનો પ્રયત્ન કરો. આ આખી રાજનીતિની કથા છે. ભાગવતમાં નીતિનો પણ ઉપદેશ છે. નીતિ એટલે Policy, નીતિ એટલે Strategy અને માણસે લૌકિક જીવનમાં સુખી થવું હોય તો એની પાસે વ્યવહાર નીતિ પણ હોવી જોઈએ. ભગવાને આજ્ઞા કરી - તમે પહેલાં દાનવોની સાથે સમાધાન કરો. શત્રુને શત્રુ ન રાખો, મિત્ર બનાવી દો. દેવો અને દાનવોએ એકબીજાની સાથે સમાધાન કર્યું. સૌ ભેગા થયા, સમુદ્રમંથન માટે આવ્યા. મંદરાચલ પર્વતને જળમાં પધરાવ્યો. રવૈયો બનાવીને વાસુકી નાગનું વેતરું બનાવ્યું. પહેલા તો દાનવોએ હઠ કરી કે અમે પૂંછડી ન પકડીએ, અમે મુખ પકડીએ. ભગવાને યુક્તિ કરી. દાનવોને કહ્યું કે તમે પૂંછડી પકડો. દાનવો કહે કે અમે પૂંછડીયા છીએ? પૂંછડી નહીં પકડીએ, અમે મોં પકડીશું. હવે સાપનું મોં પકડવામાં જોખમ કે પૂંછડી પકડવામાં? પણ ભગવાન જાણતા હતા કે હું મોં પકડવાનું કહીશ તો એ પૂંછડી પકડશે અને પૂંછડી પકડવાનું કહીશ તો એ મોં પકડશે એટલે ભગવાને ઊંધું જ કહ્યું. દાનવો કહે કે અમે પૂંછડીયા નથી કે અમે પૂંછડી પકડીએ અમે તો એનું મોં પકડીશું. મોં પકડ્યું. મંથન શરૂ કર્યું. એના મુખમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળવા લાગી, દાનવો બળવા લાગ્યા. પણ શું કરે હઠ કરીને જ માંગ્યું હતું પછી સમજ્યા કે આ તો આપણે ભૂલ કરી, પર્વત ડૂબી ગયો. બધા પ્રભુ પાસે આવ્યા. પ્રભુ અમે તો આ બધો પ્રયત્ન કરતા હતા અને અમારો તો પ્રયત્ન જ પાણીમાં ડૂબી ગયો. ભગવાને કહ્યું કે તમારા પુરુષાર્થને પ્રભુનો આશ્રય નથી. **માનવી ગમે તેટલો પુરુષાર્થ કરે પરંતુ એના પુરુષાર્થને પરમાત્માનો આશરો હોવો જોઈએ.** પહેલાના જમાનામાં એક કહેવત બોલાતી. વેપારી તો ખાસ આ કહેવતનો ઉપયોગ કરતા. **મનુષ્ય યત્ન અને ઈશ્વર કૃપા એટલે જીવનમાં સફળતા મળે,** એ માટે આ બંને જરૂરી છે - મનુષ્યનો યત્ન પણ અને ઈશ્વરની કૃપા પણ. એક માણસ રોજ ગણપતિ પાસે જાય ને કહે કે હે ભગવાન ! બધાની લોટરી લાગે છે ને મારી જ કેમ નથી લાગતી? છ મહિના સુધી રોજ કકળાટ કરે. એક દિવસ ગણપતિ દાદા ચિડાયા અને કહેવા લાગ્યા કે અલ્યા મૂરખા, ટિકિટ તો લે ? તું ટિકિટ લે તો હું નંબર પણ લગાડું, પણ ટિકિટ પણ તારે નહીં લેવાની ? મનુષ્ય યત્ન કરે એ એનો ધર્મ છે

અને પછી એના યત્નને ઈશ્વરની કૃપા સફળ બનાવે એ ઈશ્વરના હાથમાં છે, પણ આ બંને હોવા જોઈએ. દેવો-દાનવોએ યત્ન કર્યો પણ કૃપાની જરૂર હતી. ભગવાને પૂર્ણરૂપ ધારણ કરી પોતાની પીઠ ઉપર મંદરાચલ ઊઠાવ્યો છે. સમુદ્રમંથન શરૂ થયું. અમૃત નીકળવાનું તો દૂર રહ્યું પરંતુ હળાહળ વિષ પ્રગટ થયું છે. પાછાં બધા ગભરાયા. ભગવાન પાસે આવ્યા. પ્રભુ અમે તો પ્રયત્ન કર્યો હતો અમૃત માટે અને આ ઝેર કેમ નીકળ્યું? ભગવાન કહે કે એ તો કાયદો જ છે. પહેલા ઝેર આવે પછી જ અમૃત આવે. પણ પ્રભુ આ ઝેરનું કરવું શું? ભગવાને કહ્યું જેને ફાવે તે પી જાવ. દેવો કહેવા લાગ્યા, મહારાજ ! અમે કાંઈ ઝેર પીવા નથી આવ્યા. દાનવો કહેવા લાગ્યા, અમે તો અમૃત પીવા આવ્યા છીએ. આ કહે અમે ન પીએ, બધા કહે, ભગવાન તમે પી જાવ. ભગવાન કહે, હું પણ પી જાઉં કાંઈ વાંધો નથી પણ હજી હું કુવારો છું, થોડા સમય પછી જ લક્ષ્મીજી પ્રગટ થવાના છે સમુદ્રમાંથી. આ ચૌદ રત્નો સમદ્રમંથનમાંથી પ્રગટ થયા પણ પહેલું નામ લક્ષ્મીનું, ભગવાન કહે કે હજી મારા લગ્ન નથી થયા હું કેમ પીવું? કંઈક થઈ જાય મને તો? તો કહે કે મહારાજ કરવું શું ? ભગવાન કહે કે એક કામ કરો ઘરડામાં ઘરડું હોય તેને શોધી કાઢો અને પીવડાવો કદાચ કાંઈક થઈ જાય તો ઝાઝો અફસોસ નહીં. જીવનમાં બહુ વૃદ્ધ થવામાં મઝા નથી. જીવતા હોઈએ ત્યારે કોઈને હરખ નહીં ને મૃત્યુ પામીએ ત્યારે કોઈને દુ:ખ નહીં. કોઈ બહુ ઘરડાને શોધી કાઢો. સૌથી મોટા - ઘરડા તો શિવ. તો કહે કે જાવ એમને વિનંતી કરો કે મહારાજ ! આપ ઝેર પી જાવ. કોઈકે પીવું પડશે. જીવનના મંથનમાં આપણા ભાગે અમૃત આવે તો અમૃત પીવા પણ તૈયાર રહેવું અને આપણા ભાગે વિપત્તિનું વિષ આવે તો પણ એને પીવા તૈયાર રહેવું અને પછી એવું જોવામાં આવ્યું છે કે એ વિષ વિપત્તિનું, વિષમતાનું વિષ પી ગયા પછી પણ જો માનવી હાર્યા વગર શ્રદ્ધા અને ઉત્સાહથી પ્રભુનો સાથ રાખીને જો મંથન ચાલુ રાખે તો અમૃત પ્રગટ થાય છે. જીવનના પહેલા તબક્કામાં મનુષ્યને નિષ્ફળતા મળવી જ જોઈએ. તમે કોઈ પણ મોટું કામ શરૂ કરો એટલે શરૂઆતમાં તમને નિષ્ફળતા મળશે, મળવી જ જોઈએ. ન મળે તો એ ખોટું છે, કારણ કે પ્રત્યેક નિષ્ફળતા માનવીની કસોટી છે. કોલંબસ નીકળ્યો હતો ભારત શોધવા માટે એને વિશ્વાસ હતો કે આપણે આ દિશામાં આગળ વધીશું તો જરૂર આપણે ભારત પહોંચીશું અને એ જમાનામાં આવી બધી સ્ટીમરો ન હતી. એક દિવસ એવો આવ્યો કે નાવમાં રહેલા માણસો એને મારવા તૈયાર થયા કે હવે જો તું અમને આગળ લઈ જશે તો અમે તને દરિયામાં નાંખી દઈશું. ખોટી દિશામાં તું લઈ જાય છે અમને. કોલંબસે કહ્યું કે એક કામ કરો ચોવીસ કલાક આપો મને, જો ચોવીસ કલાકમાં આ દિશામાં આગળ જમીન નહીં આવે તો હું તમારી વાત માની જઈશ. બધાને એમ થયું કે એક દિવસ વધારે અને એ ચોવીસ કલાકમાં જમીન દેખાઈ. અલબત્ત ! એ ભારત ન હતું પણ અમેરિકાનો ખંડ હતો, પણ એ માણસની શ્રદ્ધા સફળ થઈ. તમે કોઈ કામ લઈને બેસો અને એમાં કોઈ નિષ્ફળતા મળે એ નિષ્ફળતા તમારી કસોટી કરે છે કે તમારી પાસે સંકલ્પશક્તિ કેટલી છે ? Power of Determination તમને એક-બે નિષ્ફળતા મળી ને તમે હારીને બેસી ગયા તો એનો અર્થ એ થયો કે તમે આગળ વધવાને લાયક હતા જ નહીં. તમે સફળતાને લાયક જ નથી. Life Achievement માટેની આ વાત. આ દુનિયામાં ત્રણ જાતના માણસો છે. આ શ્લોકની કોઈ કિંમત જ ના થઈ શકે. કરોડ રૂપિયાની કિંમત પણ ન થઈ

શકે એટલો Valuable અદ્‌ભુત શ્લોક છે. એણે એમ કહ્યું કે આ જગતમાં ત્રણ જાતના લોકો છે. એક લોકો એવા છે - વિઘ્ન પડશે એના ડરથી કોઈ સાહસ કરતા જ નથી. We are Safe. કોણ આ બધી ઝંઝાળમાં પડે ? અહીંયા નીચનો અર્થ એવો નથી કે અધમ પણ એ નીચે જ રહી જાય છે. તો આ જગતમાં કેટલાક માણસો એવા છે અને મોટા ભાગના આ કેટેગરીમાં છે કે કોણ જોખમ ખેડે એ ડરથી એ જ્યાં છે ત્યાં, જેવા છે તેવા રહી જાય છે. બીજી કેટેગરી જરાક સારી છે કે નીકળે છે તો ખરા, થોડુંઘણું ઝઝૂમે પણ છે. અડધે રસ્તે પહોંચે છે પણ પછી કહે ના...ના... આપણે ઘણા પ્રયત્ન કર્યા, દરેક કામમાં નિષ્ફળતા મળી, જવાદોને આપણા નસીબમાં નથી. અડધે ગયેલા પાછાં બેસી જાય છે. શરૂ કરે છે પણ પાછાં વિઘ્ન આવે છે એટલે બેસી જાય છે, આપણું કામ નહીં. પછી કહ્યું છે કે ત્રીજા માણસો બહુ ઓછા છે આ દુનિયામાં, પણ જે થોડા માણસો છે એમની જીવનપદ્ધતિ અથવા એમના જીવનનું સૂત્ર આ છે. વારંવાર વિઘ્ન એમને પાડે છે, વારંવાર નિષ્ફળતાની ચોટો એમને વાગે છે, વારંવાર પ્રયત્ન કરતા કરતા પડે છે તેમ છતાં જ્યાં સુધી સિદ્ધિ ન મળે, જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી એ નિરાંતે બેસતાં જ નથી. વારંવાર નિષ્ફળ જાય છે છતાં પણ ઊભા થાય છે અને એ છેલ્લે ટોચ ઊપર પહોંચીને જ અટકે છે. ટોચ ઊપર પહોંચવું જો સહેલું જ હોત તો તળેટીવાળા બધા જ ન પહોંચ્યા હોત ? તમે જીવનના ગમે તે ક્ષેત્રમાં હો. વ્યાપારના, વિદ્યાના કે કોઈપણ કલાના કે ધર્મના. તમે જીવનના ગમે તે ક્ષેત્રમાં હો, પણ નક્કી કરજો કે જીવનમાં મળતી નિષ્ફળતાઓ આપણને બેસાડી દેવા માટે નથી આપણા સંકલ્પની કસોટી કરવા માટે છે, આપણી પાત્રતાની કસોટી કરવા માટે છે. આપણે સફળતાને લાયક છીએ કે નહીં એની કસોટી કરવા માટે છે અને કસોટી તો થાય જ ને? ભગવાને કહ્યું ભલેને ઝેર નીકળ્યું, આપણે પ્રયત્ન ચાલુ રાખવાના. દેવો આવ્યા શિવજી પાસે. દેવો-દાનવો સમગ્ર વિશ્વનો વિનાશ કરનારા હળાહળને જોઈને ભયભીત થઈ ગયા ત્યારે એમના ઉપર કૃપા કરી વિષનું પાન કર્યું શિવજીએ. આ કથા જોજો ! જે લોકોએ અમૃત પીધુંને એ દેવ કહેવાયા અને જેણે બીજાને અમૃત મળે એના ખાતર ઝેર પીધું એ મહાદેવ કહેવાયા. અમૃત અને ઝેરનો અર્થ અહીંયા સ્થૂળ નથી લેવાનો. મહાદેવજી ઝેર પચાવી શક્યા આપણે થોડા પચાવીશું ? અહીંયા અમૃત અને ઝેરનો અર્થ એ છે કે શિવ જગતના દુઃખને હરનાર છે અને એટલે જગતનો કોઈ પણ માનવી પોતાની વિપત્તિ લઈને, પોતાનું દુઃખ લઈને પ્રભુ પાસે જશે તો પ્રભુ એનું દુઃખ લઈ લેશે. એને દુઃખમાંથી મુક્ત કરશે, એ હરનાર છે. પછી મંથન કાર્ય શરૂ થયું. પહેલા નીકળી કામધેનુ - એ ઋષિઓને આપી દીધી. પહેલું જે હોય એ બ્રહ્મદાન થવું જોઈએ, આવકનો પહેલો તબક્કો તો આપણે ધર્માદા કરવો જોઈએ. એ દાનમાં ગયો પછી અપ્સરાઓ, કલ્પવૃક્ષ નીકળ્યા એ સ્વર્ગમાં ગયા. ઐરાવત હાથી નીકળ્યો, એ ઇન્દ્ર કહે કે આ મને ગમે છે તો એ એણે લીધો. ઉચ્ચૈ:શ્રવા - ઘોડો નીકળ્યો, બલિરાજા કહે છે કે આ મને આપો. કૌસ્તુભ મણિ પ્રગટ થયો, ભગવાને કહ્યું કે આ મને જરા મેચ થાય છે. બધાએ કહ્યું કે ગમતો હોય તો રાખી લો, તો ભગવાને મણિ રાખ્યો. પીતાંબર તો હતું પાછો કૌસ્તુભ મણિ ધારણ કર્યો એક પોલિસ ઇન્સ્પેક્ટર Simple Dressમાં જતો હોય તો લોકોની Behaviour કેવી હોય? અને એના Uniformમાં જતો હોય તો? તો લોકોની Behaviour બિહેવિયર કેવી હોય? સિંમ્પલ ડ્રેસમાં હોય તો -

એ ભાઈ હટો, હમકો જાને દો અને ડ્રેસમાં હોય તો - પ્લીઝ જાને દો. આમ કેમ બદલાઈ ગયું બધું ?

किम् वाससा तत्र विचारणीयं वासः प्रधानं खलु योग्यतायाः ।
पीताम्बरं वीक्ष्य ददौ स्वकन्यां दिगम्बरं वीक्ष्य विषं समुद्रः ।।

સમુદ્રએ પોતાની કન્યા - લક્ષ્મી, દિગંબર - શિવને ન પરણાવી. આ કવિનો વિનોદ છે. દિકરી આપીએ તો વિચાર તો કરીએને કે આને તો કાંઈ પહેર્યું જ નથી, દિગંબર અને પેલા હતા પિતાંબર અને પાછો મણિ. કવિઓએ તો દેવોની પણ બહુ મઝા કરી છે. કવિઓને બધી જ છૂટ.

चितां प्रज्वलितां दृष्ट्वा वैद्यो विस्मयमागतः ।
नाहं गतो न मे भ्राताः कस्यस्ते हस्तलाधवम् ।।

એક ગામમાં વૈદ્ય હતા, બહારગામ ગયા હતા. પાછાં આવ્યા તો કો'કની ચિતા બળે, તો વૈદ્યે કહ્યું કે હું તો બહાર હતો આ મર્યો શી રીતે ? સંસ્કૃત કવિઓએ બહુ મઝા કરાવી છે. સંસ્કૃત ભણવું જોઈએ આજના માણસે. સંસ્કૃત અને અંગ્રેજી આ બે ભાષા ન ભણે તો એ અભણ કહેવાય. સંસ્કૃત એટલા માટે ભણવું જોઈએ કે એ આપણો ભૂતકાળ છે અને એમાં વેદાંતથી માડીને બધા જ રસ - શાંતરસ, હાસ્યરસ બધા જ રસો એમાં ભરેલા છે; જગતનું શ્રેષ્ઠ સાહિત્ય છે અને અંગ્રેજી એટલા માટે ભણવું જોઈએ કે આજે બધો વહેવાર એમાં થયો છે. અત્યારે પૂછું કે આ કયો મહિનો ચાલે છે? તો વૈશાખ ચાલે છે એવું કહેનારા દસ પણ નહીં નીકળે. એ તો કહે કે મે મહિનો ચાલે છે. અંગ્રેજી મિડીયમમાં ભણેલાને એમ કહો કે આસોથી કારતક માસ સુધી બોલી જાઓ'તો કહેશે એવું બધું ખબર ન પડે. કારતક પછી કયો મહિનો આવે ? તો એ ખબર નથી. હા, જાન્યુઆરી પછી ફેબ્રુઆરી મહિનો આવે. આજના માણસે આ બે ભાષા ભણવી જોઈએ. સંસ્કૃત તો અદ્‌ભુત ભાષા છે, દેવ ભાષા છે, સંસ્કૃત સંસ્કૃતિ છે. લક્ષ્મીજીના ભગવાન સાથે લગ્ન થયા. હવે મદિરા પ્રગટ થઈ સમુદ્રમાંથી અને વારૂણી કહેવાય. આ વરૂણ દિશા છે પશ્ચિમમાં એ વરૂણ પશ્ચિમથી જે આવી તે મદિરા. આ બધા Alcoholને વારૂણી કહેવાય. આ મદિરાપાન કરી દાનવો પછી ધન્વંતરી મહારાજ હાથમાં અમૃતનો કુંભ લઈને પ્રગટ થયા. અમૃતનો કુંભ જોતાની સાથે તો પડાપડી થવા લાગી. દેવોના હાથમાંથી દાનવો જબરજસ્તીથી અમૃતકુંભને લઈ ગયા. કથા એવી છે કે એ કુંભમાંથી ચાર અમૃતબિંદુઓ નીચે પડ્યા એટલે આપણે ત્યાં ચાર સ્થળોએ કુંભમેળો થાય છે. હરદ્વારમાં એક ટીપું પડ્યું, પ્રયાગમાં એક બિંદુ પડ્યું, ઉજ્જૈનમાં એક બિંદુ પડ્યું અને નાસિકમાં એક બિંદુ પડ્યું. ત્યાં અમૃતકુંભમાંથી અમૃત ટપક્યું છે અને એટલા માટે એને કુંભમેળો થાય છે. ત્યાં એમ તો મહાદેવજીએ ખોબો ભરીને ઝેર પીધું ને એમાંથી પણ થોડા ટીપાં નીચે પડ્યા હતા. આમ તો મહાદેવજીના પ્રાણીઓ હતા એ બધાએ પણ પી લીધા કે અપને ગુરુદેવ કી પ્રસાદી હૈ. કેટલાક માણસો પણ ત્યાં હરતા-ફરતા હતા, એમણે પણ આ પ્રસાદી લીધી. પ્રસાદી બધી જ રીતે લેવાય ને? કો'કે જીભ ઉપર લગાડ્યું એટલે જીભ ઝેરી થઈ ગઈ, કો'કે આંખે લગાડ્યું તો આંખે ઝેર આવ્યું, કો'ક પી ગયા તો પેટમાં ઝેર આવ્યું. મેં સંસ્કૃતમાં એક શ્લોક એવો વાંચ્યો હતો કે મહાદેવજીના હાથમાંથી જે ઝેરનું ટીપું પડ્યું એમાંથી તમાકુનો છોડ થયો એટલે તમાકુ મહાદેવજીની ઝેરી પ્રસાદી છે. હવે જો એનું કોઈ બહુ સેવન કરે તો મહાદેવજી એના ઘરે એમને જલદી બોલાવી લે કે મેરા ભક્ત હૈ, મેરી

પ્રસાદી ઉસને બહોત લી હૈ. મહાદેવજીનું ઘર ક્યાં છે એ તો તમને ખબર છે ને ? મારો ભક્ત મારી પ્રસાદીનું અતિશય સેવન કરનારો હતો અને મારે એને બહુ દૂર ન રાખવો જોઈએ એટલે તમાકુનું સેવન કરનારા જલદી શિવજી પાસે પહોંચી જાય છે. વિજ્ઞાનથી સાબિત થઈ ગયું છે કે તમાકુ કેન્સર કરે છે એ વિષદ છે, એટલે કદાચ આ શ્લોક ખોટો નહીં હોય. એ મહાદેવજીના ઝેરમાંથી જ છોડ ઊગ્યો હશે. આપણા ગુજરાતમાં તમાકુના જે ખેતરો છે તેમાં કોઈ વાડ જ નથી હોતી, કેમ? તો કોઈ પ્રાણી અંદર જાઈને કશું ખાવાનું નથી. પછી દાનવોના હાથમાં અમૃતકુંભ ગયો એટલે હાહાકાર થઈ ગયો. દેવો કહે, અરે ! આ શું થયું ? ભગવાને પણ વિચાર કર્યો, કંઈક યુક્તિ કરવી પડશે અને જે વખતે પ્રભુએ મોહિનીરૂપ ધારણ કર્યું, મોહન હતો એ મોહિની બની ગયો. એવું સુંદર સ્ત્રીરૂપ ધારણ કર્યું છે, સૌ મોહમાં પડ્યા. ભગવાને દેવોને સમજાવી દીધું કે હું કોણ છું. દાનવો પાસે આવ્યા, યુક્તિ કરીને દાનવો પાસેથી કુંભ લીધો અને એ કુંભમાંથી પહેલા દેવોને અમૃત પિવડાવા લાગ્યા. દાનવો પાછળથી જ્યારે સમજ્યા કે અમારી સાથે કપટ થયું છે ત્યાં સુધી તો ભગવાને દેવોને અમૃત પિવડાવી દીધું હતું. એક રાહુ દેવોની પંક્તિમાં બેસી ગયો હતો અને તેથી એને પીવા મળ્યું. બાકી કોઈને પીવા ન મળ્યું. પછી તો દેવો-દાનવોમાં ભારે યુદ્ધ થયું. અમૃતપાન કરીને પુષ્ટ થયેલા દેવોનો વિજય થયો. ત્રણેય લોક ઉપર દેવોનું શાસન પાછું પ્રવર્ત્યું. બલિરાજા ગયા ગુરુ પાસે અને કહ્યું મારે આસુરી જાતિનો બહુ ઉદ્ધાર કરવો છે. શુક્રાચાર્યએ કહ્યું કે મહારાજ ! તમે અધર્મથી લડો છો એટલે હારો છો. જો દેવોને હરાવવા હોય તો અધર્મને નહીં તમે ધર્મના બળથી યુદ્ધ કરો. ભલે મહારાજ. બલિરાજાએ એક પછી એક યજ્ઞો કરવાનું આરંભ કર્યો. બલિરાજાના નવ્વાણું અશ્વમેધ યજ્ઞો પૂરા થયા અને હવે આ છેલ્લો યજ્ઞ ચાલે છે. આ યજ્ઞમાં જો કોઈ વિઘ્ન ન આવે તો નિશ્ચિત રૂપે બલિરાજાને ત્રણેય લોકનું સામ્રાજ્ય નિશ્ચિત રૂપે પ્રાપ્ત થઈ જાય. તો હવે શું કરવું ? દેવોની માતા અદીતિ, તમને કદાચ ખબર હશે. દેવો અને દાનવો ભાઈઓ છે. જેમ કૌરવો-પાંડવોની વાત થઈ. દેવ, દાનવ અને માનવ ત્રણેયનો પિતા એક છે, એક જ પિતાના ત્રણ સંતાનો છે. પિતા છે કશ્યપ. કશ્યપની એક પત્ની દિતિ. દિતિને જે સંતાન થયા એ દૈત્ય કહેવાયા. બીજી પત્નીનું નામ અદીતિ અદિતિથી જે સંતાનો થયા એ આદિત્ય કહેવાયા. દેવ અને દાનવ એક જ પિતાના સંતાન છે. અને માનવ માટે કહેવાય છે કારણ કે દરેકનું મૂળ કશ્યપ છે ભતૃહરિનો એક મજાનો શ્લોક યાદ આવે છે. જળનું એક બિંદુ જો ધગધગતા લોખંડ ઉપર પડે તો પડતાની સાથે બળીને વરાળ થઈ જાય છે, એ જ જળનું બિંદુ કમળના પાન ઉપર પડે તો મોતીનો દાણો લાગે છે અને એ જ જળનું બિંદુ સ્વાતિનક્ષત્રમાં જો છીપમાં પડે તો મોતી બની જાય છે. એમાં જળબિંદુનો દોષ નથી પણ એ બિંદુ કયા પાત્રમાં પડ્યું, આ પાત્રભેદ અને પાત્રભેદના કારણે ગતિભેદ, પાત્રભેદના કારણે પ્રારબ્ધભેદ. જળની કોઈ ગુણવત્તામાં ફરક નથી. લોખંડના તવા ઉપર પડે તો છમ કરતાંની સાથે બળી જાય છે, એનું નામનિશાન રહેતું નથી. એ રીતે દેવ-દાનવનો ભેદ થયો. એટલે દેવોની માતા અદિતિને દેવકાર્ય સિદ્ધ કરવા પુત્ર પ્રાપ્તિ માટે પતિને વિનંતી કરે છે. પતિએ એને ફાગણ માસમાં ફાગણ સુદ એકમથી ફાગણ સુદ બારસ કરવાનું પયોવ્રત કહ્યું. અદિતિમાતાએ પયોવ્રત કર્યું. ગર્ભવતી થયા. ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ અને ભાદ્રપદ માસ આવ્યો. ભાદ્રપદ માસ, શુકલ પક્ષ, દ્વાદશી તિથિ. વામન જન્મ થયો ત્યારે દ્વાદશી

હતું. અભિજીત મૂહુર્ત હતું. સૂર્ય મધ્યાહ્ને બિરાજમાન છે અને તે વખતે કશ્યપ મુનિના આશ્રમમાં ભગવાન શ્રી વામન પ્રગટ થયા. બોલો શ્રી વામન ભગવાન કી જય..... ભગવાન વામનના યજ્ઞોપવીત સંસ્કાર થયા અને હવે પ્રભુ આવીને ઊભા છે બલિરાજાના યજ્ઞ મંડપના દ્વાર ઉપર. નર્મદાના ઉત્તર કિનારે ભૃગુકચ્છ નામના, આજે જેને ભરૂચ કહેવાય છે એ સ્થાને રાજાનો યજ્ઞ ચાલી રહ્યો હતો. ભગવાન વામન ત્યાં પધાર્યા છે. વામન ભગવાનના અદ્‌ભુત તેજને લીધે સૌ ચકિત થઈ ગયા. આ સૂર્ય હશે, અગ્નિદેવતા બાળકનું રૂપ લઈને પધાર્યા હશે કે પછી સનકાદિમુનિઓમાંથી કોઈ મુનિ અહીંયા પધાર્યા હોવા જોઈએ. તેજસ્વી બાળક કોણ છે? ભગવાનનો વેશ બટુકનો વેશ હતો. ચરણમાં પાદુકા, કટિ ઉપર માત્ર કૌપિન, ખભા ઉપર એક ઝોળી, એમાં ભિક્ષાનું પાત્ર, જપ કરવાની માળા, દર્ભ સંધ્યાવંદનમાં જરૂરી છે તે બેસવા માટેનું એક આસન, કંઠમાં માળા, ખભા ઉપર યજ્ઞોપવીત અને હાથમાં છત્ર. આ વામન ભગવાનનો શ્રૃંગાર. બલિરાજા કોઈ અદ્‌ભુત આકર્ષણથી ઊભા થઈ ગયા. ખબર નથી કે આ ભગવાન છે પણ અંદરથી આમ એવું હૃદય ખેંચાતું હતું. સુંદર આસન લઈ આવ્યા, ભગવાનને ત્યાં પધરાવ્યા. રાણી વિદ્યાવતીને બોલાવી અને આ બટુક બ્રાહ્મણના ચરણ પખાળ્યા અને હાથ જોડીને રાજા કહેવા લાગ્યા કે હે બ્રાહ્મણ બાળક !

स्वागतं ते नमस्तुभ्यं ब्रह्मन्किं करवाम ते ।
ब्रह्मर्षीणां तपः साक्षान्मन्ये त्वाऽऽर्य वपुर्धरम् ।

હે બ્રાહ્મણ બાળક ! તમારું સ્વાગત. તને હું પ્રણામ કરું છું. હે બ્રહ્મદેવ ! હું તમારું શું કરું ? બલિરાજાએ પછી ત્રણ પ્રકારનો હર્ષ પ્રગટ કર્યો.

अद्य नः पितरस्तृप्ता अद्य नः पावितं कुलम् ।
अद्य स्विष्टः क्रतुरयं यद् भवानागतो गृहान् ।।

આપના આગમનથી મારા પિતૃઓ તૃપ્ત થયા. મહારાજ ! મેરા કુળ પાવન હો ગયા. આજ મેરા યજ્ઞ સફલ હો ગયા. કાં તો કહો સફળ હો ગયા અથવા કહો નિષ્ફળ હો ગયા, કેમ ? જે વસ્તુ માટે બલિરાજા યજ્ઞ કરતા હતા એ વસ્તુ જ ભગવાને માંગી લીધી. સમર્પણ બલિરાજા કો આ વીજી વધાઈ છે જે વસ્તુ મેળવવા માટે રાજા યજ્ઞો કરતા હતા, એ ભગવાને જ માંગી લીધું અને રાજાએ જરા પણ વિચાર્યા વિના આપી દીધું. આ જગતમાં જ્યારે પણ કોઈ સમર્પણની વાત આવે છે ત્યારે અત્યંત આદરપૂર્વક બલિરાજાનું નામ લેવાય છે. અરે બટુક ! તુમ્હે જો ભી ચાહિયે મુઝસે માંગ લો. તુમ્હે જો જો ચાહિયે માંગ લો. **त्वामर्थिनं अनुतर्कये** મને એવું લાગે છે કે તું કાંઈક મારી પાસે માંગવા આવ્યો છે. રાજા ચતુર છે. આપવા આવ્યો હોયને એની આવવાની રીત જુદી હોય. માંગનારના મુખ ઉપર સંકોચ હોય છે. મને લાગે છે કે તું કાંઈક માંગવા આવ્યો છે. તો હું તને કહું છું કે બલિરાજા તું જે કહીશ એ હું તને આપીશ. મહાપ્રભુજીએ આ આખા પ્રકરણનું નામ આપ્યું છે સ્વોક્તિનિર્વાહ. સ્વોક્તિનિર્વાહનો અર્થ તેં ભગવાનને જે વચન આપ્યું એ પાળ્યું. સ્વઉક્તિનો નિર્વાહ. રાજા બોલી લીધું ગાય આપું, સોનું આપું, તને પરણાવી આપું, સમૃદ્ધ ગામ લખી આપું, હાથી ઘોડા રથ આપું, બોલ ? ભગવાને માંગણી રજૂ કરતા પહેલા રાજાની ત્રણ પેઢીના વખાણ કર્યા. મહારાજ વિરોચનના પુત્ર ! તમારા પિતા વિરોચન કેટલા ઉદાર હતા, એનો યશ ત્રણેય લોકમાં પ્રસિદ્ધ છે. યાચકનો ધર્મ છે કે દાતાના ગુણગાન કરે. ભગવાને પણ યાચકલીલાનો બરાબર નિર્વાહ કર્યો છે. માંગવા આવ્યો

હોય એ માલિક બનીને ન આવે. તમારા પિતા વિરોચંદ કેટલા ઉદાર ! ઐસા કોઈ ભક્ત હુઆ નહીં હૈં ઔર તુમ્હારે પરદાદા કિતને વીર પુરુષ થે. મહારાજ હિરણ્યકશ્યપુ સે તીનોં લોક કાંપતે થે. આજે ભગવાન હિરણ્યકશ્યપુના પણ વખાણ કરે છે કારણ કે માંગવા આવ્યા છે. પોતાની પેઢીઓના વખાણ સાંભળ્યા એટલે બલિરાજા વધારે ખુશ થયા. માંગ... માંગ... માંગ લે. ભગવાને કહ્યું હું પણ તમારી પાસે માંગવા જ આવ્યો છું મારા ચરણના માપ પ્રમાણે મને ત્રણ પગલાં પૃથ્વી આપો. **पदानि त्रीणि दैत्येन्द्र संमितानी पदा मम ।** બલિરાજાને થયું કે આ ગમે તેટલો તેજસ્વી દેખાય પણ છે તો બાળકને ! અરે તું છોટા બચ્ચા હૈ, તેરી બુદ્ધિ કચ્ચી હૈ. બચ્ચા હૈ, અકલ કા કચ્ચા હૈ, માંગના નહીં આતા હૈ, તુજે પતા હૈ તું કિસકે પાસ માંગને આયા હૈ. તું એ બલિરાજા પાસે માંગવા આવ્યો છે કે જે બલિરાજા આગળ માંગનારને ફરીથી કોઈની આગળ હાથ લાંબો કરવો ન પડે. બલિરાજા ખોટું નથી બોલ્યા, અતિશયોક્તિ નથી કરી. સાચી વાત છે. એકબાર જો મેરે પાસ માંગતા હૈ, ઉસે ફિર કિસીકે પાસ માંગના નહીં પડતા હૈ. તું કોઈ ઉદારને આંગણે આવ્યો છે બ્રાહ્મણ ! અને તું સંકોચ કેમ કરે છે. આ ત્રણેય લોક ઉપર મારો અધિકાર છે. યે સબ મેરા હૈ ઔર મૈં ઉદાર હૂઁ, મૈં ઔર મેરા ઉસી બીમારી કો દૂર કરને કે લીયે તો હમ આયે હૈં. બલિરાજાના વચનોમાં **'હું અને મારું'** એનો રણકો ચોખ્ખો દેખાય છે. હું ઉદાર છું અને આ બધું જ મારું છે, તું માંગ. ભગવાન જે ઉત્તર આપે છે એ પણ સાંભળો. ભગવાને કહ્યું, દેખો રાજા ! આપનારો ઉદાર હોવો જોઈએ એ એની શોભા છે, પણ લેનારો સંતોષી હોવો જોઈએ એ એની શોભા છે. તમે જમવા બેઠા હો અને કોઈ એવું પૂછે કે તમે આજે કેટલું જમશો ? તો તમે એમ કહેશો કે તપેલામાં હોય એટલું; કે એમ કહેશો કે ભૂખ હોય એટલું. તપેલામાં વધારે હોય તો વધારે જમવું, તપેલામાં ઓછું હોય તો ઓછું જમવું. એવું થોડું છે ? આપણે કેટલું જમવું જોઈએ જેટલી આપણી ભૂખ હોય. ભગવાન કહે છે કે મારે એટલું જ જોઈએ જેટલી મારે જરૂર છે. બ્રાહ્મણ આવશ્યકતા કરતા વધારે સંપત્તિ એકઠી કરે તો એનું તેજ ઘટે છે. રાજા ! તમે ઉદાર છો એ આનંદની વાત છે, પણ તમારે આંગણે આવેલો યાચક, તમારે આંગણે આવેલો આ બ્રાહ્મણ સંતોષી છે. બહુ સુંદર સંવાદ છે. આ હું તમને પુછુ છું કે આપણે ભગવાનને આંગણે સંતોષી બનીને ક્યારે જઈશું? કે હે પ્રભુ ! મારે કાંઈ જોઈતું નથી, તારે જોઈએ તો કહેજે. આવું કો'કવાર તો એની પાસે જઈને કહીએ. કે પછી જ્યારે જઈએ ત્યારે કોઈ Demand લઈને જઈએ. તમે જો ધ્યાનથી સાંભળો તો તમને ખ્યાલ આવશે. આમાં ઘણા લોકોએ ઘણાં પુરાણો વાંચ્યા હશે, ઘણી કથાઓ સાંભળી હશે. ભગવાન જ્યારે પણ કોઈને દર્શન આપે તો પહેલું કયું વાક્ય બોલે છે? ભગવાન અથવા દેવ પહેલું શું બોલે છે ? **'માંગ, તું જે માંગે એ હું આપું'** ભગવાન જ્યારે પણ અવતાર લે, જેને પણ દર્શન આપે એની સામે પહેલું આ જ વાક્ય બોલે તો ભગવાનને આવી ટેવ કોણે પાડી? અથવા ભગવાનને આવી ટેવ કેમ પડી ? લાંબા ગાળે ભગવાનને એવો અનુભવ થયો કે લોકો મને ત્યારે જ યાદ કરે છે કે એમને જ્યારે કાંઈક જોઈતું હોય છે અને પેલો કહે કે માંગ જે માંગું તે આપું ત્યાં સુધીમાં તો આપણું લીસ્ટ તૈયાર જ હોય છે. રાજા તમે ઉદાર છો એ તમારો ધર્મ પણ મારો ધર્મ છે હું સંતોષી છું. મને ત્રણ ડગલાં જોઈએ, વધારે ન જોઈએ. નદીમાં ગમે તેટલું જળ હોય, આપણે કેટલું પીશું ? આપણી તરસ હોય એટલું. શુક્રાચાર્યને થયું કે

આમાં કૈંક ગરબડ છે. આવું તેજ, આવી વાણી ! નેત્ર બંધ કરીને ધ્યાન લગાવ્યું તો ખબર પડી કે અરે ! આ તો ભગવાન વિષ્ણુ પધાર્યા છે. બલિરાજાને સાવધાન કર્યો. એ...અરે રાજા સાવધાન ! હે વિરોચનના પુત્ર ! આ સાક્ષાત વિષ્ણુ પધાર્યા છે. યે તુમ્હારા કામ કરને કે લિયે નહીં આયા હૈ, તુમ્હારી બાત બિગાડને કે લિયે આયા હૈ. કશ્ય. અભી અભી ઉસકા જનમ હુઆ હૈ. બલિએ કહ્યું, મહારાજ ! ભગવાન હોય તો ભગવાન અને બ્રાહ્મણ હોય તો બ્રાહ્મણ; મેં વચન આપ્યું છે, હું બોલ્યો છું કે તું જે માગીશ તે આપીશ. શુક્રાચાર્યએ કહ્યું અમુક સંજોગોમાં માણસ જૂઠું બોલે તો એ દોષ નથી. શુક્રાચાર્ય બલિરાજાને ચલિત કરવા માંગે છે અને એ કરે તો ના પણ નથી કારણ કે એ દૈત્યોના ગુરુ છે. તમે યાદ ન રાખો તો કહું કે આટલી જગ્યાએ ખોટું બોલાય. **स्त्रीषु नर्म विवाहेषु वृत्यर्थे प्राणसंकटे गोब्राह्मणार्थे हिंसायां नानृतं स्याज्जुगुप्सितम् ।।** આ શુક્રાચાર્યનો શ્લોક છે. સ્ત્રીઓ સાથે ખોટું બોલાય, વિનોદમાં ખોટું બોલાય, લગ્નપ્રસંગે ખોટું બોલાય, આજીવિકાનું કામ હોય ત્યાં ખોટું બોલાય, ગાય-બ્રાહ્મણની હિંસા થતી હોય તો ખોટું બોલાય, શુક્રાચાર્ય શીખવે છે. પણ બલિરાજાએ શુક્રાચાર્યની આ વાત માની નથી. ગુરુઆજ્ઞાનો ભંગ કરવો એ તો બહુ મોટો અપરાધ છે છતાં અહીં બલિરાજાએ ગુરુઆજ્ઞાનો એ રીતે ભંગ કર્યો કે ગુરુને શ્રાપ આપવાનું થયું. બલિરાજાએ ગુરુની વાત ન માની. **મેં તમને પહેલા પણ કહ્યું હતું કે બધા જ ધર્મ કરતા ભગવદ્ ધર્મ મોટો છે. શિષ્યોએ ગુરુની આજ્ઞા માનવી જોઈએ પણ ગુરુની આજ્ઞા જો આપણને ભગવાનથી વિમુખ કરનારી હોય તો નહીં, માતાપિતાની આજ્ઞા ભગવાનથી વિરૂદ્ધ હોય તો નહીં, પતિ કે પત્નીની આજ્ઞા ઈશ્વરથી વિમુખ કરનારી હોય તો નહીં કારણ કે સર્વોપરી તો પરમાત્મા છે.** જ્યાં ગુરુનો મહિમા ગવાયો છે ત્યાં એટલી હદે મહિમા ગવાયો છે કે ગોવિંદને પ્રણામ પછી થાય પહેલા ગુરુને થાય.

गुरु गोविंद दोनो खडे किसको लागु पाय ।
बलिहारी गुरु आपकी गोविंद दियो बताय ।।

ગુરુ ગોવિંદ કરતા અધિક છે પણ એ ત્યારે કે એ ગુરુ આપણને ગોવિંદ પાસે લઈ જતા હોય. અહીંયા તો ગુરુ ભગવાન પાસેથી ચલાયમાન કરવાની વાત કરતા હતા અને એટલા માટે બલિરાજાએ ગુરુ આજ્ઞા ન માની. ગુરુએ શ્રાપ આપ્યો, 'જા તારી સઘળી સમૃદ્ધિથી તું ભ્રષ્ટ થશે તું બધું ગુમાવશે.' બલિરાજાએ કહ્યું, પ્રભુના ચરણમાં નિવેદન કરવું એ ગુમાવવું ન કહેવાય. આપણે આપણું સર્વસ્વ ઠાકોરજીને અર્પણ કરી દઈએ એ આપણે ગુમાવીએ છીએ ? તમારા ઘરમાં કિંમતી જ્વેલરી હોય એ તમે બેંકના સેઈફ ડિપોઝીટના લોકરમાં મૂકી આવો તો એ તમે ગુમાવ્યું કહેવાય ? ન કહેવાય. તો પ્રભુના ચરણમાં આપણા બધા જ સુખો સુરક્ષિત છે, જીવનના બધા જ સુખ પ્રભુના ચરણમાં Safe છે અને એટલા માટે કોઈ વાંધો નથી. તો પ્રભુના ચરણમાં આ સમર્પણ કરવાનું છે. આ જગતમાં સમર્પણનો જો કોઈ સર્વોપરી સિદ્ધાંત બતાવ્યો હોય તો પહેલું નામ છે મહારાજ બલિનું. ક્રમથી લઈએ તો પહેલા વરાહ, પછી વામન અને પછી વ્રજ વનિતાઓ. વરાહે સમર્પણ શીખવ્યું યજ્ઞ રૂપે, યજ્ઞ પણ સમર્પણ છે. વામને સમર્પણ શીખવ્યું ભક્તિની રીતે કે માલિક આ ગયા, રખ દો ઉસકે ચરણોં મેં સબકુછ ઔર હો જાઓ હલકે-ફુલકે. આપણો ભાર ઉઠાવનારો કોઈ બળવાન આશ્રય મળી જાય તો આપણે શું કરવા ભારમાં દટાઈ મરવું. જીવનમાં તમે જે જે વસ્તુમાં તમે મમત્વ લગાડો છે એ વસ્તુતઃ ભાર છે. દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ,

ભાર, પુત્ર, કુટુંબ પરિવાર, આ બધાનો ભાર જો પ્રભુ ઉપાડી લેતા હોય તો આપણે એ ભાર શા માટે માથે રાખવો અને એ તો આખો ગોવર્ધન ઉઠાવી શકે છે, એને તો કોઈ ભાર લાગતો નથી. બીજું આપણો બોજો આપણે ભગવાનને નથી આપતાં. મેરા મુઝમેં કુછ નહીં, જો કુછ હૈ સો તેરા; તેરા તુઝકો સૌંપ દે, ક્યા લાગે હૈ મેરા. બલિરાજાના પ્રસંગમાં એક એ વિવેક શીખવવામાં આવ્યો. વૈષ્ણવોમાં એટલા માટે તો આ અવતારને પણ પુષ્ટિ અવતાર માન્યો છે. નૃસિંહ, વામન, રામ અને કૃષ્ણ આ ચાર અવતારો આપણા મંદિરોમાં પણ જયંતિના રૂપમાં ઉજવાય છે. પંચામૃત થાય છે, તિલક થાય છે, વામન અવતાર પણ પુષ્ટિ અવતાર છે કારણ કે બલિરાજાનું જે સમર્પણ છે એ પુષ્ટિમાર્ગીય સમર્પણ છે. મારું કોઈને આપું છું એવું વિચારો તો એ સમર્પણ નથી, એ દાન છે અને પ્રભુ યે સબ તેરા હી હૈ, તેરા મૈં તુઝકો લૌટા રહા હૂઁ. એટલે અર્પણની આગળ પણ 'સમ્' લગાવ્યું. આપણે પૂજામાં બોલીએ છીએ સમર્પયામિ કેમ બોલીએ છીએ? સમ્યક્ અર્પણ, સમર્પણ સમ્યક્ સમર્પણનો અર્થ છે કે મારું પ્રભુ હું તમને સમર્પી રહ્યો છું. મહાપ્રભુજીએ પણ આજ શબ્દ લીધો છે. નિવેદન બલિરાજાની કથા સમર્પણની કથા છે. **સ્વાર્થ દુર્ગંધ છે, સમર્પણ સુગંધ છે, ભક્તિની સુવાસ છે.** પ્રભુના ચરણમાં પ્રસન્નતાપૂર્વક સમર્પણ કર્યું છે, પ્રભુ ! આ તમે તમારું સ્વીકારો અને મને મુક્ત કરો.

તમારી બાજુવાળો પાકીટ ભૂલી ગયો ને એમાં પાંચ દસ હજાર રૂપિયા હોય, તો તમે શું કરો ? પહેલાં તો મે પાકીટ તમારી પાસે રાખી લેશો. હવે એ જ્યાં સુધી નહીં મળે એનું પાકીટ જ્યાં તમે પાછું નહીં સોંપી દો, ત્યાં સુધી તમને તો બોજો જ રહેવાનોને કે વહેલામાં વહેલા મળે ને તેને તે આપી દો. એટલે તમે છૂટા. **જેનું જેને આપી દો એટલે તમે છૂટ્યાં** એમ પ્રભુને સર્વાત્મ નિવેદન કર્યા પછી જ જીવ અહંતા અને મમતાથી મુક્ત થાય છે. બોજ વગરનો થાય છે પછી તો ભગવાને વામનમાંથી વિરાટ રૂપ ધારણ કર્યું, બે ચરણમાં તો ધરતીથી આકાશ સુધીનું બધું જ ભરી લીધું, ત્રીજું ચરણ પધરાવવાની જગ્યા ન રહી. હે રાજા ! તેં મને છેતર્યો. બોલ ત્રીજું ચરણ હું ક્યાં રાખું ? બલિ કહે છે મહારાજ આપનું ત્રીજું ચરણ મારા મસ્તક ઉપર પધરાવો. હું મારા વચનમાંથી ચલાયમાન નહીં થઉં અને વામન રાજા બલિને નથી કહેતો કે ત્રીજું ચરણ માથે પધરાવો. વિરાટને કહે છે અને વિરાટનો ચરણ માથે પડે તો શી હાલત થાય ? એટલે તો ભગવાનનો ચરણ આવ્યો અને ઉગરી ગયો બલિરાજા. વામનને તો આપણે કહીએ કે મૂકોને ત્રીજો ચરણ મારા માથે પણ વિરાટને એવું કહી શકે ? તમને એમ થાય કે ભગવાને કપટ તો કર્યું કહેવાયને ! માંગ્યું ત્યારે વામન અને માપ્યું ત્યારે વિરાટ. કોઈને 'સેમ્પલ' જુદું બતાવીએ ને 'માલ; જુદો આપીએ તો એ કપટ ન કહેવાય ? માંગ્યું ત્યારે વામન અને માપ્યું ત્યારે વિરાટ ! એટલે ગોપીઓ જ્યારે અકળાયા છે ને ત્યારે કહ્યું છે કે વામન અવતારમાં પણ કપટી છે, કપટ કરીને માંગ્યું. એક તો રૂપ બદલીને આવ્યો આ પહેલું કપટ. આવવું હતુંને એના મૂળ રૂપમાં અને બીજું આવ્યો ત્યારે નાનો હતો. આને એમ થયું કે આટલો નાનો છોકરો ત્રણ પગલાં માંગે છે તો આપોને શો વાંધો છે ? એને ખબર નથી કે આટલો લાંબો વિરાટ થઈ જશે પણ આ લીલાનું રહસ્ય આપણે જાણતા નથી. જુઓ, સાંભળો ! ભગવાન એટલે આનંદ. હવે જીવની બુદ્ધિમાં જ્યાં સુધી હું અને મારું હતું ત્યાં સુધી આનંદ વામણો હતો, માપી શકાય એટલો હતો. કવિઓએ



કહ્યું છે કે વામન અવતાર બાવન આંગળની લંબાઈવાળા હતા, પહેલાં ઈંચ ને ફૂટ નહોતા. માપ આંગળથી નક્કી થતું હતું એટલા માટે.

रहिमन याचकता बुरी, बडो लघु व्है जाय ।
विराटसे वामन भयो बावन अंगुल गात ।।

રહીમનો દોહો છે કે અનંત વિરાટ વિષ્ણુને માંગવાની વેળા આવી ત્યારે એ પણ બાવન આંગળનો થઈ ગયો. ભગવાને કાંઈ ખોટું નથી કર્યું. જીવની ભક્તિમાં અહંતા-મમતા હતા ત્યાં સુધી આનંદ વામણો છે અને જ્યારે એણે બધું કહી દીધું કે ત્રણ પગલાં તો શું જે જોઈએ તે લઈ જાવ, એની સાથે ત્યાં આનંદ વિરાટ થઈ ગયો. ભગવાન વિરાટ બન્યા એટલે આનંદ વિરાટ થયો. બલિરાજાને ભગવાને સુતળ નામના પાતાળમાં ઊતારી દીધો એટલું જ નહીં, હવે બલિરાજાને દરવાજે પ્રભુ દ્વારપાલ થઈને રહ્યાં. ભાગવતમાં તો નથી પણ વામનપુરાણમાં કથાઓ છે કે લક્ષ્મીજી બલીરાજાના બહેન બનીને રહ્યા. રક્ષાબંધનનો દિવસ આવ્યો. બલીરાજાને રક્ષા બાંધી. બહેન રાખડી બાંધે એટલે ભાઈ પૂછે કે તારે શું જોઈએ ? બલીરાજાએ પૂછ્યું કે બહેન તને શું આપું ? બહેને કહ્યું પેલો બહાર ઊભો ઊભો ચોકી ભરે છેને એ આપી દો. બલીરાજાની હાલત જુવો. ભગવાને આવી અને સમૃદ્ધિ લઈ લીધી, સમૃદ્ધિ લીધી તો લીધી પણ ભગવાન તો છેને ત્યાં લક્ષ્મી આવ્યા અને ભગવાન માંગી લીધા અને બલિરાજાએ કહ્યું ભલે લઈ જાવ. એટલે કહેવાયું સમર્પણ બલિરાજા હતો સાચો પરંતુ એનું ફળ એ મળ્યું કે જગતમાં બલિરાજાનું નામ અમર થઈ ગયું. એક નવું નામ પડ્યું, જ્યારે કોઈ ન આપી શકે એવી વસ્તુ કોઈ આપી દે તો એ દાન ન કહેવાય; બલિદાન કહેવાય. દાન શબ્દની આગળ બલિરાજાનું નામ જોડાઈ ગયું અને એક નવો શબ્દ બન્યો બલીદાન. તમો કોઈ નાની-મોટી વસ્તુ આપી દો એ દાન કહેવાય પણ તમે તમારા પ્રાણ આપી દો એ, તમે તમારું સર્વસ્વ આપી દો તો એ દાન નથી બલીદાન છે. કેટલાક લોકોથી નવા શબ્દો બન્યા છે. દુનિયામાં જેમ કે પ્રતિજ્ઞા - ભીષ્મપ્રતિજ્ઞા, બાણ - રામબાણ પછી દવા માટે પણ કહેવાય કે આ રામબાણ દવા છે. એ નવા શબ્દો બને છે અને કેમ બને

છે કે એની તોલે આવી શકે એવું બીજું કોઈ નથી. રામબાણ, રામના બાણ જેવું બીજા કોઈનું બાણ નહીં. ભીષ્મના જેવી કોઈની પ્રતિજ્ઞા નહીં, એમ બલિરાજા જેવું કોઈનું દાન નહીં, માટે બલિદાન કાર્ય - ભગીરથ કાર્ય. કોઈ કરી ન શકે એવું અઘરું કાર્ય એટલે ભગીરથ કાર્ય.

નવમા સ્કંધનું નામ ઈશાનુકથા. એમાં પહેલા સૂર્યવંશી રાજાઓના ચરિત્ર કહ્યા અને પછી ચંદ્રવંશના કહ્યા અને આ બંને રાજાઓના ચરિત્ર એટલા માટે કહ્યા કે બંને વંશમાં ભગવાનનો આવિર્ભાવ થયો છે. સૂર્યવંશમાં ભગવાન શ્રી રઘુનાથ રામચંદ્રજી, ચંદ્રવંશમાં ભગવાન પુષ્ટિ પ્રભુ - ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા છે. પહેલા સૂર્યવંશના રાજાઓની કથા લઈએ. આ રાજાઓમાં અંબરીષની કથા જો ન લઈએ તો આ સ્કંધની કથા અધૂરી કહેવાય.

स वै मनः कृष्णपदार विन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ।
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुति चकाराच्युत सत्कथोदये ।।

મન કર્યું ઉત્તમ જે કૃષ્ણના ચરણમાં લાગે..... આપણાં શરીરની તમામ ઇન્દ્રિયોનો ભક્તિમાં વિનિયોગ થવો જોઈએ. મન એ જ કામનું જે કૃષ્ણચરણમાં હોય. આંખ એ જ કામની જે પ્રભુના દ્વારના, પ્રભુના દર્શન કરે. આ હાથ ત્યારે જ સફળ થાય જ્યારે પ્રભુના મંદિરમાં બુહારી કરે, ભગવાનની સેવામાં જેટલી નાની સેવા એટલું જ ઉત્તમ ફળ. આમ તો નાની કે મોટી એવો ભેદ જ શું જોવાનો હોય ? આ ચરણ પ્રભુના ધામ સુધી જવા માટે છે, આ કાન પ્રભુની કથા સાંભળવા માટે છે, આ મુખ પ્રભુના ગુણ ગાવા માટે છે. રાજા અંબરીષને ત્યાં ભગવાન દ્વારિકાધીશ બિરાજતા હતા. કાંકરોલીમાં અત્યારે જે સ્વરૂપ બિરાજે છેને એની સેવા અંબરીષ રાજાએ અત્યંત વૈભવપૂર્વક કરી છે. એવું કહેવાતું કે સામગ્રીમાં જો બાવન મણ મરી વપરાતા, તો પછી ઘી કેટલું વપરાતું હશે ? આવો વૈભવ. બીજું આટલા બધા સેવકો હોવા છતાં અંબરીષ રાજા રોજ સેવામાં સ્વયં પહોંચતા. કાશીના શેઠ પુરુષોત્તમદાસ એકવાર ગૌશાળામાં ગોબર ભેગું કરતા હતા અને કાશીના શેઠ એટલા સમૃદ્ધ હતા કે રાજાને પૈસાની જરૂર પડે તો એને પણ આપતા. સેવકે દોડતા દોડતા આવીને કહ્યું, શેઠ... શેઠ, કાશીનો રાજા આપને મળવા માટે આવે છે, જરા સારા કપડાં પહેરીને ગાદીએ બેસો. આમણે તો અડધી પોતડી પહેરેલી અને છાણ ભેગું કરતા હોય એટલે હાલત કેવી હોય ? શેઠે કહ્યું, આનેવાલો કો આને દો, કોઈ ચિંતા નહીં. ઈધર લે આઓ. રાજા આવ્યો તો એ જુએ છે કે શેઠ પુરુષોત્તમદાસ એક નાની પોતડી પહેરેલી છે, આખું શરીર ગોબરવાળું છે. રાજા કાચીબુદ્ધિનો ન હતો. એણે શેઠને હાથ જોડીને કહ્યું, અંબરીષ રાજા વિશે તો સાંભળ્યું હતું પણ આજે મને લાગે છે કે મેં અંબરીષ રાજાના દર્શન કર્યા. જે રીતે અનેક સેવકો છે, જે રીતે અપાર વૈભવ છે એ પણ ઠાકોરજીની નાનામાં નાની સેવામાં લાગેલા છે. તમને એમ થાય કે અંબરીષ રાજા ઠાકોરજીની આગળ જ બેસી રહેતા હશે તો પછી રાજપાઠમાં તો અંધેર જ હશેને ? ના, ભગવાને સુદર્શન ચક્રને આજ્ઞા કરી હતી કે અંબરીષ રાજાનું રાજ્ય સંભાળો, જુઓ તમે ભગવાનને સંભાળોને તો ભગવાન તમારું બધું જ સંભાળે. જો તમે ભગવાનને સંભાળો તો... અંબરીષ રાજા ભગવાનને સંભાળતા અને ભગવાનનું સુદર્શન રાજ્યને સંભાળતું અને ભગવાનનો વહીવટ હોય પછી ક્યાં ગરબડ હોય ? એક દિવસ એ એકાદશીના વ્રત પછી દ્વાદશીએ, આ પણ બારસની કથા આવી. દ્વાદશી જો સવાર હતી અને દુર્વાસા ઋષિનું આગમન થયું. અંબરીષ રાજા પ્રસન્ન થયા. આજે

પારણાનો દિવસ અને મારે આંગણે ઋષિ પધાર્યા. મારું વ્રત સફળ થઈ ગયું. મહારાજ ! બહોત બડા ઉપકાર કિયા આપને, મૈં તો ધન્ય હો ગયા. બસ થોડી દેર મેં રાજભોગ સરેગા, આપ પ્રસાદ લિજીએ. દુર્વાસાએ કહ્યું, અભી હમ સ્નાન કરકે આતે હૈં. દુર્વાસા સ્નાન કરવા ગયા કોણ જાણે કેમ પણ જલ્દી ન આવ્યા. આ બાજુ બ્રાહ્મણોએ કહ્યું કે મહારાજ રાજભોગ સરી ગયા છે, આપ પારણા કરો પછી બધા લોકો પારણા કરે. હા, એ પણ બરોબર છે. મારે આંગણે ઋષિ આવ્યા છે અને એ જ્યાં સુધી પારણા ન કરે ત્યાં સુધી મારાથી કેમ થાય ? અંબરીષરાજા ધર્મ સંકટમાં મૂકાયા. બ્રાહ્મણોએ ઉપાય બતાવ્યો. મહારાજ, એક કામ કરો. આપ ભોજન ન કરશો પણ ઠાકોરજીના રાજભોગમાં જે ઝારીજી પધરાવ્યા છે એના જળનું જરા આચમન કરી લો. રાજભોગના ઝારીનું આચમન કરો એટલે આપણે વ્રતના પારણા કર્યા ગણાશે અને બ્રાહ્મણને મૂકીને આપે ભોજન કરી લીધું એવો દોષ નહીં લાગે. અંબરીષરાજાએ આ આજ્ઞાનો સ્વીકાર કર્યો. આચમન કરીને પારણા કર્યા પણ દુર્વાસા ઋષિને આ સાંભળ્યા પછી પણ ક્રોધ આવ્યો. અરે, દુષ્ટ રાજા ! તું એટલો બધો અભિમાની થઈ ગયો છે કે મારા પહેલા તેં ભોજન કરી લીધું. ક્રોધાયમાન થયેલા દુર્વાસા ઋષિએ પોતાની જટામાંથી અગ્નિમય કૃત્યાને ઉત્પન્ન કરી અને આજ્ઞા કરી કે જા અંબરીષને બાળીને ભસ્મ કર. તે વખતે રાજા અંબરીષ ભયભીત થઈને એક પણ ડગલું પાછળ ખસ્યા નથી. કૃત્યાએ અંબરીષને બાળવા માટે ધસી ત્યાં તો ભગવાનનું સુદર્શન આવી ગયું. કૃત્યાને તો બાળી નાંખી પરંતુ હવે અંબરીષની પાછળ દુર્વાસાની પાછળ પણ કૃત્યા પડી છે. દુર્વાસા જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સુદર્શન પાછળ પડ્યું છે. દુર્વાસા થાકીને બ્રહ્માજી પાસે ગયા. સુદર્શને ત્યાં પણ પીછો કર્યો. બ્રહ્માએ આશ્રય ન આપ્યો પછી મહાદેવજી પાસે આવ્યા. મહાદેવજીએ આશ્રય ન આપ્યો. વિષ્ણુ પાસે આવ્યા કે મહારાજ ! આ તમારું જ ચક્ર મારી પાછળ પડ્યું છે તો મને ક્ષમા કરો, આ ચક્રને શાંત કરો. આજ સુધી ભગવાનને શરણે આવેલો કોઈ પણ જીવ નિરાશ થઈને નીકળ્યો નથી. પણ આ પહેલી વાર એવું બન્યું કે ભગવાનના શરણે આવેલું જીવનું પણ ભગવાને સ્વીકાર ન કર્યો. ભગવાને કહ્યું, દુર્વાસા ! તમે અપરાધી અંબરીષના છો અને મારી પાસે ક્ષમા માગવા કેમ આવ્યા છો ? આપણે જેનો અપરાધ કર્યો હોય સીધા એની પાસે ક્ષમા માંગવી જોઈએ. અગર તમે કોઈનો અપરાધ કરો છો તો એમાં સકોચ નથી થતો તો પછી એ અપરાધને સ્વીકારી લેવામાં, ક્ષમા માંગવામાં સંકોચ કેવો ? પણ તમે જુવો દુર્વાસા ઋષિ આખી પૃથ્વી ઉપર ભટક્યા, બ્રહ્મા પાસે ગયા, શિવ પાસે ગયા, વિષ્ણુ પાસે ગયા પણ અંબરીષ રાજા પાસે આવીને માફી નથી માંગી કે રાજા ભૂલ મારી છે, મારે ક્રોધ કરવા જેવો ન હતો. આ વિવેક ભગવાને શીખવ્યો કે તમે જેના અપરાધી છો, એની ક્ષમા માંગો. સીધા એની પાસે જઈને ક્ષમા માંગી લો, કોઈને કહેવાની જરૂર નથી. તમે એને કહેજોને કે ખરાબ ન લગાડે. જરા મને ઠીક ન હતું એટલે મારાથી બોલાઈ ગયું. કોઈ કહે કે તમે Firstclass First કેવી રીતે આવ્યા ? તો કહે કે એ તો લખાઈ ગયું. કાલે કેટલી મહેનત કરી, કેટલો પરસેવો પાડ્યો, કેટલી કાળજી રાખીને જવાબો લખ્યા. જ્યાં સક્સેસ થઈએને ત્યાં આપણે કર્યું અને ભૂલ થાય તો એ તો મારાથી બોલાઈ ગયું. એમ કેમ જાઓ તમે અંબરીષ પાસે ? અને અંબરીષની ક્ષમા માંગો, ભગવાન ક્ષમા આપવા સમર્થ હોવા છતાં ભગવાને દુર્વાસાને ક્ષમા ન આપી અને એ જગ્યાએ ભગવાને ભક્ત

મહિમાના શ્લોકો ગાયા છે. જેમ ગીતાના બારમા અધ્યાયમાં પાછળના શ્લોકોમાં ભગવાને જે વાતો કરીને એમ અહીંયા પણ છ શ્લોકોમાં. ભગવાને એવો ભક્ત મહિમા ગાયો છે, ભક્ત મહિમા નથી. ભગવાનનું ભક્ત પ્રત્યેનું મમત્વ બોલે છે. મેરા ભક્ત, જાઓ અંબરીષ પાસે ક્ષમા માંગો. દુર્વાસા આવ્યા આ બાજુ અંબરીષ પણ એક વરસથી ભોજન કર્યા વગર બેસી રહ્યા છે. મારા આંગણેથી બ્રાહ્મણ ભૂખ્યો ગયો, કેટલો મોટો મારો અપરાધ ? જુઓ આ બે જણા મળ્યા ત્યારે કેવી હાલત થઈ ? અંબરીષ કહે છે કે મહારાજ વાંક તો મારો કહેવાય, દુર્વાસા કહે છે કે નહીં રાજા વાંક તો મારો કહેવાય. આવું જગતમાં નથી બનતું હોં ! અંબરીષે કહ્યું, મહારાજ ! દોષ મારો છે, મેં પારણા વહેલા કર્યા તો આપને ક્રોધ આવ્યો ને ! દુર્વાસાએ કહ્યું, પરંતુ દોષ તો મારો કહેવાય આવી નાની બાબત માટે મારે ક્રોધ કરવો ન જોઈએ. અને તેં પણ પારણા કર્યા તો બ્રાહ્મણોની આજ્ઞાથી કર્યા છે એમાં શું થઈ ગયું ? તમે જ્યારે ક્રોધમાં હો ત્યારે તમને જે વસ્તુ Justify થતી હોય એ જરા જોજો, ક્રોધ ઉતરી ગયા પછી થાય છે તમે એ રીતે બોલી જ નહીં શકો. રાજા દોષ મારો છે, મને ક્ષમા કરો. અંબરીષ રાજાને સંતોષ થાય છે. મહારાજ ! તમારે મારી પાસે માફી માંગવાની ન હોય. પણ જ્યારે દુર્વાસાએ અંબરીષની પાસે જઈને ક્ષમા માંગી ત્યારે જ તો સુદર્શન શાંત થયું. ભગવાનના ભક્તોનો આવો મહિમા છે. **મારો ભક્ત જીતે એ મારી જીત, મારો ભક્ત હારે એ મારી હાર છે...** હવે પછી સૂર્યવંશમાં મહારાજ રઘુનું ચરિત્ર જોઈએ. રઘુવંશમાં મહારાજ દશરથ. દશરથ રાજાની સુમિત્રા, કૌશલ્યા, અને કૈકેયમાંથી ત્રણ રાણીઓ. ત્રણ ત્રણ રાણીઓ હોવા છતાં સંતાન હતા નહીં. પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો છે, એ યજ્ઞનારાયણ ભગવાન અગ્નિમાંથી પ્રગટ થયા છે, દશરથ રાજાના હાથમાં ચરુની પ્રસાદી પધરાવી. રાજાએ ત્રણેય રાણીઓને પ્રસાદી લેવડાવી અને આનંદના સમાચાર મળ્યા. ત્રણેય રાણીઓ ગર્ભવતી છે. મહિનાઓ પસાર થવા લાગ્યા ને દશરથ રાજાએ ભંડારો ખોલી નાંખ્યા છે. સાધુ-સંતો, બ્રાહ્મણો, ઋષિઓ, મુનિઓ - જે કોઈ આવે, જેનો જે પ્રકારે સત્કાર કરવો હોય તે કરો. સંતો આવો અને આશીર્વાદ આપો કે મારા ઘરે મંગલ દિવસ જલદી આવે, એમ કરતા કરતાં ચૈત્ર માસ આવ્યો. શુકલ પક્ષ હતો અને નવમી તિથિ હતી. મહાપ્રભુજીના મતાનુસાર પુષ્યનક્ષત્ર હતું. નવમો..... મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામજીના પ્રાગટ્યનો સમય આવ્યો છે. પ્રેમથી બોલો..... શ્રી રામ જય રામ જય જય રામ..... મંગલભવન અમંગલહારી..... શ્રી રામ જય રામ જય જય રામ..... બોલો શ્રી રામચંદ્ર ભગવાન કી જય.... મર્યાદાપુરુષોત્તમ ભગવાનશ્રી રામચંદ્રજી અયોધ્યામાં પ્રગટ થયા. ફરીથી જય જયકાર કરો. બોલો જય શ્રી રામચંદ્ર કી જય..... રઘુવંશમાં લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન સહિત ભગવાન શ્રી રામનું પ્રાગટ્ય થયું. રામલીલા અને કૃષ્ણલીલામાં સામ્ય પણ ઘણું છે અને વિરોધાભાસ પણ ઘણા છે. રામ મહેલમાં પ્રગટ્યા અને કૃષ્ણ જેલમાં. રામ પ્રગટ થયા ત્યારે સૂર્ય માથે હતો એટલે કે મધ્ય દિવસે અને કૃષ્ણ પ્રગટ્યા મધ્યરાત્રિએ. રામ પ્રગટ થયા તો નગરીમાં મહાઉત્સવ થયો અને કૃષ્ણ પ્રગટ થયા તો માબાપે થાળી વગાડીને પણ કોઈને જાણ ન કરી. અરે ! સ્હેજ અવાજ પણ ન થવા દીધો. ન ઉમંગનો અવાજ અને ન વિદાય વખતનું ડૂસકું, કારણ કે કંસના ચોકીદારો બહાર ઊભા હતા. સામ્ય પણ છે - રામ પ્રગટ થયા બાળક રૂપે, કૃષ્ણ પ્રગટ થયા પણ બાળક રૂપે. રામ પ્રગટ થયા ત્યારે પણ બાળકને ચારભુજા

હતી, કૃષ્ણ પ્રગટ થયા ત્યારે પણ ચારભુજા હતી. રામ પણ શંખ-ગદા-ચક્ર પર પદ્મ ધારણ કરીને, ચતુર્ભુજ રુપે માતા કૌશલ્યાને દર્શન આપે છે, એ પણ ચતુર્ભુજ રૂપે પ્રગટ થયા છે. રામ પણ શેષ ભગવાનને સાથે લઈને પ્રગટ્યા છે, કૃષ્ણ પણ શેષને સાથે લઈને પ્રગટ્યા છે. પણ થોડો ફેર છે રામાવતારમાં. રામ મોટા એટલે કે નારાયણ મોટા અને શેષ નાના. કૃષ્ણાવતારમાં ઊંધુ થયું. કૃષ્ણાવતારમા તો એણે કહ્યું કે હું બધાયથી નાનો છોટો-સો કનૈયો. **જે નાનો હોય ને એને બધા બહુ વ્હાલ કરે અને મોટો હોય એ માર ખાય.** બે ભાઈઓ લડતા હોય તો મા ઠપકો કોને આપે ? તરત કહે, તું મોટો છે ને સમજતો નથી ? મોટા થવામાં મઝા જ નથી, નાના થવામાં સારું છે. કૃષ્ણ તો બધાયથી નાના, બલદેવથી તો નાના ખરા પણ રાધાજીથીય નાના. પાંચ બરસ કો કુંવર કનૈયા અને સાત બરસ કી રાધાગોરી. આપણા પુષ્ટિપ્રભુ છે ને, એને નાના થવું બહુ ગમે. બહુ નાનો, એ એમ વિચાર કરે કે હું બહુ મોટો થઈને જઉંને તો મારા ભક્તોને શ્રમ થશે. તમને પદ્મનાથદાસની કથા યાદ છે ? મહાપ્રભુજીએ આજ્ઞા કરી પદ્મનાથદાસને કે ઠાકોરજી પધરાવો. તો પદ્મનાથદાસે કહ્યુ કે હું ગમે તેવું સ્વરૂપ ન પધરાવું. કંઈક મહાત્મ્ય હોય એવું સ્વરૂપ પધરાવું. કોઈ પરચાવાળું, ચમત્કાર દેખાડે એવું મહાપ્રભુજી કાંઈ બોલ્યા જ નહીં. થોડા દિવસ પછી જતા હતા. મહાવન પાસે યમુનાજીનો એક કરાડો એટલે ભેખડ તૂટી અને એમાંથી શ્રી મથુરાધીશ પ્રભુનું સ્વરૂપ પ્રગટ થયું. થયું તો થયું પણ તાડના ઝાડ જેટલું લાંબુ થયું. મહાપ્રભુજીએ કહ્યું, પદ્મનાથદાસને કે તમે એમ કહ્યું હતું કે કોઈ મહત્તાવાળું સ્વરૂપ હોય તો સેવા કરું, તો લો કરો. હવે તમારા ત્યાં તાડના ઝાડ જેવા ઠાકોરજી બિરાજતા હોય તો તમારી હાલત શું થાય ? પલ્લુ કઈ રીતે કરવું ? શૈય્યાજી કઈ રીતે કરવા ? સિંહાસન કઈ રીતે કરવું ? વાઘા કઈ રીતે કરવા ? પદ્મનાથદાસ તો મૂંઝાઈ ગયા. મહાપ્રભુજી સમજી ગયા. ઠાકોરજીને વિનંતી કરી આપ આટલા મોટા થઈને બિરાજશો તો ભક્તોને કેટલો મોટો શ્રમ પડશે ? આપ નાના થઈ જાવ. વાર્તામાં એવું લખ્યું છે કે ગોદમાં પધરાવીએ તો ચિબુક સુધી આવે એટલા નાના થઈ ગયા. પુષ્ટિપ્રભુ સુખસેવ્ય છે, એની સેવા કરવી અઘરી નથી. ઠાકોરજી પધરાવવા જરાય અઘરા નથી. ઠાકોરજી કોઈને ભારે પડે એવા નથી. દ્વારિકાધીશ ભારે પડે ? દ્વારિકાધીશને તો ભૂલેચુકેય કહેશો જ નહીં કે મારા ઘરે આવજો. સોળ હજાર ને આઠ રાણી અને દરેકને દસ દસ દીકરા, પરિવાર સાથે આવે અને રાણી સાથે એકાદ તો દાસી હોય. ભગવાનના દીકરા સાથે એકાદ તો ખલાસ હોય, દ્વારિકાધીશને આપણા ઘરે ઊતારવા હોયને તો એકાદ નાનું ગામ ખાલી કરાવવું પડે. એના કરતાં આપણો કાનુડો શો ખોટો ? પાંચ-સાત દોસ્તારોને લઈને આવે, ભૂખ લાગી હોય તો માંગીને ખાઈ લે, થોડું આરોગે-થોડું ઢોળે, થોડાકમાં પાછું એનું પેટ પણ ભરાઈ જાય અને પાછો એના સખાઓને લઈને નાચતો-ગાતો ચાલ્યો જાય. કૃષ્ણ ભારે પડે જ નહીં. એ રાજાધિરાજ છે એવું નથી, એ ગોકુળગામનો સીધો-સાદો ગોવાળિયો પણ છે. હા, હાથમાં એક લાકડી, ખભે કાળી કામળી, મોરલી-મોરપિચ્છ શું જોઈએ વધારે ? અને એણે કોઈપણ દિવસ ભારે ભારે માંગણી કરી પણ નથી. ગીતાનો શ્લોક યાદ કરો. **पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति** આમાં ભારે પડે એવું શું છે ? અને વ્યાકરણની દૃષ્ટિએ જોવા જાવ તો આ બધા એકવચનો છે. પાંદડા નથી માંગ્યા, પાંદડું માગ્યું છે. પુષ્પો નથી માંગ્યા, પુષ્પ માંગ્યું છે. આમાં ક્યાંય બહુવચન નથી, એકવચન

છે. એને ઝાઝું જોઈતું જ નથી. કોઈને ભારે પડે એવો નથી એ, જો ભગવાન ભારે પડે એવા હોત તો ગદાધરદાસ, પદ્મનાથદાસ અને એવા ઘણા બધા અકિંચન વૈષ્ણવોના ઘરમાં પુષ્ટિપ્રભુ ક્યારેય પણ ન બિરાજતા હોત. શ્રીરામનું પ્રાગટ્ય થયું, સાથે લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન પ્રગટ થયા. જેમ કૃષ્ણાવતારમાં દેવકીએ વિનંતી કરી એમ અહીં પણ કૌશલ્યાએ વિનંતી કરી છે કે આ ચારભુજાવાળા નહીં ચાલે, કારણ કે તમને જોઉં છું તો મને એવો ભાવ નથી જાગતો કે આ મારો પુત્ર છે. મા પ્રાર્થના કરી. કૃપા કરીને આ ચર્તુભુજ રૂપ છોડો, બાળક બની જાઓ અને પ્રેમને વશ પ્રભુ માની વિનંતી કે આજ્ઞા જે કહેવું હોય તે કહો, એણે સ્વીકારી અને બાળક બની ગયા. બે ભૂજાવાળો બાળક અને તે પાછો માએ કહ્યું એટલે ઉંઆ ઉંઆ કરીને રોવા પણ લાગ્યો. રોવા લાગ્યા પછી તો ભગવાને બાળલીલા ઘણી કરી, વશિષ્ઠ મુનિએ નામકરણ સંસ્કાર કર્યા. આ આખા જગતને આરામ આપનારો છે માટે એનું નામ રામ, એ સૌમાં રમે છે માટે રામ. જેમાં બધા જ રમે છે એ રામ અથવા જે બધામાં રમી રહ્યો છે એ રામ. રમ્ ધાતુ છે સંસ્કૃતમાં અને એનો અર્થ છે રમવું, રમણ કરવું અને એ સૌમાં રમી રહ્યો છે, માટે એનું નામ રામ છે. ઉત્તમ લક્ષણો હતા એટલે એ લક્ષમણ, આખા જગતનું ભરણપોષણ કરે માટે એ ભરત અને કામક્રોધાદિ શત્રુનો નાશ કરે માટે એ શત્રુઘ્ન. વિદ્યાભ્યાસ કરીને મોટા થયા. વિશ્વામિત્ર મુનિ પધાર્યા. રામ-લક્ષ્મણને લઈને ગયા છે. રસ્તામાં પહેલા તાડકા મળી, ભગવાન રામે તાડકાને મારી. કૃષ્ણાવતારમાં જેમ પહેલી પૂતનાને મારે છે એમ રામાવતારમાં પહેલા રામે તાડકાને મારી. રામાવતારની તાડકા કૃષ્ણવતારની પૂતના એ વસ્તુતઃ અવિદ્યાનું સ્વરૂપ છે, એ અવિદ્યા છે અને વિદ્યાનું દાન કરતાં પહેલાં પ્રભુ અવિદ્યાનો નાશ કરે છે. કૃષ્ણાવતારમાં એ વાત સમજીશું કે જે કાર્ય ભક્ત ન કરી શકતા હોય એ કાર્ય ભગવાન પોતે કરી લે છે. ભગવાન ભક્તોને આ બધી વસ્તુઓનો પણ શ્રમ નથી આપતા એટલે ભગવાને તાડકાને મારી પછી વિશ્વામિત્ર મુનિના યજ્ઞની રક્ષા કરી. જે અસુરોને મારવા હતા એને માર્યા. મારિચને માર્યો નહીં એને આઘો ફેંકી દીધો કારણ કે એની જરૂર પડશે આગળ. આ બાજુ મહારાજ જનકની પુત્રી જાનકીના સ્વયંવરની પત્રિકા વિશ્વામિત્ર ઋષિને મળી છે. વિશ્વામિત્ર ઋષિ રામ અને લક્ષ્મણને લઈને મિથિલા જવા રવાના થયા. રસ્તામાં ગૌતમ ઋષિનો આશ્રમ છે, વચ્ચોવચ્ચ એક મોટી શિલા પડેલી હતી. પ્રભુએ અજાણ્યા થઈને પૂછ્યું કે ગુરુદેવ ! આ શિલા એ ખરેખર શિલા નથી લાગતી. આના વિષે કોઈ કથા હોય તો અમને કહો ! આખી વાત કરી. ગૌતમ ઋષિનો શાપ પામીને શિલા બની ગયેલી આ ઋષિપત્નિ અહલ્યા છે. ગુરુદેવે આપના ચરણના સંબંધથી એને શાપમાંથી નિવૃત્તિ મળશે. પ્રભુએ એને શાપમુક્ત કરી. પ્રભુના ગુણગાન કરતી કરતી એ ઉપર પધારી. હવે ભગવાન મિથિલા પધાર્યા. મિથિલાના નરનારી શ્રીરામલક્ષ્મણના દર્શન કરી તે અતિ પ્રસન્ન થયા અને એમાંય જનકે આવીને શ્રીરામના દર્શન કર્યા. રામાયણમાં લખ્યું છે કે જનક તો વિદેહી કહેવાય. વિદેહી એટલે કે જેને દેહનું કોઈ તાદાત્મ્ય નથી પરંતુ શ્રીરામના દર્શન કરતા વિદેહી પણ વધારે વિદેહી થયા એટલે કે પોતાનું ભાનશાન ગુમાવી બેઠા. આ રૂપને જોતા એટલો બધો પ્રેમ ઉભરાઈ ગયો કે એમનાથી કહેવાઈ ગયું વિશ્વામિત્ર મુનિને. મહારાજ ! કહો કે આ એવું કોણ છે કે જેને નિરખતાની સાથે મારું હૃદય અનુરાગથી ભરાઈ જાય છે. હું વૈરાગી, આને જોઈને અનુરાગી કેમ થાઉં છું ? મારું મન જે બ્રહ્મસુખમાં

લીન છે ત્યાંથી હટી જાય છે, બ્રહ્માનંદ ભૂલાઈ જાય છે. કયો આ આનંદ છે ? આ કોણ છે ? મહારાજ ! કહો. વિશ્વામિત્ર મુનિને હજી એવી આજ્ઞા ન હતી કે ભગવાનના માહાત્મ્યના સ્વરૂપને પ્રગટ કરે, એટલે પરિચય તો એમણે લૌકિક આપ્યો કે આ મહારાજ દશરથના પુત્રો છે. જનકને થયું કે મેં એવી ક્યાં ભૂલ કરી કે શિવધનુષ્યનો ભંગ કરે એને જાનકી પધરાવું. જો મેં આ પ્રતિજ્ઞા ન કરી હોત તો કાંઈ પણ વિચાર્યા વિના મારી જાનકી આ શ્યામસુંદર, રાજકુંવરને પરણાવી દેત. આમ મનમાં ને મનમાં શક્ય ન લાગે તો પણ એવો મનોરથ જાગે. કાલે એવો ચમત્કાર થઈ જાય તો કેવું સારું કે કોઈનાથી ધનુષ્ય ન ઉપડે અને આ રાજકુમાર જ ઉપાડે. શક્ય થાય એવું તો લાગતું નથી પણ ઘણીવાર માનવીનું મન અશક્ય મનોરથો પણ કરે છે અને આ તો ભક્ત છે ને. રાજા જનકને ખબર નથી કે કાલે એમ જ થવાનું છે. ઋષિનું સન્માન કરીને વિદાય થયા. આ બાજુ પુષ્પવાટિકામાં ભગવાન રામને સીતાજીના દર્શન થયા. બીજે દિવસે સ્વયંવરમાં દૂર દૂરથી અનેક દિશાઓમાંથી રાજાઓ પધાર્યા છે. મહારાજ જનકના સેવકોએ ઘોષણા કરી, 'જે આ શિવધનુષ્યનો ભંગ કરશે એને મહારાજ પોતાની કન્યા પરણાવશે.' ત્રણસો સેવકો એ ધનુષ્યને ઉપાડી લાવ્યા હતા ! કેટલો ભાર હશે ? અને એક પછી એક રાજાઓ ઊઠ્યા, ધનુષ્યને હટાવીયે ન શક્યા. ધનુષ્ય દરેકનું ગર્વખંડન કરી રહ્યું છે. એક લોકકથા એવી છે કે રાવણ પણ આવ્યો હતો પણ એ તો ધનુષ્યની નીચે દબાઈ ગયો. પછી તો એની આબરુ ગઈ એટલે એ ચાલ્યો ગયો, પછી જોવા પણ ન ઊભો રહ્યો કે શું થયું. પણ આ બાજુ જનક બહુ નિરાશ થયા. આટલા બધા વીર રાજપુરુષો એકત્ર થયા છે અને એમાંથી કોઈ ધનુષ્યને ન ઊઠાવી શકે ? શું મારી જાનકી કુંવારી રહેશે ? મને ખબર હોત કે આ ધરતી વીરવિહીન છે તો આ પ્રતિજ્ઞા ન કરી હોત. આ સાંભળતા લક્ષ્મણને ક્રોધ આવ્યો, ઊભા થઈ ગયા. 'ગુરુદેવ રોકો આમને હજી એમને ખબર નથી કે આ સભામાં રઘુવંશી રાજકુમારો બેઠા છે. એ તો ગુરુની આજ્ઞા નથી એટલે અમે ઊભા નથી થયા' 'ગુરુદેવે, કહ્યું 'લક્ષ્મણ ! ખરી વાત છે, બેસો.' રામને આજ્ઞા કરી કે 'ઊઠો રામ. શિવધનુષ્યનો ભંગ કરો અને રાજાને શોકમાંથી મુક્ત કરો. જુઓ આ મર્યાદા પુરુષોત્તમની લીલા છે, હોં. કૃષ્ણ રુક્મિણીનું હરણ કરવા ગયા ત્યારે કોઈને પૂછવા નહોતા ગયા કે હું જાઉં ? એ પુષ્ટિલીલા છે અને અહીંયા રામના સીતાજી સાથે લગ્ન થવાના છે પણ ગુરુ 'ઊભા થાવ' ન કહે ત્યાં સુધી રામ ઊભા નથી થતાં. બોલો કેટલો તફાવત ? ચૂપચાપ બેસી રહ્યા છે. પાછાં પૂછતા પણ નથી કે 'ઊભો થાઉં' આ તો ધીર છે. આ ધીર પુરુષના લક્ષણો છે. જેને ક્યારેય કશું જ વિચલિત ન કરી શકે, એને ધીર કહેવાય છે. ન શોખ, ન મોહ, ગુરુની આજ્ઞા થઈ એટલે પ્રભુ ઊઠ્યા અને એ પણ કોઈ મહાન પરાક્રમ કરવા જતા હોય તેવી રીતે નથી જતા. રામ સહજ રીતે ઊઠ્યા છે. આવ્યા ધનુષ્ય પાસે, ઝૂક્યા એક ક્ષણમાં ધનુષ્યને ઊઠાવી અને હાથી જેમ પ્રયત્ન વિના કેળને ભાંગી નાંખે એમ ભગવાને શિવધનુષ્યનો ભંગ કર્યો. પ્રચંડ ધ્વનિ થયો અને ભગવાન રામનો જય જયકાર થયો. બોલો શ્રી રામચંદ્ર ભગવાનકી જય. અદ્ભુત નાદ થયો. લોકો બધાં આનંદમાં આવી ગયા, આ તો માનવામાં નથી આવતું કે મોટા મોટા બળવાન દેખાતા રાજાઓ જે પરાક્રમ ન કરી શક્યા એ આવડા નાના સુકુમાર કિશોરે કર્યું. રામને જોયા તો મિથિલાવાસીઓ કહેતા હતા આના લગ્ન સીતાજી સાથે થાય તો કેવું સારું ? તો ગામના લોકો કહે કે રાજાનો આ

જમાઈ થાય એમાં આપણને શો ફાયદો ? કેમ નહીં ? રાજાનો આ જમાઈ થાય તો વારેઘડીયે આવતો થાય ને, તો વારેઘડિયે એના દર્શન કરવા મળે. ભગવાનના આનંદને પ્રાપ્ત કરવા માટે ભગવાનના સ્વરૂપજ્ઞાનની ઉપસ્થિતિ જરૂરી નથી એટલે ભગવાનનો જે આનંદ છેને એ નિરૂપાધિક આનંદ છે, એ ઔપાધિક નથી. પછી તો શત્રુઘ્ન, ભરત, લક્ષ્મણના લગ્ન પણ ત્યાં જ થયા. શ્રી લક્ષ્મણના લગ્ન ઊર્મિલા સાથે, ભરતના માંડવી સાથે, અને શત્રુઘ્નના શ્રુતકીર્તિ સાથે લગ્ન થયા. હવે પ્રભુ સીતાજીને લઈને અયોધ્યા પાછાં ફર્યા. અયોધ્યામાં આનંદ મંગલના દિવસો હતા પણ બધા દિવસો એકસરખા કદી હોતા નથી. એક દિવસ મહારાજ દશરથને દર્પણમાં મુખ જોતાં, શ્વેતકેશ દેખાતા, 'હવે મારા પુત્રને સોંપીને મારે નિવૃત્ત થઈ જવું જોઈએ' એ ભાવ મનમાં જાગ્યો. સારું કામ વિચારોને પછી એમાં વાર ન લગાડીએ. તત્કાળ વશિષ્ઠ મુનિને બોલાવ્યા અને કહ્યું મહારાજ ! જેટલી બને એટલી વહેલી તકે મારા રામનો રાજ્યાભિષેક કરી દો. બોલો કેટલો વહેલો કરી શકો છો ? વશિષ્ઠ કહ્યું મહારાજ મને ખબર જ હતી કે કો'ક દિવસ આ રીતે જ આજ્ઞા કરશો અને તેથી મારી એટલી બધી તૈયારી છે કે જો તમે કહો તો કાલે સવારે રામનો રાજ્યાભિષેક થઈ જાય. તો બસ આપણે વાર નથી લગાડવી, કાલે સવારે કરી દો. દશરથ રાજા એમ સમજે છે કે કાલ સવાર ક્યાં દૂર છે ? પણ ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ? એટલે તો આપણે વૈષ્ણવો ગાઈએ છીએ કે આજનો લ્હાવો લીજીયે રે કાલ કોણ દીઠી રે કાલે રામ રાજ્યાભિષેક કરીશું એ વિચાર પણ સફળ ન થયો, કારણ કે રાતોરાત આખું ચિત્ર બદલાઈ ગયું. આખા અયોધ્યામાં આનંદ છે કે કાલે રામનો અભિષેક. ભગવાન રામને પણ સમાચાર પહોંચી ગયા. દેવો આવ્યા સરસ્વતી પાસે, માં ! ગમે તેમ કરીને આ પ્રસંગ રોકો. સરસ્વતીએ મંથરાની બુદ્ધિ બદલી, મંથરાએ આવીને કૈકેયીની બુદ્ધિ બદલી અને છેવટે કૈકેયીએ મહારાજ દશરથની પાસે બે વરદાન માંગ્યા. પહેલા વરદાનમાં માંગ્યું રાજગાદી મારા ભરતને મળે, બીજું વરદાન માંગ્યું કે તમારો રામ ચૌદ વર્ષ વનવાસી થઈને રહે. દશરથ રાજાને બહુ જ આઘાત લાગ્યો, રાણીને કાલાવાલા કરતા રહ્યા. રાણીને કહ્યું કે તું પહેલું વરદાન જરૂર માંગ, ભરતને રાજગાદી પ્રાપ્ત થાય એમાં મને કોઈ વાંધો નથી. મારા રામને પણ કોઈ વાંધો નહીં આવે, મારા રામને ઓળખું છું પણ રામે તમારું શું બગાડ્યું છે ? શત્રુને પણ અનુકુળ થઈને રહે એવા મારા રામે તારું, માંનુ શું બગાડ્યું છે ? મારા રામનો અપરાધ શો છે એ તો કહે. પણ કૈકેયી જરાય માન્યા નથી. કૈકેયીના પાત્રને જો Justify કરીએ તો વાત એ છેકે એણે જે ભોગ આપ્યો છે એ કોઈ ન આપી શકે. જો કૈકેયીએ આખા જગતનો તિરસ્કાર સહન કરીને પણ રામને વનમાં ન મોકલ્યા હોત તો આ ધરતી દશાનન રાવણ અને એવા અનેક અસુરોના ત્રાસમાંથી મુક્ત ન થઈ શકી હોત. હનુમાન, સુગ્રીવ આદિને ભગવાન ન મળ્યા હોત. આ બધી જ વસ્તુનું મહત્ત્વ છે પછી ભગવાન વનમાં પધારે છે સાથે સીતાજી પધારે છે. લક્ષ્મણ પધાર્યા છે. પ્રથમ મુકામ તમસા નદિના કિનારે કર્યો, બીજો મુકામ શૃગવેરપ્રુરમાં કર્યો, કેવટની નાવમાં આરૂઢ થઈ અને પ્રભુ ગંગા પાર કરે છે. કેવટ નાવ ભગવાન પાસેથી ઉતરાવી લેતો નથી. પ્રભુ ચિત્રકુટ ઉપર બિરાજ્યા. ભરતે આવીને પ્રાર્થના કરી કે પ્રભુ પાછાં પધારો, પરંતુ પ્રભુ ન પધાર્યા. ભગવાનની પાદુકા ચૌદ વર્ષ સિંહાસન ઉપર બિરાજમાન થઈ.

પંચવટીમાં મોટાભાગનો સમય વ્યતીત કર્યો. શૂર્પણખા આવી,

ભગવાનની આજ્ઞાથી લક્ષ્મણે એના નાક-કાન કાપ્યાં. ભગવાનને સાંભળવું પણ પડ્યું છે. શૂર્પણખાએ ખરદૂષણને મોકલ્યા. પ્રભુએ એનો નાશ કર્યો. રાવણ પાસે આવી અને સીતાજીનું હરણ કરવાનું ષડયંત્ર કરવામાં આવ્યું. રામાયણની મજા એ છે કે રાવણ એમ સમજે છે કે હું રામના ઉપર કપટ પાથરી રહ્યો છું, રામને છેતરી રહ્યો છું. પણ રાવણ સ્વયં છેતરાઈ રહ્યો હતો. રાવણ આવે અને પેલું સોનાનું મૃગ આવે એ પહેલાં મૂળ જાનકી અગ્નિમાં સમાઈ ગયા છે અને રાવણવધ પછી સીતાજીની જે અગ્નિપરીક્ષા થઈ એ અગ્નિપરીક્ષાનું રહસ્ય લોકો હજી નથી સમજ્યા. એ અગ્નિપરીક્ષા નથી પરંતુ મૂળ સીતાનું અગ્નિમાંથી પ્રાગટ્ય છે. ભગવાન રામ સીતાજીને એમ કહે કે તમે અગ્નિમાં જઈને ફરી પાછાં આવો અને તે પણ યથાવત પાછાં આવો તો હું માનું કે તમે પવિત્ર છો ? ચલો, અયોધ્યાનો ધોબી શંકા કરે તો કરવા દો, પણ રામ તો ન કરે ને? એ અગ્નિપરીક્ષા હતી જ નહીં. કહેવાય છે કે જે સીતાનું રાવણે હરણ કર્યું એ છાયાસીતા છે અને વાત બરાબર લાગે છે કારણ કે જગત જનની સીતા જો મૂળ રૂપે હોત તો રાવણનો કામભાવ સીતાજીમાં રહી શક્યો ન હોત. માને જોઈને કોને કામભાવ જાગે? સીતા તો જગત જનની છે. સીતાજીનો સ્પર્શ કરતાંની સાથે રાવણની આસુરીવૃત્તિ ન રહી શકી હોત. રાવણ સમજે છે કે મેં કપટ કર્યું પણ રાવણ કપટ કરે એ પહેલા પ્રભુએ પોતાની આ લીલા કરી દીધી છે. બીજી વાત પણ સમજો, જગત જનની સીતા જે ભગવાન સામે આજ સુધી ન કરે એવી ક્ષુલ્લક હઠ કરે કે મને આ સોનાનું મૃગ મારીને લાવી આપો. પણ આખો પ્રસંગ જુઓ તો તમને લાગશે કે આ પ્રસંગ યોગ્ય નથી, જેમ થવું જોઈએ એમ થયું નથી. કશુંક અસાધારણ છે. **असंभव हेममृगस्य जन्म ।** સોનાનો મૃગ હોય જ નહીં, ભગવાન રામની આગળ આજ સુધી નથી કરી અને એવી સુવર્ણમૃગ માટે હઠ કરી અને ભગવાન રામનું પણ કાંઈ ન ચાલે એમ સીતાજીની હઠને આધીન થઈને એ મૃગની પાછળ, ખરેખર તો એ મારીચ હતો. શાસ્ત્ર કહે છે કે બ્રહ્મ ભગવાન માયા પતિ છે અને માયાપતિની ઉપર આજ સુધી ક્યારેય કોઈની માયા ચાલી નથી. એક મારીચ જેવો અસુર, ભગવાનને એવા મોહમાં નાખી શકે ? ભગવાન એની પાછળ ધનુષ્ય બાણ લઈને દોડે ? વસ્તુતઃ પણ પ્રભુએ કરેલી આ માયાજાળમાં રાવણ ફસાયો છે અને ભગવાને એને રાજી થવા દીધો. એને એમ થયું કે હું મારી કપટલીલામાં સફળ થયો. ઠીક ચાલો, ગમે તેમ પણ સોનાનું મૃગ છે, સીતાજી હઠ કરે છે કે રામ પાછળ ગયા છે. મૃગને બાણ વાગતાની સાથે મારીચ પોતાનું રૂપ પ્રગટ કરે છે, મરતાં મરતાં, હે લક્ષ્મણ ! હે લક્ષ્મણ ! પોકાર કરે છે. સીતાજી કટુ વચનો કહેવા પડે તો કહીને પણ, લક્ષ્મણને પાછળ મોકલે છે. રાવણ આવે છે, લક્ષ્મણરેખા ઓળંગી શકતો નથી. સીતાજીને બહાર બોલાવે છે અને સીતાનું હરણ કરે છે. ભગવાન રામ પાછાં ફર્યા છે, સીતાજીને જોયા નથી. સીતાજીના વિયોગમાં વ્યાકુળ બનીને રામ સીતાજીને શોધવા નીકળ્યા. જટાયુનો ઉદ્ધાર થયો. ભગવાન શબરીને ત્યાં પધાર્યા. શબરીના મેવાને આરોગીને મોક્ષનું દાન કરીને નવધા ભક્તિનો ઉપદેશ કરી અને ભગવાન આગળ પંપાસરોવરમાં પધાર્યા. કિષ્કિંધા પધાર્યા, પ્રથમ મિલન હનુમાનજીનું થયું. શ્રી હનુમાને ભગવાન રામને સુગ્રીવ સાથે મિત્રતા કરાવી, પોતાના મિત્રનું કાર્ય પ્રભુ કરે છે. એના ભાઈ વાલિને મારે છે, સુગ્રીવને કિષ્કિંધાનો રાજા બનાવ્યો છે. રાજગાદી પ્રાપ્ત કર્યા પછી ભોગમાં ડૂબેલો સુગ્રીવ ભગવદ્ કાર્યને ભૂલી જાય છે. આ બાજુ લક્ષ્મણ

અને એ બાજુ હનુમાન એને સાવધાન કરે છે. પાછો ભક્ત સાવધાન થઈ ગયો. સીતાજીની શોધ શરૂ થઈ. દક્ષિણમાં હનુમાન વગેરે આવ્યા છે. સંપાતિએ સીતાજીને એનું સ્થાન બતાવ્યું, સમુદ્ર પાર કરવાનું કોઈનું સામર્થ્ય નથી. હનુમાનજી તો એક સામાન્ય વાનરની જેમ ટોળામાં બેઠા હતા. જીવ પોતાના સ્વરૂપને વિસરી ચૂક્યો છે. હનુમાનજીને શાપ લાગ્યો હતો કે તમને તમારું સ્વરૂપ વિસ્મૃત થઈ જશે. જ્યાં સુધી ભગવદ્ કાર્યમાં તમારી જરૂર નહીં પડે ત્યાં સુધી તમે ભૂલી જશો કે તમે કોણ છો ? તો બધા વાનરોની ટોળી બેઠી હતી ત્યાં હનુમાનજી પણ વાનરની જેમ બેઠા હતા અને જાંબવાને કહ્યું, હનુમાન ! ઊઠો, તમે જઈ શકો છો. હનુમાનજીને આશ્ચર્ય થયું. મૈં એક છોટા-સા બંદર, જે કામ જાંબવાન ન કરી શક્યો. જાંબવાને કહ્યું કે હું જઈ તો શકું પણ પાછો ન આવી શકું, હું ખૂબ ઘરડો થઈ ગયો છું અને પાછો ન આવી શકું તો શો કામનો ? જે કામ જાંબવાન ન કરી શકે, અંગદ ન કરી શકે, જે બીજા બધા ન કરી શકે. હનુમાન કહે કે મૈં છોટા-સા તુચ્છ બંદર; ત્યારે જાંબવાને કહ્યું હનુમાન તમારા સ્વરૂપને ભૂલી ગયા છો. સદ્‌ગુરુ જીવને એના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. આચાર્યચરણએ જેમ આપણને આપણા આ 'સ્વ' સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. એમાં જે 'સ્વ' કહ્યો એ 'સ્વ' કોણ ? ભગવત અંશ જીવ. અને એ સ્વરૂપથી જ દાસ છે. સ્વાભાવિક રીતે જ ભગવાનનો દાસ છે. જેમ સુરદાસજીને ભગવાન મહાપ્રભુજીએ એમના સ્વરૂપનું દર્શન કરાવ્યું, એવા અનેક પ્રસંગો છે. સદ્‌ગુરુનું એ સામર્થ્ય છે કે જીવને એના સ્વરૂપનો બોધ કરાવે. એટલે અવિદ્યાનું પાંચમું અંગ છે સ્વરૂપ-વિસ્મૃતિ. જીવ ભૂલી ગયો છે કે એનું સ્વરૂપ શું છે ? અને સદ્‌ગુરુ એને એના સ્વરૂપનું ભાન કરાવે છે. મૈં છોટા-સા બંદર. હનુમાન, આપ છોટે-સે વાનર નહીં હૈં, આપ પવનપુત્ર હૈં. ભગવાન શંકર કે અંશ હૈં. શંકરસુમન કેસરીનંદન તેજ પ્રકાશ મહાજગબંધન. આપ શિવજી કે અંશ હૈં, રૂદ્ર હૈં. શાપ નિવૃત્ત થઈ ગયો. આમ જીવ ભગવદ્‌અંશ છે. આમ મગતરું નથી કે માયા ધારે ત્યારે એને મસળી નાંખે, ભગવત અંશ છે અને ભગવત અંશ હોવાથી એનામાં પણ સામર્થ્ય હોવું જ જોઈએ. આંશિક હોય પણ ભગવાનમાં **वीर्य, यश, श्री, ज्ञान वैराग्य** પૂર્ણરૂપે છે. અને એના પ્રમાણ આપણને મળ્યા છે. પદ્મનાથદાસ પોતાના પગનો અંગૂઠો ધોઈને એક સ્ત્રીને કહે છે કે જા, તને પુત્ર થશે, આ કામ માટે મારે ઠાકોરજીને શ્રમ નથી આપવો. ક્યાંથી આવ્યું એ સામર્થ્ય ? હા, જેને પોતાની સિદ્ધિનો અહંકાર થાય એનામાં એ સિદ્ધિનો પ્રભુ આવિર્ભાવ થવા દેતા નથી. કૃષ્ણદાસ મેઘન પાસે એવી કઈ શક્તિ હતી કે વાસુદેવદાસ છકડાનો હાથ પકડી લે ? કયું બળ હતું એ ? કયું વીર્ય હતું એ ? પણ ભગવત અંશમાં આંશિકરૂપે પણ ભગવત ધર્મો હોવા જ જોઈએ. મેં તમને પહેલા ઉદાહરણ આપ્યું હતું કે દરિયો ખારો હોય તો દરિયાનું ટીપું ખારું જ હોય. હા, દરિયાનો વિસ્તાર એનામાં ન હોય, એનો વ્યાપ એનામાં ન હોય પણ સમુદ્રના કાંઈક ગુણધર્મો તો એનામાં હોવા જ જોઈએ. પરંતુ સદ્‌ગુરુનું કાર્ય જ આ છે કે જીવને એના સ્વરૂપ અને જે માહાત્મ્ય હોય તે માહાત્મ્યનું પણ ભાન કરાવે. પછી તો હનુમાનજી કૂદકો મારીને લંકામાં પહોંચ્યાં, સીતાજીને મુદ્રિકા અર્પણ કરી, રાવણનો બગીચો ઉજાડ્યો, લંકામાં રાવણને મળ્યા, લંકાનું દહન કર્યું અને પાછાં ફર્યા. આ બાજુ વિભીષણ ભગવાનને શરણે આવ્યા. ભગવાન સમુદ્રતટ ઉપર છે. ત્રીજે દિવસે સમુદ્ર શરણે આવ્યો, ભગવાને સેતુ બાંધ્યો. રાવણને સમજાવવા માટે હજી અંગદને મોકલ્યો, રાવણ ન સમજ્યો અને અંતમાં રામ અને

રાવણનું યુદ્ધ શરૂ થયું. સંસ્કૃત કવિઓ કહે છે કે રામ અને રાવણના યુદ્ધ જેવું યુદ્ધ આ જગતમાં ફરી કોઈનુંય થયું નથી. એક પછી એક પુત્રો મર્યા, ભાઈ મર્યો અને અંતમાં વિજયાદસમીના દિવસે દશાનન રાવણને દશરથપુત્ર રામે એકત્રીસ બાણ છોડીને માર્યો છે. રાવણ ધરતી ઊપર ઢળી પડ્યો. શ્રીરામનો જય જયકાર થયો. બોલો શ્રી રામચંદ્ર ભગવાન કી જય. સીતાજીને પુનઃપ્રાપ્ત કરી પુષ્પક વિમાનમાં આરૂઢ થઈ પ્રભુ અયોધ્યા પધાર્યા. અયોધ્યાવાસીઓએ મંગલમુહૂર્ત જોઈ ભગવાન રામનો રાજ્યાભિષેક કર્યો. રામ જેવો કોઈ રાજા પણ થયો નથી. આજે પણ લોકો ભીષ્મની પ્રતિજ્ઞા, બલિનું દાન, રામનું બાણ એવી રીતે રામ રાજ્યના રાજ્યને યાદ કરે છે. પછી ચંદ્રવંશના અનેક રાજાઓની કથા કરી પાંડવોના વંશની પરંપરાની કથા કરી સંક્ષિપ્તમાં કૃષ્ણચરિત્ર કહી શુકદેવજીએ નવમા સ્કંધને વિરામ આપ્યો. આપણે સૌ દશમા સ્કંધમાં પ્રવેશ કરીએ.

कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः ।
राज्ञां चोभयवंश्यानां चरितं परमाद्भुतम् ।।

તેર શ્લોકમાં મહારાજ પરીક્ષિતે શુકદેવજીને ભગવદ્ કથા માટે વિનંતી કરી. હવે મારે બીજું કાંઈ સાંભળવું નથી, મને કૃષ્ણકથા કહો.

निवृत्ततर्षैरुपगीयमानाद् भवौषधाच्छ्रोत्रमनोभिरामात् ।
क उत्तमश्लोकगुणानुवात् पुमान् विरज्येत विना पशुघ्नात् ।।

આચાર્યચરણોએ દશમા સ્કંધનો આરંભ આ મંગલાચરણથી કર્યો, જે આપણે રોજ બોલીએ છીએ. કારણ કે શ્રી મહાપ્રભુજી ભાગવતનો સપ્તધાઅર્થ વિચારી રહ્યા છે. સાક્ષાતાર્થ, આ ચાર અર્થો આચાર્યચરણોએ તત્ત્વદિપ નિબંધમાં ભાગવતાર્થ પ્રકરણમાં પ્રગટ કર્યા. શ્રી સુબોધિનીમાં પ્રગટ કર્યા, તમે જાણો છો એ પ્રમાણે ત્રીજા સ્કંધ પછી છેક દસમા સ્કંધ સુધી સુબોધિની બિરાજતા નથી. હવે આપણને સુબોધનિધીનો લાભ મળશે. એ દસમાસ્કંધનો સ્કંધાર્થ છે. એ દશમા સ્કંધનો પ્રકરણાર્થ છે. દસમો સ્કંધ નિરોધલીલા. એ શુકદેવજીએ કરેલી વ્યાખ્યા અને પ્રપંચની વિસ્મૃતિ પૂર્વિકા ભગવદ્ આસક્તિરૂપ નિરોધ એ શ્રીમહાપ્રભુજીએ કરેલી વ્યાખ્યા ભક્તની ભગવાનમાં કેટલી બધી આસક્તિ થઈ જાય કે એને જગત ભૂલાઈ જાય. જગતને વિસારવા માટે પ્રાણાધ્યાસ જેવું કાંઈ ન કરવું પડે. કોઈ પ્રક્રિયા જ ન કરવી પડે. જે કામ પ્રેમથી થાય એ પ્રક્રિયાથી શા માટે ? વ્રજભક્તોનો પ્રભુમાં પ્રેમ જ એવો છે કે જેના કારણે એ જગતને ભૂલી જાય, પોતાના કાર્યોને ભૂલી જાય, અહંતા-મમતાને ભૂલી જાય. અન્ય બધી જ આસક્તિઓ વીસરાઈ જાય. ભગવાનની અતિમધુર છબી એટલે કે રૂપ મધુર, નામ મધુર. લીલા અને મધુરા ગુણોથી વ્રજભક્તોના ચિત્રને પ્રભુએ એટલું બધું આસક્ત કરી દીધું છે કે હવે પ્રપંચ વિસ્મૃતિ અનાયાસે સિદ્ધ થાય છે. કોનો કોનો પ્રભુએ કઈ રીતે નિરોધ કર્યો એ તામસોનો નિરોધ તદ્અનુરૂપ લીલાથી, રાજસોનો નિરોધ તદ્અનુરૂપ લીલાથી, સાત્ત્વિકોનો નિરોધ તદ્અનુરૂપ લીલાથી, જીવનો જેવો સ્વભાવ એવી પ્રભુની લીલા. સ્વભાવવસ્ય અન્યથા આચાર્યચરણની કારિકા કારણ કે જીવ ત્રિવિધ સ્વભાવના છે, તો ભગવાનની ત્રિવિધ લીલા છે. દસમ સ્કંધના આચાર્યચરણોના મતાનુસાર ૮૭ અધ્યાય છે. આ ૮૭ અધ્યાય પાંચ પ્રકરણમાં વહેંચાયા છે. પહેલું જન્મ પ્રકરણ, બીજું તામસ, ત્રીજું રાજસ, ચોથું સાત્ત્વિક, પાંચમું નિર્ગુણ. જન્મ પ્રકરણ ૪ અધ્યાયમાં, તામસ ૨૮ અધ્યાયમાં, રાજસ ૨૮ અધ્યાયમાં,

સાત્વિક ૨૧ અધ્યાયમાં, અને ગુણાતીત ૬ અધ્યાયમાં, આ બધાનો સરવાળો ૮૭ થાય. ત્રણ અધ્યાયોને શ્રી મહાપ્રભુજીએ પ્રક્ષિપ્ત માન્યા છે એટલે ૯૦ અધ્યાય થયા. ચતુર્ભિશ્ચ જન્મ પ્રકરણ, ચતુર્ભિશ્ચ તામસ પ્રકરણ, ચતુર્ભિશ્ચ રાજસ પ્રકરણ, ત્રિભિસ્તથા સાત્વિક પ્રકરણ ષડ્ભિર્વિ ગુણાતીત પ્રકરણ આ પાંચે પ્રકારે બિરાજતા પ્રભુ. એટલે કે આચાર્યજી પ્રાર્થના કરે છે કે સમગ્ર દસમા સ્કંધમાં સમગ્ર લીલા સહિત, સમગ્ર ભક્તો સહિત આપ જે બિરાજી રહ્યા છો, એ મારા હૃદયમાં બિરાજો. હે પુષ્ટિપ્રભુ ! આપ મારા હૃદયમાં આ બધું લઈને પધારો. લક્ષ્મી સહસ્રને લઈને પધારો, સહસ્ર લીલાને લઈને પધારો અને આ બધું જ મારા હૃદયમાં પ્રગટ કરો.

હવે કથા સમજીએ શુકદેવજીને પ્રાર્થના કરી મને કૃષ્ણકથા કહો. શુકદેવજીએ પરીક્ષિતનો આભાર માન્યો. શુકદેવજીએ પરીક્ષિતની પૂજા કરી આ પ્રશ્ન પૂછવા બદલ. વક્તાની પૂજા શ્રોતા કરે તો ધન્ય પણ અહીંયા વક્તાએ શ્રોતાની પૂજા કરી, પ્રતિપૂજા કરી. અને પૂજા કાંઈ કંકુ-ચોખાથી જ થાય એવું નથી, પૂજા પુષ્પ જ ચડાવો તો થાય એવું નથી. પ્રશંસા પણ પૂજા જ છે, ગુણગાન પણ પૂજા જ છે. પરીક્ષિત કહે છે મુનિસત્તમ આ પૂજા છે અને શુકદેવજી કહે છે રાજર્ષિસત્તમ આ પૂજા છે. પ્રશંસાનો શબ્દ પણ પૂજા છે, વાણીથી પૂજાય છે. રાજા તમારો પ્રશ્ન મને બહુ ગમ્યો, તમારા પ્રશ્ને મને પાવન કર્યો. કૃષ્ણકથા તો પાવન કથા છે જ પણ કૃષ્ણકથા માટે કોઈ વિનંતી કરે, કૃષ્ણકથા માટે કોઈ પ્રશ્ન કરે; 'હે ગુરુજી ! મને કૃષ્ણકથા સંભળાવો' કોઈ આટલું બોલેને કે મને કૃષ્ણકથા સંભળાવો કથા વક્તા, પ્રશ્નકર્તા ને શ્રોતા ત્રણેયને પાવન કરે છે. કથા તો કરશે ત્યારે કરશે, કથા તો કરશે જ પણ કથા માટેની વિનંતી પણ પાવન કરે છે. આ શુકદેવજી બોલ્યા છે.

वासुदेवकथाप्रश्नः पुरुषांस्त्रीन् पुनना हि ।
पृच्छकं श्रोतृंस्तत्यादसलिलं यथा ।।

પાછું ઉદાહરણ કેટલું સરસ આપ્યું. ગંગાના આ ઘાટ ઉપર ન્હાવ તોય તમને પાવન કરે, ગંગાની વચ્ચે આવીને ન્હાવ તોય પાવન કરે, ગંગાના સામે તટે જઈને ન્હાવ તો પણ પાવન કરે એમાં કોઈ ભેદ ન હોય; એવી જ રીતે કૃષ્ણકથા પ્રશ્નકર્તા, વક્તા, શ્રોતા બધાને પાવન કરે છે. મહાપ્રભુજીએ તો સુબોધિનીમાં ત્યાં સુધી સમજાવ્યું છે કે આ ત્રણેયમાં એક-એક દોષ હોય છે. વક્તામાં એક દોષ હોય છે, પ્રશ્નકર્તામાં પણ એક દોષ હોય છે અને શ્રોતામાં પણ એક દોષ હોય છે. પેલો પ્રશ્ન આ ત્રણેયના દોષનો નાશ કરે છે અને ત્રણેયના દોષનો નાશ થાય એટલે કથાનો આવિર્ભાવ થાય. પવિત્ર હોય એને પુનરપિ ન કહેવું પડે. કથા આ રીતે કહી, આ ભૂમિ ઉપર અસુરોનો ભાર વધી ગયો. અસુરો રાજાના રૂપમાં આવ્યા હતા, દુઃખી થયેલી ભૂમિ બ્રહ્માના શરણે ગઈ. આ દુઃખ બ્રહ્માથી દૂર થઈ શકે એમ ન હતું એટલા માટે બ્રહ્મા ભૂમિને, શિવજીને અને દેવોને લઈને ક્ષીરસાગરના કિનારે પધાર્યા. ક્ષીરસાગરના કિનારે ઊભા રહીને પુરુષસૂક્તના મંત્રો દ્વારા પ્રાર્થના કરી, ભગવાને ઉત્તર આપ્યો એ બ્રહ્માએ સાંભળ્યો. ધરતીનું દુઃખ હું જાણું છું અને તેને દૂર કરવાનો ઉપાય મેં કર્યો છે, મારું પ્રાગટ્ય વસુદેવગૃહે થશે. જો ભગવાનનો એક સ્વભાવ છે એ ક્યાં પ્રગટ થશે એ કહે પણ ક્યારે પ્રગટ થશે એ બનતા સુધી નથી કહેતા કારણ કે એક તો ભગવાન સમયને આધીન નથી અને બીજું જો ભગવાન સમય કહી દે તો ભક્તના હૃદયની આતુરતા ન રહે. એક માણસને એમ કહો કે તને દસ વર્ષ પછી લોટરી લાગશે ને તું કરોડપતિ થશે. દસ વર્ષની એને કાંઈ આતુરતા ન રહે, એને તો ફક્ત

વર્ષ ગણવાના રહ્યા. ભગવાને એમ કહ્યું કે હું વસુદેવગૃહે પ્રગટ થઈશ, પણ ક્યારે એ ન કહ્યું. ચાલો મથુરા ! વસુદેવ-દેવકીના લગ્ન થયા. વિદાયનો સમય આવ્યો. સારથીને ઉતારી દઈને કંસ એનો સારથી બનીને બેઠો, રથ અડધે માર્ગે ગયો અને આકાશવાણી થઈ. અરે મૂર્ખ ! તું જેને લઈ જાય છે એનો આઠમો ગર્ભ તને મારશે. કંસ નીચે ઉતર્યો દેવકીને કેશ પકડીને ખેંચી કાઢી, ખડગ લઈને એનું મસ્તક છેદ કરવા તૈયાર થયો. વસુદેવજીએ કંસને બહુ જ સમજાવ્યા, છેવટે કંસે એક વાત માની. વસુદેવે કહ્યું આ દેવકીને જે પુત્રો થશે એ હું તને આપી દઈશ, કંસ માની ગયો. એટલે છોડી દીધાં. દેવકીના પહેલા પુત્રને લઈને આવ્યા, કંસે એને માર્યો નહીં એણે કહ્યું કે આને હું શું કરવા મારું ? હું તો આઠમાને મારીશ. દેવકી રાજી થયા. નારદજીને થયું કે દેવકી રાજી થયાએ અત્યારે બરાબર નથી, જ્યાં સુધી ભક્તનું હૃદય દુઃખમાં સંતૃપ્ત ન થાય ત્યાં ભગવદ્ પ્રાગટ્યની સંભાવના નથી રહેતી. શ્રી હરિરાયજી મહાપ્રભુજીનું આ વચનામૃત શિક્ષાપત્રીનું બહુ પ્રસિદ્ધ વચનામૃત છે. **अस्मिन् मार्गे...** ભગવાન આપણને કેટલા જલદી મળે એ આપણા હાથમાં છે, આપણા હૃદયમાં ભગવાનની પ્રાપ્તિ માટે આર્તિ જેટલી તીવ્ર હોય એટલા જલદી મળે. દેવકીના હૃદયને વધારે સંતપ્ત કરવા માટે દુઃખની માત્રા વધારી છે. બાળકોને એક પછી એક કંસે માર્યા. સાતમા શેષ ભગવાન, કંસ એને ન મારી શકે. ભગવાને માયાને આજ્ઞા કરી એ ગર્ભને દેવકીમાંથી રોહિણીમાં સ્થાપન કર્યું. કંસે માન્યું કે સાતમો ગર્ભ એની જાતે મરી ગયો, મારે મારવો મટ્યો. હવે કૃષ્ણ પ્રાગટ્યનો સમય આવ્યો. દસમા સ્કંધના પહેલા અધ્યાયને શ્રી મહાપ્રભુજીએ નામ આપ્યું છે હેતુ, બીજા અધ્યાયનું નામ છે ઉધ્યોહ, ત્રીજાનું નામ છે રૂપાંતર - સ્વીકાર અને ચોથાનું નામ છે કાપટ્ય. આ જન્મ પ્રકરણના ચાર અધ્યાય એટલા માટે છે કે ભગવાન પોતાની સાથે ચાર વ્યૂહ લઈને પ્રગટ થાય છે. વાસુદેવવ્યૂહ, સંકર્ષણવ્યૂહ, પ્રદ્યુમ્નવ્યૂહ અને અનિરૂદ્ધવ્યૂહ. આ ચાર અધ્યાય એટલા માટે કે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો નિરોધ ભગવત સ્વરૂપમાં થશે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધનો સંબંધ પણ અંતઃકરણ ચતુષ્ટય સાથે છે. ત્રીજા અધ્યાયમાં ભગવાનનું પ્રાગટ્ય છે, બીજા અધ્યાયના અંતમાં દેવો આવ્યા. ષોડશઃ કલાયુક્ત ભગવાન પ્રગટ થવાના છે એટલે સોળ શ્લોકોમાં સ્તુતિ કરીને દેવો વિદાય થયા અને હવે સાડાઆઠ શ્લોક ભગવત પ્રાગટ્યના પ્રભુ પ્રગટ થવાના છે એ વખતે કેવું વાતાવરણ હતું. કીર્તનમાં કહ્યું છે ને ભાદ્રપદમાસ કૃષ્ણપક્ષ, આપણે શ્રાવણ મહિનો કહીએ છીએને પણ વ્રજમાં એ ભાદ્રપદ છે. બોલો શ્રી લાલકૃષ્ણ લાલકી જય... ત્રીજા અધ્યાયના પહેલા સાડાઆઠ શ્લોક એ ભગવત આવિર્ભાવના શ્લોકો છે. જન્માષ્ટમીની રાત્રે આનું ઉચ્ચારણ હંમેશા થાય છે. કૃષ્ણજન્મ થાય એટલે ઉત્સવ ન થાય કારણ કે આ તો જેલમાં છે. ઉત્સવ તો જેલમાં થાય કે મહેલમાં થાય પછી ભગવાન પધારશે ગોકુલ અને ત્યાં નંદાલયમાં મહાઉત્સવ થશે. સર્વગુણોથી શોભતો એવો કાળ પ્રગટ થયો. ભગવદ્ પ્રાગટ્યનો કાળ અને એ વખતે પ્રકૃતિના પાંચે તત્ત્વોએ ઉત્સવ મનાવ્યો. આકાશ નિર્મળ બની ગયું, વાયુ મંદ શીતળ સુગંધ વાવા લાગ્યો, દિશાઓ પ્રસન્ન બની ગઈ, નદીના જળ નિર્મલ રૂપમાં વહેવા લાગ્યા, સરોવરના કમળ ખીલી ઉઠ્યા, આકાશમાં નૃત્ય ગીત-સંગીત થવા લાગ્યા. પૃથ્વી ઉપર મંગલ ઉત્સવ થવા લાગ્યા. મધ્યરાત્રિનો સમય થયો. આપણી ભાષામાં શ્રાવણમાસ કૃષ્ણપક્ષ અષ્ટમીથી રોહિણી નક્ષત્ર, બુધવાર, મધ્યરાત્રિ, પૂર્વદિશામાં ચંદ્રમાનો ઉદય અને આ બાજુ વસુદેવ દેવકીની સન્મુખ કંસના કારાગૃહમાં શંખ-ગદા-ચક્ર-પદ્મપીતાંબર

ધારી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી બાલકૃષ્ણ પ્રગટ થયા. બોલો શ્રી બાલકૃષ્ણલાલ કી જય.... અવતારો અનેક થયા અને થશે પ્રથમ સ્કંધ એમ કહે છે કે ભગવાનના અવતારોની સંખ્યા નક્કી કરવી જ મુશ્કેલ છે. જેમ પર્વત ઉપર મોટું સરોવર હોય અને એ સરોવરમાંથી અનેક ધારાઓ બહાર વહે એવી રીતે ભગવાન પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મના અનેક અવતારો થયા છે. ભગવાનના અવતારોના પ્રકારો છે. કેટલાક અવતારોને અંશશ: કહ્યા છે, કેટલાક અવતારો અંશાવતારો કહ્યા છે, કેટલાક અવતારો કલા અવતારો છે, કેટલાક અવતાર આવેશાવતાર છે અને પછી પૂર્ણ અવતાર છે. ઋષિમુનિઓ પણ ભગવાનનો અવતાર છે. નારદ-વ્યાસ આદિ પણ ભગવત અવતારો છે. કેટલીક વાર ભગવાન કોઈ ઉત્તમ મનુષ્યના સ્વરૂપમાં પ્રવેશ કરે છે. જ્યાં સુધી અલૌકિક લીલા કરવી હોય ત્યાં સુધી એ એના સ્વરૂપમાં બિરાજે છે અને પોતાનું લીલા કાર્ય પુરું થાય, અવતાર કાર્ય પુરું થાય એટલે ત્યાંથી એ તિરોહિત થઈ જાય છે. જેવી રીતે લોખંડના ઘોડાને તમે અગ્નિમાં રાખો તો, લોખંડનો ઘોડો તો રહે જ છે પણ અગ્નિ પણ એમાં હોય છે. એવી રીતે ભગવાનના આવેશ અવતારોમાં જીવપણું પણ છે અને ઈશ્વરપણું પણ છે. જેમ લોખંડનો ઘોડો - લોખંડનો ઘોડો પણ છે અને અગ્નિ પણ છે એવી રીતે આવેશ અવતારોમાં જીવપણું અને બ્રહ્મપણું બંને રહે છે; પણ બ્રહ્મત્વ કાયમ નથી રહેતું. જેમ લોખંડના ઘોડાને અગ્નિમાંથી બહાર કાઢો તો થોડીકવાર પછી એમાંથી અગ્નિ વિલીન થઈ જાય છે, વિદાય લે છે એવી જ રીતે ભગવાનના આવેશ સ્વરૂપમાંથી પણ ભગવદિ આવિષ્ટ લીલાકાર્ય પૂરું થતા એમાંથી પ્રભુ તિરોહીત થઈ જાય છે. ઘણા એવા પ્રસંગ અવતારો છે પણ ઉદાહરણ આપું ,પરશુરામ. પરશુરામ ભગવાન રામ પ્રગટ થયા અને પરશુરામને ખબર પડી, સામનો થયો કે આ પ્રભુ હવે પ્રગટ થઈ ચૂક્યા છે ત્યાં સુધી એમનામાં ઈશ્વરત્ત રહ્યું તમે કથામાં સાંભળ્યું છેને કે પરશુરામે એકવીસ વાર પૃથ્વી નક્ષત્રિય કરી, તો આટલી બધી હિંસા કરી એમને પાપ કેમ ન લાગ્યું ? જો એ જીવ હોય તો એને દોષ લાગવો જોઈએ કારણ કે ઘણા નિર્દોષોને માર્યા છે. ચાલો નિર્દોષોને નથી માર્યા એવું કહો તો પણ એકવીસ વાર ક્ષત્રિયોનો સંહાર તો કર્યો જ છેને ? અને બધા જ એમના અપરાધી તો ન હતા, તો બધા જ પરશુરામના ગુનેગાર તો ન જ હતાને ! ભગવાન જ્યારે કોઈનો વધ કરે છે તો ગુનો છે કે નથી એ નથી જોવાતું. તમે મુંબઈના નજીકના સ્મશાનમાં જાઓ અને સવારથી સાંજ સુધી જેટલા બધાને લઈને આવે ને પછી પૂછો કે આ બધાનો શો વાંક કે ભગવાને આ બધાને માર્યા ? આ બધાને મારવાનું કારણ શું ? મૃત્યુ દંડ રૂપે જ આવે છે એવું નથી મૃત્યુ એ પ્રક્રિયા પણ છે. પાપ કરે એ જ મરે એવું નથી, નિષ્પાપને પણ મૃત્યુ આવે. એટલે ઈશ્વર જ્યારે કોઈનો સંહાર કરે ત્યારે દોષ નથી લાગતો એટલા માટે પરશુરામ જ્યારે નક્ષત્રીય કરી રહ્યા છે ત્યારે એમનામાં ઈશ્વરત્ત છે પરંતુ ભગવાન રામના પ્રગટ થયા પછી ઈશ્વરત્તનો જ આવેશ હતો તે ચાલ્યો ગયો. **આપણે ત્યાં પૂર્ણ અવતાર બે માન્યાં છે - શ્રી રામ અને શ્રીકૃષ્ણ. રામ અને કૃષ્ણમાં પણ રામ પૂર્ણ છે અને કૃષ્ણ પરિપૂર્ણ છે.** ગઈકાલે આપણે એક અવતારનો આનંદ મનાવ્યો. પ્રાગટ્ય પ્રભુનું થયું, વસુદેવ - દેવકીની સન્મુખ સુકદેવજીએ વર્ણન કર્યું કે વસુદેવજીએ કેવા કૃષ્ણને નિર્ખ્યા, વસુદેવજીએ કેવા દર્શન કર્યા ? હતા બાળક હવે કોઈ બાળકને ચારભુજા ન હોય અને બાળકો પણ વિચિત્ર આકારમાં જન્મે છે પણ ચારભુજા હોય ત્યાં સુધી વાંધો નથી, પણ કોઈ બાળક જન્મે ત્યારે કોઈ

શંખ-ગદા લઈને ન જન્મે ને ! લોકવેદ પ્રસિદ્ધ પ્રભુ પ્રગટ થયા છે માટે કહ્યું ઉત્તમ આવું રૂપ ક્યારેય પણ કોઈએ નિર્ખ્યું નથી. માટે અધપુતમ્ દર્શન આપતા હતા નાનકડા બાળકની જેમ એટલે કહ્યું બાલકમ્ પરંતુ બાળક શબ્દનો બીજો અર્થ સાંભળો જેના રોમરોમમાં બ્રહ્માંડ છે એનું નામ બાળક. આમ બાળકનો સ્થૂળ અર્થ એ છે કે બાળક એટલે બચ્ચું. મહાપ્રભુજીએ અર્થ કર્યો - બાલે બાલે એટલે રોમરોમમાં, કમ્ બ્રહ્માંડમ્. પ્રભુ તો એટલા બધા મહાન છે કે એનાં રુંવાટામાં પણ બ્રહ્માંડો ફરી રહ્યા છે. બ્રહ્માજીની સ્તુતિમાં બ્રહ્માજીએ એવું કહ્યું તમે કોઈ વાર અંધારા ઓરડામાં Vantilationમાંથી સૂર્યનું કિરણ આવતું હોય એની અંદર ફરતા રજકણો જોયા હશે, એવી રીતે ભગવાનના રુંવાડામાં પૃથ્વી, ગ્રહો, નક્ષત્રો, તારાઓ, આ રીતે ફરી રહ્યા છે. આમ બહુ વિચાર કરવા જઈએને તો મૂંઝવણમાં મુકાઈ જઈએ. આપણા બધા જ પ્રશ્નોમાં આગળ વધતા વધતા એક જગ્યા એવી આવે કે જ્યાં આપણે ચૂપ થઈ જવું પડે. મુંબઈની બહાર જઈએ તો શું આવે ? મહારાષ્ટ્ર. મહારાષ્ટ્ર શેનામાં રહેલું છે ? ભારતમાં. ભારતની બહાર જઈએ તો એશિયા, એશિયાથી બહાર જઈએ તો પૃથ્વી, પૃથ્વીની બહાર જઈએ તો આપણું સૌરમંડલ એટલે આપણી Galaxy ગેલેક્સી. આપણું સૌરમંડલ, એની બહાર જઈએ તો આપણી નિહારીકા, એની બહાર જઈએ તો આકાશ અને આકાશની બહાર જઈએ તો...

આકાશની બહાર શું ? ન આપણી કોઈ બુદ્ધિ ચાલે કે ન આપણને કોઈ શબ્દ જડે. આગળ ને આગળ જાઓ તો કશુંક તો હોવું જોઈએ ને ? પણ એ કશુંક શું હોય ? એ સમજની બહાર છે. આકાશની બહાર નીકળી જઈએ તો શું આવે ? ધારો કે તમે જવાબ શોધી કાઢ્યો કે અવકાશ આવે છે એટલે ખાલી જગ્યા આવે છે. શૂન્યતા આવે, Space આવે તો પછી સવાલ ઊભો થાય કે એમાં આગળ જઈએ તો શું આવે ? કોઈક જગ્યા એવી આવે જ છે કે જ્યાં માનવીની બુદ્ધિ, માનવીની બુદ્ધિ છોડો દેવોની બુદ્ધિ પણ ત્યાં કામ કરતી નથી. પરમાત્માનો અર્થ જ એ છે કે જેની અંદર બધું જ સમાયેલું છે, એવો ભગવાન નાનકડો બાળક બનીને પ્રગટ્યો છે.

तमद्भुतं बालकमम्बुजेक्षणं चतुर्भुजम् शंखगदार्युदायुधम् ।
श्री वत्सलक्ष्मं गलशोभिकौस्तुभं पीताम्बरं सान्द्रपयोदसौभगम् ।।

અંબુજ એટલે કમળ. સીધો સાદો અર્થ આ જ છે કે કમળ જેવા ને વાળા, પણ પછી મહાપ્રભુજીએ તો બહુ અર્થો કર્યા છે. અંબુજ, ઈ અને ક્ષણ એમ ત્રણ શબ્દો છૂટા પાડ્યા. અંબુજ, ઈ અને ક્ષણ. ક્ષણમ્ એટલે સુખમ્. લક્ષ્મીને સુખ આપનારા જેના નેત્ર છે કારણ કે લક્ષ્મી છે અંબુજા. અંબુજનો અર્થ કમળ થાય, અંબુજા એટલે લક્ષ્મી પણ થાય. અંબુજ એટલે બ્રહ્મા પણ થાય, જેણે બ્રહ્માને સુખ આપ્યું છે તે પ્રગટ્યા. જેણે લક્ષ્મીને સુખ આપ્યું છે તે પ્રગટ્યા. ભગવાનના નેત્રને કમળની ઉપમા કેમ અપાઈ ? અરે તમે આમ જોવા જાવ તો મુખારવિંદ એટલે મુખને પણ કમળની ઉપમા અપાઈ. મુખારવિંદમાં પાછાં નયનકમળ, નેત્રને પણ કમળની ઉપમા અપાઈ. કર. ભગવાનના કરને પણ કમળ કહેવાયા, ચરણ અરવિંદ ચરણને પણ કમળ કહેવાયા - આ બધાને કમળની ઉપમા આટલી બધી કેમ ગમે છે? કમળમાં એવું શું છે કે વારે વારે પ્રભુના અંગોમાં એની તુલના થાય છે. કમળનું પહેલું લક્ષણ છે એ જળમાંથી પ્રગટ થતું હોવાથી જેમ જળનો સ્વભાવ તાપ હરવાનો છે એમ કમળ પણ તાપ હરે છે. પ્રભુના નેત્ર જેના ઉપર પડે, દૃષ્ટિ પડે -

પ્રભુનો કરકમળ જેના મસ્તક ઉપર હોય એને કોઈ તાપ ન નડે. **विरचिताभयं वृष्णिधुर्य ते चरणमीयुषां संसृतेर्भयात्** । પ્રભુના કરકમળ તાપ હરનારા છે તો કમળનો એક ગુણ છે કે એ તાપ હરે છે. કમળનો બીજો ગુણ એ છે કે એ જળમાં હોવા છતાં જળથી અલિપ્ત છે એમ ભગવાનનું સ્વરુપ લૌકિકમાં હોવા છતાં અલૌકિક છે. કમળ એટલે સૌંદર્ય, જે બહુ સુંદર હોય એને કમળની ઉપમા અપાઈ છે. પ્રભુના નેત્ર કમળ છે એટલે કે પ્રભુના નેત્ર સુંદર છે. પ્રભુના નેત્ર કૃપાળુ છે, સુખદ છે. કમળ એ સુખનું પ્રતીક છે એટલે આપણે ત્યાં ચિત્રકળામાં આપણે ભગવાનને પધરાવીએ છીએ પૂજાવિધિમાં તો એમાં અષ્ટદલ કમળ બનાવીએ છીએ. કમળ પ્રતીક છે સુખ અને સૌભાગ્યનું, કમળ પ્રતીક છે પ્રસન્નતાનું - કેમ કે રોજ સવારે કમળ ખીલે છે. કમળનું ખીલવું એ એનું પ્રસન્ન થવું છે. પ્રભુના નેત્ર પ્રસન્ન છે, પ્રભુનું મુખ પ્રસન્ન છે, સુખ રૂપ છે, આનંદરૂપ છે - આનંદનું દાન કરનારું છે એ બધું સમજાવવા માટે કમળની ઉપમા અપાઈ છે. બ્રહ્માજીના ઉપર કૃપા કરવા માટે પ્રસન્ન થયા. વિનંતી તો બ્રહ્માએ કરી હતી અને એટલા માટે બ્રહ્માજીની વિનંતીને માન આપીને પ્રગટ થયા માટે અંબુજ બ્રહ્મા ઉપર કૃપા કરનારા પ્રભુના નેત્ર કમળ ગોપી ગીતના બીજા શ્લોકમાં ભગવાનના નેત્રને ઘાતક પણ કહ્યા છે. ઘાતક કેવી રીતે કહ્યા ? **सरसिजोदरश्रीमुषा दृशा** પ્રભુના નેત્ર અમૃતવૃષ્ટિ કરનારા પણ છે અને પ્રભુના નેત્ર સંહાર કરનારા પણ છે. જેમ ભગવાન વિરૂદ્ધ ધર્માશ્રયી છે ને એમ ભગવાનના નેત્ર મરેલાને જીવાડનારા પણ છે અને જીવતાને મારાનારા પણ છે. એક દૃષ્ટિ છે કાળ દૃષ્ટિ - જેની સામું જુવે એનું મૃત્યુ થાય અને તમને એ ખબર છે વિરાટ ભગવાનના શરીરમાં કાળ ક્યાં છે ? જેમ સૂર્ય ભગવાનના નેત્ર છે, ચંદ્ર ભગવાનનું મન છે, અગ્નિ ભગવાનનું મુખ છે - એમ કાળ શું છે? ભગવાનની ભ્રૂકુટિ છે. અને ભ્રૂકુટિ તો એક સુંદરતાનું પ્રતીક છે. તમને જ્યારે ગુસ્સો આવે ત્યારે ભ્રૂકુટિ વક્ર થાય. તમને કોઈના ઉપર બહુ પ્રેમ ઉભરાય તો પણ ભ્રૂકુટિ વક્ર થાય. ભગવાનની ભ્રૂકુટિ કાળ છે એટલે વિનાશ પણ રહેલો છે. અર્જુનના ઉદ્‌ગારોનો આધાર લઈને કહું છું, કુરુક્ષેત્રનું યુદ્ધ શરૂ થાય એ પહેલાં ભગવાન જ્યારે અર્જુનનો રથ વચ્ચે લાવીને ઊભો રાખે છે અને પછી ભગવાન એક એક તરફ આંગળી ચીંધીને બતાવે છે કે જો આ તારી સામે યુદ્ધ કરવા ઊભો છે. તો ભીષ્મ વગેરેને આશ્ચર્ય થયું કે ભગવાન આ શું લીલા કરી રહ્યા છે ? અર્જુનને બધાની ઓળખાણ કરાવવાની જરૂર છે ? પરંતુ ભીષ્મ કહે છે બીજાને રહસ્ય ન સમજાયું હોય, મને એનું રહસ્ય સમજાઈ ગયું છે. આ વાત ભીષ્મે પણ કહી છે અને અર્જુને પણ કહી છે કે પ્રભુએ જેની સામે આંગળી કરી જેની સામે પ્રભુએ દૃષ્ટિ કરી એ દૃષ્ટિથી પ્રભુએ એના પ્રાણ હરી લીધા. ભગવાનના નેત્ર છે સૂર્ય અને સૂર્યનો સ્વભાવ છે રસને ચૂસી લેવું. કોઈ પણ ભીની વસ્તુ તડકામાં મૂકો તો એ કોરી થઈ જશે. સૂર્યનો સ્વભાવ છે રસનું શોષણ કરવું અને ભગવાનના નેત્ર સૂર્ય હોવાથી પ્રભુ પોતાના નેત્રથી એના આયુષ્યને ચૂસી લે છે. ભીષ્મ પિતામહે ભીષ્મસ્તુતિમાં આ પ્રસંગનું વર્ણન કર્યું છે. **स्थितवति परसैनिकायुरक्ष्णा हृतवति तिर्थसखे रति र्ममास्तु** । રથ વચ્ચે લાવી દીધો અને જે આગળ ઊભા હતા. અર્જુન કહે છે હું યુદ્ધ નહીં કરું. આ બધા સ્વજનોને હું મારવાનો ? ભગવાને કહ્યું કે તને ખબર નથી. બધાના આયુષ્યને મારી આંખ વડે મેં હરી લીધું છે. પ્રભુ અર્જુનના રથના સારથી બનીને ઊભા છે અને જે યોદ્ધા અર્જુનની સામે યુદ્ધ કરવા આવે છે, ભગવાન એના આયુષ્યને હરી લે છે. અર્જુન એને મારીને રાજી થાય પણ ભગવાને કહી રાખેલું. અર્જુન ! તું આ બધાને મારે છે એમાં અભિમાન ન કરીશ, તું તો મારેલાંને મારે છે. આમેય તને

કોઈ પાપ નહીં લાગે - તને કોઈ દોષ નહીં લાગે, કારણ કે તેં મારા મારેલાને માર્યા છે. તેં હાથમાં ધનુષ્ય ઊઠાવ્યું એ પહેલાં તો મેં આ બધાને મારી નાખ્યા અને તેથી તારે તો મારેલાને મારવાના છે. ભગવાનના નેત્ર ઘાતક પણ છે, ભગવાનના નેત્ર અમૃતવૃષ્ટિ કરીને મરેલાને જીવાડનારા પણ છે. પછી છે ચતુર્ભુજમ્. ભગવાનની ભુજા ચાર કેમ છે ? ભગવાનની ચાર ભુજા ચાર વેદનું પ્રતિક છે - ઋગવેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદ. ભગવાનની ચાર ભુજા એ વાતનું પ્રતીક છે કે ભગવાન જ પ્રમાણ છે, ભગવાન જ પ્રમેય છે, ભગવાન જ સાધન છે. ગીતાજીનો પ્રસિદ્ધ શ્લોક **एकं शास्त्रं देवकी पुत्रगीतं** આ ચાર ચરણમાં ચાર વસ્તુ આવી. આ શ્લોક જગન્નાથ ભગવાને લખ્યો છે, ભલે ગીતામાં હોય. જગન્નાથપુરીમાં બધા બ્રાહ્મણો ભેગા થયા હતા. મોટો વિવાદ ચાલતો હતો - ઉત્તમ શાસ્ત્ર કયું, ઉત્તમ દેવ કયા, ઉત્તમ મંત્ર કયો અને ઉત્તમ ફળ કયું ? બહુ મોટો વિવાદ ચાલ્યો પણ એનું કાંઈ સમાધાન ન થયું. એટલામાં આચાર્ય શ્રી મહાપ્રભુજી પધાર્યા. પંડિતોએ કહ્યું કે મહારાજ ! અમે સમજી નથી શકતા, આનો કોઈ નિર્ણય નથી થતો - કારણ કે બધા પોતપોતાનો મત રજૂ કરે છે. ભગવાને કહ્યું કે વિવાદનો અંત જ નહીં આવે. એક કામ કરો ચાલો આપણે ભગવાનને પૂછીએ. ચાલો આપણે ભગવાનને જ પ્રશ્ન કરીએ કે પ્રભુ આ ચાર પ્રશ્નોનો ઉત્તર અમને આપો. કથા એવી છે ભગવાન જગદિશની આગળ અને કલમ અને શાહીનો ખડિયો - મંદિરના દ્વાર બંધ કરી મૂકી દેવામાં આવ્યા. બહાર બેઠા બેઠા બધાએ ભજન કર્યું અને જ્યારે દ્વાર ખોલવામાં આવ્યા ત્યારે કાગળ ઉપર આ શ્લોક ભગવાન જગદીશે જ લખ્યો હતો અને જ્યારે ભગવાને જ આ ઉત્તર આપ્યો તો પછી કોઈ વિવાદ ન રહ્યો. **एकं शास्त्रं** સર્વોપરી શાસ્ત્ર, મોટામાં મોટું જો કોઈ શાસ્ત્ર હોય તો એ "શ્રીમદ્ ભગવદ્ ગીતા" છે. ને મજાની વાત એ છે કે આપણા દેશમાં જેટલા સંપ્રદાયો થયાને એ બધાએ ભગવદ્ ગીતાને માન્ય રાખી છે, રાખવી પડી છે. આચાર્યોના મત એકબીજા કરતા જબરજસ્ત મતાંતર ધરાવતા હોય તો પણ એમણે ભગવત ગીતાને પ્રમાણ માની છે. **भगवद् गीता किञ्चिदधीता** શંકરાચાર્યજી પણ ભગવત ગીતાનો મહિમા સ્વીકારે છે અને ગીતાની એક વિશેષતા એ છે કે બીજા બધા શાસ્ત્રો ઋષિમુનિઓથી પ્રગટ થયા છે, જ્યારે ભગવદ્ ગીતા કોઈ ઋષિમુનિથી નહીં. ભગવાનના મુખેથી પ્રગટ થઈ છે, ભગવાને ગાયેલી છે અને એટલા માટે પછી એમાં કોઈ શંકા જ ન રહે. ભગવત વાક્ય પ્રમાણ છે. ચતુર્ભુજનો અર્થ છે જેની ચાર ભુજા ચારેય વેદ છે. મહાપ્રભુજી સમજાવે છે કે બે ભુજા નિગ્રહલીલા કરવા માટે છે અને બે ભુજા અનુગ્રહલીલા કરવા માટે છે. નિગ્રહલીલા કરવી એટલે કોઈને મારવો, દંડ દેવો - પછી ગમે તે દંડ હોય. બે ભુજાથી નિગ્રહ કરે છે, બે ભુજાથી અનુગ્રહ કરે છે અથવા ભગવાને ચાર ભુજા એટલા માટે ધારણ કરી છે કે ભગવાન ચાર આયુધો ધારણ કરવા માંગે છે પદ્મ કમળનો સ્વભાવ તાપ દૂર કરવાનો છે. ભગવાને જે પદ્મ ધારણ કર્યું છે એ જીવના તાપને નિવારવા માટે. સુદર્શનચક્ર ધારણ કર્યું છે ભક્તોની રક્ષા કરવા. આપણે અંબરીષના પ્રસંગમાં પણ જોયું પ્રભુએ ગદા ધારણ કરી છે તો દુષ્ટોનો સંહાર કરવા માટે અને શંખ શત્રુઓના હૃદયને ચીરી લેવા માટે છે. તો ભગવાને આ ચાર આયુધો ધારણ કર્યા છે એ ચાર આયુધો માટે ચાર ભુજા તો જોઈએ. ચતુર્ભુજ છે એનું એક કારણ કે ભગવાન ભક્તોને બતાવે છે ભક્તોને તમારો ધર્મ પણ હું છું, અર્થ પણ હું છું, કામ પણ હું છું અને મોક્ષ પણ હું છું. ધર્મ પણ કૃષ્ણ છે કૃષ્ણસેવા ધર્મ કૃષ્ણઅર્થ કૃષ્ણદર્શન કામઅને કૃષ્ણ સેવા

મોક્ષ શ્રી હરિરાયજીનો આ શ્લોક ભગવાનના દાસ હોવું એ ધર્મ આપણો, અર્થ - આપણી મૂડી, આપણી સંપત્તિ, આપણું ધન - આપણા ઠાકોરજી. બીજા બધા ધનનો ભરોસો નહીં, ચડે પણ ખરું અને ઉતરે પણ ખરું. બીજા બધા ધનનો ભરોસો નહીં આવે તો દટાઈ જઈએ એટલું આવે અને ઉડે તો આપણને પણ ઉડાડી દે; પરંતુ ભગવાનરૂપી જે ધન છે, આપણા પ્રભુ જ આપણી સંપત્તિ છે. તમે વિચાર કરો કે માણસને પૈસો મળે એટલે એ બહુ રાજી થાય, એમાં કોઈ શંકા નથી. **લક્ષ્મીથી બધાને સુખ થાય પણ જરા એ વિચારો કે જે લક્ષ્મીને પ્રાપ્ત કરીને દેવ, મનુષ્ય, અસુર, આ બધાને આટલું બધું સુખ થાય છે એ લક્ષ્મી શા માટે ભગવાનને પ્રાપ્ત કરીને સુખી થાય છે? અથવા આ વાત બીજા શબ્દોમાં કહું તો આખા જગતને સુખ આપનારી લક્ષ્મીને ભગવાન સુખ આપે છે તો એનો અર્થ એ થયો કે ભગવાન વધારે સુખરૂપ છે.** લક્ષ્મીને જે સુખ આપે એ કેટલા સુખરૂપ હશે અને એટલા માટે જેને ભગવત રૂપ પ્રાપ્ત થયું છે એને પછી ધન આવવાથી હરખ નથી થતો અને ધન જવાથી શોક પણ નથી થતો. જેને મહાસુખ મળ્યું હોય એને પછી અલ્પ સુખના હાનિથી કોઈ ફરક ન પડે. તમને ખબર છે કે એવા પણ વૈષ્ણવો થયા, નારાયણદાસ બ્રહ્મચારીની કથા છે. ઘરના આંગણામાં રોજ સુવર્ણ પડેલું જોવા મળે અને ભત્રીજીને કહી રાખેલું આ કચરો પડે એ તારે અડવું જ નહીં, કુહાડીથી કાઢીને એને ફેંકી દેવો. પુરુષોત્તમદાસ શેઠ એક વાર્તામાં એવો પ્રસંગ છે કે આ શેઠ અને એક વિરક્ત વૈષ્ણવ એકબીજાની આજુબાજુ સૂતા હતા. શેઠ પાસે અપાર સંપત્તિ અને એની બાજુમાં જે સૂતો હતો, એની પાસે બીજે દિવસે ખાવા માટેનું અન્ન પણ નહીં. ભગવાન એક બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા અને કહેવા લાગ્યા કે મારી પાસે મણિ છે અને આ મણિ જેની પાસે આવે એ સમૃદ્ધ થઈ જાય. ભગવાન શેઠને પૂછે છે તમારે આ મણિ જોઈએ છે? શેઠે તો કહ્યું કે મારી પાસે તો ઘણું ધન છે, આને પૂછો એની પાસે કાંઈ નથી. એને જોઈએ તો આપો. ભગવાન પેલા વિરક્ત વૈષ્ણવ પાસે આવ્યા અને પૂછ્યુ કે તારે આ મણિ જોઈએ છે ? પેલાએ ઉત્તર આપ્યો, રોજ મારે જેટલાં ભોજનની જરૂર પડે છે એટલું આજ સુધી પ્રભુએ મને આપ્યું છે, આજ સુધી ભગવાને મને કોઈ દિવસ ભૂખ્યો રાખ્યો નથી. મારે રોજ જેટલું જોઈએ છે એટલું રોજ મને પ્રભુ આપી રહ્યો જ છે, પછી આ મણિની જંજાળમાં હું શું કરવા પડું ? મારે ન જોઈએ. અબજોપતિ હતો એ કહે છે કે મારે ન જોઈએ અને જેની પાસે કાંઈ ન હતું એ અકિંચન કહે છે કે મારે પણ ન જોઈએ - તો આ બન્ને પાસે એવી કઈ સંપત્તિ છે કે જેમને મણિની પરવા નથી. જેને **ભગવાન રૂપી ધન મળ્યું છે એટલે ભગવાનને મોટામાં મોટી સંપત્તિ કહી છે. ભગવાનની સેવા-ભક્તિ કરવી, એના દાસ થવું એ ધર્મ છે. ભગવાન આપણી મોટામાં મોટી સંપત્તિ છે.** કૃષ્ણદર્શનની કામના.

अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः ।
प्रियं प्रियेव व्युषितं विषमाः मनोरविन्दाक्ष विदृक्षते त्वाम् ।।

વૃત્રાસુર કહે છે મહારાજ ! જેની પાંખ પણ ન ફૂટી હોય એવાં બચ્ચાં જેમ માની રાહ જોતા હોય, ખીલે બંધાયેલા વાછરડા સાંજ પડે ગાયની રાહ જોતા હોય કે મને મા આવે ને દૂધ પીવડાવે, પોતાનો પ્રિય પતિ પરદેશ ગયો હોય અને એની રાહ એની પત્ની જોતી હોય - એ રીતે પ્રભુ હું આપના દર્શનને માટે વ્યાકુળ છું. દિદૃક્ષાના ત્રણ ઉદાહરણ વૃત્રાસુરે આપ્યા. તમને ભગવાનના દર્શન કરવા ગમે એટલું પૂરતું નથી, ભગવાનના દર્શન માટે તમારા હૃદયમાં આતુરતા હોવી જોઈએ. દર્શન

કરવા ગમે છે એટલું નહીં - જેવી રીતે જળ ન મળ્યું હોય, ચોવીસ કલાક થઈ ગયા હોય, અડતાલીસ કલાક થવા આવ્યા હોય અને જળ ન મળતું હોય ને માનવી મૂંઝાય એવી સ્થિતિ આપણી થવી જોઈએ અથવા જેમ પાણીમાંથી માછલી કાઢી લ્યો અને એ માછલીની જે દશા થાય એવી દશા ભક્તના મનની થવી જોઈએ. રામાયણમાં દશરથ રાજાએ બે ઉપમા આપી. મણિ અહીં જળ બીન મીના, મણિ વગરનો સર્પ જેમ વ્યાકુળ હોય અને જળ વગર માછલી જેવી વ્યાકુળ હોય એ બેનું જેવું જીવન હોય એવું જીવન રામ વગર મારું છે. હું મારા રામ વગર ન જીવી શકું. આવું દશરથ રાજા બોલ્યા. કદાચ કૈકેયીએ આ વાત બહુ ગંભીરતાથી નહીં લીધી હોય પરંતુ બન્યું છે એવું જ કે રામના વિયોગમાં દશરથ રાજાએ પ્રાણ છોડી દીધા. એ જે બોલ્યા હતા એમાં અતિશયોક્તિ ન હતી. એટલે ભક્તના હૃદયમાં ભગવાનના દર્શન માટે વ્યાકુળતા હોવી જોઈએ. ચાર આયુધો અને પાંચમુ ભગવાનનું સ્વરૂપ આ પંચમહાભૂતનું પ્રતીક છે. શંખ છે એ જળતત્ત્વ છે. સુદર્શન છે એ અગ્નિતત્ત્વ છે. ગદા એ વાયુતત્ત્વ છે. ભગવાનનું જે શ્યામસુંદર સ્વરૂપ છે એ આકાશતત્ત્વ છે. એટલે ભગવાનને આકાશ જેવા કહ્યા. **गगनसदृशं** ગગનની ઉપમા કેમ? એક તો એ કે આકાશ કોઈ પદાર્થ નથી. ભગવાનનું સ્વરૂપ પણ પદાર્થ નથી, આકાશમાં કંઈ નથી છતાં એનો રંગ છે એમ ભગવાનનું સ્વરૂપ ભૌતિક નથી છતાં પણ ભગવાનનો આકાશના જેવો રંગ છે. ભગવાનના રંગને બે ઉપમા ખાસ અપાઈ છે - આકાશની અને મેઘની. ભગવાને પોતાના ભક્તોને કૌસ્તુભ મણિનું રૂપ આપીને પોતાના હૃદય ઉપર પધરાવ્યા છે. ગલશોભિ કૌસ્તુભમ્ ભગવાને પીતાંબર કેમ ધારણ કર્યું છે ? એટલા માટે કે સૌ કોઈને ભગવાનના દર્શન ન થાય. ઝળહળતું પીતાંબર, તેજોમય પીતાંબર - મહાપ્રભુજીનો એવો મત છે કે ભગવાનનું વસ્ત્ર મોક્ષ પણ આપે છે અને મોહ પણ આપે છે. જ્યારે ભગવાનનું વસ્ત્ર મોક્ષ આપે ત્યારે એને ગૌર કહ્યો છે અને મોહમાં નાંખે ત્યારે એને પિત કહ્યું છે. ભીષ્મદાદાએ દર્શન કર્યાને ત્યારે ભગવાનનું પીતાંબર પીળું નથી, એ પીત્ અંબર નથી. સૂર્યના કિરણો જેવું સફેદ - **रविकरगौरवराम्बरं** પીતાંબરમ્ નહીં. પીળું પિતાંબર બોલાય જ નહીં કેમ કે પીતનો અર્થ જ પીળું થાય. પીળું પિતાંબર ન બોલાય, પીતાંબર બોલાય ઠાકોરજી જે વસ્ત્ર ધારણ કરે છે એ વસ્ત્રના બે સ્વરૂપ છે - વેદાત્મક અથવા માયાત્મક. આ ચર્ચા આપણે શેની કરીએ છીએ ? પ્રગટ થયેલા બાલકૃષ્ણ. કૃષ્ણ કેવા અને આવું આવું એમણે કેમ ધારણ કર્યું છે એની ચર્ચા મહાપ્રભુજીએ સુબોધિનીમાં બહુ સુંદર રીતે કરી છે અને આ એટલા માટે હું ચર્ચા કરું છું કે આપણે જ્યારે પણ ભગવાનના દર્શન કરીએ તો આપણને સમજાય તો ખરું કે આ શું છે? અને એમાંય વળી વ્રજલીલામાં તો ભગવાન આયુધોની ભાવના પછી બદલાઈ જાય છે. વ્રજમાં જે ચતુર્ભુજ સ્વરૂપ છે ને એમાં ઠાકોરજીના શ્રી હસ્તમાં જે કમળ છે એ કમળ વૃષભાનુનંદિની રાધાનું સ્વરૂપ છે, કુમારિકાઓ છે એ ગદાનું સ્વરૂપ છે, ચક્ર ચંદ્રાવલીજીનું સ્વરૂપ છે અને શંખ યમુનાજીનું સ્વરૂપ છે. ભગવાન દ્વારિકેશ પ્રભુનું નામ છે દ્વારિકાધીશ પણ લીલા વ્રજની છે, કાંકરોલીમાં બિરાજ્યા, નિજસ્વરૂપે નામ છે દ્વારિકાધીશ પણ લીલા દ્વારિકાનગરીવાળી નહીં. શંખ યમુનાજીનું સ્વરૂપ છે કારણ કે જળમાંથી થાય છે. આ શંખ-ચક્ર-ગદા-પદમાં એ ચાર યુદ્ધની અધિષ્ઠાત્રી મુખ્ય સ્વામીનીઓ છે પણ વ્રજનો રસાત્મક અર્થ લઈએ તો બાકી પ્રચલિત શાસ્ત્રોક્ત અર્થમાં ભગવાને શંખ-ચક્ર-ગદા-પદ્મ ધારણ કર્યા છે એની ચર્ચા મેં તમારી આગળ કરી કે એ પંચતત્ત્વમાંના ચાર તત્ત્વ છે. ભગવાન જે અંબર ધારણ કરે છે. અંબર એટલે વસ્ત્ર - એના બે સ્વરૂપ

છે, વેદાત્મક અને માયાત્મક. જો ભગવાન કોઈ મોક્ષ જીવને પોતાનું દર્શન આપીને મોક્ષ આપવા ઈચ્છતા હોય તો પ્રભુ ગૌર વસ્ત્ર ધારણ કરીને દર્શન આપશે અને કોઈ ભક્તને અત્યંત મોહમાં નાખી દઈ ભક્તિના પ્રગાઢ મોહમાં, પ્રેમના પ્રગાઢ મોહમાં નાખી દેવો હોય - મોહિત કરવો હશે તો પ્રભુ પિતાંબર ધારણ કરશે. એટલા માટે વેણુગીતના પ્રસંગમાં ભગવાનના પીતાબંરને સુવર્ણની ઉપમા અપાઈ. **बिभ्रद् वासः कनककपिशं** સુવર્ણના જેવું ઝળહળતું પીતાંબર ધારણ કર્યું છે અને સુવર્ણ વિષે તમે જાણો છો ? સુવર્ણનો સ્વભાવ છે મોહક ! સીતાજી મોહમાં ન પડ્યા કે આ મૃગ સોનાનો છે ! સુવર્ણ મોહક છે અને પ્રભુ સુવર્ણમય પીતાંબર ધારણ કરે છે ભક્તોને મોહમાં નાખવા માટે. ભગવાન મોહમાં નાંખે છે એટલા માટે એનું નામ છે મોહન. અરે ! આપણને મોહમાં નાંખે એમાં શું નવાઈ ? કામદેવને પણ મોહમાં નાખે છે એટલે એમનું નામ છે મદનમોહન. મદન એટલે કામદેવ અને પ્રભુ કામદેવને પણ મોહિત કરે છે એટલે મદનમોહન. જો ભગવાન કોઈને મોક્ષ આપવા ઈચ્છતા હશે તો ભગવાન એને તેજોમય ગૌરવસ્ત્ર સહિત દર્શન આપશે. પ્રકાશ જ્ઞાનનું પ્રતીક છે. ભીષ્મને મુક્તિ આપવી છે એટલે ગૌર અંબરથી દર્શન આપ્યા છે. અને વ્રજમાં કાંઈ થોડી કોઈને મુક્તિ આપવી છે માટે પ્રભુના શ્રીહસ્તમાં જે શંખ છે એ પણ વેદાત્મક છે, છંદોમય છે. હવે ભગવાનના વર્ણની વાત આવી. કેવા હતા ? શ્યામસુંદર હતા. કૃષ્ણને કાળા કહ્યા. કૃષ્ણ કાળા હતા એટલે પેલા આફ્રિકાના હબસી જેવા કાળા હતા ? તો તો બીક ન લાગે ? કાળા એટલે કે મેઘ જેવા કાળા. કૃષ્ણશ્યામ છે પણ એમની શ્યામલતા કેવી છે એ સમજાવવા માટે મોટેભાગે ઉપમા અપાઈ છે મેઘ સાથે. મેઘ વર્ણમ્ શુભાગમ્ અને ભાગવતમાં પણ **सान्द्र पयोद सौभगम्** જળ ભરેલા મેઘ જેવા ચોમાસાનો મેઘ, આ ઉપમા બહુ સમજીને આપી છે કારણ કે આકાશના મેઘને અને કૃષ્ણને મિત્રતા છે એટલે તો મેઘ ગર્જેને ત્યારે મોર રાજી થઈ જાય છે. ભગવાનની વાણી પણ મેઘગંભીર છે. મેઘ ધીમે ધીમે ગર્જના કરવા લાગ્યા. કેમ તો કહે ગીતો ગવાતા હતા, વધાઈઓ ગવાતી હતી એમાં ખલેલ ન પડે, એ દબાઈ ન જાય એટલા માટે ધીમે ધીમે મેઘ ગર્જતા હતા. અચ્છા, ક્યાં ગર્જતા હતા ? અનુસાગરમ્ સમુદ્ર પાસે જઈને ગરજતા હતા. મહાપ્રભુજી બહુ મજાનો અર્થ કર્યો છે. આકાશના મેઘ કૃષ્ણજન્મ થવાના સમયે સમુદ્રની પાસે જઈને કેમ ગર્જે છે? તમે જુઓ મથુરાની આજુબાજુ કાંઈ દરિયો નથી. જલધિ જલધર મેઘ સમદ્ર પાસે જઈ અને ધીમે ધીમે ગરજવા લાગ્યા. મહાપ્રભુજીએ અર્થ કર્યો છે; મેઘ સમુદ્રને કહે છે કે હે સમુદ્ર ! તારા કરતા અમે ભાગ્યશાળી છીએ. કેમ? ભગવાને તારો ગુણ લીધો, અમારું રૂપ લીધું. મેઘગંભીર અને એટલા માટે વાદળ માટે શબ્દ છે જળધર કારણ કે જળને ધારણ કરી રાખે તો જ એનું શ્યામત્વ રહે ને વાદળ જ્યારે પાણી છોડી દે તો તો પછી ઉજળા થઈ જાય તો ભગવાન સાથેનું વર્ણ શ્યામ્ય ન રહે. ભાગવતજીના શ્લોકો ઉપર શ્રીમહાપ્રભુજીએ ખૂબ સુંદર અને ઊંડાણથી વર્ણન કર્યું છે. ભગવાનનો રંગ શ્યામ છે. જેવી રીતે મેઘ પોતે તડકો સહી લઈ અને બીજાને છાંયડો આપે છે એટલું જ નહીં, જળ વરસાવી એનાથી અન્નનું દાન કરે છે એવી રીતે ભગવાન જગતનું પોષણ કરવા પધાર્યા છે. જગતનો તાપ હરવા પધાર્યા છે એટલા માટે ભગવાનને મેઘ જેવો રંગ ધારણ કર્યો. પ્રભુનો શ્યામ વર્ણ છે. રાધાજીએ એકવાર પૂછ્યું કે તમે શ્યામ થઈને કેમ આવ્યા ? તો ભગવાને ગમ્મતમાં કહ્યું કે એટલા માટે કે તમે વધારે ગોરા દેખાઓ ને ! કાળા બેકગ્રાઉન્ડમાં ગોરુ વધારે ગોરુ લાગે. ભગવાને

કહ્યું હું શ્યામ એટલા માટે થઈને આવ્યો કે હું સ્વયમ્ શૃંગારરસરૂપ છું. કૃષ્ણ રસરાજ છે. વેદોએ કહ્યું રસ ભાગવત કહે છે રસરાજ. રસરાજ શૃંગારનો રસ સાહિત્ય શાસ્ત્રોમાં કહ્યો છે. દરેક રસનો પણ રંગ છે. ભગવાનનો રંગ શ્યામ એટલા માટે છે કે શ્યામ રંગની એવી ખૂબી છે કે બધાજ રંગને પોતાની અંદર ગુમ કરી દે. જો સફેદ અને કાળું આ બેમાં બહુ મોટો તફાવત છે. સફેદ રંગનો એ તફાવત છે કે જે જેવું છે તેને તેવું રહેવા દે, તો શ્વેત વર્ણનો અર્થ છે કે કોઈને Disturb ન કરવું, જે જેવું હોય તેવું રહે. જ્યારે શ્યામ રંગનો સ્વભાવ જુદો છે. શ્યામ રંગમાં કોઈ પણ રંગ નાંખો એ શ્યામ થઈ જાય મીરાએ કહ્યું કે કાળો કામળો હું એટલા માટે ઓઢું છું કે કાળા રંગ ઉપર બીજો કોઈ રંગ ચડતો જ નથી. સફેદ રંગ ઉપર તમે ધારો એ રંગ ચડાવી શકો છો અને કાળા રંગ ઉપર કોઈ રંગ ચડે જ નહીં, એમ જે વૈષ્ણવના હૃદયમાં કૃષ્ણરંગ ચડી ગયો હવે બીજો કોઈ રંગ એના ઉપર નહીં ચડે. કૃષ્ણરંગનો આ મહિમા છે તમે કૃષ્ણ આશ્રિત થયા પછી વાત પતી ગઈ અને એટલા માટે ભગવાનનો રંગ શ્યામ છે. એકવાર યશોદા કૃષ્ણને કહે છે 'લાલા, તારે ગોરા થવું છે ?' લાલો કહે, 'હા !' ગોરા થવાની લાલસા દરેક માણસને છે એટલે તો આટલી બધી કંપનીઓ ચાલે છે. ભગવાનને પણ આવી ઇચ્છા થઈ. યશોદાજી કહેવા લાગ્યા - લાલા તારે ગોરા થવું છે તો એક કામ કર, આપણી આ ધોળી ગાય છે ને ? હા, દૂધ કેવું છે ? એ પણ ધોળું છે. ધોળી ગાયનું ધોળું દૂધ જે સાત ઘૂંટડા રોજ પીવે એ ગોરો થઈ જાય.' લાલો થયો તો નહીં પણ હોંશે હોંશે દૂધ પીતો થઈ ગયો. પહેલા તો દૂધ પીવા માટે બહુ આનાકાની કરે પણ જ્યારથી આ બતાવ્યું કે દૂધ પીવાથી ધોળું થવાય, એણે મા પાસે માગ્યું છે 'મા, તું મને ધોળી ગાયનું દૂધ પીવડાવ તો હું ઉજળો થાઉં.' કેટલી કંપનીઓ ચાલે છે આ લાલસામાં ? ભગવાનનો રંગ શ્યામ છે એ એ બતાવે છે કે જે એના રંગમાં જાય છે, એના રંગમાં રંગાઈ જાય છે પછી તમે તમે ન રહી શકો.

या अनुरागी चित्तकी गति न समजु कोय ।
ज्यों ज्यों बुडे श्याम रंग त्यों त्यों उज्वल होय ।।

આ રંગ આખા જગતને ઉજળો બનાવનારો રંગ છે એટલે પ્રભુએ ધારણ કર્યો છે. હવે આપણે આજની કથા લઈએ કાલે જે ચાર અધ્યાય લીધાં એમાં જે ચાર વ્યૂહ છે એ દરેક પોતપોતાનું વિશિષ્ટ કાર્ય છે અને ભગવાન આ ચારેય વ્યૂહને લઈને પધાર્યા છે. એનો અર્થ એ થયો કે શ્રીકૃષ્ણમાં આ બધું જ કરવાનું સામર્થ્ય છે. એક છે 'વાસુદેવવ્યૂહ', વાસૂદેવવ્યૂહનું કારણ છે મુક્તિનો અધિકાર ન હોય એને પણ પોતે ધારે તો મુક્તિ આપી શકે. કર્મની દૃષ્ટિએ જોવા જાવ તો પૂતનાને મુક્તિનો અધિકાર ક્યાં હતો ? ભગવાનને ઝેર પીવડાવે એને મોક્ષ મળે? પણ પ્રભુ જ્યારે કૃપા કરે છેને ત્યારે કર્મના સિદ્ધાંતો કામ નથી આવતા, વાસુદેવવ્યૂહ મુક્તિનું દાન કરે છે. તો ભગવાન જ્યાં જ્યાં પણ કોઈને મોક્ષ ગતિ આપે ત્યાં એ કૃષ્ણનું નહીં પણ કૃષ્ણની એક શક્તિ 'વાસુદેવવ્યૂહ'નું કાર્ય છે. કઠોરતાપૂર્વક કોઈનો વધ કરે, સંહાર કરે તો એ કૃષ્ણનું નહીં પણ કૃષ્ણની એક શક્તિ 'સંકર્ષણવ્યૂહ'નું કાર્ય છે. સંકર્ષણવ્યૂહ વિનાશ કરનારી શક્તિ છે. ભગવાન જ્યારે કોઈને એવો અનુભવ કરાવે કે હું તમારો પુત્ર છું ત્યારે એને 'પ્રદ્યુમ્નવ્યૂહ' જાણજો. એટલા માટે ત્રીજા અધ્યાયમાં પ્રદ્યુમનમાં ભગવાનનું કાર્ય બતાવ્યું છે. ભગવાનનું પ્રાગટ્ય થયું ત્યારે પ્રત્દુન્યરૂપ લીધા જેમ રામાવતારમાં દશરથ ને કૌશલ્યાને આપેલું વરદાન સિદ્ધ કરવા પ્રગટ થયા એ પણ

પ્રદ્યુમ્નવ્યૂહ લીલા. જ્યાં જ્યાં પૂર્ણઅવતાર હોય ત્યાં ચારે વ્યૂહ હોવા જોઈએ, જ્યાં પૂર્ણઅવતાર હોય ત્યાં નવે રસ હોવા જોઈએ. આ બધું ન હોય તો એને પૂર્ણ ન કહેવાય. રામ અને કૃષ્ણમાં આ બંને છે એટલા માટે પૂર્ણઅવતાર છે પણ ફરક માત્ર એટલો છે કે રામ મર્યાદાનું નિર્વાહ કરનારા છે અને તેથી એ મર્યાદાપુરુષોત્તમ કહેવાયા. કૃષ્ણ પુષ્ટિપ્રભુ છે એટલે કેટલાકની એવી માન્યતા પણ છે કે ચાર કળા શ્રીકૃષ્ણમાં વિશેષ છે. આમાં કાંઈ Comparision કરીને દુ:ખી થવા જેવું નથી. અમે એવું નથી કહેવા માંગતા કે રામ ઉતરતા ને કૃષ્ણ ચડીયાતા. અરે ચૌદવીનો ચાંદ અને પૂર્ણિમાનો ચાંદ એમાં કોઈ ઉતરતો ને ચડિયાતો થોડો છે, ફરક માત્ર એટલો છે કે ચૌદસનો ચંદ્રમા પૂર્ણ દેખાતો હોય તો પણ હજી એમાં એક કે બે કલા ખૂટે છે. એકમથી પૂનમ સુધીની તિથિ કેટલી હોય ? કોઈક ચૌદ કહે છે; તો કોઈ પંદર તો કોઈ સોળ. આ ત્રણેય સાચા. જો ક્ષય તિથિ આવે તો ૧૪ પણ હોય, કાંઈ ગરબડ ન હોય તો ૧૫ અને વૃદ્ધિ તિથિ આવી તો ૧૬. આનો અર્થ એ થયો કે ચંદ્રની કળા સોળ છે, સત્તર સંભવ નથી. એટલે ભગવાનને પણ ષોડશકલાયુક્ત કહ્યા ને ? શુકદેવજીની સ્તુતિમાં ભગવાનને આ કળા કહી છે સોળ એટલે પુરૂં. પહેલાના જમાનામાં રુપિયાના આના કેટલા આવતા ? પછી અંગ્રેજોને થયું કે આ સોળમાં કાંઈ સમજણ નથી પડતી, સોળની એવી શી વિશેષતા છે ? એટલે એમણે બદલીને દશાંક કરી કાઢી. ૧, ૧૦, અને ૧૦૦ આ સો એટલે પુરૂં. એ આપણી પ્રણાલિકા નથી આપણે સોળ કહીએ એટલે પૂરૂં. આપણું આખું પંચાગ ચંદ્રપદ્ધતિથી છે, લ્યુનર સિસ્ટમ અને અંગ્રેજોનું બધું છે એ સોલાર સિસ્ટમ પદ્ધતિથી એટલે એ લોકોને એક રાહત છે. પછી કોઈ એમ ન કહે કે આજે અગિયારમી તારીખનો ક્ષય છે. કોઈ એમ ન કહે કે આજે પહેલી તારીખની વૃદ્ધિ છે. ત્યાં તો સીધું જ છે, ૧ પછી ૨ આવે. આપણે ત્યાં એવું નથી, આપણે ત્યાં તિથિઓ નક્કી થાય છે સૂર્ય-ચંદ્રના મિલનથી. સૂર્યચંદ્રની મેક્સિમમ દૂરી. જો કે આ અગવડ ભરેલું છે. કદાચ એવું પણ થાય કે આજે અગિયારસ હોય, કાલે તેરસ પણ હોય એવું બને. એટલે લોકોને આ નથી ફાવતું કે આ શું વળી, પણ આપણું વૈજ્ઞાનિક વધારે છે. અમાસ એટલે સૂર્ય અને ચંદ્રનું મિલન અને પૂનમ એટલે Maximum Opposite તમે આજે કઈ તિથિ છે એવું જાણો. દરિયાની ભરતી અને ઓટ તારીખથી નક્કી થાય કે તિથિથી ? દરિયાની ગતિ તિથિથી નક્કી થાય એ એ બતાવે છે કે તિથિ એ વધારે Authentic વસ્તુ છે. સૂર્ય અને ચંદ્ર મળે એનું નામ અમાસ એટલે આકાશમાં આપણને ચંદ્ર દેખાતો નથી. જ્યોતિષમાં પણ અમાસે જનમ્યા હોય એની કુંડળીમાં સૂર્ય અને ચંદ્ર એક જ સ્થિતિમાં હોય. પછી એ છૂટા પડવા લાગ્યા બરોબર સામસામા આવે એટલે પૂર્ણિમા થાય. આના સોળ દિવસ હોઈ શકે છે અને એટલે જ ચંદ્રની સોળ કળા; એટલે કૃષ્ણની પણ સોળ કળા. મહાપ્રભુજીએ કહ્યું કલાનિધિ. તો રામાવતારમાં અને કૃષ્ણાવતારમાં આ ફરક છે કળાઓનો, સ્વરૂપનો નહીં. જે રામ છે એ જ કૃષ્ણ છે - બે અલગ દેવો નથી. પણ રામાવતારમાં પૂર્ણ આવિર્ભાવ નથી, થોડુંક હજી પ્રગટ થવાનું બાકી છે. કૃષ્ણઅવતારમાં પૂર્ણ પ્રાગટ્ય થઈ ગયું. તો આવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ મથુરામાં પ્રગટ થયા. ભગવાનનું પ્રાગટ્ય કોઈ મનુષ્યની જેમ નથી થયું, વસુદેવ અને દેવકીના સંબંધથી ભગવાનનું પ્રાગટ્ય નથી થયું. ભગવાન પહેલાં વસુદેવજીના મનમાં પધાર્યા છે અને વસુદેવ દ્વારા જેમ યોગ દીક્ષામાં શક્તિપાત થાય છે તે રીતે ભગવાન દેવકીજીમાં પધાર્યા છે. ભગવાનનું સ્વરૂપ અપ્રાકૃત, અલૌકિક, આધિદૈવિક, રસરૂપ, આનંદરૂપ

છે. પ્રભુને પ્રગટ થતાંની સાથે માતાપિતાએ સ્તુતિ કરી. ભગવાને આજ્ઞા કરી એકવાર હું તમારે ત્યાં પૃશ્નિગર્ભ થઈને આવ્યો, બીજીવાર હું તમારે ત્યાં ઉપેન્દ્ર વામન થઈને આવ્યો અને ત્રીજીવાર હું તમારે ત્યાં પુત્ર થઈને કૃષ્ણરૂપે આવ્યો છું. આ તમારો પણ છેલ્લો અવતાર છે. મને હમણાં નંદરાયજીને ત્યાં પધરાવજો. યોગ્ય સમય થશે ત્યારે હું આવીને કંસને મારીશ. આમ ભગવાન કંસને જ મારવા આવ્યા હોતને તો એ રાત્રે જ પતાવી દીધું હોત, પણ ભગવાન તો અનેકવિધ પુષ્ટિલીલા કરવા માટે પધાર્યા છે, કંસવધ તો એક મામૂલી કારણ છે અને એટલા માટે પ્રભુ પધારે છે. વસુદેવજીએ ભગવાનને મસ્તક ઉપર પધરાવ્યા, સાંકળો ખુલી ગઈ, દરવાજા ઉઘડી ગયાં, પહેરેગીરો મૂર્છામાં પડ્યા. વસુદેવ ભગવાનને લઈને બહાર પધાર્યા, બહાર ઝરમર ઝરમર વરસાદ વરસવા લાગ્યો. શેષભગવાને છાયા કરી, યમુનાજીના કિનારે આવ્યા. ઊતર્યા છે શ્રી યમુનાજીમાં, જળ કંઠ સુધી આવ્યું, વસુદેવજી મૂંઝાયા, હવે શું કરવું ? પરંતુ શ્રી યમુનાજીએ છેલ્લે માર્ગ આપ્યો, ભગવાને ચરણ અડકાડ્યોને માર્ગ આપ્યો એવું ભાગવતમાં નથી પણ યમુનાજીએ માર્ગ આપ્યો એ ચોક્કસ છે. વ્રજ આખું નિદ્રામાં પોઢેલું હતું. ભગવાન આવે ને લોકો સૂઈ જાય આવું કેમ બને અને આ તો ભક્તો છે, પણ આ બધા પોઢેલા એટલા માટે હતાં કે જેમ અહીંયા કૃષ્ણ આવિર્ભાવ થયો એમ ત્યાં માયાનું પ્રાગટ્ય થયું છે અને માયા જન્મે ત્યારે ભક્તો સૂઈ જાય માયા ભગવાનના ભક્તોને સુવાડી દે છે. આખું ગોકુળ શાંત હતું, યશોદાને એટલી ખબર છે કે મને કાંઈક જન્મ્યું પણ શું જન્મ્યું એ ખબર નથી. વસુદેવજી પધાર્યા, બાલકૃષ્ણને યશોદાજીના પડખામાં પોઢાડી કન્યાને લઈ લીધી એને લઈને પાછાં આવ્યા. ભગવાનના પધારવાથી જે બંધનો તૂટી ગયા એ પછી માયાને લઈને આવ્યા એટલે પાછાં બંધાઈ ગયા. માયા ઉંવા ઉંવા રોવા લાગી, રડવાનો અવાજ સાંભળીને પહેરેગીરો જાગ્યા. દોડતા કંસને ખબર આપ્યા. કંસ દોડીને આવ્યો, દેવકીના હાથમાંથી કન્યાને છીનવી લીધી અને પ્રહાર કરવા ગયો એટલામાં એના હાથમાંથી કન્યા છૂટી થઈ ગઈ. આકાશમાં મધ્યમાં ઊભી છે, અષ્ટભુજા જગદંબાનું રૂપ ધારણ કર્યું છે. ખડખડાટ હસતી હસતી કહેવા લાગી, અરે મૂર્ખ ! તું શું મને મારવાનો હતો, પણ તને મારનારો ક્યારનોય ક્યાંક જન્મી ચૂક્યો છે. નાહક તું વસુદેવ-દેવકીને હેરાન ન કર. માયા આકાશમાં ચાલી ગઈ. કંસે વસુદેવ-દેવકીને મુક્ત કર્યા. ક્ષમા માંગી અસુરોને ભેગા કરીને એણે મંત્રણા કરી કે હવે હું મારા શત્રુને કઈ રીતે શોધું અને એને મારું ? ચાલો, એનું જે થવું હોય તે થાય, આપણે આવી પહોંચ્યા વ્રજમાં. નોમની સવાર, નંદરાયજી ઉઠતાની સાથે જ ગૌશાળામાં પધાર્યા છે, એટલામાં બહેન સુનંદા દોડતી દોડતી આવી. 'ભૈયા, બધાઈ હો. ભૈયા, બધાઈ હો. આજ તેરે ઘર લાલો ભયો, ભૈયા બધાઈ હો.' નંદરાયજીએ જાણ્યું પુત્ર જન્મ થયો છે. આખા ગામમાં સમાચાર મોકલી દીધા, 'આજે કોઈ ગાયો ચરાવવા વનમાં ન જશો.' આપણે જેને Public Holiday કહીએને, આજે કોઈ ગાયો ચરાવવા વનમાં ન જશો. તો શું આજે ગાયો ભૂખી રહેશે ? નહીં, આજે અમારે ત્યાંથી કંસાર આવ્યો. આજે અમારા ત્યાંથી રાજભોગ આરોગશે, લાપસી આરોગશે. આજે કોઈ ગાયો ચરાવવા વનમાં ન જાઓ. આવો મારા આંગણે, નાચો, ગાઓ અને ઉત્સવ કરો. પછી તો ગામમાં તોરણો બંધાઈ ગયા. સાથિયા પૂરાઈ ગયા. ગોપીઓએ સુંદર વસ્ત્રો-આભૂષણો ધારણ કર્યા. નાચતી-ગાતી નંદરાયજીના આંગણામાં આવી, આવી ત્યારે ખબર પડી કે ઘણી મોડી પડી છે કારણ કે ક્યારનાય

બધા આવી ગયા હતા. ભીડ ભઈ હૈ નંદજીકે દ્વારે, બધી જ સજાવટ કરવામાં આવી, બાલકૃષ્ણ પારણામાં ઝૂલી રહ્યા છે. જે જે દર્શન કરે તેને પરમાનંદ થાય છે. પ્રેમના આનંદના આવેગમાં વ્રજ ભક્તો નાચવા લાગ્યા, ગાવા લાગ્યા અને કહેવા લાગ્યા, 'નંદકે આનંદ ભયો, જય કનૈયા લાલ કી..... યશોદા કો લાલો ભયો, જય કનૈયા લાલ કી'

નંદબાવાએ આખા ગામમાં સવારે સમાચાર મોકલ્યા. સૌ ભેગા થાવ અને ઉત્સવ મનાવો. નંદમહોત્સવનું વર્ણન શુકદેવજીએ ૧૮ શ્લોકોમાં કર્યું છે.

આજ નંદ કે આનંદ ભયો. આ કીર્તન ગવાય પછી આપણા મંદિરોમાં નંદમહોત્સવ થાય. પલના બિરાજતા હોય ત્યારે આ કીર્તન ગવાય છે અને જે નંદમહોત્સવના ચાર કીર્તનો છે એમાંનું આ છેલ્લું છે. '**नंद स्वात्मजउत्पन्ने**' આપણે ગુજરાતીમાં બોલીએ છીએ કે નંદ ઘેર આનંદ ભયો. એ ઘેર નથી એ કેર છે. જય કનૈયા લાલકી આજ નંદરાય કે આનંદ ભયો... મહાપુરુષ મહાનુભાવ નંદબાવાને ત્યાં પુત્ર જન્મ થયો છે એ જાણતા એમને અતિ આનંદ થયો. આમ વિચારવા જેવું છે, પિતા છે નંદ અને પુત્ર છે આનંદ - આપણે નંદ બનીએ તો આપણે ત્યાં આનંદ આવે. નંદ બનવું એટલે શું ? પોતાનો આનંદને બાંટનાર બનવું. જેવા સમાચાર મળ્યા કે પુત્ર જન્મ થયો છે આ હેલીને સૌરાષ્ટ્રમાં હેલો કહે. હેલો એટલે કોઈ ઘોષણા મોટેથી કરવામાં આવે તો એ વ્રજમાં એને હેલી કહે. ઘેર ઘેર સમાચાર પહોંચી ગયા કે યશોદાને ત્યાં પુત્ર જન્મ્યો છે, કોઈએ એવું નથી કહ્યું કે ભગવાન પ્રગટ થયા. અહીંયા ભાગવતે કહ્યું **नंद स्वात्मजउत्पन्ने** આ ઈશ્વર પ્રાગટ્યનો ઉત્સવ નથી, આ પુત્રજન્મનો ઉત્સવ છે. જો આ ભગવાન પ્રગટ્યા છે એવી ખબર હોયને તો લોકો આશીર્વાદ લેવા લાઈનમાં ઊભા રહે. અહીંયા તો આશીર્વાદ આપવા આવ્યા છે. પુષ્ટિલીલા મર્યાદાલીલા કરતાં સાવ વિપરીત છે. અહીંયા ગોપીઓ આશીર્વાદ માંગવા નથી આવી, જે મોટી ઉંમરની ગોપીઓ આવે છે ને એને યશોદાજી કહે છે કે આવો મારા લાલાના માથે હાથ મૂકો, મારા લાલાને આશીર્વાદ આપો કે મારો લાલો ચિરંજીવ થાય અને ગોપીઓએ પણ ચિરં જીવો હે યશોદા મા ! તારો લાલો ચિરંજીવ થાય, જેમ વડનું ઝાડ ધીરે ધીરે વધે એવી રીતે એ પણ વધતો જાય. ગામમાં સમાચાર પહોંચી ગયા કે યશોદાને ત્યાં પુત્ર થયો છે. સુત જાયો યશોદા... પણ પાછાં ખાલી હાથે ન જવાય હોં, ગોપીઓ વિવિધ પ્રકારની ભેટ-સોગાદો લઈ નંદબાવા પાસે આવી જેના પાસે જે હોય તે લાવે. કોઈ મોટા વાસણમાં દૂધ ભરીને લાવ્યું ને કોઈ દહીં ભરીને લાવ્યું ને કોઈ માખણ ભરીને લાવ્યું. આ લોકોની તો Property આ હતી. પણ, મઝા તો એવી આવી કે આ બધા તો ભેટ લઈને આવ્યા પણ નંદબાવા આજે કશું જ લેવાની ભાવનામાં ન હતા. એ તો પોતાનું હતું એ જ બધું વાપરી રહ્યા હતા. તો એમાં બધા જ્યારે નાચવા-ગાવા લાગ્યાને એટલે એક જણાને સૂઝ્યું એટલે થોડું દહીં લઈને બીજાના મોં ઉપર માર્યું, પછી તો બધાને મજા આવી ગઈ. એકબીજાના ઉપર દહીં છાંટવા લાગ્યા. બીજાને એમ થયું કે આ એકલું દહીં છાંટીએ છીએ એમાં તો કાંઈ ખબર જ નથી પડતી, એમાં થોડી હળદર નાંખોને. હરિદ્રા ચૂર્ણ એટલે દળેલી હળદર, એમાં થોડું નાખ્યું તેલ. તેલ એટલા માટે કે ચોંટ્યા પછી ઉખડે નહીં. દહીંમાં હળદર પધરાવી, એમાં તેલ પધરાવ્યું પછી એક જણાએ કહ્યું કે આ તેલમાં પાણી નાંખોને તો પ્રસરે. ભક્તિનો રસ એટલે દહીં, ભક્તિનો રંગ એટલે હળદર, ભક્તિનું સ્વરૂપ એટલે તેલ, ભક્તિનો ઉત્સવ એટલે

જળ - આ ભક્તિનો ઉત્સવ છે અને એટલા માટે જ આ બધું જ ત્યાં પ્રગટ થયું છે. ગોરસ એટલે શું ? ભક્તોની ઈન્દ્રિયોમાં રહેલો ભક્તિરસ. તમારી આંખ એને જોઈને રાજી થાય એ ગોરસ. તમારા કાન એની વાત સાંભળીને રાજી થાય એ ગોરસ. ગો એટલે ઈન્દ્રિયો, તો અહીં જે દહીં છે એનો અર્થ છે ભક્તિનો રસ. અહીં જે હળદર છે એનો અર્થ છે ભક્તિનો રંગ અને જો એટલા માટે પુષ્ટિમાર્ગમાં ઉત્સવ હોયને ત્યારે કયા રંગના વસ્ત્રો પહેરાય છે ? એ બોલાય છે કેસરી પણ એ આપણો પ્રચલિત કેસરી નહીં પણ હળદરના રંગ જેવો કેસરી. હળદરનો રંગ આપણે ત્યાં ઉત્સવનો રંગ છે એટલે કીર્તનમાં પણ એનો ઉલ્લેખ છે. આપણે ત્યાં પુષ્ટિમાર્ગમાં ચોખા ને પણ હળદરથી રંગવામાં આવે છે એટલે આ અઢાર શ્લોકોમાં જે કહેવાયું છે એના ઉપર એના જ ભાવ આપણે ત્યાં કીર્તનોમાં વ્યક્ત થયા છે. સૌથી પહેલું વર્ણન ગોપીઓનું આવ્યું. ભાગવતમાં નહીં કીર્તનમાં રંગબેરંગી ચોલી પહેરી, ઝુમક સાડી પહેરી, કૃષ્ણને નિરખવા જનારી ગોપીઓ વિવિધ પ્રકારના શૃંગાર; મુલ્યવાન મણિને ધારણ કર્યા છે, કાનમાં કુંડલ છે, માળાઓ ધારણ કરી છે, વિવિધ પ્રકારના રંગબેરંગી વસ્ત્રો ધારણ કર્યા છે, અંબોડામાં વેણી ગુંથેલી છે અને ઉતાવળી થઈ રહી છે એટલે એ પુષ્પો ખરી ખરીને રસ્તા ઉપર પડ્યા છે. ગોપીના ઘરથી માંડીને યશોદાના ઘર સુધી જે રસ્તાઓ છે ને એ બધા પુષ્પઆચ્છાદિત થઈ ગયા કૃષ્ણ જન્મ્યા ત્યારે ત્યાં મથુરામાં પુષ્પવૃષ્ટિ થઈ હતી ત્યાં સુમન શબ્દ છે એનો સાતમો શ્લોક મુનિઓએ સુમનવૃષ્ટિ કરી. સુમનવૃષ્ટિના બે અર્થ થાય - સુમન એટલે પુષ્પ અને સુમન એટલે સુંદર મન. પોતાના પ્રસન્નમન રૂપી પુષ્પની મુનિઓએ વૃષ્ટિ કરી એ વૃષ્ટિ આકાશમાંથી થઈ હતી પણ અહીં વ્રજમાં તમારે કોઈને પૂછવું ન પડે કે નંદબાવાનું ઘર કઈ ગલીમાં.

जहां ये फूल पडे हुए है, जहां ये पुष्प से आच्छादित मार्ग जा रहे हैं उन्ही मार्ग पे चले जाव.

પ્રભુની પ્રીતિનો માર્ગ પુષ્પઆચ્છાદિત માર્ગ છે. ભગવાને એના તરફ જવાનો રસ્તો ફૂલથી આચ્છાદિત કરી લીધો. મારી પાસે આવનારા ભક્તોને શ્રમ ન પડે. હાથમાં વલય એટલે કડા પહેર્યા છે જે જે અંગથી સેવા કરવાની છે તે બધા અંગને શણગાર્યા છે. આપણે ત્યાં મહારાજશ્રી આરતી કરેને મંદિરમાં તો એ આરતી કરતા પહેલા એ વલય ધારણ કરે છે; એ ગોપી ભાવ છે, યશોદા ભાવ છે. કાનમાં કુંડળ ડોલી રહ્યા છે, ગળામાં હાર ઝૂલી રહ્યો છે, વેગથી જઈ રહી છે. પુષ્ટિમાર્ગમાં દર્શન કરવા માટે, આમ ગજગામિની ચાલે ન જવાય. બીજા બધા મંદિરોમાં ચાલે કારણ એ સવારે ઉઘડે એટલે સાંજ સુધી બધું ઉઘાડું જ રહે. દોડીને લોકો જતા હોય તો જાણજો કે એ પુષ્ટિમાર્ગનું મંદિર હશે, ક્યાંક ટેરો ન આવી જાય, ક્યાંક અમે રહી ન જઈએ. સૌ દોડી દોડીને પહોંચ્યા અને એક બીજું કારણ છે તમને જો ખરેખર પ્રભુમાં પ્રેમ હોય તો તમે ચાલીને નહીં જાઓ, દોડીને જ જશો કારણ કે પ્રભુને મળવાની આતુરતા ભક્તો દોડીને પહોંચ્યા છે. વર્ષો પહેલાં પ્રભુએ જન્મો પહેલાં પ્રભુએ વરદાન આપ્યું હતું અને એ વરદાન આજે સિદ્ધ થયું છે. એટલે ભગવાનના દર્શન કરવા માટેની જે આતુરતા હોય ને ? હતી એ વર્ષો જુની, યુગો જુની હતી. આમ દર્શન કરીને પણ ધરાઈ જવાનું હોય ? જો તમને પ્રભુના દર્શન કરવામાં ધીરજ રહે તો તમે હજી પુષ્ટિરસ ચાખ્યો નથી. અધીર બનીને વૈષ્ણવ દોડે અને દર્શન કરીને સંતોષ ક્યાં થાય છે ? તમે દર્શન કરતા હો શ્રીનાથજીના પણ શ્રીનાથજીનું તો કાંઈ કહેવા જેવું જ નથી ! આમ તો બધા પુષ્ટિપ્રભુ રસ રૂપ છે પણ શ્રીજી બાવાએ તો કાંઈ

જાદુ કર્યો છે, લોકો એવા ગાંડા થઈને દોડે. પેલા ભજનમાં લખ્યું છેને 'હરિનો મારગ છે શૂરાનો... એ ચોક્કસ નાથદ્વારા ગયો હશે, એણે મંગળાની આરતી કરી હશે પછી આ ભજન લખ્યું હશે. નહીં કાયરનું કામ રે !' પરથમ પહેલું મસ્તક મૂકી લેવું પગ મજબૂત હોય તો જ આગળ ઊભા રહેવું નહીંતર કેટલાય વૈષ્ણવોનો ચરણ સ્પર્શ થઈ જાય શ્રીજી બાવા ઊભા ઊભા જોયા કરે, તમે લોકો દર્શન કરો છોને - ખાસ કરીને બહેનો હવે જ્યારે દર્શન કરવા જાઓ ત્યારે જો જો તમે સામા ઊભા હો ત્યારે તમારા Step સ્ટેપ કેવા થાય છે ? ઘડીક આગળ, ઘડીક પાછળ - આવું એકલા ઊભા રહીને કરતા હોને તો એને Dance જ કહેવાય. ભક્ત નાચે અને પ્રભુ નીરખ્યા કરે. ઝાપટીયો ઝાપટ મારે ભક્તિનો આનંદ છે. આ જીવનમાં જ્યારે પણ સેવા, સ્મરણ, ઉત્સવ, કીર્તન, મનોરથ, પ્રભુને લાડ લડાવવાના - જીવનમાં જ્યારે અવસર મળી જાય ત્યારે કાલ ઉપર ન રાખો કારણ કે કાલ કોણે દેખી છે ? આજનો લ્હાવો લીજીએ રે, કાલ કોણે દીઠી છે ? એકવાર દર્શન કરીને બહાર નીકળીએ પાછાં રાઉન્ડ લગાવીએ, કદાચ ભીતરીયા ઝાપટીયા કાઢી મૂકે બહાર તો પાછાં બહાર નીકળી, કમળ ચોકમાં થઈ પાછાં લાઈનમાં આવી જઈએ પાછાં દર્શન કરીએ, લળી લળી મુખડા નિહાળીએ - કૃષ્ણ મુખદર્શનનો આનંદ દેખો... આંખ ભરી ભરીને એના દર્શન કરો. દેખો... આજે કો ગાયો ચરાવવા વનમાં ન જાઓ વિવિધ પ્રકારના વેશ ધારણ કરી આવો નાચો મારા આંગણે ઉત્સવ મનાઓ અને બધા સુંદર વસ્ત્રો આભૂષણો ધારણ કરી એક વાત યાદ રાખજો આપણે જ્યારે મંદિરે કે હવેલીએ ભગવાનના દર્શન કરવા જઈએ છીએ ત્યારે આપણે જ એના દર્શન કરીએ છીએ એવું નથી એ પણ આપણને નિરખે છે. કેમ એની આંખે પાટા બાંધ્યા છે ? અને એની આંખે કોણ પાટા બાંધી શકે ? તો આપણે જ્યારે દર્શન કરવા જઈએ છીએ ત્યારે આપણે દર્શન આપવા પણ જઈએ છીએ અને એટલા માટે મંદિરે જાવને તો દર્પણ સામે જોઈ લેવું કે આપણે ભગવાનને રૂડા લાગીએ એવા છીએને ? અને હજી પણ આપણને લાગે કે હજુ પણ બરાબર નથી તો બરાબર સરખા થવું અને પછી પ્રભુ પાસે જવું. ભગવાન પાસે હસતા મોઢે જવું. પ્રભુના દ્વારે આનંદ લઈએ, મોં ચડેલું હોય તોય નહીં, ઉતરેલું હોય તો પણ નહીં, પ્રસન્ન મુખથી પ્રભુ પાસે જાવ. આ બધા કેવી રીતે ગયા છે જુઓ. ભાગવતમાં ગોવાળો ગયા છે. બાજત ઢોલ, મૃદંગ... ગીતો ગાતા, આનંદ કરતા કરતા, પોતાના પ્રિયતમ પ્રભુને મળવા માટે, એને નિરખવા માટે, જનમ જનમની પ્રભુના દર્શન માટેની પ્યાસ બુઝાવવા માટે સૌ ત્યાં પહોંચ્યા છે. અને ભીડ... એટલી બધી ભીડ, બ્રાહ્મણો આવ્યા છે, ગોપો આવ્યા છે, ગોપીઓ આવી છે. બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરે છે. બ્રાહ્મણો ભગવાનને પણ આશીર્વાદ આપે, એમનો અધિકાર છે પ્રભુએ એ અધિકાર આપ્યો છે. પહેલું વર્ણન જ બ્રાહ્મણોનું છે. **आहूय विप्रान वेदज्ञान्** મંત્રોચ્ચાર થવા જોઈએ, વાંજિત્રો વાગવા જોઈએ, ગીતો ગવાવા જોઈએ અને પછી બધાએ ખૂબ ઉત્સવ મનાવ્યો. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી... હાથી ઘોડા પાલખીમાં કાંઈ મેળ પડતો નથી. ખરેખર એવું નહોતું હાથી દિયે, ઘોડા દિયે ઔર દિયે પાલખી.... બ્રાહ્મણ કો દાન દિયો, નંદબાવાએ એ દિવસે ભંડાર ખોલી નાંખ્યા હતા. જિસકો જો ચાહીયે લે જાવ. કોઈ કહે, મહારાજ ! મને સોનામહોર આપો, તો આપી. કોઈ કહે, મને ગાય આપો, તો આપી. કોઈ કહે, મને ઘોડો આપો, તો આપ્યો. એમાં એક ગરીબ બ્રાહ્મણ એ તો પહોંચી ગયો.

બાવા, બધાઈ હો ! બાવા, બધાઈ હો ! નંદબાવા ખુશ. મહારાજ, આપ કો જો ચાહીયે વો માંગ લો. મહારાજ કહે કે આજે એવું માંગી લો કે ક્યારેય કોઈની પાસેથી મળે જ નહીં. એટલામાં બધા ગાતા ગાતા નીકળ્યા, 'હાથી દિયે, ઘોડા દિયે ઔર દિયે પાલખી.' તો મહારાજ કહે કે પાલખી આપણે શું કરવી છે અને ઘોડાનું પણ શું કામ છે ? કાર કે ઘોડા કરતા હાથી ઉપર... નંદબાવાને કહ્યું કે બાવા મુઝે એક હાથી દે દો. નંદબાવાએ કહ્યું કે બિલકુલ મીલેગા, આપકો જો પસંદ હો લે જાઈએ. ચિઠ્ઠી લખી આપી. જે હાથી ગમે તે પસંદ કરી લો. બ્રાહ્મણ તો ગયો હસ્તિશાળામાં, એવો મજાનો હાથી પસંદ કર્યો. પછી પેલાએ શીખવાડી દીધું કે આવું કરો એટલે એ આગળ જાય, આમ બહુ અઘરું ન હોય. બ્રાહ્મણ તો હાથી ઉપર બેસી ગયો. ધોતી ફાટેલી, હાડકા દેખાય એવું શરીર અને હાથી ઉપર ઝૂલતો ઝૂલતો ઘરે પહોંચ્યો. હવે ઘર તો એનું ગલીમાં એટલે હાથી છેક સુધી તો જાય નહીં એટલે આગળ ચોકમાં ઊભો રાખ્યો. નીચે ઉતરીને ખુશ થતો થતો પત્નીની આગળ ગયો. પત્ની રસોડામાં રસોઈ કરતી હતી. અરે સુંદરી ! અરે સુંદરી ! આજ નંદબાવાને ક્યા દાન દીયો ? આજ નંદબાવા બડે પ્રસન્ન હુએ હૈં ના, જોભી માંગો વો દેતે હૈં. તો આજ હમકો બહોત બડો દાન દિયો. પત્નીએ કહ્યું કે હું તો રસોઈ કરું છું, જે કાંઈ હોય તે અંદર આવીને બતાવો. બ્રાહ્મણ કહે, અરે ! તું મુરખ હૈ. નંદરાયજીને જો દાન દિયો હૈં ના, વો ઘર મેં ન આય સકે હૈ, આપને આંગન મેં ભી ન આય સકે. પત્નીને થયું કે એવું એમણે શું દાન આપ્યું છે કે ઘરમાં પણ ન આવે. એ તો બહાર આવી. હજી આમ આવે છે તો ચોકમાં મોટો હાથી ઊભો રહેલો જોઈ બ્રાહ્મણપત્ની વિચારમાં પડી, હાથી ? હા, હમને નંદરાયજીસે કહા હમે એક હાથી દે દો. તો નંદબાવા બડે પ્રસન્ન થે, હમકો હાથી ભેંટ કર દી. બ્રાહ્મણપત્ની કહે કે તમારામાં બુદ્ધિ ક્યારે આવશે ? આપણે પેટ ભરીને ખાઈ શકતા નથી. ગરીબ બ્રાહ્મણ છીએ, આટલો મોટો હાથી આપણે શું ખાઈશું અને આને શું ખવરાવીશું ? બ્રાહ્મણે કહ્યું કે હા આ તો મને વિચાર જ ન આવ્યો. જાવ પાછાં. અરે કાંઈ સીધુંસામગ્રી લાવ્યા હોત, કંઈક રૂપિયા-પૈસા લાવ્યા હોત તો કામ આવત - આ હાથી શું કરવાનો આપણે ? બ્રાહ્મણે કહ્યું કે આપણે રોજ એના ઉપર બેસીને નીકળીએ તો લોકો આપણને જુએ. પગે ચાલનાર માણસના અરમાન શું હોય ? હાથી પર બેસવાની ઇચ્છા થાય. એ તો બિચારો વીલે મોંઢે પાછો આવ્યો. અહીંયા તો ઉત્સવ ચાલે છે, બ્રાહ્મણ આમ વીલુ મોઢું રાખીને ઊભો રહ્યો. નંદબાવાએ બોલાવ્યો, મહારાજ ! ક્યા હુઆ ? આપકો હાથી નહીં મિલા ? નહીં, મિલ ગયા. તો આપ કુછ ચિંતા મેં દિખાઈ પડ રહે હો, ક્યા બાત હૈં ? મહારાજ, મૈં હાથી લૌટાને કો આયા હું. નંદબાવા કહે છે કે એકવાર બ્રાહ્મણને દાનમાં અપાઈ જાય. પછી મારાથી પાછું ન લેવાય. બ્રાહ્મણ કહે હું મરી જઈશ, કારણ કે હું હાથીને ખવરાવીશ શું ? નંદબાવા કહે છે કે યે બાત હૈ ? આજ મૈં નહીં ચાહતા હૂઁ કે મેરે વ્રજ મેં કોઈ ઉદાસ હો. આજે તો આનંદની લહેરો ઉઠતી હતી. નંદબાવાને કહા યહી ચિંતા હૈના, જાવ મૈં લિખ કે દેતા હૂઁ કિ જબ તક યે હાથી જીવિત રહેગા ઔર આપ જીવિત રહોગે, વહાં તક સીધુસામગ્રી હમારે યહાં સે આયેગી. લેકિન મહારાજ આપ દુઃખી મત હો. બ્રાહ્મણ એવો રાજી થયો. પાછો હાથી ઉપર બેસી ગયો. પત્ની પણ દરવાજે ઊભી રહી હતી. ક્યાંક આમને અડધે રસ્તે વિચાર બદલાઈ ન જાય. એટલામાં તો એ હાથી ઉપર જ પાછો આવે છે. અરે ! ક્યોં લે આયે

ઉસકો અભી, યે હાથી યહીં રહેગા ? ક્યા ખીલાઓગે ? ચિંતા મત કર, હમારે નંદરાયજીને આશ્વાસન દીયા હૈ જબતક હમ ઔર યે હાથી રહેગા પૂરી ભોજન સામગ્રી ઉનકે યહાં સે આયેગી. હમારે નંદબાવાને કહા કિ મહારાજ, અબ કિસી ઘર માંગને મત જાના, ઘર મેં બૈઠે બૈઠે ભજન કરના. મેરે લાલા કો આશીર્વાદ દેતે રહના ઔર આપ આનંદ સે રહના. નંદબાવાએ આનંદ વહેંચ્યો છે અને વૈષ્ણવો આનંદ જેટલો વહેંચો એટલો વધે છે. જગતની બધી જ સંપત્તિ તો વાપરવાથી ઘટે, પણ વિદ્યાનું ધન અને આનંદનું ધન જેટલું વાપરો એટલું વધે છે. ઉત્સવનો અર્થ છે આનંદનું વિતરણ. **તમે એકલા સુખ ભોગવો એને ભોગ કહેવાય અને બધાની સાથે સુખ ભોગવો તો એને ઉત્સવ કહેવાય.** સહનાવવતુ સહનૌ ભુનક્તુ એ ઉત્સવ છે અને આપણા ઋષિઓ તો કહે છે, કોઈપણ સુખ એકલા ન ભોગવો - બધાને લઈને ભોગવો. સહનાવવતુ સહનૌ ભુનક્તુ અને જરા વધારે વિસ્તારથી જોવા જઈએને તો આ વાત બન્નેમાં લાગુ પડે છે એટલે કે સુખ ભોગવો તો બધાની સાથે રહીને, દુઃખ ભોગવો તો પણ બધા સાથે રહીને. સુખદુઃખમાં બધાએ સાથે રહેવું - બન્નેમાં ફાયદા છે. દુઃખમાં સાથે હશો તો દુઃખ વહેંચાઈ જશે, સુખમાં સાથે રહેશો તો સુખ વધશે. સુખ વહેંચવાથી વધશે અને દુઃખ વહેંચવાથી ઘટશે અને એટલા માટે આપણે ત્યાં સુખમાં પણ સૌ ભેગા થાય છે, દુઃખમાં પણ સૌ ભેગા થાય છે. ખૂબ ઉત્સાહથી આનંદ મનાવાતો હતો અને એમાં એક દિવસ યશોદાને આંગણે એક મોટા જોગી આવીને ઊભા છે. અલખ નિરંજન... અલખ નિરંજન... અલખ નિરંજન... મા બહાર આવી. નંદબાવાને આંગણેથી કોઈ ખાલી હાથે પાછું ન જાય અને એમાં પણ કૃષ્ણ જન્મ થયો પછી તો લોકો દૂર દૂરથી આવે. આપણે ત્યાં ઢાઢી લીલા થાય છે, જન્મ પછી ઢાઢીલીલા અને જોગીલીલા આવે છે. બધા માગવા માટે, આશીર્વાદ આપવા માટે આવે છે, વધાઈ આપવા માટે આવે છે અને જે આવે છે એને નંદબાવા બહુ પ્રેમથી બાંટે છે. આજે એક જોગી આવીને ઊભા છે. અત્યાર સુધી અનેક સાધુસંતો આવતા હતા, પણ આજે તો એમના મુખ ઉપરનું તેજ કાંઈક જુદું જ છે. ગૌર શરીર છે, ઊંચો પડછંદ દેહ છે, કટિ ઉપર એક નાનકડું મૃગચર્મ વ્યાઘ્રચર્મ લપેટેલું છે અને હાથમાં ત્રિશૂળ છે. ત્યાં એક ડમરું લગાવેલું છે, માથે મોટી જટા છે, આંખો તો આમ ડર લાગે એવી, શરીર ઉપર ભભૂતિ લગાવેલી છે અને ઊભા ઊભા બોલી રહ્યા છે, અલખ નિરંજન... અલખ નિરંજન... અલખ નિરંજન. મા બહાર આવી, થયું કે આ કોઈ મોટા યોગીરાજ લાગે છે. માએ હાથ જોડ્યા. મૈં જોગી જસ ગાયા હમ કાશી સે આયે હુએ હૈં. તેરે સુતકો દરશ દિખાઓ હમ તેરે પુત્ર કે દર્શન કે લિયે આયે હૈં મૈયા ! તુ બડી ભાગ્યવતી હૈ, તુઝે પતા હૈ ? પરબ્રહ્મ, પૂર્ણપુરુષોત્તમ, સમગ્ર જગતનો સ્વામી, ત્રણેય લોકનો સ્વામી ! તેરે ઘર બેટા હોકર કે આયા હૈ. યશોદાજીને થયું કે મારા લાલાના કેટલા વખાણ કરે છે ? મૈયા, અલખ પુરુષ ઘર આયા. યોગીઓ હૃદયમાં જેનું ધ્યાન કરે છે એ આજે તારા ગોદમાં સાકાર થઈને પોઢ્યો છે. જે અમારા ધ્યાનનો વિષય છે અને ધ્યાનનો વિષય તો નિરાકાર હોય એટલે એનું કોઈ સ્થૂળ રૂપ ન હોય. જો હમારે ધ્યાન મેં બડી મુશ્કિલ સે આતા હૈ, વો આજ બેટા બન કે તેરી ગોદ મેં ખેલ રહા હૈ. ધન્ય... યશોદાજી બહુ રાજી થયા, ઘરમાં ગયા અને મોટા મોટા થાળ ભરીને, એકમાં મોતી ને માણેક, બીજામાં ભોજનના લીલા-સુકા મેવા, પકવાન મિઠાઈ આ બધું જ સામે મૂકી દીધું. જો ચાહે સો લીજિયે રાવલ કીજિયે આપની છાયા

બાપજી, આપકો જો ચાહિયે વો લિજીએ. બસ ઈતની દયા કિજીએ કે મેરા બેટા ચિરંજીવ હો ! આપકો જો ચાહિયે વો લે જાઈએ પરંતુ મેરે બેટે કો ઈતની આશિષ દિજીએ કિ વો ચિરંજીવ હો. પ્રભુ આશીર્વાદ દીજીએ. જોગીને કહા, મૈયા ! મૈં યે ભેંટ લેને કે લિયે નહીં આયા હૂઁ, ના, મૈં યે સબ લેકે, હમ ક્યા કરેંગે. હમ તો જોગી હૈં, હમેં દક્ષિણા મેં, ભેટ મેં યે સબ નહીં ચાહિયે. મા, તેરે પુત્ર કે હમે દર્શન કરા દીજીયે. હમ તો ઉસકે દર્શન કે લિયે આયે હૈં. યશોદાજીએ કહ્યું, બાપજી ગુસ્સો ન કરો તો એક વિનંતી કરું. આપકો જો ચાહિયે વો લિજીએ લેકિન મૈં અપને લાલા કા મુખ નહીં દિખાઉંગી, મેરા કોઈ યદિ અપરાધ હો ગયા હો તો મુઝે ક્ષમા કિજીએ. મેરી વિનંતી હૈ કિ આપ મુઝ સે યે મત માંગીયે કિ મેરે પુત્ર કે દર્શન કરને હૈ. જોગીને કહા કિ આપકો ક્યા આપત્તિ હૈ ? મેં કહ્યું, મહારાજ ! તમે ગુસ્સે ન થાવ તો એક વાત કહું. બોલો બોલો ક્યા બાત હૈ ? હું આવડી મોટી છું તો પણ તમને જોઈને ડર લાગે છે, તો મારો લાલો તમને જોઈને ડરશે નહીં ? જોગી હંસને લગે. અરે ! યે ડર જાયેગા ? યે તો સબકો ડરાનેવાલા હૈ. જોગી જવાબ આપે છે. માને બે બીક હતી, એક તો મારો દીકરો નજર લાગે એવો છે, ઠાકોરજીના શ્રૃંગાર કર્યા પછી નજર ન લાગે ? શ્યામસુંદરને ટપકું કરી લઉં ગાલમાં. સ્નાન કર્યા પછી જે જળ ઉતારીએ છીએને એ એટલા માટે કે આપણી જ નજર એને ન લાગે અને માની નજર તો લાગે જ કારણ કે દરેક માને એનું બાળક રૂપાળામાં રૂપાળું લાગે. એને પૂછો કે સૌથી સુંદર કોણ ? તો કહે મારો બાળક. અને એમાંય શ્રીકૃષ્ણ તો પરમ સૌંદર્ય છે. ભગવાન સુંદર નથી, ભગવાન સ્વયં સૌંદર્ય છે. સુંદર કહો તો એ તો ગુણ થયો. ભગવાન સુંદર નહીં. ભગવાન સૌંદર્ય છે. ભગવાન મધુર નહીં, ભગવાન માધુર્ય છે. ભગવાન આનંદિત નહીં ભગવાન સ્વયં આનંદ છે. એ પ્રકાશિત નથી એ પ્રકાશ છે. પ્રકાશિત ક્યારેક અપ્રકાશિત બની શકે છે, આનંદી ક્યારેય આનંદી ન હોય પણ ભગવાન તો આનંદ છે. માને એક ડર એ હતો કે મારા લાલાને નજર લાગશે. જોગીએ કહ્યું, જેની નજર આખા જગત ઉપર હોય, એને કોઈની નજર ન લાગે. **जा कि दृष्टि सकल जग पर, वो क्यों जाये दिठाया ?** તેરા બેટા મેરા બાપ હૈ. માને થયું કે આ કાંઈક ભાંગ પીને આવ્યા છે. મહારાજ ! આવું કેમ બોલે છે ? તેરા બેટા મેરા બાપ હૈ. મૈયા તેરા અકેલા અધિકાર નહીં હૈ, યે તો પૂરે વિશ્વ કે લિયે આયા હૈ. વિશ્વ આધાર હૈ, વિશ્વ આધાર. વિશ્વામિત્ર ઋષિ આવ્યા અને એમણે માગ્યું કે મને રામ લક્ષ્મણ આપો. પહેલા તો દશરથ રાજા બોલ્યા કે માગતાં આવડે છે કે નહીં ? મને માંડ માંડ આ પાછલી ઉંમરે આ બાળકો મળ્યા છે. અરે માંગતા પહેલા વિચાર તો કરો કે ક્યાં આ કોમળ બાળકો અને ક્યાં આ રાક્ષસો ? એ રાક્ષસોની સામે આ કુમળા બાળકો - માગતાં આવડતું નથી, મહારાજ આપને ! ક્ષમા કરો, આપને માગતાં ન આવડ્યું. કહો તો હું આવું. વિશ્વામિત્રએ કહ્યું, તમારું કામ નથી. તમારો બાળક જોઈએ, રામ લક્ષ્મણ જોઈએ. પછી વિશ્વામિત્રનો પક્ષ લઈને વશિષ્ઠ બોલ્યા, મહારાજ ! આપને ઘરે જે પુત્ર જન્મ્યો છે એના ઉપર આખા વિશ્વનો અધિકાર છે કારણ કે એ વિશ્વોદ્ધારક છે. આપણા શ્રીનાથજીના બે નામ છે દૈવોદ્ધારક અને સર્વોદ્ધારક. કથા તમને ખબર છેને ? શ્રીનાથજીનું મંદિર બન્યું ત્યારે એના ઉપર શિખર અને ધજા નહોતા અને આપોઆપ એના ઉપર ધજાજી આવી ગયા, શિખર આવી ગયું. મહાપ્રભુજીએ ફરીથી નકશો કરાવ્યો. ફરી ઉપર એ પ્રગટ થઈ ગયા. શ્રી મહાપ્રભુજીએ

વિનંતી કરી શ્રીજીબાવાને કે પ્રભુ ! આપ આપનું મહાત્મ્ય પ્રગટ ન કરો. આપને બહુ પરિશ્રમ થશે. પુષ્ટિમાર્ગમાં પ્રભુ મંદિરમાં નથી બિરાજતા. આપણા મંદિરો મંદિરો નથી, નંદાલય છે. ભગવાન નંદાલયમાં વસે છે અને નંદબાવાનો મહેલ અને સૌરાષ્ટ્રમાં તો પુષ્ટિમાર્ગના મંદિર માટે મંદિર શબ્દ નથી વપરાતો, હવેલી કહેવાય છે અને એ જ શબ્દ યોગ્ય છે. પછી શ્રીજી બાવાએ મહાપ્રભુજીને આજ્ઞા કરી કે હું પુષ્ટિજીવો માટે પણ આવ્યો છું અને મર્યાદાજીવો માટે પણ આવ્યો છું. મારે સર્વનો ઉદ્ધાર કરવો છે અને તેથી મારું મહાત્મ્ય પ્રગટ કરવાને માટે પરિશ્રમ નહીં થાય એટલે આખા પુષ્ટિસંપ્રદાયમાં માત્ર નાથદ્વારાનું જ મંદિર એવું છે કે જેમાં ભગવાન પુષ્ટિ અને મર્યાદા બન્ને ભાવોનો નિર્વાહ કરનારા પધાર્યા છે, બાકી કોઈ પુષ્ટિમાર્ગીય મંદિરમાં શિખર ન હોવું જોઈએ, ધજા ન હોય. શિખર અને ધજા દેવાલયમાં હોય અને આપણા પ્રભુ દેવાલયમાં નહીં નંદાલયમાં બિરાજે છે એટલા માટે આપણે ત્યાં પ્રાણ-પ્રતિષ્ઠા નથી થતી. જો ભગવાન થઈને બિરાજવાના હોય તો પ્રાણ-પ્રતિષ્ઠા થવી જોઈએ. પ્રાણ જીવ, ઇન્દ્રિયો આ બધું એની અંદર પધરાવવું જોઈએ, મંત્રોચ્ચારથી પ્રતિષ્ઠા થાય છે. એમાં વાણી આવે, આંખ આવે, શરીરની બધી જ ઈન્દ્રિયો આવે અને એમાં વસે. પણ આ પ્રકારની શાસ્ત્રોક્ત પ્રક્રિયા પુષ્ટિમાર્ગમાં નથી. પુષ્ટિમાર્ગમાં તમે જે સ્વરૂપ લાવો છો, પધરાવો છો એ સ્વરૂપની વૈદિક પ્રાણપ્રતિષ્ઠા નથી પરંતુ પુરુષોત્તમ સ્વરૂપનો આવિર્ભાવ થાય છે એ ભાવાત્મક આવિર્ભાવ છે કેમ કે ભગવાન નંદાલયમાં બિરાજનારા નંદકુંવર છે, નહીં કે દેવાધિદેવ. અરે મૈયા ! તુ ક્યોં ડરતી હૈ, ઈસ પર કોઈ કિસીકી નજર નહીં લગેગી, તુ ઈસકો લે આ. યશોદાજી હજી પણ લાવતા નથી, એટલામાં લાલો ઉંવા ઉંવા કરીને રોવા લાગ્યો. પછી જલદી શાંત ન થાય ખોટું રડે એને તમે જેટલા શાંત રાખવા જાવ પણ એનો તો Volume વધે. અરે ! મૈં ક્યા કરું, તુઝે કૈસે સમજાવું ? મા એને દૂધ પીવડાવે પીતો નથી, એ રમતો નથી બસ રોતો જ જાય છે. બહાર ઊભા રહેલા શિવજી સમજી ગયા, આ તો મને સહાય કરવા માટે લીલા કરી રહ્યા છે. અરે મૈયા ! તેરે લાલા કો કિસીકી નજર લગી હૈ, લે થોડી ભભૂતિ લગા દે. માતાએ લાવીને લાલાને ભભૂતિ લગાવી. હવે લાલો હસવા લાગ્યો. માને થયું કે બાવાજી ભલે બીક લાગે એવા હોય, પણ છે ચમત્કારી. મારા રડતા દીકરાને હસતો કરી લીધો. **बालकृष्ण को लाइ यशोदा, करी आँचल की छाया** જો અભી તક બહાર નહીં લે કર આઈ થી, વો અબ આ ગઈ કેવી રીતે લાવી ખબર છે ? આમ એક હાથમાં લાલો લીધો છે અને બીજા હાથથી સાડીનો છેડો એના ઉપર ઢાંકી રાખ્યો છે. ક્યોં ? બે કારણે. પહેલું કારણ બહાર તડકો બહુ છે, ભગવાનને ઉઘાડા ક્યાંય ન લઈ જવાય. બીજું કારણ કે કોઈ અજાણ્યાની એની ઉપર દૃષ્ટિ ન પડે, એને નજર ન લાગે અને સ્વર્ગના દેવો ઉપર રાહ જોઈને ઊભા હતા કે ક્યારે યશોદા લાલાને બહાર લાવે અને અમે એના દર્શન કરીએ. માએ ઉપર વસ્ત્ર ઢાંકી દીધું, કેમ ? દેવોને દર્શન ન થવા દીધા. યશોદાએ શું કહ્યું ? મારા લાલાના દર્શન કરવા હોય તો જે પરબ્રહ્મ, પરમાત્મા વ્રજવાસી થયો છે એવી રીતે દેવો તમે પણ વ્રજવાસી થાઓ તો તમને વ્રજના કૃષ્ણના દર્શન થશે. વ્રજવાસ ન થાય ત્યાં સુધી વ્રજપતિની ઝાંખી ન થાય. વ્રજેશને પામવું હોય તો વ્રજમાં જવું પડે અને અલૌકિક ભાવ લઈને જવું જોઈએ, અત્યંત નિર્દોષ ભાવ લઈને અને અત્યંત અલૌકિક ભાવ લઈને વ્રજમાં જાવ. આપણી આંખને સરળતાથી જે દેખાય છે એ

આધિભૌતિક વ્રજ છે, એની અંદર આધિદૈવિક અને આધ્યાત્મિક વ્રજ છુપાયેલું છે. તમે જાવ તો યમુનાના દર્શન થાય છે એ યમુનામાં જ યમુના મહારાણી છુપાયેલા છે. યમુના નદીમાં યમુના મહારાણી બિરાજે છે તો આધિભૌતિકમાં જ આધિદૈવિક છુપાયેલું હોય છે પણ જ્યાં સુધી આપણને દર્શનની તીવ્ર આર્તિ ન હોય અને જ્યાં સુધી આપણને દર્શન આપવાનો અનુગ્રહ ન કરે ત્યાં સુધી આપણને દર્શન ન થાય. એટલે બેઠકમાં કયા સ્વરૂપ હોય છે ? ગાદી-તકીયા અને શૃંગાર. તો એનો અર્થ એવો નથી કે ખાલી ગાદી-તકીયા અને શૃંગાર છે, એનો અર્થ એ છે કે આચાર્યચરણ બિરાજમાન છે. જરાક આંખમાં પ્રેમ લાવો, જરાક આંખમાં ભાવ લાવો તો તમને ગાદી-તકીયે બિરાજેલા માળાઓ વગેરે ધારણ કરેલા શ્રી મહાપ્રભુજીના દર્શન થશે. એ સ્થૂળ ભૌતિક નથી કે બધાને દર્શન થઈ જાય. આધિભૌતિકમાં આધિદૈવિક છુપાયેલું છે આધિદૈવિક વ્રજ આધિભૌતિકમાં છુપાયેલું છે. એવી જ રીતે આધિદૈવિક ગિરિરાજ આધિભૌતિક ગિરિરાજમાં છુપાયેલા છે. ગોવર્ધન પર્વતમાં જ બાવા બિરાજે છે વસ્તુતઃ શિલારૂપે અને સાક્ષાતરૂપે, એમાં કોઈ ભેદ જ નથી. પર્વત અને પ્રભુ એક જ છે પરંતુ જ્યાં સુધી આપણામાં પાત્રતા ન આવે ત્યાં સુધી આપણને પર્વત દેખાય, પાત્રતા આવશે ત્યારે પર્વત નહીં ભગવત્ આકાર દેખાશે અને એટલા માટે ભલે ગમે તે થાય અવારનવાર વ્રજમાં જવું જોઈએ. આજે પણ પ્રભુ વ્રજમાં બિરાજે છે. શિવજીએ ભગવાન બાલકૃષ્ણના દર્શન કર્યા. લાલાને ગોદમાં લઈ લીધો અને ધીરે ધીરે શ્રીહસ્ત ફેરવતા એમણે પ્રભુના ચરણ સ્પર્શ કર્યા એ હૃદયની અંદર જ્યારે ભાવાત્મક રૂપે બિરાજતો હતો ત્યારે આ પ્રકારે ચરણસ્પર્શનું સુખ થતું ન હતું એ તો આ પ્રગટ થાય ત્યારે થાય. મહાપ્રભુજી ભગવાનના ત્રણ ચરણ બતાવે છે. આ પૃથ્વી છે એ પણ ભગવાનના ચરણ છે, સત્સંગ અને ભાગવત એ બે પણ ભગવાનના ચરણ છે અને ભગવાન અવતાર ધારણ કરે એ વખતે જે ચરણારવિંદ હોય એ પણ પ્રભુના ચરણ છે પરંતુ ભગવાન જ્યારે અવતાર લઈને પ્રગટ થાય છે એ વખતે જે ચરણ છે એ ચરણ આધિદૈવિક રસરૂપ આનંદરૂપ કલાત્મક છે એટલે મહાપ્રભુજીએ ચરણને મધુર કહ્યા. એ ચરણારવિંદ જે પ્રભુની લીલામાં છે. પોતાનું રાજ્ય છોડીને, જે ચરણ અયોધ્યા છોડીને વનમાં પધાર્યા. નવમા સ્કંધમાં જે ધ્યાન છેને એમાં પહેલી આ લીલા છે. જે ચરણ વડે પ્રભુ વનમાં પધાર્યા, ચૌદ વર્ષ વનમાં વિચરણ કર્યા. આ રામના અવતારમાં શ્રીરામના ચરણ આધિદૈવિક જેના સ્પર્શથી અહલ્યાનો ઉદ્ધાર થયો. જે ચરણથી ભૂમિ ધન્ય થઈ. હવે કૃષ્ણલીલા - જે ચરણ વ્રજની ભૂમિ ઉપર ખૂબ ફર્યા છે આ ચરણ જે ચરણ વડે કાલીયનાગના મસ્તક ઉપર નૃત્ય કર્યું, અરે જે ચરણ વડે યશોદાની સામે નાચ્યા અને જે ચરણ વડે પ્રભુ ગો ચારણ કર્યું, જે ચરણ વડે પ્રભુએ દાન કર્યું એ ચરણ આધિદૈવિક ચરણ છે. જે ચરણ લક્ષ્મી અને બ્રહ્માથી સેવ્ય છે, જે ચરણને ભક્તોએ હૃદયમાં પધરાવ્યા છે. હેય આ ચરણ અને વૈષ્ણવો તમારા ઘરે તમારા માથે બિરાજતા ઠાકોરજીને શૃંગાર કરી, દર્પણ બતાવી, તુલસીદલ ધરી અને પછી જે ચરણસ્પર્શ કરો છો એ પણ આધિદૈવિક રસરૂપ ચરણ છે એમાં કોઈ જ ભેદ નથી. રામઅવતારમાં ચૌદ વર્ષ વનમાં પધાર્યા તે ચરણ કૃષ્ણલીલામાં શ્રીસ્વામીજી વગેરેએ હૃદયમાં ધારણ કર્યા, તે ચરણ લક્ષ્મીજીએ જેની સેવા કરી એ ચરણ શ્રી મહાપ્રભુજીએ પણ ભજ્યા, એ જ આપણા ઘરે બિરાજતા ઠાકોરજીના ચરણ છે એમાં ભેદ નથી. અને એટલે આપણે ત્યાં ઠાકોરજીની સેવામાં અથવા મહાપ્રભુજીની પહેલમાં

ચરણસ્પર્શનો મહિમા છે. ઠાકોરજીના ચરણસ્પર્શ સેવા નથી, સેવાનું ફળ છે. એ ભગવાનનું સુખ નથી, એ આપણું સુખ છે. આપણે એ સેવાનું ફળ લીધું અને ફળ આપણે ભોગવ્યું એટલે આપણા હાથ ત્રાંસા કરવા પડશે. જે જે વસ્તુ પ્રભુના સુખ માટે કરો છો ત્યાં સુધી તમારા હાથ પ્રસાદી નથી થતા, છુવાતા નથી. જે કાર્ય તમે તમારા માટે કરો છો ત્યારે હાથ જોડો છો એટલે ઠાકોરજીને ચરણ સ્પર્શ કરી આપણે લગાવીએ પછી હાથ ત્રાંસા કરવા પડે છે.

શિવજીએ પ્રભુના દર્શન કર્યા પરમાનંદ થયો, બધા મનોરથ પૂર્ણ થયા પરિક્રમા કરી, શંખનાદ કરી પરમાનંદનો અનુભવ કરી અને કહ્યું, પ્રભુ ! અબ તો હમેં મન નહીં હોતા હૈ કિ હમ કાશી લૌટ ચલે. કુછ ઐસી આજ્ઞા કર દો કિ હમ ભી વ્રજવાસી હો જાય. ભગવાને કહ્યું, યે તો હમે ભી અચ્છા લગેલા, આ જાઓ હમારે વ્રજ મેં. શિવજીને વ્રજમાં ગોપેશ્વર મહાદેવ તરીકે બિરાજમાન કર્યા. આ રીતે પ્રભુના સુંદર દર્શન અને પ્રભુની લીલાનો આરંભ થયો. ભગવાન શ્રીકૃષ્ણ જ્યારથી વ્રજમાં પધાર્યા ત્યારથી વ્રજ સર્વ સમૃદ્ધિમાન બન્યું. લક્ષ્મીજીને પણ જ્યાં સુખ પડે એવી દિવ્યતા ત્યાં પ્રગટ થઈ. શુકદેવજીએ અઢારમાં શ્લોકમાં પ્રસંગનું સમાપન કર્યું. એટલે નંદમહોત્વસથી લઈને, શ્રીકૃષ્ણના પ્રાગટ્ય ઉત્સવથી લઈને વ્રજમાં પછી નિત્ય ઉત્સવ જ છે. નરસિંહ મહેતાએ કહ્યું છે કે નિત્ય લીલા, નિત્ય ઉત્સવ વૈકુંઠમાં કે પછી કહો ગોલોકમાં કે પછી કહો વ્રજમાં ભગવાનની લીલા નિત્ય છે. વૈકુંઠમાં ભગવાન વિષ્ણુ રૂપે બિરાજે છે એટલે ત્યાં વ્રજલીલા નથી પરંતુ ગોલોકમાં અને જે ગોલોકમાં હતું તે બધું ભૂતળ ઉપર પ્રગટ કર્યું. શ્રી મહાપ્રભુજીનો તો એવો મત છે કે ભક્તોને પોતાનો સંસાર છોડીને વૈકુંઠ સુધી ન લઈ જવા પડે એવો પરિશ્રમ ભક્તોને ન પડે એટલા માટે ભગવાને વૈકુંઠને વ્રજમાં જ ઊતારી દીધું અને એટલે જેને વ્રજમાં વાસ મળ્યો એણે બેધડક કહી દીધું, **'વ્રજ વ્હાલું વૈકુંઠ નહીં આવું'** જે સુખ એમને વ્રજમાં મળ્યું છે એ સુખ વૈકુંઠમાં નથી મળ્યું. આપણે ભગવાનની આગળની બધી લીલાઓનું રસપાન કરીએ એ પહેલાં એ જાણી લઈએ કે નંદમહોત્સવની કથા શરૂ થઈ ત્યારથી તામસ પ્રકરણનો આરંભ થઈ ચૂક્યો. દસમા સ્કંધના પાંચમા અધ્યાયથી તામસ પ્રકરણ શરૂ થયું. અઠ્યાવીસ અધ્યાયનો આ તામસ પ્રકરણ યુગલ ગીત પૂરૂ થાય ત્યાં પુરું થશે. આમ તો યુગલ ગીત પાંત્રીસમો અધ્યાય છે. અઠ્યાવીસ અધ્યાય તામસ પ્રકરણના અને ત્રણ અધ્યાય પ્રક્ષિપ્ત એટલે એકત્રીસ અને જન્મ પ્રકરણના ચાર એટલે પાંત્રીસ થઈ ગયા. હવે આના અઠ્યાવીસ અધ્યાય કેમ ? જન્મ પ્રકરણના ચાર અધ્યાય કેમ ? ભગવાનના પ્રાગટ્યની તૈયારી આ ચાર પ્રકારે થઈ - હેતુ, બુદ્ધિમ્, રૂપાંતરસ્વીકાર અને કાપટ્ય. તામસ પ્રકરણનો અર્થ શો, શા માટે મહાપ્રભુજી ભગવાનની વ્રજલીલાને તામસ પ્રકરણ નામ આપે છે ? આમ તો આ નામ સારું નથી. કોઈને તમે એમ કહો કે આનો સ્વભાવ તામસી છે તો કાંઈ વખાણ કર્યા ન કહેવાય. શાસ્ત્રોમાં તો તમોગુણને સૌથી અધમ માન્યો છે. સૌથી ઉત્તમ નિર્ગુણ પછી સત્ત્વગુણ પછી રજોગુણ અને સૌથી નીચે તમોગુણ. હવે ભક્તિની દૃષ્ટિએ તો વ્રજભક્તોની ભક્તિ સર્વોત્તમ છે, તો જે સર્વોત્તમ છે એને માટે મહાપ્રભુજી સર્વથી અધમ એવું નામ કેમ આપે છે ? આવો પ્રશ્ન મનમાં ઉઠે તો એનું સમાધાન એ છે કે અહીંયા તામસનો અર્થ તમોગુણી નહીં, અહીંયા ગુણની વાત નથી થતી. અહીંયા તામસનો અર્થ છે તામસભાવ, તામસગુણ નહીં - તમોગુણ નહીં. વ્રજભક્તોનો ભગવાનમાં તામસ ભાવ છે. આ

તામસભાવ કેવો હોય ? એના ત્રણચાર લક્ષણો ઉલ્લેખ રૂપે કહું છું પછી જ્યાં જ્યાં એને અનુરૂપ કથા આવશે ત્યારે એ વાતને ધ્યાનમાં લઈશું. પહેલું તામસભાવ નિઃસાધન હોય. જેમ તમોગુણમાં ક્રિયાનો અભાવ બતાવાયો છે એમ તામસભાવમાં સાધનનો અભાવ છે. પુષ્ટિજીવ નિઃસાધન હોય છે અને આપને આપની નિઃસાધનતાનું ભાન કરાવવા માટે જ શ્રી મહાપ્રભુજીએ 'સર્વ માર્ગેષુ નષ્ટેષુ' એવી પરિસ્થિતિનો પરિચય આપ્યો. ખરેખર ! આપણે સાધનરહિત છીએ. આપણી પાસે કોઈ આધાર નથી કે જે આધાર આપણને બચાવી શકે. ભગવાન સિવાય કર્મનો આધાર લઈને પણ સંસાર-સાગર પાર નહીં થાય. જ્ઞાનનો આધાર લઈને પણ નહીં થાય. અરે ! ભક્તિ કરવી પણ અઘરી છે. આ બધા માર્ગ દુઃસાધ્ય છે, કઠણ છે આ બધું. પહેલાં આપણે જે કષ્ટની યાત્રા કરતા હતાં એવી શું આજે આપણે કરી શકીએ ? પહેલાં લોકો તપ કરતા હતા એવું તપ આપણાથી થઈ શકે ? પહેલાં જેવી કઠોર સાધના લોકો કરતા શું આપણે એવી સાધના કરી શકીએ ? તામસ એટલે નિઃસાધન. તમને યાદ છે ભાગવતમાં તમે ઘણીવાર સાંભળ્યું છે. આ વ્રજવાસીઓએ શાસ્ત્રમાં બતાવેલા કયા સાધન કરેલા ? આ બધાએ તપ કરેલું, યોગ-સાધના કરેલી, ઉપનિષદોનું જ્ઞાન મેળવેલું ? કશું જ નહીં કરેલું. અરે ! ગાયો ચારનારા શું કરે ? દસમા સંકધમાં કહેવાયું છે, દિવસ આખો ગાયોની પાછળ ભટકતા અને રાત પડે થાકીને ભોજન કરીને સૂઈ જનારા. દિવસે પોતાની આજીવિકામાં લાગેલા, રાત્રે સૂઈ જનારા આવા પણ વ્રજને પ્રભુએ પોતાનું બનાવ્યું છે. તામસ એટલે નિઃસાધન, બીજું તામસ એટલે તીવ્ર. વ્રજભક્તોનો પ્રભુ પ્રત્યેનો ભાવ ઉગ્ર છે, તીવ્ર છે, આતુરતા ભરેલો છે અને એટલા માટે તે ઉત્તમ છે. વ્રજભક્તોનો પ્રભુ પ્રત્યેનો ભાવ શ્રી હરિરાયજી મહાપ્રભુજીએ શિક્ષાપત્રમાં બે પ્રકારની ભક્તિ બતાવી. શીતલાના ભક્તિ અને ઉષ્ણ ભક્તિ. શીતલાના ભક્તિ એટલે જેમાં કોઈ આતુરતા નથી, ઉગ્રતા નથી. ભગવાનના દર્શન વિના નહીં રહેવાય, પ્રાણ ચાલ્યા જશે, અધિરાઈ નથી. ક્યારે પ્રભુ પધારશે? ક્યારે દર્શન મળશે ? નિરાંત છે. ગમે ત્યારે કરે આવશે તો ખરાને ? ક્યાં જવાના છે. આ ભક્તિને ઉત્તમ ભક્તિ નથી માની. જે ભક્તિમાં આતુરતા ન હોય, જે ભક્તિમાં તીવ્રતા ન હોય, જે ભક્તિમાં ભગવાન માટેની અધીરાઈ ન હોય ? દામોદરદાસજી બોલ્યા હતા, આ માર્ગ કષ્ટ અને આતુરતાનો છે. આ માર્ગ નિશ્ચિંતતાનો નથી. જરાક એનું સંતુલન સમજજો. વૈષ્ણવે લૌકિક જીવન માટે નિશ્ચિંત રહેવું. લૌકિક ચિંતાઓ બહુ ન કરવી. ભગવાન સંબંધી નિશ્ચિંત ન થવું, દર્શન આપવા હશે ત્યારે આપશે એવી નિશ્ચિંતતા ન રાખવી. હૃદયમાં એ વ્યાકુળતા રાખવી કે મારો એવો કયો અપરાધ છે કે હજી મને પ્રભુ દર્શન નથી આપતા. 'કબ દેખો મેરી ઓર નાગર નંદકિશોર બિનતી કરત, ભયો ભોર કબ દેખોગે મેરી ઓર.' હમ ચિતવત તુમ ચિતવત નાહિ, મેરે કરમ કઠોર એ સમય ક્યારે આવશે પ્રભુ કે આપ મારી સામું જોશો. આ આતુરતા એ તામસભાવ છે. ગોપીજનોએ તો ગોપીગીતમાં ત્યાં સુધી કહ્યું કે પ્રભુ ! આ બ્રહ્મા છેને એ જડબુદ્ધિનો લાગે છે. ભગવાનના દર્શનની કેવી તો પ્રભુમાં ભાવના છે. ગોપીજનો કહે છે, આ બ્રહ્મા તો જડ લાગે છે. કેમ ? એમણે અમને પાંપણો આપી, પાંપણો આપી એટલે શું થાય ? માંડ માંડ રોજ અમને થોડી વાર ભગવાનના દર્શન મળે. સાંજે અમે રાહ જોઈને ઊભા હોઈએ, ગાયો ચરાવીને ગોપાલ પાછો ફરી રહ્યો હોય. દિવસ આખો અમને એનું મુખારવિંદ નિરખવા ન મળ્યું હોય, વિરહનો

તાપ અમારા હૃદયમાં બળી રહ્યો હોય, ગાયોની પાછળ ગોપાલ ધીરે ધીરે ચાલી રહ્યો હોય. થોડીક ક્ષણ અમે એને નીરખી શકીએ, એમાંય આ મુંઈ પાંપણ વચ્ચે પડી પડીને અમારા થોડાક દર્શનસુખમાં પણ વિક્ષેપ કરનારી છે. જે નેત્ર પ્રભુના દર્શન કરવા માટે બનેલા છે એ નેત્ર ઉપર પાંપણ શા માટે બનાવી હશે બ્રહ્માએ ? લાગે છે કે બ્રહ્માની બુદ્ધિ જડ છે. કમસે કમ અમારી આંખો ઉપર તો એણે પાંપણ ન મૂકવી જોઈએ, આ છે તામસભાવ. તામસભાવનો ત્રીજો ગુણ એમાં અનન્યતા હોય છે. પ્રભુ વિના બીજો કોઈપણ વિકલ્પ નહીં ચાલે અને એ અનન્યતા એટલી બધી પ્રગાઢ હોય છે કે ભગવાન પણ જો અન્ય સ્વરૂપે પધારે તો ભક્તોને માન્ય નથી. ભક્ત કહે છે, અમારી જે રૂપમાં ભાવના છે એ રૂપમાં દર્શન આપો. આજકાલ આપણે બધાને શું ભણાવીએ છીએ ? ઈશ્વર અલ્લા તેરે નામ... રામ તું, રહીમ તું, ઈશ્વર તું, અલ્લાહ તું, બધું તું જ છું એટલે પછી ઘરમાં ચાર છોકરા હોય તો પછી એક મુસલમાન થઈ જાય, ખ્રિસ્તી થઈ જાય, એક વળી યહૂદી ધર્મ પાળે, એક શીખ થઈ જાય તોય કશો વાંધો નથી એવું થયું ભગવાન તો આખા જગતમાં વ્યાપીને રહેલા છે પરંતુ ભક્તોની ભગવાનના પોતાની જેમાં ભાવના છે એ સ્વરૂપમાં સ્થિત રહેવા જોઈએ. મીરાએ એમ ન કહ્યું કે રામ-રહીમ એક, નરસિંહ મહેતાએ એમ ન કહ્યું, તુલસીદાસે એમ ન કહ્યું. તુલસીદાસે કહ્યું, તુલસી મસ્તક તબ નમે જબ ધનુષબાણ લો હાથ. આ તામસભાવ આ તુલસીદાસનો તામસભાવ આ છેલ્લા પચાસ-સો વર્ષથી જ આ ચાલ્યું છે. રામ પણ તું, રહીમ પણ તું, તાઓ પણ તું, શીખ પણ તું. ભગવાનની દરેક ઉપાસનાપદ્ધતિ, દરેક સંપ્રદાય અને દરેક પરંપરા જુદા છે અને એ પરંપરાનું બીજી પરંપરા સાથે મિશ્રણ ન કરવું જોઈએ. આપણે કોઈ પરંપરાની નિંદા નથી કરતા, પણ આપણી પરંપરા શ્રેષ્ઠ છે એ વાતની આપને પ્રતીતિ હોવી જોઈએ. અમારા કૃષ્ણથી ઉત્તમ કોઈ નથી - એ ભાવ વૈષ્ણવના હૃદયમાં પૂર્ણ રીતે દૃઢ થવો જોઈએ. એટલા માટે કેટલીકવાર આપણી બુદ્ધિ કાચી હોયને તો પછી જે સાંભળીએ તે સારું જ લાગે. પછી કોઈ કર્મમાર્ગના વક્તાને સાંભળીએ તો એવું થાય કે કર્મ જ કરવું જોઈએ, કંઈ કર્યા વગર થોડું ફળ મળે. જ્ઞાનમાર્ગમાં સાંભળવા જઈએ તો આપણને એમ થાય કે જ્ઞાન વગર તો મુક્તિ મળે જ નહીં. પ્રકાશ હોય તો જ પ્રવાસ થાય, અંધારામાં તો ગોથા ખાઈએ. પછી જે સાંભળવા જઈએ એ આપણને સાચું લાગે. તમે દાદર જાઓ તો ઘણી બધી દિશામાં ટ્રેન જતી હોય તો તમે એમ કહો છો કે બધી ગાડી સરખી, જે આવે તેમાં બેસી જાવ. તમે પૂછો છો કે મારે આ ગામ જવું છે તો એ ગામની ટ્રેન કઈ ? જો તમારું લક્ષ્ય નક્કી નહીં હોય, મુંબઈ છોડીને ભાગી જ જવું હોય તો ગમે તે ટ્રેનમાં બેસી જાવ પણ તમારું લક્ષ્ય નક્કી હોય કે કલકત્તા જવું છે કે મદ્રાસ જવું છે; તો મૂંઝાવાનું ન હોય કે આમાં બેસું કે આમાં બેસું ? આપણું લક્ષ્ય નક્કી હોય કે... અમારે શ્રીકૃષ્ણને પામવા છે તો પછી આ ખરું, આ ખોટું એવી દુવિધામાં પડવાની કોઈ જરૂર નથી. વ્રજવાસીઓએ જે ભક્તિ કરી છે અને આગળના જે અઠ્યાવીસ અધ્યાયોમાં ભગવાન અને ભક્તોના જે ચરિત્રો છે એને સમજવા માટે આ તામસભાવ કોને કહેવાય એ જાણી લેવું બહુ જરૂરી છે. એટલે શરૂઆતમાં આ વાત કરું છું. આ તામસભાવને સમજશો તો જ તમને આ વ્રજના નરનારીઓના વ્યવહારને સમજવા સહેલા પડશે. તામસભાવ અનન્યતાનો ભાવ છે અને પુષ્ટિભક્તિ અનન્યભક્તિ છે. બીજા બધા ખરા કે ખોટા એ પંચાતમાં પડવાની જરૂર નથી, મારા ઈષ્ટ કૃષ્ણ છે

અને તેથી મારે કૃષ્ણ જોઈએ. બસ ! બહુ લાંબા વિચારો ન કરવા, લાંબા વિચાર માણસ કરે તો ગુંચવાતો જાય . તામસભાવનો અર્થ જ એ છે કે બહુ વિચારવું નહીં. તામસભાવનો આ એક જ અર્થ છે. અમારા જીવનનું લક્ષ્ય શ્રીકૃષ્ણ, બસ વાત પતી ગઈ. ઔર કોઈ સમજે સો સમજે, જિસકો જો સમજના હૈ વો સમજે, હમમેં ઈતની સમજ ભલી; ઠાકોર નંદકિશોર હમારે ઠકુરાઈન વ્રજભાન હમકો ઈતની સમજ ભલી. અમે તો આટલું સમજીએ છીએ તામસભાવમાં પ્રભુની સ્વરૂપા શક્તિ બતાવી છે, ભગવાનના મહિમાના કારણે નહીં, ગુણ શક્તિ મર્યાદા ભાવ છે. ગોપિકાઓને ખબર પડી કે યશોદાને ત્યાં પુત્ર જન્મ થયો છે પછી બધા દોડ્યા. એવું નથી કે આ ભગવાન પ્રગટ થયા માટે દોડ્યા. તામસભાવ નિઃસાધન હોય, તામસભાવ ઉગ્ર હોય, આતુરતા ભરેલો હોય. તામસભાવ અનન્ય હોય, તામસ ભાવમાં સ્વરૂપાશક્તિ હોય એ લોક વેદાતીત માર્ગ છે. વ્રજભક્તોની ભક્તિ સ્વતંત્ર ભક્તિ છે. હવે થોડાક પ્રસંગો લઈએ. અઠ્યાવીસ પ્રકરણમાં તામસ પ્રકરણ આચાર્યચરણે એના ચાર ભાગ પાડ્યા છે. સાત ચોક અઠ્યાવીસ. પહેલા સાત અધ્યાય તામસ પ્રમાણ, પછીના સાત અધ્યાય તામસ પ્રમેય પછીના સાત અધ્યાય તામસ સાધન અને પછીના સાત અધ્યાય તામસ ફલ. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ. આ સાત-સાત કેમ છે ? ધર્મો, ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. દસમા સ્કંધનો પાંચમો અધ્યાય ઐશ્વર્ય, છઠ્ઠો અધ્યાય વીર્ય, સાતમો યશ, આઠમો શ્રી, નવમો જ્ઞાન, દસમો વૈરાગ્ય, અને એ છ પછી સાતમો ધર્મી. નંદમહોત્સવની કથા આવી એ ઐશ્વર્યલીલા છે. હવે આવે છે ભગવાને પૂતનાના પ્રાણ હર્યા એ ભગવાનની વીર્યલીલા. વીર્ય એટલે પરાક્રમ. એક છ દિવસના બાળકનું પરાક્રમ જુઓ કે કેવળ પોતાના અધરોષ્ઠ સ્પર્શથી છ કોશ લાંબી રાક્ષસીના પ્રાણ હરી લીધા. આ ભગવાનનું પરાક્રમ છે, પ્રાણ હર્યા એટલું નહીં એના સ્તન ઉપર ચોપડેલા હળાહળ વિષને પણ એ પી ગયા. કોઈ ઝેર પીવે અને એને કાંઈ ન થાય તો એ વીર્યવાન ન કહેવાય ? સાતમો અધ્યાય આવશે એમાં ભગવાનની યશલીલા છે. આઠમા અધ્યાયમાં શ્રી. સાત અધ્યાયો એટલા માટે છે. છ અધ્યાયોમાં ષડધર્મ, સાતમામાં ધર્મી. સાત ચોક અઠ્યાવીસ અધ્યાય. તામસ પ્રમાણ પ્રકરણ શરૂ થયું. નંદબાવાને યાદ આવ્યું કે આપણે કંસને કર આપ્યો નથી અને રાજાને કર આપવાનો સમય હોઈ ત્યારે કર આપી દેવો જોઈએ. મોટાભાગના ગોવાળોને સાથે લઈ અને નંદબાવા મથુરા પધાર્યા, કંસને કર આપ્યો. પોતાના મિત્ર વસુદેવજીને મળવા ગયા. નંદબાવા જાણતા નથી કે આ વસુદેવનો પુત્ર મારા ઘરે જેને હું મારો પુત્ર માનું છું એ છે. વસુદેવજી જાણે છે કે મારા પુત્રને એમને ત્યાં મૂકી આવ્યો છું પરંતુ એ વાત વસુદેવજીએ પ્રગટ ન કરી પણ વસુદેવજીએ એટલું કહ્યું, બાબા ! વ્રજમાં બહુ ઉત્પાતો થવાના છે માટે તમે અહીંયા બહુ રોકાશો નહીં. આપ હવે જલ્દી ગોકુળ પધારો.

પરંતુ નંદરાયજી પાછાં પધારે એ પહેલાં તો પૂતના આવી ગઈ. એ દિવસ એટલે છઠ્ઠો દિવસ હતો, વહેલી સવારે યશોદાજીના નંદગોકુળમાં એક અતિ સુંદર સ્ત્રીનું આગમન થયું. આ સ્ત્રી એટલી બધી રૂપાળી હતી, એના વસ્ત્રો, એના આભૂષણો... શુકદેવજીને એનું વર્ણન કરવું પડ્યું, કેવો શણગાર સજીને આવી હતી ?

तां केशबन्धव्यतिषक्तमल्लिकां बृहन्नितम्ब स्तन कृच्छ्रमध्यमाम् ।
सुवाससं कम्पितकर्णभूषणत्विषोल्लसत्कुन्तलमण्डिताननाम् ।।
वल्गुस्मितापाङ्गविसर्गवीक्षितैर्मनो हरन्तीं वनितां व्रजौकसाम् ।।

એવો મઝાનો અંબોડો ગુંથેલો હતો, શરીરનો ઘાટ પણ સુંદર હતો. કીમતી સાડી પહેરેલી હતી, શરીર ઉપર મોંઘા મોંઘા આભૂષણો ધારણ કરેલા હતા. એટલા બધા મોંઘા આભૂષણો હતા, એટલું બધું રૂપ હતું. યશોદાજી જેવા યશોદાજી પણ ભ્રમમાં પડ્યા. અરે ! તમારા ગામમાં કોઈ બાળક જન્મ્યો છે ? હમારી યશોદાજી કે વહાં લાલો ભયો હૈ. ચલો, અમે એમને ત્યાં લઈ જઈએ. છોકરાઓ તો પૂતનાને લઈ આવ્યા. અરી યશોદા, અરી યશોદા, દેખ રી યે કૌન આઈ હૈ ? યશોદાજી બહાર આવ્યા. આંગણામાં એક એવી જાજરમાન, એવી પ્રતિભાવાળી, આંખો અંજાઈ જાય એવી પરમ સુંદરી. યશોદાજીને થયું કે વૈકુંઠમાંથી લક્ષ્મીજી પધાર્યા હશે ? રોહિણી યશોદા એટલા બધા અંજાઈ ગયા કે એમણે પૂછ્યું પણ નહીં કે તમે કોણ છો ? પણ પૂતનાનો પ્રભાવ તીવ્ર હતો. મહાપ્રભુજી પૂતનાનું સ્વરૂપ સમજાવે છે. પૂતના એટલે અવિદ્યા. એનું નામ પૂતના કેમ ? પૂતાન્ નયતિ, જે પવિત્ર હોય એને પણ ખેંચી જાય એનું નામ પૂતના. પૂતના નયતિ અથવા પૂતના જે પવિત્ર નથી. એ અવિદ્યાનું સ્વરૂપ છે અને અવિદ્યાના પાંચ પર્વ છે. પહેલું પર્વ છે દેહાધ્યાસ, દેહનો અધ્યાસ. અધ્યાસ એટલે ભ્રમ. જે વસ્તુ જે ન હોય એને માનવી એ અધ્યાસ. બીજું પર્વ છે ઇન્દ્રિયાધ્યાસ, ત્રીજું પર્વ પ્રાણાધ્યાસ, ચોથું પર્વ છે અંતઃકરણધ્યાસ, અને પાંચમું પર્વ છે સ્વરૂપવિસ્મૃતિઅધ્યાસ, હવે આ પાંચેય શું છે એને સમજીએ. જો આપણે એમ માનીએ કે હું દેહ છું, તો આપણું એ માનવું દેહાધ્યાસ, આપણે દેહ નથી આપણે દેહ ધારણ કરેલો છે. તમે શર્ટ પહેરો એટલે તમે શર્ટ થઈ ગયા ? દેહ સ્વરૂપ નથી, આવરણ છે, વસ્ત્ર છે, સાધન છે. **शरीरमाद्यं खलु धर्मसाधनम्** શરીર સાધન છે, શરીર સ્વરૂપ નથી તો પછી આ શરીરનો નાશ થાય તો લોકો દુઃખી કેમ થતા હશે ? સાધનનો નાશ થયો છે, સ્વરૂપનો નાશ થોડો થયો છે ? જરા વિચાર કરોને તો મૃત્યુ દુઃખ પામવાની ઘટના છે જ નહીં, લોકો મૂરખ છે કે તે રડે છે. મૃત્યુ જરાય દુઃખની ઘટના નથી, જો તમે માનો કે હું દેહ છું તમને મૃત્યુ વખતે દુઃખ થશે કારણ કે શરીરના નાશને તમે તમારો નાશ માની લેશો. આજ કારણે માનવી એવું માને છે કે હું બાળક છું. અરે ! શરીર બાળક છે. હું યુવાન છું ? ના, શરીરની યુવાવસ્થા છે. હું મર્યો ? ના. દેહનો અંત આવ્યો. જે **પોતાને દેહ માને એ અજ્ઞાનનું નામ દેહાધ્યાસ. આ અવિદ્યા છે. પોતાને આત્મા જાણો એ વિદ્યા અને પોતાને દેહ જાણો એ અવિદ્યા.** હવે જે પોતાને ઈન્દ્રિયો માને, તમે કહો કે હું પગ છું તો તમે ઈન્દ્રિયો નથી પણ જે પોતાને ઈન્દ્રિય માને એ ઈન્દ્રિયાધ્યાસ. એવી જ રીતે જે પ્રાણને પોતાનું જ સ્વરૂપ માને એ અજ્ઞાન પ્રાણાધ્યાસ. જે પોતાના અંતઃકરણને અંતઃકરણના ચાર ભાવ. કરણ એટલે સાધન. ભગવાને દસ સાધન બહાર આપ્યા, ચાર સાધન અંદર આપ્યા. દસ ઈન્દ્રિયો આંખ, નાક, કાન, જીભ, ચામડી પાંચ જ્ઞાનેન્દ્રિયો પછી વાણી, હાથ, અને મળમૂત્રનો ત્યાગ કરનારી ઈન્દ્રિય એમ કરીને પાંચ કર્મેન્દ્રિયો. પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય, એ બહારના સાધનો છે. એ બહારના છે માટે એને કરણ અથવા ઈન્દ્રિય કહ્યા. ભગવાને આપણી અંદર ચાર સાધન આપ્યા છે, એ અંદરના સાધન છે માટે અતઃકરણ અને એને અંતઃકરણ ચતુષ્ટય પણ કહેવાય. આમ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર. આ ચાર આપણા અંદરના સાધનો છે અને ચારેયનું કામ જુદું છે. મનન કરે એ મન, ચિંતન કરે એ ચિત્ત, નિર્ણય કરે એ બુદ્ધિ, અને દરેક ઘટનાની સાથે પોતાને જોડે એ અહંકાર. છેલ્લામાં છેલ્લી ઉપાધિનું નામ અહંકાર. જે

દિવસે તમારું મન ઉદાસ હોય એ દિવસે તમે એમ માનો છો કે 'હું' ઉદાસ છું, જે દિવસે તમારી બુદ્ધિ મૂંઝાયેલી હોય એ દિવસે તમે કહો છો કે 'હું' મૂંઝાયેલો છું. જે દિવસે તમારું શરીર દુઃખતું હોય ત્યારે તમે કહો છો કે 'મને' દુઃખ છે. આપણે બોલવામાં થોડો ગોટાળો કરીએ છીએ. ડોકટર પાસે બહુ ફિલોસોફીની ભાષામાં ન બોલાય. વ્યવહારની ભાષામાં તો બોલાય કે આ મારું ઘર છે, ત્યાં મારું ઘર બોલો તો દોષ નથી, પણ સમજવાની વાત જુદી છે. શરીર તમે નથી. તમે ઈન્દ્રિયો નથી, તમે અંતઃકરણ નથી. તમારું મન ભલે હોય, તમે મન નથી. તમારી બુદ્ધિ ભલે હોય, તમે બુદ્ધિ નથી. તમે કોણ છો ? આત્મા. તમારું સ્વરૂપ છે આત્મા. એટલે જ હું કોણ છું એ વાતનો પ્રશ્ન આપણી અંદર ઉઠે ત્યારે જવાબ આવવો જોઈએ, આત્મા. વ્યવહારની વાત જુદી છે પણ છીએ આપણે આત્મા. જુઓ, શરીર તો જન્મ્યુ, આપણે તો પહેલા પણ હતા. શરીરમાં વિકારો આવ્યા તમે બાળક હતા ત્યારે તમે જ હતા કે બીજું કોઈ હતું ? તમે યુવાન થયા ત્યારે તમે જ હતા કે બીજું કોઈ હતું ? તમે વૃદ્ધ થયા ત્યારે તમે એ જ છો કે બીજા કોઈ ? શરીરમાં પરિવર્તનો આવતા ગયા પણ એ પરિવર્તનની વચ્ચે એક સ્થિતિ એવી છે જે એ અપરિવર્તનશીલ છે. એ તમે છો. જે બદલાતું રહે છે એ તમે નથી, પણ જે કદી બદલાયું નથી એ તમે છો. એટલે તમે આત્મા છો આ બધું આપણે ભૂલી ગયા એટલે અવિદ્યાનું પાંચમું પર્વ સ્વરૂપવિસ્મૃતિ. આપણને આપણું સ્વરૂપ ભૂલાઈ ગયું. અવિદ્યાના પાંચેય લક્ષણો વ્રજમાં જોવા મળ્યા. એના અતિસુંદર રૂપને જોઈને યશોદા વગેરે પણ મોહમાં પડ્યા. સુંદર આસન આપ્યું, બિરાજો. એણે કહ્યું, હું તમારા લાલાને રમાડવા માટે આવી છું. અચ્છા. કશું પણ પૂછ્યું નહીં ને લાલાને લઈ આવ્યા અને પૂતનાની ગોદમાં પધરાવી દીધો. યશોદા વારંવાર કહેતા રહ્યા કે. હે લાલા ! તું મારું સર્વસ્વ છે, આજે એ સર્વસ્વને કોઈ અજાણી સ્ત્રીના ગોદમાં પધરાવી દીધો. બસ, આ અવિદ્યાનો પ્રભાવ ! કેટલા બધા દુર્લભ તત્ત્વની પ્રાપ્તિ યશોદાએ કરી છે ? આવા યશોદાજી પણ ભાન ભૂલ્યા અને પૂતનાની ગોદમાં લાલાને પધરાવી દીધો. આવેલા મહેમાનની માટે ભોજન સામગ્રી તૈયાર કરવા રસોડામાં પધાર્યા. એકાંત મળ્યું એટલે પૂતનાએ ગોદમાં રહેલા બાળકના તરફ દૃષ્ટિ કરી જ્યાં એણે બાળક તરફ દૃષ્ટિ કરી ત્યાં ભગવાને પોતાના નેત્ર બંધ કરી દીધા. ટીકાકારોએ અનેક ભાવનાઓ વ્યક્ત કરી છે. પ્રભુએ પોતાના નેત્રો કેમ બંધ કર્યા એની બહુ ભાવનાઓ વિચારાઈ છે. કોઈકે એવી ભાવના કરી કે વ્રજમાં જઈશું ત્યારે મીઠા મીઠા દહીં માખણ આરોગવા મળશે, આ દહીં માખણ તો હજી શરૂ પણ નથી થયા અને મારે ઝેર પીવાનો વારો આવ્યો. કારણ કે પૂતના તો છાતીએ ઝેર ચોપડીને આવી છે એટલે પ્રભુએ નેત્ર બંધ કર્યા. કોઈએ વળી એવી ભાવના કરી કે ભગવાને વિચાર કર્યો કે હું તો કાંઈ ઝેર ન પીવું, હું તો નાનો લાલો છું એમ કરો ને જેને ઝેર પીવાની Practice હોય એને બોલાવી લઈએ એટલે નેત્ર બંધ કરીને શિવજીનું સ્મરણ કર્યું; તમે જલદી આવો આ ઝેર તમે પી જાવ. આ બધી ભાવનાઓ છે આ કોઈ ગ્રંથોમાં નહીં મળે પણ ટીકાકારોએ પ્રભુની અનેક ભાવનાઓ વિચારી છે કે આવું હોય. એક ભાવના એવી પણ વિચારવામાં આવી કે પ્રભુ એ વિચારતા હતા કે આ સ્ત્રી કોણ છે અને એનું એવું કયું કુળ છે કે જેના કારણે આજે હું એની ગોદમાં છું અને હું એનું સ્તનપાન કરવાનો છું. ભગવાન એનો ભૂતકાળ યાદ કરે છે. અરે ! આ તો બલિરાજાની દીકરી છે. બલિરાજાની પુત્રીનું નામ હતું

રત્નમાલા. અતિસુંદર બાળક ભગવાન વામનના દર્શન કરતા આ રત્નમાલાના મનમાં એ બાળક માટે માતૃભાવ જાગ્યો, આવો બાળક મને હોય તો કેવું સારું ? આ માતૃભાવ એના મનમાં જાગ્યો તો પ્રભુનો એવો સ્વભાવ છે કે જેના મનમાં જે ભાવ જાગે એને પ્રભુ પૂર્ણ કરે એ જ વખતે વામન અવતારમાં પ્રભુએ સંકલ્પ કર્યો કે તારા હૃદયમાં મને પુત્ર બનાવવાની ભાવના જાગી છે તો જા હું પણ તને ક્યારેક મા બનાવીશ. પરંતુ થોડીક વારમાં તો શુક્રાચાર્યએ રહસ્ય ખોલી નાખ્યું અને કહ્યું, અરે ! અરે ! આ તો ભગવાન વિષ્ણુ કપટ કરીને પડાવી લેવા માટે પધાર્યા છે, અરે ! આ તો આપણો શત્રુ આવ્યો છે અને જ્યાં શત્રુ છે એવું જાણતા રાક્ષસીના મનમાં પાછો આસુરી ભાવ જાગ્યો; આને તો મારી નાખવો જોઈએ. ભગવાન કહે, આ તો ખરી છે થોડીવાર પહેલાં મને દીકરો બનાવે છે ને હવે કહે છે કે મારી નાખું. પણ જો એના પુત્રભાવનું હું ફળ આપું તો પછી એના શત્રુભાવનું પણ ફળ આપવું જ પડે તો પ્રભુમાં પુત્રભાવ પણ થયો અને શત્રુભાવ પણ થયો. પ્રભુએ આ વખતે આ લીલામાં આ બન્ને પ્રકારના ભાવનું ફળ આપ્યું છે. પુત્રભાવનું ફળ એ આપ્યું કે એની ગોદમાં પ્રભુ પોઢ્યા, એનું સ્તનપાન કર્યું. પૂતના બન્ને ભાવનું ફળ ચાખી રહી છે. પછી તો એણે પોતાનો ઝેર ચોપડેલો સ્તન કૃષ્ણના મુખમાં મૂક્યો. બાળકને દૂધ ન પીવું હોય તો મોં ફેરવી લે પણ લાલાએ મોં ફેરવી ન લીધું. સર્વપ્રથમ પ્રભુએ પૂતનાનું વિષ પીધું પછી ભગવાન પૂતનાનું દૂધ પીવા લાગ્યા અને પછી ભગવાને પૂતનાના પ્રાણ લીધા. એક પછી એક આ ક્રમ સમજજો. પહેલાં ભગવાને પૂતનાના ઝેરને પી લીધું. આ ભગવાનનું મહાત્મ્ય પછી, ભગવાને પૂતનાનું દૂધ પીધું આ ભગવાનનું માધુર્ય અને પછી પ્રભુએ કાળ સ્વરૂપ પ્રગટ કર્યું અને એના પ્રાણ હરી લીધા.

सा मुञ्च मुञ्चालमिति प्रभाषिणी निष्पीड्यमानाखिलजीवमर्मणि ।
विवृत्य नेत्रे चरणौ भुजौ मुहुः प्रस्विन्नगात्रा क्षिपती रुरोद ह ।।

અરે છોડ ! અરે છોડ ! બંધ કર. એમ કહીને રડવા લાગી. એની નાડીઓ ખેંચાવા લાગી, આંખો બહાર આવી ગઈ અને સુંદર રૂપ ધારણ કર્યું હતું એ તો કૃત્રિમ હતું ને એ તો ક્યાંય ઉડી ગયું અને ભયાનક રાક્ષસી છ કોશ લાંબી થઈને પડી છે ને વૃક્ષો એની નીચે કચડાઈ ગયા. એવું કહેવાય છે કે આ નંદનો બગીચો હતો. ભગવાને એવી રીતે નાખી કે ઝાડ બધા કચડાઈ ગયા એટલે પૂતનાની ચિતા પૂતનાએ પોતે તૈયાર કરી દીધી. અવાજ સાંભળીને સૌ દોડી આવ્યા. જુવે છે તો ભયાનક રાક્ષસી પડી છે અને એની છાતી ઉપર બાલકૃષ્ણ રમી રહ્યા છે. ગોપીઓ દોડીને ગઈ અને લાલાને ત્યાંથી ઉઠાવી લીધો. આ રાક્ષસીનો સ્પર્શ થયો, જરૂર કોઈ અમંગલ લાગી જશે એટલે પછી ભગવાનના ઉપર ગાયનું પૂંછડુ ફેરવ્યું, ગૌમૂત્રથી સ્નાન કરાવ્યું. પૂતના કવચનો પાઠ કર્યો. આ પૂતના કવચ છે. ભગવાનના નામ લેતી જાય છે ને ભગવાનની રક્ષા કરતી જાય છે. તું ચાલતો હો, તું ભોજન કરતો હો - ભગવાન તારી રક્ષા કરે. પ્રેમના બંધનમાં બંધાયેલી ગોપીઓએ આ રીતે પ્રભુના રક્ષણનો ઉપાય કર્યો એટલામાં તો નંદબાવા આવી પહોંચ્યા. વસુદેવજીનું વચન સત્ય લાગ્યું. અહીંયા પૂતના પડેલી હતી. પૂતનાના શરીરના કટકા કરી નાખ્યાં કે ફરીથી એ સજીવન ન થાય અને એને આગ લગાવી. શુકદેવજી કહે છે, રાજા ! સાંભળો એક અતિ આશ્ચર્યજનક ઘટના એ બની કે જ્યારે પૂતનાના દેહને આગ લગાવવામાં આવી તો અદ્‌ભુત સુવાસ આખા વ્રજમાં વ્યાપી ગઈ. આનું રહસ્ય કોઈના પણ સમજમાં ન આવ્યું. આ સુગંધનો અર્થ છે પ્રભુએ એને મોક્ષ ગતિ આપી છે. દસમા સ્કંધમાં

પણ કહ્યું, પૂતના હતી રાક્ષસી હતી લોહી પીનારી હતી બાળ હત્યારિણી હતી અને ભગવાનને ઝેર પીવડાવનારી હતી તે છતાં પ્રભુએ એને ઉર્દ્ધવગતિ આપી. કોઈ પણ પ્રકારે કરેલો પુષ્ટિપ્રભુ સાથેનો સંબંધ જીવનું મંગલ જ કરે છે. તમે ગમે તે પ્રકારે સંબંધ કર્યો પણ છે તો પુષ્ટિપ્રભુને, આ પ્રભુનો સ્વભાવ છે. જેમ અગ્નિમાં જાણીને હાથ નાંખો તો પણ દાઝી જવાય, અજાણતા હાથ નાખો તો પણ દાઝી જવાય. અગ્નિનો સ્વભાવ છે દઝાડવાનો, પ્રભુનો સ્વભાવ છે જીવનો ઉદ્ધાર કરવાનો. વૈષ્ણવો શ્રીકૃષ્ણ સર્વનો ઉદ્ધાર કરવા માટે પધાર્યા છે. હા, તમારો એની સાથે સંબંધ થવો જોઈએ - ચાહે કામથી થાય, ચાહે ક્રોધથી થાય - એની સાથે સંબંધ થવો જોઈએ, એ તમારો ઉદ્ધાર કરશે. ભગવાને પૂતનાના પ્રાણ ચૂસી લીધાને પછી દૂતો આવ્યા અને પ્રભુને પૂછ્યું, મહારાજ ! આજ્ઞા કરો કે અમે આ રાક્ષસીને કયા નરકમાં નાખીએ ? જેની ગોદમાં હું પોઢ્યો, જેનું મેં દૂધ પીધું, જેણે એકવાર મને પુત્રભાવથી જોયું હતું, જેના હૃદયમાં મારા માટે માતૃભાવ જાગ્યો હતો એને તમે નરકમાં લઈ જશો ? કરુણામય પુષ્ટિપ્રભુએ આજ્ઞા કરી, જે સ્થાન મારી મા દેવકી માટે છે એ સ્થાન તમે પૂતનાને આપો.

अहो बकी यं स्तनकालकूटं जिघांसयापाययदप्यसाधवी ।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ।।

થોડો વિચાર કરો કે વેરભાવથી ભગવાનને ઝેર પીવડાવનારી રાક્ષસીને પણ પ્રભુ ઉત્તમ ગતિ દેતા હોય તો પછી રોજ મીઠા દહીં-માખણ-મેવા આરોગાવતા હશે. એમને કઈ ગતિ આપતા હશે ? કોઈપણ પ્રકારે પ્રભુ સાથે સંબંધ બાંધજો એ સંબંધનું બહુ મહત્ત્વ છે અને પછી આ રહસ્ય કોઈ સમજી ન શક્યું કે આ સુગંધ કેમ આવી ? પછી નંદબાવાએ નક્કી કર્યું કે હવે લાલાને મૂકીને હું બહારગામ જઈશ નહીં. ઉપદ્રવો ત્યારે જ આવ્યા છે કે જ્યારે નંદ-યશોદા કૃષ્ણથી દૂર હોય. આગળની કથામાં ત્રણ પ્રસંગો આવે છે. આ છે ભગવાનની યશલીલા. પહેલો પ્રસંગ છે ભગવાન શકટભંજન લીલા કરે છે, બીજો પ્રસંગ છે ભગવાન તૃણાવર્તનો વધ કરે છે, ત્રીજો પ્રસંગ છે ભગવાન યશોદાને પોતાના મુખમાં બ્રહ્માંડનું દર્શન કરાવે છે. ચાલો આ ત્રણેય કથા લઈએ આજે. લાલાએ પડખું બદલ્યું આજે એને ઘરની બહાર પધારવવાનો ઉત્સવ હતો. શુકદેવજી આગળની લીલાનું વર્ણન કરે છે.

कदाचिदौत्थानिक कौतुकाप्लवे जन्मर्क्षयोगे समवेतयोषिताम् ।
वादित्रगीतद्विजमन्त्रवाचकैश्चकार सूनोरभिषेचनं सती ।।

ગામની બહાર ખુલ્લી જગ્યા હતી, ત્યાં ઉત્સવ મનાવવાનું નક્કી કર્યું. એક ગાડામાં ઉત્તમ પ્રકારના ભોજનો ભરેલા છે, ગાડું ત્યાં રાખ્યું ને બળદ છુટા કરી દીધા. ગોપીઓ નાચવા લાગી. ગોપાળો ગીત ગાવા લાગ્યા. આ બધાને ઉત્સવ મનાવતા જોઈને યશોદાજીને થયું કે હું પણ ઉત્સવમાં જાઉં. ભગવાનને થયું કે માને જવું છે ઉત્સવમાં તો લાવને હું પોઢી જાઉં. ભગવાન ભક્તોની નાની નાની ઈચ્છાઓ પૂરી કરે. બાલકૃષ્ણ પોઢી ગયા. યશોદામા વિચાર કરે છે - દોડાદોડી લોકોની છે ઉપરથી તડકો પડી રહ્યો છે, હું લાલાને ક્યાં રાખું. એટલામાં માની નજર પડી. અરે ! આ ગાડું તો સરસ છે, આની નીચે જો લાલાને પોઢાવી દઉં તો તડકો ન લાગે, કોઈની ઠોકર ન લાગે. બાલકૃષ્ણને માએ ગાડાની નીચે પોઢાવ્યા. ગોપિકાઓ સાથે ઉત્સવમાં પહોંચી ગયા. થોડીવાર પ્રભુ પોઢ્યા પછી જાગ્યા અને કોલાહલ બહુ થતો હતો, જોરજોરથી વાગતું હતું. લાલાનું ઊંચા ઊંચા રોવું કોણ સાંભળે ? યશોદાજીએ સાંભળ્યું નથી કે

લાલો રડે છે. થોડીવાર રડ્યા પછી પ્રભુને થયું કે હજી કોઈ આવતું નથી એટલે એણે હાથપગ ઉછાળવા માંડ્યાં. મહાપ્રભુજીએ તો સુબોધિનીમાં એવું સમજાવ્યું છે કે **વાણી જ્યાં સફળ ન થાય ત્યાં પછી ક્રિયા આવે.** અને જ્યાં એના કોમળ ચરણનો ભાગ ગાડાના મધ્યભાગને લાગ્યો, વિવિધ પ્રકારના પદાર્થોથી ભરેલું આખું ગાડું ઊંધું થઈને દૂર પટકાયું.

ધૂંસરી તૂટી ગઈ, સૌ દોડી આવ્યા છે. ભગવાનનો આ નિયમ છે - ભગવાનને એમ લાગે કે મારા ભક્તો દૂર ગયા છે એટલે ભગવાન એકાદ ધડાકો કરે. બાળક નાનું હોય છે ત્યારથી એને સમજાય છે કે રડીએ તો લોકોનો પ્રેમ મળે. તો ભગવાન રોતા હતા, કોઈ આવ્યું નહીં. ગાડું ઉછળ્યું, સૌ દોડી આવ્યા. અરે ! શું થયું ? શું થયું ? વંટોળ નથી આવ્યો, કોઈ રાક્ષસ નથી આવ્યો, કશું કાંઈ બન્યું નથી. કારણ વિના કાર્ય થાય નહીં તો પછી કયું કારણ હશે કે આખું ભરેલું ગાડું દૂર પડ્યું. આ કઈ મહાશક્તિનું કામ છે ? નાના બાળકોએ કહ્યું કે આપણા લાલાએ લાત મારી એટલે ઉછળી ગયું. ગોવાળો હસવા લાગ્યા. મૂરખાઓ ! આટલો નાનો બાળક લાત મારે એનાથી તો કાંઈ ગાડું ઉછળતું હશે ? એમને ખબર નથી કે આ બાળક કોણ છે ? ભગવાન બાળક નથી, ભગવાને બાળકરૂપ લીધું છે. એક રાજા ભિખારીનું રૂપ લે તો એ ભિખારી થઈ જાય ? એક પુરુષ સ્ત્રીનું રૂપ લે તો એ સ્ત્રી થઈ જાય ? એમ ભગવાન બાળકનું રૂપ લે તો એ બાળક થઈ નથી જતા. એ ગમે તે રૂપ લે ભગવાન તો ભગવાન જ રહે છે, પરંતુ એ રૂપ લે છે એટલા માટે કે ભક્તોને લીલાનું સુખ આપી શકે. લીલા શબ્દ સમજવા જેવો છે. તમે નાટક જોવા જાવ છો તો તમને ખબર છે ને કે આ Real નથી. કોણ જાણે જેને બધા સાંજે જુવે છે એને બધા સીરિયલ કેમ કહેતા હશે ? સાંજે તમે જુઓ છો એને શું કહો છો ? See Real, પણ એમાં રિયલ હોતું જ નથી. નાટક છે, લોકો ટિકિટ ખર્ચે છે, જાય છે છતાં કેમ જાય છે ? તમે નાટક જોવા બેઠા ને કો'ક મરી જાય તો તમે પોલીસ બોલાવો છો ? તમને ખબર છે કોઈ નથી મરી ગયું. તો જોવા કેમ જાવ છો ? એ છે લીલારસ, એવું નથી તો પણ એવું જોવાનો આનંદ આવે છે. એમ ભગવાન લીલારસને વિશેષ કહું તો પુષ્ટિલીલા રસને પ્રગટ કરવાને માટે બાળક ન હોવા છતાં પણ બાળક રૂપે દર્શન આપે છે, આ પ્રભુની લીલાનો રસ છે. એ લીલામૃત પ્રભુએ પ્રગટ કર્યું છે. આ પ્રસંગ બન્યો ત્યારે ભગવાન ચાર મહિનાના હતા. હવે જે પ્રસંગ બને છે તેમાં કૃષ્ણ એક વર્ષના છે. મા યશોદા ગોદમાં લઈને સ્તનપાન કરાવતી હતી, અચાનક એને લાલો ભારે ભારે લાગવા માંડ્યો. થાકીને લાલાને નીચે પધરાવ્યો. કંઈક કામ યાદ આવ્યું એટલે મા ઘરમાં ગઈ. મથુરાથી તૃણાવત નામનો રાક્ષસ વંટોળીયાનું રૂપ લઈને આવ્યો છે. પ્રભુ પાછાં હલકા થઈ ગયા અને એ વંટોળીયાએ બાલકૃષ્ણને ઉપાડી લીધા. ઉપરને ઉપર લઈ જવા લાગ્યો, પણ હવે પાછાં ભગવાન ભારે થવા લાગ્યા. હવે તો એટલા બધા ભારે થઈ ગયા કે તૃણાવત એમને ઉપાડી નથી શકતો. એ પ્રભુને છોડી દેવા જાય છે પણ પ્રભુએ એનું ગળું પકડી લીધું. મહાપ્રભુજી કહે છે કે આ પણ અનુગ્રહલીલા છે. એ એટલા માટે કે ભગવાને એને પકડ્યો છે. જુઓ આપણે ભગવાનને પકડીએ ને આ એક રીત છે અને ભગવાન આપણને પકડે એ બીજી રીત છે. એમાં ભગવાન ભક્તને પકડે એનું નામ જ અનુગ્રહ. **પરમકૃપાળુ શ્રીવલ્લભનંદન પરમેશ્વરને અનુસરે અને એને ગ્રહે એનું નામ અનુગ્રહ.** અનુસરનારાને અનુચરને જે ગ્રહે એટલે પકડે કારણ કે જો પ્રભુએ પકડ્યો ન હોત તો,

રાખત્ હાથ માથે આ જીવ તો ભવધારામાં વહી રહ્યો હતો, આ જીવ તો માયાપ્રવાહમાં તણાઈ રહ્યો હતો; પ્રભુએ એને પકડી લીધો. તણાતો હોય, ડૂબતો હોય એને પકડી લેવો એ અનુગ્રહ છે. જે પોતાના અનુચર છે એને ગ્રહણ કરી લે છે. પ્રભુએ પકડી લીધો બે હાથ વડે, એનું ગળુ પકડ્યું. પૂતનાના પ્રસંગમાં ભગવાનનો પૂતના સાથે અધરોષ્ટનો સંબંધ થયો હતો અને એનો ઉદ્ધાર થયો. અહીં ભગવાને પોતાની બે ભુજા વડે એનું ગળુ દબાવી અને એને માર્યો. ઉપરને ઉપર જ એના પ્રાણ છુટી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ નીચે પડી રહ્યા હતા. ગોપીઓએ જોયું, અરે ! લાલો તો ઉપર છે વંટોળીયામાં. બધા બાવરા બનીને શોધતા હતા. લાલો ક્યાં ? લાલો ક્યાં ? અને એટલામાં થયું અરે ! વો તો ઉપર સે આ રહા હૈ. સૌ દોડ્યા અને કૃષ્ણને ઝીલી લીધા. થોડી વાર પછી તૃણાવતનું શરીર નંદરાયજીના ઘરના આંગણામાં એક મોટી શીલા હતી એની ઉપર ધડામ દઈને પડ્યું. ગોપીઓએ કહ્યું યશોદાજીને કે તમે લાલાનું ધ્યાન રાખો. કેટલા બધા વ્રત, તપ, જપ, કર્યા છે ત્યારે આ પુત્ર મળ્યો છે. યશોદા કહે કે મને શી ખબર કે કોઈ આવું આવશે અને આવી રીતે ઉડાડી જશે. નહીં મા, હવે તમે સાવધાની રાખો. એક દિવસ યશોદા મા પોતાના પુત્રને લઈને ગોદમાં સ્તનપાન કરાવતા હતા. લાલાને બગાસુ આવ્યું. કુતુહલથી માતાએ દૃષ્ટિ કરી તો પુત્રના મુખમાં આકાશ, અંતરિક્ષ, દિશાઓ, ગ્રહો, નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર, નદી, પર્વત, વન, ઉપવન. કૃષ્ણના મુખમાં યશોદાને આ બધું જ દેખાયું. યશોદા તો સમજી જ ન શક્યા આ મને શું થાય છે. મૂંઝાયેલા યશોદા માએ પોતાના નેત્ર બંધ કરી દીધા. લાલાના મુખમાં ગરબડ છે એવું ન લાગ્યું. એને થયું મારી આંખમાં ગરબડ છે, મને આવું આવું શું દેખાય છે? ફરીથી આંખ ઉઘાડીને જોયું તો પછી લાલાનું મુખ પાછું અસલના જેવું દેખાવા લાગ્યું. પ્રભુએ જ્ઞાનની એક નાનકડી ઝલક આપી દીધી. જ્ઞાન ઉપયોગી ન હતું, કોઈ જરૂર ન હતી જ્ઞાનની. માતાને જ્ઞાન આપીને શું કામ ? વ્રજમાં કૃષ્ણ પૂજાવા નથી આવ્યા. જો એક ભાવના એવી છે, આજકાલ આપણે યમુનાજીના પાઠ, માળા, પહેરામણીમાં યમુનાજીની સેવા આ બધું આપણે કેમ કરીએ છીએ ? પુષ્ટિમાર્ગમાં યમુનાજીનો આટલો બધો મહિમા કેમ છે એનું એક કારણ છે. પ્રભુ જ્યારે મથુરામાં પ્રગટ થઈ અને ગોકુળમાં પધારી રહ્યા હતા વચ્ચે યમુનાજી બિરાજે છે; જ્યારે વસુદેવજી યમુનાજીમાં પ્રભુને લઈને ઉતર્યા તો યમુનાજીએ પ્રભુને એક પ્રશ્ન કર્યો. પ્રભુ વ્રજમાં પધારો છો ઈશ્વર બનીને, ભગવાન બનીને, કે વ્રજવાસીઓના લાડીલા બનીને ? તો પ્રભુએ કહ્યું કે હું કાંઈ પૂજાવા માટે જતો નથી. મારી લોકો આરતી કરે, મારી લોકો પૂજા કરે, મારાથી ડરે ને મારી આગળ સ્તુતિ કરે - આવા બધા માટે હું કાંઈ જતો નથી. મારી પૂજા તો વૈકુંઠમાં બહુ થાય છે. ભગવાન કહે કે મારી પૂજા તો બહુ થાય છે, સ્તુતિ થાય છે, પૂજા થાય છે, પાઠ થાય છે, વંદના થાય છે. મારે શી જરૂર ? પ્રભુ આપ જો વ્રજમાં પૂજા વગેરે માટે નથી જતા, પરમાત્મા બનીને નથી પધારતા તો પછી આ બધો ઐશ્વર્યનો ભાર શું કરવા લઈ જાવ છો ? મોટાઈનો પણ ભાર હોય છે અને મોટાને પણ એ કેટલીકવાર એ મોટાઈનો ભાર ઉતારીને હળવું થવું ગમતું હોય છે. વ્રજમાં મોટા બનીને નથી આવ્યા, પુષ્ટિપ્રભુ મોટા નથી નાના છે અને પુષ્ટિભક્તોએ તો પુષ્ટિપ્રભુને કહ્યું છે હવે મોટાઈની વાત રહેવા દો. વ્રજમાં પ્રભુ પધારે છે સમગ્ર વ્રજલીલામાં ભક્તાધીન લીલા કરે છે એટલે યમુનાજીએ કહ્યું, 'મહારાજ ! આ બધો ઐશ્વર્યનો ભાર શું કરવા લઈને જાવ છો ? પધરાવીદો ને અહીંયા.' અને

પ્રભુએ પોતાનું ઐશ્વર્ય એમનામાં પધરાવી દીધું. એટલે તમને કહું દેવકી માએ ચતુર્ભુજરૂપે દર્શન કર્યા, યશોદાએ નથી કર્યા. દેવકીને અને યશોદાને જુદા જુદા ભાવોનો અનુભવ થયો છે. દેવકીને ત્યાં પુત્ર રૂપે પ્રગટ થયા અને યશોદાને ત્યાં પુત્રભાવે પ્રગટ થયા. દેવકીમાને બતાવ્યું છે કે મા ! ભલે હું તારો પુત્ર થઈને આવ્યો પણ હું ભગવાન છું. યશોદા અને દેવકીમા ફરક શો ? યશોદા અને દેવકીના ભાગ્યમાં ફરક શો ? દેવકીને બતાવ્યું કે મા, ભલેને હું તારો પુત્ર થઈને આવ્યો પણ છું ભગવાન અને યશોદાને ઊંધું કહ્યું, મા ! ભલેને લોકો મને ભગવાન કહેતા હોય, હું તો તારો લાલો છું. આખી વાત જ જુદી છે. મા ! લોકોને જે કહેવું હોય તે કહે, હું તો તારો લાલો છું અને એટલે યશોદા પણ કહેતા કે જેને જે કહેવું તે કહેજો હું તો એટલું જાણું છું કે આ મારો લાલો છે. કોઈક આવીને કહે પરબ્રહ્મ છે, કોઈક કહે દેવાધિદેવ છે, કોઈક આવીને કહે કે ઈન્દ્રનો પણ ઇન્દ્ર છે, વરૂણનો પણ વરૂણ છે, બ્રહ્માનો બ્રહ્મા છે. યશોદા કહે છે તમારે જે કહેવું હોય તે કહો હું તો જાણું છે કે આ મારો લાડીલો લાલ છે. અને એ ભાવ યશોદામાં હંમેશાં રહ્યો છે. દેવકી ભૂલી નથી શક્યા કે આ ભગવાન છે. હા ! પુત્રભાવ જાગે છે, કૃષ્ણને જુએ છે તો દેવકીના સ્તનમાંથી દૂધ આવે છે પણ દેવકી એ વાત ભૂલી નથી શકતા કે આ ભગવાન છે અને એટલે એટલો મોટો તફાવત છે. કૃષ્ણ જન્મ થયોને પછી વસુદેવ અને દેવકીએ બન્ને એ ભગવાનની સ્તુતિ કરી છે અને યશોદાએ સ્તુતિ નથી કરી. જેમાં માહાત્મ્ય જ્ઞાન હોય એને સ્તુતિ કહેવાય, જેમાં મહિમા ગવાતો હોય - તમે આવા છો, તમે આવા છો એને સ્તુતિ કહેવાય પણ જેમાં સ્નેહની વાતો હોય એ સ્તુતિ નથી. એટલે ગોપીઓએ કદી સ્તુતિ કરી નથી. આખા ભાગવતમાં કેટલી બધી સ્તુતિઓ છે ? ભીષ્મ સ્તુતિ, કુંતા સ્તુતિ, વેદ સ્તુતિ, પ્રહલાદ સ્તુતિ, ધ્રુવ સ્તુતિ, પણ ગોપીઓએ સ્તુતિ નથી કરી. ગોપીઓએ ગીત ગાયા છે - વેણુ ગીત, ગોપી ગીત, યુગલ ગીત, ભ્રમર ગીત. સ્તુતિમાં મર્યાદા છે, ગીતમાં મર્યાદા નથી. તમે ભગવાનની સ્તુતિ કરતા હોવ તો એમ કહી શકો કે તું ધૂતારો ધૂતારો છે, એમ કહી શકો કે હે કપટીના કપટી, હે કાળીયા, હે કાળા કાળજાવાળા, આવું કહી શકો તમે સ્તુતિમાં ? મર્યાદા છે. પણ ગીતમાં મર્યાદા નથી એટલે ગોપી ગીતમાં ગોપીઓએ ભગવાનને કુહક, કિતવ, કપટી એવા શબ્દો વાપર્યા છે. કિતવ એટલે કપટી. વસુદેવ-દેવકીએ સ્તુતિ કરી છે અને યશોદાનો પ્રેમ તો એટલો બધો છે કે સ્તુતિ કરવાની તો દૂર રહી, લાકડી લઈને મારવા પણ દોડી છે. પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના મુખમાં આખું બ્રહ્માંડ દર્શન કરાવે છે એને યશોદા મારવા દોડી છે અને એને પ્રભુએ અપરાધ નથી માન્યો. ભગવાન કહે કે મા મારવા દોડી છે ભાગો, એ વખતે એણે ઈશ્વરભાવ ન બતાવ્યો. અરે તું શું મને મારવાની હતી, લે આ ઊભો. તો તો રસભંગ થઈ જાય. ઉત્તમ કલાકાર જે વખતે જે પાત્રનો અભિનય કરતો હોય એ પાત્રનો જ વ્યવહાર કરે છે. ઉત્તમ નટ એને કહેવાય છે કે જે લીલા કરી રહ્યો હોય એને અનુરૂપ બધું જ હોય. એની વેશભૂષા, એની વાણી, એનો વ્યવહાર - તો ભગવાન તો બાળ લીલા કરી રહ્યા છે. બાળલીલા છે તો પ્રભુએ વિચાર કર્યો કે મા મારવા માટે આવે છે. મા કાંઈ ભગવાનને થોડી મારવા આવે છે, એ તો બાળકને મારવા આવે છે. તો બાળકને મા મારવા માટે આવે ત્યારે બાળકે જે કરવું જોઈએ તે મારે કરવું જોઈએ. યશોદાનો પુત્રભાવ હોય તો ભગવાન બ્રહ્મભાવ પ્રગટ ન કરી શકે એટલે આપણા પ્રભુ ભાવરૂપ છે, ભાવાધીન નથી.

આ માર્ગ ભાવનાનો માર્ગ છે. પછી નામકરણ લીલા થઈ. આ શ્રી લીલા ચોથો અધ્યાય તામસ પ્રકરણનો શ્રી લીલા છે. આચાર્યચરણ સમજાવે છે કે જીવને નિષ્પાપ થવું હોય, નિર્દોષ થવું હોય તો સરળમાં સરળ, સચોટ અમોઘ, કદી નિષ્ફળ ન જાય એવું સાવ સહેલું હોય, એવું જો કોઈ સાધન હોય તો એ ભગવાનનું નામ છે. આ કળિકાળમાં આપણે આપણો ઉદ્ધાર કરવો હોય તો સહેલામાં સહેલું અને કદી વ્યર્થ ન જાય એવું અમોઘ સાધન જો કોઈ હોય તો એ ભગવાનનું નામ છે. સવારે પ્રભુના નામથી આરંભ કરો. શ્રી ગુસાંઈજી એમ સમજાવે છે કે કૃષ્ણ નામ તો મંગલ છે અને એના માતાપિતાનું નામ પણ મંગલ છે. હવે કૃષ્ણનામ કેવું છે ? ઠાકોરજીના નામ વેદનો સાર છે. તમે વેદ ભણવા ક્યાં જવાના હતા, પણ વેદનો સાર પ્રભુનું નામ છે. એ નામ શું કરે છે ? નામનું મર્યાદામાર્ગીય ફળ શું ? પાપનો નાશ થાય, દુર્ગતિનો નાશ થાય, પુણ્યની પ્રાપ્તિ થાય અને છેલ્લે મૃત્યુ સુધરે, મોક્ષ મળે. ભગવાનના નામોનો મર્યાદામાર્ગીય તો લાભ આ છે. જે પ્રીતિપૂર્વક પ્રભુનું નામ લે એ જરૂર તન્મયતાને પામે છે, મોક્ષ પામે છે. પણ પુષ્ટિમાર્ગમાં ભગવન્નામનું રટણ મોક્ષપ્રાપ્તિ માટે નથી. શ્રી ગુસાંઈજીએ સર્વોત્તમજીના તો આવી આજ્ઞા કરી. **तद्प्राप्तौ वृथो मोक्षः** એને માટે મોક્ષ વ્યર્થ છે અને મોક્ષ મળ્યો ને કૃષ્ણધરામૃતાસ્વાદ ન મળ્યો તો મોક્ષ વ્યર્થ છે. પુષ્ટિમાર્ગમાં ભગવાનનું નામ મોક્ષ મેળવવા માટે, પાપોનો નાશ કરવા માટે, પ્રાયશ્ચિત કરવા માટે, યમયાતનામાંથી મુક્ત થવા માટે લેવાતું નથી, તો પછી કેમ લેવાય છે ? શ્રી ગુસાંઈજીએ લખ્યું **श्री कृष्ण इति श्रुतिसारं नाम स्वार्त जनाशय तापापहम्** પુષ્ટિમાર્ગમાં ભગવાનનું નામ પાપ હરવા માટે નહીં, તાપ હરવા માટે છે. પ્રભુનું નામ તાપ હરે છે, પ્રભુના વિયોગનો તાપ. આશય એટલે હૃદય પ્રભુના નામનો ઉચ્ચાર, પ્રભુના નામનો ઘોષ મંગલ છે. જે પ્રભુનું નામ લે એનું હંમેશાં મંગલ થાય અને એટલા માટે તો પ્રભુ નામ ધારણ કરે છે. પ્રભુના બધા જ નામો કલાત્મક છે, પ્રભુના બધા જ નામો સ્વરૂપાત્મક છે. સ્વરૂપાત્મક એટલે સમજ્યા ? જે કામ ઠાકોરજીનું સ્વરૂપ કરે, એ કામ શ્રી ઠાકોરજીનું નામ પણ કરે. સ્વરૂપાત્મકનો અર્થ છે પ્રભુને મળવાથી તમને જે સુખ થાય, એ સુખ તમને પ્રભુનું નામ લેવાથી પણ થાય. જેવી રીતે શ્રી ઠાકોરજી તમને સ્વરૂપાત્મક આનંદ જતાવે એવી રીતે પ્રભુનું નામ પણ આનંદ જતાવે છે. જુઓ, આ નામનો પ્રભાવ. 'જબ સે હમને કૃષ્ણનામ સુના હૈ' ગોપી કહે છે, હજી તો મેં કૃષ્ણ નામ સાંભળ્યું અને મારી આ દશા થઈ ગઈ. ભર ભર આવે નૈન, ચિત્ત ન પડે જબ વો ખુદ મેરે સામને આયેગા તો મેરા ક્યા હોગા? અગર ઈસકે નામ મેં ઈતની મીઠાશ હૈ, તો એનું રૂપ મારી સામે આવશે તો શું થશે ? એટલા માટે ભગવાનની ચાર માધુરી છે. વ્રજમાં ચાર માધુરી - નામમાધુરી, રૂપમાધુરી, વેણુમાધુરી અને લીલામાધુરી. વૃંદાવનના સંત મહાત્માઓએ ભગવાનની આ ચાર મધુરતાનો બહુ જ મહિમા ગાયો છે. કૃષ્ણનામ અતિ મધુર છે. વસુદેવજીના મોકલેલા ગર્ગમહારાજ નંદબાવાના વ્રજમાં પધાર્યા. આવેલા આ મહાત્માને જોઈને નંદબાવા અતિપ્રસન્ન થયા. જાણે ભગવાન ઘરે ન પધાર્યા હોય એવી ભાવનાથી એમણે એમનો સત્કાર કર્યો. અતિશય આનંદ થયો. આપે બહુ કૃપા કરી કે આપ અમારે ત્યાં પધાર્યા, આપના જેવા મહાનુભાવ અમારા જેવા પામર જીવોનું કલ્યાણ કરવાને માટે જ પોતાનું ઘર છોડીને અમારે ત્યાં પધારે છે. મહારાજ ! અમારી એવી પ્રાર્થના છે કે આ બાળકની નામકરણ વિધિ આપ કરો. ગર્ગાચાર્ય તો પધાર્યા હતા જ એટલા માટે, પરંતુ

એમણે કહ્યું કે હે નંદબાવા ! તમારા બાળકની નામકરણ વિધિ હું કેમ કરી શકું ? કારણ કે હું તો યાદવોનો કુલાચાર્ય છું. બધા મને ઓળખે છે અને તમારા એટલે ગોપ જાતિના બાળકની નામકરણ વિધિ જો હું કરું તો કંસના મનમાં શંકા થશે અને કંસના મનમાં હજી પણ એક ગડમથલ તો છે. આ દેવકીનો આઠમો ગર્ભ કન્યા ક્યાંથી થયો અને દેવકીનો આઠમો ગર્ભ આકાશમાં ઊડી ગયો ત્યારે કહીને ગયો હતો કે તને મારનારો તો ક્યાંક બીજે જન્મી ચૂક્યો છે. એટલે હું તમારા બાળકની વિધિ કરું અને કંસને જો જાણ થઈ જાય તો પછી બહુ ઉપાધિ થાય. નંદરાયજીએ કહ્યું, મહારાજ ! કંસને જાણ થાય તો ને ? હું મારા સગાઓને પણ જાણ નહીં થવા દઉં. કાલે સવારે કેવળ અમારા પરિવારના સ્વજનોની વચ્ચે જ આપ આ નામકરણ વિધિ કરો. આમ તો નંદબાવાનો સ્વભાવ એવો કે કાંઈપણ બહાનું મળે ને એટલે મોટો ઉત્સવ કરી નાખે. આપણા પુષ્ટિમાર્ગમાં કેટલા બધા ઉત્સવ છે ? આજે લાલાએ આમ કર્યું તો ઉત્સવ મનાવો. આપણે ત્યાં તો એક ઉત્સવ પૂરો થાય એટલે બીજાની તૈયારી થઈ જાય. જ્યાં ભગવાન હોય ને ત્યાં નિત્ય ઉત્સવ છે, જ્યાં ભગવાન બિરાજતા હોય ત્યાં નિત્ય આનંદ છે. ગમે તેમ થાય મહારાજ પણ અમે ઉત્સવ નહીં મનાવીએ પણ નામકરણ વિધિ આપ કરો. આની પાછળનું કારણ એ છે કે પ્રભુનું નામ મંત્રાત્મક રીતે લેવાય ત્યારે એ પ્રગટ રૂપે ન લેવું જોઈએ. કીર્તન તાળી પાડીને ગાઓ. પણ મંત્ર માટે તો એવું કહેવાય છે કે એ કોઈ ન સાંભળે એવી રીતે જાપ કરવો જોઈએ. શાસ્ત્રકારોએ વાણીના ચાર પ્રકાર બતાવ્યા છે. પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી. તમે જે બોલો અને બીજા સાંભળે એ વાણીનું એકદમ બહારનું સામાન્ય રૂપ છે એને વૈખરી વાણી કહેવાય અને મંત્રનો ઉચ્ચાર આ રીતે ન થાય. તમે જાપ કરતા હોને તો બને ત્યાં સુધી હોઠોનો ફડફડાટ પણ ન થાય તો સારું. મંત્રનો જાપ બોલીને ન થાય. બોલો તો એ કીર્તન થઈ ગયું, બોલો તો એ પાઠ થઈ ગયો. એટલે કહ્યું મહારાજ નામકરણ વિધિ થાય એમાં તમે ઉત્સવ કરો તો ન ચાલે. બ્રાહ્મણને જ્યારે યજ્ઞોપવીત સંસ્કાર અપાય છે તો ગુરુ કાનમાં મંત્ર આપે છે. આપણે ત્યાં પણ જ્યારે આપણા ગુરુદેવ અષ્ટાક્ષર મંત્રનું દાન કરે છે તો કાંઈ સમૂહમાં નથી કરતા. મંત્ર કાનમાં અપાય એનો મતલબ મંત્ર, મંત્રદાતા અને મંત્રગૃહીતા એ બે વચ્ચેનો સીધો સંબંધ કહું છું. સંસ્કૃતમાં તો એવી આજ્ઞા છે કે મંત્ર ત્રીજી વ્યક્તિના કાનમાં ન પડવો જોઈએ. છ કાનમાં ન પડવો જોઈએ. ચાર કાનમાં પડે તો ચાલે, બે બોલનારના બે સાંભળનારના. મંત્રની દીક્ષા છે. જેણે એ મંત્ર સિદ્ધ કર્યો હોય, જેની પાસે મંત્રની સિદ્ધિ હોય એની પાસેથી એ મંત્રની દીક્ષા લેવી જોઈએ ને એટલા માટે આપણે ત્યાં પરંપરા હતી કે ગુરુ જ્યારે પણ કોઈને શિષ્ય બનાવે તો કેવળ કંઠી બાંધે કે તાવીજ બાંધે કે નાડું બાંધે એવું કશું જ નહીં, એને મંત્ર પણ આપે. દરેક પરંપરામાં મંત્ર છે. નિર્ગુણી પરંપરામાં, સદ્‌ગુણ પરંપરામાં, શૈવ, વૈષ્ણવ, દરેક પરંપરામાં મંત્ર છે, મંત્રની દીક્ષા છે. નંદબાવા કહે કે મહારાજ ! આ વિધિ તો આપે જ કરવાની છે. બીજે દિવસે સવારે ભગવાને થોડી નટખટ લીલા કરી. ગર્ગમુનિ પોતાની સાથેના ઠાકોરજી પધરાવીને આવ્યા હતા. સવારે રસોડામાં જઈ ભોગસામગ્રી સ્વયં તૈયાર કરી પોતાના ઠાકોરજીને જગાવીને ભોગ લગાવે છે. ભગવાનને ભોગ લગાવે છે ત્યારે બોલે છે, હે ગોપાલ ! હે માધવ ! હે નારાયણ ! હે મધુસૂદન પ્રભુ ! આરોગો. કનૈયાએ સાંભળ્યું. અરે મુઝે કોઈ બુલા રહા હૈ, સવેરે સવેરે કૌન બુલાતા હૈ ? લાલો તો ઘુંટણીયે ચાલતો

ચાલતો આવ્યો ઓરડામાં. ગર્ગમુનિ આંખ બંધ કરીને જાપ કરી રહ્યા છે, વચ્ચે ટેરો લાવેલો છે. સામે થાળી ભરી છે. ગર્ગાચાર્યના ઠાકોરજી બિરાજે છે. લાલાને એવી સુગંધ આવી એ તો ટેરો હટાવીને અંદર પહોંચી ગયો અને જે થાળ ગર્ગમુનિના ઠાકોરજી આગળ ધર્યો હતો એમાંથી જ આરોગવાનું ચાલુ કરવા લાગ્યા. કેટલો ધન્ય છે આ જીવ કે ભગવાન મૂર્તિરૂપે નહીં પણ મૂર્તરૂપે આરોગે છે, સ્વરૂપથી નહીં સાક્ષાત. પણ લાલો થોડો નટખટ છે, કંઈક આમ વાટકીનો અવાજ આવ્યો ને ચમચી ખખડી ગર્ગમુનિને નવાઈ લાગી. યે આવાજ કૈસી આ રહી હૈ ? જ્યાં ટેરો હટાવીને જોયું તો, તો યશોદાનો લાલો થાળ આરોગે છે. હે યશોદા, યશોદા ! બ્રાહ્મણને કોઈ દિવસ જમવામાં ખલેલ ન પડે. અરે ! તમે માનો કે ન માનો મહાપ્રભુજીએ એવું લખ્યું છે કે બ્રાહ્મણ પાસેથી ઊંડા આશીર્વાદ લેવા હોય તો પહેલા એને ઘીથી લચપચતું મિષ્ટાન જમાડજો. વ્રજની ભાષામાં કહું તો ચકાચક અને પછી આશીર્વાદ લો. ભૂખ્યો બ્રાહ્મણ શું આશીર્વાદ આપે ? હે યશોદા, યશોદા ! દોડતા દોડતા આવ્યા. કોઈ ભૂલ હો ગઈ, કોઈ અપરાધ ? અરે, તેરા લાલા આયા. ગોવાળિયાનો છોકરો આવીને બ્રાહ્મણની રસોઈને અડકી જાય ? યે સબ છુ ગયા, યે હમારે કામ કા નહીં રહા. અબ હમ ભોજન નહીં કરેગેં. યશોદાજીને થયું કે વાત તો સાચી છે. આપણી ભારે ભૂલ થઈ ગઈ. બાપજી બહોત બડી ભૂલ હો ગઈ, હમારા લાલા હૈ ના અભી બહોત નાદાન હૈ, કુછ સમજતા નહીં. બાપજી, આજે મારા પુત્રની નામકરણ વિધિ છે અને આપ ભૂખ્યા રહો ? આપના ઠાકોરજી ભૂખ્યા રહે કેમ ચાલે ? આપ ફરીથી જલદી સ્નાન કરી લો, જલદી જલદી જે ભોગસામગ્રી તૈયાર થાય તે કરી લો. થોડી વિધિ મોડી થશે. સારા કામમાં બહુ ચોઘડીયા ન જોવા. સારું કામ કરવા માટે બધા જ ચોઘડીયા સારા. શાસ્ત્ર તો એમ કહે છે કે તમને મુહૂર્ત જોતા ન આવડતું હોય તો આ બે વાત યાદ રાખજો. તમને એમ થાય કે મારે સારા કામમાં બે પૈસા વાપરવા છે તો આ બે વસ્તુ યાદ રાખવી. તમારા મનમાં ઉમંગ જાગે, શ્રદ્ધા જાગે અને તમને કોઈ પાત્ર મળી જાય. શુકન જોતા ન આવડતા હોય, ઘણા લોકો શુકનમાં બહુ માને. બહાર નીકળે ને કોઈને છીંક આવે તો પાછાં જાય. એકવાર બિલાડી નીકળી તો તરત પાછી આવી, તો તરત તેની બહેનપણીએ પૂછ્યું કે પાછી કેમ આવી ? તો તે બિલાડી કહે, 'માણસ આડો ઉતર્યો, આખો દહાડો બગડશે મારો.' ઘણા લોકો શુકન બહુ માને. જો તમારું મન કોઈ સારું કાર્ય કરવાને માટે બહુ ઉત્સાહી થઈ જાય તો જાણજો કે એ સારામાં સારું મુહૂર્ત છે. મનની પ્રસન્નતા એ મોટામાં મોટું મુહૂર્ત છે. બાપજી, ભલે મોડું થાય પણ આપ ભોજન કરી લો પછી તૈયારી કરી અને ફરીથી ભોજનસામગ્રી સિદ્ધ કરી. ગર્ગમુનિ ફરીથી ભોગસામગ્રી સિદ્ધ કરે છે. માતા યશોદાએ વિચાર કર્યો કે આ ક્યાંક ફરીથી પાછો સરકી જાય એના કરતાં લાવને એને પારણામાં જ મૂકી દઉં, પારણામાંથી ક્યાં જવાનો છે ? લાલાને પારણામાં પધરાવી અને મા પારણું ઝુલાવવા લાગી. ઝુલાવતા ઝુલાવતા થોડીવારમાં લાલાને તો ન આવી પણ યશોદાને નિંદર આવી ગઈ. આ બાજુ ફરીથી ગર્ગમુનિએ સામગ્રી કરી અને પોતાના ઠાકોરજીને ભોગ ધરે છે, પ્રેમથી આરોગાવે છે. વિનંતી કરે છે. હે માધવ, હે મુકુંદ, હે મોરારિ, હે નારાયણ આરોગો. ઠાકોરજી કહે છે કે આ ખરા છે ? મને બોલાવે છે ને હું જાઉં છું તો ખીજાય છે. અબ ક્યા કરે ? લેકિન કોઈ પ્રેમ સે ભોજન કે લિયે બુલાતા હૈ તો જાના ચાહિએ. ખીજાય તો ખીજાય

પણ આ વખતે લાલાએ જુદી લીલા કરી. એક સ્વરૂપે પ્રભુ પારણામાં જ રહ્યા અને બીજું સ્વરૂપ લઈને પાછાં અંદર પધાર્યા. થોડીવાર પછી કાંઈક અવાજ આવ્યો એટલે પાછું મહારાજે આંખ ખોલીને જોયું તો તો લાલો આરોગે છે, પણ આ વખતે દર્શન થયા શંખ-ચક્ર-ગદા-પદ્મ, ચતુર્ભુજ ભગવાન નારાયણના દર્શન થયા. ગર્ગમુનિ 'જય હો ! જય હો ! મા' બૂમો પાડે છે. યશોદા એકદમ ઝબકીને જાગી. આ મહારાજ કેમ પાછાં બૂમો પાડે છે ? દોડતી દોડતી આવી. પહેલાં તો એણે જોયું કે લાલો તો ? કે ના એ તો પારણામાં છે. તો પાછી શું ઉપાધિ થઈ ? આવીને જુએ છે પણ માને કાંઈ ચતુર્ભુજ દર્શન નથી થયા. અને આ તો બે હાથ જોડીને 'જય હો મહારાજ, જય હો' માને થયું કે ગમે તેમ હોય પણ ગભરાવા જેવું નથી. બધું બરાબર છે. ગર્ગમુનિને હવે એ વાતનું અનુસંધાન કરી આપ્યું. જે અંતઃપ્રેરણાથી જાણતા હતા એના પ્રત્યેક દર્શન થયા કે નંદ-યશોદાને ત્યાં જે બિરાજી રહ્યા છે એ કોઈ બાળક નથી, એ પૂર્ણબ્રહ્મ પરમાત્મા છે. પછી તો નામકરણ વિધિ થઈ. પહેલા મોટા ભાઈના ત્રણ નામ પડ્યા. આ રોહિણી પુત્ર છે. એક કથા એવી પણ છે કે ગર્ગાચાર્યની પરીક્ષા કરવા માટે યશોદાના ખોળામાં બલરામને રાખેલા અને રોહિણીની ગોદમાં કૃષ્ણને પધરાવ્યા આવી એક ભાવના છે, ભાગવતમાં નથી આ. પરંતુ **'અયં હિ રોહિણીપુત્રઃ'** એમાં જે 'હિ' કહેવાયો તે આ છે. આમ જોવા જાવ તો બલરામ પણ દેવકીપુત્ર છે. જો તમે બલરામને તમે દેવકીપુત્ર ન માનો તો કૃષ્ણ આઠમા નહીં થાય, તો આકાશવાણી ખોટી પડશે. કંસે દેવકીના છ બાળકોને માર્યા. સાતમો ગર્ભ દેવકીનો શેષભગવાન એ ગર્ભ તો દેવકીનો અને આકાશવાણીમાં કયો શબ્દ હતો ? **અસ્યાસ્ત્વાષ્ટમો ગર્ભઃ** એટલે બલરામની પણ બે મા છે - દેવકી અને રોહિણી. અને કૃષ્ણની પણ બે મા છે - દેવકી અને યશોદા. એટલે ત્રણ નામ પડ્યા. આનામાં બળ બહુ છે માટે એનું એક નામ છે બલ, એ બધાને વ્હાલો લાગશે માટે રામ અને એના કારણે યાદવોમાં એકસૂત્રતા રહેશે, સંપ રહેશે માટે સંકર્ષણ બાબા. હવે ચાલો તમારા લાલાનું નામ પાડું. નંદબાવાની વાત જુઓ. નંદબાવા પણ કેટલા વિવેકવાન છે ! એમણે એવું ન કહ્યું કે પહેલા મારા છોકરાનું નામ પાડો. પહેલું નામ પડ્યું વસુદેવના પુત્રનું. ચલો, હવે હું તમારા પુત્રનું નામ પાડું. આ તમારો લાલો છે ને એ પહેલા કો'કવાર વસુદેવજીને ત્યાં જન્મ્યો હતો, અત્યારે તો એ તમારો જ લાલો છે. મહાપ્રભુજી દૃઢતાપૂર્વક માને છે કે કૃષ્ણ યશોદાનંદના પણ પુત્ર છે. પાલકપુત્ર નહીં, જન્મ આપ્યો છે એવા પુત્ર. આ વાત બહુ ઓછા લોકો જાણે છે, અને બહુ ઓછા લોકો માને છે. જે રીતે દેવકીએ કૃષ્ણને જન્મ આપ્યો છે એવી રીતે યશોદાએ પણ કૃષ્ણને જન્મ આપ્યો છે. નંદ સ્વાત્મજ.. ઉત્પન્ને એટલે શું નંદને ત્યાં કૃષ્ણ જન્મ્યા છે ? અને આ કંઈ બહુ ગભરાવા જેવી વાત નથી કારણ કે ભગવાન તો અનેક રીતે અનેકને ત્યાં જન્મ લઈ શકે છે. પરણતી વખતે જે સોળહજાર રૂપ લઈ શકે એ જન્મતી વખતે બે રૂપથી પ્રગટ ન થઈ શકે ? એમાં શું મોટી વાત છે ? ખરી વાત તો એ છે કે વસુદેવ દેવકીને ત્યાં પ્રગટ થયા ચતુર્ભુજરૂપે. પછી માએ કહ્યું કે તમે દ્વિભુજ થઈ જાવ. અને ભગવાન જે પ્રાકૃત શિશુ થયા એટલે કે દ્વિભુજ થયા એ પ્રભુ જે દ્વિભુજ થયા એ યશોદાએ પ્રગટ કરેલું સ્વરૂપ છે. આનો અર્થ એ થયો કે યશોદાના પુત્રને વસુદેવજી યશોદા પાસે પાછો લઈ આવે. મહાપ્રભુજીએ એના બહુ પ્રમાણો આપ્યા છે. યુગલગીતમાં પણ એનું પ્રમાણ આપ્યું છે. મહાપ્રભુજીએ તો એ પણ કહ્યું કે યશોદાનું

સ્તનપાન બાળકૃષ્ણ કરે છે એ જ પ્રમાણ છે કે યશોદા મા છે. જો એવું ન માનો તો યશોદાના સ્તનમાં દૂધ કોના માટે પેદા થયું ? માયા માટે. કારણ કે યશોદાએ માયાને પણ જનમ આપ્યો હતો. વસુદેવજી લાલાને લઈને આવ્યા ત્યારે યશોદાની પડખે કોણ સૂતું હતું ? માયા. તો યશોદાના સ્તનમાં જો માયાને માટે દૂધ બન્યું હોય તો પ્રભુ એને કદી પીવે નહીં કારણ કે જે અન્યને માટે હોય એને પ્રભુ ન સ્વીકારે. ઠાકોરજીને માટે જે લો એ જ આરોગે, બીજાને માટે કરેલું ઠાકોરજી ન આરોગે. આપણા પુષ્ટિમાર્ગમાં તો એક વિવેક છે કે કોઈપણ વસ્તુ બજારમાંથી ખરીદો ત્યારથી જ એવી ભાવના હોવી જોઈએ કે આ પ્રભુ માટે છે, નહીંતર એ સામીભુક્ત થઈ જાય છે. અડધુ ભગવાનનું ને અડધુ આપણું એમ નહીં, બધું જ એનું અને પછી આપણું. પ્રભુ પહેલા આરોગે પછી એમનો પ્રસાદ મળે. માયાને માટે પ્રગટ થયેલું દૂધ ભગવાન ન પીવે એટલે કે ભગવાન પણ એના પુત્ર થયા છે. એ પહેલા વસુદેવને ત્યાં જન્મ્યો હતો, અત્યારે તો એ તમારો જ પુત્ર છે. એનું એક નામ પાડું છું વાસુદેવ. અરે આપકે પુત્ર કે કઈ રંગ હૈં, કોઈવાર એ ગોરો થઈને આવ્યો, કોઈવાર લાલ થઈને આવ્યો હતા, ક્યારેક એ પીળો થઈને પણ આવે છે. અભી અભી વો સાંવરા હોકર કે આયા હૈ, ઈસ લિયે ઉસકા નામ હૈ કૃષ્ણ. કૃષ્ણ નામનો અર્થ કર્યો છે કાળો, પણ આ વૈદિક અર્થ નથી. ગર્ગાચાર્યે નંદ-યશોદાની આગળ રહસ્યને પ્રગટ નથી કરવું એટલા માટે આ અર્થ ન કર્યો. કૃષ્ણ નામનો પ્રચલિત અર્થ છે કાળા, શામળા, પણ કૃષ્ણ નામનો વૈદિક અર્થ જુદો છે. 'કૃષ' એટલે નિત્ય અને 'ણ' એટલે આનંદ. બે શબ્દથી આ અર્થ બન્યો છે. કૃષ-ણ વ્યાકરણના નિયમ પ્રમાણે 'ન'નો 'ણ' થયો. મૂળ શબ્દ છે 'ન'. 'ન' એટલે આનંદ.

कृषिर्भूवाचको शब्दः णश्च निवृत्तिवाचकः ।
तयोरैक्यं परब्रह्म कृष्णरित्यभिधीयते ।।

બધા નામો સ્વરૂપાત્મક છે. રાધાજીનું નામ ચાર વસ્તુથી બન્યું છે ર-અ ધ-અને અ. રાધાજીમાં જે 'ર'કાર છે, રમાનો છે. 'રમા' એટલે લક્ષ્મી. પછી જે 'આ'કાર છે એ આદિ ગોપિકાનો છે. રાધા નામમાં જે 'ધ'કાર છે એ ધરાનો છે, એટલે પૃથ્વીનો છે અને છેલ્લો જે 'આ'કાર આવ્યો એ વીરજાનો છે. આ વીરજા નીચે પધારે ત્યારે યમુના. રમા એટલે લક્ષ્મી. લક્ષ્મી, આદિગોપિકા, ધરતી અને યમુના - આ ચારેય રાધામાં સમાયેલાં છે. રાધા નામનો બીજો અર્થ પણ છે. 'રા' એટલા રાસ અને 'ધા' એટલે દોડવું. **रासे बभूव या लोके सा दधाव हरेः पुरः** ગોલોકમાં એ રાસમાં જન્મ્યા રાસે.....રાસમાં પ્રભુને મળવા દોડી માટે રાધા અને પેલો પ્રસિદ્ધ અર્થ છે. **अनयाऽऽराधितो नूनं भगवान्हरिरीश्वरः ।** આરાધના કરનારી છે, કૃષ્ણને આરાધે છે માટે રાધા. ટીકાકારોએ બે અર્થ કર્યા. કૃષ્ણને આરાધે છે માટે રાધા અથવા કૃષ્ણ જેને આરાધે છે એ રાધા. પ્રભુના દરેક નામોના વિશેષ અર્થ છે. જેમકે નારાયણ - નાર એટલે જળ, અયન એટલે સ્થાન. પ્રભુ સમુદ્રમાં પોઢેલા છે માટે નારાયણ અથવા આપણા સૌના હૃદયમાં રહે છે માટે નારાયણ. ગોવિંદ વેદો વડે જેને જાણી શકાય અને કામધેનુ એ અર્થ કર્યો ગોવર્ધન લીલામાં એ પ્રમાણે ગાયોના ઇન્દ્ર ગોવિંદ. દામોદર જેના ઉદર ઉપર માએ દોરડાથી બાંધેલો હોય એના કારણે નિશાન પડી ગયા **दामः उदरे यस्य सः** માધવ - મધુવંશમાં પ્રગટ થયા માટે માધવ. બીજો અર્થ એવો પણ કરવામાં આવ્યો કે મા એટલે લક્ષ્મી અને ધવ એટલે પતિ, એ લક્ષ્મીના પતિ છે માટે માધવ. દરેક નામોનો અર્થ છે. શ્રીકૃષ્ણ ગોવિંદ હરે, હરનારો છે

માટે હરે. એણે મૂળ નામના દૈત્યને માર્યો માટે મુરારી. મુકુંદ - જે મુક્તિ આપે છે. ભગવાનનું નામ મુકુંદ. મહાપ્રભુજી યમુનાષ્ટકમાં વારે વારે કહે છે. હરિ, મોરારિ, અને મુકુંદ. જે મુક્તિ આપે એ મુકુંદ. પ્રભુના દરેક નામો, નામ સાથે અર્થ અને લીલા આ બે જોડાયેલા છે.

અનુસંધાન કરવું જોઈએ. ભગવાનનું નામ અને એ નામનો અર્થ, એ લીલા અને એ લીલાનું સ્વરૂપ. આપણે ત્યાં જેટલા નિધિ સ્વરૂપો છે એ બધા સ્વરૂપોનો સંબંધ લીલા સાથે છે. મથુરાધીશ - ગોચારણ લીલા, આંખમિચૌલી દ્વારિકાધીશની લીલા, નટવરલાલજી - વેણુગીતની લીલા, નવનીતપ્રિયાજી - માખણચોરીની લીલા, ગોવર્ધનનાથજી લીલા ગોકુળનાથજી એ પણ ગોવર્ધનલીલા મદનમોહનજી ચંદ્રમાજી આ બધી રાસલીલા. વિઠ્ઠલનાથજી એ પણ રાસલીલા કટિ ઉપર હાથ પધરાવીને ઊભા છે. પ્રભુનું નામ અને રૂપ લીલા અને નામ, અર્થ લીલા અને રૂપ આ ચારેયનું અનુસંધાન એ નામથી થઈ જાય એટલા માટે નામનો મહિમા છે. તમે બોલો નવનીતપ્રિય, તમે બોલો મદનમોહન નામ બોલો એટલે તરત અર્થ આવે. હું બોલું કેરી તો તમને સફરજન યાદ આવે ? હું કેરી કહું તો કેરી જ યાદ આવેને ! હું વાંદરો કહું તો વાઘ યાદ આવે ? નામની સાથે અર્થ જોડાયેલો છે. **વાગાર્થાવિવ...** વાક્ અને અર્થ શબ્દ અને નામ એકબીજાની સાથે જોડાયેલા છે એટલે કોઈપણ શબ્દ બોલો, કોઈપણ નામ બોલો - એની સાથે એનો અર્થ અને જેવો અર્થ યાદ આવે એની સાથે મીરા યાદ આવે. નવનીતપ્રિય આટલું કહો એટલે આપણને ઠાકોરજીની બધી માખણચોરની લીલા યાદ આવે. હવે ગર્ગાચાર્ય ભગવાનનો થોડોક મહિમા પ્રગટ કરે છે. હે નંદ ! તમારો પુત્ર, તમે ભાગ્યવાન છો. આમ તો તમારા લાલાના નામ તો બહુ છે. અરે ! આપકે લાલા કે બહોત નામ હૈં. હરિ તારા હજાર નામ, કયા નામે લખવી કંકોત્રી. બહોત નામ હૈં. મૈં હમણાં કહ્યું એ પ્રમાણે નામનો સંબંધ રૂપ અને લીલા સાથે છે. આચાર્યજીએ સુબોધિનીમાં આજ્ઞા કરી છે. તમે પ્રભુનું જે નામ લો એ નામ સાથે એ રૂપ અને એ લીલાનું અનુસંધાન રાખજો. આચાર્યએ તો ત્યાં સુધી આજ્ઞા કરી કે જો કોઈ આજે પણ આ કળિકાળમાં પણ ભગવદ્ નામનો રૂપ અને લીલાના અનુસંધાનમાં રોજ જાપ કરે તો આજના માનવીને પણ તે રૂપ અને લીલાના દર્શન થઈ શકે છે. **વદતિ વલ્લભ શ્રી હરે:** પ્રભુના નામમાં પ્રભુના દર્શન કરાવવાનું બળ છે. પ્રભુનું નામ પ્રભુના રૂપનું આકર્ષણ કરી શકે તેમ છે અને એટલા માટે ભગવાનના ભક્તો વારંવાર પ્રભુના નામનું રટણ કરે છે. મા યશોદા તું ઈસકો સંભાલ કે રખ. ગર્ગ બોલ્યા છે, અરે ! તુમ્હારા યે કનૈયા તુમ્હારા હર તરહ સે મંગલ કરેગા. સબકા કલ્યાણ ઈસીસે હોગા. યે પૂરે ગોપ ઔર ગોકુળ કો સુખ દેગા. અરે ! તુમ્હારા યે બેટા તુમ્હેં સભી વિપત્તિઓં સે મુક્ત કરેગા. યશોદા ! ઈસે સંભાલ કે રખ, યે તેરી બહોત બડી સંપદા હૈ ઔર તું બડી ભાગ્યવતી હૈ કિ તુને યે સંપદા પાઈ હૈ. યે તો છુપી હુઈ થી ક્ષીરસાગર મેં, કિસીકે હાથ આનેવાલી નહીં થી. માં તુને આજ યે સંપદા પાયી હૈ. હરિ ગુણગાન કરતા કરતા ગર્ગાચાર્ય વિદાય થયા. પહેલા તો આપણા બાળકૃષ્ણ પ્રભુ ઘુંટણિયે ચાલતા શીખ્યા. ઘુંટણિયે ચાલ્યા એને રિંગણ લીલા કહે છે અને ક્યારેક મા હાજર ન હોય તો લાલો વાછરડાની પૂંછડી પકડી લે અને પૂંછડી પકડી ઊભો થાય અને વાછરડું ચાલે એની પાછળ પાછળ એ પણ ચાલે. કો'ક વાર તો એવું પણ બને કે વાછરડું ભડકે, ભડકે એટલે પછી દોડે. હવે આનાથી તો એટલી ઝડપથી દોડાય નહીં એટલે પાછળ ઢસડાય.

મા કહે, અરે બેટા ! છોડને, છોડને. પણ એકવાર એણે જે પૂંછડું પકડ્યું એને છોડે જ નહીં. ત્યારથી એ કહેવત પડી કે **'પૂંછડું પકડે પછી છોડે નહીં'** હવે બરાબર બે પગે ચાલતા થઈ ગયા. ઘરના આંગણામાં પ્રભુ ખેલે છે, નાચે છે, ગાય છે, આનંદકિલ્લોલ કરે છે. ક્યારેક ક્યારેક તો મા યશોદા લાલાને ઠુમક ઠુમક નચાવે છે. લાલા ! તું થોડુંક નાચ. હું તને માખણ આરોગાવીશ, એને ગોરસ લાગે. કોણ જાણે એને માખણ-દહીં આટલું બધું વ્હાલું કેમ લાગતું હશે? જે બહુ ભાવે એ બહુ ખાવ તો એ બહુ ભાવતું નથી જ. લાલાને માખણ મિશ્રી બહુ ભાવે અને ક્યારેય તો ગોપીઓના ઘરમાં જઈ અને ચોરી કરીને છાનોમાનો પણ આરોગે. એક દિવસ બધી ગોપિકાઓ યશોદાની સામે ભેગી થઈ. આખું Commission, પંચ ભેગું થયું. બધાએ પોતપોતાની ફરિયાદો રજૂ કરી. મેરા ઐસા હુઆ, મેરા ઐસા હુઆ, મેરા ઐસા હુઆ. આવી રીતે લાંબી ફરિયાદો ચાલી. યશોદા કહે છે કે શું છે, આજે બધા ભેગા થઈને આવ્યા છો ? મા અમે બધાએ નક્કી કર્યું છે કે આજે બધી જ ફરિયાદો કરવી છે. તારો લાલો ખીલે બંધાયેલા વાછરડાને છોડી મૂકે છે. બેટા ! ઐસા ક્યું કરતા હૈ ? કહે, માં ! મૈં ક્યા કરું, કિસીકા બંધન મૈં દેખ નહીં સકતા. ભગવાનને મન થાય કે આ જીવને મારે મોક્ષ આપવો છે પછી એ લાયક છે કે નથી એ કશું જ ન જુએ. એટલે મેં કહ્યું હતું કે પુષ્ટિમાર્ગમાં Democracy નથી. એને મન થાય કે આ જીવનો મારે ઉદ્ધાર કરવો છે તો કરી નાંખે. ભગવાનની કૃપા કેવળ ભગવત ઈચ્છાને આધારે છે અને ભગવાનની ઈચ્છા સ્વતંત્ર છે. સર્વ તંત્ર સ્વતંત્ર છે. આવું થાય તો, ભગવાનની ઈચ્છા થાય - એવો કોઈ કાર્યકારણ સંબંધ ભગવાનની ઈચ્છાને નથી. એને મન થયું કે આ જીવનો ઉદ્ધાર કરવો છે તો કરી નાખશે, એ કોઈને પૂછવા નહીં જાય, અને રોક્યો રોકાશે નહીં. ગોપીઓ કહે છે કે અમારા ઘરમાં ચોરીઓ કરે છે. યશોદાએ કહ્યું કે ચોરી કરે છે ? શેની ચોરી કરે છે ? તો કહે કે દહીં માખણની. યશોદાજી હસવા લાગ્યા. કેવી તે ગાંડા જેવી વાત કરો છો ? મારે ત્યાં નવ લાખ ગાયો છે અને એકના એક મારા દીકરાને હું કાંઈ ભૂખ્યો રાખતી હોઈશ કે તમારા ઘરે દહીં માખણની ચોરી કરવા માટે આવે. હું કેમ માની લઉં ? ગોપીઓ કહે છે કે મા, તમે માનો કે ન માનો અમે આટલા બધા કહીએ એ કાંઈ ખોટું કહેતા હોઈશું ? અમારા ઘરે આવે અને અમારી નજર ચૂકાવીને ધીમે રહીને હાથમાં લઈને ચાટી જાય. બહોત બડા ચટુડિયા હૈ. પ્રેમ સે જો ભી જી મેં આતા હૈ, વો ખા લેતા હૈ. યશોદાએ કહ્યું કે જો તમારા ઘરમાં કાંઈ પણ ખાઈ ગયો હોય, ઢોળી નાખ્યું હોય તો નિઃસાસો ન નાખશો, ગાલી મત દેજો, વો ગરીબડી કો જાયો. આ ગરીબડીએ કેટલા વ્રત કર્યા, કેટલા જપ કર્યા, કેટલા ઉપાયો કર્યા, ત્યાં માંડ કોણ જાણે કોના આશીર્વાદ ફળ્યા હશે ? અને અમને આ લાલો મળ્યો છે. તમારે ત્યાં જેટલું તોડે-ફોડે ફોડવા દેજો. જેટલું નુકસાન કરે એનાથી વધારે, બે ગણું ચાર ગણું લઈ જજો પણ મારા લાલાને કાંઈ ન કહેશો. ગાલી મત દીજો. ગોપીઓ કહે કે, મા તમે દુઃખી ન થાવ. અમારા ઘરે એ આરોગે એનું કાંઈ અમને દુઃખ હોય ? મા યશોદા ! જેટલો તમને વ્હાલો છે એટલો જ અમને પણ વ્હાલો છે. અમારા ઘરનું દહીં માખણ ખાય છે એનું અમને દુઃખ નથી. માટલી ફોડી નાખે એનો અમને ડર નથી. પણ આ ચોર તરીકે જો વગોવાઈ જશેને તો પછી એને કોઈ વહુ નહીં આપે અને એ માખમ માંગે તો અમે ન આપીએ એને ? એ ચોરી કરીને કેમ ખાય છે ? તો તમારો લાડલો એવો જવાબ આપે છે

કે માંગીને ખાઈએ એમાં શું મઝા આવે ? ચોરીનું આરોગવામાં જ મઝા આવે. જ્યાં ઉતરાણ બહુ થતી હોયને ત્યાં લોકોને પૂછજો. વેચાતો લાવેલો પતંગ ઉડાડવામાં મજા આવે કે પછી ઉડતો ઉડતો પકડવામાં મજા આવે ? ૯૦ વર્ષના માજીને જો ધાબે ચડાવ્યા હોયને તો એ રાહ જોતા હોય અને પકડે પછી રાજી થાય કે આને પકડ્યો. એનો આનંદ છે. ઠાકોરજીએ તો મંડળી જ ભેગી કરેલી. સખાઓને ભેગા કર્યા. અલ્યા ! તમે ગોકુળ ગામમાં મોટા થયા છો ? આવા દુબળા-પતલા કેમ છો ? તો કહે, લાલા ! અમે શું કરીએ ? અમારી મા તો અમને માખણ કે દહીં પેટ ભરીને આરોગવા દેતી નથી, એ તો બધુ મથુરા વેચવા લઈ જાય છે. લાલાએ કહ્યું કે તો પછી એક કામ કરો ને, મા ખવડાવતી ન હોય તો પછી એનું ધ્યાન ન હોય ત્યારે ખાઈ લેવાનું. લાલા ! ચોરી કરીએ તો માર પડે. ભગવાને કહ્યું કે ના, પકડાઈ જઈએ તો માર પડે. લાલા અમને તો ડર લાગે. ભગવાન કહે પણ હું છુંને તમારી સાથે ! મહાપ્રભુજીએ શ્રીકૃષ્ણના અનેક નામ આપ્યા છે એમાં અહીં નામ આપ્યું છે ચોરોં કા સરદાર, ચોરોનો નાયક. પુરુષોત્તમ સહસ્ત્ર નામાવલીમાં શ્રી મહાપ્રભુજીએ નામ આપ્યું છે. ભગવાને કહ્યું, મેં Graduateનો Course કરેલો છે ચૌર્યવિદ્યાવિશારદ. ગ્રેજ્યુએટથી શું થાય, એ તો પીએચ.ડી. કરનારા, ચોરી કરવાની કળામાં નિષ્ણાત. મહાપ્રભુજીએ બધું શીખવ્યું છે પણ એ તો આપણા કામનું નથી, ચોરી કરવા જાય તો પહેલાં એણે એ શોધી કાઢવું જોઈએ કે જે વસ્તુની ચોરી કરવાની છે એ ક્યાં હશે ? બહેનો બધા બહુ ચતુર, બહારગામ જાયને ઘણી વાર તો દાગીનાનો ડબો લોટના ડબામાં સંતાડી દે. પાછો એના ઉપર લોટ હોય અને એ લોટ પાછો મુક્યો હોય વાસણોમાં, હવે ચોરને ક્યાંથી ખબર પડે ? હવે ઘરે આવીને જુઓ ત્યારે ખબર પડે કે એમ ચોરાઈ ગયું ! ઘણાં તો પાછાં ફ્રિજમાં ગોઠવી દે. કૃષ્ણને ચોરી કરતા સરસ આવડે. સખાઓની મંડળી બનાવી, નામ પાડ્યું 'માખણચોર મંડળી.' કૃષ્ણ એના સરદાર, છોકરાઓને કહી રાખેલું તમારી મા બહાર જવાની હોય અને ઘર સૂનું હોય ત્યારે તમારે મને કહી દેવાનું. હવે તમે એમના ઉપર કાયદેસર કામ ન ચલાવી શકો, કારણ કે જેના ઘરમાં ચોરી કરી હોય એ ગોપીનો દીકરો તો પાછો મંડળીમાં જ હોય અને એણે જ બાતમી આપી હોય કે લાલા ! આજે ઘરમાં કોઈ નથી તો તું ચોરી કરવા આવજે. કુશળતાપૂર્વક અનેકવાર એણે ચોરીઓ કરી, કોઈવાર તો આરોગતા નથી પણ બધું ઢોળી નાંખે છે. કોઈ ગોપીને ઘરે જાય તો જવા દો, આનું આપણે ખાવું નથી. કેમ ? ખાઈશું તો પેટમાં દુઃખશે. આવીને કકળાટ કરે, હાય હાય મારું આટલું ખાઈ ગયા ! ભગવાન કહે, હાય ! હાય ! કરે એનું હું આરોગતો નથી. આપણે એના ઘરનું ખાવું નથી. તો સખાઓ કહે કે ચાલો લાલા પાછાં જઈએ, ખાવું નથી. પણ લાલ કહે, ઢોળવામાં શો વાંધો છે ? ઢોળો. આ ઢોળવા જેવું જ છે ! મોટા માટલા ભરે અને ઉપલા માળે જાય અને ફેંકે ને એ માટલા ફૂટે અને દહીંના ફોદે ફોદા ઉડે, મજા આવી ગઈ. આ બધી જ પ્રભુની નિર્દોષ લીલાઓ છે. કોઈ કોઈવાર તો ઘરમાં માંકડા બોલાવે. એકવાર સખાએ પૂછ્યું, લાલા ! તને આ વાંદરા આટલા બધા વ્હાલા કેમ લાગે છે ? ભગવાને કહ્યું, બે કારણ છે. પહેલું કારણ આ વાંદરાઓએ મારા પાછલા જન્મમાં મને બહુ મદદ કરી હતી, એ વખતે તો એમને હું કાંઈ પણ બદલો આપી શક્યો નહીં. તો આ જન્મમાં તો હું એમને આપું ! એટલે મને વાંદરા વ્હાલા લાગે છે અને બીજું કારણ સાંભળવા જેવું છે. બીજા કારણમાં કહ્યું કે સવારથી સાંજ સુધી આપણી

મા રોજ એમની સાથે સરખામણી કરે છે. વધારેમાં વધારે ઉપમા કયા પ્રાણીની આપે છે ? દરેક માએ પોતાના બાળકને ઉપમા બે પ્રાણીઓની આપી છે, એક તો વાંદરો અને બીજો ગધેડો. આ બેની ઉપમા. સાવ વાંદરા જેવો છે. ભગવાન કહે કે જેની સાથે આપણી તુલના થતી હોય એ આપણને વ્હાલા ન લાગે ? ઘરમાં જો એને કાંઈ ન મળે ચોરવાનું તો છોકરાઓને ચુંટીયા ભરી ભરીને રડાવે. અલ્યા તારી મા ઘરમાં કાંઈ પણ મૂકીને ગઈ નથી ? તો કહે કે મારી મા ચતુર છે એને ખબર છે કે તમે ચોરી કરવા આવવાના છે એટલે કાંઈ રાખ્યું જ નથી. ભગવાન કહે કે ચલો, અમે તમારા ઘરેથી કાંઈ લઈ તો નહીં જઈએ પણ કાંઈક આપતાં જઈએ અને પછી એવી ચુંટીયો ભરે. સાંજે છોકરા માને વળગીને કહે કે, મા ! મા ! કનૈયાએ અમને બહુ હેરાન કર્યા. હવે અમે ઘરમાં નહીં રહીએ. ગોપીઓ કહે છે કે મા, એને સમજાવો. એક ગોપીના ઘરમાં તો પકડાઈ ગયા. આનું નામ ચંચલા. કૃષ્ણ સખાઓ સાથે આવ્યા અને ઉપર ચડ્યા એટલામાં તો ગોપી પાડોશમાં જ ગઈ હતી ને આવી, હેં કેમ આવ્યા છો ? ઘરમાં છોકરા કહે કે ભાગો. લાલો કહે, ના ! ભાગશો નહીં, ઊભા રહો. કેમ આવ્યા છો ઘરમાં ? ભગવાન કહે, એ તો તારું ઘર ને મારું ઘર બહારથી તો સરખું જ દેખાય છે એટલે અમને એમ થયું કે અમારું ઘર આવી ગયું. ચલો, ભૂલથી આવી ગયો ભલે પણ મટુકી નીચે કેમ ઉતારી ? અમને એમ લાગ્યું હતું કે મકોડા ચડ્યા છે એટલે અમે એને સાફ કરવાના હતા. લાલા, હાથ વડે સાફ કરવાનો હતો કે મોં વડે ? આવું કેમ પૂછો છો ? તો કહે કે તારા હોઠ ઉપર ચોંટેલું દેખાય છે. ઓહો, આ ચોંટેલું છે એને ! એ તો એવું થયુંને કે જ્યારે અમે મટુકી નીચે મૂકીને ત્યારે કંઈક વાસ આવી, મને એમ થયું કે તારું માખણ વાસી થઈ ગયું છે એટલે હું જરા વાંકો વળીને સુંઘતો હતો એટલામાં ભાઈબંધનો પાછળથી ધક્કો લાગ્યો એટલે ચોંટ્યું છે. તારી કોઈ વાત માનવાની નથી અને તારી મા યશોદા કદી માનતી નથી. આજે તને પકડીને યશોદા પાસે લઈ જાવું અને માર ખવરાવું. લાલાનો હાથ પકડ્યો, સખાઓ તો રોવા જેવા થઈ ગયા. લાલા ! અબ ક્યા હોગા ? ભગવાન કહે કે ચિંતા ન કરો. રસ્તામાં કંઈક રસ્તો નીકળશે. હાલો બધા સાથે. બધાય સાથે અડધે રસ્તે પહોંચ્યા હતા. સાંકડી ગલીમાં જતા હતા ને સામે એ ગોપીનો જેઠ આવે. હવે લાજ કાઢવી પડે એ માટે ગોપીએ એક ક્ષણ માટે લાલાનો હાથ છોડી દીધો. લાજથી મોં ઢાંકી દીધું. આટલો સમય તો બહુ થઈ ગયો. કનૈયાએ એ ગોપીના હાથમાં એના જ છોકરાનો હાથ પકડાવી દીધો. હવે છોકરા તો બધા ધૂળમાં રમેલા એટલે બધા જ સરખા દેખાય અને પાછું એણે લાજ કાઢેલી, ભગવાને ઈશારો કર્યો બોલશો નહીં કાંઈ, કોઈને ખબર ન પડવી જોઈએ. હું જાઉં છું. કો'કના ઘરનું છાપરું ઠેકવીને એ તો જલદી જલદી મા પાસે પહોંચી ગયા. અરે, કનૈયા ! ક્યા હુઆ ? આપણા ગામની પેલી ચંચલા ગોપી છેને ! હા, કોણ જાણે આજે સવારથી એને શું થયું છે ? ભૂત વળગ્યું કે પછી શું થયું ? કાંઈ ખબર નથી પણ એના દીકરાને લઈને ઘરે ઘરે જાય છે અને કહે છે કે મારા દીકરાને મારો, મારો. હાય... હાય... કલ તક ભલી ચંગી થી, આજ ક્યા હો ગયા ? દૂરથી ગોપી અને બધા બાળકોને આવતા દેખ્યા. લાલો કહે કે મા, મને બહુ બીક લાગે છે. હું તારી પાછળ છુપાઈ જઉં ? હા, તું પાછળ આવી જા. લાલો તો પાછળ સંતાઈ ગયો. પેલી ગોપી આવી. હે યશોદા ! હે યશોદા ! તું આને માર, ચોરી કરતા પકડ્યો છે. યશોદાએ કહ્યું કે તારો

દીકરો ચોરી કરતા પકડાયો હોય તો તારે જે કરવું હોય તે કર. તું મારી પાસે શું કરવા લાવી ? અરે યશોદા ! ધ્યાન સે દેખ યે તેરા હૈ. યશોદાએ કહ્યું, યે તેરા હૈ. આ ઘણી વાર ચાલ્યું એટલામાં તો પાછળ ઊભા રહેલા કૃષ્ણ બહાર આવ્યા. ગોપી ચોંકી પડી. અરે ! યે યહાં ખડા હૈ તો ફિર યે કૌન હૈ? જોયું ત્યારે તો એનો જ સુપુત્ર. બરડામાં માર્યા ધબ્બો, અરે ! તું મારા હાથમાં ક્યાંથી આવી ગયો ? પુરાવાના અભાવે કેસ ઉડી ગયો. ગોપી તો છોભીલી પડી ગઈ, પાછી ગઈ. બીજા દિવસે કૃષ્ણ રસ્તામાં મળ્યા. એ લાલા ! ઊભો રહે. હું તને પકડીને જતી હતી અને મારો દીકરો હાથમાં ક્યાંથી આવી ગયો ? ભગવાન કહે છે કે આ તો પહેલો પ્રયોગ છે એટલે. આ વખતે એટલો જ પ્રયોગ કર્યો કે તું તારા દીકરાને ધમકાવતી જાય, ફરીથી જો આવી રીતે મને પકડીને લઈ ગઈ તો તારા ધણીનો હાથ પકડીને ધમકાવતી જતી હોઈશ ગામ વચ્ચેથી. એ લીલા થવાની લાલા તારે જે કરવું હોય તે કર પણ આવું ન કરીશ. બીજી એક ગોપીના ઘરમાં ચોરી કરતા પકડાઈ ગયા, માખણ આરોગતા હતા ને ગોપી આવી ગઈ. લાલાનો હાથ પકડ્યો - ચાલ, તારી મા પાસે લઈ જાઉં ! એટલામાં એને યાદ આવ્યું કે આને યશોદા પાસે લઈ જાઉં તો પેલી જેવું થાય તો ? એટલે એણે બીજી યુક્તિ વિચારી. એને થયું કે હું આને અહીં થાભલા સાથે બાંધી દઉં અને યશોદાને બોલાવી લાવું અને એને બતાવું કે દેખ ઘર કી ક્યા હાલત હુઈ હૈ ? લાલાએ કહ્યું કે જા બોલાવી લાવ. ના, તને બાંધીને પછી જઉં. લોકો બહુ ચતુર હોય છે. પોલીસે ચોરને પકડ્યો, હવે પોલીસ પાસે હથકડી નથી. પોલીસ મૂંઝાઈ. ચોરે કહ્યું કે કેમ મૂંઝાવ છો ? તો કહે કે હથકડી નથી. તો ચોરે કહ્યું કે ઊભા રહો હું જઈને લઈ આવું. પોલીસ કહે છે કે મને મુરખ સમજે છે, હું તને જવા દઉં ને તું ભાગી જાય તો ? તું ઊભો રહે હું જઈને લઈ આવું છું, એમ કાંઈ તને છોડીને જવાતો હશે ? તું ખડા રહે, મૈં જાકે લે આતા હૂઁ. લાલાને પકડ્યો, આને બાધું અને પછી યશોદાને લાવીને બતાવું. તો પછી ગોપીએ હાથમાં દોરડું લીધું, લાલાને આખો શરીર ઉપર લપેટી લીધો, ગાંઠ લગાવી અને કહેવા લાગી દેખ અભી મૈં યશોદા કો બુલાકે લાતી હૂઁ. એટલામાં તો દોરડું સર... સર... કરતું ખુલી ગયું. ભગવાનને કોણ બાંધી શકે ? દોરડું ખુલી ગયું, ગોપીને નવાઈ લાગી. એને થયું કે લાલો બહુ કોમળ છે ને એટલે મેં ગાઠ બરાબર નહીં લગાવી હોય. ફરીથી એણે બરાબર કૃષ્ણને બાંધ્યા. ગાંઠ ઉપર ગાંઠ, એના ઉપર પણ ગાંઠ. પણ જ્યાં પાછી ગોપી સામે આવીને ઉભી રહી કે દોરડું ખુલી ગયું. ગોપીને આશ્ચર્ય થાય છે, કૃષ્ણ હસે છે. અરે ! તુ ક્યોં હઁસતા હૈ ? તું ઈતની બડી હો ગઈ હૈ ઔર બાંધના નહીં આતા હૈ ? એક કામ કર, તું થાભલા પાસે ઉભી રહે. મૈં શીખાતા હૂઁ કિ કૈસૈ બાંધના ચાહિએ ? ગોપીને થયું, હા ! એ બરાબર છે. આજ તું મને શીખવ. ભોળી ગોપી થાંભલા પાસે ઉભી રહી. લાલાએ લીધું હાથમાં દોરડું. દેખો ! પહેલે ઐસે પાંવ મેં બાંધો, ફિર ઐસે લિપટાવો, ફિર હાથ પીછે લે લો, ફિર હાથ બાંધ દો. બધી જ રીતે એને બાંધી. મુઝે આતા હૈ બાંધના, સામે આવીને ઊભા રહ્યા. દેખ ! અબ તું પ્રયત્ન કર. પેલી ગોપીએ પ્રયત્ન કર્યા પણ ભગવાન જેને બાંધે, ખોલી ન શકી એ. લાલા અબ મુઝકો આ ગયા, અબ તું છોડ. લાલો કહે કે મૈં તો કહેના ભૂલ ગયા કિ મુઝે બાંધના તો આતા હૈ, છોડના નહીં આતા. વાત સાચી છે ભગવાનને પકડતા આવડે છે પણ છોડતા એને હજી સુધી આવડતું નથી. જેને પ્રભુએ આશ્રય આપ્યો, જેને પ્રભુએ શરણમાં લીધો, જેને પ્રભુએ અપનાવ્યો,

એને ક્યારેય પણ પ્રભુએ તરછોડ્યો નથી. ભગવાન કહે, તારો વર આવશે, તારા છોકરા આવશે ત્યારે તને છોડશે. હું ન છોડું. પછી તો ઘરમાં થોડું ઘણું હતું તે આરોગ્યા, ગોપીના સાડીના છેડાથી મોં લૂછ્યું અને રમતા રમતા નીકળી ગયા. પછી તો પેલીએ બૂમ પાડી એટલે બધા પાડોશી ભેગા થયા. અરે ! તારી આ હાલત કોણે કરી ? તો કહે યશોદાના લાલાએ. પ્રભુને માખણ મિશ્રી અતિપ્રિય છે અને એ માખણ મિશ્રીને નિમિત્ત બનાવી પ્રભુએ અનેક મધુર લીલાઓ કરી છે. શુકદેવજીએ ભગવાન શ્રીકૃષ્ણની આવી અનેક લીલાઓ રાજા પરીક્ષિતને સંભળાવી છે.

ભગવાન ગોપ-ગોપીઓને સતાવે છે, વાછરડાં છૂટા મૂકી દે છે, મટુકી તોડી નાંખે છે, ઘરમાં બધું તોડીને રેલમછેલ કરે છે, માખણ ચોરે છે, બાળકોને રડાવે છે, માંકડાઓને ઘરમાં બોલાવે છે - આ બધી ભગવાનની ધાર્ષ્ટ લીલા છે. રામચરિત્રમાં અને કૃષ્ણચરિત્રમાં આ મોટો તફાવત છે. રામ છે એ ધીર છે, એ ધીર નાયક છે. તમને રામચંદ્રજીની લીલામાં આવું બધું જોવા નહીં મળે. શ્રીરામ ધીર છે અને કૃષ્ણ ધૃષ્ટ છે. ધૃષ્ટ એટલે કોઈનું કહ્યું ન માને, મન ફાવે તેમ કરે. યશોદાએ આગલી લીલામાં કૃષ્ણના માટે શબ્દ વાપર્યો છે અદાન્તાત્મા, એટલે કોઈના કંટ્રોલમાં ન હોય એવું. જેવી રીતે ભગવાનની મર્યાદાલીલાની એક મધુરતા છે એમ ભગવાનની આ પુષ્ટિલીલાની પણ મધુરતા છે. ભગવાનના ઉપર કોઈનું નિયંત્રણ નથી એ બતાવે છે કે એ સર્વોપરી છે અને સર્વોપરી કોઈના નિયંત્રણમાં ન હોય એટલે ભગવાનનું નિયંત્રણમાં ન હોવું એ દોષ નથી. આમ એવું બોલાય કે માખણની ચોરી કરે છે, ખરેખર તો ભગવાન થોડા માખણની ચોરી કરે છે ? ચોરીનો અર્થ શો ? જે વસ્તુ આપણી નથી એને આપણે આપણી બનાવી દઈએ એનું નામ ચોરી. તો ચોરી તો આપણે કરીએ છીએ, જમીન આપણી નથી અને કહીએ છીએ કે જમીન આપણી. શરીર પણ આપણું નથી છતાં કહીએ છીએ આપણું શરીર. સંસાર આપણો નથી અને કહીએ છીએ કે આપણો સંસાર. અપરાધ તો આ છે. **જન્મ વખતે પણ ભગવાન એક બોધ આપે છે કે તારું કાંઈ નથી, ખાલી હાથ. અને મૃત્યુ પામે ત્યારે પણ ભગવાન એને બોધ આપે છે કે તારું કાંઈ નથી કારણ કે એ વખતે પણ ખાલી હાથ. જો આરંભ અને અંતમાં કાંઈ ન હોય તો એનો અર્થ એ થયો કે વચ્ચે જે કાંઈ છે એ બધું આપણું નથી, એનો આપણે ઉપયોગ કરી શકીએ પણ એના આપણે સ્વામી ન બની શકીએ.** જગતનો ઉપભોગ કરી શકાય પણ એના માલિક બનીને નહીં. આના પછીની લીલા પણ બહુ મધુર લીલા છે, મૃદ ભક્ષણ લીલા. એક વાર શ્રીકૃષ્ણના સખા બલરામ અને બધા મિત્રો યશોદાજીની પાસે આવીને ફરિયાદ કરે છે. મા, કનૈયાએ માટી ખાધી છે. ગોપિકાઓ દહીં માખણની ફરિયાદ લઈને આવ્યા હતા ત્યારે તો યશોદાજીને ક્રોધ ન આવ્યો પણ આજે કનૈયો માટી આરોગતો હતો એ સાંભળીને ક્રોધ આવ્યો. લાલાના બે હાથ પકડીને યશોદા પૂછે છે **कस्मात्मृदं भक्षितवान्** અરે કનૈયા ! તુંને મિટ્ટી ક્યોં ખાઈ ? **वदन्ति तावकाः** પર ઐસા મત બોલ કી નહીં ખાઈ હૈ, ક્યોંકિ તેરે બડે ભૈયાને ભી દેખા હૈ કિ તુને મિટ્ટી ખાઈ હૈં, તેરે સબ સખા ભી કહતે હૈં કિ મિટ્ટી ખાઈ હૈ તુંને. મિટ્ટી ક્યોં ખાઈ ? નાનકડો કનૈયો માતાની સામું જોઈને મધુર સ્મિત કરતો કરતો ઉત્તર આપે છે. મૈયા ! મૈંને કછુ નહીં ખાયો. મા પૂછે છે કે માટી કેમ ખાધી ? આ જવાબ આપે છે, મેં કાંઈ પણ ખાધું જ નથી. આનો બિલકુલ શુદ્ધ અનુવાદ કરવો હોય તો શું થાય ? 'મેં કાંઈ ખાધું નથી' એ અનુવાદ ન થાય. તમારા પુસ્તકમાં શું લખ્યું છે ?

'મેં કાંઈ ખાધું નથી' એવું નથી. **ન અહમ્ ભક્ષિતવાન્...** એનો અનુવાદ થાય, 'હું કાંઈ પણ ખાનારો નથી.' તું કહે છે કેમ ખાધું ? હું કાંઈ ખાનારો જ નથી. હમ ભોક્તા નહીં હૈં અને વાત સાચી છે. કારણ કે શ્રુતિઓ કહે છે. કઠોપનિષદમાં એક મંત્ર છે. ભગવાન અભોક્તા છે. ઉપનિષદોએ બહુ સુંદર રૂપક આપ્યું છે. સંસાર એક વૃક્ષ છે, એ વૃક્ષની ડાળ ઉપર બે પક્ષી બેઠા છે. એ ડાળ ઉપર બે ફળ લાગેલા છે, એક ફળ મીઠું છે ને બીજું ફળ ખાટું છે. આ બે પક્ષીમાં એક પક્ષી એવું છે કે ઘડીકમાં આ ફળમાં ચાંચ મારે છે, ઘડીકમાં બીજા ફળમાં ચાંચ મારે છે. કોઈક વાર મીઠું ફળ આરોગે છે, કોઈક વાર કડવું ફળ આરોગે છે પરંતુ એનું મિત્ર પક્ષી બેમાંથી એકેય ફળ આરોગતું નથી. એ તો ઠીક સાક્ષી ભાવે, તટસ્થભાવે એ વૃક્ષને, ડાળને, પોતાના મિત્ર પક્ષીને - એ પક્ષીનું કડવું અને મીઠું ફળ ખાવું એ ઘટનાઓને પણ સાક્ષી ભાવે, તટસ્થભાવે, અનાસક્ત ભાવે, ઉદાસીન ભાવે માત્ર નીરખ્યા કરે છે. વેદાંતમાં શબ્દ છે 'સાક્ષીભાવ' સાક્ષીભાવનો અર્થ છે કે ન હોય હર્ષ ન હોય શોક. એક તટસ્થભાવે - આપણે શી લેવાદેવા ? એ ભાવે જેમ તમે બારી આગળ ઊભા છો, તમારી નજર સડક ઉપર છે. બે સાયકલવાળા સામ સામા ટકરાયા, એકબીજાની સાથે લડી રહ્યા છે. તમે બેમાંથી કોઈને ઓળખતા નથી. તમે તટસ્થ થઈને એ બેની લડાઈ જોઈ રહ્યા છો - આ સાક્ષીભાવ છે. હા, એ બેમાં એક તમારો દીકરો હોત અને સામે વાળો એને મારતો હોત તો સાક્ષીભાવ ન રહેત, તો દોડતા દોડતા નીચે ગયા હોત. સાક્ષીભાવનો અર્થ છે કે ન હર્ષ - ન શોક, ન પોતાનું - ન પારકું. ભગવાનનું જે મૂળ રૂપ છે તે આ છે. અનશનન્, અભોક્તા, કેવળ દૃષ્ટા. ન હર્ષ - ન શોક, ન રાગ - ન દ્વેષ, ન નિજ - ન પર. અયમ્ ભગવાનને આ મારું અને આ પારકું એવો કોઈ ભેદ નથી અને ભગવાનને એવો ભેદ એટલા માટે નથી કે બધું ભગવાન જ છે. ભગવાન જ બધું બન્યા હોય તો પછી પોતાનું કોણ અને પારકું કોણ ? તમને પેલા ગુરુની કથા ખબર છે ? ગુરુને બે શિષ્ય હતા અને બે હોંશીલા શિષ્ય હતા. હોંશીલા શિષ્યો ઘણીવાર ઉપદ્રવ કરે. ગુરુ કહે, પાણી લાવો એટલે બેઉ દોડે, બેય ગ્લાસ ભરીને આવે અને પછી કહે મારું પીવો, પેલો કહે મારું પીવો. કો'કવાર તો ગુરુ કંટાળે ત્યારે અડધું આનામાંથી પીવે ને અડધું આના ગ્લાસમાંથી પીવે. સાંજે સૂવાનો સમય થાય એટલે પાછી શિષ્યોમાં ચડસાચડસી થાય. આજે હું ચરણ દબાવું, પેલો કહે હું દબાવું પછી તો ગુરુએ વહેંચી આપ્યું એક જણને કહ્યું કે તારે જમણો ચરણ દબાવવાનો બીજાને ડાબો, પછી નિરાંત થઈ ગઈ. સાંજ પડે એટલે બન્ને જણા આવે, જમણાવાળો જમણો પગ દબાવે, ડાબાવાળો ડાબો દબાવે. એમાં એક દિવસ ગરબડ થઈ કે ગુરુ સૂતા હતા તો જમણા પગ ઉપર ડાબો પગ મૂક્યો એટલે જમણાવાળો ગુસ્સે થયો. 'એ ઉઠાવ.' પેલાએ કહ્યું કે 'આ તારો પગ છે એ મારા પગ ઉપર આવ્યો છે, ઉઠાવ.' આણે કહ્યું, નથી ઉઠાવતો થાય એ કરી લે. ડંડા દેખા હૈ ? અરે જો બને સો કરલે, નહીં ઉઠાયેંગે. આણે તો ડંડો લીધો હાથમાં ને ધડાક દઈને માર્યો. ગુરુ કહે, ઓ બાપા રે ! કહીને બેઠા થઈ ગયા. અલ્યા, મને લાકડી કેમ મારી ? તો કહે આનો પગ મારા પગ ઉપર આવી ગયો હતો. ગુરુ કહે, મૂરખા ! તારો પણ નથી અને પેલાનો પણ નથી, જમણો પગ હોય તો પણ મારો છે અને ડાબો પગ હોય તો પણ મારો છે. મારા એક પગ ઉપર મારો બીજો પગ પડ્યો એમાં તમે લાકડી લઈને મારવા શું કામ આવ્યા ? બહુ હોંશીલા શિષ્યો ગુરુને મુશ્કેલીમાં મૂકે. પગ જમણો હોય કે ડાબો પગ, છે તો

ગુરુનો. દેવ હોય કે અસુર હોય છે તો એ ભગવાનના અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ ! બીજું છે કોણ ? શ્રુતિ કહે છે એકમેવાદ્વિતીયમ્ આ જગતમાં એકમેવ બ્રહ્મ છે, બીજું કશું છે જ નહીં. તમે માટીના દસ જુદા જુદા આકારના રમકડાં બનાવો તો ભલેને એ દસે રમકડાંનો આકાર જુદો હોય, ભલે નામ પણ જુદા પાડો પણ એ દસેય રમકડાં માટી સિવાય કાંઈ નથી. આકાર ગમે તે આપો પણ માટી જ છે, એમ ભગવાન માનવરૂપે, પશુરૂપે, વૃક્ષરૂપે પ્રગટે. ગમે તે રૂપમાં હોય એ ભગવાન જ છે. શુકદેવજી માટેનો આ પ્રસિદ્ધ શ્લોક વ્યાસજી શુકદેવને બોલાવે છે, હે પુત્ર ! શુકદેવજી જવાબ નથી આપતા તો વૃક્ષો જવાબ આપે છે. વ્યાસ પુત્રને બોલાવે અને વૃક્ષો જવાબ કેમ આપે ? વૃક્ષો તો વ્યાસના પુત્રો નથીને ! પરંતુ શુકદેવજીનો **'સર્વભૂત હૃદયમ્'** સર્વની સાથે એમનો એક આંતરિક સંલગ્નતા Inner Assossiation નો ભાવ. ઝાડના જેટલા પાંદડા હોયને એ બહારથી જુદા હોય છે. તમે ગણી શકો એક, બે, ત્રણ - પણ એ બધા પાંદડા અંદરથી જોવા જાવ તો વૃક્ષની સાથે જોડાયેલા છે. વૃક્ષના પાનને અનેક પણ કહી શકાય અને એક પણ કહી શકાય. વૃક્ષ સુકાઈ જાય તો પાંદડા રહે ? ન રહે. એમ આપણે સૌ ગમે તેટલા હોઈએ, આ પૃથ્વી ઉપર અબજોની વસ્તી હોય પણ એ બધા જ એક પરમ તત્ત્વની સાથે જોડાયેલા છે અને એટલા માટે ઉચ્ચ અને નીચની ભાવના મનમાં કદી ન લાવવી જોઈએ. એકે એક પાંદડું વૃક્ષની સાથે જોડાયેલું છે, દરેક પાંદડુ વૃક્ષથી જ જીવી રહ્યું છે. તમે એ જ પ્રાણરસ, એ જ જીવનરસ પામી રહ્યા છો જે હું પામી રહ્યો છું. હું એજ જીવનરસ પામી રહ્યો છું જે આખું જગત પામી રહ્યું છે. શ્રુતિઓએ તો પરમાત્માને વૃક્ષની ઉપમા આપી છે. પરમાત્મા આ જગતરૂપી વૃક્ષમાં છે. વેદ એના પાંદડા છે. આ વૃક્ષ ઊંધું છે, એના મૂળ ઉપર છે. જેમ જેમ ઉપર જાવને એમ બધું એક થતું જાય. આપણે લૌકિકમાં એનાથી ઊંધું છે. નીચે એક થડ છે પછી જાવ એટલે શાખા-પ્રશાખા, જેમ જેમ ઉપર જાવ એમ વિભાજિત થતું જાય અને હજારો રૂપમાં વિભાજિત થઈ જાય. પણ પરમાત્માના રૂપમાં વાત ઉલટી છે. ઉપર એક છે અને નીચે અનેક. મૂળ એક છે અને નીચે પછી એની અનેક શાખાઓ-પ્રશાખાઓ, દેવ, અસુર, મનુષ્ય. **શાસ્ત્રકારોએ જીવના ચાર ભેદ પાડ્યા.** એક છે **ઉદ્ભિજ** એટલે વૃક્ષો જે નીચેથી ઉગે છે. પછી છે **સ્વેદજ** એટલે બહુ નાના જીવજંતુઓ કે જે ખરાબ વસ્તુમાંથી પેદા થાય. પછી છે **અંડજ** એટલે પહેલા ઈંડા રૂપે જન્મે અને ઈંડુ ફૂટે એટલે પછી એ પોતાના રૂપમાં જન્મે. બધા જ પક્ષીઓ આમાં આવે. પહેલાં ઈંડુ અને પછી પક્ષી એટલા માટે પક્ષીને સંસ્કૃતમાં **દ્વિજ** કહે છે કારણ કે બે વાર જન્મે ને. અને છેલ્લો પ્રકાર છે **જરાયુજ** એટલે માતાના શરીરમાંથી સંતાનનો સીધો જન્મ થાય. એમાં પશુઓ અને મનુષ્યો આવી ગયા. આ બધા જ ભેદ પરમાત્માના છે. ભગવાન કહે છે ન સબ કહેતે હૈં કિ મૈંને મિટ્ટી ખાઈ હૈ લેકિન મા મૈં કુછ ખાને વાલા હી નહીં હૂઁ. મૈં અભોક્તા હૂઁ. ઠાકોરજીના ઉત્તરનું રહસ્ય એ છે કે મા હું પ્રગટ થયો અને અત્યાર સુધી મેં જે કાંઈ ખાધું પીધું એનો તો ખરેખર હું ભોક્તા તો છું નહીં. ભોક્તાપણાના બે પ્રકાર છે. એક તો શરીર જ્યારે ભોગવતું હોય ત્યારે મન પણ એની સાથે ભોગવતું હોય. તમે ભોજન કરવા બેઠા હો, શીખંડ આવ્યો તમને એ બહુ ભાવે છે તો શીખંડ જ્યારે જીભ ઉપર મૂકો તો શરીર પણ ભોક્તા અને મનને બહુ આનંદ થયો તો મન પણ ભોક્તા. એ ભોગ એવો છે જેમાં શરીર અને મન બન્ને ભોક્તા બને છે. એક ભોગ એવો છે

જેમાં શરીર ભલે ભોક્તા હોય, મન અભોક્તા રહે. આ વાત જો બરાબર સમજવી હોય તો હું તમને એક નાનકડી કથા કહું. પ્રસિદ્ધ કથા છે પણ સમજવા જેવી છે અને વારે વારે યાદ કરવા જેવી છે. એક દિવસ ગોપિકાઓ શ્રીકૃષ્ણ પાસે આવી કહેવા લાગી. 'કૃષ્ણ, યમુનાના સામે કિનારે દુર્વાસા ઋષિ પધાર્યા છે. આજે અમારે ઈચ્છા છે કે અમે બ્રહ્મદેવનું પૂજન કરીએ.' ભગવાન કહે કે એ તો બહુ સારો વિચાર છે. ઋષિઓનું પૂજન તો કરવું જોઈએ. ગોપીઓ કહેવા લાગી, 'પણ કૃષ્ણ, અમે સામે કિનારે જઈએ કેવી રીતે ? કારણ કે યમુનાજી તો ભરપૂર વહી રહ્યા છે.' ભગવાને કહ્યું, 'ઈસમે ક્યા બડી બાત હૈ, જાવ યમુનાજી સે કહો કે અગર કૃષ્ણ બાલબ્રહ્મચારી હૈ તો યમુના માર્ગ દો.' ગોપીઓ હસવા લાગી : 'રોજ અમારી સાથે રાસ રમો છો, શેના બ્રહ્મચારી ?' ભગવાને કહ્યું, 'એ પંચાતમાં ન પડો, હું કહું છું એમ કરો, જાવ.' ગોપીઓ આવી કહે છે, 'હે યમુનાજી ! કૃષ્ણ બ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો.' અને યમુનાજીએ માર્ગ આપ્યો. ગોપીઓને આશ્ચર્ય થયું. આવ્યા ઋષિના આશ્રમમાં. મહારાજ ! અમારે આપનું પૂજન કરવું છે. તો દુર્વાસાએ કહ્યું કે કરો. પૂજન થયા પછી ગોપીઓએ ટોપલીઓ ખોલીને કહ્યું, 'મહારાજ ! અમે આપના માટે ભોજન લાવ્યા છીએ, આરોગો.' દુર્વાસાએ કહ્યું, 'આજ હમ ભોજન નહીં કરેંગે ક્યોંકિ આજ હમારા ઉપવાસ હૈ.' ગોપીઓ એવા હોંશે હોંશે ઠોર, બુંદી, જલેબી - જાત જાતની સામગ્રી કરી લાવ્યા હતા. ગોપીઓની આંખમાં આંસુ આવી ગયા : 'મહારાજ ! અમે કેટલા હોંશે હોંશે આપના માટે આ બધુ બનાવીને લાવ્યા હતા અને આપ નહીં આરોગો ?' દુર્વાસા ઋષિને દયા આવી, 'અચ્છા મત રોના, દેખો મૈં કહતા હૂઁ, ઐસા કરો. મૈં અપના મૂઁહ ખોલતા હૂઁ જિસકો જો કુછ ભી ભોગ ધરના હૈ, વો હમારે મૂઁહ મેં રખ દો.' તો કોઈ ગોપી થોડી જલેબી લઈ આવી, કોઈ ગોપી ઠોર લઈ આવી, કોઈ મૈસુર લઈ આવી. બધાએ થોડું થોડું દુર્વાસાઋષિને આરોગાયું. અચ્છા, હો ગયા ? ઈચ્છા પૂરી હો ગઈ ? હા, મહારાજ ! આપકી બહોત દયા. પાણી પી લીધું, મોં બંધ કર્યું. અબ ક્યા બાત હૈ ? ગોપીએ કહ્યું 'મહારાજ ! હમે લૌટના હૈ ઔર યમુનાજી તો બહ રહી હૈ, ક્યા કરેં ?' દુર્વાસાએ કહ્યું, 'કોઈ બડી બાત નહીં હૈ, જાવ જમનાજી સે કહો અગર આજ દુર્વાસાઋષિને ઉપવાસ કિયા હૈ તો ઉનકે પુણ્ય સે, હે યમુનાજી ! માર્ગ દો.' ગોપીઓ હસવા લાગી અને કહેવા લાગી, 'મહારાજ ! તમે ઉપવાસ કર્યો છે એવું લોકોને માનવું હોય તો ભલે માને, અમે કેમ માનીએ ? તમારો ઉપવાસ અમે તો તોડ્યો છે. અમારા હાથે તમે આરોગ્યા છો, ઉપવાસ શેનો ?' દુર્વાસાએ આંખો લાલ કરી અને કહ્યું, 'ગરબડ મત કરો. જાવ, જો હમ કહતે હૈં, વો કરો. બડી આઈ હમકો સમજાનેવાલી.' ગોપીઓ તો આવી યમુનાજી પાસે અને કહેવા લાગી, 'હે મહારાણી મા ! આજે દુર્વાસાઋષિએ ઉપવાસ કર્યો હોય તો એના પુણ્યથી આપ માર્ગ આપો.' અને યમુનાજીએ માર્ગ આપ્યો. ગોપીઓને થયું આ ગરબડ છે શું ? સમજાતું નથી. ચલો, આપણે કૃષ્ણ પાસે જઈએ. આવ્યા શ્રીકૃષ્ણ પાસે. 'પહેલા અમારા સવાલનો જવાબ આપો. અમારી સાથે રાસ રમો છો અને અમે કહ્યું કે કૃષ્ણ બ્રહ્માચારી હોય તો માર્ગ આપ, યમુનાજીએ માર્ગ આપ્યો. અમારા હાથે અમે દુર્વાસાને બધું જ આરોગાયું ને છતાં અમે કહ્યું કે હે યમુનાજી ! આજે દુર્વાસાઋષિનો ઉપવાસ હોય તો માર્ગ આપો અને યમુનાજીએ માર્ગ આપ્યો. મામલો છે શું તે સમજાતું નથી ? દો બાર હમને ગલત કહા ઔર દો બાર યમુનાજીને માર્ગ દિયા.' શ્રીકૃષ્ણએ કહ્યું, 'અગર

ગલત કહા હોતા તો યમુનાજી માર્ગ કૈસે દેતી ? તમે લોકોએ કાંઈ ખોટું નથી કહ્યું. તમે જે બોલ્યા એ સત્ય છે, માટે યમુનાજીએ માર્ગ આપ્યો છે.' 'કૃષ્ણ ! અમને સમજાવો કે સોળહજાર ગોપીઓની સાથે રાસ રમનારા તમે, અમારા હાથેથી ભોજન કરનારા દુર્વાસા - અમે કેમ માનીએ આ વાત ?' ત્યારે ભગવાને એનો ઉત્તર આપ્યો, 'સાંભળો ! તમે જ્યારે દુર્વાસાને ભોજન કરાવતા હતા તો ભોજન કરાવવાનું કર્મ તમે કર્યું, આરોગાવાનું કર્મ તમે કર્યું પણ આરોગવાનું કર્મ દુર્વાસાએ નથી કર્યું.' કોઈપણ ક્રિયા ફલવતી ત્યારે બને જ્યારે બન્ને પક્ષે કર્તા અને ભોક્તાનું ચક્ર પુરું થાય. દા.ત. હું બોલું ને તમે સાંભળ્યું ન હોય તો તો વાત અધૂરી છે. મેં તમને ટપાલમાં કાંઈક મોકલ્યું અને તમને મળ્યું નહીં તો વાત અધૂરી છે. તમે ભોજન કરાવ્યું એ સત્ય છે પણ દુર્વાસાએ ભોજન કર્યું એ સત્ય નથી. તમે જ્યારે ભોજન કરાવતા હતા ત્યારે તમારામાં કર્તાભાવ હતો, પણ તમે જ્યારે ભોજન કરાવતા હતા ત્યારે દુર્વાસાના હૃદયમાં ભોક્તાભાવ ન હતો. અને જ્યાં સુધી કર્તાભાવ ભોક્તાભાવનો સહકાર ન મેળવે ત્યાં સુધી એ કર્મ પુરું થતું નથી. ધારો કે હું તમને ગાળ દઉં ને તમે દુઃખી થયા તો વાત પૂરી થઈ ગઈ, પણ જો તમે દુઃખી ન થયા તો વાત અધૂરી રહી ગઈ, કારણ એ ગાળ નિષ્ફળ ગઈ. **જ્યાં સુધી કર્તાપણું અને ભોક્તાપણું પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ કર્મ ફળવાન થતું નથી.** આ આપણા શાસ્ત્રોએ બતાવેલું એક બહુ મહત્ત્વનું સૂત્ર છે અને તે **અકર્તાનો ભાવ રાખીને કર્મ કરવું.** શ્રીકૃષ્ણે ગીતાજીમાં અને ઋષિઓએ ઉપનિષદમાં આના ઉપર બહુ ચર્ચા કરી છે. ભગવાન સર્જન કરે છે, ભગવાન પોષણ કરે છે અને ભગવાન સંહાર કરે છે પણ ભગવાનને એનું કોઈ ફળ નથી મળતું. સર્જન કરે તો એને યશ જોઈતો નથી, આખા જગતનું એ પોષણ કરે છે તો એનાથી કોઈ પુણ્ય થતું નથી. તમે ગાયને ઘાસ ખવરાવો તો પુણ્ય થાય, ભગવાન તો આખી દુનિયાને ચલાવી રહ્યો છે એને કોઈ પુણ્ય થતું નથી. તમે એકાદ કીડીને પણ મારી નાખો તો પાપ લાગે અને ભગવાન તો આખા વિશ્વનો નિયમિત રીતે સંહાર કરી રહ્યો છે. બોલો સ્મશાનમાં કોઈ દિવસ રજા હોય ? ભગવાને તો રજા રાખી જ નથી. સૂર્યને રજા છે ? ચંદ્રમાને રજા છે ? વાયુને રજા છે? કોને Holiday છે ? સૃષ્ટિ તો નિરંતર ચાલે છે. આપણી કિડની, આપણાં ફેફસાં, આપણું હૃદય, એ Weekly Holiday રાખે છે? Weekly તો ઠીક પણ Hourly રાખે છે ? વૈજ્ઞાનિકો કહે છે કે માણસનું હૃદય એક ધબકારો લે અને પછી બીજો ધબકારો લે એની વચ્ચે એ આરામ કરી લે છે. ભગવાનની કેવી વ્યવસ્થા છે ? તો બળદેવજી કહે છે ગોવાળો કહે છે કે કૃષ્ણ માટી આરોગે છે તે સાચા છે કારણ કે એમણે ક્રિયા જોઈ છે. પણ ભગવાને એ આરોગી નથી એ પણ સત્ય છે.

તમે જમાડ્યા એ કર્મ ખરું પણ એ જમે એ કર્મ નથી, તમે જ્યારે ભોજન કરાવતા હતા ત્યારે દુર્વાસાએ પોતાનું ચિત્ત સાક્ષીભાવથી શરીરમાંથી હટાવી લઈ અને આત્માની અંદર સ્થિર કર્યું હતું અને જ્યારે શરીર અને ઈન્દ્રિયોમાંથી મન હટી જાય તો પછી ભોક્તાપણું રહેતું નથી. એક ઋષિ પણ જો પોતાને અભોક્તાની પરિસ્થિતિમાં મૂકી શકે તો કૃષ્ણ તો ભગવાન છે. ગીતાનો શ્લોક છે, જે તત્ત્વવેત્તા મનુષ્ય છે એ હંમેશાં એવું માને છે કે હું અકર્તા છું અને જો તમારે અભોક્તા થવું હોય તો પહેલું પગથિયું આનું છે. **જો તમે કર્તા થયા તો અનિવાર્યરૂપે તમે ભોક્તા થશો, જો તમારે અભોક્તા થવું હોય તો ફરજિયાત તમારે અકર્તા થવું પડશે.** અકર્તા છે તો અભોક્તા છે કર્તા છે તો ભોક્તા છે અને શ્રીકૃષ્ણ અકર્તા

છે અને એટલા માટે અભોક્તા છે. તમે જે ઠાકોરજીને વંદન કરો, તમે જેને માળા પહેરાવો, તમે ભોગ આરોગાવો, આરતી કરો, તમે સ્તુતિ કરો - એ કાંઈ ભગવાનને સુખી કરનારી વસ્તુ નથી. તમે આ બધું ન કરો તો પણ એ આનંદ જ છે. દુકાનદારને ત્યાં સવારથી બપોર સુધી કોઈ ન આવ્યો હોય તો એ ઉદાસ થઈ જાય કે આજે બોણી ન થઈ. ભગવાનના મંદિરમાં સવારથી સાંજ સુધી કોઈ પૂજા કરવા ન ગયું હોય તો ભગવાન ઉદાસ થઈને ન બેઠા હોય કે આજે કોઈ ઘરાક આવ્યો નહીં. તમે એની પૂજા કરો તો પણ એને આનંદ છે, તમે એની પૂજા ન કરો તો પણ એને આનંદ છે. તમે પાંચ-દસ ગાળ દઈ આવો તો પણ એને આનંદ છે. ભગવાનનો આનંદ આપણા ઉપર આધારિત નથી, આપણા માટે આપણો આનંદ બીજા ઉપર આધારિત છે. **આપણું સુખ બીજાઓ ઉપર આધારિત છે માટે આપણે સુખી નથી.** શાસ્ત્રમાં ભગવાન માટે સુંદર શબ્દ છે **'આત્મારામ'** અને એ આત્મારામ ભગવાન માટે પણ વપરાય છે અને જ્ઞાનીઓ, સિદ્ધપુરુષો માટે પણ આ શબ્દ વપરાયો છે. આત્મારામ એટલે જેને સુખ કોઈનાથી નથી મળતું, પોતાનાથી મળે છે. પ્રભુ પોતાના ચરણનો અંગુઠો પોતાના મુખમાં રાખીને એનું પાન કરી રહ્યા છે, આ છે આત્મારામ. ભોક્તા પણ છે કારણ કે પોતે અંગુઠો ચુસી રહ્યા છે. અંગુઠો કોનો છે? પોતાનો છે એટલે ભોક્તા પણ પોતે અને ભોગ્ય પણ પોતે. ભગવાન જો પોતાનો અંગુઠો ચુસતા હોય ત્યાં ભોક્તા પણ ભગવાન છે અને ભોગ્ય પણ ભગવાન છે. **આત્મારામનો અર્થ આ છે કે પોતે જ પોતાની અંદર રમી રહ્યા છે.** જે આત્મામાં રમે છે અને એટલા માટે પ્રભુને આપણે સુખ ન આપી શકીએ અને ન દુઃખ આપી શકીએ. ચલો કથા આગળમાં એ કહ્યું કે તેં માટી ખાધી છે ? આણે કહ્યું કે મા ! હું કાંઈ આરોગનારો નથી છતાં તને મારી વાતમાં વિશ્વાસ ન પડતો હોય, તને આ બધા ખરા લાગતા હોય. મહાપ્રભુજીએ સમજાવ્યું છે કે ભગવાનના વિષયમાં ભગવાન જ પ્રમાણ છે અને કદાચ ભગવાનના વિષયમાં ભગવાને કહ્યું હોય કે અથવા કોઈ અન્યથા કહે તો એ અન્યથા કહેનારા અપ્રમાણ છે. શ્રીકૃષ્ણએ ધરાર કહી દીધું. માઁ ! યે સબ જૂઠે હૈં, મૈં જો કહેતા હૂઁ વો સચ હૈ. તું મેરી બાત સુન, ઔરોં કી બાત મત સુન. એમાં બળભદ્ર પણ આવી ગયા છે અને બળભદ્ર છે વેદ એટલે વેદને મિથ્યા નથી કહ્યા, પણ ભગવાન એમ કહેવા માંગે છે કે મા ! મારી લીલાનું રહસ્ય વેદો પણ નથી સમજી શક્યા. ભગવાન કહે છે **नाहं वेदेर्न तपसा** ત્યાં વેદની નિંદા નથી, ત્યાં વેદની અસાર્થકતા નથી પણ વેદની સીમા છે અને એ સીમા જ્યાં પૂરી થાય ત્યાં વેદ પણ પૂર્ણ થઈ જાય. એટલે કહ્યું **નાહમ્ !** ભગવાન કહે, મારા વિષયમાં હું કહું એ પ્રમાણ છે. દાઉજી ભૈયાને ભલે દેખા કિ મૈંને મિટ્ટી ખાઈ, સખાઓને દેખા. સખાઓ કોણ છે ? દેવો છે. સખાઓ દેવો છે, ગોપીઓ શ્રુતિઓ છે, યશોદા મુક્તિ છે - આ બધી આધ્યાત્મિક ભાવનાઓ ઉપનિષદોમાં છે. અને કૃષ્ણોપનિષદમાં આ બધું બતાવ્યું છે. ભગવાનના હાથમાં જે વેણુ છે એ રુદ્ર છે, એમના હાથમાં જે છડી છે તે બ્રહ્મા છે. બળભદ્ર વેદ છે અને કૃષ્ણ વેદાર્થ છે. ગાયો છે એ પણ વેદની ઋચાઓ છે, ગોપિકાઓ ઋચાઓ છે. ભલે કોઈ ગમે તે કહે મા, પણ મેં કાંઈ ખાધું નથી. હું કાંઈ આરોગનારો નથી. મારી વાતમાં વિશ્વાસ ન પડતો હોય તો લે હું મોં ખોલું છું અને માને પણ ખાત્રી કરવી હતી કે દીકરો સાચું કહે છે કે ખોટું ? માએ પુત્રના મુખમાં દૃષ્ટિ કરી. જગત અને વિશ્વમ્ આ બે શબ્દો કેમ ? વિશ્વમ્ અને જગત - આમ તો સમાનાર્થી લાગેને ? પણ જગતનો

અર્થ છે ગતિ કરતું, **गच्छति इति जगत्** સ્થાવર જંગમ આ બધું જ યશોદાએ જોયું. ગ્રહો, નક્ષત્રો, તારાઓ, પૃથ્વી, નદી, પર્વત. અરે ! આ વખતે તો યશોદાએ લાલાના મુખમા વ્રજને જોયું, નંદાલયને જોયું અને છેલ્લે તો એણે પોતાને પણ અંદર જોઈ. પહેલીવાર જે ભગવાને બતાવ્યું હતું ત્યારે તો માને સ્પષ્ટ દર્શન નથી થતા, માને એમ થયું મને ચક્કર આવે છે, મારી આંખમાં ગરબડ લાગે છે. પણ આ વખતે આ મૂંઝવણ નથી થઈ. માને જે દેખાયું છે એ સ્પષ્ટ દેખાયું છે. યશોદાને થયું કે આ શું છે ? હું જે જોઉં છું એ સ્વપ્ન તો નથીને ? યા તો કોઈ દેવની માયા તો નથીને ? કે પછી મારી બુદ્ધિમાં કોઈ મોહ તો નથીને ? ભ્રાંતિ અથવા ભ્રાંતદર્શન, આ ત્રણ સંજોગોમાં થઈ શકે છે. જો તમને સ્વપ્ન આવે તો. એ અટપટું જ હોય, સ્વપ્ન કોઈ દિવસ Rational ન હોય. તો મા પૂછે છે કે જે દેખાય છે એ સ્વપ્ન છે, પણ ના સ્વપ્ન તો નથી. સ્વપ્ન તો નિદ્રા આવ્યા પછી આવે, હું તો જાગતી બેઠી છું. તો પછી કોઈ દેવની માયા હોવી જોઈએ. માયા હોય તો બધાને દેખાવું જોઈએને ? પણ બીજા બધા જે સખાઓ ઊભા હતા એ તો રાહ જોઈને ઊભા હતા કે હમણાં લાલાને ઝાપટ પડશે. એક તો માટી ખાય છે ને પાછું જૂઠું બોલે છે. પણ સખાઓને તો આવું બધું દેખાતું નથી એટલે આ કોઈ દેવની માયા નથી, સ્વપ્ન નથી. માયા નથી તો પછી મારી બુદ્ધિનો મોહ હશે. પણ વૈષ્ણવો સાંભળો ! જ્યાં ભગવાન હોયને ત્યાં માયાજનિત મોહ ન હોઈ શકે, ભગવાન જ્યાં હોય ત્યાં માયા ન હોઈ શકે, ભગવાન હોય ત્યાં માયા રહી ન શકે. ભગવાન એટલે પ્રકાશ, જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ન રહી શકે એમ જ્યાં માયા હોય; દા.ખ. તરીકે તમને અંધારામાં વિચિત્ર વિચિત્ર દેખાતું હોય પણ તમે લાઈટ કરો તો બધું સ્પષ્ટ થઈ જાય પછી કશું હાલતું જોઈને તમે ડરતા હતા, લાઈટ કરીને જુઓ તો ઓહ આ તો મારું જ કપડું સુકવેલું છે અને મને થયું કે કોઈ માણસ આવ્યો છે. મનમાં મોહ ક્યાં સુધી હોય ? જ્ઞાન ન થાય ત્યાં સુધી. અને ભગવાન તો સ્વયં જ્ઞાન છે. તો પછી આ મારી બુદ્ધિનો મોહ પણ નથી. જો મારી બુદ્ધિમાં કોઈ ગરબડ હોત તો આજુબાજુનું બધું જ મને વિચિત્ર દેખાત. બીજું બધું જ બરાબર છે, આના મુખમાં જ કાંઈક અટપટું દેખાઈ રહ્યું છે. આ મને શું દેખાય છે ? સ્વપ્ન નથી, માયા નથી, મોહ નથી તો આ શું છે ? ચોથો વિકલ્પ - કદાચ મારા પુત્રની આ દિવ્યશક્તિનો મને સાક્ષાતકાર થઈ રહ્યો છે. યશોદાએ બે હાથ જોડીને પ્રણામ કર્યા, શરણે ગઈ. આને થયું કે આ બરાબર થતું નથી. મા મને હાથ જોડે અને મારા શરણે આવે એટલે પાછું બધું જ ભૂલાવી દીધું. એક જ ક્ષણમાં બધું જ ભૂલાવી દીધું.

ભગવાનની આપણા ઉપર બે કૃપા છે, સ્મૃતિ પણ કૃપા છે અને વિસ્મૃતિ પણ કૃપા છે. યાદ રહે છે એ પણ સારું છે અને ભૂલાઈ જાય છે એ પણ સારું છે. ધીરે ધીરે બધું વિસરાઈ જાય એ વિસરવું પણ પ્રભુની કૃપા છે. પ્રભુએ પણ આપણને એવી શક્તિ આપી છે કે જે વસ્તુ જરૂરી ન હોય એ વસ્તુ આપણે ભૂલી જઈએ. સ્મૃતિ પણ એની કૃપા છે અને વિસ્મૃતિ પણ એની કૃપા છે. માને ભૂલાવી દીધું, માટી ખાતો હતો એ ભૂલી ગઈ, ચકાસવું હતું એ પણ ભૂલાઈ ગયું અને જે દિવ્ય - અલૌકિક દર્શન હતું એ પણ ભૂલાઈ ગયું. મા તો ત્યાંથી વિદાય થઈ. સખાઓને આશ્ચર્ય થયું. કનૈયાને પૂછવા લાગ્યા, અરે લાલા ! મા યશોદાને તેરે મુખ મેં ઐસા ક્યા દેખા કિ વો ચકિત હો ગઈ ? ભગવાને કહ્યું કે આ તો મારી અને મારી મા વચ્ચેની, હમારી આપસી બાત હૈ,

યે આપકો પતા નહીં ચલેગા. તમારે શું જોવું છે એ પ્રમાણે નહીં, પણ પ્રભુને શું બતાવવું છે એ પ્રમાણે તમને જગત દેખાશે. આપણે જોવું છે એવું નહીં પ્રભુ આપણને બતાવી રહ્યો છે એ આપણે જોઈ રહ્યા છીએ અને એટલા માટે જીવને પ્રભુના ચરણ સિવાય કોઈ ઉપાય નથી.

એક દિવસ યશોદાએ વિચાર કર્યો કે આજે હું મારા હાથે તાજું તાજું માખણ મારા હાથે મારા લાલાને આરોગાવું. વૈષ્ણવો ઠાકોરજી સેવા જેના ત્યાં બિરાજતી હોય એ બધા વૈષ્ણવોએ યશોદા પાસેથી પ્રેરણા લેવા જેવી છે. ઘરમાં અનેક દાસીઓ હતી પણ યશોદાને થયું કે આજે દધિમંથન હું કરું. પ્રભુનું કોઈ પણ કાર્ય કરવાનો આપણને અવસર મળે તો એને ઉત્તરદાયિત્વ સમજવાને બદલે એને પોતાનું સૌભાગ્ય સમજવું જોઈએ. ભગવાનની સેવા Responsibility નથી, ભગવાનની ભક્તિ, ભગવાનની સેવા હું તો એ પણ કહું છું કે સેવા Duty નથી સેવા Beauty છે. આપણને ભગવાન મળ્યા એ આપણા જીવનનું સૌંદર્ય છે, આપણું સૌભાગ્ય છે કે આપણા હાથથી પ્રભુની કોઈ સેવા બને છે. જરા વિચાર કરો દ્વારિકામાં રોજ છપ્પનભોગ આરોગનારો ભગવાન એવું તે શું છે કે સુદામા પાસેથી માંગીને તાંદુલ આરોગે છે ? આનું કારણ બતાવો. તમે એમ માનો છો કે દ્વારિકામાં પૌંવા મળતા નથી ? તમે એમ માનો છે કે ભગવાનને આ વસ્તુ વર્ષોથી આરોગવા મળી ન હતી એટલે અધીરા બનીને એની પાસેથી આરોગવા લાગ્યા. જે શબરીએ ભગવાનને મેવો આરોગાવ્યો એ મેવો કોઈ દુર્લભ પદાર્થ હતો ? વનમાં મેવો દુર્લભ વસ્તુ નથી. આપણે પ્રભુને આરોગાવીને પ્રભુ ઉપર ઉપકાર નથી કરતા પરંતુ આપણું ધરેલું પ્રભુ પ્રીતિપૂર્વક સ્વીકારીને આપણી ઉપર ઉપકાર કરે છે. આપણી સેવાનો એ સ્વીકાર કરે છે અને ભગવાન જ્યારે આપણી સેવાનો સ્વીકાર કરેને ત્યારે ભગવાન આપણને સેવક તરીકે પણ સ્વીકારે છે અને આ જીવને પ્રભુ સેવક તરીકે સ્વીકારે એ જીવનું પરમ ભાગ્ય છે. બાકી એને શું જરૂર છે ? આમ જે વેદાંતીઓ અને જ્ઞાનીઓ કહે છેને એ વાત સાચી તો છેને ? તમે એમ કહો કે ભગવાનને થોડી ભૂખ લાગે છે કે આ ભોગ ધરાવો છો ? તમે દલીલ કરી શકો છો, તમે એવી દલીલ પણ કરી શકો છો કે ભગવાનને તો કાંઈ ગરમી લાગતી હશે કે ચંદન લગાવો છો ને ભગવાનને પંખા કરો છો. તમે એ પણ દલીલ કરી શકો છો. ઉનાળો આવે એટલે ભગવાનને ગરમી લાગે. અરે ! એ તો ખુદ અગ્નિ પીનારો છે. જે ઠાકોરજીએ વ્રજમાં બે વાર અગ્નિનું પાન કર્યું એ ઠાકોરજીને આપણે બહુ ગરમ ગરમ દૂધ કે ખીર નથી ધરાવતા ? કેમ Controversy નથી ? હા, તમે એવું કહી શકો કે એ તો અગ્નિ પીવે છે, એને વળી ગરમ દૂધથી શું થવાનું છે ? એને તો ચાલે. પણ ના આપણે ખાત્રી કરીએ છીએ કે બહુ ગરમ નથીને પછી ધરીએ છીએ કેમ કે એને ભલે એનું ઐશ્વર્ય બતાવવું હોય અને ભલેને દાવાગ્નિનું પાન કરે પણ ભકતનો ધર્મ છે કે ભગવાનને એમનું સુખ વિચારીને ધરવું. પ્રભુ પોતાના ઐશ્વર્યને ભલે વિચારે આપણે પ્રભુના સુખને વિચારવાનું. જો સેવા ઉત્તમ પ્રકારે કરવી હોય તો ધ્યાનથી સાંભળજો. **આ વાત ઉત્તમ પ્રકારે સેવા કરવી હોય તો આપણે પ્રભુના સામર્થ્યનો વિચાર ન કરવો, પ્રભુના સુખનો વિચાર કરવો જોઈએ.** સામર્થ્ય તો એનામાં અપાર છે, તમે ભોજન ન કરાવો તો પ્રભુ ભૂખ્યો થોડો રહેવાનો છે ? ભગવાન તો વિશ્વમ્ભર છે અને વિશ્વમ્ભર ભગવાન તો આખા વિશ્વનું ભરણપોષણ કરનારો છે. તમે ભોજન નહીં કરાવો તો ભગવાન ભૂખ્યો નહીં રહે પણ તમારે ભાવના તો એવી કરવી જોઈએ કે આજે હું ભોગ નહીં ધરું તો મારા ઠાકોરજી ભૂખ્યા રહેશે. એ ભૂખ્યા

રહે કે ન રહે એ વાત છોડો, તમારે ભાવના કરવી જોઈએ કે મારા પ્રભુ ભૂખ્યા રહેશ. એને ગરમી લાગે કે ન લાગે એ વાત છોડો પણ આપણે પંખો કરવો. સેવકે સેવાધર્મ વિચારવાનો, સેવકે સ્વામીધર્મ વિચારવાનો નથી. આજે યશોદા મા પોતે જ વલોણું વલોવવા માટે તૈયાર થયા. ઘરની દાસીઓ યશોદાજીને શ્રમ ન કરવા દે, તો યશોદાજીએ બધી જ દાસીઓને અલગ અલગ કામમાં લગાવી દીધી.

एकदा गृहदासीषु यशोदा नंदगेहिनी...

આ ત્રણ શ્લોકો જેને ઘરમાં માથે ઠાકોરજી બિરાજતા હોય એ બધા વૈષ્ણવોએ સમજવા જેવા છે. પહેલી વાત તો એ છે કે ઠાકોરજી પ્રત્યે સેવામાં આપણો કાયિક, વાચિક અને માનસિક ત્રણેયનો પ્રવેશ થવો જોઈએ. ભક્તિ ત્રણેયથી થવી જોઈએ. મનસા, વચસા, કર્મણા - અહીંયા ત્રણેય છે. મનસા, એને માટે શબ્દ છે **સ્મરન્તિ** કારણ કે સ્મરણ કરવું એ મનનું કાર્ય છે. સ્મરન્તિ વાણી છે, તાન્ય ગાયત્ ગાતા ગાતા વલોણું વલોવી રહી છે એટલા માટે આપણે ત્યાં કીર્તનો છે. જગાવવાનું કીર્તન, મંગલભોગનું કીર્તન, મંગલા સન્મુખનું કીર્તન - આપણે ત્યાં દરેક સમયનું કીર્તન છે. જેમ પૂજા મંત્રસહિત થવી જોઈએ, એમ સેવા કીર્તનસહિત થવી જોઈએ. આપણને સૂરમાં ગાતા ન આવડે તો બેસૂરુ ગાવું કારણ કે ગાવું મહત્ત્વનું છે. સંગીતનું જ્ઞાન ન હોય તો પણ જેવું આવડે એવું ગાવું. ભગવાનની લીલાઓ ગાય છે, આપણે પુષ્ટિમાર્ગમાં કીર્તન ગાઈએને તો એનાથી ભક્તિની વૃદ્ધિ થાય છે. પછી તમને એમ ન લાગે કે તમે મુંબઈમાં બેઠા છો. કીર્તન તમને પહોંચાડી દે છે વ્રજભૂમિમાં, કીર્તન તમને પહોંચાડી દે છે સારસ્વતકલ્પની દ્વાપરયુગની લીલામાં. તમારું તે વખતનું અનુસંધાન કરાવે છે પણ તમે જ્યારે કીર્તન ગાવ. સંગીતના રાગો પણ સમય સાથે જોડાયેલા છે. તમે ભૈરવ રાગ શરૂ કરો તો તમને લાગે જ કે આ સવાર છે અને એટલા માટે આપણા બધા કીર્તનો તે તે સમયના રાગ પ્રમાણે છે. સવારની લીલા હોય તો સવારના રાગ, દરેક રાગના પોતપોતાના પ્રહર છે. સવારમાં ભૈરવ, બિભાસ, રામકલી એવા બધા રાગો છે પછી આશાવરી અને બિલાલ જેવા રાગો ગવાય, તોડી - લલિત એ બધા ગવાય. બપોર થાય એટલે સારંગ ગવાય. આ સારંગ, બપોરની લીલા સારંગની હોય. સાંજ પડે એટલે પછી પુર્વી, ગોરી વગેરે રાગ ગવાય. ભગવાન પધારી જાય, શયનનો સમય થાય એટલે યમન વગેરે રાગ ગવાય. બિલકુલ રાત પડી જાય એટલે તો બધી કાનરો, કેદાર- એ બધા રાગો ગવાય. રાગ તમને લીલા કાળનું અનુસંધાન કરાવે છે અને કીર્તનમાં રહેલું વર્ણન એ તમને લીલાનું વર્ણન કરી બતાવે છે. સવાર પડી છે, મા યશોદાજી દ્વાર ખોલીને પ્રભુના શયનગૃહમાં પધારી રહ્યા છે, બાલકૃષ્ણ ઓઢીને પોઢ્યા છે, મા ધીરે ધીરે જગાવે છે. આપણા પુષ્ટિમાર્ગમાં તો ઠાકોરજી સાથેનો આપણો વ્યવહાર અત્યંત કોમળ હોવો જોઈએ. ભગવાનને જગાડવાનું પણ કોમળતાથી. આમ તો ઠાકોરજી પોઢ્યા હોય તો લલિતા વગેરે સખીઓ બહાર બેઠા બેઠા પહેલા તો બીન બજાવે છે, ઠાકોરજી બીન સાંભળીને જાગે છે. જેમ આપણે Alarm સાંભળીને જાગીએને ! નાથદ્વારા જાવ તો જો જો. ઠાકોરજી જાગવાના હોય એ પહેલા સાજીંદાઓ સાજીંદા લઈને આવી જાય અને વીણાના મધુર રણકાર. આમ જગાડવાથી પોઢાડવા સુધી પ્રભુના સુખનો કેટલો બધો વિચાર પુષ્ટિમાર્ગમાં છે. આપણે ઘંટનાદ કરીને, શંખ વગાડીને એવી રીતે ભગવાનને નથી જગાડતા ? લલિતા સખી દરવાજાની બહાર બિરાજી મધુર મધુર વીણા વગાડે છે. વીણાનો

નાદ થાય છે અને પ્રભુ જાગે છે, આ બાજુ માતા જગાડે છે ઠાકોરજીને. સ્વામિનીજી પોઢ્યા હોયને તો લલિતાજી જગાવે છે અને નંદાલયમાં ભગવાન પોઢ્યા હોય તો. આકાશમાં જેમ સૂર્ય ઉગે અને બધા કમળ ખીલી ઉઠે એમ લાલા તું જાગેને તો તારા મુખના દર્શન કરીને ભક્તોને પણ સુખ થાય. મા જગાવે છે પછી લાલાને એના કર્તવ્યનું પણ ભાન કરાવવું પડે. દેખ સબ સખા દરવાજે પે આકે ખડે હૈં, અરે લાલા ! તુમકો તો બછડે ચરાને જાના હૈ ના. અરે ! તારા વિના વાંસળી કોણ વગાડે ? તારા વિના ગાયોને કોણ લઈ જાય ? લાલા ઉઠો ! પ્રભુ જાગે છે કેવી રીતે ? આપણા ઠાકોરજી સ્નાન પહેલાં ભોગ આરોગે છે, પછી તો એનું અનુકરણ લોકોએ કર્યું. Break Fast આખી રાતનો ઉપવાસ તોડવાનો. રાત્રે આઠ વાગે કે નવ વાગે જમ્યા હોઈએ કે સવારે છ વાગે ઉઠીએ ને જે ઉપવાસ રહે To break the Fast એટલે સવારે જાગેલો માણસ બહુ ભૂખ્યો હોય સ્નાન સુધી રાહ જોઈ ન શકે એટલે એને પાછું બધું ખાવા જોઈએ. આ ઠાકોરજી મંગલ ભોગ આરોગે. મંગલ ભોગ આરોગ્યા. આ રીતે પ્રભુ જાગે છે. ભક્તો અનેક રીતે પ્રભુના સુખનો વિચાર કરે છે. એટલે સેવામાં ત્રણ વસ્તુ પરોવાવી જોઈએ. શરીર મંથન કરી રહ્યું છે, વાણી ગુણ ગાઈ રહી છે અને મન પ્રભુનું સ્મરણ કરી રહ્યું છે. કાયી કી સેવા એ વાણીની સેવા અને બહુ પ્રેમથી પોતાના પુત્ર માટે મંથન કરી રહી હતી. પોતાના પુત્રનું સ્મરણ કરતા કરતા એ મનની સેવા પ્રભુની ભક્તિમાં મન, વાણી અને કર્મ આ ત્રણેય લાગવા જોઈએ. શરીર ન લાગે તો એની સફળતા નથી થઈ, વાણી ન લાગી તો વાણી સફળ નથી થઈ, તમારે જેને સાર્થક બનાવવું હોય, તમારે જેને સફળ બનાવવું હોય એને પ્રભુ સાથે જોડો, એ ન જોડો ત્યાં સુધી એ સફળ નથી. મા યશોદા ભોગ આરોગાવે છે, તૈયારી કરે છે. વલોણું વલોવી રહી છે એટલામાં કૃષ્ણ જાગ્યા, આવ્યા મા પાસે. વસ્ત્ર ખેંચીને કહેવા લાગ્યા, મા ! મને બહુ ભૂખ લાગી છે. માતાએ વલોણું પડતું મુક્યું અને તરત દીકરાને ગોદમાં લઈ અને સ્તનપાન કરાવવા લાગી. યશોદા જ્યારે બાલકૃષ્ણને સ્તનપાન કરાવતા હતા ત્યારે યશોદા અને કૃષ્ણ એકબીજામાં ઓતપ્રોત થઈ ગયા. મા યશોદા અને કૃષ્ણ એકરૂપ થઈ ગયા. શ્રી મહાપ્રભુજી એને પરસ્પર નિરોધ કહે છે. યશોદા બધું જ ભૂલી ગયા છે, કૃષ્ણમય. મેં હમણાં જ કહ્યું કે જેનો સંબંધ પ્રભુ સાથે થયો એ સાર્થક થયો. મા દૂધ પીવડાવી રહી છે, મહાપ્રભુજી કહે છે યશોદાના સ્તનમાંથી જે દૂધ વહે છે એ દૂધ નથી, મા યશોદાનો પ્રેમ છે અને પ્રેમનું વ્યક્તિકરણ વસ્તુમાં થઈ શકે છે. જેમ કે એનું બાળક ક્યાંક ગયું હોય ટૂર ઉપર, દસ-બાર દિવસે બાળક આવે તો મા એને જોતાંની સાથે એની આંખમાંથી આનંદના કે પ્રેમના આંસુ વહેવા લાગે, એ આંસુ શું છે ? હૃદયમાં રહેલા પ્રેમનું એ વ્યક્તિકરણ છે. માતાના હૃદયમાં સંતાન માટે જે ભાવ હતો એ ભાવ અશ્રુના રૂપમાં વ્યક્ત થયો. તમે કોઈ વ્યક્તિને ઓળખતા હો અને એનું મૃત્યુ થયું હોય ને પછી એનો પુત્ર તમારી સામે આવીને ઊભો રહે અથવા કોઈ એનું કુટુંબીજન આવીને ઉભું રહે અને એ વ્યક્તિનું સ્મરણ કરીને એની આંખમાં આંસુ આવ્યા તો એ આ શું છે ? એ તમારી પીડાનું વ્યક્તિકરણ છે.

મનુષ્યના મનમાં જે ભાવો આવે છે એ ભાવો ક્યારેક શારીરિક લક્ષણોના રૂપમાં કે ચિહ્નોના રૂપમાં, રસશાસ્ત્રમાં એને અનુભાવ કહે છે. દા.ત. તમને બહુ હર્ષ થાય તો રુંવાડા ખડા થઈ જાય, ધારો કે તમારા શરીરમાં ડર આવ્યો તો શરીર ધ્રુજવા લાગે. મનના ભાવોની

શરીર ઉપર પ્રક્રિયા દેખાય છે. તમે દુઃખી હશો તો માથું ઝૂકી ગયેલું હશે, તમે પ્રસન્ન હશો તો તમારી આંખો ખીલેલી હશે, તમે અશાંત હશો તો એના ચિહ્નો દેખાશે અને શાંત હશો તો એના ચિહ્નો દેખાશે. મનના ભાવો વ્યક્ત થાય છે, તો યશોદાના સ્તનમાંથી જે દૂધ વહે છે એ દૂધ દૂધ નથી; મા યશોદાનો પ્રેમ છે અને પ્રભુ એ દૂધના ભોક્તા નથી, પ્રભુએ પ્રેમના ભોક્તા છે. પ્રભુ બહુ પ્રીતિથી આરોગતા હતા એટલામાં એક વિઘ્ન આવ્યું. ચુલા ઉપર દૂધ ગરમ કરવા મુક્યું હતું. જુઓ હવે આ પરીક્ષામાં યશોદાજી પાસ નથી થયા તો આપણું કોઈ ગજું ખરું ? આપણે જ્યારે પ્રભુમાં તન્મય થઈને બેઠા હોઈએ અને જો કોઈ લૌકિક વિઘ્ન આવે તો ? યશોદા જેવા યશોદાજી પણ લાલાને પડતો મૂકી અને દૂધ ઉતારવા દોડ્યા, પાછું યશોદાજીના પક્ષમાં પણ વકીલો બહુ છે. પાછાં એમણે યશોદાજીની આ ચેષ્ટાનું સમર્થન પણ બહુ કર્યું છે. ના ના એવું નથી કે યશોદાને દૂધ વધારે વ્હાલું હતું પણ ખરેખર તો શું થયું કે એ દૂધ ભગવાનને આરોગાવા માટે હતું, હવે ભગવાન તો ધરાઈ ધરાઈને સ્તનપાન કરવા લાગ્યા એટલે દૂધને થયું કે શું પ્રભુ અમારો અંગીકાર નહીં કરે? અને જો પ્રભુની સેવામાં અમારો અંગીકાર ન થવાનો હોય તો પછી આ જિંદગી જીવીને શું કામ છે ? લાવોને આપણે ચૂલામાં જ બળી મરીયે એટલે એ આત્મહત્યા કરવા માટે ઉભરાયું. યશોદા માને કરૂણા જાગી. અરે અરે, આવા અધીરા ન થાવ. તમે દૂધ છો અને જો પ્રભુ તમને નહીં પીવે તો વાંધો શું કરવા, દૂધનું દહીં જમાવીશું અને એને દહીં તો ભાવે છે, અચ્છા એ દહીં પણ ન પીવે તો એનું માખણ કરીશું, એને માખણ ભાવે છે અને કદાચ માખણ પણ ન આરોગે તો ઘી બનાવીશું અને એમાંથી પાછી ઠોર કે બુંદી જેવી સામગ્રી કરીશું.

મેં એક જગ્યાએ ટીકામાં વાંચ્યું હતું કે દૂધ, દહીં અને માખણ, આ ત્રણેયમાં ઉત્તરોત્તર ભગવાનની પ્રીતિ વધારે કેમ છે ? જો દૂધ પીવડાવવું હોય તો માને બહુ માથાકૂટ કરવી પડે, લાલાને કેટલો સમજાવે, કેટલો મનાવે, એની પાછળ દોડે, કેટલી વિનંતી કરે ત્યારે એ દૂધ પીવે. દૂધ કરતા એને દહીં વધારે વ્હાલું. ચૌર્યાસી વૈષ્ણવોની વાર્તામાં તો એણે એવું પૂછાયું છે, કૃષ્ણદાસે મહાપ્રભુજીને પૂછ્યું કે ભગવાનને પ્રિય શું અને ભગવાનને અપ્રિય શું ? તો શ્રી મહાપ્રભુજીએ ઉત્તર આપ્યો છે ભગવાનને પ્રિય છે ગોરસ અને ગોરસનો અર્થ છે દહીં અને ભગવાનને અપ્રિય છે ધૂમાડો. દૂધ કરતા એને દહીં વધારે પ્રિય છે અને દહીં કરતા એને માખણ વધારે પ્રિય છે. દૂધ એટલે સ્નેહ, દહીં એટલે આસક્તિ અને માખણ એટલે વ્યસન. મહાપ્રભુજીએ આ જે ભેદ પાડ્યાને તામસ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળના બીજા પણ નામ છે. પ્રમાણ પ્રકરણમાં સ્નેહ છે, પ્રમેય પ્રકરણમાં આસક્તિ છે, સાધન પ્રકરણમાં વ્યસનાવસ્થા છે અને ફળ પ્રકરણમાં તન્મયતા છે. કૃષ્ણપ્રેમના આ ચાર રૂપ એ પ્રેમનો જ પહેલો તબક્કો છે. એનું નામ છે સ્નેહ. જેમ જેમ ભગવાન લીલા કરતા ગયા એમ એમ ભક્તોનો ભગવાન પ્રત્યેનો સ્નેહ વધારે ગાઢ થતો ગયા એટલે પછી એનું બીજું નામ આવ્યું આસક્તિ. સ્નેહનું પ્રગાઢ રૂપ આસક્તિ છે ને આસક્તિનું પ્રગાઢ રૂપ વ્યસન છે એટલે પ્રમાણ પ્રકરણમાં સ્નેહ પણ પ્રમેય પ્રકરણમાં આસક્તિ સાધન પ્રકરણ વ્યસન અને ફળ પ્રકરણમાં તન્મયતા. તામસભાવવાળા ભક્તોની આ ચાર અવસ્થાઓ છે. દૂધ એટલે સ્નેહ, દહીં એટલે આસક્તિ અને માખણ એટલે વ્યસન. દૂધને તમે બાળતા જાવ તો જેમ જેમ બાળતા જાવને એમ એમ એની અંદર રહેલું જળતત્ત્વ બળતું જાય અને જળતત્ત્વ જેટલું બળતું જાય

એટલું દૂધ ઘટ્ટ થતું જાય અને બાળતા જ જાવ, બાળતા જ જાવ તો એક અવસ્થા એવી આવે કે પછી કેવળ માવો રહે. જળ બધું બળી જાય, કેવળ માવો રહે. એમ શરૂ શરૂમાં ભગવાનની ભક્તિમાં સ્વાર્થ રહે છે, સ્વાર્થવાળી ભક્તિ એટલે દૂધ, દૂધમાં શું છે પાણી વધારે છે એટલે Solid સોલિડ વસ્તુ ઓછી છે. એકવાર એક બહેને પૂછ્યું, અરે ! કલ દૂધ ઈતના પતલા ક્યૂઁ થા ? તો ભૈયાજી કહે, ક્યા કરે ભેંસ પાની મેં જ્યાદા બેઠી થી. એટલે કે પ્રભુ પ્રત્યે ભક્તિના આરંભમાં સ્નેહ છે, એમાં સ્વાર્થ વધારે છે. ભક્તિનો શરૂઆતનો તબક્કો જરા આપણા આત્મનિરીક્ષણ કરીએ. આપણે ભગવાનની ભક્તિ એટલા માટે કરીએ છીએ કે ભગવાન આપણને સુખી કરે. હવે જેમ જેમ દૂધ બળે એમ પેલું પાણી ઓછું થતું જાય એમ; જેમ જેમ તમારી ભક્તિ વધતી જશે તેમ તેમ 'ભગવાન અમને સુખ આપે' એ વૃત્તિ ઓછી થતી જશે અને **'હું એવું શું કરું કે મારા પ્રભુને સુખ આપું'** ભક્તિભાવમાં આના માટે એક ખાસ શબ્દ છે. વૈષ્ણવોએ આ શબ્દ યાદ રાખવો જોઈએ, આ શબ્દ છે **તત્સુખ.** એટલે આપણે જે કાંઈ કરીએ એ એટલા માટે કરીએ કે પ્રભુને સુખ થાય. 'ભગવાન મારું કામ કરે' એવું વિચારો, આમ આપણે કેટલો વિરોધાભાસ ઊભો કરીએ છીએ. હે પ્રભુ ! હું તમારો સેવક છું, મારું આટલું કામ કરજો. સાંભળ છો ધ્યાનથી હું શું કહું છું, ભગવાન કહે કે સેવક તું કે હું ? વૈષ્ણવની કથા છે કે બિલાડી આવી અને ભગવાનની શૈય્યા બગાડી નાખી. એને થયું કે આ ભગવાન કેવા છે કે એમની શૈય્યાનું પણ ધ્યાન રાખતા નથી. ભગવાને લાત મારીને થાળ ઢોળી નાંખ્યો અને કહ્યું કે સેવક હું છું કે તું છે ? આપણે ઠાકોરજીના એવા વ્હાલા સેવકો છીએ કે પ્રભુ પાસે જ બધા કામ કરાવીએ છીએ અને કહીએ છે પાછાં કે અમે તમારા સેવક, આ કેવા સેવક ? ને સમજાતું નથી સેવકનો અર્થ તો એ છે કે પ્રભુનું કામ આપણે કરીએ.

એક ભાઈ મને કહે કે હું હિંડોળાના દર્શન કરવા જતો હતો ને પડી ગયો એટલે ફ્રેક્ચર આવ્યું. હું ભાઈની ખબર જોવા જતો હતો ને ત્યાં પાંચદસ મિનિટ બેઠો એમાં તો પાંચવાર બોલ્યા, 'મંદિરે જતો હતો ને પડી ગયો.' એના કહેવાનો Tone ટોન એવો હતો કે ભગવાને કમસે કમ એ લોકોનું તો ધ્યાન રાખવું જોઈએ. ભગવાન કહે કે સેવક હું છું કે તું છું ? ભગવાનને કોઈ કામ ન સોંપો, આપણે એમના સેવક છીએ એ આપણો સેવક નથી. અને જો તમારા મનમાં ભગવાન પ્રત્યેનો ઐશ્વર્યભાવ આવશે તો સૈવ્ય સેવકના ભાવમાં શુદ્ધિ નહીં રહે. તમને પેલી વાર્તા ખબર હશે ડોશીમાની ! ઠાકોરજી એના ઉપર બહુ બાળભાવ જતાવતા. એક દિવસ બિલાડીઓ જોર જોરથી રડતી હતી, આ બિલાડીનું રડવાનું સાંભળીને ઠાકોરજી ધ્રુજતા ધ્રુજતા માજીની પાસે આવી ગયા અને માજીએ આખો રસાભાસ કરી નાંખ્યો. માજીએ તો એમ કહેવા જેવું હતું, તું ડરીશ નહીં, હું બેઠી છુંને ! તને કાંઈ નહીં થવા દઉં. આ બિલાડીઓને હમણાં ભગાડી મુકું છું, તું ડરીશ નહીં. આવું કર્યું હોત તો લીલા સાથે કાંઈક સંગતિ હતી. ગમે તેવા આધ્યાત્મિક ભાવો પ્રભુની લીલા સાથે સંગત ન હોય તો એ ભાવોને મનમાં ન આવવા દો; ભલે એ આધ્યાત્મિક ભાવો હોય, ભલે એ શાસ્ત્રાત્મક ભાવો હોય, શાસ્ત્રજ્ઞાનને અનુરૂપ ભાવો હોય એ પણ લીલાની સંગત ન હોય તો એ ભાવ મનમાં ન આવવા જોઈએ. એક બહેનને દૂધપાક બનાવવાનું મન થયું. સરસ મજાનું દૂધ લાવ્યા, દૂધ ઉકળવા મુક્યું. ખાસ્સું એવું ઉકળ્યું ને ઘટ્ટ થવા આવ્યું એટલે અંદર ચોખા પધરાવ્યા. ચોખા પણ તૈયાર થઈ જવા આવ્યા

પછી એમ થયું કે લાવ જરા દુધપાકને સ્વાદિષ્ટ બનાવીએ, એટલે કેસર પધરાવ્યું, જાયફળ પધરાવ્યું, ચારોળી પધરાવી, બદામ પધરાવી. બે-ત્રણ લીંબુ પણ પડ્યા હતા તો એમને એમ થયું કે આ પણ પધરાવવાથી થોડો ટેસ્ટ - જો લીંબુથી દાળ સ્વાદિષ્ટ થાય તો દૂધપાક કેમ સ્વાદિષ્ટ ન થાય ? બે લીધા લીંબુ ને પ્રેમથી પધરાવ્યા. હવે એ દૂધપાક નું શું થયું હશે ? કોઈ ખરાબ વસ્તુ તો નાંખી નથી, આઈટમ તો રસોડાની જ છે. ભલે એ રસોડાની હોય ભલે એનાથી બીજી વસ્તુ સ્વાદિષ્ટ થતી હોય પણ તમે જે બનાવી રહ્યા છો એની સાથે એ સંગત નથી. આખો મુદ્દો સમજો છો તમે? **જ્યારે ભગવાન બાળભાવ જતાવતા હોય ત્યારે ઐશ્વર્યભાવ સંગત નથી, સંમત હશે સંગત નથી.** પણ કોઈ વસ્તુ શાસ્ત્રસંમત હોય એની સાથે સાથે એ પણ જોવું જરૂરી છે કે ભાવસંગત છે, એમાં એ ન ચાલે. દરેક વસ્તુની કોઈ ને કોઈની સાથે સંગતિ હોય. પુષ્ટિભાવમાં મર્યાદાભાવ વિસંગતિ છે, એ ખોટું નથી. ભગવાનને તમે કહો કે તું મહાનથી પણ મહાન છે તો શું ખોટું છે ? બિલકુલ સાચી વાત છે. પણ એ જ્યારે બિલાડીથી ધ્રુજતો હોય એવી લીલા કરતો હોય, એ ભયભીત હોય એવી લીલા કરતો હોય તો એ તમારી પાસેથી વાત્સલ્ય ઈચ્છે છે - આ વસ્તુ સંગત છે. એમ ભગવાન પણ બાળલીલા કરતા કરતા ધ્રુજતા ધ્રુજતા આવ્યા તો એ વૈષ્ણવનો ધર્મ હતો કે એ પ્રભુને નિર્ભય બનાવે, એને બદલે ભૂલ કરી નાખી. દૂધપાકમાં લીંબુ નાખી દીધું અને ભગવાનને કહેવા લાગી, લાલ ! તમે માસી પૂતનાને મારનારા, તમે કંસને મારનારા - તમે વળી બિલાડીથી ડરો છો ? આ શું નાટક કરો છો ? ભગવાનને થયું, લે ! આ ગરબડ થઈ ગઈ. આ વળી મને કંસને મારનાર, પૂતનાને મારનાર - એ રૂપથી જુવે છે; તો મેં વળી આ બાળલીલા ક્યાં કરી ? વાર્તા પ્રસંગ તો એવું કહે છે કે તે દિવસ પછી એને પ્રભુનો જે બાળભાવનો અનુભવ થતો હતો એ બંધ થઈ ગયો. એટલે મેં તમને કહ્યું કે ભગવાનની લીલા જે પ્રકારે થતી હોય એ લીલાને અનુરૂપ ભાવ હૃદયમાં રાખવો જોઈએ, તો મજા આવે. તો દૂધપાક બહુ મજાનો થાય છે. એમ ભગવાન પુષ્ટિલીલા કરતા હોય તો એમાં પુષ્ટિભાવોનું આરોપણ થવું જોઈએ, ભગવાન મર્યાદાલીલા કરતા હોય તો એમાં મર્યાદાના ભાવોનું આરોપણ થવું જોઈએ. આ સાચું કે ખોટું એવી વાત નથી પણ કઈ વસ્તુ સંગત છે અને કઈ વસ્તુ વિસંગત છે; કોઈ ચોક્કસ રાગને તમારે પ્રગટ કરવો હોય તો અમુક પ્રકારના સૂરો લેવાના, અમુક સૂરો છોડી દેવાના એમ ભક્તિનો અમુક ભાવ અનુભવવો હોય, વાત્સલ્યભાવ - શબરીને આંગણે ભગવાન રામ ભૂખ્યા થઈને પધાર્યા ત્યારે શબરીએ ઉપદેશ ન કર્યો કે હવે શું કરવા નાટક કરો છો ? તમે ત્રણેય લોકના સ્વામી છો. તમને તો વળી કાંઈ ભૂખ લાગતી હશે ? અને આવું જો શબરી બોલી હોત તો ભગવાનને એમ થયું હોત કે ખોટી જગ્યાએ આવ્યો. શબરી કહે, ભગવાન ! હું તો રોજ તમારા માટે મેવો સજાવીને બેસુ છું, આજે પણ મેવો તૈયાર છે. પધારો મારા રામ ! આરોગો. દ્વારિકાનો નાથ વિદૂરને ત્યાં ભૂખ્યો થઈને પહોંચ્યો તો વિદૂર પત્નીએ એમ ન કહ્યું કે તમને ભૂખ શેની લાગે ? તમે તો ભગવાન. ભગવાને કહ્યું કે કાકી ! ભૂખ્યો થઈને આવ્યો છું. તો વિદૂર પત્નીએ કહ્યું કે વહેલું કીધું હોત તો તમારે માટે ઘણુ બનાવત, અત્યારે તો ઘરમાં ખાલી આ ભાજી છે. ભગવાન કહે કે ભાજી મને ભાવે છે, લાવો અને વિદૂર પત્નીએ ભાજી ધરાવી. ભગવાનને ભોગ ધર્યો નહીં કે ભગવાનની સામે તર્ક-જ્ઞાનની વાતો ન કરી. જે ભાવ સાથે જે સુસંગત હોય એ લેવું

જોઈએ. વાત તમારી સાવ સાચી હોય તો પણ એ સંગત ન હોય, કોઈના લગ્નના Reception માં તમે જાવ, આમ વર-કન્યા ઊભા હોય, Video ઉતરતી હોય પછી ત્યાં જઈને તમે કહો, આ સંસારમાં કાંઈ સાર નથી, કશું સાથે આવ્યું નથી ને કશું સાથે જવાનું નથી. લોકો ઉચકીને બહાર નાખી આવે. હવે તમે આમાં ખોટું તો કાંઈ પણ બોલ્યા નથી, બિલકુલ સત્ય બોલ્યા છો પણ આ ક્યાં બોલાય ? કો'કના બેસણામાં જાવ ત્યારે તો એમ કહેવાય કે હા, આમેય જિંદગીનો શો ભરોસો છો ભાઈ, વહેલા-મોડા તો બધાયે જવાનું છે. વાત ગમે તેટલી સાચી હોય પણ એ સુસંગત હોવી જોઈએ અને પુષ્ટિમાર્ગમાં એનો અર્થ થાય છે ભજનમ્. ભજનમ્ એટલે સેવા કરવી. કારણ કે ભજ સેવાયામ્, ભક્તિ શબ્દનું Analysis કરવા જેવું છે. ભક્તિ શબ્દમાં બે શબ્દ છે, 'ભજ' એ ક્રિયાપદ સંસ્કૃતમાં કહું તો ધાતુ, 'ભજ' ક્રિયાપદ છે અને 'તિ' પ્રત્યય છે. 'ભજ' વ્યાકરણના નિયમ પ્રમાણે 'ભક્' થઈ ગયો અને પાછળ 'તિ' લાગ્યો. ભજ એટલે ભજવું અને એનો અર્થ છે સેવા કરવી. પુષ્ટિમાર્ગમાં ભક્તિનો અર્થ થાય છે સ્નેહપૂર્વક સેવા. ભજનમ્‌નો અર્થ થાય છે સેવા અને ભક્તિનો અર્થ છે સ્નેહપૂર્વક સેવા. 'તિ' એટલે સ્નેહ અને 'ભજ' એટલે સેવા, ક્રિયાપદને જ્યારે પ્રત્યય લાગે તો નામ બને છે. (ગુજરાતી ભાષામાં પણ ચાલવું એ ક્રિયાપદ પછી 'વું' કાઢી નાખો તો 'ચાલ', 'ચાલ' એ નામ થયું.) તો 'ભજ' ક્રિયાને સ્ત્રીલિંગ નામ આપવા માટે પાછળ 'તિ' પ્રત્યય લાગ્યો અને શબ્દ બન્યો 'ભક્તિ'. એમાં સ્ત્રીલિંગ કેમ બનાવ્યું ? તો કહે કે સેવા કરતા જેટલું સ્ત્રીને આવડે એટલું પુરુષને ન આવડે. જ્યાં સેવાની રીત છેને ત્યાં સ્ત્રીઓની Priority છે. દા.ત. હોસ્પિટલમાં દર્દીની સેવામાં મુખ્યત્વે કોણ હોય છે ? સ્ત્રીઓ. તમે વિમાનમાં મુસાફરી કરતા હો તો ત્યાં કોણ હોય? જેવું સ્ત્રીને સેવા કરતા આવડે એવું પુરુષને ન આવડે. પુરુષ સારો સેવક નથી બની શકતો. સેવા લેતા આવડે, સેવા કરતા ન આવડે. સુશ્રુષામાં સ્નેહ જરૂરી છે, દર્દીને માથે કોમળતાથી હાથ મૂકે. એ હાથ મૂકે એટલું જ નહીં, કોમળતાથી હાથ મૂકે. એટલા માટે જ તમે કોઈ બાઈ રાખી હોય કોઈ બીમારની સેવા કરવા માટે અને એ માથું દબાવે અને દીકરો બીમાર હોય અને મા માથું દબાવે તો કદાચ મા માથું દબાવે એમાં Expert તો ન હોય, કોઈ નિષ્ણાત ન હોય પણ છતાંય સંતાનને વધારે સુખ માના સ્પર્શથી થાય. કેમ કે માના સ્પર્શમાં કુશળતા ભલે ન હોય પણ પ્રેમ છે, લાગણી છે, વાત્સલ્ય છે એવી રીતે ભગવાનની ભક્તિમાં આપણને પ્રેમ હોવો જોઈએ. સેવામાં સ્નેહ હોવો જોઈએ અને એટલા જ માટે ભક્તિ શબ્દની આ વ્યાખ્યા યાદ રાખજો. **સ્નેહપૂર્વક સેવા એટલે ભક્તિ.** જગાવો, પ્રેમથી જગાવો. શ્રૃંગાર કરો, પ્રેમથી કરો. પોઢાડો, પ્રેમથી પોઢાડો. સ્મરણ કરો, તો પ્રેમથી સ્મરણ કરો. સામગ્રી કરો, તો પ્રેમથી સામગ્રી કરો. જેટલો પ્રેમ વધારે એટલા પ્રભુ વધારે પ્રસન્ન થશે. મહાપ્રભુજી વારંવાર આ વાત ઉપર ભાર મુકે છે. પુષ્ટિમાર્ગમાં સેવા-સસ્નેહા અન્નકૂટ નહીં આરોગો તો ભલે, પણ જે કાંઈ પ્રભુને ધરો એમાં પ્રેમ હોવો જોઈએ. માતા યશોદા ઉપર પ્રભુને ક્રોધ આવ્યો. આ બાજુ મા રસોડા તરફ દોડી અને આ બાજુ કૃષ્ણ ઘરમાં પધાર્યા અને પછી તો ઘરમાં દૂધ-દહીંના જેટલા પાત્રો હતા એ બધાને તોડવા લાગ્યા. ક્રોધ આવ્યો ભ્રૃકુટિ વક્ર થઈ ગઈ. ઘરમાં દૂધ-દહીંની રેલમછેલ કરી નાખી. માંકડાને બોલાવીને કહ્યું કે આજે મારા ઘરે આરોગો, ઘરમાં આ બધું નુકસાન થયેલું જોઈ માએ ઉઠાવી લાકડી અને જ્યાં લાકડી લઈને યશોદા મારવા આવે છે

એવું જોયું એટલે કૃષ્ણ એના નાના ચરણોથી દોડ્યા. મહાપ્રભુજી કહે છે કે માને જોઈને ભયભીત થઈ ગયેલો આ બાળક માના મારથી બચવાને માટે દૂર ભાગી રહ્યો છે એ એમનું દૂર ભાગવું પણ કેટલું મધુર છે. ભગવાનને કોઈનો ભય ન હોય પણ ભગવાનનું ભયભીત દેખાડવું એ મધુર છે. જરાક એવું પણ બતાવ્યું કે ડરી ગયો છે, માને એમ થયું કે બહુ ડરી ગયો છે વધારે એને ડરાવાય નહીં. માએ લાકડી મૂકી દીધી, કૃષ્ણને પકડ્યા. યશોદાએ કહ્યું કે હું આજે તને છોડવાની નથી હોં ! આજે હું તને બરાબર શિક્ષા કરીશ. કનૈયા ! આજ મૈં તુઝે સજા કરુંગી, આજ મૈં દયા નહીં કરુંગી. લઈ આવી મા દોરડું, દોરડાનો એક છેડો ખાંડણીયે બાંધ્યો અને બીજો શ્રીકૃષ્ણની કેડે બાંધવા જાય છે પણ દોરડું બે આંગળ ખૂટ્યું છે. મા જરાક લાંબુ દોરડું લઈને આવી, એ પણ બે આંગળ ખૂટ્યું. મા એના કરતા પણ લાંબુ દોરડું લઈને આવી તોય બે આંગળ ખૂટ્યું. આ કોઈ ભૌતિક રીતે સમજાય એવી કથા નથી. ભૌતિક રીતે તો દોરડું ટુંકું હોય તો ખૂટે પણ લાંબુ લઈને આવો તો કેવી રીતે ખૂટે ? પરંતુ એ કથા ભૌતિક રીતે સમજવાની નથી. તમે ભગવાનને ક્યારેય પણ બાંધી ન શકો એના બે-ત્રણ કારણ છે. પહેલું કારણ તો એ કે તમે ભગવાનને શેના વડે બાંધશો ? કારણ કે ભગવાનથી મોટું તો આ જગતમાં કોઈ છે જ નહીં. **महतो महीयान्...** એ તો મોટાથી પણ મોટો છે, જે સૌથી મોટો છે એને તમે કયા દોરડાથી બાંધશો ? અને બાંધવા માટે નિયમ છે કે મૂળ વસ્તુ કરતા જેનાથી બાંધવાનું હોયને એ મોટી હોવી જોઈએ. ભગવાનથી મોટું તો કાંઈ છે જ નહીં, કેવીરીતે બાંધશો ? બીજી વાત - કોઈપણ વસ્તુને બાંધવી હોય તો એનો અંત હોવો જરૂરી છે. કોઈ એમ કહે કે આ જમીનને માપો તો જમીનનો છેડો

હોય તો તમે માપી શકો. કોઈ કહે કે કપડાને માપો તો એને પામી શકાય કારણ કે એને છેડો આવે. કોઈને પણ માપવું હોય તો એનો અંત જરૂરી છે. હવે ભગવાનનો તો કોઈ અંત નથી કેમ બાંધી શકો તમે ? અને ત્રીજી વાત જ્યારે ભગવાન અને દોરડું ભેગા થાય તો દોરડાનો ધર્મ અને ભગવાનનો ધર્મ - ભગવાનનો ધર્મ પ્રબળ હોવાના કારણે દોરડાનો ધર્મ દબાવી અને ભગવાનનો પ્રબળ ધર્મ પ્રગટ થાય. દોરડું

અને ભગવાન એકબીજા કરતા વિરૂદ્ધ ધર્મ છે. દોરડાનું કામ બાંધવાનું છે અને ભગવાનનું કામ મુક્તિ આપવાનું છે, કૃષ્ણ મુક્તિદાતા છે અને દોરડું તો હંમેશાં બાંધવા માટે હોય છે. હવે બંધન કરનાર અને મુક્તિ આપનાર આ બે ભેગા થાય તો બેમાંથી જે વધારે બળવાન હોય, તો ભગવાન તો મુક્તિ આપનારા છે એટલે દોરડામાં પણ બાંધવાનો જે સ્વભાવ છે એનું પરિવર્તન થઈ જાય છે. હવે દોરડું ભગવાનને કેવી રીતે બાંધી શકે ? તફાવત સમજજો. યશોદાએ બહુ પ્રયત્ન કર્યો પણ ન બંધાયું. હવે તો પછી ગોપીઓ પણ ભેગી થઈ ગઈ. યશોદાને જોઈને હસે છે, મા રહેવા દો ! આને કોઈ ન બાંધી શકે. હવે બધા ભેગા થયા એટલે યશોદાને પણ થયું કે બાંધું જ, હવે વટનો સવાલ છે. મા પરસેવે રેબઝેબ થઈ ગઈ, હાંફવા લાગી, થાકી ગઈ. ભગવાનને દયા આવી. કૃષ્ણ તો પુષ્ટિપ્રભુ છે ને પ્રભુને કરૂણા જાગી. અરેરે ! મારે માને બહુ શ્રમ ન આપવો જોઈએ. અરે યશોદા માને સુખ આપવાને માટે એમનો પુત્ર થઈને આવ્યો છું અને પુત્રનો પણ ધર્મ છે કે માતા ને સુખ આપવું અને હું તો મારી માતાને પરિશ્રમ આપી રહ્યો છું, આ બરાબર ન કહેવાય. ચાલો, હું હવે એને રાજી કરું. યશોદાને રાજી કરવા માટે પ્રભુ દોરડાથી બંધાઈ ગયા.

શુકદેવજી બોલ્યા, જેના કેશ છૂટી ગયા છે, પરસેવે રેબઝેબ થઈ ગઈ છે, હઠે ચડેલી છે એવી મા યશોદાના પરિશ્રમને જોઈને, કૃપા કરીને પ્રભુ બંધાઈ ગયા. શુકદેવજી બોલવામાં બહુ સાવધાન છે. યશોદાએ બાંધ્યા એવું ન કહ્યું પણ પ્રભુ યશોદાથી બંધાયા એમ કહ્યું છે. શક્તિ ન બાંધી શકે, ભક્તિ બાંધી શકે. માને થયું, હાશ ! આખરે તો મેં બાંધ્યોને. ભગવાન કહે કે ચાલો રાજી થાય છે મા, તો થવા દો પુત્રનો ધર્મ છે. પરંતુ પછી તો એ જોર જોરથી રોવા લાગ્યો. કદાચ માને દયા આવે ને છોડી દે. રોતો રોતો મા સામે જુવે છે, મા તું મને છોડ. ભગવાન પણ આમ સ્વસ્થ નથી રહ્યા, કૃષ્ણ રડે છે. કુંતાજીએ તો જોયું હતું આંખમાં જે કાજળ આંજ્યું હતુંને એ પણ ધોવાઈને ગાલ ઉપર ઉતરી રહ્યું હતું. ભગવાન તો દરેક લીલાને અનુરૂપ થઈ જાય છે, વારે વારે રોતો રોતો મા સામું જુવે છે. મા ! તું મને બાંધ નહીં, મા ! તું મને બાંધ નહીં. પણ આજે યશોદાએ બહુ કઠણ હૃદય કરીને બાંધી દીધો છે. માને થયું કે હું બહુ ઉભી રહીશ તો મારું મન બદલાઈ જશે. મેં એવી માતાઓ જોઈ છે ગુસ્સે થઈને બાળકને મારે અને પછી બાળક રડતું હોય તો એની સામે બેસીને એ પણ રડે, બાળકના ઉપર ક્રોધ તો કરે પછી એને પસ્તાવો થાય કે મેં કેમ ક્રોધ કર્યો. યશોદાએ ગોપીઓને કહ્યું કે તમે ચાલ્યા જાવ.

ગોપીઓ તો વિદાય થઈ ગઈ, યશોદા પણ ઓરડામાં ચાલ્યા ગયા. એકાંત મળ્યું એટલે પ્રભુએ વિચાર કર્યો, આપણે બંધાઈ ગયા તો ભલે બંધાઈ ગયા પણ કો'કનો ઉદ્ધાર કરીએ. પોતે બંધાયેલો કૃષ્ણ હવે મુક્તિ આપવા નીકળ્યો છે. ખાંડણીયો ખેચતાં ખેચતાં આંગણામાં આવ્યા. આંગણામાં બે વૃક્ષ ઉગેલા હતા. અર્જુનવૃક્ષ આમ બિલકુલ એક સાથે ઉગેલા જોડિયા હતા. એ કૃષ્ણ એની અંદર પ્રવેશ્યા. ભગવાન તો બંને વૃક્ષોમાંથી આરપાર નીકળી ગયા પણ ખાંડણીઓ આડો પડ્યો. ભગવાનની ગતિ રોકાઈ ગઈ. શ્રીકૃષ્ણએ જોરથી આંચકો માર્યો અને બંને વૃક્ષો મૂળ સહિત ઉખડીને નીચે પડ્યા. અંદરથી ધડામ અવાજ આવ્યો અને આ બે વૃક્ષોમાંથી બે દિવ્ય પુરુષો પ્રગટ થયા. પરીક્ષિતે પૂછ્યું કે આ કોણ હતા ? શુકદેવજીએ કહ્યું કે કુબેરના બે પુત્રો હતા. એકનું નામ નલકુબર અને બીજાનું નામ મણિગ્રીવ, આ બન્નેને નારદજીનો શ્રાપ લાગ્યો હતો.

મંદાકિનીમાં સ્નાન કરતા હતા, નિર્વસ્ત્ર સ્નાન કરતા હતા. શ્રી નારદજીનું ત્યાં આગમન થયું. જે દેવાંગનાઓ નિર્વસ્ત્ર સ્નાન કરતી હતી એ જલદી બહાર આવી ગઈ, એમણે પોતાના દેહને ઢાંકી દીધો. પરંતુ પેલા બે જણા કુબેરના પુત્રો હોવાનો અભિમાન હતું પાછું એમણે મદિરાપાન પણ કરેલું હતું, એ સાવ નિર્લજ્જ થઈ નિર્વસ્ત્ર સ્થિતિમાં નારદજીની સામે ઊભા રહ્યા. ભગવાન નારદજીને થયું કે આમનો મદ મારે ઉતારવો જોઈએ.

સંસ્કૃતમાં સરસ શબ્દ છે **'દમન'** - શ્રીજી બાવાએ ઓળખાણ શું આપી ? દેવદમન, ઇન્દ્રદમન, નાગદમન. દમન શબ્દને ઉલટાવો, જીવમાં જ્યારે મદ આવે ત્યારે એને મદવિહીન બનાવવા માટે પ્રભુ દમન કરે છે. દેવોમાં અભિમાન આવ્યું તો ભગવાને દેવદમન લીલા કરી. ઇન્દ્રમાં અભિમાન આવ્યું તો ઇન્દ્રદમન લીલા કરી. કાલિનાગમાં અભિમાન હતું તો પ્રભુએ નાગદમન લીલા કરી. જ્યાં મદ આવે ત્યાં દમન આવે અને એટલા માટે પ્રભુએ, નારદજીએ એમને શ્રાપ આપ્યો 'તમે વૃક્ષ યોનિમાં પડશો.' પછી કુબેરપુત્રોને બહુ પશ્ચાતાપ થયો, ખૂબ રડ્યા, નારદજીના ચરણ પકડી લીધા. 'અમને ક્ષમા કરો, અમને ભાન ન રહ્યું, અમારો અપરાધ અમે કબૂલ કરીએ છીએ પરંતુ અમને ક્ષમા કરો.' નારદજીને દયા આવી એમણે કહ્યું કે જાવ શ્રાપ તો મારો લાગેલો રહેશે જ પરંતુ તમે વ્રજમાં નંદબાવાના ઘરના આંગણામાં વૃક્ષ થઈને જનમશો અને એક દિવસ શ્રીકૃષ્ણ તમારો ઉદ્ધાર કરશે. નારદજીએ જે શ્રાપ આપ્યો હતો જાણે કે હવે એને વરદાન બનાવી દીધું. એક તો વ્રજમાં વાસ એમાંય પાછી ભગવાનની લીલાના અંગ. કોઈવાર ભગવાન ઝાડ ઉપર ચડ્યા હશે, કોઈ વાર ઝાડની પાછળ સંતાઈ ગયા હશે - આ બધા લીલાના અંગ થયા. એ વૃક્ષ પણ લીલાપયોગી બન્યું. ભગવાન કહે કે મને આટલું સુખ આપ્યુંને કે ચલો હવે એમનો પણ ઉદ્ધાર કરો અથવા નારદજીના વચનને સત્ય કરવાને માટે પ્રભુ પધાર્યા. ભગવાનની ગતિ રોકાઈ ગઈ, જોરથી આંચકો માર્યો અને બન્ને વૃક્ષો ઉખડીને ધરતી ઉપર ઢળી પડ્યા. એમાંથી આ બે દિવ્ય પુરુષો પ્રગટ થયા. ભગવાનને દંડવત્ કરી, નમન કરી, પરિક્રમા કરીને તેમણે વિદાય લીધી. પછી વૃક્ષનો પડવાનો અવાજ બધાએ સાંભળ્યો. સૌ દોડી આવ્યા. લાલાને દોરડામાંથી મુક્ત કર્યા પછી તો યશોદાજી ઉપર બધા જ ટુટી પડ્યા. 'તેરો કઠીન હૈયો રે માઈ ! અરે યશોદા ! તારામાં કાંઈ દયા છે કે નહીં, પથરા જેવી છું. લાલાને તેં બાંધી દીધો થોડાક દહીં ખાતર. જોતો આ કેટલો રડી રહ્યો છે.' અને પછી આ તો નાટક કરવામાં તો કાંઈ પાછો પડે એવો નથી. દરેક બાળક ચતુર હોય છે. કૃષ્ણ જોરથી રડવા લાગ્યા. ગોપીઓએ કૃષ્ણનો પક્ષ લીધો. યશોદા ! તું કેવી કઠોર છે, તેં લાલાને દંડ દીધો. અરે ! અમારા ઘરમાં કેટલું તોડ્યું છે ? અમારા ઘરમાં કેટલું નુકસાન કર્યું છે ? અમે તો એને કોઈ દિવસ બાંધ્યો નથી. યશોદા કહે છે કે રોજ તમે આવીને કહેતા હતાને મારું આમ કર્યું, મારું આમ કર્યું એટલે મને ગુસ્સો આવ્યો. આચાર્યશ્રી મહાપ્રભુજીએ પ્રભુની આ લીલાને દામોદરલીલા નામ આપ્યું છે. જેના ઉદર ઉપર દામ એટલે દોરડું છે. પુરુષોત્તમ સહસ્ત્રમાં પ્રભુએ આ દામોદર લીલાને ભક્ત વશ્યતા બતાવી. આ શુકદેવજીએ પેલો શબ્દ છે, શુકદેવજીએ આ લીલાનું વર્ણન કરતા કરતા રોમાંચિત થઈ રહ્યા છે. પ્રભુએ જે સુખ બ્રહ્માને નથી આપ્યું, જે સુખ શિવજીને નથી આપ્યું, જે સુખ લક્ષ્મીને નથી આપ્યું એ સુખ આજે મા યશોદાને આપ્યું અને અહીંયા મા યશોદા માટે શુકદેવજીએ શબ્દ વાપર્યો છે 'ગોપી યશોદા'ને. ગોપી કેમ કહે છે ? બે કારણથી એક એની નાદાની બતાવવા માટે.

ઘરમાં થોડું નુકસાન કર્યું એટલા માટે ભગવાનને બાંધવાના હોય ? અથવા ભગવાનને તો કાંઈ કોઈ દોરડાથી કોઈ બાંધી શકતું હશે ? કેવી નાદાન સ્ત્રી છે કે આવું કરી રહી છે. યશોદાજીની નાદાન અવસ્થા બતાવવા માટે, બાલીશતા બતાવવાને માટે આ શબ્દનો પ્રયોગ કર્યો. બીજું એ જાતિથી ટેવાયેલા છે. ગોપી એટલે કોણ ? ગોપોની પત્ની. હવે ગોવાળિયાને તો આ આદત જ હોય સાંજે ગાય કે જે કાંઈ ચરીને આવે એટલે તરત એને દોરડું લઈને બાંધી દે, આ તો એનો કુળનો સ્વભાવ. જેમ પશુને બાંધવા જાય એમ પ્રભુને બાંધવા ગઈ માટે ગોપી અને કથા તો એવી છે કે જે દોરડાથી ગાયોને બાંધતા હતા એ દોરડાથી કૃષ્ણને બાંધ્યા છે કારણ કે બીજું દોરડું એમના ઘરમાં ક્યાંથી હોય અને ઘણા તો એવું પણ કહે છે કે કોઈ દોરડાથી બંધાતા નહોતાને એટલે યશોદાજીને ગોપીએ કાનમાં આવીને કહ્યું કે બરસાનાથી દોરડું મંગાવો, પછી જો બંધાય છે કે નહીં. અને દોડતા દોડતા કો'ક ગયું અને બરસાનાથી વૃષભાનુ ગોપને ત્યાંથી દોરડું લઈ આવ્યા. ભગવાનને હવે બંધાયા વગર છુટકો જ નથી. જુદી જુદી ભાવનાઓ વ્રજમાં પ્રગટ થાય છે. બ્રહ્મા, શિવ અને લક્ષ્મી - આ ત્રણેયનો ભગવાન સાથેનો સંબંધ છે એટલે તો શુકદેવજી ત્રણેયનું નામ લે છે. બ્રહ્મા કોણ ? ભગવાનના પુત્ર. રૂદ્ર કોણ ? ભગવાનના પૌત્ર અને લક્ષ્મી કોણ ? ભગવાનની પત્ની. આ ત્રણેયનો ભગવાન સાથે અંગ સંબંધ છે એટલે આ ત્રણેય ભગવાનના અંગો છે. બ્રહ્માનો ક્યાં સંબંધ છે ? નાભિ કમળ સાથે. રૂદ્ર, અહંકાર ભગવાનનો અહંકાર રૂદ્ર છે અને લક્ષ્મી અર્ધાંગિની. લક્ષ્મી, રૂદ્ર અને બ્રહ્મા - આ ત્રણેય ભગવાનના અંગ છે પણ એ ત્રણેયને જે સૌભાગ્ય ન આપ્યું એ ત્રણેયને જે સુખ ન આપ્યું એ સુખ પ્રભુએ વ્રજની એક ગોપીને, યશોદાને આપ્યું છે. બ્રહ્માએ બાંધ્યા હોય એવી કથા નથી, શિવજીએ બાંધ્યા હોય એવી કથા નથી, લક્ષ્મીજીએ બાંધ્યા હોય એવી કથા નથી. હા, યશોદાએ બાંધ્યા. ભગવાનની આ લીલા બહુ ગમી છે, આ ભગવાનની પુષ્ટિલીલા છે. વૈષ્ણવો મહાપ્રભુજીએ મર્યાદાલીલા અને પુષ્ટિલીલા વચ્ચેનો ભેદ એક કારિકામાં બહુ સ્પષ્ટ કરી દીધો છે. જે લીલામાં ભગવાન સ્વતંત્ર હોય એ મર્યાદાલીલા અને જે લીલામાં ભગવાન ભકતપરાધીન હોય એ ભગવાનની પુષ્ટિલીલા. મહાપ્રભુજીના શબ્દોમાં કહેવું હોય તો; **कृष्णाधीन तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते** કૃષ્ણને આધિન ભક્ત હોય તો એ મર્યાદા અને ભક્તને આધિન કૃષ્ણ હોય તો એ પુષ્ટિલીલા. અહીંયા યશોદાએ ભગવાનને બાંધ્યા, ભગવાને યશોદાને નથી બાંધ્યા. પછી યશોદાને પણ બહુ દુઃખ થયું કે મેં ગુસ્સે આવીને આવું કર્યું. બધા તો તુટી જ પડ્યા, તને કાંઈ લાગણી નથી. હે યશોદા ! તું કેવી છે ? સાંજે બધા ભેગા થયા આપણે અહીંયા ઉપદ્રવો બહુ થવા લાગ્યા છે. લાગે છે આ ભૂમિ આપણે બદલી નાખવી જોઈએ. જરા તપાસ કરો આજુબાજુ, કોઈ સારી જગ્યા દેખાય છે કે જ્યાં આપણે કૃષ્ણને લઈને સુખેથી રહી શકીએ. આ ભૂમિ ઉપર બહુ ઉપદ્રવ થઈ રહ્યા છે. હા, થોડે દૂર વૃંદાવન નામનું બહુ સુંદર સ્થળ છે. બધાએ નક્કી કર્યું હવે આપણે બધાએ આ જગ્યાએથી ચાલ્યા જવું જોઈએ.

શુભ દિવસ નક્કી કરવામાં આવ્યો. ગાડાઓમાં બધી સામગ્રી ભરી દેવામાં આવી છે અને એક કૃષ્ણને ખાતર સમગ્ર ગામના લોકોએ પોતાના સ્થળનો ત્યાગ કરી, સૌ ગોકુળ છોડી અને હવે વૃંદાવન રવાના થયા. વૃંદાવન વિહારી થયા. ઉપદ્રવોથી બચવા માટે આ લોકો આવ્યા હતા પણ અહીંયા આવ્યા પછી પાછાં ઉપદ્રવો શરૂ થયા. વૃંદાવનમાં પધાર્યા પછી પહેલી કથા

પણ વત્સાસુરને માર્યો તે છે, પણ ફેર એટલો છે કે ગોકુળમાં કૃષ્ણ ભગવાન જે કોઈ લીલા કરે છે એ લીલા બધાના દેખતા નથી કરી. પૂતનાને મારી પણ કોઈને ખબર ન પડી કે આણે મારી છે ? તૃણાવત મર્યો પણ લાલાએ માર્યો છે એવી ખબર નથી. ગાડું ઉલળીને પડ્યું એ પ્રશ્ન બધાના મનમાં રહ્યો કે એવું શું થયું કે આખું ગાડું ઉલળીને પડ્યું. પરંતુ બાળકૃષ્ણની લાત વાગવાથી ગાડું ઉલળીને પડ્યું એ કોઈના સમજવામાં ન આવ્યું. ગોકુળમાં પ્રભુએ પોતાના ઐશ્વર્યને સંપૂર્ણ છૂપાવ્યું છે. વૃંદાવન લીલામાં હવે પ્રભુ ધીરે ધીરે પોતાના ઐશ્વર્યને ખોલી રહ્યા છે. ભગવાને વત્સાસુરને માર્યો બધાના દેખતા, પછી ભગવાને બકાસુરને માર્યો બધાના દેખતા. હવે પ્રભુ ધીરે ધીરે પોતાની મહત્તાને પ્રગટ કરી રહ્યા છે. જે વખતે જે કરવું જોઈએ એ પ્રમાણે જ પ્રભુ બધું કરે છે. માતા-પિતાનો નિરોધ કરવો હતો ત્યાં સુધી ઐશ્વર્ય પ્રગટ નથી કર્યું કારણ કે માતા-પિતાનો નિરોધ તો વાત્સલ્યથી થાય ને બાળભાવથી થાય. હવે જ્યારે ગોપીઓનો નિરોધ કરવો છે ત્યારે ભગવાન ધીરે ધીરે ઐશ્વર્ય ખોલતા જાય છે. પહેલી ઘટના આ ભગવાને વત્સાસુરનો નાશ કર્યો તે અને છેલ્લી લીલા સાત દિવસ ગોવર્ધન ધારણ કર્યો તે, આની વચ્ચેની બધી લીલાઓ પ્રભુએ પોતાના માહાત્મ્યને પ્રગટ કરવા માટે કરી છે. **विषजलाप्ययात्** ગોપીઓ કહે છે, અમારું રક્ષણ પ્રભુ આપે કર્યું છે. આપણે ઘણીવાર કહીએ છીએ કે બચી ગયા પણ, બચી ગયા નથી પ્રભુએ આપણને બચાવ્યા છે અને બીજું કે ભૂલેચુકેય તમારા જીવનમાં Luckily શબ્દ તો વાપરશો જ નહીં, લકીલી ! અમે બચી ગયા. લકીલી શું વળી ? આપણા જીવનમાં તો જે ઘટના બને છે એ ભગવત ઈચ્છાથી જ બને છે. ગુડલક, બેડલક, એવું બધું આપણે કાંઈ ન હોય. આપણું ભાગ્ય આપણો ભગવાન છે અને આપણું ભાગ્ય આપણો ભગવાન હોય તો એમાં ગુડલક કે બેડલક જેવું શું હોય ? એ તો નસીબ સારું કે અમે બચી ગયા. નસીબ સારું એવું નહીં આપણો પ્રભુ સર્વસમર્થ છે માટે આપણે બચ્યાં. **ऋषभ, ते वयं रक्षिता मुहुः** તારાથી અમારું રક્ષણ થયું છે પ્રભુ ! નહીં કે અમારી ચતુરાઈથી અને આ જ વાત કુંતા એ પણ કહી. આપે અમારી રક્ષા કરી પ્રભુ ! તો નસીબ Luck આવા બધા શબ્દો આપણા કામના નથી. આપણે તો એમના અનુગ્રહિત્ જીવો છીએ, એ આપણને બચાવે છે. આપણી રક્ષા કરવી એ એને ગમે છે, આપણી રક્ષા કરવી એ એનું વ્રત છે. શરણસ્થ હોવું એ જીવધર્મ છે અને શરણસ્થ સમુદ્ધાર હોવું એ ભગવદ્ ધર્મ છે. મહાપ્રભુજીએ આ શબ્દ આપ્યો છે. **शरणस्थ समुद्धारं कृष्णं** કેવો કૃષ્ણ? સર્વસ્વ સમુદ્ધારક જીવ હોવો જોઈએ શરણસ્થ અને પ્રભુ છે સમુદ્ધારક કૃષ્ણ ને કેવળ ઉદ્ધારક નથી કહ્યા સમુદ્ધારક કહ્યા છે. તમે વિનંતી કરો અને તમારો ઉદ્ધાર કરે એ ઉદ્ધાર અને તમારે તમારો ઉદ્ધાર ન કરવો હોય અને તોય તમારો ઉદ્ધાર કરે. તમે ઉદ્ધાર યોગ્ય ન હોવા છતાં તમારો ઉદ્ધાર કરે, તમને એ પણ ભાન ન હોય કે તમો પડ્યા છો અને છતાંય તમને ઉપાડે એ સમુદ્ધારક છે અને એટલા માટે સમુદ્ધારક તો પ્રભુએ ભક્તોની રક્ષા કરી છે અને ધીરે ધીરે વૃંદાવન લીલામાં પોતાના ઐશ્વર્યને પ્રગટ કરી રહ્યા છે. પોતાના ઐશ્વર્યને પણ એટલા માટે પ્રગટ કરી રહ્યા છે કે ભવિષ્યમાં થનારી લીલાઓ માટે કોઈને પ્રભુ પ્રત્યે સંશયનો ભાવ ન જાગે. આગળ ચીરહરણ લીલા આવશે. આગળ રાસલીલા આવશે. તો ભગવાનમાં કોઈને દોષ બુદ્ધિ ન થાય. ભગવાનની લીલામાં કોઈને દોષ ભાવ ન જાગે એટલા માટે પ્રભુ પાણી પહેલા પાળ બાંધે છે. જો તમને ઈશ્વર છે એવું સમજાઈ જાય, જો તમને એ સર્વશક્તિમાન છે એવું સમજાઈ જાય, જો તમને એ સર્વેશ્વર છે એવું સમજાઈ જાય તો પછી એની કોઈ પણ કૃતિમાં એનો દોષ નહીં દેખાય. એટલે જ્યાં જ્યાં ભગવાને પોતાનું

ઐશ્વર્ય છુપાવ્યું છે ત્યાં એ છુપાવવા યોગ્ય હતું તેથી છુપાવ્યું છે, જ્યાં જ્યાં પોતાના ઐશ્વર્યને પ્રગટ કર્યો છે ત્યાં પ્રગટ કરવા જરૂરી હતું માટે કર્યો છે. પ્રમાણ લીલા પ્રમાણે પ્રમાણ લીલા કરી, પ્રમેય લીલા પ્રમાણે પ્રમેય લીલા કરી, સાધન લીલા અનુસાર સાધન લીલા કરી અને ફળનું દાન કરવું હતું ત્યાં પ્રભુએ ફળની લીલા કરી છે. પ્રભુ વૃંદાવન વિહારી થયા અને વૃંદાવનમાં ભગવાનનું અનેક સુમધુર ચરિત્રોનું નિરૂપણ શુકદેવજી કરે છે.

ભગવાન વૃંદાવન વિહારી બન્યા અને હવે નાના વાછરડાં ચરાવવાને માટે તે પધારે છે. ગોપાલ બનતા પહેલા પ્રભુ વત્સપાલ બન્યા છે. શ્રીકૃષ્ણને ગાયો બહુ વ્હાલી છે, સ્વયં ગાયોની સેવા તો કરી છે પરંતુ પોતાના લોકને પણ એમણે ગોલોક નામ આપ્યું છે. કેવળ ગાયોનું રક્ષણ કર્યું છે એવું નથી પરંતુ **शीलतृणांकुरैः** બધુ સહન કરીને પણ એમણે ગાયોની સેવા કરી છે. ભગવાને જોયું કે કંસે મોકલેલો એક અસુર વાછરડાનું રૂપ લઈને એમાં ભળી ગયો છે. પ્રભુ પધાર્યા આવીને પાછળથી એમના પગ પકડી લીધા, જોર જોર ઘુમાવ્યો, પછાડી એને માર્યો. થોડા દિવસ પછી યમુનાજીના કિનારે એક બગલાના રૂપમાં અસુર આવ્યો છે, નામ એનું બકાસુર. પ્રભુએ એને જોઈને એનો પણ ઉદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો. બકાસુર આવ્યો અને ચાંચ પહોળી કરીને કૃષ્ણને મુખમાં લઈ લીધા. એના કંઠ સુધી ભગવાનને લઈ ગયો પણ નીચે ન ઉતારી શક્યો કારણ કે એનો કંઠ બળવા લાગ્યો. એણે શ્રીકૃષ્ણને બહાર કાઢી દીધા. ચાંચથી પ્રહાર કરવા ગયો, પ્રભુએ એની ચાંચ પકડીને ચીરી નાંખ્યો. હવે આ બે કથાનું રહસ્ય સમજીએ. વત્સાસુર એટલે આપણને પરિવાર માટેની એવી આસક્તિ કે જે પ્રભુભક્તિમાં બાધક થાય, બકાસુરનો અર્થ છે જેમ યમુના કિનારે આ બગલો હતો એમ ઘણીવાર ભક્તિના કિનારે દંભ આવીને વસે છે. **દંભ એટલે શું? જે ગુણ આપણામાં ન હોય એ ગુણ આપણે બતાવીએ એને દંભ કહેવાય.** ભક્તિ કરનારાએ પણ એટલું તો સાવધાન રહેવાનું છે કે એની ભક્તિ જગતનું સન્માન મેળવવા માટે, પ્રદર્શન કરવા માટે નથી. આપણે ભગવાનની ભક્તિ કરીએ, એની બહુ જાહેરાત ન કરવી. શ્રી હરિરાયજી મહાપ્રભુજી આજ્ઞા કરે છે. આ એક શ્લોક કદાચ તમને નહીં આવડતો હોય પણ મોંઢે કરવા જેવો છે.

तस्य सेवां प्रकुर्वीत यावज्जीवं स्वधर्मतः ।
न फलार्थं न भोगार्थं न प्रतिष्ठाप्रसिद्धये ।।

જે ભક્તિ કરે એણે આટલું યાદ રાખવાનું. ન.....હું કોઈ ફળ મેળવવા માટે ભક્તિ કરતો નથી. મારે ભક્તિના બદલામાં કોઈ ભોગ નથી જોઈતો. જગતમાં પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ મળે એટલા માટે હું પ્રભુની સેવા નથી કરતો. એક તો પ્રભુ ભક્તિ સેવા કહો કે સ્મરણ કહો એ જીવનપર્યન્ત થાય. ભગવાનની ભક્તિ કોઈ અનુષ્ઠાન નથી કે એનો આરંભ થાય અને એની પૂર્ણાહૂતિ થાય. ભગવાનની ભક્તિ કોઈ કર્મકાંડ નથી. ભગવાનની ભક્તિ છે ભગવાન સાથેનો આપણો સ્નેહ અને ભગવાન સાથેના આપણા સ્નેહનું કોઈ પૂર્ણવિરામ ન હોય. કેમકે ભક્તિ કરવી એ આપણો ધર્મ છે અને એ કરીને આપણે આપણા ધર્મનું પરિપાલન કરી રહ્યા છીએ અને સ્વધર્મનું પરિપાલન કરવા માટે આ ચાર વસ્તુ ન હોવી જોઈએ - ફળ, ભોગ, પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ. તો ભગવાને બકાસુરને માર્યો એનો અર્થ એ છે કે પ્રભુની ભક્તિ જે એકાંતિક હોવી જોઈએ એને બદલે આપણે એને જાહેર વિષય ન કરીએ. હવે પછી જે ત્રણ અધ્યાયો આવે છે એને શ્રી મહાપ્રભુજીએ પ્રક્ષિપ્ત અધ્યાય માન્યા છે. એનો અર્થ એ છે કે આ અધ્યાય, આ લીલા ભગવાને તો કરી

છે પણ એ સારસ્વત કલ્પની લીલા નથી. પુષ્ટિમાર્ગમાં ભગવત લીલાનું જે વર્ણન થયું છે એ સારસ્વત કલ્પમાં પ્રગટ થયેલા પુષ્ટિપુરુષોત્તમ લીલાનું નિરૂપણ છે અને એટલા માટે આચાર્ય ચરણોને આ ત્રણ અધ્યાયો સમાધિ ભાષામાં માન્ય નથી થયા. આ ત્રણ અધ્યાયઓને પ્રક્ષિપ્ત અધ્યાયો કહ્યા છે. લીલા બે છે એક અઘાસુરને માર્યો તે અને બીજી બ્રહ્માજીનો મોહ દૂર કર્યો તે. જો કે શ્રી મહાપ્રભુજીએ એની ઉપર સુબોધિની પ્રગટ કર્યા છે પણ એ પણ કોઈ ખાસ વિસ્તારથી નહીં અને ભાગવતજીના એટલા માટે શ્રી મહાપ્રભુજીએ ૯૦ અધ્યાય નથી માન્યા, ૮૭ અધ્યાય માન્યા છે. આપણે કથા લઈએ, પ્રસંગ સુંદર છે. ભલે અન્ય કલ્પની લીલા હોય પણ છે તો ભગવદ્ લીલા. વહેલી સવારે પ્રભુ જાગ્યા છે, શંખનો નાદ કરતા કરતા ભગવાન સખાઓને જગાવે છે. ચાલો આપણે સહુ વનમાં ભોજન કરવા જઈએ. રાજભોગ ત્રણ ભાવનાથી ભાગવતમાં બતાવ્યો છે. એક રાજભોગ પ્રભુ યશોદાજીની ગોદમાં આરોગે છે, સાવ નાના છેને ત્યારે. પછી વાછરડા ચરાવતા થયા, ગાયો ચરાવતા થયા એટલે એ રાજભાગ છે, છાક લીલા એ કથા હમણાં આવશે અને એક છે કુંજભોજન. છાક લીલામાં પ્રભુ સખાઓની સાથે આરોગે છે, કુંજભોજનમાં ભગવાન સ્વામિનીજીની સાથે આરોગે છે. હવે ભગવાને નક્કી કર્યું કે આપણે વનમાં ભોજન કરીશું. સખાઓને કહ્યું તમે તમારી સાથે થોડુઘણું ભાથુ લેતા આવજો. સૌ નીકળ્યા છે. કંસે મોકલેલો અસુર અજગરનું રૂપ લઈને રસ્તામાં પડ્યો છે. નીચેનો હોઠ ભૂમિને સ્પર્શે છે અને ઉપરનો વાદળને. ગોવાળો આ કોઈ પર્વતની ગુફા હશે એવું સમજીને ભગવાનના રોકવા છતાં ન રોકાયા અને અંદર પ્રવેશ્યા, એના જઠરાગ્નિથી નિષ્પ્રાણ થયા. આ બધાને બચાવવાને માટે, એમને ઉગારવાને માટે ભગવાન પણ ભીતર પધાર્યા. અઘાસુરે મુખ બંધ કરી દીધું અને પ્રભુએ પોતાના સ્વરૂપનો વિસ્તાર કર્યો. આ કથાનું રહસ્ય થોડું સમજવા જેવું છે. અઘ એટલે પાપ અને પાપ મનુષ્યને ગળી જવાને માટે જડબા ફાડીને રાહ જોતું જ હોય છે. પ્રભુને રોકવા છતાં પણ બધાએ કુતુહલથી પ્રવેશ કર્યો પણ એક વસ્તુ સમજજો. પાપ અને પરમાત્મા, પાપ અને પ્રભુ - જો આ બે ભેગા થશે તો પાપથી પ્રભુને હાનિ નહીં થાય પણ પ્રભુથી પાપનો વિનાશ અવશ્ય થશે અને એટલા માટે પ્રભુએ પોતાના સ્વરૂપનો વિસ્તાર કરી અને અઘાસુરને માર્યો. વ્રજમાં જ્યાં જ્યાં પણ માર્યો, વધ કર્યો, એ બધા શબ્દોનો પ્રયોગ થાય ત્યાં ભગવાનનું મારવું કે વધ કરવું નથી ત્યાં એ બધા જીવોનો પ્રભુએ કરેલો ઉદ્ધાર છે.

શ્રી હરિરાય ચરણની એક અદ્‌ભુત કારિકા પુષ્ટિભક્તોએ ખાસ યાદ રાખવા જેવી છે અને તો જ તમે પુષ્ટિપ્રભુનું વ્રજ સ્વરૂપ સમજી શકશો, તો જ તમે એની વ્રજલીલા સમજી શકશો. રસેશ્વર પુષ્ટિપ્રભુ નથી કોઈને મોક્ષ આપવા માટે અવતર્યા, રસેશ્વર પ્રભુ નથી કોઈનો વિનાશ કરવા માટે અવતર્યા, નથી હું તમારે ત્યાં પુત્ર થઈને આવીશ એવા વરદાનની પૂર્તિ માટે અને નથી જગતને ધર્મોપદેશ આપવા માટે પ્રગટ્યા. આ બધા જ કાર્યો ભગવાને પોતાના વ્યૂહ દ્વારા કર્યા છે. મેં તમને આગળ કહ્યું હતું કે પોતાના પ્રમેય બળથી જેને મોક્ષનો અધિકાર ન હોય એવાને પણ મોક્ષ આપવો એ શ્રીકૃષ્ણના વાસુદેવ વ્યૂહનું કારણ છે, એ વ્યૂહલીલા છે. કઠોરતાપૂર્વક અસુરોના પ્રાણ હરવા એ પણ રસરૂપ શ્રીકૃષ્ણની લીલા નથી. ભગવાન કહે કે મને તો મારતા આવડતું જ નથી અને મારી પાસે એવો કોઈ ઉપાય પણ નથી. જગતમાં તમને ભાગ્યે જ કોઈ એવો દેવ મળશે કે એના હાથમાં ઘાતક શસ્ત્ર ન હોય. એક આ દેવોનો દેવ એવો છે યા તો એના હાથમાં માખણ છે, યા તો

એના હાથમાં મોરલી છે, યા તો એની ભુજામાં મોદક છે. મારશે તો, કેવી રીતે મારશે ? ભાગ્યે જ એવો કોઈ દેવ જોવા મળશે અને દરેક દેવની ભુજામાં શસ્ત્ર છે એ ભક્તને નિર્ભય કરવા માટે છે. ભગવાને પોતાના ભક્તને નિર્ભય કરવા માટે ભુજામાં શસ્ત્ર નથી ધારણ કર્યું ચરણાર્ણવિદમાં વજ્રનું ધારણ કર્યું છે પ્રભુના ચરણાર્ણવિંદમાં જે સોળ ચિહ્નો છેને એમાં જે ધજા છે એ ભક્તને નિર્ભય કરવા માટે છે. ભગવાન ભક્તને કહે છે કે તું મારા આશ્રયમાં છે. ધજાજીનો અર્થ છે આશ્રય. તું મારી ધજા હેઠળ છે, તું મારા આશ્રયમાં છે અને જો તું મારા આશ્રયમાં હોય તો જગતમાં તારે કોઈનાથી ભયભીત થવાની જરૂર નથી. પછી પ્રભુના ચરણમાં વજ્ર આદિ તો છે પણ એ વજ્ર આદિ ચિહ્નો પણ આ ભાવથી તો નથી જ. બહુ સુંદર નિરૂપણ છે. **कृष्णस्तु केवलं लीलां करोति रसरुपिर्णी** કૃષ્ણ તો આનંદ છે અને આનંદ ઘાતક ન હોઈ શકે. કૃષ્ણ અતિ કોમળ છે. મજાની વાત એ છે કે ભગવાને લાત મારીને પેલું ગાડું ઉલાળ્યુંને ત્યારે પણ ભગવાને ચરણ કઠોર નથી બનાવ્યા. શુકદેવજીએ કહ્યું; ગાડાની નીચે પોઢેલા બાળકના આંબાની કુંપણ હોય એવા કોમળ ચરણના સ્પર્શથી આખું ગાડું ઉછળીને પડ્યું. શકટભંજન લીલા કરતી વખતે પણ કૃષ્ણ કઠોર નથી થયા. કાલીયનાગના મસ્તક ઉપર નૃત્ય કરતી વખતે કાલીયનાગને એવી પ્રતીતિ જરૂર થઈ કે મારા મસ્તક ઉપર કોઈ જાણે વજ્રઘાત કરી રહ્યું છે પરંતુ નાગે તો કહ્યું પ્રભુ ! આપના ચરણ કમળ ત્યાં કમળ છે, ચરણ વજ્ર નથી કહ્યું. શ્રીકૃષ્ણને કઠોર થતા આવડતું જ નથી. શ્રીકૃષ્ણને કર્કશ થતા આવડતું નથી.

આચાર્યચરણોએ સુબોધિનીમાં વારંવાર શ્રીકૃષ્ણનો પરિચય કરાવતા આ બે ગુણોને બહુ વાર ઉલ્લેખ કર્યો છે અને આપણે શ્રીકૃષ્ણને જો સમજવા હોય તો એમના આ બે ગુણો બરાબર યાદ રાખજો. એક તો છે શ્રીકૃષ્ણ અદ્‌ભુત કર્મા એટલે કોઈ ન કરી શકે તે એ કરી શકે. ભગવાને પૂતનાનો ઉદ્ધાર કર્યો એ ભગવાનની અદ્‌ભુત કર્મા લીલા છે પણ મહાપ્રભુજી જે બીજું ઉપનામ આપે છે, બીજો પરિચય આપે છે તે અત્યારે પ્રસ્તુત છે અક્લિષ્ટ કર્મા. શ્રીકૃષ્ણને સમજવા માટે આ બે નામો અથવા આ બે ગુણ યાદ રાખજો. અક્લિષ્ટ કર્માનો અર્થ છે, ક્યારેય પણ કોઈને એ ક્લેશ ન આપે. કોઈને ક્લેશ આપવું એના સ્વભાવમાં જ નથી. કદાચ પ્રભુ દંડ દેશે કોઈને તો એના દંડમાં પણ કોમળતા હશે, કદાચ કોઈને કઠોર લાગતો હશે તો પણ એમાં કઠોરતા નહીં હોય એ વાત ચોક્કસ છે એટલે શ્રીકૃષ્ણ છે અક્લિષ્ટ કર્મા. ક્યારેય પણ કોઈને પણ ક્લેશ ન થવા દે. એની લીલા જુઓ પૂતનાના પ્રાણ હર્યા તે કેવી રીતે હર્યા? ગળુ કાપી નાખ્યું ? આગ લગાવી દીધી ? ના, સ્તનપાન કર્યું. તૃણાવર્તને કેવી રીતે માર્યો ? ઉપર આકાશમાં જ. તમને બધાને એ વાત ખબર છે કે ૧૧ વર્ષ અને ૫૨ દિવસ સુધી ભગવાન વ્રજમાં બિરાજ્યા છે ત્યાં સુધી એમણે શ્રીહસ્તમાં એક પણ શસ્ત્ર પકડ્યું નથી. છેલ્લે કંસને માર્યો ત્યારે પણ શસ્ત્ર નથી પકડ્યું અને હું તમને ભાગવતજીના સંદર્ભમાં કહું તો દસમા સ્કંધનો આખો પૂર્વાર્થ ૪૯ અધ્યાય સુધી શ્રીકૃષ્ણના હસ્તમાં એકપણ શસ્ત્ર નથી.

શ્રી.....શ્રી ગોવર્ધનનાથકી જય.....

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद् वासः कनक कपिशं वैजयन्तीं च मालाम् ।
रन्ध्रान्वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै -
- वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ।।

ભગવાન શ્રીકૃષ્ણ રસરાજ છે, રસેશ્વર છે અને સમગ્ર રસોમાં

સર્વોત્તમ રસ શ્રૃંગાર રસ એટલે કે સ્નેહ રસ. એના સંયોગરૂપ અને વિપ્રયોગરૂપ બંને સ્વરૂપ પ્રભુમાં બિરાજે છે. પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવને ફળ શું મળે? સવાલ સહેલો પણ છે અને અઘરો પણ છે. પરંતુ આ સંદર્ભને જો ધ્યાનમાં રાખીને વિચારીએ તો પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવને ભગવાનના રસાત્મક સ્વરૂપનો બે પ્રકારે અનુભવ મળે. એ ફળ છે બે પ્રકારે, અનુભવ એટલે સંયોગાત્મક અનુભવ અને વિપ્રયોગાત્મક અનુભવ. સંયોગ અને વિયોગ બંનેનો અનુભવ. **सकल गात्रजैः संगमः** ભક્તિમાર્ગમાં ફળ કેવળ માનસિક કે ભાવાત્મક નથી, ભક્તિમાર્ગમાં ભગવાનનો અનુભવ દેહને પણ થાય છે, ઈન્દ્રિયોને પણ થાય છે, પ્રાણને પણ થાય છે, અંતઃકરણને પણ થાય છે અને આત્માને પણ થાય છે. આ પાંચ આપણા પરિમાણ છે. સૌથી બહારનું પરિમાણ છે દેહ પછી એનાથી અંદર જાવ એટલે ઈન્દ્રિયો, એનાથી પણ અંદર જાવ એટલે પ્રાણ, એનાથી પણ અંદર અંતઃકરણ અને સૌથી અંદર આત્મા. કેટલા થયા? પાંચ થયા. દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્મા. એટલા માટે તો ભગવાન રાસલીલા પાંચ અધ્યાયમાં કરે છે. રાસ શબ્દ રસ ઉપરથી આવ્યો. **रसानां समुहः रासः** પ્રભુ ભક્તોને સર્વરસનો અનુભવ કરાવે અથવા પ્રભુ ભક્તને સર્વસ્વના રસની અનુભૂતિ કરાવે એનું નામ રાસ. ભગવાન રસરૂપ છે અને ભગવાનનો અનુભવ ભક્તોને પાંચ રીતે થાય, દેહને લઈને આત્મા સુધી. એટલે રાસ લીલાના પાંચ અધ્યાય. આ અનુભવ બે પ્રકારે થાય, સંયોગ અને વિપ્રયોગ રૂપે, એટલે એના બે પ્રકાર થયા. દેહ તો એક છે, ઈન્દ્રિયો દસ છે, પ્રાણ પણ દસ છે, અંતઃકરણ ચાર છે, આત્મા એક છે. આ બધા પ્રભુના આનંદરસમાં ડૂબે, તરબોળ બની જાય. રસગુલ્લાને જેમ ચાસણીમાં ડૂબાડી દો છો અને એ

આખો ચાસણીમય, રસમય બની જાય છે એમ જેના જીવનમાં રસભક્તિ આવે, જેના જીવનમાં પુષ્ટિભક્તિ આવે, એનું જીવન પણ રસમય બની જાય છે. આ રસ એટલે જ આનંદ અને હું જગતને આનંદ આપવા માટે આવ્યો છું એ બતાવવાને માટે ભગવાને મોરપીચ્છ ધારણ કર્યું. મોર મુગટ ધારણ કર્યો. ભગવાન બતાવવા માગે છે કે રસ શુદ્ધ-બુદ્ધ અવસ્થામાં છે એટલે કે પ્રભુ આનંદનું દાન કરવાને માટે અનુકૂળ છે. એની પાસે આનંદ બહુ છે પણ એને આપવો ન હોય તો? એની પાસે આનંદ છે પણ એનું એ દાન ન કરે તો? કરણનું ફુલ અને મોરપીચ્છ એ ભગવાનની ઉદ્‌બુદ્ધ રસાત્મક સ્થિતિ છે. જ્યારે પ્રભુ ઘોષણા કરે છે કે આવો અને લૂંટી લો, હું આ ભક્તોની સૃષ્ટિને દાન કરવા આવ્યો છું. લૂંટાય એટલું લૂંટી લો. પછી રસને ઉઘાડો ન રાખવો જોઈએ. દૂધ હોય, છાશ હોય, માખણ હોય, કેરીનો રસ હોય, લીંબુનો રસ હોય, રસને ઉઘાડો ન રાખવો જોઈએ, એના ઉપર આવરણ હોવું જોઈએ. એટલે પ્રભુએ પિતાંબર ધારણ કર્યું છે. વળી રસની અનુભૂતિમાં વિક્ષેપ જરૂરી છે. તમારી બહુ ભાવતી વસ્તુ પણ તમે રોજ જમો એ સારું નથી. અરે ! જમવા બેસો છો ત્યારે પણ

સ્હેજ ગળ્યું લીધું, સ્હેજ તીખું લીધું, એ તીખું લો એટલે પાછું ગળ્યું ખાવાની યોગ્યતા આવે. રસની અનુભૂતિમાં વિક્ષેપ જરૂરી છે અને પ્રભુએ જે માળા ધારણ કરી છે એ માળા વિક્ષેપક છે. પિતાંબર આવરણ અને માળા વિક્ષેપ, આ બે ભગવાનને ઢાંકે છે. પિતાંબર પણ ભગવાનના સ્વરૂપને ઢાંકે છે, માળાઓ પણ પ્રભુના સ્વરૂપને ઢાંકે છે. એનો અર્થ એ પણ છે કે પ્રભુ આનંદનું દાન એને જ કરશે જેને પ્રભુએ આનંદનું દાન કરવા ધાર્યું છે, સૌ કોઈ આ સુખના અધિકારી નથી. પછી પ્રભુએ અધરોષ્ઠ ઉપર વેણુ પધરાવ્યા. **रन्ध्रान्वेणोरधरसुधया.** પોતાની અંદર જે સુધા છે તે વેણુમાં રેડી સુધાનો અર્થ પણ સુંદર કર્યો છે. **सुष्ठु धारयति इति सुधा.** જેને સુંદર રીતે ધારણ કરવામાં આવેલ છે. વસ્તુ જેટલી વધારે કીમતી એટલી આપણે એને વધારે સાચવીએ. આ સુધા પ્રભુના હૃદયમાં બિરાજતી હતી, પ્રભુએ એને પોતાના મુખમાં લાવી અને વેણુમાં રેડી, વેણુમાં એ સુધા નાદ સાથે જોડાઈ ગઈ અને તે વહેતી વહેતી ગોપિકાઓના કાન સુધી પહોંચી. મહાપ્રભુજી સુબોધિનીમાં સમજાવે છે. આ સુધા મુખથી પીવા માટેની નથી. આ સુધા કાનથી પીવાની છે. ભગવાન આપણા કાનને બે અથવા ત્રણ અમૃત પીવડાવે છે. બીજું વચનામૃત છે, ગીતા વગેરે પ્રભુના જે વચનો છે એ પણ તમે કાનથી પીવો છો અને ત્રીજું છે વેણુનાદામૃત, વેણુનાદ રૂપી અમૃત. પ્રભુ પોતાના અધરોષ્ઠથી પ્રગટ કરી એને નાદાત્મક રૂપ આપીને ગોપિકાઓના કાનમાં રેડે છે. કોઈ કોઈ વાર આપણા કાન પણ પ્રભુને પધારવાના દ્વાર બને છે. તમે મંદિરમાં જાવ ત્યારે પ્રભુ તમારા નેત્રના દ્વારથી તમારી ભીતર પધારે છે. તમે કથામાં જાવ તો ભગવાન તમારા કર્ણદ્વારથી ભીતર પધારે છે અને એટલા માટે આ બધા દ્વાર નિર્મળ હોવા જોઈએ, આંખ નિર્મળ હોવી જોઈએ, મુખ નિર્મળ હોવું જોઈએ, કાન નિર્મળ હોવા જોઈએ. બીજાના દોષ જોવાથી આંખ મલિન થાય છે, બીજાના દોષનું મલિન કરવાથી મુખ મલિન થાય છે અને બીજાના દોષોનું રૂચિપૂર્વક શ્રવણ કરવાથી કાન પણ દૂષિત બને છે. ભગવાન જે દરવાજેથી પધારવાના હોયને, એ શણગારીને કે સજાવીને, નિર્દોષ બનાવીને, નિર્મળ બનાવીને રાખવા જોઈએ. તો ભગવાન પધારે છે ભક્તના નેત્રના દ્વારથી, અધરામૃતના રૂપમાં જોવા જાવ તો પ્રભુ પધારે છે મુખથી. તમે જ્યારે પ્રસાદ લોને ત્યારે પણ પ્રભુને તમારી ભીતર પધરાવો છો. પ્રસાદ લેતી વખતે પણ પ્રભુ પધારે છે મુખથી. અત્યારે પણ પ્રભુ પધારી રહ્યા છે ભાગવત સ્વરૂપે આપણા કર્ણથી. આચાર્યજીએ આ સુધાને સર્વથી અધિક આનંદરૂપ કહી છે. જગતમાં જેટલો પણ આનંદ કીધો છે એ આનંદનો પણ સાર. જેમ દૂધ બહુ હોય પણ એનું પાણી બાળીને રબડી બનાવી દો અથવા એનો તમે માવો બનાવી દો અથવા તો હજારો ફૂલ ભેગા કરીને એનું તમે અત્તર બનાવી દો તો એ થોડાક અત્તરમાં હજારો ફૂલોની સુગંધ હોય એમ પ્રભુના મુખમાંથી પ્રગટ થતી આ સુધા અસંખ્ય પ્રકારના આનંદનો સાર છે. આ આનંદનો અનુભવ પણ પ્રભુ જ્યાં સુધી આપણને આધિદૈવિકતાનું ભાન ન કરે ત્યાં સુધી આપણે કરવા સમર્થ નથી. જેમ ગીતાના પ્રસંગમાં પ્રભુએ દિવ્યદર્શન આપતાં પહેલાં દિવ્યદૃષ્ટિ આપી, એમ પુષ્ટિમાર્ગીય ફળ આપતા પહેલા પ્રભુ ભક્તને તનુનવત્વનું દાન કરે છે. અર્જુનને તો ખાલી દિવ્યદૃષ્ટિ આપી, બાકી પ્રભુ પોતાના ભક્તને દિવ્ય દેહ આપે છે. **तनुनवत्वमेतावता** યમુનાષ્ટકનો આ મુદ્દો પણ થોડો સમજીએ. જે જે યમુનાજીના સાનિધ્યમાં રહે, યમુના પાન કરે, જેના ઉપર યમુનાજીની કૃપા ઉતરે એને શ્રી યમુનાજી આધશરીરનું

નુતનત્વ આપે છે. એનો અર્થ એવો નથી કે તમને નવું શરીર મળે. શરીર તો આ જ રહે પણ એનામાં નવીનતા આવી જાય. તમારો આકાર ન બદલાય પરંતુ તમારો પ્રકાર બદલાઈ જાય. હું તમને સમજાવું. માટીનો કાચો ઘડો અગ્નિમાં પધરાવો એટલે પાકો થઈ જાય, હવે કાચો ઘડો અગ્નિમાં પધરાવીને પાકો થઈ જાય તો ઘડાનો આકાર બદલાતો નથી. જે આકારમાં કાચો હતો એ જ આકારમાં પાકો થઈ જાય છે, એમ જીવનો બ્રહ્મસંબંધ થાય અથવા એની ઉપર શ્રી મહારાણી માની કૃપા થાય ત્યારે એની કાંઈ આકૃતિ બદલાતી નથી. તમને આંખે દેખાય એવો કોઈ તફાવત આવતો નથી, પણ છતાં જે તફાવત છે એ બહુ મોટો છે. કાચો ઘડો અને પાકો ઘડો એ કોઈ સામાન્ય તફાવત નથી. કાચા ઘડામાં તમે જળ ન રાખી શકો, જળ એ ઘડાનો નાશ કરી દે. ઘડો ઓગળી જાય, પાણી વહી જાય અને એ જ ઘડો જો અગ્નિમાં રહેવાથી પરિપક્વ થઈ જાય, પાકો થઈ જાય તો જળ એને ઓગાળી ન શકે પરંતુ ઠંડુ ન હોય એવું જળ પણ એ ઘડામાં ઠંડુ થઈ જાય. એમ ભગવાન સાથેનો સંબંધ, યમુનાજી સાથેનો સંબંધ, મહાપ્રભુજી સાથેનો સંબંધ આપણી આકૃતિ ભલે ન બદલે પણ આપણી પ્રકૃતિ બદલી નાખે છે. હવે એ દેહ મળે છે કે જે દેહથી તમે પ્રભુની સાથે સંબંધ બાંધી શકો છો, તમને એ આંખ મળે છે કે જેથી તમે એની ઝાંખી કરી શકો, તમને એ કાન મળે છે કે જેનાથી તમે કૃષ્ણવચન સાંભળી શકો. એનામાં એક દિવ્ય ક્ષમતા આવે છે. ચોર્યાસી વૈષ્ણવોને ઠાકોરજીના દર્શન થયા છે, બસો બાવન વૈષ્ણવો સાથે પ્રભુએ વાર્તાલાપ કર્યો છે પણ આ કેમ સંભવ્યુ? અરે ! આજે પણ પ્રભુ કોઈની સાથે વાર્તાલાપ કરી શકે છે, કેમ ન કરી શકે? પ્રભુ સર્વસમર્થ છે. તો ભગવાને પોતાની અંદર રહેલો આનંદ વેણુ, સુધાના રૂપમાં આખા વિશ્વને આપ્યો છે. **अक्षण्वतां फलमिदं न परं विदामः** તેર શ્લોકમાં વેણુ ગીતનું વર્ણન છે. પહેલા બે શ્લોક એ સંયોગ અને વિપ્રયોગના છે. જેને આંખ મળી છે એનું ફળ એ જ છે કે એને કૃષ્ણમુખ દર્શન થાય. શ્રીકૃષ્ણ સર્વેન્દ્રિયોનું ફળ છે. તમારા હાથ વડે તમે પ્રભુને સ્પર્શ કરો, તમારી જીભ વડે તમે એનો આસ્વાદ લો, તમારા કાનથી એને સાંભળો, તમારી નાસિકાથી સૂંઘો. ભગવાન સર્વેન્દ્રિયનું ફળ છે, ફળ છે એટલું પણ કહ્યું અને પછી કહ્યું કે આ સિવાય બીજું કોઈ ફળ ઇન્દ્રિયવાનનું નથી. કેવી મઝાની વાત છે કે તમે દેહ ધારણ કર્યો છે, તો ભગવાન તમારા દેહને પણ આનંદ આપે છે. તમે ઇંન્દ્રિયો ધારણ કરી છે તો પ્રભુ તમારી ઇંન્દ્રિયોને પણ આનંદ આપે છે. ભગવાનનું સુખ કેવળ આધ્યાત્મિક નથી. ગીતામાં ભગવાન સુખને અતિન્દ્રિય કહે છે. **सुखमात्यन्तिकं यत्तद् बुद्धिग्राह्यमतीन्द्रियम् (गीता)** આ જે આધ્યાત્મિક સુખ છેને એ અતીન્દ્રિય એને બુદ્ધિથી ગ્રહણ કરી શકાય, પણ ઇંન્દ્રિયોથી નહીં હવે. આવું સુખ શું કરવાનું કે જેને અંદર જ તમે ગ્રહણ કરી શકો, તમારો દેહ તો કોરો રહી જાય એ કેમ ચાલે? એટલે પ્રભુ પોતે પણ સ્વરૂપ ધારણ કરીને પધાર્યા. ભક્તોનું સ્વરૂપ સફળ થાય એટલા માટે ભગવાને પણ સ્વરૂપ ધારણ કર્યું છે. સ્વરૂપ છે માટે તો વક્ત્રમ્ પછી ગોપિકાઓ કહે છે અરે સખી ! કહો તો ખરા આ વેણુએ એવું તો કયું પુણ્ય કર્યું છે કે એ પ્રભુની અધરસુધાનું પાન કરે છે. પ્રભુ સદા એને પોતાની પાસે રાખે છે. સુરદાસજીએ વર્ણન કર્યું છે. એકવાર બધી ગોપીઓ ભેગી થઈ અને પૂછવા લાગી. વાંસળી ને 'મોરલી કૌન તપ તેં કિયો,' અરે મોરલી ! કહે તો ખરી કે તેં એવું કયું તપ કર્યું છે ? સદા પ્રભુ તને અધર ઉપર પધરાવી રાખે છે. બતાવ એવું કયું પુણ્ય છે, એવું

કયું તપ છે ? અરે ! અમને કહે ને તો પડે, અમેય પણ કરીએ ને? અરે, મોરલી ! તેં તો પ્રભુને વશ કરી લીધા છે. મોરલીએ ઉત્તર આપ્યો. 'અમે બહુ પ્રકારે તપ કર્યું છે.' શિયાળામાં ઠંડી ચોમાસામાં વરસાદ, ઉનાળામાં ગરમી આ બધા દુઃખો સહ્યા છે. વૈષ્ણવને માટે મોટામાં મોટું તપ કયું? એકાદશી તો આપણા માટે તપ છે જ નહીં, ને એકાદશીના દિવસે તો આપણને ઘણો ફાયદો છે. રોજ સાદું હોય અને એકાદશીના દિવસે વિશેષ હોય. આપણા જીવનમાં તપ કયું ? એક તપ છે, કોઈ આપણને ગમે તેટલું તપાવે તોય તપવું નહીં એ મોટામા મોટું તપ છે. શ્રાવણ મહિનો આવે ત્યારે નિયમ કરવાનો કે ક્રોધ નહીં કરીએ અને પછી સગાવ્હાલા બધાને જાણ કરવાની કે મેં નિયમ કર્યો છે કે આ મહિનામાં હું ક્રોધ નહીં કરું. પછી જુઓ તમારું તપ કેવું છે ? **हिम - वरषा - सही सिर पर, घामतें न डर्यो.** મોરલીનું તપ તો જુઓ. ઠંડી સહી, વરસાદ સહ્યો, તાપ સહ્યો, પછી એને લાવીને કાપી નાંખી. વાંસને કાપ્યો. એના સાત છિદ્ર છે. વેણુમાં સાત છિદ્ર કેમ છે જાણો છો ? જે ભગવાનના છ ધર્મ છે - ઐશ્વર્ય, વીર્ય, યશસ્વી, જ્ઞાન, અને વૈરાગ્ય, અને સાતમા ધર્મી જેવી રીતે ભગવાન ષડ્ધર્મયુક્ત છે એવી રીતે વેણુ પણ ષડધર્મયુક્ત છે અને એટલા માટે એના છિદ્ર સાત છે. સંગીતની દૃષ્ટિએ વિચાર કરો તો સંગીતના સ્વર સાત છે. સા... રે... ગ... મ... પ... ધ... નિ... સ્વર સાત છે માટે છિદ્ર સાત છે અથવા શ્રી ગુસાંઈજીના સાત બાળક, વચનામૃતમાં જે મુદ્દો હતો તે આ હતો કે શ્રી ગુસાંઈજીના સાત બાળક સ્વરૂપ છે, એ વેણુના છિદ્ર રૂપ છે. ભાવનામાં એવું કહેવાયું છે કે વેણુના જે સાતેય છિદ્રો છેને એ પ્રભુએ જુદા જુદા ભક્તોને રસપાન કરાવવા માટે અનામત રાખ્યા છે. પહેલું છિદ્ર છે એ સ્વામિનીજીને રસપાન કરાવવા માટે, બીજું છિદ્ર છે એ ચંદ્રાવલીજીને રસપાન કરાવવા માટે, ત્રીજું છિદ્ર છે એ કુમારીકાઓ માટે, ચોથું છિદ્ર છે શ્રી યમુનાજીના માટે, પાંચમું છિદ્ર છે ગિરિરાજજીને માટે, છઠ્ઠુ છિદ્ર છે ગાયો અને ગોપો બધાને માટે, અને સાતમું છેલ્લું છિદ્ર છે દેવોને માટે. આ વેણુના સાત છિદ્ર જુદા જુદાને આનંદનું દાન કરવા માટે છે. આધ્યાત્મિક અર્થમાં જોવા જાવ તો વેણુ રૂદ્ર છે એટલે કે મહાદેવજીનો અવતાર છે. લીલાના આધિદૈવિકભાવથી જોવા જાવ તો વેણુ સ્વામિનીજીનું રૂપ છે. અધર ઉપર બિરાજતા હોય ત્યારે સ્વામીનીજી, કટિ ઉપર પધારાવ્યા હોય ત્યારે ચંદ્રાવલીજી, શ્રીહસ્તમાં હોય ત્યારે કુમારિકા. એટલે વેણુ માત્ર સંગીતનું કોઈ વાદ્ય નથી પણ વેણુ સ્વામિનીજીનું સ્વરૂપ છે. **काट बेली सप्तरंध्रन, हियो छूंछो कर्यो.** અરે ! મને અંદરથી આખી કોરી નાંખી, પહેલા કાપી પછી છેદ પાડ્યા અને પછી અંદરથી આખી પોલી બનાવી દીધી. મારા હૈયાને શૂન્ય બનાવી દીધું. **तुमही बेगि बुलावनको, लाल अधर धर्यो.** ભગવાનને વેણુ પ્રિય કેમ લાગે છે ? કે વેણુનો સમર્પિત ભાવ અનુપમ છે. કદાચ આવું સમર્પણ કોઈનું પણ નહીં હોય. એકવાર ગોપીઓ બધી ભેગી થઈને વેણુને પૂછે છે કે હે વેણુ ! તું પ્રભુને આટલી બધી પ્રિય કેમ લાગે છે ? તો વેણુ એ ઉત્તર આપ્યો, એટલા જ માટે કે મારો પોતાનો કોઈ સૂર નથી, મારો પોતાનો કોઈ રાગ નથી, મારું પોતાનું કાંઈ પણ નથી. મારા પ્રભુ જ્યારે શ્રીહસ્તમાં પધરાવી ફૂંક મારી જે સૂર, જે રાગ, જે ધૂન પ્રગટ કરવા માગે - બીજા શબ્દોમાં કહીએ તો એને જ્યારે બજાવવું હોય, એને જે બજાવવું હોય તે બજાવી શકે છે. હું વાગતી નથી, મારો પ્રભુ વગાડે છે. મેરા અપના કોઈ સૂર નહીં હૈં, મેરા અપના કોઈ રાગ નહીં હૈં, મૈં કુછ નહીં હૂં, મૈં ખાલી હૂં. આ જગતમાં

અઘરામાં અઘરું હોયને તો એ ખાલી થવું, હૃદયને ખાલી કરવું. ખાલી કરવું એટલે હૃદયને તમામ મમતાને દૂર ભગાવી શૂન્ય બનાવી દેવું એ સહેલું નથી અને જ્યાં સુધી તમે તમારા અંતઃકરણને ખાલી નહીં કરી નાખો ત્યાં સુધી ભગવાનને અંદર પધારવાનું સંભવતું નથી. જબ 'મૈં' થા તબ હરિ નહીં, જ્યાં અહંકાર છે ત્યાં પ્રભુ નથી. તો પહેલાં તો અહંકારને કાઢવો પડશે, મમતાને કાઢવી પડશે. 'હું' અને 'મારું' આ બેમાંથી મુક્ત થવા માટે રોજ તમે કરેલા બ્રહ્મસંબંધનું સ્મરણ કરો. ખાલી થશો તો જ વ્હાલા લાગશો અને ખાલી થવું હોય તો બ્રહ્મસંબંધનું સ્મરણ કરો. બ્રહ્મસંબંધ તો તમે લીધા પણ સાંભળો બ્રહ્મસંબંધ લીધા પછી પણ તરત પાછું ભૂલાઈ જાય છે. બ્રહ્મસંબંધમાં તો આપણે કહ્યું કે પ્રભુ ! આ દેહ, ઈન્દ્રિય અને પ્રાણ આ બધું જ હું આપને અર્પણ કરી દઉં છું. હવે એ બધું અર્પણ કરી દઉં છું એવું કહ્યા પછી આ બધું હવે મારું નથી પણ પ્રભુનું છે એ ભાવ શું આપણામાં આવે છે? નથી આવતો. જો એ ભાવ આપણામાં આવતો હોય તો આપણને કોઈપણ પ્રકારની લૌકિક ચિંતા ? પછી ધન વધે તો હરખ નથી થતો અને ધનનો નાશ થાય તો શોક નથી થતો. પછી ઘર નાનું હોય કે મોટું હોય, પરિવાર હોય કે ન હોય, પૈસો હોય કે ન હોય, અરે ! જીવન પણ હોય કે ન હોય - વૈષ્ણવને કોઈ હર્ષ કે શોક હોતો જ નથી. કારણ કે એનું પોતાનું તો કાંઈ છે જ નહીં. માનો કે મકાનને આગ લાગી અને મકાન આખું બળીને રાખ થઈ ગયું, તો વૈષ્ણવ દુઃખી નથી થતો કે મારું તો હતું જ નહીં, મેં તો ઠાકોરજીને અર્પણ કરી દીધું હતું. માનો કે એક મકાન છે અને મકાનને આગ લાગી, માણસ નીચે ઊભો ઊભો રડી રહ્યો છે. અરે મારું ઘર બળી રહ્યું છે ! એટલામાં છોકરાનો ફોન આવ્યો, પપ્પા ચિંતા ન કરશો કાલે જ આ મકાન આપણે વેચી દીધું હતું. જ્યાં ખબર પડી કે આ મકાન વેચી દીધું છે, હવે સામે ઊભા રહીને રોવાની કાંઈ જરૂર ન રહી. એટલામાં પેલાનો ફોન આવ્યો કે મકાન વેચ્યું તો હતું પણ હજી પૈસા લીધા તો નથી, હવે પેલું દુઃખ પાછું ઊભુ થયું. મકાન બળે એનાથી દુઃખ થયું નથી. જો એ મકાન મારું છે અને બળે છે તો દુઃખ થાય છે, જો એ મારું નથી અને બળે છે તો દુઃખ થતું નથી, તો દુઃખનું કારણ મકાન કે મમતા ? દુઃખ આપે છે મમતા અને એ મમત્વનું નિવારણ આપણે ત્યાં ત્રણ પ્રકારે થઈ શકે. બધા દુઃખનું મૂળ મમતા છે અને એને ત્રણ રીતે નિવારી શકાય છે. તમને જે માફક આવે તે રસ્તો અપનાવો. કર્મમાર્ગીય રીતે, જ્ઞાનમાર્ગીય રીતે અને ભક્તિમાર્ગીય રીતે. હવે કર્મમાર્ગીય રીતે શું? કે કર્મ કરો અને ફળ પ્રભુને અર્પણ કરી દો. એટલે તો યજ્ઞમાં પણ બોલાય છે ને મમની એક દવા છે નમ. આમ તો અમુક લોકોને હોય છે કે અમુક વસ્તુથી તકલીફ થતી હોય તો એનાથી Opposite વસ્તુ, Diabetes બહુ વધી ગયો હોય તો કારેલાનો રસ પીવે. જેમ પ્રકાશનું Opposite અંધકાર છે, અંધકારનું Opposite પ્રકાશ છે. આવું આપણે માનીએ છીએ, પણ મમત્વ એ બધા રોગોનું મૂળ છે. એ રોગને મટાડવામાં આવે તો તમે બહુ સુખી છો. તો એક ઉપાય છે. બોલતા રહો 'ન મમ' મેરા નહીં હૈ, મેરા નહીં હૈ, મેરા નહીં હૈ. આ કર્મમાર્ગીય ઉપાય છે. દરેક વસ્તુ માટે આ ભાવના રાખો. **'મારું નથી.'** અચ્છા જ્ઞાનમાર્ગીય ઉપાય શો? જ્ઞાનમાર્ગીય ઉપાય છે કે જે વસ્તુમાં આપણું મમત્વ છે એ વસ્તુમાં સમત્વ આવે. કર્મમાર્ગમાં ન મમ, જ્ઞાનમાર્ગમાં ન મમની જગ્યાએ **सुख दुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ** કૃષ્ણ કહે છે સુખ અને દુઃખને સમાન માનો. એવી રીતે મારું અને તારું એવા બધામાં કોઈ મમત્વભાવ ન રહે, આ બધું સમાન છે. મમત્વની દવા જ્ઞાનમાર્ગમાં

છે સમત્વ. મમતા લડાવે છે અને સમતા શાંતિ આપે છે, એટલે ભગવાનનો મોટો ઉપદેશ છે સમતાનો. શમતા એટલે શું? મમતાનો અભાવ. દા.ત. બેંકના એક કેશિયરના હાથમાં રોજ કરોડો રૂપિયા આવે છે, એ હરખાતો નથી. એ પાછાં આવેલા રૂપિયા ગ્રાહકોને ચૂકવી પણ દે છે, તો એ ઉદાસ થતો નથી. આ સમત્વ. કર્મમાર્ગમાં ન મમત્વ, આપણું નથી. જ્ઞાનમાર્ગમાં સમત્વ. ભક્તિમાર્ગનું પાસું જુદુ છે. ભક્તિમાર્ગમાં ભગવાન કહે છે મમની દવા તવ અને ભક્ત કહે છે, પ્રભુ ! આજ સુધી હું માની બેઠો હતો કે મારું, પણ તારા ચરણમાં સમર્પિત કરી દીધા બાદ હવે હું કેમ કહી શકું કે મારું ? ગુજરાતી ભાષાની આ એક સરસ શબ્દ રમત પણ છે મજાની. ભગવાન કહે કે જે આખો દિવસ 'મારું મારું' કહે એને હું 'મારું' અને 'તારું તારું' કહે એને હું 'તારું', તો ભક્ત મમત્વનું નિવારણ કરે છે 'તવ' કહેવાથી એટલે ગદ્યમંત્રમાં પણ આ શબ્દ છે. પ્રભુ ! હું તમારો છું. શ્રી હરિરાયજીએ સ્તોત્ર રચ્યું છે. **कृष्ण तवास्मि न चापि परस्य.** પ્રભુ મેં ભી તેરા હું ઔર જો મેરા થા વો ભી અબ તેરા હૈ. મારું નથી એવું કહેવા કરતા તારું છે એવું કહેવું વધારે સારું છે. મારું નથી એ કહેવું ત્યાગ અને તારું છે એ કહેવું સમર્પણ અને ત્યાગ કરતા સમર્પણ સારું. ત્યાગ વૈરાગ્યમાં, ભક્તિમાં ત્યાગ નહીં. ભક્તિમાં સમર્પણ. આ ભક્તિમાર્ગની ભાષા છે. છેલ્લે વૈષ્ણવ કહે છે, હું પણ તારો છું તવાસ્મિ પછી હેમંત ઋતુ આવી. કુમારીકાઓ શ્રીકૃષ્ણ એમને પતિ રૂપે પ્રાપ્ત થાય એટલા માટે કાત્યાયનીનું વ્રત કરી રહ્યા છે. તે જ બનાવેલો મંત્ર બોલે છે.

कात्यायनि महाभागे महायोगिन्यधीश्वरि ।
नन्दगोपसुतं देवि पतिं मे कुरु ते नमः ।।

દસમા સ્કંધનો બાવીસમો અધ્યાય એકવીસમાં સ્કંધમાં વેણુ ગીતની રચના આવી. સુબોધિની પ્રમાણે એ અઢારમો અધ્યાય કહેવાય, ભાગવત પ્રમાણે એકવીસમો. બાવીસમા અધ્યાયથી હવે સાત અધ્યાય એટલે ૨૨થી ૨૮, આ સાત અધ્યાય તામસ સાધન પ્રકરણના છે. ૨૯થી પછી જે સાત અધ્યાય આવશે એ ફળ પ્રકરણ. ૨૯માં અધ્યાયમાં રાસ લીલા શરૂ થાય. ૨૨માં અધ્યાયમાં કાત્યાયની વ્રતની કથા આવી. કુમારિકાઓ પ્રાર્થના કરે છે. તું ભગવાનની ભગીની છે માટે તું ભાગ્યવતિ છે. મહાભોગ હે ભગવાનની ભગીની એટલે માયા ભગવાનની બહેન થાય અને ભગવાનની બહેન એટલે નણંદ. રસ્તે જતા હો ને ક્યાંક માતાજીનું મંદિર આવે તો મોં ફેરવીને નહીં જવાનું, આપણા નણંદ છે એવું સમજવાનું. માયા ભગવાનની ભગીની છે. યશોદાએ એને જન્મ આપ્યો હતો અને જ્યારે આકાશમાં ગઈ એ પહેલાં એના બધા નામો પણ બતાવાયા છે, તો ભગવાનની ભગીની છે. આચાર્યજીનો મત એવો પણ છે કે આ કાત્યાયની એ ભગવાનની તામસી આધિદૈવિકી શક્તિ છે. એક ભાવના એવી પણ છે કે આ કાત્યાયની એટલે જ યમુના. યમુનાજી વિનાશક શક્તિ પણ છે. યમુનાજી કોના બહેન? યમના. યમનું કામ શું? મારવાનું, વિનાશ કરવાનું. એમ યમુના પણ વિનાશક છે, શેનો વિનાશ કરે છે? ભક્ત અને ભગવાનની વચ્ચે જે પ્રતિબંધો હોય એનો નાશ કરે છે અને પ્રતિબંધોનો નાશ કરનારા છે એ પ્રતિબંધનું નામ છે 'મુર' અને પ્રભુ એ પ્રતિબંધનો નાશ કરે તો કહેવાય 'મુરારી'. એટલા માટે આચાર્ય ચરણ યમુનાષ્ટકમાં **मुरारि** નામનો પણ વારંવાર પ્રયોગ કરે છે. **मुरारिपद पंकज स्फुरदमन्दरेणूत्कटाम्** મુર એટલે પ્રતિબંધ અને પ્રતિબંધનો નાશ કરવો એ એનો સ્વભાવ છે. આ કુમારીકાઓ ઈચ્છતી હતી કે ભગવાન પતિરૂપે મળે. નંદરાયજી અમને ક્યાંક બીજે પરણાવી ન દે, અમારા

લગ્ન કોઈ લૌકિક પુરુષ સાથે ન થઈ જાય એટલા માટે અમે કુમારીકા છીએ. ત્યારથી જ પ્રાર્થના કરીએ છીએ, વ્રત કરીએ છીએ કે કૃષ્ણ અમને પતિરૂપે મળે ! નંદ ગોપસુતં પ્રભુ અમને પતિરૂપે મળે ! આચાર્યજી સમજાવે છે. આ બધી કુમારીકાઓ આગલા જન્મમાં દંડકારણ્યના ઋષિઓ હતા. વેણુ ગીતમાં જે ગોપિકાઓ છેને એ ગોપિકાઓ બધી શ્રુતિરૂપા છે. ગોપીજનોના બે પ્રકાર છે. નિત્ય સિદ્ધા એટલે જે પહેલેથી જ પ્રભુને પામેલા છે. સાધન સિદ્ધા એટલે જેમણે ઉપાયો કરીને, વ્રત વગેરે કરીને, તપસ્યા કરીને, ઉગ્ર તપ કરીને પ્રભુને વરદાન રૂપે પ્રાપ્ત કર્યા. અહીં જે કાત્યાયની વ્રત કરનારી કુમારીકાઓ છે એ બધી સાધનસિદ્ધાઓ છે. રામાવતારમાં તો એ દંડકારણ્ય ઋષિઓ હતા. ભગવાન રામના અદ્‌ભુત પૌરુષને નિરખતા એમના મનમાં સ્ત્રીભાવ જાગ્યો. એક કથા એવી પણ છે કે રામ સીતાજીને શોધવા માટે ઉદાસ થઈને જતા હતા, આ બધા ઋષિઓ ભગવાન રામના દર્શન કરવા ઊભા હતા. રામ પૂર્ણબ્રહ્મ, પરમાત્મા, સચ્ચિદાનંદ પ્રભુ પ્રગટ થયા છે તો ચાલો, આપણે દર્શન કરીએ. એમને ખબર છે કે ભગવાન સચ્ચિદાનંદ છે પણ એમણે જોયું કે સચ્ચિદાનંદ ભગવાન પણ ઉદાસ છે. ઋષિઓને નવાઈ લાગી કે ભગવાન તો આનંદ અને આનંદ ઉદાસ ન હોવો જોઈએ ! આ કેમ ઉદાસ છે ? તો કહે, એમની પત્નીને કોઈ હરી ગયું છે. ઋષિઓએ વિચાર કર્યો કે એવું કોણ છે કે જેના વિના આનંદ પણ ઉદાસ હોય ! એટલે આપણે સર્વોત્તમજીનો પાઠ કરીએ છીએ ત્યારે પહેલું નામ બોલીએ છીએ, આનંદ. એ ઠાકોરજીનું નામ છે પણ બીજું જે નામ બોલીએ છીએ પરમાનંદ, એ સ્વામિનીજીનું નામ છે. કૃષ્ણ આનંદ છે, રાધિકા પરમાનંદ છે. પરમ આનંદ એટલે શું? **આનંદને પણ જે આનંદ આપે એ પરમાનંદ, આનંદને પણ જેની જરૂર છે એ પરમાનંદ.** બરસાનાવાળા રાધાજીના જે બહુ ઉપાસકો છે એ તો કૃષ્ણને કહે છે કે *'કાના, રાધે બિના તુમ આધે !'* એટલે કૃષ્ણ છે આનંદ અને રાધિકા છે પરમાનંદ. ત્રીજું નામ શ્રી કૃષ્ણાશ્રયમ. સર્વોત્તમજીને જે પહેલા ત્રણ નામ છે એ બીજ રૂપ છે. જેમ મંત્રોમાં ૐ ભુર્વ અને ભુર્વઃ સ્વઃ એ જ અહીં આ જ રૂપમાં જોવા મળે છે. એટલે ભગવાન શ્રીકૃષ્ણ એટલે મહાપ્રભુજીના નામમાં પણ આ ત્રણ બીજ રૂપ થયા. આનંદાય નમઃ, પરમાનંદાય નમઃ, અને શ્રી કૃષ્ણાસ્યાય નમઃ. હવે આનંદનું નિરૂપણ કરનારા બત્રીસ નામો, પરમાનંદનું નિરૂપણ કરનારા પણ પાંત્રીસ નામો, સર્વોત્તમજીના શ્લોક કેટલા? પાંત્રીસ. પાંત્રીસ નામ આનંદના સરવાળો કરો, પાંત્રીસ નામ પરમાનંદના પાંત્રીસ નામ શ્રી કૃષ્ણાશ્રયના - કેટલા થાય ૧૦૫ અને બીજા ત્રણ નામો ૧૦૮ થયાને. આ સવાલ બહુ મોટો છે કે આપણે ત્યાં ૧૦૮નો મહિમા શું? જ્યોતિષમાં પણ ૧૦૮ છે. અષ્ટોત્તરીદશા, જ્યોતિષશાસ્ત્ર એવું માને છે કે જગતમાં ભગવાને દરેક માણસને ૧૦૮ વર્ષ આપ્યા છે, તો પછી જીવતા કેમ નથી? એમાં જે પહેલી દશા હોયને એ ભોક્તા અને ભુક્ત એટલે એ થોડી ઓછી થઈ હોય. જનમ્યા વખતની હોય પણ બાકી તો બધી ભોગવવાની બાકી જ હોય. બે કારણથી મનુષ્યનું આયુષ્ય ઘટે છે, **(૧) ખોટી જીવન પદ્ધતિથી (૨) અશુભ કર્મથી.** ખોટી જીવન પદ્ધતિ એટલે ન ખાવા જેવું ખાઈએ, અતિશય શ્રમ કરીએ અથવા અતિશય આરામ કરીએ. ગીતાનો છઠ્ઠો અધ્યાય બહુ ઉપયોગી છે. ભગવાને કહ્યું, અતિશય ભોજન પણ ન કરવું અને અતિશય ઉપવાસ પણ ન કરવા, અતિશય ઉજાગરા પણ ન કરવા અને અતિશય નિદ્રા પણ ન લેવી. દોહો તો એવું કહે છે કે સાવ મૂંગા પણ ન રહેવું અને વધારે પડતું બોલવું પણ નહીં.

अति भला नहीं बोलना, अति भली नहीं चूप ।
अति भला नहीं बरसना, अति भली नहीं धूप ।।

બહુ તડકો પડે તો પણ ન સારું અને બહુ વરસાદ પડે એ પણ નહીં સારું. જગતમાં કોઈ પણ વસ્તુ 'અતિ' નહીં સારી. 'અતિ સર્વત્ર વર્જયેત્' ભગવાન કહે છે કે બહુ ભોજન પણ ન કરવું અને બહુ ઉપવાસ પણ ન કરવા. ભગવાને એક બહુ સરસ શબ્દ આપ્યો છે, 'યુક્ત'. યુક્તનું અંગ્રેજી થાય Proper પ્રોપર. ખાવું પીવું કેટલું ? Properly **युक्ताहार विहारस्य युक्तचेष्टस्य कर्मसु** ભગવાનના આ રૂપને જોઈને કુમારિકાઓને મન થયું કે અમે એની સાથે પરણીયે. ભગવાન દરેકના મનોરથ પૂરા કરે છે. ભગવાને કહ્યું કે કૃષ્ણાવતારમાં હું તમારો મનોરથ પૂરો કરીશ. આ કુમારિકાઓ વ્રત કરતી હતી. એક મહિનો ચાલે એવું વ્રત હતું. હેમંત ઋતુ, માગસર મહિનો. આપણે પુષ્ટિમાર્ગમાં એને વ્રતચર્યાના દિવસો કહીએ છીએ. વ્રતચર્યાના દિવસો હોય ત્યારે હિલગના પદો ગવાય છે. હિલગના પદો એટલે પુષ્ટિમાર્ગના પ્રણય ગીત. ગોપિકાઓના, કુમારિકાઓના મનમાં પ્રભુ પ્રત્યેનો જે પ્રેમ છે એ પ્રેમનું નિરૂપણ આ પદોમાં થયું છે.

हरि नागर सों नेह, मेरो माई... हरि... ।
जबतें दष्टि परे मन-मोहन, तब तें बिसर्यो गेह ।।१।।
कोउ निन्दौ - कोउ वन्दौ, मो मन गयो संदेह ।
सरिता - सिंधु मिली 'परमानन्द' भयो एक रस तेह ।।२।।

આ કીર્તનો મોટે ભાગે આશાવરીરાગમાં ગવાય છે. મારા હૃદયમાં કૃષ્ણ માટેનો પ્રેમ, હું કૃષ્ણની પ્રેમ દિવાની છું, જબ સે મૈંને કૃષ્ણ દર્શન કિયે હૈં, મૈં અપના ઘર ભૂલ ગઈ હૂઁ. હવે વ્રજના ગોપ-ગોપીઓને મારા વખાણ કરવા હોય તો કરે, મારી નિંદા કરવી હોય તો કરે. ગોપી કહે છે સરિતા મળ્યા પછી પાછી ન વળે એમ અમારું મન શ્રીકૃષ્ણના ચરણમાં લાગી ગયા પછી હવે પાછું નહીં ફરે. આ બધા હિલગના પદો છે. બહુ મધુર પદો છે. ગોપિકાઓના ભાવનું સુંદર નિરૂપણ થયું છે. એકવાર વસ્ત્ર બહાર મૂકીને સહુ અંદર પ્રવેશ્યા. અરે ! આ તો યમુનાજીનો અપરાધ થયો. યમુના કોઈ નદી નથી, યમુના કોઈ તીર્થ નથી, યમુનાજી તો સ્વામિની છે, ચતુર્થપ્રિયા છે અને તીર્થની અંદર પણ નિર્વસ્ત્ર પ્રવેશ કરવો એ અપરાધ છે.

યમુના જળ એ કેવળ જળ નથી, યમુના જળ એ યમુનાજીનું ભૌતિક રૂપ છે. એટલે યમુના જળ કહેવું એ ઠીક નથી, યમુના જળ યમુના છે. બીજું મહાપ્રભુજીએ યમનાષ્ટકમાં જ્યારે યમુનાજીના ગુણગાન કર્યા તો કોઈ પણ જગ્યાએ યમુનાને નદી નથી કહી, ભક્તોએ પણ યમુનાજીને નદી રૂપે નથી જોઈ. આ બધાનો મૂળ ભાવ ધ્યાનમાં રાખજો. વૈષ્ણવો ! યમુના નદી નથી અને ગિરિરાજ પર્વત નથી. યમુનાજી સરિતારૂપે દર્શન આપે છે પણ એ સ્વામિનીજી છે. ગિરિરાજ પર્વત રૂપે દર્શન આપે છે પણ મૂળ રૂપે તો એ હરિદાસવર્ય વેણુ ગીતનો શ્લોક છે. વેણુ ગીતમાં ગોપિકાઓએ કહ્યું કે આ વ્રજમાં જે બધા છે એ બધા ભક્તો પણ ગિરિરાજ ભક્ત નથી, ભક્ત શિરોમણી છે વ્રજના ગોપીજનોએ ગિરિરાજને સૌથી ઊંચી પદવી આપી. શ્લોક જુઓ વેણુ ગીતનો. **हन्तायमद्रिरबला हरिदासवर्यो, यद्रामकृष्ण चरणस्पर्श प्रमोदः ।** ગિરિરાજના ત્રણ રૂપ છે - શિલા રૂપ, હરિદાસ વર્ય રૂપ અને ભગવદ્ સ્વરૂપ. પર્વતાકર દેખાય છે, દ્રોણ નામના પર્વતનો પુત્ર છે. પિતા છે દ્રોણ, પુત્ર છે ગિરિરાજ. એનું મૂળ નામ તો છે ગોવર્ધન પરંતુ ધરતી ઉપરના બધા જ પર્વતમાં એને

સૌથી ઉપરનું સ્થાન મળ્યું એટલે એને ગિરિરાજ કહેવાયું. **भक्ताभिलाषा चरितानुसारी.... मम प्रभु श्री गिरिराजधारी.** એનું નામ છે ગિરિરાજ. પર્વતાકાર છે એ તો લીલામાં ઉપયોગી થવું છે માટે અને જ્યારે ગિરિરાજજીનો મહિમા કહેવાય છે ત્યારે આ વાત યાદ રાખજો કે ગિરિરાજનો મહિમા કેવળ એટલા માટે નથી કે સાત દિવસ એને ઉઠાવી અને વ્રજવાસીઓની રક્ષા કરી હતી પરંતુ ગિરિરાજ - ગોવર્ધન એ પ્રભુની નિકુંજ લીલાનું સ્થળ છે. ગિરિરાજજીની ભાવનામાં કહ્યું છે એના આઠ દ્વાર છે અને દરેક દ્વાર પર એક એક અષ્ટસખા બિરાજે છે. આ દ્વારમાંથી પ્રભુ ભીતર પધારે છે અને ગિરિરાજની અંદર વિવિધ પ્રકારની કુંજ અને નિકુંજ રહેલી છે. તો એક છે ગિરિરાજનું પર્વતરૂપ. ગિરિરાજ પર્વતોનો રાજા પણ, આ તો લીલોપયોગી છે માટે ઠાકોરજી પધારે છે. ગોપીજનોએ કહ્યું, ગિરિરાજનું મૂળ સ્વરૂપ તો છે હરિદાસવર્ય. ઠાકોરજીની પોતાની પાસે ઝાઝો કોઈ વૈભવ ન હોવા છતાં પણ અતિશય પ્રેમથી સેવા કરે છે. મહાપ્રભુજીએ સુબોધિનીના આ શ્લોકમાં એમ સમજાવ્યું કે પ્રભુને રીઝવવા માટે શું કરવું જોઈએ ? એ ગિરિરાજ બહુ સારી રીતે જાણે છે અને પેલી પુલિંદીઓને પણ જે પૂર્ણતા પ્રાપ્ત થઈ એ પૂર્ણતા પ્રાપ્ત થવાનું કારણ શ્રી ગિરિરાજ મહારાજનું સાન્નિધ્ય છે. તમે ભગવદીયના સંગમાં હો તો તમારામાં પણ ભગવદીયપણું આવે છે. દયારામ કહે છે, વૈષ્ણવજનોના સંગથી બીજાનામાં વૈષ્ણવતા આવવી જોઈએ. બીજા બધા રંગ ન ઉતરે તો સારું, વૈષ્ણવતાનો રંગ લાગે તો સારું. તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાસો

તારા સંગનો રંગ ન લાગે, ત્યાં સુધી તું આ વાત જરા અવળી છે, બીજા બધા રંગ ઉતરે તો કાચા અને વૈષ્ણવતાનો રંગ બીજાને ન લાગે તો કાચો. બીજા રંગ કાચા હોય તો ઉતરે અને વૈષ્ણવતાનો રંગ પાકો હોય તો ઉતરે ? ગિરિરાજ ગોવર્ધનના સંગથી વનની પુલંદીઓ પૂર્ણત્વને પામી છે. આ શ્લોકની આગળનો શ્લોક જુઓ. **पूर्णाः पुलिन्ध उरुगायपदाब्जराग...** પ્રભુના ચરણમાં કંકુ લાગેલું છે એ કંકુ ચોટ્યું છે ઘાસ ઉપર અને આ પુલિંદીઓએ ઘાસ ઉપર ચોટેલા કંકુને લઈ પોતાના મુખ અને હૃદય ઉપર ચોપડીને ભગવાનના વિરહનો તાપ શાંત કરે છે. **लिम्पन्त्य आननकुचेषु जहुस्तदाधिम्** એમના હૃદયમાં પ્રભુના વિયોગનો તાપ જાગવો, તો વિયોગનો ભાવ જાગવો. બીજો કયો ઉપાય કરવાથી વિરહની શાંતિ થાય એ પણ જાણવું. આટલી બધી ચતુરાઈ આ આદિવાસી સ્ત્રીઓમાં ક્યાંથી આવી ? આ ભીલડીઓમાં આટલી બધી રસિકતા, રસજ્ઞતા ક્યાંથી આવી ? તો કહે છે કે આ બધું ગિરિરાજના સાન્નિધ્યનું પરિણામ છે. ગિરિરાજ ચાર પ્રકારે પ્રભુની સેવા કરે છે. **पानीय - सूयवस - कन्दर - कन्दमूलैः** ઉપરથી ઝરણાનું જળ વહે છે, ઠાકોરજી પણ એ જળનું પાન કરે છે, ગાયો પણ પીવે છે, ગોવાળો પણ પીવે છે. પછી ગિરિરાજ ઉપર જે ઘાસ ઉગ્યું છે એ ગાયોને આરોગવા માટે અને પ્રભુને પોઢવા માટે. ત્રીજું તડકો બહુ છે અથવા ઝરમર છાંટા પડી રહ્યા છે તો ભગવાનને બહાર તો પરિશ્રમ થાય તો ગિરિરાજની અંદર અનેક કંદરાઓ છે અને જે સુંદર કંદરાઓ છેને ત્યાં પ્રભુ વિશ્રામ કરે છે. આ તો થઈ દિવસ લીલા. ગિરિરાજ ગોવર્ધનની અંદર અનેક પ્રકારની નિકુંજોનો વાસ છે. આપણા શ્રીજી બાવા ક્યાં ઊભા છે? નિકુંજના દ્વાર ઉપર અને જો પીઠિકા સાથે તમે દર્શન કર્યા હશે તો ખબર હશે એ આખો દરવાજો છે અને દરવાજા ઉપર જમણો શ્રીહસ્ત કટિ ઉપર પધરાવી, ડાબો શ્રીહસ્ત આ રીતે રાખી અને નિકુંજના દ્વાર ઉપર રહેલો **નિકુંજનો નાયક** પોતાના પ્રિય ભક્તોને બોલાવી રહ્યો છે.

મહેમાનને દેવ સમજે અને મહેમાનનો ધર્મ છે, કે યજમાનને માથે ભારરૂપ ન થાય. Guest અને Host બન્નેના ધર્મો છે. પછી મહેમાને પણ એવા ભારરૂપ ન થવું જોઈએ કે ઘરવાળો માણસ વિચારે કે હવે આ ક્યારે જાય. ભગવાન પધારે છે. તો ગિરિરાજ સૌથી પહેલાં તો પોતાની પ્રસન્નતા અનુભવે છે. મારે આંગણે પ્રભુ પધાર્યા, હું ધન્ય થઈ ગયો. **यद् रामकृष्ण चरणस्पर्श प्रमोदः** પ્રમોદ અતિ આનંદ થાય છે, પ્રભુ પધાર્યા ! કહો મહારાજ, હવે હું શું સેવા કરું ? ચાર રીતે સેવા કરે છે. જલથી, ઘાસથી, એની પાસે હીરા-માણેક મોતી નથી, એની પાસે કોઈ કિંમતી વૈભવ નથી. પર્વત પાસે શું હોય ? મહાપ્રભુજીએ ગિરિરાજને અકિંચન ભક્ત કહ્યાં છે. અકિંચન પર્વત પાસે શું હોય ? મહાપ્રભુજીએ ગિરિરાજને અકિંચન ભક્ત કહ્યાં છે. પર્વત પાસે શું હોય ? મુંબઈના ઝવેરી બજારમાં નીકળો, મુંબઈની પ્રિન્સેસ સ્ટ્રીટમાં નીકળો એવું કોઈ વૈભવ તમને કોઈ પર્વત પર જોવા મળશે ? ઝવેરાતની દુકાનો એવું બધું તમને થોડું જોવા મળશે ? પર્વત પાસે સમૃદ્ધિ બહુ નથી હોતી છતાં ગિરિરાજને હરિદાસવર્ય કહ્યાં. એટલાં જ માટે કે એની પાસે જે છે એ પ્રેમથી પ્રભુને સમર્પે છે. તમે આ ધરાવો, તમે આ ધરાવો એવી વાત નથી. તમારી પાસે જે હોય, તમે જેવા હો. તમારી પાસે જે છે એને પ્રેમથી ધરાવો, પ્રભુ પ્રસન્ન થશે. ગિરિરાજને રોમાંચ થાય છે. કૃષ્ણ બલરામ પધાર્યા. ચરણ ચિહ્ન છે. તમે ગોવર્ધન જાવને તો જોશો, ઠાકોરજીના ચરણની છાપ છે. ચરણ ચિહ્ન ગિરિરાજ એટલા બધાં દ્રવી જાય છે કે પ્રભુના ચરણની છાપ પડી જાય છે. કોમલ બની જાય છે. અને કૃષ્ણનો સ્વભાવ જ એવો છે કે જ્યાં જાય ત્યાં કોમળતા થઈ જાય. મેં તમને પહેલાં પણ કહ્યું હતું, કૃષ્ણને કઠોરતા અને કટુતા આ બે કદી ગમતી નથી. પ્રભુ ગાયો ચરાવા નીકળે છે ને ધરતીને રોમાંચ થાય છે. **वृन्दावनं सखि भुवो वितनोति कीर्तिम्** એની કેમ કીર્તિ છે ? એ એટલા માટે છે કે એના ઉપર પ્રભુના ચરણ બિરાજે છે.

પ્રભુના ચરણનું એને ધન મળ્યું છે. સાક્ષાત ચરણનું મહાપ્રભુજી એમ સમજાવે છે કે દેવોના ચરણ ભૂમિને સ્પર્શતા નથી. કોઈ પણ દેવ આવે તો એના ચરણ ભૂમિથી અદ્ધર હોય છે. જો દેવોના ચરણ પણ ભૂમિને સ્પર્શે નહીં તો કૃષ્ણ તો દેવોના પણ દેવ છે. અને છતાં પ્રભુના ચરણ **यद् देवकी सुत पदाम्बुज लब्धलक्ष्मी** પ્રભુના ચરણનો સાક્ષાત્ સંબંધ ધરતીને થયો છે. અને વૈષ્ણવો એટલે જ આ સાક્ષાત્ સંબંધ થવાનો મનોરથ ધરતીનો ઘણો વખતનો હતો. ધરતીને પ્રભુના ચરણાર્વિંદનું સાક્ષાત્ સુખ મળે, એટલા માટે તો કૃષ્ણ ગોકુળમાં બિરાજે છે, ત્યાં સુધી ચરણ પગરખાં ધારણ કર્યા વિના જ વિહાર કરે છે. ઠાકોરજીના ચરણ તો બહુ કોમળ છે તોય ખુલ્લાં ચરણે કેમ દોડ્યાં ? આટલાં કોમળ ચરણ છે તો ય ખુલ્લાં ચરણે. કારણ કે ધરતીને પ્રભુના ચરણનું સ્પર્શ સુખ પ્રાપ્ત થાય. ગિરિરાજને પણ પ્રભુના ચરણ સ્પર્શનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ભક્તિમાર્ગમાં ભગવદ્ ચરણાર્વિંદનો સાક્ષાત્ સંબંધ થવો એ પરમ ફળ છે. જુઓ ભક્તિ ભગવાનના બે અંગમાં છે. ભગવાનના મુખમાં અને ભગવાનના ચરણમાં. ભક્તિ જોઈતી હોયને તો આ બેના દર્શન પ્રેમથી કરવાં. પ્રભુના મુખમાં પણ ભક્તિ છે. એ મુખાંપૂજા ભક્તિ કહેવાય છે. પ્રભુના ચરણમાં પણ ભક્તિ છે એ ચરણામ્બુજા ભક્તિ કહેવાય અને પ્રભુના ચરણમાં જે ભક્તિ છેને એના બે પ્રકાર, ડાબા ચરણમાં પુષ્ટિભક્તિ છે અને જમણા ચરણાર્વિંદમાં મર્યાદાભક્તિ છે.

તમે તો બધાં વૈષ્ણવો છો એટલે જાણો છો પણ આ બીજા બધાને

કોઈને ખબર ન હોય એટલા માટે કહું છું કે પ્રભુના ચરણ સ્પર્શ કરવાની રીત એ છે કે પહેલા તમે ડાબા ચરણાર્વિંદને સ્પર્શ કરો પછી જમણા ચરણાર્વિંદને સ્પર્શ કરો અને પછી પાછો ડાબા ચરણાર્વિંદને જુદી જુદી પરંપરા છે. ઘણી જગ્યાએ મેં આમ પણ જોયું છે પણ એ પુષ્ટિમાર્ગમાં નથી. આ રીતે ચરણ સ્પર્શ કરે છે ને જમણા ચરણને જમણો હાથ લાગે અને ડાબાને ડાબો હાથ લાગે, સાઉથમાં ઘણી જગ્યાએ આ પ્રથા છે કે ક્રોસ કરીને એટલે જમણા ચરણને જમણો હાથ લાગે ને ડાબા ચરણને ડાબો હાથ લાગે. આપણે ત્યાં ચરણ સ્પર્શ પ્રભુને થાય છે. એ જમણો હાથ ઠાકોરજીના ચરણને લાગે અને તે બને ત્યાં સુધી જો ઠાડુ સ્વરૂપ હોયને તો ચરણ સ્પર્શ કદી ઊંધા હાથે ન થાય, સમજ્યા ? ઊંધા હાથે કરશો તો ક્યાં થશે ? ચરણની ઉપર થશે અને ચરણ સ્પર્શ ક્યાં કરવા જોઈએ ? ચરણના તળિયે. ચરણનું જે તળિયું હોય ત્યાં હાથ જવો જોઈએ એટલે હાથ છતો રાખીને ડાબો હાથ એને અડકાડીને જમણા હાથથી પહેલા ડાબો ચરણ પછી જમણો ચરણ પછી ડાબો ચરણ ડાબામાં શ્રી સ્વામિનીજીનો અને જમણામાં શ્રી ઠાકોરજીનો ચરણસ્પર્શ થાય છે. પછી એ ચરણ સ્પર્શ આંખે, મસ્તકે, હૃદય પર લગાવવા જોઈએ અને પછી હાથ ખાસા કરવા જોઈએ. અથવા પછી એ ચરણરજ જે લાગી છે એને પ્રસાદીજલ લઈને એનું આચમન કરવું જોઈએ. આપણ એક રીત છે. ઠાકોરજીને ચરણ સ્પર્શ કરો એટલે ચરણરજ આવે. ચરણમાં તો રજ હોય ને ! ચરણ સ્પર્શ કરો એટલે ચરણરજ આવે અને એ ચરણરજ આપણામાં ઉતરે એટલા માટે પછી ઝારીજીનું જલ લઈ અને પછી આચમન થાય છે.

શ્રાધ્ધમાં પણ તર્પણ થાય છેને એ જુદી જુદી રીતે થાય છે. દેવોને અંજલી અપાય જુદી રીતે, મનુષ્યોને અંજલી અપાય જુદી રીતે, પિતૃઓને અંજલી અપાય જુદી રીતે. શ્રાધ્ધ ત્રણના થાય છે. દેવ, ઋષિ અને પિતૃ. એટલે આ જે આંગળા છેને એ દેવતીર્થ છે. આ વચ્ચેનો ભાગ છે એ મનુષ્યતીર્થ છે. અને પિતૃ વગેરેના પાયે છે તે અંગુષ્ઠે વગેરે તીર્થ છે. એટલે દેવોને જ્યારે અપાયને ત્યારે આમ સીધુ અપાય અર્ઘ અપાય તો આમ સીધો આંગળીઓથી અપાય. એટલે આચમન કરવાની રીત પછી બીજી પરંપરામાં બીજી રીત હોય આપણે ત્યાં જલ લઈ અને ઉપરથી આચમન થાય છે.

આજે ઘરમાં તૈયારીઓ ચાલતી હતી. લાલાએ પૂછ્યું, આ બધી શાની તૈયારી ? અરે, તને ખબર નથી કે આપણે ઈન્દ્રયાગ કરીએ છીએ. અચ્છા ! લાલાએ કહ્યું, 'બાવા, હવે ઈન્દ્રની પૂજા બંધ કરો. તમે પ્રતિવર્ષ ઈન્દ્રની પૂજા કરતા હતા. સાત વર્ષ થયા હવે કનૈયાએ બંધ કરાવી. કારણ કે ઈન્દ્રનું માન ભંગ કરવું છે. ભગવાને કહ્યું, 'બાબા ઈન્દ્રની પૂજા શા માટે કરો છો ? આપણી પાસે એવા મોટા દેવ છે કે ઈન્દ્ર તો એના સેવકનો ય સેવક કહેવાય.' અચ્છા, એવું કોણ છે? ભગવાને કહ્યું, 'ગિરિરાજ ગોવર્ધન.' 'લાલા ! એ તો પર્વત છે.' ભગવાને કહ્યું, 'નહીં, ગિરિરાજ પર્વત નથી. બહોત બડે દેવ હૈ. હમારો દેવ ગોવર્ધનરાય. યે હમારે બહોત બડે દેવ હૈ.' ઈન્દ્રની પૂજા બંધ કરાવી. ભગવાને ત્રણની પૂજાની આજ્ઞા કરી છે ભાગવતમાં. ભગવાને કહ્યું, ગાયોની પૂજા કરો, બ્રાહ્મણોની પૂજા કરો અને ગોવર્ધનની પૂજા કરો. લાલા ગાયોની પૂજા કરતા અમને આવડે છે, બ્રાહ્મણોની પૂજા કરતા પણ અમને આવડે છે. પણ આ પર્વતની પૂજા કેવી રીતે કરવી ? પ્રભુ કહે, હું છુંને. હું તમને શિખવીશ. તમને ખબર છે આ ગિરિરાજ પર્વત નથી, વો બડે દેવ હૈ. રોજ હમારે સંગ ખેલતે હૈ. જો તમે એને માટે

તૈયારી કરશો તો એ પ્રગટ થઈને તમને દર્શન આપશે એટલું જ નહીં તમારા દ્વારા સિદ્ધ થયેલી સુંદર ભોગ-સામગ્રી તમારા દેખતા આરોગશે. એટલું જ નહીં કોઈ વિપત્તી ભવિષ્યમાં આવી પડશે તો એ આપણાં બધાની રક્ષા પણ કરશે. વ્રજવાસીઓમાં મોટો ગુણ એ હતો કે કૃષ્ણની કોઈ વાતને આનાકાની કર્યા વગર માની લેતા. ભગવાનને એટલે જ વ્રજ વ્હાલું છે. શ્રીકૃષ્ણએ કહ્યું, ઈન્દ્રની પૂજા બંધ કરો, તો બધા વ્રજવાસીઓએ કહ્યું બંધ કરો. ગોવર્ધન પૂજા કરો ! લાલા, હમ ગોવર્ધન પૂજા કરેંગે લેકિન કૈસે કરેંગે યે તુ હમકો બતા દે. 'કાન કહે સો કીજે, હમારો કાન કહે સો કીજે.' બોલો, અર્જુનને હા પડાવતા ભગવાનને દમ નીકળી ગયો. અર્જુનની 'ના'ની હા કરાવતાં ભગવાનને કેટલો ત્રાસ થયો છે ? સત્તર અધ્યાય સુધી ભગવાન બોલતા જ જાય, બોલતા જ જાય, બોલતા જ જાય. ત્યારે માંડ માંડ પેલાએ થાકીને કહ્યું, ભલે હવે તમે કહો એમ કરીશ. અર્જુનની હા પડાવતા ભગવાનને બહુ શ્રમ પડ્યો. અને આ વ્રજવાસીઓ એટલા બધા સરળ, લાલાએ કહ્યું ઈન્દ્રની પૂજા છોડો, છોડી દીધી. ગાયોની પૂજા કરો, ગોવર્ધનની પૂજા કરો, લાલા, તું જેમ કહે એમ કરીશું.

જેણે પ્રભુને આટલી સરળતાથી આત્મસમર્પણ કર્યું હોય એના ઉપર કોઈ વિપત્તિ આવે ત્યારે પ્રભુ એમને કષ્ટ ન પડવા દે. સાત દિવસ પોતે ગોવર્ધન ઉઠાવીને સાત દિવસ પોતે પરિશ્રમ કરે ભક્તને શ્રમ ન થવા દે. જેની શરણાગતિ દૃઢ હોયને એ ભક્તને પ્રભુ પરિશ્રમ નથી થવા દેતા. પ્રભુ પોતે શ્રમિત થશે પણ એને શ્રમ નહીં થવા દે. લાલા, ગોવર્ધનની પૂજા કેવી રીતે કરવી ? ભગવાને બહુ સુંદર વિવિધ પ્રકારની ભોગ સામગ્રી તૈયાર કરો. અને જેને પરિક્રમા કરવી હોય તે પરિક્રમા કરીને આવો. આપણે એના મુખારવિંદ પાસે ભેગા થઈએ. મુખારવિંદ જતીપુરા છે. જુદા જુદા સ્થળેથી વિવિધ પ્રકારની સામગ્રી લઈને સૌ ત્યાં આવી પહોંચ્યા.

मानसी गंगा श्री हरदेव, गिरिवर की परिक्रम्मा दे ।
कुण्ड कुण्ड चरणामृत लेय, अपनोजन्म सफल कर ले ।।

અન્ય લોકો ગોવર્ધનની પરિક્રમા શરૂ કરે છે. પણ આપણે મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર જતીપુરા શ્રી મુખારવિંદથી આચાર્યચરણોની બેઠકજીમાં પ્રભુજીના આશીર્વાદ લઈ, દંડવતી શિલાને દંડવત્ કરી અને ત્યાંથી પરિક્રમા શરૂ કરીએ. અને પછી જેને પાંચકોશી ફાવે પાંચકોશી, સાતકોશી ફાવે સાતકોશી. આમ તો પાંચકોશી છે જ નહીં, સાતકોશી કે નવકોશી. હવે આમ ધીરે ધીરે બધું આપણે ટૂંકું કરતા જઈએ છીએ. ગોવર્ધન આવ્યાં ત્યાંથી કુસુમ સરોવર વિગેરે થઈ પાછાં ગિરિરાજજી આવી, જો કોઈ ચંદ્ર સરોવર જાય તો નવકોશી થઈ જાય. નહીંતર પછી ગિરિરાજજી આવી આન્યોર થઈ, ગોવિંદજી થઈ, કુંડ થઈ, પૂંછરીના લોઠા થઈ, અપ્સરાકુંડ, સુરભિકુંડ થઈને પાછાં તળેટીમાં આવી જઈએ. આ રીતે પરિક્રમા થાય. આપણે ગિરિરાજજીનું નામ લઈને ભાવના કરીએ. ગિરિરાજ ધરણ શ્રીજી તુમ્હારે શરણ, ગિરિરાજ ધરણ શ્રીજી તુમ્હારે શરણ બોલો, ગિરિરાજ ધરણ, શ્રીજી તુમ્હારે શરણ, વલ્લભ તુમ્હારે શરણ... ગિરિરાજજીની પરિક્રમા કરી મુખારવિંદ આવી સૌએ પ્રાર્થના કરી, હે ગોવર્ધન ! હે ગિરિરાજ ! દર્શન આપો.

कृष्णस्त्वन्यतमं रुपं गोपविश्रम्भणं महत् ।
शैलोऽस्मीति ब्रुवन् भूरि बलिमादद् बृहद्वपुः ।।

પ્રભુએ પોતે એક બીજું રૂપ ધારણ કર્યું. 'મૈં ગિરિરાજ હૂઁ' એવું

કહીને પ્રભુ પ્રગટ થયા. ઠાકોરજીના બે રૂપ છે. એક રૂપ નંદરાયજીની આંગળી પકડી અને પૂજક રૂપે ઊભાં છે. અને બીજું ગિરિકંદરામાંથી પૂજ્ય રૂપે પણ પ્રગટ થયા છે. અહીંયા પૂજ્ય અને પૂજક એક છે. અહીંયા સેવક અને સેવ્ય વચ્ચે કોઈ ભેદ નથી.

પ્રિયનાવતી પારણે ઝૂલે રે. શ્રી વિઠ્ઠલનાથ ઝુલાવે હોં... ....

प्रिय नवनीत पालने झुले, श्री विठ्ठलेनाथ झुलावे

कबहुक आप संग मिले झुले, कबहुक उतरि झुलावे....

નવનીતપ્રિયાજી ઝુલી રહ્યાં છે. શ્રી વિઠ્ઠલનાથ ઝુલાવે હોં. અને એમ કરતાં કરતાં કબ હુપ આમ સંગ મિલ ઝૂલે ... ...

ક્યારેક પોતે ઝૂલે છે. અને ક્યારેક ઝૂલાવે છે. કારણ કે જે ઝૂલી રહ્યાં છે, તે પણ એ છે અને જે ઝુલાવી રહ્યાં છે તે પણ એ છે. ભોક્તા અને ભોગ્ય એક છે. આ બાજુ બહાર ઊભાં ઊભાં આરોગાવે છે કે હે પ્રભુ ! આ અન્નકુટ આરોગો. અને દેખો હી અપિ ભોજનં **देखो री हरी भोजन खात...** ગિરિરાજ બાવા આરોગવા લાગ્યાં. હવે ભોજન તો કેટલું બધું હતું. અન્નકુટ. **सहस्त्र भुजा धर उत जेंवत है,** સહસ્ત્ર ભુજા ધર ઇતે દ્વક હૈ લલિતા દૈખ રી રાધા.

અલી સખી ! અગર તું સમજે મૈં એક બાત બતાઉં. યે આરોગને વાલા ઔર યે આરોગાને વાલા એક હી હૈ. બધાંને ખબર ન પડી હોં, પણ સ્વામિનીજી સમજી ગયાં કે આ બહુરૂપીયાએ, આ નટવરે બે રૂપ લીધાં છે. ભગવાને જ બીજું રૂપ લીધું છે. પણ જરા મોટા, કારણ કે પર્વતના દેવ થઈને આ આવ્યાં છે ને, જરા મોટા થયા. આરોગાવે છે પણ એ અને આરોગે છે પણ એ.

બધાંના દેખતા છાબડે છાબડાં ભરીને ગિરિરાજ પ્રભુ આરોગવા લાગ્યાં. આમ પર્વતને ભોગ તો એવો જ હોયને ! વૃષભાનુ ગોપને ત્યાં બદરૌલા. એક ગોપી હતી મોડી પડી હતી. પ્રભુએ ભુજા લાંબી કરીને રસ્તેથી એનો ભોગ ઉઠાવી લઈને આરોગી લીધો. આપણા પ્રભુ જરૂર આરોગે છે. પરંતુ તમારા મનમાં સંશય ન લાવશો કે એ આરોગે છે કે નથી આરોગતા. આપણા પ્રભુ એટલા માટે આરોગે છે કે આપણે એમને જે ભોગ ધરીએ છીએ એમાં આજ વ્રજભક્તોની ભાવના કરીએ છીએ. એમાં આપણે કાંઈ બહુ ફુલાવા જેવું નથી કે આપણે ધરાવીએ છીએ ને ભગવાન આરોગે છે, તો આપણે કેટલા મહાન ! આપણે જ્યારે પ્રભુને ભોગ ધરીએ છીએ ત્યારે કહેવું પડે છે, શ્રી મહાપ્રભુજીની કા'નીથી, શ્રી ગુસાંઈજીની, શ્રી ગુરુદેવની કા'નીથી અને વ્રજભક્તોના ભાવથી પ્રભુ આરોગે છે. આ હું નથી આરોગાવતો પ્રભુ, વ્રજભક્તો આરોગાવે છે. અમારી એવી પાત્રતા નથી કે આપ અમારા હાથનું આરોગો, પણ મહાપ્રભુજીની કહાની છે. ગુસાંઈજીની કહાની છે, ગુરુદેવની કહાની છે અને એટલા માટે તમે પ્રેમથી જે ધરો, એને પ્રભુ આરોગે છે. એ તમારા મનોરથને પૂરા કરવા માટે આરોગે છે, તમને એની સેવા કરવાનો અવસર મળે એટલા માટે તે આરોગે છે. એ તમને સુખી કરવા માટે આરોગે છે. આપણે ભોજન કરીએ છીએ, આપણી જરૂરીયાત છે માટે. અને પ્રભુ આરોગે છે, આપણી ભાવનાને પૂરી કરવા માટે. પ્રભુ આરોગે છે એ પ્રભુનો અનુગ્રહ છે. એક ઉદાહરણ નથી અનેક ઉદાહરણ છે કે ભક્તોએ ધરેલું ભગવાન આરોગ્યાં છે. નારાયણદાસ ઠાકોરજીની આગળ ગરમ ગરમ ખીર ધરાવીને મહાપ્રભુજીના દર્શન કરવા ગયા. પાછાં પધારીને જુએ છે. શ્રી મહાપ્રભુજીએ ટેરો હટાવ્યો તો બધે ખીરના છાંટા પડેલા છે. પ્રભુના

હોઠ લાલ લાલ થઈ ગયાં છે. અને શ્રી મહાપ્રભુજીએ પૂછ્યું, પ્રભુ ! આવી સ્થિતિ કેમ ? શું કરું તમારા સેવકે મને ગરમ ગરમ ખીર ધરાવી અને વાર્તામાં એમ કહ્યું છે કે ભોગમાં જ્યારે ખીર હોય ત્યારે પ્રભુ પહેલો હાથ ખીરમાં પધરાવે છે. ભગવાન સૌથી પહેલા ખીર આરોગે છે. શિતકાલમાં તો કીર્તન છે આખું, મીઠી ખીર જો ભાવે લાલ કો મીઠી ખીર જો ભાવે 'લાલાને કેવી ખીર ભાવે ?' મીઠી ખીર. જો ભાવે લાલ કો, હવે આપણને ડાયાબિટિસ થયો હોય તો શું ? મીઠી ધરાવવાની કે મોળી ? હું મુંબઈ એક વૈષ્ણવના ઘરે અઠવાડિયું રહેલો. જામફળ મળેને એવી સિઝન હતી. પછી મેં પૂછ્યું કે અત્યારે બજારમાં જામફળ બહુ સુંદર મળે છે. તમે ઠાકોરજીને કેમ નથી ધરતા ? મને કહે, 'શું કરીએ ? અમારા ઘરમાં કોઈને ભાવતા નથી.' આપણે પ્રભુને જે ભોગ ધરાવીએ છીએ એ આપણી રૂચિનો વિચાર કરીને કે આપણાં ભાવનો વિચાર ? તો તો પછી સેવા આપણી થઈ, પ્રભુની ન થઈ.

તમારે પ્રસાદ ન લેવો હોય તો ન લો, પણ પ્રભુને જે ભોગ ધરાવીએ એ તો મીઠો હોવો જ જોઈએ. આપણને ડાયાબિટિસ થયો હોય તો એણે શું ગુનો કર્યો ? એને ડાયાબિટિસવાળો ભોગ આરોગવાનો Sugerless સુગરલેસ મીઠી ખીર જો ભાવે લાલ કો મીઠી ખીર જો ભાવે લાલ માએ ખીર લગાવી અને લાલાએ આમ થોડી ચાખ્યાં પછી લાગ્યું કે હજી થોડીક મોળી છે. બેલા ભર ભર; બેલા એટલે વાટકો, બેલા ભર ભર લાવત યશોદા, બુરો અધિક મિલાવે. લાલા તુઝે ફીકી લગતી હૈ, લે મૈ ઔર મિલાતી હૂઁ બેલા ભર ભર લાવત યશોદા બુરોય અધીક મિલાવે લાલ કો મીઠી ખીર જો ભાવે.

ભગવાનને ખીર બહુ ભાવે, ગરમ ગરમ ખીર, હાથ નાખી દાઝી ગયા. કોણ કહે છે કે ભગવાન આરોગતા નથી ? પ્રભુ જરૂર આરોગે છે. તમે પ્રેમથી આરોગાવો તો, પ્રભુ આરોગે છે. ન કેમ આરોગે ? જુઓ, એને જન્મ લેવામાં વાંધો નથી, યશોદાનો પુત્ર થયો કે ન થયો ? જુઓ એને પ્રગટ થવામાં વાંધો ન હોય, સવારે મા જગાડે ત્યારે જાગે અને પોઢાડે ત્યારે પોઢે. ગાયો ચારવામાં મોકલે તો ગાયો ચારે, મા જે જે પ્રકારના શ્રૃંગાર ધરાવે તે શ્રૃંગાર ધારણ કરે. આ બધુંય જો ભક્તોનું ધાર્યું કરે તો ભક્તોનું ધરેલું ભગવાન આરોગે કેમ નહીં ? આટલું બધું કર્યું તો પછી આરોગવામાં શું ફેર પડે છે ? કુમારિકાનો શ્લોક હતોને એ શ્લોકમાં એક ભાવના એવી છે તમે જુઓ કે એમાંય ક્યાંય ભગવાનનું નામ નથી. ભગવાન સાથે મને પરણાવો એવી પ્રાર્થનામાંય નામ નથી. કૃષ્ણને પતિ બનાવવો એમ ન કહ્યું. માધવ, મુરારી, મુકુંદ, નારાયણ એવા અનેક નામો છે; કોઈ નામ ન લીધું. તો શું બોલી ? નંદ ગોપસુતં. નંદબાવાના પુત્રને અમારા પતિ બનાવો. એના બે કારણ એક તો જુનું કારણ પ્રચલિત છે કે નામ દઈને બોલાવતા ન હતા. હવે આજ કાલ તો બધું બદલાઈ ગયું, પણ પહેલા તો એવો નિયમ હતો કે નામ દઈને ના બોલાવે. નંદના કુંવર, તમે બહુ રંગરસિયા, નામ ન લીધું. નંદના કુંવર તમે બહુ રંગરસિયા, અમારે કારણે વ્હાલો વ્રજ માંહે વસિયા. નંદના કુંવર તમે બહુ રંગદાણી વાટે જાતાં મારી ચુંદલડી તાણી. નામ નથી લેતું કોઈ. રસિક, સુંદીર, વર - નામ છે ક્યાંય ? રસિક સુંદીર વર... નામ નથી. નંદ ગોપસુતં. શ્રીકૃષ્ણને અમારા પતિ બનાવો પણ શ્રીકૃષ્ણ ન કહ્યું, નંદના કુંવરને અમારા પતિ બનાવો. તો કે એ તમારો પતિ શું કરવા થાય ? તો કુમારિકાઓએ સરસ દલીલ કરી કે જો એને નંદના પુત્ર થવામાં વાંધો નથી તો પછી અમારા પતિ થવામાં શો વાંધો છે ?

અને નંદ કોણ છે ? ગોપ. નંદ ગોપસુતં... એક ગોવાળના પુત્ર થવા માટે તૈયાર હોય તો પછી આ ઋષિઓના પતિ થવામાં એને શું વાંધો છે ? આવાં પ્રભુ ભોગ આરોગ્યાં, વ્રજવાસીઓને કહ્યું તમે કાંઈ ચિંતા ન કરશો, કાંઈ પણ તકલીફ હોય તો મારી પાસે આવજો અને તકલીફ તો તરત જ આવી. ઈન્દ્રને સમાચાર મળ્યાં. વ્રજવાસીઓએ મારી પૂજા કરી નથી. પ્રલય કરનારાં મેઘને બોલાવ્યાં છે ઈન્દ્રએ. સાંવર્તક મેઘ, બારેય મેઘ તુટી પડ્યાં. ભીષણ વૃષ્ટિ થવા લાગી. મુશળધાર વરસાદ વરસવા લાગ્યો. ધરતી આખી જળબંબાકાર થઈ ગઈ. આકાશમાં વીજળીના પ્રચંડ કડાકાઓ થાય છે. મેઘ ગંભીર બધાં ગભરાઈ ગયા, આવ્યાં કૃષ્ણ પાસે. લાલા ! હવે શું થશે ? પ્રભુએ કહ્યું શું થશે શું ? ચિંતા કેમ કરો છો ? અરે ! ગિરિરાજ ગોવર્ધન આપણી રક્ષા કરશે, ચાલો. વ્રજ ઉપર વિપત્તી આવી પડી ત્યારે પ્રભુએ એમ ન કહ્યું કે હું નાનકડો બાળક તમારી શું રક્ષા કરવાનો હતો ? સાત વર્ષનો આ બાળક કહે છે, 'તમે' મારા છો, મારા શરણે આવેલા છો, મારો પરિવાર છો. તમારી રક્ષા કરવી એ તો મારું વ્રત છે. ભક્તનું રક્ષણ કરવું એ ભગવાનનું વ્રત છે. ભક્તનું રક્ષણ કરવું એ ભગવાનની પ્રતિજ્ઞા છે. અને ભગવાન પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરે જ છે.

મહાપ્રભુજીનું એક નામ છે **સત્યપ્રતિજ્ઞ.** આપણે સર્વોત્તમજીમાં બોલીએ છીએને. એ સત્ય વ્રત છે, સત્ય ભગવાનનું વ્રત છે, સત્ય ભગવાનનું સ્વરૂપ છે. શ્રુત અને સત્ય ભગવાનના નેત્ર છે. શ્રીનાથજીની પીઠિકામાં, શ્રીનાથજીની પીઠિકામાં પાછળ ગોવર્ધન પર્વત છે. શ્રીનાથજીમાં બધું જ છે. એટલા માટે પુષ્ટિમાર્ગમાં મૂળ પુરુષ અથવા બધાં જ સ્વરૂપોનું આદિ સ્વરૂપ માન્યું છે.

શ્રીનાથજીમાં યમુનાજી પણ બિરાજે છે. નીચે જે દેખાય છેને લહેરો એ યમુનાજીની લહેરો છે. એમાં તમને એક ઘેટું દેખાય છે. એ લીલાનો આધિદૈવિક કાલ છે. ઘેટાને મેષ કહેવાય, મેષ રાશિનું નામ છે. સૂર્ય મેષમાં આવે, વૃષભમાં આવે વગેરે એ લીલાનો આધિદૈવિક કાલ છે. તમને ઉપર જે મુનિઓ દેખાય છે એ કુમારિકાઓ છે. એ ત્રણ એટલા માટે છે કે ધર્મ, અર્થ અને કામ - ત્રણે પુરુષાર્થ પ્રભુમાં બિરાજમાન છે.

શ્રીનાથજીના બરોબર અંબોડાની ઉપર છે ને એ પોપટ છે. એ લીલા શુક છે. એ પ્રભુની લીલાઓનું ગાન કરે છે. અને ભગવાનને એમની લીલાઓનું ગાન કરનારા એટલા વ્હાલા લાગે છે કે પોતાના મસ્તક ઉપર એમને પધરાવી દીધાં છે. અંદર ગાયો પણ છે. એ બધી ઉદ્દીપનવિભાવ છે. ગાયો તો ભગવાનને બહુ વ્હાલી પણ એ ગાયો શું બતાવે છે કે આ વ્રજલીલા છે. એ ઉદ્દીપનવિભાવ છે. શ્રીનાથજીની પીઠિકામાં મોર છે. કારણકે ગોવર્ધન ઉપર એ મોર પણ પ્રભુને અતિ પ્રિય છે. મોરનું નૃત્ય જોઈને પ્રભુ નૃત્ય કરે છે. અથવા ભગવાનને નૃત્ય કરતા જોઈને મોર. કૃષ્ણ બંસી બજાવી રહ્યાં છે અને એના બંસીના સ્વર પ્રમાણે ગોવર્ધનજીના શિખર પર મોર નાચી રહ્યાં છે.

ગોપીઓ કહે છે કે આપણે ગોપીઓ છે એના કરતા આપણે મોર હોત તો કેવું સારું થાત. મોર હોત તો શું હતા ? આપણને તો અત્યારે લોક લાજ નડે છે એટલે આપણે પ્રભુની પાસે પાછળ પાછળ નથી જઈ શકતા. પણ જો આપણે મોર હોત ને તો તો આપણે ગોવર્ધન પર જઈને રહેતા હોત. આપણે કૃષ્ણની વાંસળી હોત તો કેવું સારું થાત ? જેને જેવા મનોરથો હોં ! ભક્તના મનોરથો આવા હોય. જુઓ આપણે વાંસળી હોત તો શ્રીકૃષ્ણના અધરામૃતનું આપણને પાન થાત. ગોપીઓ કહે છે આપણે કૃષ્ણના કુંડળ થઈ ગયા હોત તો એના કાનમાં આપણે ડોલતા રહેત. આમ, ભગવાન વેણુ વગાડેને એટલે ડોક હલાવે, ડોક હલાવે કાનનાં કુંડલ નાચે. ગોપીઓ

કહે છે મોર નાચે છે, કુંડલ નાચે છે અને આ બંસી આ બધાને નચાવી રહી છે. જ્યાં ભક્તોના મનોરથો જોવાય, ભક્તનો આવો અર્થ ન થાય કે આપણે Prime Minister થયા હોય તો કેવું સારું ? આપણે રાજાધિરાજ થઈ ગયા હોત તો કેવું સારું ? ભક્તના મનોરથો આવા બધાં. અમે ગુંજા બન્યા હોત તો કેવું સારું હતું ? અમે કાનના કુંડલ બન્યાં હોત તો કેવું સારું હતું ? અમે વાંસળી બન્યાં હોત તો કેવું સારું હતું ? અમે ગોવર્ધનનાં કોઈ મોર બન્યાં હોત તો કેવું સારું હતું ? ગિરિરાજ ભગવાનનું લીલા સ્થળ છે અને એટલા માટે પ્રભુ ત્યાં પોઢે છે.

गोवर्धन गिरि सघन कंदरा, रैन निवास कियो, पिय-प्यारी ।

ગિરિરાજ કંદરા માટે સેવા કરે છે અને ચોથું કહ્યું કંદમૂલ પાનીયં સુયસ્યં ...ભગવાનનો આ પરમ ભક્ત ઠાકોરજી જ્યારે પધારેને ત્યારે અતિશય આનંદ થાય છે. મહાપ્રભુજીએ સમજાવ્યું, આપણે ઘેર કોઈ મહેમાન આવે ને તો સૌથી પહેલાં શું આપશો ? ચા-પાણી, ગાંઠિયા, આઈસ્ક્રીમ. **आगते परमस्तोषः** આપણે બોર્ડ ઉપર નથી લખતા Wel-come. આપણે ત્યાં કોઈ મહેમાન પધારે તો સૌથી પહેલા એને પ્રસન્નતા આપે એના આવવાથી. આપણે ઘેર કોઈ મહેમાન આવે તો પહેલાં એને પ્રસન્નતા આપો. એટલે કે એના આવવાથી તમે પ્રસન્ન થયાં છો એવી એને પ્રતીતિ થાય, ખાલી ખાલી આમ તોરણ ઉપર લખેલું હોય Wel-come એવું નહીં અંદરથી. આમ જે આપણે બહાર Wel-come લખી એને અંદર Hel-come હોય. આમ તૈયાર થઈને ક્યાંક બહાર જવાનો પ્રોગ્રામ ગોઠવ્યો હોય, તમે બરોબર તૈયાર થઈ ગયાં હોવને, કાંઈક ટિકિટોય લેવાઈ ગઈ હોય Movie જોવાની. આવો બધો પ્લાન કર્યો હોય એટલે તો આપણે ત્યાં પદ્ધતિ છે કે કોઈને ફોન કર્યા સિવાય, Appointment લીધા સિવાય હવે કોઈને ત્યાં જવાય નહીં. અને છતાં તમે અચાનક Informally પહોંચી ગયા અને Bell વાગે અને બારણું ખોલે ને તમને જુએ એટલે અંદર તો ધ્રાસ્કો જ પડે કે આ કવખતે ક્યાંથી આવી પડ્યાં ?

હવે આવનારે પણ પેલા લોકોને તૈયાર થયેલાં જોયા હોય એટલે એને પણ એમ થાય કે આપણે ખોટા સમયે આવ્યાં. પછી પેલા ધીમે રહીને શરમાતાં શરમાતાં કહે તમને કાંઈ, તમારે કોઈ Programme તો ન હતો ને, તમને Disturb તો નથી કર્યાને ? પેલા મનમાં કહે, બધો Programme ચોપટ કરી નાંખ્યો, હવે 'Disturb કર્યા નથી'ની વાત ક્યા રહી. પણ એવું બોલાય ખરું ? 'ના, ના, આવો, આવો, બહુ સારું, બહુ સારું, એ તો બધું થઈ જશે. પ્રોગ્રામ ફરીથી કોઈવાર કરીશું.' આમ અંદર જુદું બોલાતું હોય. અંદરનો Track જુદો, બહારનો Track જુદો. આવું ન થવું જોઈએ. મહાપ્રભુજી કહે છે આપણે આંગણે કોઈ મહેમાન આવે તો સૌથી પહેલા એને પ્રસન્નતા આપો. ઠાકોરજી પધારે છે તો ગિરિરાજ એમના ચરણોમાં સોનું-ચાંદી, હીરા-માણેકની ભેટ નથી ધરતાં. યદ્ રામ કૃષ્ણ ચરણ સ્પર્શ પ્રમોદ આ પહેલી સેવા છે. પ્રભુના ચરણાર્વિંદનો સ્પર્શ થતાં ગિરિરાજ અતિ પ્રસન્ન થાય છે. અને હું, મને આપણી Indian અથવા Asian Tendancy કહું. બહુ સુંદર વાત છે. પૂર્વના દેશોમાં પછી ઇન્ડિયા, જાપાન, ચીન આ બધાં આવી ગયાં. પૂર્વના દેશોમાં આજે પણ એ પ્રથા છે કે તમારા ઘરે કોઈ મહેમાન આવે તો તમે એવું માનો કે એણે આપણે ત્યાં આવીને ઉપકાર કર્યો. Hospitality કેટલી ઉંચી છે ? હું નથી માનતો કે પશ્ચિમના દેશોમાં **अतिथि देवो भवः** જેવું કોઈ વાક્ય હોય. સાંભળ્યું હોય ને વાંચ્યું હોય તો મને કહેજો. Western Cultureમાં અતિથીને દેવ માનવો એટલી ઉંચી ભાવના નથી, એ પૂર્વના દેશોમાં છે. કોઈ માણસ આપણે ત્યાં રહેવા આવે તો એણે આપણે ત્યાં આવીને, આપણે ત્યાં રહીને, આપણા ઉપર

ઉપકાર કરે છે. પહેલાં તો નાના ગામડાંઓમાં તમે કોઈના ઘરે જાવ પછી તમે નીકળવાનો હોવ ત્યારે એ લોકોની આંખોમાં આંસુ આવે કે અરે ! તમે ચાલ્યા જશો. આ આપણા દેશની અથવા આપણા પૂર્વના પ્રદેશોનું આ Culture છે. બાકી મેં એમ વાચેલું કે Every guest brings Happiness. દરેક મહેમાન સુખ તો આપે જ છે. Some when they are coming & Some when they are going. મહેમાન સુખ તો આપતાં જ હોય છે.

પછી તો પ્રભુએ ગિરિરાજ ગોવર્ધનને ઉઠાવ્યો. બાલકૃષ્ણની એક જ ભુજા મોટે ભાગે ડાબી, ભગવાને વામ ભુજામાં ગિરિરાજ ગોવર્ધનને ઉઠાવી અને આખો પર્વત અદ્ધર કર્યો છે. વ્રજવાસીઓને કહ્યું, આવી જાવ તમે ગિરિરાજની છત્રછાયામાં. આમ પહેલાં તો બધાં ન ગયાં. આપણે અંદર જઈએને પછી આ કહે કે હું તો થાકી ગયો એમ કહીને મૂકી દે તો ! આમ જલદી વિશ્વાસ ન પડ્યો ભગવાન ઉપર, કારણ કે છે તો સાત વર્ષનો બાળક અને ભાગવતમાં એવું નથી લખ્યું કે ગોવર્ધન ઉઠાવતી વખતે એણે વિરાટરૂપ લીધું હતું. વહી સાત વર્ષ કા સાંવરા, રૂપ તો એ જ છે સાત વર્ષના બાળકનું અને ગોવર્ધન ઉઠાવ્યો છે. વ્રજવાસીઓ ચક્તિ થઈ ગયાં. જય જયકાર કર્યો બોલો શ્રી ગિરિરાજ ધરણ કી જય. તે દિવસથી ભગવાનનું નામ પડ્યું ગિરધારી, ગિરિરાજધારી, ગિરિરાજ ધરણ નામ પડ્યું છે. પહેલા હતું ગોવર્ધનનાથ, ગોવર્ધનના નાથ હવે કહેવાયું ગિરિરાજ ધરણ. સૌ વ્રજવાસીઓ સાત દિવસ સુધી પછી તો ગિરિરાજની નીચે આવી ગયા. એક કથા તો એવી છે ભગવાને ચર્તુભુજરૂપ લીધું, જમણી ભુજામાં ગોવર્ધન ઉઠાવ્યો. ડાબી ભુજામાં શંખ લીધો, અને બધું જલ એની અંદર ભરી દીધું, બાકીની બે ભુજાઓ વડે વેણુનાદ શરૂ કર્યો. સાત દિવસ સુધી અખંડ વેણુનાદ વડે પ્રભુએ ભક્તોને અમૃતપાન કરાવ્યું છે. આવું ન કરાવ્યું હોત તો શું થાત ? તો સાત દિવસ સુધી બધાં ભૂખ્યાં, તરસ્યાં, ઉજાગરાંવાળાં કેટલાં દુઃખી થયાં હોત ? ડુબી ન ગયા હોત પણ સાત દિવસ સુધી અન્ન, જળ વગર તો રહ્યાં હોતને અને કેટલો ડર હોત ? તમને સાત દિવસ સુધી કોઈ ઊભા ને ઊભા રાખે, સુવાય એ ન દે તો શી હાલત થાય ? પણ પ્રભુએ બે કામ કર્યાં અને એ હંમેશાં બે કામ કરે છે. એક દુઃખ નિવૃત્તિ, **ભગવાનની કૃપાના બે રૂપ છે, એક દુઃખ નિવૃત્તિ અને બીજું પરમાનંદ પ્રાપ્તિ.** કેવળ દુઃખ નિવૃત્તિ નથી, પણ પરમાનંદની પ્રાપ્તિ પણ છે. અને એટલા માટે પ્રભુને આનંદરૂપ કહ્યાં છે. દુઃખ નિવૃત્તિ જુદી વસ્તુ છે એટલે પરમાનંદ પ્રાપ્તિ જુદી વસ્તુ છે. હું સમજાવું. તમે બે દિવસથી પાણી વગર તરફડતાં હોવ અને તમને કોઈ જલ આપે તો ચોક્કસ એ દુઃખ નિવૃત્તિ કહેવાય. પાણી વિના તરફડી રહ્યાં છો. બે દિવસ થઈ ગયાં ઉનાળાનો દિવસ આમ ગળું તો સાવ સુકાઈ ગયું છે. અને કોઈકે જલ આપ્યું તો ચોક્કસ તમને દુઃખમાંથી નિવૃત્ત કર્યા, પણ કોઈ જલ આપવાને બદલે તેમને શરબત પિવડાવે તો ? કેવળ જલ નહીં પણ તમને મોસંબીનો રસ પિવડાવે, લીંબુનું શરબત પિવડાવે કે કોઈ કેરીનો રસ પિવડાવે, શરબત પિવડાવે તો કેવું લાગે ? તમને કોઈએ શરબત પિવડાવ્યું તો એનો અર્થ એ તો થયો કે તૃષાના દુઃખની નિવૃત્તિ તો કરી પણ કેવલ તૃષાના દુઃખની નિવૃત્તિ જ નથી કરી, શીતલ, સ્વાદિષ્ટ, મધુર શરબત પિવડાવ્યું એટલે આનંદનું દાન પણ કર્યું. હવે તમને કોઈ શરબત પિવડાવાને બદલે અમૃત પિવડાવે તો ? તો તો એ આનંદ નહીં પરમાનંદ કહેવાય. એટલે ભગવાને ગોવર્ધન ઉઠાવીને બધાંને ઈન્દ્રના વિનાશક ઉપાયથી બચાવ્યાં એટલું પૂરતું નથી, પરંતુ સાત દિવસ પ્રભુએ બધાને વેણુનાદના અમૃતનું પાન પણ કરાવ્યું. એટલે કેવલ ઉત્પાતમાંથી નિવૃત્તિ મળી.

એટલું નથી, પણ ભગવાને એને ઉત્સવ બનાવી દીધો. જુઓ શ્રીકૃષ્ણનું શરણ હશે. જુઓ આ પુષ્ટિપ્રભુનો આશય હશે તો એ તમારા ઉપર આવી પડેલાં ઉત્પાતને ઉત્સવ બનાવી દેશે. પછી તો જ્યાં એની વેણુ વાગવા લાગી. ભગવાને વેણુ એવી વગાડી કે આકાશમાં જે મેઘની ગડગડાટી થતી હતીને એ ગડગડાટી એમ લાગવા માંડ્યું કે જાણે મેઘમૃદંગ વગાડે છે. આમ ભગવાનને આમ પર્વત ઉંચકીને આમ બહુ દુઃખી દુઃખી નહોતા થઈ ગયા હોં, પરાણે પરાણે પેલા જેમ Record સ્થાપિત કરવાને માટે ખેંચી ખેંચીને પહોંચે એવું કાંઈ થયું નહતું એને. અરે ! કાનકુંવરની આંગળી ઉપર ગિરિરાજ તો નાચી રહ્યાં હતાં. કાનકુંવર કે કર પલ્લ પર માનો ગોવર્ધન નૃત્ય કરે. કૃષ્ણની કરાંગુલી પર જ્યારે ગિરિરાજ નાચે છે. મેઘમૃદંગ બજાવત. મેઘની ગડગડાટી જેણે મૃદંગવાદક થઈ રહ્યું છે. દામિન દમકં માનો દીપ જલે... અને વીજળીના ચમકારા જાણે દિપાવલી હોય. વિજળીના ઝબકારાં દિપાવલી, મેઘનો ગડગડાટ મૃદંગવાદક. અને પછી તો ગોવાળોય નાચવા લાગ્યાં. પછી ભય તો ચાલ્યો ગયો. હવે ઉત્સવ થઈ ગયો. સાત દિવસ સુધી પ્રભુએ સૌને સ્વરૂપામૃતનું પાન કરાવી અને આનંદમાં ડુબાડી રાખ્યાં. વૈષ્ણવો ! શ્રીકૃષ્ણ કેવળ દુઃખ હરતાં નથી, શ્રીકૃષ્ણ કેવળ ક્લેશ હરતાં નથી; શ્રીકૃષ્ણ પરમાનંદનું દાન કરનારાં પણ છે. સાતમા દિવસે ઈન્દ્રને થયું. હવે જો હું વૃષ્ટિ કરીશ તો પ્રભુ મને દંડ દેશે. ભગવાન પોતાના ભક્તને સાત દિવસથી વધારે કોઈ સતાવતો હોય તો ભગવાન એને સહન નથી કરતાં. સાત દિવસ સહન કરે પછી ના કરે. આ વાત ઈન્દ્ર જાણતો હતો એટલે સાતમા દિવસે વરસાદ બંધ કર્યો. ઐરાવતને લઈને આવ્યો અને ભગવાનના ચરણમાં પડીને ક્ષમા માંગી. કામધેનુએ આવીને ભગવાનના ઉપર અભિષેક કરી ગોવિંદ નામાભિધાન કર્યું. ભગવાનનું તે દિવસે ગોવિંદ નામ પડ્યું. અને ગોવિંદ એટલા માટે કે ગાયોના પણ એ રક્ષક છે. **गवां इन्द्र** હવે ભગવાને નંદરાયજી બહુલોકમાં પધાર્યાં હતાં. ત્યાંથી એમને રક્ષા કરી. બ્રહ્મરથમાં ભગવાને સૌ વ્રજવાસીઓને વૈકુંઠના દર્શન કરાવ્યાં પછી ભગવાને પૂછ્યું બધાંને મારું વૈકુંઠ કેવું લાગ્યું ? ગોપીઓએ કહ્યું, સાવ બેકાર લાગ્યું. 'વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહીં આવું. ત્યાં શ્રી નંદકુંવર ક્યાંથી લાવું, વ્રજ વ્હાલું વૈકુંઠ નહીં આવું.' ભગવાન કહે વૈકુંઠમાં આવોને તો મારાં જેવા થઈ જજો, ચારભુજાવાળાં. ગોપીઓએ કહ્યું પણ અમારે નથી થવુંને. મારે ચતુર્ભુજ ત્યાં નથી થાવું. વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહીં આવું. ભગવાને કહ્યું કે મારા વૈકુંઠમાં ખામી શું છે ? અરે ખામી હોય તો બતાવીએને. ત્યાં શ્રી વૃંદાવન રાસ નથી. અમે તો બધે વૈકુંઠમાં ફરી આવ્યાં પણ ત્યાં ક્યાંય વૃંદાવન નથી, ત્યાં કંઈ તમારી રાસ લીલા નથી પ્રભુ. ત્યાં શ્રી વૃંદાવન રાસ નથી, વ્રજ વનિતા સંગ વિલાસ નથી, વિષ્ણુને વેણુનાદ અભ્યાસ નથી. અમે તો ત્યાં ગયાં તો અમને કાંઈ કૃષ્ણ-કનૈયા ન મળ્યાં. અમને તો ચારભુજાવાળાં વિષ્ણુ ભગવાન મળ્યાં. અમે જઈને પૂછ્યું, મહારાજ ! વાંસળી વગાડતાં આવડે છે ? ગોપીઓ તો ગોપીઓ, એ તો ભગવાનની ખબર લઈ નાખે, તો વિષ્ણુને પણ પૂછે છે, મહારાજ ! બંસી બજાની આતી હૈ ? વિષ્ણુ ભગવાને કહ્યું કે શંખ જ વગાડતાં આવડે છે. કારણ કે વિષ્ણુ પાસે તો શંખ, ચક્ર, ગદા, અને પદમ્. વિષ્ણુને વેણુનાદ અભ્યાસ નથી. વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં આવું. ત્યાં યમુના નથી, ત્યાં ગિરિરાજ નથી, ત્યાં ગાયો નથી, ત્યાં ગોવાળો નથી, ત્યાં રાસ નથી, વૃંદાવન નથી. અમે શું કરીએ ? અરે ! તમારા વૈકુંઠ કરતાં અમારું વ્રજ કેટલું સમૃદ્ધ છે ? અચ્છા વ્રજની સમૃદ્ધિ જુઓ. 'જ્યાં વૃક્ષે વૃક્ષે વેણુ ધારી.' અહીંયા તો વૃક્ષે વૃક્ષે વેણુધારી. જ્યાં વૃક્ષે વૃક્ષે વેણુધારી, પત્રે પત્રે હરિભુજ ચારી. પાંદડે પાંદડે ચતુર્ભુજ

પ્રભુ. એક વ્રજ રજ પર ચૌ મુક્તિ વારી. એક વ્રજ રજ પર ચારેય પ્રકારની મુક્તિ અમે ન્યોચ્છાવર કરી દઈએ. વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં આવું. ત્યાં વસવા શિવ સખી રૂપ થયા. અરે ! ત્યાં વસવાને માટે તો મહાદેવજીએ પણ ગોપીરૂપ લીધું હતું, આવું આ વ્રજ. અમારે મોક્ષ નથી જોઈતો, અમને તો વ્રજમાં વાસ આપો.

ભગવાનને લાગ્યું, હવે આ બધાં ભજનાનંદના અધિકારી છે. રાસનું સુખ આપતા પહેલા ભગવાને મોક્ષનું સુખ નિવૃત્ત કરાવ્યું છે. આચાર્યજીએ એનું કારણ બતાવ્યું. જ્યાં સુધી કોઈ ભક્ત વિષય સુખ અને મોક્ષ સુખ આ બેથી વિરક્ત ન થાય ત્યાં સુધી પુષ્ટિપ્રભુના સ્વરૂપાનંદ રૂપી સુખનો અધિકારી થતો નથી. સાદી ભાષામાં કહું તો રાસ લીલામાં એને જ પ્રવેશ મળે જેનું મન. મોહ અને મોક્ષ આ બન્નેમાંથી વિરક્ત થઈ ગયું હોય. ભોગ ન જોઈએ એને આપણે વિરક્ત કહીએ છીએ, ભોગી નહીં પણ જોગી. પણ ના વાત અધૂરી છે. સંસારના ભોગથી તો તમારું મન નિવૃત્ત થવું જોઈએ. પણ તમારું મન તો મોક્ષ સુધી પણ વિરક્ત હોવું જોઈએ.

એટલે આગળ જતાં ગોપીઓ બોલશે, જે દિવસે તમે કહેશોને અમારે મોક્ષ પણ નથી જોઈતો તે દિવસે રાસ લીલાની વાંસળી વાગશે. ચારેય પુરુષાર્થોનો પ્રભુ ચરણમાં ત્યાગ છે. ધર્મ પણ નહીં, અર્થ પણ નહીં, કામ પણ નહીં, અને મોક્ષ પણ નહીં. ધર્મ પણ નહીં, અર્થ પણ નહીં, કામ પણ નહીં, મોક્ષ પણ નહીં કારણકે કૃષ્ણ જ ધર્મ છે, કૃષ્ણ જ અર્થ છે, કૃષ્ણ જ કામ છે અને કૃષ્ણ જ મોક્ષ છે. ભક્તના બધાં જ પુરુષાર્થ ભગવાન છે. અહીંથી સાત અધ્યાયનું ફલ પ્રકરણ આવે છે અને ફલ પ્રકરણમાં ભગવાન ફલનું દાન કરે છે. પણ ભગવાન જ્યારે ફલનું દાન કરે ત્યારે ભગવાન અને ફલ જુદાં નથી આ યાદ રાખજો. આપણે ભગવાન પાસે કોઈ પણ ફલ માંગીએ છીએને ત્યારે મોટો અપરાધ શો કરીએ છીએ ? જુઓ સાંભળો, આ પ્રાર્થનામાં ખામી ક્યાં છે ? હે ભગવાન ! મને સુખ આપો, આમાં ખામી ક્યાં ? એક ખામી તો ખરી કે આપણે આપણો સ્વાર્થ માંગ્યો પણ એક બીજી ખામી પણ છે કે હે ભગવાન ! મને સુખ આપો એવું કહીને આપણે ભગવાનને અને સુખને જુદાં પાડ્યાં. હવે પાણી પીતા હોવ ત્યારે તમારે એમ કહેવું પડે કે હે પાણી ! તું મારી તૃષાના દુઃખને નિવાર. એકાદશ સ્કંધમાં એવું કહ્યું છે કે એક માનવી ભોજન કરે ત્યારે ત્રણ વસ્તુ વધે છે. ભોજન કરો ત્યારે ત્રણ વસ્તુ વધે. પહેલી તમારી ભૂખનું દુઃખ જે છે તે નિવૃત્ત થાય. ભોજન કરો એટલે ભૂખ ન રહે ને ભોજન કરો એટલે પહેલું ફલ ભૂખનું દુઃખ નિવૃત્ત થાય. અચ્છા ! બીજું ફલ તમને સ્વાદ મળે. તમે કહેશો, વાહ ! આજે ગોટા બહુ સારા થયા, આજે ખમણ બહુ સારા થયા, આજની દાળ તો બહુ ટેસ્ટી છે. સ્વાદ મળ્યો અને ત્રીજું પોષણ મળ્યું. ક્ષુધા રૂપી દુઃખની નિવૃત્તિ, ભોજનનો આનંદ અને શરીરનું પોષણ - એક ભોજન નામની ક્રિયા કરવાથી આ ત્રણેય મળે. એમ જે ભક્તિ કરે એને ત્રણેય વસ્તુ મળે છે. ભક્તિ પણ મળે, જ્ઞાન પણ મળે, અને વૈરાગ્ય પણ મળે. આ યોગેશ્વરનો શ્લોક એક સાથે ત્રણે વસ્તુ મળી જાય પ્રેમ પણ. એને રાગ, વિરાગ અને જ્ઞાન આ ત્રણેય મળે. અને એટલા માટે ભાગવતમાં ભક્તિનો બહુ આગ્રહ છે. તમે ભક્તિ કરો બધું આવી ગયું અંદર. ભક્તિ કરે એને જ્ઞાન મળી જાય, ખબર પડી જાય કે મારા મોહનને શું ગમે છે ને શું નથી ગમતું અને ભક્તિમાર્ગમાં બીજા કોઈ જ્ઞાનની જરૂર જ નથી. આટલું જ જ્ઞાન બહુ છે કે શું મારા પ્રભુને ગમે ને શું મારા પ્રભુને ન ગમે? તમારે તો એને રાજી કરવો છેને બીજું તમારે જોઈએ છે શું ? મહાપ્રભુજી કહે છે, જેને રાજી કરવો હોય એને શું ગમે છે ને શું નથી ગમતું તે જાણી લો. તમારે ઠાકોરજીને રીઝવવા છેને તો એટલું

જાણી લો કે પ્રભુને આ ગમે છે, આ નથી ગમતું. ભગવાનને શું ગમે ને શું ન ગમે એ ભગવાને શાસ્ત્રોમાં ઘણી જગ્યાએ કહ્યું છે. આપણને મહાપ્રભુજી જ સમજાવશે, ઠાકોરજીને આ ગમે, ઠાકોરજીને આ ન ગમે. આટલું જ્ઞાન બસ છે. એને શું ભાવે શું ન ભાવે, એને શું ફાવે એને શું ન ફાવે જાણી લો.

ભક્તિમાર્ગમાં બહુ મોટા વૈરાગ્યની જરૂર નથી. તમને પ્રભુની ભક્તિ કરવામાં જે જે વસ્તુ નડે એમાંથી મન હટાવી લો, બસ આ વૈરાગ્ય. આપણે કાંઈ ભગવા નથી પહેરવાં, આપણે હિમાલય નથી જવું. શી જરૂર છે ? ભગવાન હિમાલયમાં બેઠો છે, અહીં નથી ? બધે જ છે. પ્રભુ બધે જ બિરાજ્યાં છે. અને એટલા માટે ભગવાન પાસે કોઈ ફલની વાત ન કરો. સ્વયં ભગવાન જ ફલ છે, ભગવાન પોતે ફલાત્મક થઈને મળ્યાં છે. શરદ ઋતુ હતી. આપણે એમ કહીએ છીએને કે પૂનમની રાત હતી એટલે ભગવાને રાસ કર્યો. પૂનમની રાત હતી એટલે ભગવાને રાસ કર્યો એમ નથી, ભગવાનને રાસનું મન થયું એટલે રાત્રિ પૂર્ણિમાની બની ગઈ. ભગવાનની લીલા કાલને આધિન નથી, કાલ ભગવાનને આધીન છે. એને કાંઈ પૂનમની રાત સુધી રાહ જોવી પડે ? ક્યારે ચંદ્રમા પૂર્ણ થાય, સોળ કળા એની પ્રગટે ? અને લૌકિક ચંદ્રમા હોયને તો એને સોળ કલા ક્યારે થાય એની રાહ જોવી પડે, અહીં તો ભગવાન પોતે જ ચંદ્રમાનું રૂપ લઈને પ્રગટ થયા છે.

ભગવાન સ્વયં ચંદ્રમાના રૂપમાં પ્રગટ થયા છે. અને એટલા માટે એ ચંદ્રમા પ્રાકૃત ચંદ્રમા નથી, શરદની રાત્રે જે ચંદ્રમા હતોને એ પૂનમની રાત્રે આપણે જોઈએ છે તે નથી. પૂનમની રાત્રે આકાશમાં જે ચંદ્ર જોઈએ છે એ ચંદ્રમા તો એક કલા કપાતી જશે. પૂનમ પછી એકમે જુઓ, બીજે જુઓ, ત્રીજે જુઓ, ચોથે જુઓ, કપાતો જ હશે. ભગવાન થોડા કપાય. પૂનમની રાત્રે આકાશમાં જે ચંદ્રમા જોઈએ છે એ એને તો કલંક છે અને ભગવાન ચંદ્રમા થઈને પ્રગટ થાય ત્યારે થોડું કલંક હોય ?

એક વાર રાધાજી રિસાઈ ગયા. સખીઓ આવીને કહે, રાધાજી રિસાયા કેમ છો ? તો કહે, મને ન કહેવા જેવું કહ્યું. બધી સખીઓ ભગવાન પાસે આવી. તમે રાધાજીને ન કહેવા જેવું કહ્યું ? તો ભગવાન કહે, મેં તો ન કહેવા જેવું કંઈ કહ્યું જ નથી, થઈ ગયું એવું. અચ્છા, એવું તમે રાધાજીને શું કહ્યું કે રીસાઈ ગયા ? ભગવાન કહે છે, મેં કહ્યું, ચંદ્રમુખી, તારું વદન ચંદ્રમા જેવું છે, ભગવાન કહે, મેં શું ખોટું કહ્યું ? બધાં કવિઓએ તો કેટલી જગ્યાએ ચંદ્રમુખી, ચંદ્રવદની, શશીવદની એવાં બધાં નામો તો આપ્યાં છે. ભગવાન કહે છે, મેં આવું કહ્યું એટલે આપને વાંકુ પડી ગયું. કેમ વાકુ પડી ગયું ? રાધાજી કહે છે, તમે મને ચંદ્રમુખી કહી ! શું મારા મુખમાં કલંક છે ? જુઓ વાંકુ પાડવું હોયને તો સારી વસ્તુમાંય વાંકુ પાડી શકાય. રાધા કહે એનો અર્થ એ થયો કે મારા મોંમાં કલંક છે. ચંદ્રમામાં તો કલંક છે, શું મારા મુખમાં કલંક છે ? વળી ચંદ્રમાની કળા તો વધે ને ઘટે, તો શું મારી સુંદરતા ક્યારેક વધે છે ક્યારેક ઘટે છે ? તમે શું કહેવા માંગો છો ? ભગવાનને થયું, આ તો લોકો આપે એટલે મેં આ ઉપમા આપી. રાધાજી કહે છે, છ-છ મહિને રાહુ આવે, ચંદ્રને ગાળે છે તો મારા મુખને રાહુ આવીને ગળી જવાનો છે ? મને ચંદ્રવદની કહી ? દયારામે આખું ધોળ લખ્યું છે. સખી નહીં બોલું, નહીં બોલું સંગે કદાપિ નંદકુંવરને... મને શશીવદની કહી. ભગવાન કહે, આ તો ઉપાધિ થઈ ગઈ. શાસ્ત્રોમાં આ ઉપમા માન્ય છે એટલે મેં આપી, અને આમને વાંધો પડી ગયો. ચંદ્રબિંબમાં લાંછન છે. મને શશીવદની કહી. ભગવાને મારી ભૂલ થઈ એમ કહ્યું ત્યારે મામલો પૂરો થયો. આકાશમાં જે ચંદ્ર ઉગ્યો છે, એ ચંદ્રમા ભૌતિક ચંદ્રમા નથી. જેવી

રીતે શ્રી યમુનાજી ભૌતિક સૂર્યની પુત્રી નથી. આકાશમાં જે સૂર્ય દેખાય, યમુનાજી એમના પુત્રી નથી. એ સૂર્ય તો બાળનારો છે, એ સૂર્ય તો ક્લેશ આપનારો છે. એ સૂર્ય સ્થૂલ છે. યમુનાજી કયાં આ સૂર્યના પુત્રી છે ? આધિદૈવીક સૂર્યના પુત્રી છે. આધિદૈવીક તાપાગ્નિના પુત્રી છે. ત્રણે વેદો એ રવિ છે. આધિદૈવીક રવિ છે, સૂર્ય છે, યમુના એના પુત્રી છે. પ્રભુ એ તો વેણુનો નાદ કર્યો અને એ વેણુનો નાદ સાંભળીને ઘરના કામકાજમાં ડુબેલાં ભક્તો એક ક્ષણનો વિલંબ કર્યા વિના દોડી આવ્યા. કોઈ દોહતા હતા એણે દોહવાનું છોડી દીધું, કોઈએ કોઈએ ચૂલા પર ખીર બનાવવા મૂકી હતી એ ઉતારવાય ન રહ્યાં. જુઓ ફેર કેટલો થયો. પેલો પ્રસંગ યાદ કરો. લાલો સ્તનપાન કરતો હતો તો, મા એને મૂકી દુધ બચાવવા દોડી. આ ગોપીઓએ વેણુનો નાદ સાંભળ્યો, ચૂલા ઉપરથી નીચે ઉતારવાય ન રહી. જેટલી આતુરતા વધારે એટલા પ્રભુ વધારે પ્રસન્ન થાય. દિનકરદાસ શેઠ પોતાના હાથે ભોજન કરતાં. રાંધીને એકવાર એમણે ચૂલા પર ભાખરી મૂકી, આ ભાખરી મૂકી એટલામાં તો ખબર પડી કે શ્રી મહાપ્રભુજી વચનામૃતનો આરંભ કરે છે. એ કાચીને કાચી ભાખરી ખાઈ ગયા. કોઈ સેવકે આ દૃશ્ય જોયું. સેવકે મહાપ્રભુજીને જઈને કહ્યું કે આ દિનકરદાસ તો ખરા છે ! કેમ ? તો કે એમણે તો ભાખરી શેકાય એની પણ રાહ ન જોઈ. મહાપ્રભુજીએ બોલાવીને કહ્યું, દિનકરદાસ ઐસા ક્યોં કિયા ? એક ભાખરી શેકાતા કેટલી વાર લાગે ? બે-ત્રણ મિનિટમાં તો ભાખરી શેકાઈ જાય. આટલી પણ તમે રાહ ન જોઈ. ત્યાં દિનકરદાસ બોલ્યા, મહારાજ ! પેટ ભરવાનું કામ જેટલાં જનમ લીધાં એમાં કર્યું જ છે. એ કોઈ દુર્લભ વસ્તુ નથી પણ આપના વચનામૃતને હું ચૂકી જાઉં તો હું કેટલું ગુમાવું ? પછી મહાપ્રભુજીએ નક્કી કર્યું કે જ્યાં સુધી દિનકરદાસ શેઠ ન આવ્યા હોય ત્યાં સુધી વચનામૃતનો આરંભ ન કરવો. ગોપીઓએ એક ક્ષણ પણ બગાડી નથી. જ્યાં વેણુનો નાદ સાંભળ્યો.

રેશ્વર પ્રભુ શ્રીકૃષ્ણ વેણુનાદ કરીને ગોપીજનોને બોલાવે છે. અને શ્રી ગોપીજનો પણ બધું ભૂલીને દોડી આવે છે. એમના પતિ રોકે છે, પિતા રોકે છે, પુત્ર રોકે છે, પણ એ ન રોકાયા. ન રવયં તંત મોહિતાહાં કારણકે એ શ્રીકૃષ્ણની સંમોહિનીમાં, એટલે ભગવાનની વેણુને પણ સંમોહિની કહી છે. અને પ્રભુએ વેણુમાં જે ગીત ગાયું હતું. એક તો હૃદયમાં સ્નેહ હતો અને એમાં જે વેણુનું ગીત ગવાયું. શુકદેવજી કહે છે એ ગીત હતું. એક ગીતમાં પ્રભુનો પોતાનો જ પ્રેમ કરૂણાના રૂપમાં, કૃપાના રૂપમાં અભિવ્યક્ત થઈ રહ્યો હતો. વેણુનાદ હતો અનંગવર્ધક. પ્રભુ વેણુનાદ કરે છે એ કેવળ નાદ નથી, એ કેવળ ગીત નથી, એ કેવળ સંગીત નથી, એ કેવળ સ્વર નથી, રાગ નથી, પરંતુ એમાં પ્રભુની સ્વરૂપસુધા સંમિલિત છે. એમાં ભગવાનનું રસાત્મક સ્વરૂપ બિરાજે છે.

ગોપીઓના મનને આકર્ષી લીધું. જેમ વેણુગીતમાં કહ્યું સર્વ ભૂત મનોહરં... એમ અહીંયા કહ્યું પ્રભુ એ મન હરી લીધું અને નિયમ એવો છે કે મન જાય તો એની પાછળ તન જાય. ગોપિકાઓનું મન પ્રભુ પાસે આવી ગયું, એની પાછળ ખેંચાઈ ખેંચાઈને એમનું તન પણ પ્રભુ પાસે આવી ગયું. પ્રભુ ફલનું દાન કરતાં પહેલાં થોડી કસોટી કરે છે. પહેલાં કહ્યું, હે ગોપીજનો ! તમારું સ્વાગત - સ્વાગતમં મહાભાગં તમે મહા ભાગ્યવતીઓ છો કે આવી છો ! પણ એ તો તમે કહો કે તમે કેમ આવ્યા છો ? તમે એ તો કહો કે વ્રજમાં કોઈ ઉપદ્રવ, કોઈ તકલીફ, કોઈ ઉપાધિ તો નથી ને ? તમે સ્ત્રી છો અને રાત્રીના સમયે સ્ત્રીઓએ ન આવવું જોઈએ. આ વન છે. અહીં ભયાનક પ્રાણીઓ આવે જાય છે, કદાચ તમને વનની શોભા જોવાના માટે આવ્યાં હોય તો પણ હવે પાછાં ચાલ્યાં જાવ. તમારા પતિ તમારી રાહ જોતાં હશે, તમારાં પુત્ર ભૂખ્યાં હશે. બિલકુલ ભગવાનની સન્મુખ આવીને ઊભાં રહેલાં અને પોતાના

અવતારનું પરમ ફલ જેને પ્રાપ્ત થવાની ક્ષણ આવી પહોંચી છે એવા ભક્તોની ભગવાનમાં કેટલી દ્દઢતા છે એની કસોટી કરવા માટે પ્રભુ આમ બોલી રહ્યાં છે. શ્રદ્ધા હોય તો શ્રદ્ધા પણ દૃઢ હોવી જોઈએ. સમર્પણ હોય તો સમર્પણ પણ દૃઢ હોવું જોઈએ. શરણાગતિ હોય તો શરણાગતિ પણ દૃઢ હોવી જોઈએ. નિષ્ઠા હોય તો નિષ્ઠા પણ દૃઢ હોવી જોઈએ. ભગવાનમાં ભક્તિ હોવી પૂરતું નથી, એ ભક્તિ દૃઢ હોવી જોઈએ. તમે કહો અમે ભગવાનમાં માનીએ છીએ. ભગવાનને માનો છો એટલું જ પુરતુ નથી. આવતી કાલે કોઈ એવી ઘટના બને કે જે ઘટના તમને અનુકૂળ ન હોય. તો આજે જે ભગવાનને માને છે એ આવતી કાલે ભગવાનથી વિમુખ થશે ? ભગવાન તમારું કહ્યું કરે તો તમે ભગવાનને માનો અને ભગવાન તમારું કહ્યું ન કરે તો તમારી ભગવાનમાંથી શ્રદ્ધા ઉઠી જાય ? તો ભગવાને આપણાં બધાંનું કહ્યું કરવું એવો આપણો આગ્રહ. નરસિંહ મહેતા તો કહે છે કે સારું છે કે ભગવાન આપણું ધાર્યું કરતાં નથી. નિપજે નરનું તો ન કોઈ ન રહે દુઃખી શત્રુ મારીને સૌ મિત્ર રાખે. જુઓ ભગવાન આપણું ધાર્યું કરે તો શું થાય ? પહેલી તારીખે તમે એમ કહો કે આજે મારે બજારમાં કામ બહુ છે તો આજે વરસાદ ન પડે તો સારું. પછી ભલેને બીજા દિવસોમાં પડે. હવે પહેલીએ તમારે કામ હોય બીજી તારીખે બીજા કોઈને હોય, ત્રીજી તારીખે ત્રીજા કોઈકને હોય. રોજ બસ્સો પાંચસો માણસો તો એવું કહેતા જ હોય કે આજનો દહાડો ન પડે તો સારું અને જો ભગવાન બધાની Appeal Grant કરે તો ત્રીસ દિવસમાં એકેય દિવસ વરસાદ જ ન પડે. બે ત્રણ વસ્તુ સ્પષ્ટતાથી સમજવા જેવી છે. પહેલી વાત તો એ સમજવા જેવી છે કે ભગવાન પણ બધાંને સુખી કરી શકે નહીં. કારણ શું ? કારણકે **આપણા આખા વિશ્વમાં કેટલાંકના સુખ કેટલાકના દુઃખ ઉપર અને કેટલાકનાં દુઃખ કેટલાકના સુખ ઉપર આધારિત છે.**

મેં નાનપણમાં એક મહાત્માની વાર્તા સાંભળેલી. એક માણસના ઘેર મહાત્મા મહેમાન થયા. પેલા માણસે એમની બહુ સેવા કરી, એટલી બધી સેવા કરી કે મહાત્મા બહુ રાજી થયા. વિદાય થવાનો દિવસ આવ્યો એટલે મહાત્માએ કહ્યું, બેટા ! તુમને હમારી બહુત સેવા કી હૈ, હમ ભગવાન સે પ્રાર્થના કરતે હૈ કિ તેરા ધંધા અભી જો ચલતા હૈ વો ચારગુના હો જાય. એણે તો કહ્યું, બહુ સારુ મહારાજ ! તમારી વાણી સફળ થાવ. પછી મહાત્માને થયું કે જરા પૂછું તો ખરો કે આનો ધંધો શું છે ? અચ્છા, તુમ્હારા કારોબાર ક્યા હૈ ? આજ સુધી પૂછેલું નહીં. પેલાએ કહ્યું કે સ્મશાનમાં લાકડાં પૂરા પાડવાનો Contract છે મારો. અને મહાત્માએ વરદાન તો આપી દીધેલું કે ચારગુના ચલેગા. હવે આને જો સુખી કરવો હોય, ચારગણો સુખી કરવો હોય તો શું કરવું પડે ? રોજ સો મરતા હોય એના બદલે ચારસો મરવા જોઈએ ને દુઃખી. જગતમાં સુખી તો બધાંએ થવું છે. પરંતુ એ યાદ રાખો બધાંએ ભલે સુખી થવું હોય આ જગત આપણી મરજીથી નથી ચાલતું. જેણે જગત બનાવ્યું છે એ આ જગતને ચલાવી રહ્યો છે. સર્જનાત્મક એ છે, પાલક એ છે અને સંહારક પણ એ જ છે. સારો ઉપાય તો એ જ છે કે આપણે પ્રભુને કહીએ કે પ્રભુ ! તારે જે કરવું હોય તે કર. હું કહું કે તું આમ કર એ યોગ્ય નથી. ભગવાને ભક્તોની પરીક્ષા કરી. ભક્તોનો ભગવાનમાં અત્યંત અદ્દઢ ભાવ હતો. ગોપિકાઓ ભગવાનને અગિયાર શ્લોકમાં ઉત્તર આપે છે. ભગવાનની વાણી દશ શ્લોકમાં હતી અને ભક્તોની વાણી અગિયાર શ્લોકમાં છે.

કોઈવાર સ્વતંત્ર રૂપે પણ આખી રાસપંચાધ્યાયી સુબોધિનીજી સહિત વાંચજો કે સાંભળજો. આ અગિયાર શ્લોકમાં ગોપીજનો જે બોલ્યા છે એ અદ્દ્ભુત બોલ્યા છે. કઠોર ન બોલો પ્રભુ ! જાણો છો અમે આપને ખાતર બધું છોડીને આવ્યાં છીએ. સગા-સંબંધીઓ, કુટુંબીઓ, ઘર એ તો ઠીક

પરંતુ આપને પ્રાપ્ત કરવાને માટે અમે સર્વ વિષયોનો પણ ત્યાગ કર્યો છે. કોઈ ભોગની વૃત્તિથી પ્રભુ પાસે નથી આવ્યાં. હું ભગવાનને ભોગવું એ ભાવને શ્રી હરિરાયજી કામ ભાવ કહે છે. હું પ્રભુની સેવામાં હોઉં એને શ્રી હરિરાયજી શુદ્ધભાવ સર્વોત્તમભાવ કહે છે. ભાવના બે ભેદ પડ્યાં, સર્વોત્તમભાવ અને કામભાવ. હું પ્રભુના કામમાં આવું એ સર્વોત્તમભાવ અને પ્રભુ મને સુખ આપે એ કામભાવ. શ્રી હરિરાયજીએ તો ત્યાં સુધી કહ્યું. બહુ સુંદર વાત છે, યાદ રાખવા જેવી કે એવું પણ ન કહો કે ભગવાન મારા છે. તમે ભગવાન સાથે બે ભાષામાં વાત કરી શકો છો. કાં તો એમ કહો કે પ્રભુ ! તું મારો છે અને બીજું એમ પણ કહી શકો કે પ્રભુ ! હું તારો છું. **तवाऽस्मि** એની સામે એક ભાવ છે મમસ્ત્વં મમસ્ત્વં એટલે ભગવાન તું મારો છે, પણ ભગવાન તું મારો છે. એ ભાવ બહુ ઉત્તમ નથી. કેમ ભગવાન ઉપર આપણો અધિકાર થાય છે ? તમે એમ કહો કે આ પુસ્તક મારું છે. તો પુસ્તક મારું છે એવું કહો તો તમે માલિક થયા. ભગવાન મારો છે એવું કહેવામાં આપણો ભગવાન ઉપર અધિકાર થાય છે અને જ્યારે આપણે એમ કહીએ કે પ્રભુ ! હું તારો છું. તો આપણા ઉપર એનો અધિકાર થાય છે. હવે વિચારો. આપણે ભગવાનને સાચવી શકીએ એટલાં સમર્થ છીએ ? આપણે એને સાચવીએ ? એ યોગ્ય છે કે એ આપણને સાચવે ? આપણે એને પકડીએ તે યોગ્ય છે કે એ આપણને પકડે ? આપણા બે હાથ છે ને તેય નબળાં, એના હજાર હાથ છે અને તે પણ મજબુત. તો એના હજાર હાથ છે અને તે પણ મજબુત છે તો એ આપણને પકડે તે યોગ્ય છેને. ગોપીજનોની વિનંતીને પ્રભુએ સ્વીકારી. અહીંયા શ્રી મહાપ્રભુજીએ બે ધર્મની ચર્ચા કરી છે. પુષ્ટિમાર્ગનો આ પણ એક બહુ મહત્ત્વનો સિદ્ધાંત છે તે યાદ રાખજો. ધર્મના બે પ્રકાર છે, દેહ ધર્મ અને આત્મ ધર્મ. એક છે દેહ ધર્મ, એને તમારા શરીર સાથે સંબંધ છે. બીજો છે આત્મ ધર્મ. હવે જે દેહધર્મ છે ને એના નામ પ્રમાણે તમને દેહ મળ્યો ત્યારથી શરૂ થાય છે અને તમારો દેહ પૂરો થાય એની સાથે પૂરો થાય છે. ધારો કે તમે એક નાટક જોવા ગયા અને એ નાટકમાં એક પાત્ર પતિ છે, બીજું પાત્ર પત્ની છે. તો એ લોકો પતિ-પત્ની ક્યાં સુધી નાટકમાં ? જે પતિ-પત્નીનો અભિનય કરે છે એ પતિ-પત્ની એ ક્યાં સુધી ? જ્યાં સુધી મંચ ઉપર છે ત્યાં સુધી. મંચ ઉપર ત્યાં એ એકબીજાને પતિ-પત્ની કહીને બોલાવશે પણ ખરાં ! પેલો પુરુષ કહેશે કે ખરો કે તું મારી પત્ની છે, તારે મારું કહેવું કરવું પડશે. પણ મંચ ઉપરથી નીચે ઉતરે અને પછી જો પેલો એમ કહેને કે હું તારો પતિ છું, તો પેલી થપ્પડ મારે. થોડી વાર પહેલા હજારોની વચ્ચે બોલતી હતી કે તું મારો પતિ છે. પણ એ પતિ-પત્નીનો સંબંધ ક્યાં સુધી હતો ? મંચ ઉપર હતા. એમ આખા જગત સાથેના આપણાં સંબંધો આપણા શરીરથી શરૂ થાય છે અને શરીરનો અંત આવે ત્યારે અંત આવે છે. તમારી માતા તમારી માતા ક્યારથી થઈ ? તમારો ભાઈ તમારો ભાઈ ક્યારથી થયો? જ્યારથી તમે દેહ ધારણ કર્યો ત્યારથી. માતા-પિતા, ભાઈ-બહેન આ બધાં સંબંધો શરૂ થયાં અને જે દિવસે તમારે દેહ છુટે તે દિવસે પછી માતા માતા ન રહે, ભાઈ ભાઈ ન રહે, પુત્ર પુત્ર ન રહે - એ વાર્તા પૂરી થઈ ગઈ. તો **જગતના સંબંધો આદિ અને અંતવાળા છે. પરંતુ ભગવાન સાથેનો આપણો સંબંધ તમે જનમ્યા એ પહેલાં પણ હતો, હાલ પણ છે અને તમારું આ શરીર છૂટી ગયા પછી જે ઉત્તર અવસ્થા હશે એમાં પણ એ સંબંધ રહેશે.**

જગત સાથે છે આપણો દેહ સંબંધ, ભગવાન સાથે છે આપણો આત્મ સંબંધ. બીજી એક વાત ગોપીજનોના ઉપદેશમાંથી આ જાણવા મળે છે કે તમારે અધર્મ અને ધર્મ એ બે વચ્ચેથી જો કોઈ પસંદગી

કરવાની હોય તો ચોક્કસ તમે ધર્મની પસંદગી કરો. ધર્મ અને અધર્મની પસંદગીમાં જ ધર્મની પસંદગી થાય, પણ ધર્મના ત્રણ પ્રકાર છે. લોકધર્મ, વેદધર્મ અને ભગવદ્ ધર્મ. ગોપીજનોએ આ ચર્ચા સ્વધર્મ શબ્દ ઉપર કરી. ગોપીજનોએ પહેલો વાંધો ઉઠાવ્યો સ્ત્રી શબ્દ ઉપર. ભગવાને કહ્યુંને કે તમે સ્ત્રી છો, પાછાં જાવ. ગોપિકાઓએ કહ્યું, અમે સ્ત્રી છીએ એ વાત મહત્ત્વની કે અમે જીવ છીએ એ વાત અગત્યની ? સ્ત્રી હોવું, પુરુષ હોવું એ તો દેહની વાત છે. એ તો આ જન્મમાં સ્ત્રી છીએ, આગલાં જન્મમાં પુરુષ હોઈશું - મૂળ રૂપ અમારું સ્ત્રી-પુરુષનું નથી, અમારું મૂળ રૂપ છે જીવ તરીકે અને જીવનો ધર્મ તમારી ભક્તિ કરવાનો છે. મેં હમણાં તમને જે ત્રણ ધર્મના ત્રણ ભેદ બતાવ્યાં, લોકધર્મ એનાં કરતાં ચડિયાતો છે વેદધર્મ અને એના કરતાં પણ ચડિયાતો છે ભગવદ્ધર્મ. લોકધર્મ અને વેદધર્મ વચ્ચે જો એક પસંદ કરવાનો હોય તો લોકધર્મનો ત્યાગ કરી અને વેદધર્મનું પાલન કરવું જોઈએ. આ બ્રાહ્મણ છે, આ ક્ષત્રિય છે, આ રાજા છે, આ રાજાનો સેવક છે, આ ધનવાન છે, આ નિર્ધન છે, આ સ્ત્રી છે, આ પુરુષ છે એ બધાં લોકધર્મ છે. એનાથી ચડિયાતો છે વેદધર્મ. વેદધર્મના ચાર રૂપ આપણને ભાગવતના પહેલા સ્કંધમાં બતાવ્યાં. સત્ય, તપ, દયા, પવિત્રતા આ બધા વેદધર્મ છે. તો જ્યારે વેદધર્મનું પાલન કરવાનો પ્રસંગ આવે તો લોકધર્મ છોડવામાં દોષ નથી અને એ જ રીતે જ્યારે ભગવદ્ધર્મનું પાલન કરવાનો અવસર આવે ત્યારે લોકધર્મ અને વેદધર્મનો ત્યાગ કરવામાં દોષ નથી.

કૃષ્ણગીતાના ચોથા અધ્યાયમાં એમ કહે છે કે, **'धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे'** એ જ કૃષ્ણ અઢારમા અધ્યાયમાં કહે છે **सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज** । અલ્યા, તમે તો ધર્મની સ્થાપના કરવા આવ્યાં છો અને તમે જ કહો છો કે સર્વધર્મનો ત્યાગ કર. Controversy આવી, તમે કહો છો કે હું ધર્મનો સ્થાપક છું. અને પાછાં કહો છે છોડ બધાં ધર્મને. પણ આમાં કોઈ વિરોધાભાસ નથી. **ભગવાન એ જ કહેવા માંગે છે કે ઉત્તમ ધર્મનો નિર્વાહ કરવાને માટે સાધારણ ધર્મનો ત્યાગ કરવો પડે તો એ ત્યાગ કરવામાં દોષ નથી.** આચાર્યના વચનામૃતમાં છે. જે લોકો ભગવાનથી વિમુખ છે એમનો ત્યાગ કરવામાં જરાય દોષ નથી. પછી એ ગમે તે હોય. કૃષ્ણ બહિર્મુખ પુત્ર હોય, પિતા હોય, માતા હોય, ભાઈ હોય, બહેન હોય, પતિ હોય, પત્ની હોય, મિત્ર હોય, કુટુંબી હોય, શેઠ હોય, નોકર હોય, રાજા હોય, કે પ્રજા એનો ત્યાગ કરવામાં દોષ નથી. ગોપીજનો કહે છે, મહારાજ ! અમને ખબર છે કે અમારો ધર્મ શું છે. ભગવાન પ્રસન્ન થયા આ તો પરીક્ષા કરતાં હતા ને પ્રસન્ન થયેલાં પ્રભુએ એમની સાથે રાસનો આરંભ કર્યો. થોડી રાસલીલા ચાલી, આને લઘુ રાસ કહે છે. એ લઘુ રાસ એટલા માટે કહેવાય છે કે પાછું એમને વિઘ્ન આવ્યું. આ બધાં ભક્તોમાં માન, ભાવ અને મદનો ભાવ આવ્યો. પ્રભુએ અંતર્ધાન લીલા કરી. ભગવાન જેવા અંતર્હિત થઈ ગયા, ગોપિકાઓ વ્યાકુળ બની ગઈ. બાવરી બનીને શોધવા લાગી, વૃક્ષોને પૂછવા લાગી કે પ્રભુ ક્યાં છે ? ધરતીને પૂછે છે, હરણાંને પૂછે છે કોઈએ જવાબ ન આપ્યો. પગલાં ઉપરથી ખબર પડી કે પ્રભુની સાથે એક તો ગોપિકા છે. એ હતા રાધા સહચરી આગળ જતાં જોયું તો એને પણ અભિમાન આવ્યું. પ્રભુએ એને પણ મૂકી. ને એ પણ વ્યાકુળ બનીને રોઈ રહી હતી. બધાંને પોતાના અપરાધનું ભાન થયું. ભગવાનની લીલાઓનું બધામાં આવિર્ભાવ થયો અને પછી સવારે યમુના કિનારે પ્રભુને રીઝવવા માટે ગીત ગાયું. આને 'ગોપી ગીત' તરીકે ઓળખવામાં આવે છે. મહાપ્રભુજી ગોપી ગીતને સ્તુતિ નથી કહેતા કારણકે સ્તુતિમાં ઠપકો ન હોય. સ્તુતિમાં આકરા શબ્દો ન બોલાય. બીજું ઓગણીસે

શ્લોકો જુદી જુદી ગોપિકાઓ તરફથી બોલાયા છે અને એટલા માટે જે ગોપીનો જેવો સ્વભાવ હતો એણે એ ભાષામાં વાત કરી છે. નિર્ગુણ હતી એની ભાષામાં નિર્ગુણપણું દેખાય છે. તામસ છે એની ભાષામાં તામસ ભાવ દેખાય છે એ ભગવાનને વિનંતી કરતી નથી ધમકાવે છે. સત્વં રજં, તમં અને એના પણ પાછાં મિશ્રભાવ સાત્વિક રાજસ અને તામસ પરસ્વ અને મિશ્ર એના ભાવ એટલે નવ અને નવ એ પ્રકારે થાય. નવ દુ અઢાર એ સગુણભાવ પર છે. અને એક નિર્ગુણ ભાવ છે એટલે ઓગણીસ શ્લોક છે. હે પ્રભુ ! આપના આગમનથી, આપના પ્રાગટ્યથી આ વ્રજનો જય જયકાર થયો. અરે ! લક્ષ્મીજી પણ વ્રજનો આશ્રય લઈને રહ્યાં છે. જે લક્ષ્મી બધાંનો આશ્રય છે એણે વ્રજનો આશ્રય કર્યો છે. પ્રભુ ! અમે અમારા પ્રાણ તમારામાં સ્થાપિત કર્યા છે. હવે આપ અમને ના મારો, ભગવાન કહે મારી પાસે તો મારવાનું કોઈ હથિયાર જ નથી, હું ક્યાંથી મારવાનો હતો ? પ્રભુ ! આપ અમને મારો છો આપના નેત્રથી, આપની દૃષ્ટિથી. શરદ ઋતુના નિર્મલ સરોવરના મધ્ય ભાગમાં ઉગેલાં કમળની, ખીલેલા કમળની કર્ણિકાનું સૌંદર્ય જેણે ચોરી લીધું છે એવા આપના નેત્રોના દર્શન ન કરાવીને આપ અમને મારી રહ્યાં છો. અમુક વસ્તુને કોઈના જીવનનો આધાર બનાવી લીધો અને પછી એ છીનવી લીધો તો પણ એને માર્યો કહેવાય. જુઓ, તમે કોઈનું ગળું દબાવો અને એ મરી જાય તોય માર્યો કહેવાય અને એને આવતો કોઈ Oxygen ઉપર હોય અને તમે ખાલી બંધ કરી દો તો એને માર્યો ન કહેવાય ? તો ય એને માર્યો કહેવાય ! એમ અમારા પ્રાણ છે પ્રભુ આપના દર્શન અને આપ અમને દર્શન ન આપો તો આપે અમારો વધ કર્યો જ ગણાય. માટે અમને દર્શન આપો. ભગવાન કહે, મારા વિયોગમાં દશરથ રાજાનું મરણ થયું હતું, તમે બધાં તો જીવતાં છો. મારા વિયોગમાં કંઈ મર્યા તો છો નહીં. ગોપીજનો કહે મરી જ ગયા હોત પણ અમે અમૃત પીધું છેને ! ગોપી ગીતમાં જે જે ગોપીએ ભગવાન પાસેથી જે જે પ્રકારનું સુખ મેળવ્યું છે એનું સ્મરણ પણ કરે છે. એક ગોપીએ માગ્યું છે, હે પ્રભુ ! અમને આપનો કરકમલ અમને આપો. એક ગોપી કહે પ્રભુ અમારી સાથે મીઠી મીઠી વાતો કરો. તમારી મધુર વાણીથી અમારા પ્રાણની રક્ષા કરો. ભગવાનની વાણી કેવી છે ? આ શ્લોક પછી કથાવૃત્તમ શ્લોક આવશે. એટલે હું ક્રમમાં નથી બોલતો, હું વિષયનો ક્રમ લઉં છું. કોઈકે માગ્યો કરકમલ કોઈકે માંગ્યો ચરણ કમલ કોઈકે માંગી મધુરી વાણી કોઈક માંગ્યું પ્રભુનું અધરામૃત એના ચાર વિશેષણ છે. મહાપ્રભુજી સમજાવે છે કે પ્રમાણ, પ્રવેશ, સાધન અને ફલ આ ચારેયનું વર્ણન અહીંયા કર્યું છે. જેને કૃષ્ણ મળ્યાં જેને કૃષ્ણાધરામૃત પ્રાપ્ત થયું. એનું પ્રમાણ, પ્રવેશ, સાધન, ફલ બધું જ સિદ્ધ થઈ ગયું અથવા જ્ઞાનને વૈરાગ્ય બન્નેનો આમા અંતરભાવ સમજી લઈ અને ઐશ્વર્ય, વીર્ય, યશ, અને શ્રીગુણવત્તા આવ્યાં. અમે તમારા મોહમાં પડ્યાં પ્રભુ એમાં અમારો દોષ નથી, તમે છો જ આવા પ્રભુ આપના છ વ્યામોહક ગુણોએ અમને મોહમાં નાંખ્યાં છે. આ છ વ્યામોહક ગુણો છે. એણે અમારા મનને હરી લીધું છે. સવારે ગાયો ચારવા માટે પધારો અમે આપના દર્શન કરીએ અને એમાં જોઈએ કે આપના ચરણ ખુલ્લાં છે. આપણે ભગવાનને એમ ન કહી શકીએ કે બે-ચાર હેલ્પર રાખી લો ને શું કરવા સવારથી સાંજ સુધી તમે ભટકો છો ? આ 'ભટકો' છો શબ્દ મહાપ્રભુજીએ પણ વાપર્યો છે ને સુરદાસજીએ પણ વાપર્યો છે. 'ચાર પ્રહર બંસી, બટ, ભટક્યો સાંજ પડે ઘર આયો.' આપણો ભગવાન નિરાંતે બેસી રહેનારો, નથી ભટકતો છે.

સવારે નીકળે, વન વનમાં ફરતો ફરતો ગાયોની પાછળ જાય. આ

જ વાત મહાપ્રભુજીએ કહી ભ્રમિતં મધુરમ્ પ્રભુનું ભ્રમણ મધુર છે. હવે પછી તો એવું થયું કે આખો દિવસ અમને આપનો વિયોગ રહે એમ થાય કે ક્યારે સાંજ પડે ને ક્યારે ભગવાન આવે. દિવસ કાઢવો અમને બહુ આકરો પડે અમે તો સવારથી જ સાંજની રાહ જોઈએ. જુઓ ભગવાને એવી લીલા કરી છે દિવસે ગોપોને સંયોગ છે અને ગોપીઓને વિયોગ છે. રાત્રી પડે એટલે ગોપીઓને સંયોગ છે અને ગોપોને વિયોગ છે. સવાર પડે ને એટલે ગોવાળિયા થનગનતા હોય ક્યારે કનૈયા પાસે જઈએ ક્યારે કનૈયાને લઈને ગાયો ચારવા જઈએ અને આખો દિવસ લાલાની સાથે આનંદ કરીએ. આપણે ત્યાં જે મંગળાની આરતી થાય છે ને એ આરતી આપણે ખરેખર તો લેવી ન જોઈએ. પુષ્ટિમાર્ગમાં આરતી લેવાની રીત નથી. મંગળાની જે આરતી થાય છે એમાં આપણે આપણાં વિરહના તાપને સમર્પિત કરી દઈએ છીએ. વિરહનો તાપ ન્યોચ્છાવર કરીએ છીએ. મંગળાના દર્શન આપીને વિરહનો તાપ પ્રભુ દૂર કરે છે. તમને કદાચ ખ્યાલ હશે ગોકુલ ચંદ્રમાના ઘરની રીતની મને ખબર નથી પણ બીજા મંદિરોમાં મેં જોયું છે કે આરતી ઉતરેને પછી જેવી આરતી અંદર જાય કે તરત એને બુઝાવી નાંખવામાં આવે છે. વસ્ત્રથી અથવા બીજી રીતે કેમ કે એ આરતીનો જે તાપ છે એ ભક્તના હૃદયનો વિરહ તાપ છે અને ભક્તના હૃદયને વધારે વિરહના તાપમાં રાખવો ન જોઈએ એટલે આરતીને બુઝાવી દેવામાં આવે છે. કદાચ તમને જાણીને નવાઈ લાગશે પણ શાસ્ત્રોમાં તો ત્યાં સુધી કહ્યું છે કે આરતીને તમે બુઝાવી ન નાંખો અને એની મેળે બુઝાય તો એ અપશુકન છે. એ તમે જુઓ દક્ષિણ ભારતમાં આરતી ઊતરે છે ને એ રૂ કે ઘીની નથી ઉતરતી દક્ષિણ ભારતમાં આરતી ઉતરે છે કપૂરની. એ આરતી થાય ન થાય ત્યાં સુધીમાં તો પૂરી થઈ જાય.

હવે આ બધી વાત આવે ત્યારે તમારાં મનમાં તરત સવાલ ઊભો થાય કે શ્રીનાથજીમાં તો આરતી રાખે છે ને બધાં લાઈનમાં જાય છે ને આરતી લે છે એનું શું ? પહેલા તો જો કે એવું ન હતું. પરંતુ શ્રીનાથજીબાવાએ પુષ્ટિ અને મર્યાદા બધાં જીવોનો ઉદ્ધાર કરવા બિરાજે છે. એટલે ત્યાં એ છુટ આપી શકાય. બીજે ન આપી શકાય શ્રીનાથજીને, ધજાજી, સુદર્શન ચક્ર, શિખર વગેરે રખાય છે. શ્રીનાથજી પુષ્ટિ અને મર્યાદા બંનેના ઉદ્ધારક છે. એ તો સર્વોધારક છે, એટલે કદાચ ત્યાં છુટ અપાઈ હોય તો ભલે અપાઈ, પણ પુષ્ટિમાર્ગમાં ભગવાનની આરતી લેવાતી નથી. આરતીનો અર્થ શું ? આરતી એટલે શું ? આર્તિ આર્ત ભાવ. કર્મકાંડમાં પૂજા વખતે જે આરતી ઊતારવામાં આવે છે એ તો ષોડશોપચારમાનો એક ઉપચાર છે. કર્મકાંડમાં આરતી ઉતારવામાં આવે છે એની ભાવના અને પુષ્ટિમાર્ગમાં આરતી ઉતારવામાં આવે છે એના ભાવ જુદાં છે. કર્મકાંડમાં જે આરતી ઊતારવામાં આવે છે એ Respect છે. એ આદર છે. પુષ્ટિ માર્ગમાં સવારે જે આરતી ઊતરે છે એ વિરહ તાપની ન્યોચ્છાવર છે અને સાંજે કેમ આરતી ઉતારે છે આખો દિવસ મારો લાલો બહાર રહ્યો છે. ચોક્કસ એને કોઈની નજર લાગે હશે તો એની અલા-બલા બધી દૂર થઈ જાય એ મા બધું દૂર કરે છે અને એમાં જે ચાર આપણે પધરાવીએ છીએ એ ચાર પ્રકારની મુક્તિ છે. પ્રભુના દર્શનના આનંદ પાછળ એ ચારે પ્રકારની મુક્તિ ન્યોચ્છાવર કરી દઈએ છીએ. ગોપીજનોના હૃદયમાં દિવસ ભર આર્તિ રહેતી આખો દિવસ અમે આપનો વિરહ અનુભવતા હોઈએ છીએ. સાંજે ગાયોની પાછળ પાછળ ચાલનારું, ધૂળથી ખરડાયેલું મુખારવિંદ અમે નિરખતા હોઈએ ત્યારે અમને તો એવો ગુસ્સો આવે કે આપના માંડ માંડ થોડાં દર્શન થતાં હોય એમાં પાછી આંખમાં પાપણ પડી પડીને દર્શનમાં વિક્ષેપ કરે. હે કૃષ્ણ હે કિતવ કિતવ એટલે કપટી, ધુતારા, હે કપટી,

વેણુનાદ કરી અમને સ્ત્રીઓને અડધી રાત્રે વનમાં બોલાવી અને પછી સંતાઈ જનારા, હે કપટી તારે ભાગી જવું હતું તો પછી અમને અહીં બોલાવ્યાં શા માટે ? એક વાત તો નક્કી છે હોં કે વ્રજમાં આજે જે ગોપીજનો છે ને એમને ભગવાને કોઈને ન આપ્યું હોય એવું સૌભાગ્ય આપ્યું છે. ગોપીજનોએ ભગવાનને ચોર કહ્યાં, ગોપીજનોએ ભગવાનને કપટી કહ્યાં, ગોપીજનોએ ભગવાનને કપટી કહ્યાં, ધૂતારા કહ્યાં, નૃશંષ એટલે ક્રૂર પણ કહ્યાં. આ બધું કહેવાનો પ્રભુએ ભક્તોને અધિકાર આપ્યો હતો. શુકદેવજી જ્યારે માખણ ચોરીની લીલાનું વર્ણન કર્યુંને તો શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું હતું કે જો રાજા હું એમ નથી કહેતો કે કૃષ્ણ ચોર છે. ગોપીઓ કહે છે કે કૃષ્ણ ચોર છે. મને એવું કહેવાનો હક્ક નથી મને તો એવું કહેતા ડર લાગે મારાંથી એમ કહેવાય કે કૃષ્ણ ચોર છે ગોપીઓ એમ કહેતી હતી કે એ ગોપીઓના શબ્દો છે, શુકદેવજીના નહીં અને ગોપિકાઓને અધિકાર છે ભગવાનને જે કહેવું હોય તે કહેવાનો. વર્ષમાં બે વાર મહાપ્રભુજીએ આપણને ભગવાનનો મિત્ર બનાવવાનો અધિકાર આપ્યો છે. એક તો ખેલના દિવસો આવે ત્યારે એ વખતે ભગવાનના ભાઈબંધ થવાની છૂટ છે. વસંતના દિવસોમાં દાસ્યભક્તિ ગૌણ બની જાય સખ્યભક્તિ મુખ્ય થઈ જાય. વસંતના દિવસોમાં ઠાકોરજીને જ્યારે ખેલાવતા હોઈએ ત્યારે એમના ચરણ ઢાંકી દેવામાં આવે છે. એ ચરણ ઢાંકી કેમ દેવામાં આવે છે ? અબીલ, ગુલાલ ન પડે એટલે. એમાં અબીલ ગુલાલ પડે તો શો વાંધો ? આંખોમાં આટલું નાખીએ છીએ મુખ પર આટલું નાખીએ છીએ તો ચરણમાં શું વાંધો આવવાનો હતો ? પણ પ્રભુના ચરણ પર દૃષ્ટિ પણ પડતા દાસ્યભાવ જાગે અને દાસ્ય ભાવ જાગે ને તો પછી સખ્ય ભાવમાં થોડી તકલીફ થાય ! સખ્ય ભાવમાં તો ભગવાનને સરખે સરખાં માનવાના અને દાસ્ય ભાવમાં ભગવાનને સરખે સરખાં માનીએ તો અપરાધ થાય ! એક આ દિવસો અને બીજા દાન લીલાના દિવસો દાન લીલાના દિવસોમાં પણ ગોપીજનોએ ભગવાનને ઘણું સંભળાવ્યું છે. આ ભક્તિ છે ને અને ભક્તિમાં જીવ અને ભગવાનની વચ્ચેનો સંબંધ ભાવાત્મક સંબંધ છે. શાસ્ત્રાનુસાર નહીં, ભાવાનુસાર. અને એટલા માટે ભગવાનને એ ગમે. પછી તો ગોપીજનો રોવા લાગ્યાં. ભગવાન પ્રગટ થયા. મહા રાસલીલા કરી. છ માસ સુધી રાસ ચાલ્યો છે. આસો મહિનાથી ચૈત્ર મહિના સુધી એટલે ચૈત્ર મહિનાના પહેલા પંદર દિવસને આપણે રાસના દિવસો માન્યાં છે. જેમ આસો મહિનાની નવરાત્રી એમ ચૈત્ર મહિનાની પણ નવરાત્રિ જેમ આસોની પૂનમ એમ ચૈત્રી પૂનમ ત્યાં રાસ પૂરો થયો. પરીક્ષિત રાજાને ભગવાનની લીલામાં થોડી શંકા થઈ શુકદેવજીએ એ શંકાને દૂર કરી. પરીક્ષિત રાજા ભગવાનની દિવ્ય લીલાઓનું રસાત્મક લીલાઓનું શ્રવણ કરવાનો અધિકારી નથી એવું શુકદેવજી લાગ્યું અને એટલા માટે શુકદેવજીએ પછી એ બધી કથાની આગળ વાત ન કરી. જે મર્યાદા શુકદેવજીને નડી વર્ણન કરવા બાબત એ મર્યાદા પરમાનંદદાસ, કુંભનદાસ, સુરદાસ એ બધાંને નથી નડી અને એટલા માટે શુકદેવજી ભાગવતમાં ભગવાનની જે અનેક સુમધુર લીલાઓ ન કહી શક્યાં એનું વર્ણન આપણાં અષ્ટ સખાંઓએ અને વ્રજભક્તોએ કર્યુ છે. કૃષ્ણ લીલાને વધુ ને વધુ મધુર રીતે આસ્વાદી હોય તો વ્રજ ભાષાના આ કીર્તન સાહિત્યનું પણ ચિંતન કરવું જોઈએ. શુકદેવજીને તો ઘણી મુશ્કેલી હતી. શુકદેવજીને પહેલી મુશ્કેલી તો એ હતી કે સાત જ દિવસ હતા અને એમાંય પાછાં ચોથે દિવસે સાંજે કૃષ્ણલીલા શરૂ થઈ. વળી પરીક્ષિત રાજાએ શંકા કરી અને પરીક્ષિત રાજા એ શંકા કરી એટલે શુકદેવજીને પણ રાજાનો અધિકાર ન લાગ્યો શુકદેવજીનું વર્ણન અને સુરદાસજી બન્નેનું વર્ણન એમાં બહુ મોટો ભેદ છે. શુકદેવજી એ વર્ણન કર્યું છે પરીક્ષિત રાજાના ઉદ્ધાર માટે અને સુરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ વગેરે એ વર્ણન કર્યું છે કેવળ શ્રીનાથજીને રીઝવવા માટે શુકદેવજીના વર્ણનમાં રાજાની ગતિનો વિચાર છે અષ્ટ સખાઓના વર્ણનમાં

ભગવત રતિનો વિચાર છે. એમણે કોઈનો ઉદ્ધાર થોડો કરવો છે ? એટલે એમણે તો હૃદયમાં જે જે ભાવોનો અનુભવ થયો જે જે લીલાઓના દર્શન થયાં, તે બધી લીલાઓ ગાઈ છે. એટલે જે ભાગવતજીમાં પણ નથી, તે અષ્ટસખાના કીર્તનોમાં છે. ભાગવતની ઊણપ નથી, આ ભાગવત શ્રીનાથજીનું સ્વરૂપ છે. પણ શુકદેવજીને મર્યાદાઓ હતી. સાત દિવસમાં કથા પૂરી કરવી હતી અને પરીક્ષિત રાજા જે પૂછે શુકદેવજી તેનો ઉત્તર આપતા.

વ્રજ ભાષામાં લખાયેલા અષ્ટસખાના કીર્તનોમાં ઠાકોરજીની શુદ્ધ લીલાનું નિરૂપણ છે. શુદ્ધ લીલા એટલે કેવળ ભગવાનની લીલા. એ સિવાય બીજો કોઈ વિષય નહીં. ભાગવત આધ્યાત્મિક અને આધિદૈવિક બે યુગો પર ચાલે છે. કીર્તનમાં કેવળ આધિદૈવિકતા છે જો તમે કીર્તન સાહિત્યનો અભ્યાસ કર્યો હોય ને તો તમને ખ્યાલ આવશે કે જ્ઞાન વૈરાગીની વાતો પણ બહુ કરૂણ છે. જ્ઞાન-વૈરાગ્યની અને તપોજ્ઞાનની વાત પણ આપણે ત્યાં છે. છેલ્લે જ્યારે ઠાકોરજી પોઢી ગયાં, સેવામાં આખો ક્રમ પૂરો થઈ ગયો ત્યારે, છેલ્લે લૌકિકમાં જવાનો વખત આવે ત્યારે આશ્રયના, માન બીગતાના, વૈરાગ્યના, દીનતા માહાત્મ્યના માહાત્મ્યની માહાત્મ્ય કેવા પદો ગવાય છે. બધો સેવાનો ક્રમ પૂરો થઈ ગયા બાદ. બાકી ભગવાનની સન્મુખ વૈરાગ્યની વાતો નથી ગવાતી. ભગવાનની સન્મુખ માહાત્મ્યની વાતો નથી ગવાતી. કીર્તન સાહિત્યનો મૂળ આધાર માધુર્ય છે. મહાત્મિક માહાત્મ્યનો પક્ષ ગૌણ છે માધુર્યનો પક્ષ મુખ્ય છે.

પછી નારદજી પધાર્યા કહેવા લાગ્યાં પ્રભુ હવે જલ્દી મથુરા પધારો કંસના ત્રાસમાંથી સૌને મુક્ત કરો. ભગવાને કહ્યું અત્યાર સુધી જે બધાં આવતાં હતાં ને એ ક્રૂર હતા, હવે કોઈ એવાને મોકલો કે જે ક્રૂર ન હોય. પૂતના, અઘાસુર એ બધાં કેવાં હતાં ? ક્રૂર હતા.

ભગવાનને કોણ પધરાવી શકે ? જે અક્રૂર હોય. કંસે જઈને આજ્ઞા કરી અક્રૂરજીને, આપ પધારો. મારા શત્રુને લઈને આવો. અક્રૂરજી કંસના સેવક બનીને આવ્યા એ વાતનો એમને ક્ષોભ છે. ભગવાન મને સમજવામાં ભૂલ તો નહીં કરે ને ? કંસનો દૂત કંસ જેવો દુષ્ટ હશે અને કંસ મને મોકલે છે તો એટલા માટે ને કે ભગવાનને મારવા છે. મને પ્રભુ ખોટી રીતે તો નહીં જુએ ને ? પણ ભગવાન કોઈને ઓળખવામાં ભૂલ નથી કરતાં. અક્રૂરજી પધાર્યા. વૃન્દાવનમાં ભગવાનના ચરણારવિંદના પગલાં જોઈને રથમાંથી કૂદકો મારી નીચે ઉતરી ત્યાં આળોટ્યા છે. ચરણરજનો મહિમા પુષ્ટિ માર્ગમાં વિશેષ છે. મહાપ્રભુજી સુબોધિનીજીમાં સમજાવે છે કે પ્રભુના ચરણની આપણે રોજ ચરણામૃત લઈએ છીએ.

વૈષ્ણવે કાયમ ચરણામૃત લેવું જોઈએ. ચરણામૃતમાં રજ છે અને રસ પણ છે. રજ છે એ વ્રજ રજ છે. વ્રજ રજમાં ભગવાન અને ભક્તો બન્નેની ચરણરજ છે. ગોપાલની પણ અને ગોપીઓની પણ. અને એને જે બાંધવામાં આવે છે એ જ રસ છે. યમુનાજીની ભાવના છે રજ, આપણે ત્યાં છુટી નથી હોતી પણ પિંડાકાર હોય છે. એ રજ અને રસ બન્ને છે માટે ચરણ સંબંધ ભગવદીય પ્રદાન કરે છે. પછી તો ભગવાન રથમાં બિરાજ્યાં. ગોપિકાઓએ બહુ વિલાપ કર્યો ગોપિકાઓ સમજી ગઈ કે હવે પ્રભુ પાછાં નહીં પધારે. ખૂબ કલ્પાન્ત કર્યું. ભગવાને પણ કઠોર હૃદય કર્યું હશે !

ભગવાન વૃંદાવન છોડી મથુરા પધારે છે. મથુરામાં ભગવાને ધોબીને માર્યો. વસ્ત્રો પહેર્યાં. પાછાં દરજીએ આવીને વસ્ત્રો સરખાં કર્યાં. કુબ્જાના ચંદન લઈને આવી છે. રામાવતારના જે બધાં અધૂરા હિસાબો હતા એ ભગવાન ચુકવવાં માંડ્યાં. આ એ જ ધોબી હતો જેણે રામાવતારમાં સીતાજીની નિંદા કરી હતી. આ કુબ્જા રામાવતારની શૂર્પણખા હતી. પ્રભુએ

એને કુરૂપ કરી હતી કૃષ્ણ અવતારમાં પાછી એને સુંદરી બનાવી. રસ્તામાં માળી આવ્યો ને પ્રભુને માળા પહેરાવી ભગવાને કંસના ધનુષ્યનો કર્યો.

બીજે દિવસે સવારે કૃષ્ણ ને બલરામ રંગશાળાના દરવાજે આવીને ઊભાં છે. આજની ભાષામાં કઈ કહીએ તો રંગશાળા એટલે સ્ટેડિયમ. જ્યાં જાત જાતનાં બધા પ્રયોગો થતાં હોય, ખેલ થતાં હોય. બંધ હોય તો એને રંગભવન કહેવાય, ખુલ્લી હોય તો રંગશાળા કહેવાય. એના દ્વાર આગળ કુવલયાપીડ હાથી ઊભો છે. કંસના મહાવતે રસ્તામાં હાથી લાવી ઊભો રાખ્યો. શ્રીકૃષ્ણે કહ્યું અમારે ભીતર જવું છે. હટાવો એને. હાથી ન હટાવ્યો. ભગવાને વગર શસ્ત્રે કુવલયાપીડ હાથીનો વધ કર્યો. આ એક હાથીમાં હજાર હાથીનું બળ હતું. હાથીને માર્યા પછી ભગવાનને થયું રાજા પાસે ખાલી હાથે ન જવું જોઈએ. કશીક ભેટ લઈને જવી જોઈએ. આમે હાથી માર્યો એટલે આપણો જ કહેવાયને. હાથીનો દાંત ખેંચી કાઢ્યો અને હાથીનો દાંત તો Valuable. ખભા ઉપર હાથીનો દાંત મૂકી જેમ રાવણની સભામાં ખભા ઉપર ગદા મૂકીને હનુમાનજી પધાર્યા હતા એવી રીતે કંસની રંગશાળામાં પ્રવેશ કર્યો. અહીં બધા જ રસ છે. રૌદ્ર રસ છે, આધુત રસ છે, શ્રૃંગાર રસ છે, હાસ્ય રસ છે, વીર રસ છે, વાત્સલ્ય રસ છે, ભયાનક રસ છે, બિભત્સ રસ છે, શાંત રસ છે.

જેની જેવી ભાવના હતી તેને પ્રભુના તેવા દર્શન થયા. સ્ત્રીઓને થયું, આહ ! કેવો સુંદર જાણે કામદેવ અવતર્યો હોય. પણ જે કૃષ્ણ સ્ત્રીઓને મૂર્તિમંત કામદેવ લાગ્યાં એ જ કૃષ્ણને જોઈને કંસને કહ્યું કે પાડા પર બેસીને યમરાજ તમારા પ્રાણ લેવા આવ્યા છે. એ કેટલો બધો વિરોધાભાસ ! કોઈને લાગ્યા કૃષ્ણ વજ્ર જેવા તો કોઈને લાગ્યા આ પરમ તત્ત્વના ઉપાસકોને થયું આ એ જ છે જેનું રોજ અમે અમારા હૃદયમાં ધ્યાન કરીએ છીએ. દુષ્ટ રાજાઓને થયું હવે આપણું આવી બન્યું કારણકે આપણા પર આપણો કોઈ શાસક આવીને ઊભો છે. જેને જોઈને શત્રુઓ ભયભીત થયાં એને જોઈને સ્વજનો હસવા લાગ્યાં. લોહીથી ખરડાયેલા, માંસ ઉડેલું છે, એના કારણકે હાથીને હમણાં જ મારીને આવ્યાં છે. આવાં ડાઘા-ડાઘાવાળા કૃષ્ણને જોઈને ગોપસખાઓ ખડખડ હસવા લાગ્યાં. અરે ! લાલા યે ક્યા કરકે તુ આયા ? અરે તુ કૈસા રંગ લાયા ? હોલી ખેલ કે આયા ? અભી હોલી કે તો દિન બાકી હૈ ! આ તો લોહીની હોળી લઈને આવ્યો છે, પણ લોકો એને જોઈને હસવા લાગ્યાં. વસુદેવ-દેવકીની આંખમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યા. જન્મયો હતો એ જ રાત્રિએ અમે મૂકી આવ્યાં હતા એ આજે બારમા વર્ષમાં છે એને જોઈને આંખમાંથી પ્રેમના અને આનંદના અશ્રુ વહેવા લાગ્યાં છે. જેની જેવી ભાવના હતી પ્રભુએ એને એવા દર્શન આપ્યાં પછી તો શ્રીકૃષ્ણ અને બલરામનું ચાણુર, મુષ્ટિક, આદિ સાથે યુદ્ધ થયું અને છેલ્લે ભગવાને બધાંને મારતાં મારતાં કંસ સાથે મલ્લયુદ્ધ કરી, ધરતી પર કંસને પછાડી એની છાતી ઉપર પોતે કુદીને-પડીને એના પ્રાણ હર્યા. એના હાડકે હાડકાં ભાંગી નાખ્યાં. એ લોહી ઓકવા લાગ્યો, આંખોનાં ડોળા બહાર આવી ગયાં. કંસ સભાની વચ્ચે સૌના દેખતા ધૂળ ચાટતો થઈ અને મૃત્યુ પામ્યો. ભગવાને મલ્લ યુદ્ધથી કંસને માર્યો છે. કોઈ શસ્ત્ર વાપર્યુ નથી. આ તો ગોવાળિયા. ગોવાળિયા હથિયાર રાખે ? બધાને કંસના ત્રાસમાંથી મુક્ત કર્યા. શ્રીકૃષ્ણ સર્વના તારણહાર છે. આકાશવાણી સાચી થઈ. દેવકીના આઠમા પુત્રે કંસને માર્યો. બધાના દેખતા બાર વર્ષના બાળકે અનેક મલ્લોને માર્યાં પછી મહાપાપી કંસનો પણ વધ કર્યો છે. શ્રીકૃષ્ણનો યશ સર્વત્ર ફેલાઈ ગયો. ભગવાન માતા-પિતાની પાસે રહ્યાં. એકવાર માતા-પિતાએ પૂછ્યું, કૃષ્ણ કાંઈ ભણ્યાં ગણ્યાં છો કે નહીં ? ભગવાન કહે અમને તો ગાયો ચારતાં આવડે, ગાય દોહતાં આવડે. અમારે ત્યાં કાંઈ નિશાળ

નહોતી કે અમને બધું આવડે ! માતાપિતા કહે કે એવું ન ચાલે ભણવું તો પડે ! ચલો, તમને ગુરુના આશ્રમમાં પધરાવીએ. અવંતી નગરીમાં સાંદિપની ઋષિને ત્યાં કૃષ્ણ બલરામ વિદ્યા અભ્યાસ કરવા માટે ગયા છે. આજકાલ ઘણાં લોકો એમ કહે છે કે આ ગુરુકુલની શી જરૂર છે ? ભગવાન છે તો ડાયરેક્ટ ડાયલિંગ ન કરીએ ? પહેલાંના જમાનામાં તોકાંઈક વાત કરવી હોયને તો વચ્ચે ઑપરેટરને રિકવૅસ્ટ કરવી પડે તો એ લાઇન જોડી આપે પણ હવે તો બધે ડાયરેક્ટ લાઈનો થઈ ગઈ એમ ભગવાન સાથે પણ ડાયરેક્ટ લાઈન થઈ ગઈ આ ગુરુની જરૂર શી છે ? પણ થોડો વિચાર કરો ભગવાન રામે પણ ગુરુ બનાવ્યાં હતાં. ભગવાન કૃષ્ણે પણ ગુરુ બનાવ્યાં હતા. અરે ! મહાપ્રભુજીએ પણ ગુરુ બનાવ્યાં હતાં. આપણે જેને ગુરુ બનાવીએ છીએ એમને ગુરુ છે, એમનાય ગુરુ છે, એમનાંય ગુરુ છે. મેં તમને પહેલાં કહ્યું હતું કે ગુરુ પરંપરા છે. ગુરુ કોઈ એક વ્યક્તિ નથી. ગુરુ એ પરંપરા છે. એક દીવાએ બીજાને પ્રગટાવ્યો બીજાએ ત્રીજાને પ્રગટાવ્યો ત્રીજાએ ચોથાને પ્રગટાવ્યો, ચોથાએ પાંચમાને પ્રગટાવ્યો આણે આને જ્ઞાન આપ્યું, આણે આને જ્ઞાન આપ્યું. અણે આને જ્ઞાન આપ્યું જ્ઞાન કોઈના બાપની મિલકત નથી. કોઈકે મને આપ્યું હું કોઈકને આપીશ એ કોઈકને આપશે એની પરંપરા છે. અને એટલા માટે જ્યારે આપણે ગુરુને વંદન કરીએ છીએ ત્યારે સમગ્ર વંદન કરીએ છીએ ગુરુ પરંપરાને.

શ્રીકૃષ્ણ પણ સાંદિપનીને ત્યાં રહ્યાં રહેવા ખાતર નહીં. બીજા જેમ ભણે એમ ભણયાં અને બીજા જેમ ગુરુની ટહેલ કરે એ પ્રમાણે પ્રભુ ગુરુની ટહેલ પણ કરી છે. વિદ્યાર્થી થયાં ત્યારે બરાબર વિદ્યાર્થી થયાં છે. શ્રીકૃષ્ણ તો દરેક લીલાઓમાં પૂર્ણ છે. પાછાં ફર્યા વ્રજવાસીઓનાં વિરહને શાંત કરવા. ઉદ્ધવજીને એમણે સંદેશો લઈને મોકલ્યા. ઉદ્ધવજી હોંશે હોંશે આવ્યાં પણ ઉદ્ધવજીને ખબર નથી કે પ્રભુ એ એવી ચતુરાઈ કરી છે કે ગોપિકાઓને ઉપદેશ આપવા માટે આવેલાં ગુરુ થઈને આવેલાં ઉદ્ધવજી પાછાં વર્યાં ત્યારે ગોપિકાઓને ગુરુ બનાવીને પાછાં ફર્યા છે.

ગોપીઓની ચરણ રજને વંદન કરીને જ્ઞાન છોડીને આવ્યાં અને ભક્તિને લઈને આવ્યાં. પરમાનંદદાસે કહ્યું છે ગોપી પ્રેમ કી ધજા. કૌડિન્યો ગોપિકા પ્રોક્તા ગુરવ: મહાપ્રભુજી આજ્ઞા કરે છે. મર્યાદામાં કૌડિન્ય, ભક્તિમાં ગોપી ગુરુ છે.

ગોપિકાઓ પુષ્ટિ માર્ગમાં ગુરુ છે. ગોપીજનો પાસેથી શીખો કે પ્રભુને પ્રેમ કેવી રીતે થાય ગોપી પ્રેમ કી ધજા જીયે ગોપાલકી જો પ્રેમને મંદિર બનાવવામાં આવે તો એના ઉપર શિખા હશે. ગોપિકાઓની મુર્તિ હશે ભગવાનની પણ, ધજા હશે ગોપિકાઓની. આપણાં સુરદાસજીએ અને અનેક કવિઓએ બ્રહ્મગીતો પર જે પદો રચ્યાં છે બહુ અદ્ભુત છે.

યોગીની વાતો શું કરે છે મારી આગળ અમો કોઈ યોગ કરી શકીએ તેમ નથી ઉધો હમ વિઠ્ઠલનાથ ઉપાસી એકે એક કીર્તનો અદ્ભુત છે. નંદરાયજીનું રાસ પ્રખ્યાત છે નંદરાયજી ભ્રમર ગીત પણ પ્રસિદ્ધ છે ઉધોજી નિર્ગુણનો ઉપદેશ આપે છે એને હાથ નથી, એને પગ નથી, એને જન્મ નથી, એને આ નથી એને તે નથી ગોપીઓ કહે છે તારો ભગવાન જુદો હશે અમારા કૃષ્ણની વાત ન કર. તારો ભગવાન હાથ-પગ વગરનો હશે અરે અમારા કૃષ્ણને જો હાથ ન હોય તો અમારી ગાયો કોણે દોહી હતી ? અમારા કૃષ્ણને ચરણ ન હોય તો ગાયોની પાછળ-પાછળ રોજ કોણ જતું હતું ? તું કહે છે એને જન્મ નથી અલ્યાં એને જન્મ ના હોત તો અમે નંદમહોત્સવ મનાવ્યો હતો તો એ કોનો મહોત્સવ હતો ? તારા માટે નિર્ગુણ હશે તારા માટે નિરાકાર હશે. અમારો કૃષ્ણ

નિરાકાર નથી અમારો કૃષ્ણ તો અમારો સાકાર, બ્રહ્મ એ નિર્ગુણ હોવા છતાં સાકાર નથી અને જો અમારી પાસે જ્ઞાન-વૈરાગ્યની વાતો ન કર કથા એવી છે ઉદ્યમ ઉદ્ધવજી ભક્તિરસ લઈને પાછાં ફર્યા આવીને પ્રભુનાં ચરણમાં માથું મૂકીને કહ્યું પ્રભુ ધન્ય છે.

વ્રજવાસીઓ આજે પણ વિનોદમાં એક વાક્ય કહે છે ઉધો વ્રજ મે સીધો ગયો ઉધો વ્રજમે સીધો ગયો ગોપીઓ વારે ઘડીએ કહે ઉધો એ બદલે કહે તું ઊંધો છે. અમારી વાત સમજતો નથી. ઉદો વ્રજ મે સીધો ગયો. બહુ સુંદર ભાવના છે. પછી મથુરા ઉપર કંસના સસરા જરાસંઘના આક્રમણો શરૂ થાય છે. હવે શ્રીકૃષ્ણનું બધું જ બદલાઈ જાય છે. આકાશમાંથી રથ આવ્યો સારથી આવ્યો હવે કૃષ્ણ યોદ્ધા છે હવે એને સમગ્ર યદુકુળની સંભાળ પાંડવોની સંભાળ, યાદવોની સંભાળ હવે એને માથે આ મોટું ઉત્તરદાયીત્ય આવી પડ્યું છે. મથુરા પર વારંવાર આક્રમણો શરૂ થયાં છે. જ્યારથી ભગવાને કંસને માર્યો ત્યારથી અનેક રાજાઓ કૃષ્ણના શત્રુ બની ગયાં છે. સત્તર વાર જરાસંઘે આક્રમણ કર્યું, પણ પ્રભુ દર વખતે એને હરાવીને અપમાનિત કરીને કાઢી મૂકે છે. આ બહાને ભગવાને ભૂમિનો ભાર દૂર કરવાનું શરૂ કર્યું. પછી એકવાર કાળયવન ગયો પ્રભુ એ એને પોતાની પાછળ ભગાવીને ધવલ કુંડમાં મુચકુંદ ગુફામાં લઈ જઈ રાજા મુચકુંદ દ્વારા અને ભસ્મીભૂત કરાવ્યો. જરાસંઘ અને કાળયવન આ બે કૃષ્ણના હાથે નથી મર્યાં. કાળયવન મુછકુંડ રાજાના અને જરાસંઘ ભીમના હાથે મરયો છે. અઢારમી વાર જરાસંઘે આક્રમણ કર્યું કૃષ્ણ આ વખતે રણ છોડીને ભાગ્યાં ભગવાન રણછોડ કહેવાયા. જરાસંઘે પીછો કર્યો પ્રવર્ષણ પર્વત ઉપર ગયાં ત્યાં એમણે આગ લગાડી આ બાજુ ધીરે ધીરે કોઈને જાણ ન થાય એવી રીતે ભગવાને સુંદર દ્વારિકા નગરીનું નિર્માણ કર્યું હતું. જરાસંઘને પોતાની પાછલ ભગાવીને બધાંજ યાદવોને દ્વારિકા પહોંચાડી દીધાં અને પોતે પણ જરાસંઘને ભ્રમમાં નાંખીને દ્વારિકા પહોંચ્યાં કૃષ્ણ હવે દ્વારકાધીશ થયા બોલો દ્વારિકાધીશ કી જય.

દ્વારિકામાં ભગવાન શ્રીકૃષ્ણનો ગૃહસ્થાશ્રમ શરૂ થાય છે. પહેલાં મોટાં ભાઈનાં લગ્ન થયાં રેવતની કન્યા રેવતી સાથે. હવે એક દિવસ પ્રભુ બિરાજ્યાં હતા એક બ્રાહ્મણ ચિઠ્ઠી લઈને આવ્યો. ભીષ્મક રાજાની કન્યા રુક્મિણીએ પત્ર લખ્યો હતો. સાત શ્લોકમાં એણે પ્રભુને વિનંતી કરી હતી કે પ્રભુ મારા લગ્ન શિશુપાલ સાથે આ લોકો કરી દેશે પણ હું તો આપને પતિરૂપે સ્વીકારી ચૂકી છું માટે આપ જલદી પધારો મારું હરણ કરીને મને લઈ જાવ. અને પછી હું નિર્લજ્જ બનીને, સંકોચ છોડીને આપને પત્ર લખીને વિનંતી કરું છું એટલા માટે કે પ્રભુ આપના ગુણોએ મારું મન ભરી લીધું છે. આપના સુંદર રૂપનાં વર્ણનને સાંભળીને પણ પ્રભુ મેં આપને મારાં સ્વામી સ્વીકાર્યાં છે. પ્રભુ જલદી પધારો. કદાચ આપને એમ થાય ઘરમાં બધાનો વિરોધ હોય તો લોહીની નદીઓ વહેવડાવી બધાંને ક્લેષ આપીને મારે મારવાની જરૂર નથી. તો હું આપને એક ઉપાય બતાવું છું. રુક્મિણીએ ઉપાય બતાવ્યો અને ભગવાને એવું જ કર્યું લગ્નનાં આગલાં દિવસે જ્યારે કુળદેવીની પૂજા કરવાને માટે અંબિકા પૂજન કરવાને માટે આ કન્યા નીકળે છે આ બાજુ રુક્મિણી પધાર્યાં છે આ બાજુ દ્વારિકાધીશ રથ લઈને પધાર્યા. દેવીનું પુજન કરીને પગથિયા નીચે ઉતરતા હતા રુક્મિણી અને પ્રભુનો રથ આવ્યો અને ભગવાને રૂકમણીજીનો હાથ પકડીને રથમાં પધરાવી દીધાં ચારે બાજુ હાં હાં કાર થઈ ગયો અરે કન્યાનું કોઈ હરણ કરી ગયું જુઓ આ શિશુપાલ હતો ને એ જ આગલાં જન્મમાં રાવણ હતો. હવે એને સીતાજીનું હરણ કરેલું કે નહીં ? તો આ વખતે ભગવાને એનું આમ છેક છેલ્લે સુધી નક્કી થયું શિશુપાલનું જ નક્કી થયેલું કંકોત્રી એની લખાયેલી,

પીઠી એને ચોપડેલી વરઘોડો એનો નીકળેલો જાન એની આવેલી જાનીવાસો એને અપાયેલો, મીંઢળ એના બંધાયેલા હતા અને છેલ્લી ઘડીએ ભગવાન રૂકમણીનું હરણ કરીને ભગવાન કહે હિસાબ હો ગયા. રૂકમણીનું હરણ કર્યું છે પ્રભુએ રૂકમણીનો ભાઈ રૂકમણી આવ્યો અને ભારે યુદ્ધ કર્યું પરંતુ તેને પ્રભુએ હરાવ્યો અને હવે એને કુંડીનપુરમાં પ્રવેશ નહીં કરું એવી પ્રતિજ્ઞા કરી હતી એટલે ભોજક્ટ નગાર વસાવી ત્યાં રહ્યો. આ બાજું ભગવાન શ્રીકૃષ્ણ રૂકમણીજીને લઈને દ્વારિકા પધાર્યા દેવકી મા એ કહ્યું લાલા તું બહુ સુંદર કન્યાને લઈને આવ્યો છું પણ મારે તો તને પરણાવવો હતો. ભગવાને કહ્યું તો કાંઈ વાંધો નહીં વીધી પૂર્વક લગ્ન કરો આ બાજુ કુંડિનપુરથી બધાં આવ્યાં કન્યા પક્ષવાળા વરપક્ષવાળા, દ્વારકાથી આવ્યાં અને માધવપુરમાં ભગવાનનાં લગ્ન થયાં.

રૂકમણીજી એ લક્ષ્મીજીનો અવતાર છે. રામાવતારમાં જે સીતા હતા એ કૃષ્ણ અવતારમાં રૂકમણી છે. રામાવતારમાં જે લક્ષ્મણ હતા એ કૃષ્ણ અવતારમાં બલરામ છે. રામાવતારમાં જે સૈરયુ હતી એ કૃષ્ણા અવતારમાં ગોમતી છે. રામાવતારમાં જે અયોધ્યા હતી એ કૃષ્ણાવતારમાં દ્વારિકા છે એટલે ભગવાન રામ લીલા અને ભગવાનની દ્વારિકા લીલાને પણ બહુ ગાઢ સંબંધો છે. અરે રામાવતારની પણ એક કન્યા સાથે કૃષ્ણ અવતારમાં લગ્ન થયાં જાંબવતી પહેલાં લગ્ન ભગવાનના થયાં રૂકમણી સાથે બીજાં લગ્ન થયાં સત્યભામાજીની સાથે સત્યભામા ભૂમિનો અવતાર છે. જેમ રૂકમણી લક્ષ્મી છે સત્યભામા ભૂમિ છે. ત્રીજા લગ્ન થયા જાંબવતી સાથે ચોથા કાલિંદી સાથે મોટાભાગના લોકો એમ માને છે કે આ કાલિંદી એટલે યમુનાજી. ના, યમુનાજીનો સંબંધ વ્રજલીલા સાથે છે. યમુનાજી સામીદી છે પરંતુ એ વ્રજલીલાના ભાવથી મહાપ્રભુજીએ એમને ચતુર્થ પ્રિયા કહ્યાં છે. વ્રજમાં જે ચાર યુદ્ધ છે એમાં પહેલું યુથ શ્રી રાધાજીનું સાત્વિક યુથ છે. બીજું યુથ છે ચંદ્રાવલીજીનું રાજસ યુથ ત્રીજુ છે લલિતાઓનું અને કુંવારિકાઓનું એ તામસ યુથ અને ચોથું યુથ શ્રી યમુનાજીનું છે. એ ચોથું છેવટે માટે એને તુર્ય તુર્યે એટલે ચોથું હવે મજા એ છે કે યમુનાજી પણ અહીંયા ચોથા, અહીંયા કાલિંદી પણ ચોથા છે. રૂકમણી, સત્યભામા, જાંબવતી અને કાલિંદી તો પછી આ જ યમુનાજી હશે એમ કહેવામાં શું વાંધો પરંતુ ભાગવતના એક શ્લોકના આધારે મહાપ્રભુજી એ કહ્યું કે આ યમુનાજી નથી આ તપ કરતાં હતાં. અર્જુને જઈને પૂછ્યું હે દેવી આપ કોને માટે તપ કરો છો ? આપ કોણ છો ? ત્યારે એણે પોતાનો પરિચય આપતાં એમ કહ્યું મહાપ્રભુજીની દલીલ કહે છે કે આ પોતે યમુનાજી હોય તો વસામિ યમુના જલે એમ ન કહે યમુના એમ કહે કે હું યમુના જલમાં વસુ છું તો પછી આ કાલિંદી કેમ છે ? કાલિંદીના બે અર્થ છે. વ્રજનો અર્થ લઈએ તો કલિંદ પર્વતની દીકરી હોવાથી કલિંદી. કાલિંદીનો અર્થ થાય છે. કલિના દોષોનો નાશ કરનારી કલિંદીના નામના બે અર્થ છે યમુનાના બે અર્થ છે. અને યમુનાનો બીજો અર્થ છે એટલે ઓછું આપણે હિન્દીમાં કહીએ છીએ ઉનચાસ, ઉનતીસ, ઉનહત્તર સંસ્કૃત શબ્દ છે ઉન ઉનને ગુજરાતીમાં ઓગણ ઓગણત્રીસ ઓગણ ચાલીશ, ઓગણપચાસ, ઓગણ સાઇઠ, ઓગણ એટલે ઓછું. યમુના એટલે યમ કરતાં જે નાનું છે. યમની નાની બહેન યમુના નાની બહેન છે એનો પુરાવો બીજા નામથી પણ મળે છે. યમુનાજા શબ્દ છે દશમસ્કંધના જન્મ પ્રકરણમાં અને એ નાની બહેન છે એટલે સારું છે કારણકે નાની બહેન હંમેશા લાડકી હોય મોટી બહેનથી પ્રેમ મળે અને નાની બહેનને પ્રેમ આપવાનો હોય મોટી બહેન માની જગ્યાએ છે. તો યમની નાની બહેન છે એટલે યમને વ્હાલી હશે અને યમને વ્હાલી છે એટલા માટે યમુનાજી વ્હાલાં હોય એ યમને પણ વ્હાલાં છે.

યમરાજ યમુનાના પુત્રને હાથ જોડીને માન આપે છે. કેમ કે એ

ભાણેજ છે એ પૂજ્ય છે. પછી ભગવાનના લગ્ન મિત્રવિંદા, ભદ્રા, લક્ષ્મણા, સત્યા, એમ કરીને આ આઠ પટરાણીઓ હવે પછી તો દ્વારકાધીશે એક સાથે સોળહજાર લગ્ન કર્યાં પરીક્ષિતે કહ્યું આ કથા તો મારે ખાસ સાંભળવી છે. આટલા બધાં લગ્ન કરવાની શી જરૂર હતી. શ્રીકૃષ્ણની સામે અનેક પ્રશ્ન ઉઠે છે એમાંનો આ એક પ્રશ્ન છે કે સોળહજારને આઠ રાણીઓ શું કરવા ? શુકદેવજીએ કથા કહી તે સાંભળો. ભૌમાસુર નામનો અસુર એને એવું વરદાન હતું કે મા મર કહે તો એ મરે. મા કોણ હતી ભૂમિ ભૂમિનો પુત્ર હોવાથી ભૌમ અને વરદાન એવું હતું એવી ચતુરાઈથી વરદાન માંગેલું કે મારી મા મને મર કહે તો જ હું મરું એ સિવાય હું મરું નહીં. હવે મા જાણતી હોય આમ તો મા ઘણીવાર કહેતી હોય છે મર પણ એ એ જુદી વાત છે. પણ જ્યારે મા ને ખબર પડે કે મારા બાળકનું મૃત્યુ મારા મર કહેવાથી થવાનું છે તો તો એ ન બોલે ને ભૌમાસુરને કોઈ મારી શકતું નથી. ભૌમાસુર ઈન્દ્રના છત્રકુળમાં રહી ગયો ઈન્દ્ર ભગવાનના શરણે આવ્યો. ભગવાનને એક સાથે અનેક લીલા કરવી હતી સત્યભામાજીને લઈ અને પ્રભુ પ્રાગ જ્યોતિષકુળ પધાર્યા પાંચ દુર્ગ હતા. આ કથા આધ્યાત્મિક ભેદન પણ છે હોં. પાંચ દુર્ગ એટલે પંચ ભૂતથી બનેલું શરીર એનું ધર્ષન કરીને એટલે શરીરનું અતિક્રમણ કરીને પછી ભગવાને એના સેનાપતિ સાથે યુદ્ધ કર્યું સેનાપતિનું નામ છે મુર અને પ્રભુએ મુરને માર્યો ત્યારથી પ્રભુ મુરારિ કહેવાયા અને હવે શ્રીકૃષ્ણ અને ભૌમાસુર વચ્ચે યુદ્ધ ચાલ્યું ભગવાન ગમે એટલો ઉપાય કરે છે પણ એ મરતો નથી વરદાન છે ને મા કહે મર તો મરે વધારે લાંબો સમય યુદ્ધ ચાલ્યું એટલે સત્યભામાથી ન રહેવાયું કહ્યું પ્રભુ હવે આટલાં બધાં શું ખેલી રહ્યાં છો ? મારોને એને ભગવાન એ રાહ જોતા હતા કારણકે મેં હમણાં જ તમને કહ્યું કે સત્યભામા પણ ભૂમિનો અવતાર છે એથી સત્યભામાની સંમતિ પણ ભૂમિની જ સંમતિ કહેવાય. ભગવાને ભૌમાસુરને માર્યો અને એ ભૌમાસુરે જે સોળ હજાર કન્યાઓને કારાગૃહમાં રાખી હતી એને મુક્ત કરી. ભગવાન કહે જાવ તમે મુક્ત છો કન્યાઓએ કહ્યું અમે તો એવો સંકલ્પ કર્યો હતો કે જે અમને આ બંધનમાંથી છોડાવશે અમે એના ચરણોમાં અમારું જીવન સમર્પિત કરી દઈશું. પ્રભુ અમે તો તમારાં ચરણોમાં છીએ. જે કરવું હોય તે કરો. ભગવાને કહ્યું કે તો પછી ચાલો દ્વારિકા દ્વારિકા આવ્યાં અને સોળ હજાર કન્યા સાથે ભગવાને લગ્ન કર્યા. જે લોકો ભગવાનની આ લીલામાં મૂંઝાય છે એ લોકો એ ભાગવત ધ્યાનથી વાંચ્યુ નથી. જો ભાગવત ધ્યાનથી વાંચ્યું હોય તો એમને ખ્યાલ આવે કે એક કૃષ્ણ એ સોળહજાર કન્યાઓ સાથે લગ્ન નથી કર્યાં પણ સોળ હજાર કૃષ્ણએ સોળ હજાર કન્યા સાથે લગ્ન કર્યાં છે એટલે કે સોળ હજાર કન્યાઓની સાથે લગ્ન કરવા વખતે ભગવાને જેટલી કન્યા હતી એટલા રૂપ લીધા છે અને એ પણ જો જો ભાગવતમાં કે પરણતી વખતે એટલાં રૂપ લીધા છે એવું નહીં પરણ્યાં પછી પણ શ્રીકૃષ્ણ સોળ હજાર અને આઠ મહેલમાં સોળ હજાર આઠ રાણીઓની સાથે સોળ હજાર ને આઠ રૂપ લઈને દરેક રાણી સાથે એ સ્વતંત્ર રૂપમાં રહે છે. આ ભગાવાન સિવાય કોઈ ન કરી શકે આનો પુરાવો એ દશમસ્કંધની એ પ્રસિદ્ધ કથા છે કારણકે નારદજીને મન થયું કે શ્રીકૃષ્ણના ઘરમાં પણ બખેડો ઊભો કરું. નારદજીને થયું કે આમ બીજે બધે તો આપણે આપણું પરાક્રમ બતાવ્યું પણ એકવાર કૃષ્ણને ત્યાં બતાવી દઈએ તો પછી આપણે આમ મ્હોર લાગી જાય અને સોળ હજાર આઠ રાણીઓ જો બગાવત પર આવી જાય તો ભગવાનની હાલત શું થાય ? કથા એવી છે કે સવારથી નારદજી એક એક મહેલમાં

જાય છે. એવી આશા રાખીને કે જે મહેલમાં કૃષ્ણ ન બિરાજતાં હોય એ રાણીને ચાવી ચડાવીએ. એક પછી એક મહેલની મુલાકાત લેતા ગયાં મહેલો જુદાં જુદાં છે રાણીઓ જુદી જુદી છે પણ દરેકમાં કૃષ્ણ મળ્યાં છે. થોડો આનો આધ્યાત્મિક સમજવા જેવો છે. મહેલો જુદાં જુદાં છે. શરીરો જુદાં જુદાં છે રાણીઓ જુદી જુદી છે એટલે મતિઓ જુદી જુદી છે. પણ આપણાં બધાંની અંદર આત્મા રૂપે રહેલો કૃષ્ણ એ જુદો નથી. તમારા ઘરમાં જુદી કંપનીનું ટી.વી. હોય મારા ઘરમાં જુદી કંપનીનું ટી.વી. હોય, તમે જુદી ચેનલ જોતાં હો, હું જુદી ચેનલ જોતો હોઉં પણ તમારા ઘરમાં જે ઇલેક્ટ્રીસીટી આવે અને મારા ઘરમાં જે ઇલેક્ટ્રીસીટી આવે એ જુદી ન હોય. કૃષ્ણ આત્મા છે અને તેથી સોળ હજાર ને આઠસો કરોડો કરોડો જીવોનો એ સ્વામી છે. સોળહજારને આઠ તો ઓછી છે. કૃષ્ણ તો જગન્નાથ છે આખા જગતનો પતી છે અને એ જ રીતે પ્રભુ એ લીલાના દર્શન કર્યાવ્યાં પછી આમ બહુ જ ઘરો ફર્યા ને પછી ભગવાને નારદને કહ્યું બેટા, હવે બહુ મહેનત ન કર તારી વિદ્યા બીજા બધાંને ત્યાં ચાલે મારે ત્યાં નહીં ચાલે. કારણકે તને ખબર છે કે હું તારા ય બાપનો બાપ થઉં. નારદજીના પિતા બ્રહ્મા અને બ્રહ્માના પિતા ભગવાન પરંતુ નારદજીને એક લાભ થયો આ બ્હાને એમને ભગવાનની દિનચર્યા જોવા મળી બ્રહ્મમુહૂર્તમાં પ્રભુ જાગે છે. જાગીને થોડી ક્ષણો પ્રભુ આત્મ ચિંતન કરે છે. આમ પથારીમાંથી ઊઠીએ ને એટલે આમ સીધો જંપ નહીં મારવાનો. લોકો મોટે ભાગે આમ કરે છે જાગ્યાં સીધો જંપ. થોડીકવાર આત્માનું ચિંતન કરો રાત રહે.

એક તું એક તું કેમ કહેવું. વધારે નહીં તો એકાદ ક્ષણ પણ આપણે આત્મ ચિંતન કરી લેવું પછી સંસારમાં કૂદકો મારવો. પછી ભગવાન સ્નાનાદિક સંધ્યા વંદન કરે છે, ગાયોનું દાન કરે છે, યજ્ઞ કરે છે, બ્રાહ્મણોને જે ભોજન કરાવે છે અરે કોઈ મહેલમાં તો નારદજીએ જોયું રાણી અને બીજાની સાથે ચોપાટ રમે છે. કોઈ મહેલમાં જોયું રડતા છોકરાને છાના રાખે છે લાલા રડીશ નહીં હમણાં મા આવશે લાલા રડીશ નહીં એણે કોઈ ખેલ કરવાનો બાકી રાખ્યો નથી. રડતાં બાળકોને એણે રમાડ્યાં છે. લીલા પુરુષોત્તમ છે. ભગવાન શ્રીકૃષ્ણે જે જે લીલાઓ કરી છે એ બધી લીલા મનુષ્યનાં જીવનને જીવી બતાવ્યું છે અને જીવને જીવી બતાવ્યું છે એટલાં માટે જ એ એ આપણે શીખવાનું છે કે સંસારમાં કેવી રીતે રહેવું. જીવન કઈ રીતે જીવવું કેવળ વાતના રૂપમાં નહીં એણે જીવન જીવીને બતાવ્યું છે. અને ભગવાન ભોજન કરી અને પહોંચે છે રાસ સભામાં તમે બધાં જાણતાં તો હશો જ કે શ્રીકૃષ્ણ ક્યારે પણ કોઈ સિંહાસન પર બિરાજ્યાં નથી. મથુરાનો રાજા કે દ્વારિકાનો રાજા ઉગ્રસેન છે. ભગવાન તો એનાં સેવક બનીને ઊભાં રહે છે. કંસને મારીને કંસનું રાજ્ય ભગવાને કંસના પિતા ઉગ્રસેનનું આપ્યું છે. ભલે પ્રેમથી તમે કહો દ્વારિકાનાથ એ દ્વારિકાનો નાથ નથી એટલે રાજાના અર્થમાં નથી તમે કહો મથુરાધીશ એ તો આખા જગતનો સ્વામી છે પણ એ મથુરાના રાજ સિંહાસન પર બિરાજ્યા નથી કૃષ્ણ રાજસિંહાસન પર નથી બિરાજ્યાં કૃષ્ણ તો ભક્તનો હૃદય સિંહાસન ઉપર બિરાજ્યાં છે. એ ભક્તોના હૃદયના રાજા છે અને એ બરોબર છે પેલા રાજા તો ગમે ત્યારે પડે ઘણીવાર પાંચ વર્ષ કાઢે ઘણીવાર ના ય કાઢે ગાદી ઉપર બેસનારા રાજા નથી હૃદયમાં બિરાજનારા રાજા છે અને પછી એ કથા ન કહીએ તો દશમસ્કંધ અધૂરો કહેવાય આજે ભગવાન દ્વારિકાધીશના દ્વાર પર એક ગરીબ બ્રાહ્મણ આવીને ઊભો છે. આ એનું વર્ણન સાંભળો નથી માથે પાઘડી નથી શરીર ઉપર ઝભ્ભો, નથી પગમાં પગરખાં અને નથી કોઈ સામાન અને ધોતી ફટી સી, ધોતી એક ધોતી છે તે પણ કેટલીવાર

સાંધેલી. પ્રભુ એ આપને મળવાં ઇચ્છે છે અમે એને ના કક્ષા, વસ્ત્રો બધું આપીએ છે તો સ્વીકારતો નથી. એ કહે છે કે એ આપનો મિત્ર છે. હિંડોળે ઝુલતા પ્રભુએ જ્યાં મિત્ર શબ્દ સાંભળ્યો એટલે પ્રભુ સ્થિર થઈ ગયા એટલામાં દ્વારપાલે કહ્યું પ્રભુ એનું નામ છે સુદામા સુદામાં આવ્યો છે સાંભળતાં તો છલાંગ મારીને ઊભાં થયા રાણીઓની સામે જોઈને હરખાઈને કહેવા લાગ્યાં અરે ! મેરો સુદામા આવ્યો ! અરે ! મેરો સુદામા આવ્યો સુદામા હાથ લાંબા કરીને કૃષ્ણે દોટ મૂકી આ બાજુ ગરીબ બ્રાહ્મણ બિચારો દરવાજે તો ઊભો હતો પણ એને એમ થયું કે હું વળી ક્યાં આવી પડ્યો આટલો બધો વૈભવ શ્રીકૃષ્ણનો મને તો કહેતા ય શરમ આવે છે હું એનો મિત્ર છું. મનમાં થોડી થોડી દ્વિધા પણ થઈ ગઈ કૃષ્ણ મને ઓળખશે કૃષ્ણ મને બોલાવશે મારાં એવાં હાલ-હવાલ તો નથી કે હું કહી શકું કે એમનો મિત્ર થાઉં. અર્ધ નગ્ન બ્રાહ્મણ દરવાજે ઊભો છે. બહુ સંકોચ સાથે ઊભો છે. પ્રભુ કેવો વ્યવહાર કરશે એની ખબર નથી. એટલામાં તો જોયું દ્વારિકાનાથ બે હાથ લાંબા કરીને કહે આવ, આવ, આવ સુદામા અરે તું યહાં ક્યાં ખડો હૈ આવ. બે ભુજાઓ લાંબી કરીને ભેટવા માટે દોડીને આવતાં દ્વારિકાધીશને જોયા. સુદામાં ભૂલી ગયો કે એ નિર્ધન છે સુદામા ભૂલી ગયો કે કૃષ્ણ ક્યાં ને એ ક્યાં ગુરુકુળમાં સાથે રહી ને જે સખ્ય સંબંધ બાંધ્યો હતો એ પાછો તાજો થઈ ગયો. સુદામાં પણ બે હાથ લાંબા કરીને દોડ્યાં અને કૃષ્ણ અને સુદામા પેલો લક્ષ્મીનો પતિ અને આ ગરીબ દરિદ્ર નારાયણ બન્ને એકબીજાને ભેટ્યાં અદ્‌ભુત દૃશ્ય સર્જાયું.

રાણીઓ પણ કૃષ્ણને આવી રીતે દોડતાં ન જોયેલાં. આમ મોટાં માણસને ત્યાં કોઈ આવે ને અને પેલા ખબર આપે કોઈ મિલને આયાં હૈ, અચ્છા ઉનકો કહો આતે હૈ. એ આતે હૈ કહ્યાં પછી કલાક સુધી તો જાય નહીં. મોટા માણસો જલદી કોઈને મળે નહીં અને આ હાથ લાંબા કરીને કૃષ્ણ દોડતા હોય એ તો વળી બહુ ક્યારેય ન જોયું હોય એવું તો દૃશ્ય તો રાણીઓ દોડતી દોડતી આવી કે આ કયા રાજવી છે. કયાં દેશના મહાપુરુષ છે કે જેને જોઈને અમારો સ્વામી હાથ લાંબા કરીને દોડ્યો. આવી ને જુવે છે તો આ રાણીઓ તો પછી નાટકનું ટેરવું ચડાવવાં લાગ્યાં. રાણીઓને થયું આવા ને ઘરમાં લાવવાની શી જરૂર છે જે જોઈતું હોય તે આપીને બારોબાર વિદાય કરો. જરાય એવું ન માનસો કે સુદામાં સંપત્તિ લેવા માટે પ્રભુ પાસે આવ્યો હતો જે ભગવાનના દ્વારે હું એકવાર શ્રીનાથજી ગયો. મને એક બે વૈષ્ણવો કહે, અહીં બધાં માંગનારા બહુ હેરાન કરે છે. મથુરા, ગોકુળ, જાવ તો ય લોકો ફરિયાદ કરે કે માંગનારા બહુ પાછળ પડે છે. મને એમ થાય કે આપણે તો બે-ચાર દિવસ જઈએ છીએ ને આપણી હાલત થાય છે તો આ સિદ્ધિ વિનાયક, શેરડીના સાંઈબાબા એમની શી દશા થતી હશે ? કેમ કે સવારથી તે રાત સુધી જે લાંબી લાઈનો લાગે છે એ ભક્તોની લાગે છે કે માંગણોની લાગે છે ? તમે ભગવાનના મંદિરે લાંબી લાઈનો જુઓ છો તે ભગવાનના પ્રેમીઓની છે ? હાથમાં કિંમતી ભેટો લઈને આવનારાં લાઈનમાં ઊભાં રહીને ભગવાન પાસે ક્યારે જઈએ એની રાહ જોનારા મોટે ભાગે માંગણ હોય છે.

આપણે તો કોક માંગવા આવે તો ખસી જઈએ. પેલા તો ખસે ય કેવી રીતે ? જાય ક્યાં બિચારા તમે ભગવાનની બાજુમાં ઊભાં રહીને જો જો ને કોકવાર એક કાકા કહે હે ભગવાન મને પુત્ર આપો બીજો આવીને ભગવાનને કહે આટલાં વર્ષોથી તમારાં મંગળાના દર્શન કરું છું, રાજભોગ કરું છું અને હજી મારી સામે જોતા નથી ? છોકરીનું ઠેકાણું પડતું નથી કોઈ કહે મારાં છોકરાંનું ઠેકાણું પડતું નથી કોઈ કહે છોકરાને

નોકરી સારી મળતી નથી કોઈ કહે મારી તબિયત સારી રહેતી નથી કોઈ કહે છોકરાને એડમિશન મળતું નથી કોઈ કહે મને વિઝા મળતો નથી કોઈ કહે આને ઘર મળતું નથી એરે ! બિચારાની હાલત કેવી થાય જાય ક્યાં ? ભગવાનને કેટલો ત્રાસ એ તમને ખબર ન પડે.

એક મોટી કંપની હતી એમાં એક જુનો કર્મચારી એને એક દિવસ ભારે તાવ આવ્યો એને એવું ઇન્ફેક્સન કાનમાં ગયું કે સાવ બ્હેરો થઈ ગયો પછી કંપનીના બધાં બોર્ડવાળાં ભેગા થયાં કે આ માણસ વફાદાર છે જુનો છે બિચારો બ્હેરો થઈ ગયો ભલે થઈ ગયો પણ આપણે એને છુટો ન કરવો જોઈએ ક્યાંક તો રાખવો જોઈએ. એક જણે કહ્યું કે હું સલાહ આપું તમને સાવ બ્હેરો છે ને એને કંપ્લેઇન વિભાગમાં ઘુસાડી દો. કંપ્લેઇન વિભાગમાં સાંભળનારો બેસે તો ગાંડો થઈ જાય એટલે ત્યાં તો ઓછું સાંભળનારાને જ બેસાડવાં જોઈએ અને જો કાન સારાં હોય ને તો ત્યાં લોકો ટેલિફોન ઉઠાવીને બાજુમાં મૂકી દે છે. તમે કોઈવાર કંપ્લેઇનમાં જો જો ટેલિફોન ઉઠાવીને બાજુમાં મૂકી દે. બ્હેરો ના હોય એ બ્હેરો થાય.

ભગવાન પાસે માંગણ બનીને ન જાવ માંગણીને લઈને ન જાવ લાગણી લઈને જાવ એના દરવાજે ભિખારી બનીને ન જઈએ એના દરવાજે એનાં મિત્ર બનીને જઈએ ભિખારી બનીને જશો તો ભીખ આપશે મિત્ર બનીને જશો તો પ્રેમ આપશે. બે હાથ લાંબા કરીને કૃષ્ણ દોડ્યાં એટલા માટે નહીં કે સુદામાં માંગવા આવ્યો હતો એણે કાંઈ માગ્યું નથી અને લોકો ભગવાનના દરવાજે આવીને ધન, વૈભવ લઈને જતાં હશે કોઈ પુત્ર લઈને જતો હશે કોઈ આ કોઈ તે સુદામાં પ્રભુના દ્વારે આવીને પ્રભુનો અતિશય પ્રેમ લઈને વિદાય થયો છે. ભગવાન હાથ પકડીને લઈ ઘરમાં ગયા રાણીઓને કહે જલ્દી જલ્દી જારીઓ લાવો મારે સુદામાના ચરણ ધોવા છે મારો બ્રહ્મણ મિત્ર ઘરે આવ્યો છે. ભગવાને પોતાના સિંહાસન ઉપર સુદામાને પધરાવ્યાં.

સુદામા ચરિત્ર નામની એક રચના છે વ્રજ ભાષામાં. નરોત્તમદાસ નામના એક કવિ થયાં. આ કવિની બીજી કોઈ કૃતિ મળતી નથી એક જ કૃતિ મળે છે પણ એ એક કૃતિના કારણે બહુ પ્રખ્યાત છે. આ સુદામા ચરિત્રમાં એમ લખ્યું છે કે પ્રભુના પ્રભુ જ્યારે સુદામાના ચરણ પાસે બેઠાં રાણીઓ સોનાની ઝારીમાં ગોમતીનું જલ લઈને આવે એ પહેલાં સુદામાના ચિરાયેલાં ચરણ જોતાં પ્રભુ એ પોતાના નેત્ર જલથી જ સુદામાના ચરણનો અભિષેક કર્યો છે. હાય મહા દુઃખ પાયો સખા ભગવાન ઠપકો આપે છે તું આટલો આટલો દુઃખી થયો તો મારી પાસે કેમ ન આવ્યો ? **हाय महा दुःख पायो सखा न आये इते किते दीन खोये** આટલાં બધાં દિવસો શા માટે બરબાદ કર્યા. ભગવાનના શરણમાં જવામાં જેટલો વિલંબ કરીએ છીએ એટલું આપણું જીવન બરબાદ કરીએ છીએ. એટલું જીવન પાણીમાં ગયું. સાચું તો આપણે ત્યારથી જીવીએ છીએ જ્યારથી આપણે ભગવાનને માટે જીવતાં થયાં. કૃષ્ણ બોલ્યાં **मदर्थं कर्माणि कुर्वन्** તું મારે માટે કર્મ કર. દેખી સુદામા કી દીન દશા કરુણા કરકે કરુણાનિધિ રોયે ઝારી બાજુએ રહી ગઈ પરાત, ત્રાસ, કથરોટ બધાં પાત્રોએ બાજુમાં રહી ગયા રાણીઓ આવીને જુએ છે તો શ્રીકૃષ્ણના નેત્રમાંથી જલ ટપકે. આમ ખોટું ખોટું ભગવાન ઘણીવાર રડ્યાં છે પણ ક્યારેક સાચુંય રડ્યાં છે.

એક વાર ભગવાનના સસરા મરી ગયા. પાંડવોના કામ માટે કૃષ્ણ ભગવાન ગયેલાં ને એટલામાં સંદેશો આવ્યો કે તમારાં સસરા ગુજરી ગયા છે, જલદી પાછાં ફરતાં હતાં. શ્રીકૃષ્ણ મોટા ભાઈને પૂછે છે કે મોટાભાઈ સસરા મરી જાય તો શું કરવાનું ? મોટાભાઈ એ કહ્યું જેવું ઘર પાસે આવેને એવો રડજે તું જેટલો રડીશ એટલી ઘરવાળી રાજી રહેશે. અને એમને તો એટલું બધું લાગી આવ્યું હું રડી એના કરતાં એ વધારે રડ્યાં અને આમે ય તને નાનપણથી ખોટું ખોટું તો રડતાંયે આવડે

છે ને ભગવાન કહે ખોટાનો વાંધો નથી બાકી ખરેખર તો મને રડવું નહીં આવે બલભદ્ર કહે કાંઈ વાંધો નહીં, ખરું રડતા ન આવડે તો ખોટું રડજે. મેં નાનપણમાં જોયું છે બધાં ખરખરો કરવા જાય ને ત્યારે કાંઈક આવું ઉપરણું લઈને જાય અને રડતી વખતે મોં ઢાંકે તો મને થયું કે આ રડવું એ કોઈ આમ શરમાવા જેવી વાત તો નથી કે આમ મોં ઢાંકી દેવું પડે. રડતી વખતે બધાં મોં કેમ ઢાંકતા હશે ? પછી ખબર પડી કે આ મોં ઢાંકે છે એટલા માટે કે ખબર ન પડે કે ખરું રડે છે કે ખોટું રડે છે પણ એ એક રીત છે ચકાસવાની આમ તમે જેટલાં છાના રાખવા જાવ એટલો સુર ઉંચો થતો જાય સા રે પછી ગ મ એમ ઉંચુ થતું જાય તો સમજવું આ ખોટું. જે ખોટું રડતો હોય એ જેટલુ સમજાવે એટલો વધારે રડે કારણકે પછી તો એનું રડવું સાર્થક થયું ને અને આમ કોઈ રડનારાંને તમે કાંઈ તમે કહો નહીં તો એ એની મેળે પછી મંદ્ર સપ્તકમાં ઉતરી જાય. ભગવાને સુદામાને ખૂબ પ્રેમથી ભોજન કરાવ્યું પલંગ ઉપર પોઢાડ્યાં પ્રભુ એના ચરણ દબાવવાં બેઠાં અતિ આનંદ થયો. સુદામાને સંકોચ થાય છે, કૃષ્ણ તું આ શું કરે છે ? શ્રીકૃષ્ણ એ કહ્યું, નહીં સુદામા તું મારો મિત્ર પણ છે બ્રાહ્મણ પણ છે મને તારી સેવા કરાવા દે. પછી ખબર અંતર પૂછ્યા. સુદામા તમે લગ્ન કર્યા ? તમારે બાળકો છે ? સુદામા એમની ખબર પૂછે આ એમની ખબર પૂછે ધીમેથી ભગવાને પૂછ્યું ભાઈ સુદામાં તું મારાં માટે કાંઈ લાવ્યો નહીં ? લક્ષ્મીપતિ કૃષ્ણ એક નિર્ધન બ્રાહ્મણને પૂછે છે તું મારાં માટે શું લાવ્યો છે ? જુઓ એટલે જ ભગવાન પાસે ખાલી હાથે ન જવું ગુરુ પાસે રાજા પાસે અને ભગવાન પાસે દેવ પાસે કદી ખાલી હાથે ન જવું. **रिक्तपाणि न पश्ये ।** શાસ્ત્રની આજ્ઞા છે. કૃષ્ણ પૂછે છે સુદામા, તું શું લાવ્યો ? મારે માટે કાંઈ નથી લાવ્યો ? સુદામા તાંદુલની પોટલી તો લાવ્યાં હતા પરંતુ એને એ શરમ આવી સંકોચ આવ્યો એને છુપાવી દીધી હતી. ભગવાને પોટલી ખેંચી કાઢી. અલ્યા, નાના હતા ત્યારે ય તને એકલા એકલા ખાવાની આદત હતી એ હજી ન ગઈ લાવ પોટલી ખોલી અને સુદામા જે તાંદુલ લઈને આવ્યાં હતા એને પ્રભુ દ્વારકાધીશે મુઠ્ઠી ભરીને પ્રેમથી આરોગી પ્રસંશા કરી સુદામાં તમારાં તાંદુલ બહુ મીઠાં છે. ભગવાનનાં નેત્રનાં ખૂણા ભીના થઈ ગયા સુદામાએ કહ્યું જામે કૃષ્ણ ગંભીર થઈ ગયા. ખોવાઈ ગયા. રાણીઓ ચકિત થઈ ને જોઈ રહી છે. સુદામાને નવાઈ લાગી થોડીવાર પછી સુદામાએ પૂછ્યું મહારાજ કૃષ્ણ શું થયું ? સુદામાએ કૃષ્ણ કહે છે સુદામા તમારાં તાંદુલ ચાખ્યાં અને એમાં જે મીઠાશનો અનુભવ કર્યો આજે મને મા યશોદાનું દહીં અને માખણ યાદ આવ્યું. ભોગ હું રોજ આરોગું છુ પણ તૃપ્તિ મને ક્યારેક જ થાય છે. ભોગ તો ભગવાન રોજ આરોગે છે. અરે, મંગલભોગ આવે, શ્રૃંગાર ભોગ આવે, દ્વારભોગ આવે, રાજભોગ આવે એને ભોગની કાંઈ નવાઈ નથી. સુદામા, આજે હું તૃપ્ત થયો આજે મને યશાદા મા નું ગોરસ યાદ આવ્યું, આજે મને વ્રજનું માખણ યાદ આવ્યું આજે મને દાણલીલા આરોગતો હતો એ ગોપીઓની મટુકીમાં રહેલું દહીં યાદ આવ્યું છે.

એક ક્ષણમાં ભગવાને સંકલ્પ કર્યો. જેટલો વૈભવ મારી પાસે છે એટલો જ વૈભવ મારા સખા સુદામા પાસે હોય સુદામા એ માંગ્યું નથી પણ પ્રભુ એ આપ્યું છે અને મને સૌથી વધુ ગમે છે એ વાત કે એમણે જે આપ્યું એ આપવાની રીત બહુ સારી હતી. ઉત્તમ દાન કોને કહેવાય ? ઉત્તમ દાન એને કહેવાય કે જેમાં આપનારને અહંકાર ન થાય અને લેનારને સંકોચ ન થાય. આમ જે સમારંભોમાં દાન અપાય છે ને એમાં કોઈ અગ્રણી વ્યક્તિ નેતા વગેરે ઊભા હોય પછી ગરીબ માણસો આવેને પછી પેલા કંઈક સિવવાનો સંચો આપેને પછી કંઈક થેલા ભરીને

અનાજ આપે પાછાં પ્રેસવાળાં ઊભાં હોય ને બીજે દિવસે છાપામાં એના સમાચાર અને ફોટાઓ આવે. શ્રીકૃષ્ણે આવાં બધાંને બોલાવ્યાં ન હતાં અને આમ સુદામાના હાથમાં ચેક આપતાં હોયને બીજે દિવસે છાપામાં હેડ લાઈન આવે પોતાના મિત્ર સુદામાને આર્થિક સહાય કરી રહેલા શ્રીકૃષ્ણ તસ્વીરમાં જોવા મળે છે. આવી કોઈ પ્રેસ નોટ નથી આવી. જ્યાં પ્રેમનું વરદાન હોય ત્યાં કંઈ પ્રેસ નોટ થોડી હોય. અરે ! આશ્ચર્યની વાત તો એ છે કે ખુદ સુદામાને ખબર નથી કે પ્રભુ એ એની દરિદ્રતા દૂર કરી છે ! કેટલું રહસ્ય રાખ્યું હતું ! એક સુંદર લોક કથા પણ છે. સુદામા આવ્યા ત્યારે પહેરેલ કપડે જ આવ્યા હતા. એની પાસે બીજી જોડ જ ન હતી. એટલે ભગવાને પીતાંબર આપ્યું કે લો હવે આને ધોઈ નાંખો અને આ પિતાંબર આજની રાત પહેરો સવારે સુદામા ઊઠ્યાં એટલે ભગવાને કહ્યું સુદામા આમ કોઈને જવું હોય એમ તો ના કહેવાયને જાવ આમ જરાંક સારા શબ્દોમાં કહેવું પડે સુદામા પછી બપોર પડશે તો તડકો બહુ લાગશે. એટલે આમ સવાર સવારમાં નીકળીએ તો બહુ તાપ ન લાગે સુદામા સમજી ગયા કે આપણને સવારે જ નીકળી જવાનો સંકેત આપી દીધો છે ! હા તમારી ધોતી ધોવડાવીને મૂકી છે હો એટલે પીતાંબર અહીં મુકશો તો કાંઈ વાંધો નથી આટલું ય ના લઈ જવા દીધું જેવો આવ્યો હતો એવો જ ખાલી હાથે ગયો. કશું જ લઈને ન ગયો ઉલટું હતું એ તાંદુલે ભગવાને લઈ લીધાં. માર્ગમાં સુદામાને મનમાં એ વિચાર આવ્યો કે આટલું બધું એની પાસે હતું ને મને આટલું ય ન આપ્યું. કોઈ કંપ્લેઇન ઉઠી નથી પણ એને એક વિચાર આવ્યો કે કૃષ્ણ એ કંઈક આપ્યું કેમ નહીં ખાલી વિચાર આવ્યો કેમ નહીં આપ્યું હોય ? અને તરત અંદરથી જવાબ આપ્યો મારા કૃપાળુ પ્રભુને એમ લાગ્યું હશે કે આ બ્રાહ્મણ પાસે ધન આવી જશે તો મને ભૂલી જશે. ભક્ત એને કહેવાય જે ભગવાનની દરેક કૃતિનું જસ્ટીફીકેશન કરે. ભગવનની દરેક કૃતિનો બચાવ કરે. તમે ભગવાનની ભક્તિ કરતાં હોવ, તમને ભગવાન માટે પ્રેમ હોય તો ભગવાન જે કરે એની તરફેણમાં બોલશો એની વિરુદ્ધમાં નહીં

આ વાત બહુ મહત્ત્વની છે. કાંઈ પણ થાય પણ ભગવાનના પક્ષમાં બોલો. આ કોઈ પોલિસી નથી આ પ્રેમનો સ્વભાવ છે જો ભગવાન માટે તમને પ્રેમ હશે તો ભગવાનની કોઈ પણ કૃતિને criticise કરવાનું તમને મન નહીં થાય.

આપણે ઘણીવાર ભગવાને આમ કર્યું હોત તો સારું હતું, ભગવાને આમ કર્યું હોત તો સારું હતું, ભગવાન કહે અલ્યા મેં તને આટલી અમથી બુદ્ધિ આપી એટલે એ બુદ્ધિથી તું મારી ખોડ કાઢે. માથે તાલ હતી. એવો એક માણસ વડના ઝાડ નીચે સુતેલો માથે તાલ અને વડના ઝાડ નીચે સૂતેલો જરાક પવન આવ્યો હવે વડના ઝાડ નીચે આમ સૂતેલો અને સામે જ એક માંડવો અને એમાં તરબુચ, સક્કર ટેટી એ બધું ઉગાડેલું હતું. સુતાં સુતાં પેલાને થયું કે આ ભગવાનને કાંઇ પ્રપોર્શનનું ભાન નથી કેમ તો કે આ તરબુચ, સક્કર ટેટી, કોળુ, આવા બધાં વજનદાર ફળો પાતળી વેલ ઉપર રાખ્યાં છે અને આવાં વડ જેવાં મોટાં ઝાડ એને આવાં નાનાં નાનાં થડ લગાડ્યાં છે. મોટા ઝાડને મોટા ફળ હોવા જોઈએ, નાની વેલડીને નાનાં ફળ હોવા જોઈએ ભગવાનને મળે તો કહીશું કે તમને કાંઈ પ્રમાણભાન નથી. એટલામાં પવન આવ્યો અને પેલા વડની ડાળો હાલી અને તેમાંથી થોડાં ટેટાં માથે પડ્યાં એને થયું અરે ! આ વડનાં નાનાં ટેટાં પડ્યાં તેનો વાંધો નથી પણ જો અહીયાં તરબુચ ઉગ્યાં હોત અને જો ધડાધડ મારાં ઉપર પડ્યાં હોત તો મારું શું થાત ? આપણી એવી શી યોગ્યતા છે કે આપણે ભગવાનની કૃતિને criticise કરી શકીએ. કોઈ પણ વસ્તુને criticise કરવા માટે તો

તમારી પાસે એના કરતાં પણ વધારે ઉત્તમતા હોવી જોઈએ. બી.એ.નું પેપર કોણ તપાસી શકે ? નોન મેટ્રિક કે ચાર ચોપડી ભણેલો તપાસી શકે ? બી.એ.નું પેપર તપાસવા માટે એમ. એ. કે ઓછામાં ઓછું બી.એ. તો થયેલો હોવો જોઈએ ને એમ ભગવાનની કોઈ પણ કૃતિને મૂલવતા પહેલાં, એને વિશે અભિપ્રાય આપતા પહેલાં આપણે વિચારવું જોઈએ કે શું આપણી પાત્રતા છે કે ભગવાને જે કાંઈ કર્યું તે સારું કર્યું અથવા ખોટું કર્યું એવો નિર્ણય આપણે આપી શકીએ ?

તમારે બહારગામ જવું હતું. તમે બસ સ્ટેન્ડે મોડાં પહોંચ્યાં. બસ પણ મોડી હતી તો તમને થશે, હાશ, ભગવાન કેટલાં બધાં દયાળુ છે હું મોડો હતો ત્યારે બસ પણ મોડી પડી તમે કહો ભગવાન કેટલા બધાં દયાળું છે. તમે બસમાં બેઠાં અડધો ક્લાક ગયાં પછી બસ બગડી

હવે તમે ભગવાન કેટલાં દયાળું છે એ આપેલું સર્ટિફિકેટ પાછું ખેંચી લો છો. માણસ સર્ટિફિકેટ આપેય જલદી જલદી અને પાછુંય ખેંચી લે જલદી. કોઈ માણસે તમારું એક કામ કર્યું તો તમે કહ્યું બહુ સારું. બીજે દિવસે બીજું કામ ન કર્યું તો તમે સાવ નકામા. આ સર્ટિફિકેટનો કોઈ અર્થ ખરો ? અને આપણે બધાં તો એટલાં ઉત્કૃષ્ટ માણસો કે ભગવાનને પણ પ્રમાણપત્ર આપીને કે તમે બહુ સારા છો અથવા તમે નકામા છો.

સુદામાને કોઈ ફરિયાદ નથી કે શ્રીકૃષ્ણએ કેમ ન આપ્યું ? ભગવાન માટે સુદામાએ 'કારુણિક:' શબ્દ વાપર્યો છે. મારો પ્રભુ કૃપાળુ છે એટલે એણે મને ધન ન આપ્યું. પ્રભુ તમારું કોઈ કામ કરે તો પણ કહેજો કે તું કૃપાળુ છે એને પ્રભુ તમારું કોઈ કામ ન કરે પણ કહેજો કે તું કૃપાળુ છે. ખરેખર તો એ કૃપાળુ જ છે. તમને કદાચ પહેલાં એની ખબર ન પડે.

એ તો સુદામા ઘરે આવ્યો ત્યારે ખબર પડી કે ઝુંપડી ઝુંપડી નથી રહી, મહેલ થઈ ગયો છે. જે ઘરમાં ખાવાને અન્નન હતું એ ઘરમાં સાત પેઢી સુધી ખુટે નહીં એટલો વૈભવ ભરેલો છે. આ કથા કેવળ સુદામા અને કૃષ્ણની કથા નથી આ આપણી પણ કથા છે. આપણે બધાં જન્મીએ છીએ ને ત્યારે આપણે પણ ગરીબ સુદામા જ હોઈએ છીએ શું હાથમાં હોય છે કો તમારા હાથમાં બેંકની પાસ બુક હોય છે તમારા હાથમાં હીરાની વીંટી હોય છે ? આ જગતમાં આજે આપણી પાસે જે કાંઈ છે એ આપણા દ્વારકાધીશ પ્રભુ આપેલી ભેટ છે આપણે ક્યાં કશું લાવ્યાં છીએ ! આજે આપણે સૌ જીવનભર પ્રભુના ઋણી છીએ. કારણ કે જે કાંઈ છે આપણી પાસે છે એ એનું જ આપેલું છે.

પછી યદુકુળને શાપ લાગે છે. જાંબવતીના પુત્ર સાંબને ગર્ભવતી સ્ત્રીનો વેશ પહેરાવ્યો ઋષિઓને જઈને પૂછ્યું 'આને પુત્ર થશે કે પુત્રી થશે ? ઋષિઓએ શાપ આપ્યો કે તમારા કુળનો વિનાશ કરનારું મૂશળ નીકળશે. ભાગવતમાં સ્પસ્ટ લખ્યું છે યદુકુળનો વિનાશ પણ શ્રીકૃષ્ણની ઇચ્છાથી જ થયો છે. ભગવાન બિરાજતા હોય કે ના બિરાજતા હોય જે કાંઈ બને છે એની ઇચ્છાથી જ બને છે અને એના કુળનો. વિનાશ એની ઇચ્છા વિના કેમ બની શકે ભગવાને શાપ આપાવ્યો છે અને વસુદેવજીને હવે જીવનનો સમય થોડોક જ બાકી રહ્યો છે. એ કારણે સત્સંગ કરવા માટે નારદજીને દ્વારિકામાં પધરાવ્યાં. આમ તો નારદજીને શાપ છે કે એક જગ્યાએ લાંબો સમય રહી ન શકે પણ દ્વારિકામાં એ શાપ અસર ન કરે એવી ભગવાને કૃપા કરી હતી. નારદજી લાંબો સમય દ્વારિકામાં રહ્યાં છે. વસુદેવજી અને નારદજીના સંવાદમાં નવ યોગેશ્વરોની કથા એ યોગેશ્વરોએ જુદાં જુદાં વિષયો પર જે ઉપદેશ કહ્યો છે તે કથા કહી છે યોગેશ્વરોએ ભાગવત કથા બતાવી છે. આ એવો માર્ગ છે ભાગવદ્ ભક્તિનો કે એ માર્ગનો આશ્રય કર્યા પછી ક્યારેય માણસ ભૂલો નથી

પડતો. આ ભાગવદ્ ભક્તિનો આશ્રય કર્યા પછી ક્યારેય માનવીને ઠોકર નથી લાગતી અરે હદ તો ત્યાં છે આંખ બંધ કરીને પણ જો કોઈ આ માર્ગ પર દોડે તો પણ એ પડતો નથી. આટલો બધો સલામતીનો માર્ગ બીજો કોઈ નથી. એટલા માટે ભાગવતનો જે અગિયારમો સ્કંધ છે ને એ જ્ઞાન તો છે જ પણ ભક્તિ પછીનું જ્ઞાન છે. નવમા સ્કંધનું શ્રવણ ફલ છે. ભક્તિ ઈશાનુકથાનું ફલ છે. ભગવાન અને ભગવદીયોના ચરિત્રો સાંભળે એને ભક્તિ મળે. તમારે ભક્તિ જોઈતી હોય એટલી તો ભગવાનના અને ભક્તના બન્નેના ચરિત્રો સાંભળજો.

હવે દસમો સ્કંધ એટલે નિરોધ. ભગવાનમાં એટલી બધી પ્રીતિ થઈ કે જગત સાથેનું અનુસંધાન ન રહ્યું. જ્યારે બાળકો રમતાં હોય ત્યારે બધું ભૂલી જાય છે. તમે કોઈ મનગમતી વસ્તુમાં પરોવાયેલા હો તો તમે પણ સમયને ભૂલી જાવ છો કોઈ બહુ રસ પડે તેવું પુસ્તક વાંચતા હો, ત્યારે કોઈ કાર્યક્રમ જોતા હો, તમને સમયનું ભાન નથી રહેતું. આનું નામ નિરોધ. તો પ્રભુ પોતાના રૂપ, દ્વારા પોતાના નામ દ્વાર, પોતાની લીલાઓ દ્વારા પોતાના ગુણો દ્વારા ભક્તોના ચિત્તને એટલું બધું નિરૂદ્ધ બનાવી દે છે કે સંસાર ભૂલવાનો પ્રયત્ન કરવો નથી પડતો અનાયાસે સંસાર ભૂલાઈ જાય છે. એટલે દસનો સ્કંધનું ફલ છે નિરોધ પ્રપંચવિસ્મૃતિપૂર્વિકા ભગવત આસક્તિ રૂપ નિરોધનું વર્ણન કર્યું છે. હવે એ નિરૂદ્ધ દશા સિદ્ધ થયા બાદ એકાદશ સ્કંધ એટલે મુક્તિ લીલા. મુક્તિનો અર્થ કર્યો છે મક્તિની દશા આવે. 'જીવે ધારણ કરેલું અન્યથા રૂપ છોડીને એના મૂલ સ્વરૂપમાં એ સ્થિર થવું એનું નામ મુક્તિ. નાટકમાં ધારો કે કોઈને રાજાનો પાઠ મળ્યો તો એ નાટક ભજવતો હોય ત્યારે માથે મુગુટ પહેરે, રાજાના જેવો વેશ પહેરે, રાજાઓના જેવાં આભુષણો ધારણ કરે. બિલકુલ રાજા બની જાય, વર્તન પણ ત્યારે રાજાની જેમ. પછી જ્યારે એ નાટક પુરું થાય પછી એવો ને એવો ઘરે ના આવે. જેવું નાટક પુરુ થયું. મુગુટ ઉતારી દીધો, રાજાના વસ્ત્રો ઉતારી દીધા અને એના મૂલ રૂપમાં આવી ગયો. બસ, આ મોક્ષ ! આ મુક્તિ ! અને એટલા માટે શ્રી મહાપ્રભુજીએ જીવમુક્તિ અને ઈશમુક્તિ એવા બે પ્રકાર આ એકાદશ સ્કંધમાં મૂક્યા. જીવમુક્તિ એટલે જીવનો બ્રહ્મભાવ, એના જીવત્વમાંથી મુક્તિ અને ઈશમુક્તિ એટલે ભગવાને જે લીલા કરવા માટે જે રૂપ ધારણ કર્યું હતું એ રૂપમાંથી પ્રભુ એ રૂપને હવે છોડે અથવા એ રૂપ ન લેતા અવતાર દશામાંથી અનાવતાર દશામાં પધારે. યશોદા અને દેવકીના પુત્ર તરીકે પ્રભુએ જે લીલા શરૂ કરી અને એ પછી લીલાનો વિરામ કર્યો, આ પ્રભુની મુક્તિ છે. ભગવાન શ્રાપની નિવૃત્તિ માટે કોઈ ઉપાય કરતા નથી એટલે ઉદ્ધવજીને ખાત્રી થઈ ગઈ કે પ્રભુએ હવે લીલા સંકેલવાનો સંકલ્પ કર્યો છે. જુઓ ભગવાનની આ પણ વિશેષતા છે. શ્રીકૃષ્ણને શાંતિ ક્યાં મળી છે ? જે રાત્રે જન્મ્યા તે રાતથી જ, અરે ! આમ તો ઉપાધિ તો કૃષ્ણના માતા-પિતા પરણ્યાં ત્યારથી જ છે, શત્રુ તો ત્યારથી જ થઈ ચૂક્યો હતો કે દેવકીનો આઠમો પુત્ર જન્મે અને હું એના પ્રાણ લઉં. પ્રગટ થયાં એ રાત્રિથી લઈ એકસો ને પચ્ચીસ વર્ષ સુધી શ્રીકૃષ્ણ ભૂતળ ઉપર બિરાજ્યાં પણ ક્યારેય એમને નિરાંત કે એમને શાંતિ મળી નથી. એક ઉપાધિ, બીજી ઉપાધિ. રામાવતારમાં જુઓ રામચંદ્રજીને ચૌદ વર્ષનો વનવાસ, શ્રીકૃષ્ણ વ્રજમાં હતા ત્યારે પૂતના, અઘાસુર, ઈન્દ્રનો પ્રકોપ વગેરે પ્રસંગો. મથુરામાં આવ્યાં તો જરાસંધના આક્રમણો, દ્વારિકા પધાર્યા તો પણ ત્યાં જરાસંઘ પછી શિશુપાલ, દંતવક્ત્ર, ત્યાં પણ બધાના વિરોધ, આખું કૌરવપક્ષ પણ શ્રીકૃષ્ણનો વિરોધી. જીવનભર શ્રીકૃષ્ણે સંઘર્ષ કર્યો છે એટલે મેં તમને કહ્યું કે જીવનનો અવતાર લીલાનો આરંભ અને અવતાર લીલાના પ્રસંગો આ

બધું જ ભગવાને મનુષ્યની વચ્ચે રહીને, મનુષ્યોને એમાંથી પ્રેરણા મળે એટલા માટે કર્યું છે. ગીતામાં એક શબ્દ છે લોકસંગ્રહ. ભગવાને કહ્યું કે અર્જુન જેને કર્મ કરવાની જરૂર ન હોય એણે પણ કર્મ કરવા જોઈએ. તમે કહો અમારે કોઈ જરૂર નથી, અમે સિદ્ધ થઈ ગયાં. ચલો મહાપ્રભુજી સંજ્ઞાબંધન કેમ કરે છે ? શ્રી ગુસાંઈજી સંજ્ઞાબંધન કેમ કરે છે ? શી જરૂર છે ? આ બધાં તો જીવ માટેના આવશ્યક સાધનો છે દેવોને શી જરૂર છે ? પણ નારદજીએ એકવાર જોયું ભગવાનના હાથમાં માળા છે અને માળા ફેરવે છે ત્યારે નારદજી થોડીવાર નિરાંતે બેઠાં પછી માળા પૂરી થઈને એટલે કહે, ઓહ પ્રભુ ! એક સવાલ પૂછ્યાં વગર રહેવાતું નથી અને જવાબ નહીં મળે ત્યાં સુધી ચેન નહીં પડે. બોલો નારદ, પૂછી લ્યો. હું આવ્યો ત્યારે આપ માળા ફેરવતાં હતાં. હા ! અમે બધાં તો માળા ફેરવીએ કારણકે અમારે તમારી જરૂર છે પણ પ્રભુ ! તમે કેમ માળા ફેરવો છો ? અને તમે કોની માળા ફેરવો છો ? એના ભગવાને જુદી જુદી રીતે બે ઉત્તર આપ્યાં. પહેલો ઉત્તર આપ્યો છે - હે નારદ ! હું ધર્મનો પાલક તો છું પણ હું ધર્મનો ઉપદેશક પણ છું અને તેથી હું જો માળા કરીશ તો જ બધાં કરશે એટલે બીજા કરે એટલાં ખાતર મારે કોઈ જરૂર નથી તો પણ હું કરું છું. લોક સંગ્રાહપી સંપશન કરતું હોય એવું જ એક મહાપ્રભુજીનું નામ શ્રી મહાપ્રભુજી તો સ્વયં શ્રીકૃષ્ણનો અવતાર છે. અને જે સ્વયં શ્રીકૃષ્ણનો અવતાર હોય એને કૃષ્ણ ભક્તિ કરવાની કોઈ જરૂર ખરી ? તો પછી શ્રી મહાપ્રભુજી ઠાકોરજીની સેવા, આરતી, ભોગ ધરો - આ બધું કેમ કરે છે ? ગુસાંઈજીએ એનું કારણ બતાવ્યું - જનશિક્ષા કૃતે. બીજાને શિખવવા, કઈ રીતે કરવું એ બીજાને શિખવે છે. તો ભગવાને કહ્યું કે હું એટલા માટે કરું છું કે બીજા કરે અને બીજો જે ઉત્તર આપ્યો છે એ ભાવાત્મક ઉત્તર આપ્યો છે. ભગવાન તમે કોના નામની માળા ફેરવો છે ? ભગવાને કહ્યું જે મારા નામની માળા ફેરવે છે હું એના નામની માળા ફેરવું છું.

જે મને યાદ કરે છે એને હું યાદ કરું છું અને ચોક્કસ જાણજો જો તમે અહીં બેઠાં બેઠાં શ્રીનાથજીને યાદ કરો તો શ્રીનાથજી તમને ચોક્કસ યાદ કરે જો તમે અહીં બેઠા બેઠા યમુનાજીનું સ્મરણ કરો તો ચોક્કસ મથુરામાં વિશ્રામ ઘાટ પર કે મથુરામાં ઠકરાણી ઘાટ પર યમુનાજી તમને યાદ કરતાં હશે કે બહુ દિવસ થયાં મારો વૈષ્ણવ મારી પાસે દર્શન કરવા આવ્યો નથી. તમને પ્રભુ બહુ યાદ આવે એનું એક જ કારણ છે એ તમને બહુ યાદ કરતો હશે. ભગવાન કહે છે જે મારી માળા ફેરવે છે એની હું માળા ફેરવું છું. જેમ કુરુક્ષેત્રમાં ગીતા કહેવાઈ અર્જુન ગીતા એમ ભાગવતમાં ગીતા છે. ફેર એટલો છે કે અર્જુન ગીતામાં ભગવાન પ્રવૃત્તિની આજ્ઞા કરે છે. ઉદ્ધવ ગીતામાં ભગવાન નિવૃત્તિની આજ્ઞા કરે છે. માનવીએ જ્યાં સક્રિય થવાનું હોય ત્યાં નિષ્ક્રિય ન થવું જોઈએ અને જ્યાં માનવીએ નિષ્ક્રિય થવાની જરૂર છે ત્યાં માનવીએ પ્રવૃત્ત ન થવું જોઈએ. ક્યાં નિવૃત્ત થવું અને ક્યાં પ્રવૃત્ત થવું એની સમજણ એનું નામ છે વિવેક.

શાસ્ત્રકારોએ વિવેકનો અર્થ આ બતાવ્યો છે. ગ્રાહ્ય શું અને ત્યાજ્ય શું ? એનું નામ વિવેક. મૌન રાખવું જરૂરી હોય ત્યાં મૌન રાખવું, બોલવું જરૂરી હોય ત્યાં બોલવું. ઉગ્ર થવું અને સૌમ્ય રહેવું જરૂરી હોય ત્યાં સૌમ્ય રહેવું જ્યાં જે વસ્તુ વિવેકપૂર્ણ હોય ત્યાં માણસે તે કરવી આ વિવેકનું લક્ષણ છે. જે કૃષ્ણ વ્રજમાં ગોપીઓના ચીર હરે છે એજ કૃષ્ણ હસ્તિનાપુરની સભામાં દ્રૌપદીના નવસો ને નવાણું ચીર પૂરે પણ છે. ચીર હરનારો ચીર પૂરનારો પણ છે. આ શું બતાવે છે ? એની એક

નહીં અનેક વાત છે કોઈકવાર ભગવાન રક્ષિત અને કોઈકવાર ભગવાન રક્ષક બને છે. ક્યારેક એ આશા રાખે છે તમે એની સંભાળ લો અને ક્યારેક એ કહે છે ગભરાવો નહીં હું તમારી સંભાળ લઈશ. જ્યાં જે પ્રકારની લીલા યોગ્ય હોય એકાદશા સ્કંધના અંતમાં પણ છેલ્લે તો પ્રભુ એ શરણાગતિનો જ ઉપદેશ કર્યો છે. દત્તાત્રયે કહ્યું, મારા ગુરુ તો બહુ છે પણ હું નામ ચોવીશના લઉં છું. ધરતીને ગુરુ બનાવી, આકાશને ગુરુ બનાવ્યો, બાળકને ગુરુ બનાવ્યો, વૃક્ષોને ગુરુ બનાવ્યાં, એક ગણિકાને ગુરુ બનાવી, જલને ગુરુ બનાવ્યું, પક્ષીને ગુરુ બનાવ્યાં આનો અર્થ એ થયો કે સમગ્ર સંસાર એ એક મોટી પાઠશાળા છે. અને એ પાઠશાળામાં ડગલેને પગલે તમને કોઈકને કોઈ પાઠ જરૂર ભણાવવામાં આવે છે. માનવીનું સમગ્ર જીવન અધ્યયન છે. તમે એમ માનો છો કે એકાદ ડિગ્રી મળી ગઈ એટલે આપણો વિદ્યા અભ્યાસ પૂરો થયો ? જરાય નહીં. જીવનના છેલ્લા શ્વાસ સુધી માણસે કાંઈક ને કાંઈ શિખવાનું જ અને એને માટે તો કોઈ ક્લાસ કે કોઈ ટ્યુશન નહીં. આ આખું વિશ્વ વિદ્યાલય છે. કેવા સુંદર પ્રસંગો છે. એક માણસ બાણ ઘડતો હતો અને એ બાણની ધાર કાઢવામાં, એ બાણને આકાર આપવામાં એ એટલો મશગુલ થઈ ગયો કે ઢોલ-વાજાં સાથે રાજાનો વરઘોડો પસાર થયો એને ખબર ન પડી. હવે આ નિરોધ નહીં તો બીજું શું જેને દશમસ્કંધમાં નિરોધ કહ્યો છે એ આ જ ચિત્તવૃત્તિ નિરોધ આ બાણ ઘડનારો યોગી છે. એને બાણ ઘડવાની ક્રિયામાં પણ કેટલી તન્મયતા છે !

એક કુમારિકા ખાંડવા બેઠી ને હાથમાં બહુ કંકણ હતા અને અવાજ આવવા માંડ્યો ત્યાં આ એક પછી એક ઉતારવા માંડી. બે હતાં ત્યાં સુધી પણ અવાજ થોડો રહ્યો અને જ્યાં એક જ કંકણ હાથમાં રહ્યું, અવાજ બંધ થઈ ગયો. દશમસ્કંધમાં ભગવાન કહે છે મેં તો એને ગુરુ બનાવી જ્યાં બહુ ભેગા થાય ત્યાં કજીયો થાય ત્યાં પણ વાદ-વિવાદ તો થાય જ માટે સાધુ એ એકલા ફરવું કે જેથી એની સાધનામાં કોઈ વિક્ષેપ ન થાય આવાં એક નહીં અનેક માછલીને એણે ગુરુ બનાવી, હરણને ગુરુ બનાવ્યું પંચ વિષયોને ધ્યાનમાં રાખીને ગુરુ બનાવ્યાં. જીભને વશ થવાથી માછલી મરી સ્પર્શની લાલસામાં હાથી મર્યો રૂપની લાલસામાં પતંગિયું બળી મર્યું સારું સારું સાંભળવાની લાલસામાં હરણનો શિકાર થાય છે. અને રસ પીવાની લાલસામાં સ્વાદ લેવાની લાલસામાં ભમરો કમળમાં રહી જાય છે અને હાથી એને કચડી નાખે છે. ભગવાન દત્તાત્રયે આ બધાંની પાસે કાંઈક ને કાંઈ બોધ લીધો છે. આખું વિશ્વ વિદ્યાલય છે. પછી શુકદેવજી આવનારા કળિયુગનું વર્ણન કર્યું. કળિયુગ આવશે ત્યારે ધર્મની બહુ વ્યથા થશે, મનુષ્યના જીવનમાં ધર્મ નહીં રહે. જે વધારે બળવાન હશે એના પક્ષમાં ન્યાય થશે. ચારે તરફ અંધાધુંધી ફેલાઈ જશે. મનુષ્યના જીવનમાં પવિત્રતા માત્ર સ્નાન જેટલી જ રહેશે. કોઈપણ પ્રકારના ભેદ નહીં રહે, આ દુનિયામાં બે જ પ્રકારના ભેદ રહેશે, સ્ત્રી અને પુરુષ. આ બધાં કળિયુગના લક્ષણો કહ્યાં પછી શુકદેવજીએ કળિયુગની તરફેણમાં પણ એક વાત કહી છે. ભલે કળિયુગમાં હજારો દોષો હોય પણ એક ગુણ એનામાં મહાન છે. કૃષ્ણનું કીર્તન કરતાં કરતાં જીવ પરમગતિને પામે છે. કળિયુગમાં જીવનો ઉદ્ધાર બહુ સરળ છે.

મૃત્યુ સમીપ છે એવા રાજા પરીક્ષિતને શુકદેવજીએ બીજું કંઈ ન કહેતા - ન યજ્ઞ કરાવ્યો, ન તપશ્ચર્યા કરાવી, ન કોઈ અનુષ્ઠાન કરાવ્યું, ન કોઈ ઉપનિષદો વગેરેના પ્રસંગો કહ્યાં - ભાગવત કથા કેમ કહી ? કહ્યો સુદ શ્રી ભાગવત વિચાર. હે રાજા ! બીજું કાંઈ કરવાની જરૂર

નથી પ્રભુની મધુર લીલાઓનું તમે રસપાન કરો. ખટવાંગ વગેરે રાજાઓ તો મૂહુર્તમાં તરી ગયાં તમે તો ભાગ્યશાળી છો તમારી પાસે સાત દિવસ છે આ આરંભમાં થયો. એ રીતે વિચારવા જાવ તો પણ સતયુગ સત સતયુગનો ધર્મ છે સત્ય તેતાનો ત દ્વાપરમાં પૂજા અને કળિયુગમાં સુર ભજન કરી કેવ કીજે... ભાગવતનો સાર આ છે અને એ પણ લીલાઓનું દાન માહત્મ્યનું દાન વગેરે હે રાજા ! મારે તને જે ઉપદેશ આપવાનો છે તે બધો ઉપદેશ આપી દીધો. અંતમાં મારે તને એ કહેવું છે કે મારું મૃત્યુ થશે એવી પશુબુદ્ધિનો તમે ત્યાગ કરો. મારો જન્મ થયો છે અને મારું મૃત્યુ થશે એ પશુબુદ્ધિ છે. બહુ અદ્‌ભુત શબ્દ આપ્યો છે અજ્ઞાન છે એમ ના કહ્યું પણ પશુબુદ્ધિ. આચાર્યશ્રી મહાપ્રભુજીએ ભાગવતજીના જે પાંચ ફલ બતાવ્યાં છે એ ફલ છેલ્લે રાજા પરીક્ષિતે કહેલા વચનો અનુસાર સિદ્ધ થયેલા છે. સાક્ષાત ભગવત્ પ્રવેશ, સર્વસંદેહની નિવૃત્તિ, ભગવાનની કૃપા, સર્વથા નિર્ભયત્વમ્ અને પરમ પ્રેમ. પરીક્ષિતના ઉદ્‌ગારોમાંથી આ પાંચે ફલ પરીક્ષિતને પ્રાપ્ત થઈ ચુક્યાં છે. એનું પ્રમાણ હોય છે. જુઓ દવાના વખાણ વૈદ કરે એનો અર્થ નથી. વૈદ કહે આ બહુ સારી, બહુ સારી એવું નહીં. દર્દી કહે, અરે ! તમે કાલે જે Dose આપ્યો હતો એ સારો હતો. એનાથી અડધો રોગ મટી ગયો હવે આ જ દવા ચાલુ રાખો. ઔષધિનું મહત્ત્વ કેટલું છે અથવા ઔષધિ કેટલા રૂપમાં યથાર્થ ઔષધિ છે એનો નિર્ણય દર્દી કરે છે. હા, આ દવા બરાબર છે આ પહેલા બરાબર ન હતી આ બરાબર છે. એમ ભાગવતનું ફલ ભાગવતનો મહિમા શુકદેવજી વગેરેએ તો ગાયો પણ છેલ્લે પરીક્ષિતે પણ ગાયો છે. આ પાંચ ફલ ભાગવત આપણે એવી કૃપાના અધિકારી હોઈએ તો આપણને પણ મળે આપણે આપણને કેમ ન મળે ? આપણો અધિકાર સિદ્ધ થાય તો જરૂરથી મળે. શ્રીમદ્ ભાગવત સ્વયં સદ્‌રૂપ હોવાથી ભાગવતજીનું સેવન કદાપિ નિષ્ફળ જતું નથી. **જે સ્વયં ફલ હોય એ ફલ આપશે કે નહીં આપે એવો સંદેહ રાખવાની જરૂર જ નથી.** જુઓ સાધન હોય તો સંદેહ રહે કે ફલ મળશે કે નહીં મળે પણ જે સ્વયં ફલ છે 'ગલિતં ફલં' એમાં પછી એવો સંદેહ રાખવાની શી જરૂર કે ફલ મળે કે ના મળે, ભાગવત સ્વયં ફલ છે. રાજા પરીક્ષિતે શુકદેવજીને હાથ જોડ્યાં, પ્રભુ ! આપે મને ભગવાનનાં દર્શન કરાવી દીધાં, હું ધન્ય બન્યો છું **भगवंस्तक्षकादिभ्यो मृत्युभ्यो न बिभेम्यहम्** કોઈ પણ રૂપમાં મૃત્યુને આવવું હોય તો આવે હવે મને કોઈ ડર નથી. મૃત્યુ દુઃખ આપે છે એ તો સંદિગ્ધ વાત છે. એ તો મોહ હોય, અજ્ઞાન હોય તો મૃત્યુ દુઃખ આપે પણ માની લો કે મૃત્યુ દુઃખ આપે છે તો એક જ વાર દુઃખ આપે છે અને મૃત્યુનો ભય ડગલેને પગલે આપણને ભયભીત કરે છે. તો શ્રીમદ્ ભાગવત મૃત્યુનું નિવારણ કરે એ મોટી વાત નથી. મૃત્યુના ભયનું નિવારણ કરે છે એટલે એ ભગવાનનો ભક્ત એ નિર્ભય બની જાય છે અને તો જ એનું મૃત્યુ મંગલ બને. આપણે સાત દિવસ રોકાઈ, મને જે ઉપદેશ આપ્યો, મારા મૃત્યુને સુધાર્યું હું આપનો ઋણી છું.

પ્રભુની કૃપા ન હોય તો આ અવસર મળે નહીં કદાચ. શુકદેવજીએ ત્યાંથી વિદાય લીધી. શુકદેવજી જ્યાં સુધી બિરાજતાં હોય ત્યાં સુધી મૃત્યુ ના આવે. અરાજા પરીક્ષિત તક્ષક આવે એ પહેલા પોતાનું ચિત્ત પ્રભુમાં પરોવી દે છે. તક્ષક આવ્યો કે ન આવ્યો, દંસ દીધો ક્યારે ? અને રાજાનો દેહ ભસ્મીભૂત થઈ ગયો ક્યારે ? એની તો રાજાને કોઈ જાણ નથી કારણકે મૃત્યુ આવે એ પહેલા રાજા પ્રભુના ચરણમાં મળી ચૂક્યા હતા. છતાં મોક્ષ એ ભાગવતનું પરમ ફલ નથી. આચાર્યોએ જે પાંચ ફલ બતાવ્યાં એમાં મોક્ષ ક્યાં આવ્યો ? પરીક્ષિત રાજાને જે ફલ મળ્યું એ

પરમ ફલ નથી. આ પાંચ જે ગણાવ્યાં આચાર્યશ્રી એ એમાં મોક્ષ ક્યાં છે ? છેલ્લું ફલ છે પરમ પ્રેમ અને પુષ્ટિજીવને માટે શ્રીમદ્ ભાગવતનું પરમ ફલ એ પરમ પ્રેમ છે. કેટલી સુંદર વાત છે ! પહેલું ફલ સાક્ષાત્ ભગવત્ પ્રવેશ અને અંતિમ ફલ એટલે કે પરમ ફલ પરમ પ્રેમ. પ્રભુ ભક્તોના હૃદયમાં પધારે એને નિર્ભય બનાવે એના બધાં જ સંદેહને દૂર કરે, એના ઉપર અતિશય કૃપા કરે અને એના પોતાના પ્રેમનું પ્રદાન કરે આ પુષ્ટિમાર્ગીય ભાગવતનું ફલ છે અથવા પુષ્ટિમાર્ગીય માટે આ ભાગવતનું ફલાત્મક રૂપ છે. અંતમાં આપણે પણ પ્રભુ પાસે આ જ ફલ માંગીએ આપણે મુક્તિ નથી જોઈતી. અરે ! ભાગવતના અંતમાં મુક્તિનો ચોખ્ખો અસ્વીકાર દેખાડી દીધો છે. આ શ્લોક છેલ્લે આપણે ત્યાં બોલવાની પ્રથા છે.

भवे भवे यथा भक्तिः पादयोस्तव जायते ।
तथा कुरुष्व देवेश नाथस्त्वं नो यतः प्रभो ।।

હે પ્રભુ ! જન્મે જન્મમાં અમને આપનાં ચરણની ભક્તિ પ્રાપ્ત થાય એ જ અમારે જોઈએ છે. પુષ્ટિ જીવ મુકિત નથી માંગતો, મુક્તિ તો સ્વરૂપનો નાશ છે. મુક્તિ તો સ્વરૂપની અસાર્થકતા છે. વૈષ્ણવને સેવા ન મળે તો વૈષ્ણવનું અસ્તિત્વ જ વ્યર્થ છે. સેવા મળે સેવ્ય મળે. સેવકને સેવ્ય મળે અને સેવા મળે એટલા માટે તો શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા અને એમણે આ સેવામાર્ગને પ્રગટ કર્યો. આપણે ભાગવતજીના ચરણોમાં જન્મ જન્માંતરની પુષ્ટિ ભક્તિની પુષ્ટિ સેવા, પુષ્ટિ સત્સંગ, પુષ્ટિ આશ્રય, આચાર્યશ્રી મહાપ્રભુજી અને સમગ્ર વલ્લભકુળ, યમુનાજી, ગિરિરાજજી, મહાપ્રભુજી, શ્રીનાથજી, બધાં જ ભગવદ સ્વરૂપની કૃપા આપણાં પર રહે એ ભાવના શ્રીમદ્ ભાગવતજીના ચરણોમાં સમર્પિત કરીએ. ત્રણ વાર હરિનું નામ લેવાથી જે કાંઈ ઊણપ રહી ગઈ હોય જે કાંઈ પ્રભુનું નામ લેવાય એ અંતમાં

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुध्यात्मना वा प्रकृतेः स्वभावात् ।
करोमि यद् यद् सकलं परस्मै नारायणायेति समर्पयामि ।।

જે કાંઈ પ્રભુનું નામ લેવાયું એ સમગ્ર કર્મ આપણે સમર્પિત કરી દઈએ અને એની સામે કેવળ એનો પ્રેમ આપે એ જ અભિલાષા રાખીએ. ત્રમ વાર હરિનું નામ લેવાથી જે કંઈ ઉણપ રહી ગઈ હોય તે પ્રભુ દૂર કરે છે. તેથી આપણે ત્રણ વાર હરિનું નામ લઈશું.

हरये नमः, हरये नमः, हरये नमः

બોલો શ્રી ગિરિરાજ ધરણકી જય
ગોકુલ કે ચંદ્ર કી જય
વલ્લભાધિશ કી જય
શ્યામસુંદર શ્રી યમુને મહારાણી કી જય.

* * *